ચોથી શ્રેણી

પુસ્તકઃ ૨

સોમવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૩
ફાલ્ગુન ૬, ૧૯૩૪ શાકે

થી

બુધવાર તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩
ફાલ્ગુન ૮, ૧૯૩૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## પ્રથમ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક.૨)** **ચોથી શ્રેણી**

| વિષય | અ નુ ક્ર મ ણિ કા | પાના નંબર |
|---|---|---|

**તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૩ / ફાલ્ગુન ૬, ૧૯૩૪ શાકે**


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦ | ૯૫ |
| મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૯૬ | ૯૬ |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૯૭ | ૧૩૩ |


**તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૩ / ફાલ્ગુન ૭, ૧૯૩૪ શાકે**


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૩૪ | ૧૪૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫૦ | ૨૨૪ |
| ગુજરાત ટૂંકી સજ્ઞા (સુધારા) સુધારતું વિધેયક,૨૦૧૩ | ૨૨૫ | ૨૨૬ |
| ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક, ૨૦૧૩ | ૨૨૭ | ૨૬૧ |


**તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩ /ફાલ્ગુન ૮, ૧૯૩૪ શાકે**


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૬૨ | ૨૭૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૭૮ | ૩૨૧ |
| ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક, ૨૦૧૩(ક્રમશઃ) | ૩૨૨ | ૩૩૮ |
| ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) * વિધેયક, ૨૦૧૩. | ૩૩૯ | ૩૬૨ |

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૩**
**ફાલ્ગુન ૬, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ધુવારણ વીજ મથક માટે ગેસ ફાળવણી

* **૬૫૮ શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત ધુવારણ વીજ મથક માટે નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ માં ડીસેમ્બર-૧૨ ની સ્થિતિએ ગેસના કેટલા પુરવઠાની જરૂરિયાત હતી,<br>(૨) તેની સામે કેટલો પુરવઠા પૂરો પાડવામાં આવ્યો, અને | (૧) અને (૨)<br>રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત ધુવારણ વીજ મથક માટે નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૩૮.૩૮ કરોડ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર અને વર્ષ ૨૦૧૨-૧૩માં ડિસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ ૨૮.૭૯ કરોડ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર ગેસનો પુરવઠો જરૂરી હતો જેની સામે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૬.૭૪ કરોડ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર એટલે કે ૪૩.૬૧% અને વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ ૧૨.૫૨ કરોડ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર એટલે કે ૪૩.૪૮% ગેસનો જથ્થો ફાળવેલ છે. |
| (૩) તેના કારણે વીજ ઉત્પાદન ઉપર શી અસર પડી? | (૩) ગેસની જરૂરિયાત સામે ઓછી ગેસની ફાળવણી થવાને કારણે મોંઘા ભાવના સ્પોટ ગેસ અને આર.એલ.એન.જી આધારિત વિજ મથક ચલાવવાનું પોષણક્ષમ ન હોઈ, આ વીજ મથક સ્થાપિત ક્ષમતાની ૫૦% ની ક્ષમતાએ ચલાવવું પડે છે અને વીજ મથક બંધ રાખવું પડે છે. એક તરફ જ્યારે રાષ્ટ્રના બીજા રાજ્યો વીજ ખેંચ અનુભવી રહ્યા છે, ત્યારે તે સામે રાષ્ટ્રીય સંપત્તિ કહી શકાય તેવા આ વીજ મથકને ફરજીયાતપણે આંશિક બંધ રાખવું પડે છે જેના કારણે આ વીજ મથકની કાર્યક્ષમતા ઘટી જાય છે. |

**શ્રી દિલીપભાઇ મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ધુવારણ ખાતે જે નવું ગેસ આધારિત વીજ મથક સ્થાપવામાં આવશે તેના માટે ગેસ મેળવવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે? જો કેન્દ્ર સરકાર ધુવારણ વીજ મથક માટે પૂરતો ગેસ ફાળવી ના શકતી હોય તો રાજય સરકારે તે પ્રશ્નના નિવારણ માટે કોઇ સૂચન કરેલું છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં ગુજરાતની અંદર ગેસ આધારિત મથકોના ઘણા પ્રશ્નો ઉભા થયા છે અને એમાં ખાસ કરીને ધુવારણની વાત કરું તો ધુવારણની અંદર આ વર્ષમાં જે આપણી જરૂરિયાત હતી ૨૮.૭૯ કરોડ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર, એની સામે આપણને જે એલોકેશન કરવામાં આવ્યું છે એ માત્ર ૧૨.૫૨ કરોડ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર કરવામાં આવ્યું છે. જે એલોકેશન ૪૩ ટકા છે. આના કારણે આ બે વર્ષની અંદર ૧૬૨૦ મીલીયન યુનિટની ઉપજ આપણે લઇ શકયા નથી જેના કારણે રાજય સરકારને ૩૪૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સભ્યશ્રીએ જે વાત કરી કે ૩૭૫ મેગાવોટ એલોકેશન જે આપણું નવું ત્રીજું મથક ત્યાં આવી રહ્યું છે, એના માટે હજુ સુધી કેન્દ્ર સરકાર દ્વારા આપણને કોઇ એલોકેશન કરવામાં આવ્યું નથી. દિવસે દિવસે પરિસ્થિતિ ખરાબ થતી જાય છે. હું આપને ૨૦૧૨-૧૩ના ડિસેમ્બર સુધીની વાત કરું તો આપણી જે કેપેસિટી ૨૧૯ કરોડ મેગાવોટની છે એની ગેસ રીકવાયરમેન્ટ ૨૮.૯૨ છે, એનું કોન્ટ્રાકટ ૨૪.૮૮ છે, માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે મારે આ વિધાનસભા ગૃહને કહેવું છે કે ૨૪.૮૮ની સામે માત્ર આપણને ૬.૪૧ નું એલોકેશન કરવામાં આવ્યું છે. ગેસના ભાવોની અંદર ખૂબ મોટો તફાવત છે, હું આપને દાખલો આપું કે જે સસ્તો ગેસ છે એ ગેલનો છે, એ ૧૦.૧૯ સ્ટાન્ડર્ડ કયુબીક મીટરનો ભાવ ગણાય છે, રીલાયન્સનો છે એ ૧૩.૭૯નો ગણાય છે, ત્યારે આપણે જો ઇમ્પોર્ટેડ ગેસ લઇએ તો એ ૩૫.૧૫ રૂપિયા થાય, એટલે આપણે જો ૩૫.૧૫ રૂપિયે વીજળીનું ઉત્પાદન ચાલુ કરીએ તો એનો ખર્ચ ૭.૫૦ રૂપિયા થાય, એટલે હાલમાં જે અઢી પોણા ત્રણ રૂપિયે વીજળી મળતી હોય એની જગ્યાએ સાડા સાત રૂપિયે આપણને વીજળીનો ખર્ચ પડે, એટલે આપણે આજની તારીખમાં આ બધા જ ધુવારણના પ્લાન્ટો ઉપર જયાં કેન્દ્ર સરકાર આપણને ગેસ નથી આપતી એ બધા જ પ્લાન્ટો આપણે બંધ કરવાનો નિર્ણય લીધો છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ ગેસ ફાળવણીની નીતિ શું હોય છે, અને ધુવારણ વીજ મથક અને રાજય સિવાયના બીજા વીજ મથકોની ગેસ ફાળવણીમાં શું તફાવત છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર આ ગેસની ફાળવણી કરતી હોય છે. આની અંદર જુદા જુદા સેકટર્સને કેન્દ્ર સરકારે પ્રાયોરિટી લેખે કર્યુ છે. એક કમિટી બનાવવામાં આવી છે. પહેલા તો ડી-સીકસનો જે ગેસ નીકળ્યો એના માટે એક પ્રાયોરીટી સેકટર નકકી કરવામાં આવ્યા, એમાં સૌથી પહેલું પ્રાયોરીટી સેકટર existing fertilizer projects ને આપવામાં આવ્યું. બીજું એલ.પી.જી. અને પેટ્રોકેમિકલ્સ પ્લાન્ટને કરવામાં આવ્યું. એટલે એલ.પી.જી.ના જે ગેસના બાટલાઓ છે એના વિષયને એ લોકોએ પ્રાયોરિટી આપી. ત્રીજી એકઝીસ્ટીંગ પાવર પ્રોજેકટને આપ્યું. ચોથું citizen ગેસ ડિસ્ટ્રીબ્યુશનને આપ્યું જેમાં અમદાવાદ, બોમ્બે દિલ્હી છે એ લોકોને આપ્યું. પાંચમું રીફાઇનરીઝને આપ્યું અને છઠ્ઠું સ્પોર્ટસ iron gas એટલે સ્ટીલ પ્લાન્ટોને આપ્યું અને સાતમું નવા પ્રોજેકટો, આ પ્રમાણે પ્રાયોરિટી નકકી કરવામાં આવી. આ પ્રાયોરિટીના આધારે સૌથી અગત્યનું મારે આપશ્રીને કહેવું છે, ઘ્યાન દોરવું છે કે કેન્દ્ર સરકારની નીતિની અંદર એ લોકોએ ગુજરાતના પાવર પ્રોજેકટને પ્રેફરન્સ નહીં આપ્યો કે દેશના પાવર પ્રોજેકટમાં એક નીતિ ન કરી પરંતુ આંધ્રપ્રદેશને જે ગેસની ફાળવણી કરી એ ૭૫ ટકા પી.એલ.એફ. ઉપર કરી અને બાકીના બધા રાજયોને ૭૦ ટકા પી.એલ.એફ. ઉપર કરી. એટલે એ પહેલો જ નીતિમાં આ ફેરફાર કર્યો. બીજું વધારે અગત્યનું કે ડાભોલ જે મહારાષ્ટ્રમાં આવેલ છે એને પાવર સેકટરમાંથી ફર્ટિલાઇઝર સેકટરમાં કરી દીધું અને ત્રીજા નંબરમાંથી પહેલા નંબરમાં મૂકી દીધું એટલે પાવર પ્લાન્ટને ફર્ટિલાઇઝરમાં ગણીને (અંતરાય) નીતિ સમજાવું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીજળી મથકો માટે હાલમાં કુદરતી ગેસનું વેચાણ કરતી કેન્દ્ર સરકારની કંપની સાથે જી.ઇ.બી. કે જી.યુ. વી.એન. એલ. એ લાંબાગાળાના ટેક ઓફ એગ્રીમેન્ટ કર્યા હતા કે કેમ? અને કર્યા હોય તો અત્યાર સુધીમાં કેટલો ખર્ચ થયો છે?

**શ્રી સૌરભ પટેલ :** હું ધુવારણની વાત કરું તો ચાલશે? પહેલા તો નીતિના પ્રશ્નની વાત કરી લઉં.

કેન્દ્ર સરકારની નીતિ છે. (અંતરાય) ધુવારણનું કહું છું. ધુવારણને કેન્દ્ર સરકારે પાવર સેકટરમાં ગણ્યો છે ત્યારે મહારાષ્ટ્રના ડાભોલને એ લોકો ફર્ટિલાઇઝર સેકટરમાં ગણે છે. એની અસર એ પડી કે દા.ત. ધુવારણમાં આપણે બે ટેક ઓફ કોન્ટ્રેક્ટ કર્યા. એ.પી.એમ. ગેસનો અને આર.એ.એલ. ગેસનો કોન્ટ્રેક્ટ કર્યો. હવે ૨૧૯ મેગાવોટની કેપેસિટીમાં ૧૦૦ ટકા પી.એલ.એફ. ઉપર ૨૮.૯૨નો આપણે કોન્ટ્રેક્ટ કર્યો. એની સામે જે આપણને આપ્યું વર્ષ ૧૨-૧૩માં ડિસેમ્બર સુધીમાં એ એ.પી.એમ.માં ૧૩.૭૫ની સામે, એ ૪.૧૯. એગ્રીમેન્ટની જ વાત કરું છું. એગ્રીમેન્ટ થયા એ ૪.૧૯ના થયા અને બીજો જે રિલાયન્સ (અંતરાય) ખર્ચ ન હોય. એગ્રીમેન્ટના કરોડો રૂપિયા (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** એવી જાહેરાત કરી હતી કે ગેસ આપણે ગુજરાત માટે હવે પછી લાવવો નહીં પડે. એના માટેનો સીધેસીધો પ્રશ્ન છે.

**શ્રી સૌરભ પટેલ :** સીધેસીધો જવાબ છે કે કેન્દ્ર સરકારની કમિટી નક્કી કરે છે કે ક્યા પ્લાન્ટને કોની પાસેથી ગેસ મળશે અને એ ગેસના આધાર ઉપર એ લોકો કોન્ટ્રેક્ટ કરાવે. આ કોન્ટ્રેક્ટના આધારે ધુવારણમાં આજની તારીખે રિલાયન્સનો ગેસ છે, એનું એક્ચ્યુઅલ એલોકેશન ૧૧.૧૩ હતું એની જગ્યાએ આ વર્ષે ૨.૨૨ મળ્યો છે. આનું કારણ શું? કારણ એ છે કે (અંતરાય) મારે સભ્યશ્રીઓને સમજાવવું છે કે રિલાયન્સનો ડી-૬નો ગેસ ઓછો થાય છે ત્યારે ફર્ટિલાઇઝરમાં કપાતો નથી પણ પાવર સેકટરમાં કપાય છે. એટલે ધુવારણમાં કપાયું, પણ મહારાષ્ટ્રમાં ડાભોલને ફર્ટિલાઇઝર સેકટરમાં મૂકી દીધું એટલે એના કારણે એને કપાત ન આવે. આવો અન્યાય આ કેન્દ્ર સરકાર આ ધુવારણમાં કરે છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજનામાં અરજીઓ

*** ૬૨૦ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા)** માનનીય **સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૮૬. |
| (૨)તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૮. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨,૭૨,૦૦૦/- . |

**શ્રી પુનમભાઇ કા. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પ્રજ્ઞાચક્ષુ યોજના, સંત સુરદાસ યોજના ખૂબ ઉપયોગી પૂરવાર થઇ છે ત્યારે આ સંત સુરદાસ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં જે અરજીઓ મળી અને જે નામંજૂર થઇ છે એ ૧૮ છે, એ ક્યા કારણોસર નામંજૂર થઇ એ હું જાણવા માગું છું.

**શ્રી રમણલાલ ઇ. વોરા :** સંત સુરદાસ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ ૮૬ અરજીઓ મળી. ૮૬ પૈકી ૧૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી. ૧૮ અરજીઓ પૈકી ઉંમર વધુ હોવાના કારણે ૨, વિકલાંગતા ઓછી હોવાના કારણે ૩ અને બી.પી.એલ.યાદીમાં ના હોવાના કારણે ૧૩ એમ કુલ ૧૮ નામંજૂર કરવામાં આવી.

**શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ :** આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સંત સુરદાસ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને આ યોજના અંતર્ગત કોને આ લાભો મળવાપાત્ર છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯થી આ યોજના શરૂ કરવામાં આવી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એટલું જાણવા માગુ છું કે આ સંત સુરદાસ યોજનામાં જે લાભાર્થીઓ છે એમાં કોઇ બી.પી.એલ. કાર્ડ ૦ થી ૨૦માં રાખ્યું છે કે નહિ? અને જો આવું કોઇ કાર્ડ હોય તો આમાં વિકલાંગતાને ધ્યાને રાખીને બી.પી.એલ.માં ના હોય પણ

કોઈપણ વિકલાંગ ટકાવારી પ્રમાણે રાખવા માગો છે કે નહિ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ યોજના રાજ્ય સરકાર ૨૦૦૧ થી ચલાવે છે એ ઉપરાંત  થી ૧૭ માં જે વિકલાંગ હોય એને માસિક ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે. એમાં બી.પી.એલ. લાભાર્થીની યાદી હોતી નથી. પરંતુ કેન્દ્ર સરકારે આ યોજનામાં બી.પી.એલ. યાદી દાખલ કરી અને કેન્દ્ર સરકારની યોજનામાં બી.પી.એલ.યાદીમાં નામ હોવું ફરજીયાત હોવાના કારણે  બી.પી.એલ. યાદીમાં જેનું નામ હોય એને આ યોજનમાં લાભ મળી શકે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સંત સૂરદાસ યોજનામાં લાભાર્થીને કેટલી સહાય ચૂકવવામાં આવે છે? અને મારા મતવિસ્તાર ૬૨ વઢવાણમાં સંત સુરદાસ યોજના અંર્તગત કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ સંત સુરદાસ યોજનામાં અગાઉ રૂ.૫૦૦૦/–ની સહાય આપવામાં આવતી હતી એ વધારીને ૧૦,૦૦૦/– રૂપિયાની સહાય કરવામાં આવી છે. એમના મતવિસ્તાર વઢવાણની અંદર કુલ ૨૬ લાભાર્થીઓને રૂ.૯૨૦૦૦/– ની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સંત સુરદાસ યોજનામાં ૧૦૦%  ગ્રાન્ટ ઈન એઈડ હોય એવી સંસ્થા કાર્યરત થાય છે, એમાં ગાંધીનગરની ૧૪ વિકલાંગોની આ સંસ્થા છે. એમાં ફિક્સ પગાર ઉપર રાખવામાં આવેલ છે અને જેને લીધે આ વિકલાંગોને મળવાપાત્ર જે લાભો હોય એમાં લેઈટ થાય છે, આના લીધે વિકલાંગો કોર્ટમાં પણ ગયા હતા. હાઈકોર્ટનો ચુકાદો પણ વિકલાંગોની તરફેણમાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રી પાસે મારે જાણવું છે કે, જ્યારે વિકલાંગોની વાત કરતા હોય, વિકલાંગોને યોજનાનો લાભ આપવાની વાત હોય, વિકલાંગોની યોજનાની અંદર જે ફિક્સ પગારવાળા લોકો કામગીરી કરે છે, એને કાયમી કરવા માગો છો કે નહિ?

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્નને લગતું પૂછો. એમાં કામ કરતાં કર્મચારીનો પ્રશ્ન નથી. બેનશ્રી, કાંઈ નહિ.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે જે સંત સુરદાસ યોજના છે એ યોજનાનું અરજીપત્રક મેળવવાની, તેને રજૂ કરવાની અને એને મંજૂર કરવાની કાર્ય પદ્ધતિ શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં લાભ લેનાર લાભાર્થીએ સમાજ સુરક્ષા અધિકારી પાસે એનું અરજી ફોર્મ લઈને એ ભરવાનું હોય છે. એની સાથે એણે વિકલાંગતાનું કાર્ડ આપવાનું હોય છે, જન્મનો દાખલો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને ૧૦ વર્ષથી ગુજરાતમાં રહેતા હોય એવા લોકોને સમાજ સુરક્ષા અધિકારી એ અરજીઓ મંજૂર કરતા હોય છે.

## સુરત જિલ્લામાં સત્યવાદી રાજા હરીશ્ચન્દ્ર યોજનાની અરજીઓ

***૬૩૫ શ્રી મુકેશભાઈ ઝી. પટેલ(**ઓલપાડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સુરત જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | સુરત | ૦૩ |
| ૨ | ઓલપાડ | ૦૦ |
| ૩ | મહુવા | ૦૨ |
| ૪ | બારડોલી | ૦૧ |
| ૫ | માંડવી | ૦૦ |
| ૬ | કામરેજ | ૦૪ |

| | | |
|---|---|---|
| ૭ | માંગરોળ | ૦૪ |
| ૮ | પલસાણા | ૦૦ |
| ૯ | ચોર્યાસી | ૦૦ |
| | **કુલ** | **૧૪** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી સહાય ચૂકવી,

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર કરેલ અરજીઓ** | **ચૂકવેલ સહાય (રૂપિયામાં)** |
|---|---|---|---|
| ૧ | સુરત | ૦૩ | ૭૫૦૦ |
| ૨ | ઓલપાડ | ૦૦ | ૦૦ |
| ૩ | મહુવા | ૦૨ | ૫૦૦૦ |
| ૪ | બારડોલી | ૦૧ | ૨૫૦૦ |
| ૫ | માંડવી | ૦૦ | ૦૦ |
| ૬ | કામરેજ | ૦૪ | ૧૦૦૦૦ |
| ૭ | માંગરોળ | ૦૩ | ૭૫૦૦ |
| ૮ | પલસાણા | ૦૦ | ૦૦ |
| ૯ | ચોર્યાસી | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૧૩** | **૩૨૫૦૦** |

(૩) કેટલી પડતર છે, અને

(૩) શૂન્ય.

(૪) પડતર અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજનાના પાત્રતાના ધોરણો શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે પણ લાભાર્થીએ આ યોજનાનો લાભ લેવો હોય એની આવક મર્યાદા છે, ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ૩૬૦૦૦/- મૃત્યુ થયાના ૬ માસની અંદર એણે અરજી કરવાની હોય છે. અરજી સાથે રેશનકાર્ડની નકલ, મરણનું પ્રમાણપત્ર, આવક અને જાતિના પ્રમાણપત્રો જોડવાના હોય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજના ક્યારથી અમલમાં આવી તે વખતે સહાયના ધોરણો શું હતા? અને આજની સ્થિતિએ સહાયના ધોરણો શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ૧૦-૧૧-૨૦૦૦થી અમલમાં આવી. તે વખતે સહાયનું ધોરણ ૧૦૦૦ રૂપિયા હતું. આજે આ સહાયની અંદર વધારો કરીને ૨૫૦૦/- રૂપિયા આપવામાં આવેલ છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કયા તાલુકાઓની અરજી નામંજૂર થઇ અને નામંજૂર થઇ હોય તો એના કારણો શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં માત્ર માંગરોળ તાલુકામાં એક અરજી નામંજૂર થઇ છે અને એમણે જાતિનું પ્રમાણપત્ર નહીં જોડવાના કારણે આ અરજી નામંજૂર કરવામાં આવી છે.

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

ભરૂચ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાની અરજીઓ.

*૬૨૬ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ આવી, | (૧) શૂન્ય. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સાતફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં આવી તે વખતે સહાયના ધોરણો શું હતા અને આજની સ્થિતિએ સહાયના ધોરણો શું છે ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે સાતફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં આવી એ વખતે દસ યુગલો લગ્નમાં ભાગ લેતા હોય તો આપણે પાંચ હજાર રૂપિયા એમને આપતા હતા, આ સંખ્યામાં ૨૦૧૨માં વધારો કરીને આ સહાય પાંચ હજારના બદલે દસ હજાર કરવામાં આવી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સમૂહ લગ્ન યોજનામાં સંસ્થાને પ્રોત્સાહનરૂપે કેટલી રકમ ચૂકવવામાં આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે કોઇ સંસ્થા આ સમૂહ લગ્નની કામગીરી કરતી હોય, એ સંસ્થાઓને પ્રોત્સાહન મળે અને સમૂહ લગ્ન વધારે પ્રમાણમાં થાય, જેથી ગરીબ લોકોને લાભ મળે. એને ધ્યાનમાં રાખીને જે પણ સંસ્થા હોય એને યુગલ દીઠ બે હજાર રૂપિયા અને પચીસ યુગલ સુધીની આ સહાયની મર્યાદા છે, પચીસ યુગલ હોય તો પચાસ હજાર રૂપિયાની મર્યાદામાં રાજય સરકાર તરફથી આ સંસ્થાને મદદ કરવામાં આવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ કેસમાં પ્રશ્નમાં એમણે શૂન્ય જવાબ આપ્યો છે, ત્યારે મારે એ જાણવું છે કે, આ યોજના બંધ થઇ છે અને પછી કયા કારણોસર શૂન્ય જવાબ છે અથવા તો કોઇ સમૂહ લગ્નો ત્યાં કરતા નથી? એનો મને જવાબ આપે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં ઓછામાં ઓછા દસ યુગલો હોવા એ ફરજિયાત છે અને દસ યુગલો ન હોય અને એનાથી ઓછા હોય અને અરજી કરે તો એ પાત્રતા થતી નથી અને એટલા માટે જવાબ શૂન્ય આપેલો છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સમૂહ લગ્ન યોજનાની વાત છે એમાં અનુસૂચિત જાતિ સિવાય અન્ય જાતિઓ માટે પણ એનો લાભ મળી છે કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ ઉપરાંત વિકસતી જાતિના લાભાર્થીઓને પણ આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.

*૬૭૦ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર | (૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં |

સાંસ્કૃતિક પ્રવૃતિઓને લગતા કયા કયા કાર્યક્રમો રાખવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

થયેલ તાલુકાવાર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(૧) હિંમતનગર તાલુકામાઃ- તાલુકા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, લોકડાયરો, અંતિમ ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૧,૬૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૨) પ્રાતિજઃ- લોકડાયરો, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૫૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૩) તલોદઃ- લોકડાયરો, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૩૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૪) ઈડરઃ- જિલ્લા રાસ ગરબા સ્પર્ધા, જિલ્લા બાળ નાટ્ય નૃત્ય નાટીકા, જિલ્લા કક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૩૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૫) મોડાસાઃ- મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૬) ધનસુરાઃ- જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૨૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૭) માલપુરઃ- મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૮) બાયડઃ- મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૯) મેઘરજઃ- મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૧૦) ભિલોડાઃ- લોકડાયરો, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૩૪,૦૦૦/- કરવામાં આવેલ છે.

(૧૧) વડાલીઃ- મતદાન જાગૃતિ અભિયાન

અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂ઼ા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

(૧૨) ખેડબ્રહ્માઃ– મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂ઼ા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

(૧૩) વિજયનગર– મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂ઼ા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

---------

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, લોકડાયરા માટે જે કાર્યક્રમો રાખવામાં આવે છે એ જિલ્લાકક્ષાના હોય છે કે, તાલુકાકક્ષાના હોય છે અને આ લોકડાયરા માટેના કાર્યક્રમો રાખવા પાછળનો આશય શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ તેમ આપણી કલા અને સંસ્કૃતિ અને લોકવારસો જાળવી રાખવો અને તેનું જતન કરવું અને લોકો સુધી આ માહિતી પહોંચાડવી એક જનજાગરણનું કામ આ લોકડાયરાના માધ્યમથી આપણે કરીએ છીએ. એ લોકડાયરાઓ, મહાનગર કક્ષાએ અને જિલ્લા કક્ષાએ થાય છે4 પરંતુ સ્વાભાવિક રૂપે દરેક જિલ્લામાં કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને આ માટેની સમિતિ બનાવવામાં આવેલ છે. એ સમિતિ જે સ્થળ નક્કી કરે એ સ્થળે આ લોકડાયરાનો કાર્યક્રમ કરવામાં આવે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગુ છું કે, આ સાબરકાંઠાના તેર તાલુકાઓમાં કાર્યક્રમો કરવામાં આવ્યા છે એમાં સાત તાલુકાઓમાં ચૌદ હજારનો ખર્ચ છે અને બીજા અન્ય તાલુકાઓમાં વધારે પડતો એટલે કે, એક લાખ રૂપિયાનો ખર્ચ છે, તો આટલા બધા તફાવતના શું કારણો છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બાકીના તાલુકાઓમાં ચૌદ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. જે તે વખતે ચૂંટણી પંચ તરફથી એમના ડાયરેકટર જનરલે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગને ફરજ પાડી કે વધારે મતદાન થાય તે માટે જનજાગૃતિ માટે તમારે કાર્યક્રમો કરવા જોઇએ અને એનો ખર્ચ પણ રાજય સરકારે કરવો પડશે. એટલા માટે જે તે તાલુકાઓની અંદર આ વધારે મતદાન થાય, મતદારોની જનજાગૃતિ થાય એના માટેના કાર્યક્રમો કર્યા છે અને એ કાર્યક્રમો પાછળ ચૌદ હજારનો ખર્ચ થયો છે. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને જે સમિતિ છે, જે કાર્યક્રમો આવતા હોય છે, એમાં એ સ્થળ નકકી કરતા હોય છે. વિશેષ કરીને જિલ્લાના વડા મથકોમાં એનો વધારે લાભ મળતો હોય છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે જે સાંસ્કૃતિક કાર્યક્રમ પાછળ જે ખર્ચ કરવામાં આવે છે, એમાં ટ્રાયબલ તાલુકા આવી જાય છે. ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા. એમાં જે ખર્ચ કરવામાં આવ્યો છે, એ બહુ ઓછો કરવામાં આવ્યો છે અને મતદાર જાગૃતિનો ખર્ચ કરવામાં આવ્યો છે તો ચૌદ હજાર ખર્ચ કરવામાં આવ્યો છે તો ચૌદ હજાર મતદાર જાગૃતિનો પૂરતો ખર્ચ છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આ સાબરકાંઠા જિલ્લાની વાત છે.

શ્રી અશ્વિન કોટવાલ : સાબરકાંઠાનો જ પ્રશ્ન કહું છું. એમાં જે ચૌદ હજારનો મતદાર જાગૃતિ અભિયાનનો ખર્ચ કરવામાં આવ્યો છે એ પૂરતો છે કે કેમ? એનાથી જાગૃતિ મળી છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી પંચના આદેશ અન્વયે રાજય સરકારે આ કાર્યક્રમ કર્યો છે. આ રાજય સરકારનો કાર્યક્રમ નથી. ચૂંટણી પંચના કહેવાથી યુવક સેવા અને સાંસ્કૃતિ

પ્રવૃત્તિના વિભાગ દ્વારા એમાં શેરી નાટકો થતા હોય છે. એક નાટક પાછળ ત્રણ હજારથી પાંત્રીસ સો રૂપિયાનો ખર્ચ થાય છે. આખા સાબરકાંઠામાં કુલ બાવન જગ્યાએ શેરી નાટકો કરીને આ મતદાર જનજાગૃતિનું કામ કરવામાં આવ્યું છે. આપણે બધા જાણીએ છીએ તેમ આ વખતે મતદારની ટકાવારી વધી છે એનો યશ આ યોજનાના લાભાર્થીઓને આપી શકીએ.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જે મતદાર જાગૃતિ અભિયાન ચાલે છે એમાં હું એ જાણવા માગું છું કે રાજકીય પ્રવૃત્તિ થાય છે? કોન્ટ્રાકટ સિસ્ટમથી જે કોન્ટ્રાકટ આપવામાં આવે છે, તો કોન્ટ્રાકટ કઇ એજન્સીને આપવામાં આવ્યો અને કેટલો ખર્ચ થાય છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં રાજકીય પ્રવૃત્તિ જો થતી હોય તો મને લાગે છે કે દિલ્હીના ચૂંટણી પંચે આવો કાર્યક્રમ નહીં આપવો જોઇએ. આ મતદાન જાગૃતિના અભિયાનનો કાર્યક્રમ કરવા માટે દિલ્હીથી અમને આદેશ આપવામાં આવ્યો છે કે તમે કાર્યક્રમ કરો. નવો પૈસો પણ આપીશું નહીં. રાજય સરકાર એનો ખર્ચ કરે. મેં કહ્યું તેમ એની પાછળ શેરી નાટકો મતદાનની જનજાગૃતિ માટે કરવામાં આવ્યા છે. તે સિવાય બીજું કંઇ થતું નથી. જે પણ સંસ્થાઓને આપણે રાખીએ છીએ એના માટેનો કોઇ કોન્ટ્રાકટ આપવામાં આવતો નથી, પરંતુ જે તે જિલ્લાના જે લોકડાયરાના અથવા લોકગાયક અથવા જે તે સંસ્કૃતિના જે કલાકારો હોય તે કલાકારોને શોધીને એ જ જિલ્લાના લોકોને રોજીરોટી મળે એ રાજય સરકારનો આશય છે આના માટે કોઇ કોન્ટ્રાકટ આપવામાં આવતો નથી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણા કલાની અને વારસાની વાત કરી. આમાં પ્રશ્ન એ છે કે તાલુકાવાર સાંસ્કૃતિક પ્રવૃત્તિના કેટલા કાર્યક્રમ આપવામાં આવ્યા? તાલુકાવાર જોઇએ તો માલપુર, બાયડ, મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા, વિજયનગરમાં મતદાન જાગૃતિનો કોઇ કાર્યક્રમ કરવામાં આવ્યો નથી. કલા અને સંસ્કૃતિની વાત કરો છો. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે કલા શોધવાનો કેમ પ્રયત્ન કરવામાં આવ્યો નથી? એટલું મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં ૨-૩ વખત એક જ વાત કરી કે મતદાર જનજાગૃતિ અભિયાનનો કાર્યક્રમ એ રાજય સરકારનો કાર્યક્રમ નથી. આ ચૂંટણી પંચના કહેવાથી અમારે ફરજીયાત કરવો પડયો છે એક વાત. બીજી વસ્તુ મેં પહેલા પણ કહી કે આના માટે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં એની કમિટી હોય છે અને એ કમિટી એ સ્થળ નકકી કરતી હોય છે. મેં અગાઉ એ પણ કહ્યું કે લગભગ જયાં જિલ્લાનું વડું મથક હોય તો જિલ્લાના વડામથકે એને પસંદ કરવામાં આવે છે. એ સિવાય અન્ય તાલુકાની અંદર પણ આ કાર્યક્રમો થતા હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે વાત કરી કે ચૂંટણી પંચ દ્વારા આ કાર્યક્રમ આપવામાં આવે છે અને એમણે ચૂંટણી પંચની ટીકા પણ કરી. વિધાનસભાગૃહના નિયમો છે ચૂંટણી પંચની કોઇ સંજોગોમાં ટીકા ન થઇ શકે.

અધ્યક્ષશ્રી : આપનો સવાલ પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : આ સવાલ જ છે માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ચેક કરો. ચૂંટણી પંચે આવા કાર્યક્રમ ન આપવા જોઇએ એવું ચૂંટણી પંચને આપણે કહી જ નથી શકતા.

અધ્યક્ષશ્રી : આ સાંસ્કૃતિક કાર્યક્રમ છે એમાંથી ચૂંટણી પંચે કીધું એ કાર્યક્રમ કર્યો છે. આપનો પ્રશ્ન પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : હું પ્રશ્ન જ પૂછું છું, પણ એમણે જે ટીકા કરી એ ટીકા ન થઇ શકે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ એમ પૂછયું કે આ કાર્યક્રમમાં કોઇ રાજકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે કે કેમ? જશાભાઇએ સીધો પ્રશ્ન મને પૂછ્યો છે, એટલા માટે જવાબ આપ્યો. ચૂંટણી પંચને રાજકીય પ્રવૃત્તિ કરવી હોય અથવા એવું લાગતું હોય કે રાજકીય પ્રવૃત્તિ થાય તો આવા કાર્યક્રમ ન આપવા જોઇએ. ચૂંટણી પંચના અનાદરનો કોઇ પ્રશ્ન નથી. પ્રશ્ન એટલો છે કે કાર્યક્રમ એમણે કરવાનો અને રૂપિયા સરકારના જાય. આની સામે વાંધો છે.

કોલસા આધારિત ઉકાઇ વીજ મથકને દૂરના સ્થળેથી કોલસો ફાળવવા બાબત

*૬૬૩ શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા ઉકાઈ વીજ મથકને નજીકની કોલસાની ખાણો કરતાં દૂરની ખાણોમાંથી વધુ કોલસો ફાળવાય છે એ હકીકત સાચી છે,

(૨)જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩)તેના કારણે નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં ડીસેમ્બર, ૨૦૧૨ની સ્થિતિએ વીજ ઉત્પાદન ખર્ચ કેટલું વધ્યુ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા ઉકાઈ વીજ મથકને મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલ વેસ્ટર્ન કોલ ફીલ્ડ લીની કોલસાની ખાણોમાંથી દર વર્ષે ૯.૩૦ લાખ ટન અને છત્તીસગઢ રાજ્યમાં આવેલ સધર્ન ઈસ્ટર્ન કોલ ફીલ્ડ લી. ની કોરીયા રેવા અને કોરબા ખાતે આવેલ કોલસાની ખાણોમાંથી દર વર્ષે ૩૨.૪૦ લાખ મેટ્રીક ટન કોલસો ફાળવવામાં આવે છે.

(૩) રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા ઉકાઈ વીજ મથકને દૂરની ખાણોમાંથી વધુ કોલસો આપવાના કારણે, નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ચાલુ વર્ષ ૨૦૧૨–૧૩ (ડીસેમ્બર અંતિત) વીજ ઉત્પાદન ખર્ચમાં થયેલ વધારો અને તેના કારણે પડેલ વધારાના આર્થિક બોજાની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **પ્રતિ યુનિટ વીજ ઉત્પાદન ખર્ચમાં થયેલ વધારો (રૂપિયા)** | **પડેલ વધારાનો આર્થિક બોજો (રૂપિયા કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૦.૧૫ | ૮૪.૫૨ |
| ૨૦૧૨–૧૩ | ૦.૨૬ (ડીસેમ્બર અંતિત) | ૧૦૮.૪૬ (ડીસેમ્બર અંતિત) |

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઉકાઇ વીજ મથક માટે કોલસાની ફાળવણીમાં ગુજરાત અને અન્ય રાજ્યો માટેની નીતિમાં કોઇ ફેરફાર છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ મથક ૮૫૦ મેગાવોટનું આવેલ છે. ત્યાં ૪૪.૮૦ લાખ મેટ્રિક ટનની જરૂરિયાત છે. ૪૪.૮૦ લાખની સામે આપણને એલોકેશન કરવામાં આવે છે, તે ૪૧.૭૦ લાખ મેટ્રિક ટન કરવામાં આવ્યું છે. બે જગ્યાએથી કોલસો આપવામાં આવે છે. એક વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી અને સધર્ન ઇસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી આપવામાં આવે છે. વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી ૯.૩૦ લાખ મેટ્રિક ટન આપવામાં આવે છે. સધર્ન કોલ ફીલ્ડમાંથી ૩૨.૪૦ લાખ મેટ્રિક ટન આપવામાં આવે છે. મારે જણાવવું છે કે ઉકાઇથી કોલસો વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી મળે ૭૭૫ કિ.મી.થી મળી શકે અને સધર્ન વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી મળે છે તે ૧૧૮૬ કિ.મી.થી મળે. આપણી માગણી કાયમ માટેની છે. વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી આપે તો વધારે ફાયદો થાય. સધર્ન ઇસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી આપણને નુકસાન થાય છે. આના કારણે અનેક વખત કહેવા છતા આજની તારીખે ગુજરાતમાં ઉકાઇમાં માત્ર ૯.૩૦ લાખ આપવામાં આવે છે. જયારે બાજુના બે

રાજ્યો મહારાષ્ટ્ર અને એની ટોટલ ફાળવણીમાંથી ૮૫ ટકા કોલસો વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી આપવામાં આવે છે. અને રાજસ્થાનને ૧૦૦ ટકા એની જરૂરિયાત નજીકના કોલસામાંથી આપવામાં આવે છે. અનેક વખત રજૂઆતો કરી છે. આ રજૂઆતો આપણે ત્યાં હજુ એ લોકોએ સ્વીકારી નથી અને આના કારણે દૂરથી કોલસો લાવવાના કારણે એક હજાર કરોડ રૂપિયાનું રાજય સરકારની પ્રજાને નુકસાન જાય છે. એના કારણે વીજળીના ભાવ મોંઘા થાય છે. અનેક રજૂઆતો કરવા છતા આપણને આપવામાં આવ્યું નથી.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઉકાઇ વીજ મથક માટે કોલસો અને રેલવે ભાડાનો છેલ્લાં બે વર્ષમાં કેટલો વધારાનો ખર્ચો થયો છે અને આર્થિક બોજો કેટલો પડ્યો છે?

શ્રી સૌરભ પટેલ : આપણે સૌ જાણીએ છીએ કે દરેક વસ્તુમાં મોંઘવારી વધતી જાય છે. એ પ્રમાણે કોલસા અને રેલવેના ભાડાના દરમાં છેલ્લાં બે વર્ષમાં ભાવ વધારો કર્યો છે. પહેલું જ કામ હમણા ૨૦૧૧-૧૨ની અંદર કર્યુ હોય તો જે ફોર્મ્યુલા હતી એ ફોર્મ્યુલાની અંદર જી.સી.બી. બેઇઝ્ડ ફોર્મ્યુલા કરી નાખી. એ.બી.સી.ડી. ક્રાઇટેરીયા હતો એની અંદર જી.સી.બી. આપે, એ જી.સી.બી.ના આધાર ઉપર એ લોકોએ પ્રાઇસ નક્કી કરી નાખી. એના કારણે આપણને ૧૨૩ રૂપિયા મેટ્રિક ટનનો ફરક ઉકાઇમાં પડ્યો. એના કારણે ૧૦.૭૫, ૧૩ કરોડનું ત્યાં નુકસાન આવ્યું. ૨૦૧૨-૧૩ની અંદર ૯ ટકા એ લોકોએ પ્રાઇસમાં વધારો કર્યો, એના કારણે ૧૧.૬૭ કરોડનો, એટલે બે વર્ષમાં માત્ર કોલસાની અંદર ૨૪.૬૭ કરોડનો માત્ર ઉકાઇની અંદર આપણને વધારો થયેલ છે. એવી જ રીતે એમણે ફ્રેટની વાત કરી. એ લોકો હોંશિયારી શું વાપરે છે. ફ્રેટના ભાવ નથી વધારતા. સ્પષ્ટપણે કહું કે કેન્દ્ર દ્વારા રેલવે મંત્રાલય અને રેલવે બજેટની અંદર અને બજેટ બહાર એ લોકો જે બીઝીસીઝન સરચાર્જ છે. ૨૦૧૧-૧૨ માં બીઝીસીઝન સરચાર્જમાં ૫ ટકાનો ૧૦ ટકા વધારો કર્યો. એટલે ઇનડાયરેકટ કહેવાય નહિ, પણ સીધું ૨૨.૫૮ કરોડ રૂપિયાનું આપણને ભારણ પડ્યું. એવી જ રીતે સર્વિસ ટેકસમાં વધારો કર્યો. એના કારણે ૭.૮૧ કરોડનું ભારણ કર્યુ. એમ ૩૦.૩૯ કરોડનું ભારણ ફ્રેટમાં આપ્યું. આ બધુ જોવા જઇએ તો ફ્રેટની અંદર ૧૪ પૈ. પર યુનિટનો ફરક પડ્યો અને કોલસામાં પણ ફરક પડ્યો આના કારણે પ્રજા ઉપર ભારણ વધ્યું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઉકાઇ વીજ મથકે જે કોલસો મળે છે તેની વાત આ પ્રશ્નમાં કરવામાં આવી છે. પાનન્ધ્રો ગુજરાતમાં આવેલ છે અને તેની માલિકી આપણી છે, ગુજરાત સરકારની છે. તેમાંથી અદાણીને જે કોલસો આપવામાં આવે છે તે બંધ કરી અને ઉકાઇને ફાળવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આને લગતો પ્રશ્ન પૂછો ને ભાઇ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલ જ ખોટો પૂછાય છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન કોલસાની ખાણ માટેનો છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખબર નથી કે પાનન્ધ્રોમાંથી જેટલો લિગ્નાઇટ નીકળે છે તે પાનન્ધ્રો લિગ્નાઇટ મથકમાં જાય છે અને કોઇ અદાણી ફદાણીને મળતો નથી.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઉકાઇ વીજ મથક માટે નજીકની ખાણોમાંથી કોલસો મેળવવા માટેની રજૂઆત કેન્દ્ર સરકારને કરી છે કે નહીં અને જો રજૂઆત થઇ હોય તો એનું શું પરિણામ આવ્યું?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆત સચિવ લેવલથી કરવામાં આવી છે, રજૂઆત મંત્રીશ્રી લેવલ ઉપરથી કરવામાં આવી છે. પરંતુ, એ લોકોની જે કમિટી છે તે કમિટીએ સ્વીકારી નથી. આજની તારીખમાં અમે લોકોએ ઘણી રજૂઆતો કરી કે તમે જે ખાનગી ઉદ્યોગોને આપો છો, જે ખાનગી ઉદ્યોગોનું એલોકેશન છે, ડબલ્યુ.સી.એ. નીતિ છે તેને સ્ટેટ રેગ્યુલરીટી નીતિમાં કન્વર્ટ કરો પણ ઇન્ટર મિનિસ્ટરીયલ મિટીંગમાં તે લોકોએ આ વિષય સ્વીકાર્યો નથી. આજની તારીખની અંદર જે પ્રમાણે છે તે પ્રમાણે ચાલુ રાખવાનું નક્કી કરેલ છે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેન્દ્રની સરકાર બાજુમાંથી કોલસો આપતી નથી અને લાંબેથી કોલસો આપે છે તેના કારણે ભાવમાં બહુ જ વધારો થાય છે, તો કચ્છ જિલ્લાના પાનન્ધ્રો ખાતે પૂરતા પ્રમાણમાં કોલસાનો જથ્થો ઉપલબ્ધ છે તે જથ્થો બહાર કાઢવા માટે કેન્દ્ર સરકાર પાસે કોઇ રજૂઆત કરવામાં આવી છે, અને રજૂઆત કરવામાં આવી હોય છતાંય કેન્દ્ર સરકારે મંજૂરી ન આપી હોય તો તેના કારણો શું છે?

અધ્યક્ષશ્રી : માગણી કરી છે આવી?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાનન્ધ્રોમાં લિગ્નાઇટ નીકળે છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ કોલસાની બાબતની અંદર એન.ડી.એ.ની સરકારમાં જે પોલીસી હતી તે પોલીસી યુ.પી.એ. સરકારમાં છે કે કોલસો ઓછો આપવામાં આવે છે? બીજો પ્રશ્ન છે કે ઉકાઇ વીજ મથકની અંદર, (અંતરાય) તમે અવાજ કરશો નહીં. નહીંતર હું અવાજ કરીશ પછી. કોલસાનો પ્રશ્ન છે. બે સરકારોનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : નિરંજનભાઇ તમે પૂછો. હું તમને એલાઉ કરું છું.

શ્રી નિરંજન પટેલ : આની અંદર ઉકાઇ વીજ મથકની ઉત્પાદન ક્ષમતા કેટલી છે? કેટલું ઉત્પાદન કરે છે અને ઉત્પાદનનો ખર્ચો કેટલો આવે છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પોલીસીની વાત કરી આ જી. સી. બી. બેઇઝ પોલીસી લાવવાથી, એટલે કે બેકડોર ભાવ વધારો કરવાથી આ કેન્દ્રની સરકારે કર્યુ છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ તેમને જવાબ તો આપવા દો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પષ્ટપણે કહ્યું કે એન.ડી.એ.ની અંદર એ.બી.સી.ડી. ક્રાઇટેરીયા હતો. આ યુ.પી.એ. સરકારની અંદર તે લોકોએ જી.સી.બી. બેઇઝ કર્યુ છે. મારે આપશ્રી દ્વારા કહેવું છે કે જે પ્રમાણે માલ આપે છે, જે પ્રમાણે બીલીંગ કરે છે તે પ્રમાણેનો કોલસો આપતા નથી. આ વિષયે એકલા ગુજરાતની ફરિયાદ નથી. આ એકેએક રાજ્યોની ફરિયાદ છે કે જે પ્રમાણે તમે માલ આપો છો, જે પ્રમાણે બીલમાં લખો છો, જે પ્રમાણે આપણે પૈસા ચૂકવીએ છીએ તે પ્રમાણેનો તમે કોલસો આપો. કમનસીબી એ છે કે એની અંદર પણ આ સરકાર નિર્ણય નથી લઇ શકતી. જ્યારે તેઓએ નીતિની વાત કરી ત્યારે મારે કહેવું છે કે કેન્દ્ર સરકારે એક કમિટી બનાવી. બધા જ મંત્રીઓની ઇન્ટર મીનીસ્ટરીયલ કમિટી બનાવી. કોલસા માટે શું નીતિ હોવી જોઇએ તે નક્કી કરવા માટે તે લોકો બેઠા. બેઠા પછી તે લોકોએ બે વર્ષથી નિર્ણય લીધો પણ, સેન્ટરની પોલીસીનું આ કલાસીક એકઝામ્પલ છે. તે મંત્રીશ્રીઓની બેઠકનો નિર્ણય આ કેન્દ્ર સરકાર કેબિનેટમાં નથી લાવી શકતી. સાહેબ પાંચ પાંચ મંત્રીઓની કમિટી છે. છતાં નિર્ણય નથી લઇ શકતા.

અધ્યક્ષશ્રી : આપણે કેન્દ્રની વાત નથી કરવી.

અમદાવાદ જિલ્લામાં ખેતીના વીજ કનેકશનો

* ૨૨૮ **શ્રીમતી તેજશ્રીબેન પટેલ**(વિરમગામ ) **(**મજુરા) :: **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તાલુકાવાર ખેતી માટેના વીજ કનેકશનો આપવાની કેટલા અરજદારોની અરજીઓ પડતર છે,

(૨)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી અને કેટલા કનેકશનો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ ડાર્કઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ન હોય એવા તાલુકાઓમાં વીજ જોડાણ માટેની પડતર અરજીઓ, તે પૈકી છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ અને છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | તા.૩૧– | તે પૈકી | છેલ્લા બે |
|---|---|---|---|---|

| | | ૧૨–૨૦૧૨ની સ્થિતિએ પડતર અરજીઓ | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ | વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણો |
|---|---|---|---|---|
| ૧ | બાવળા | ૧૧૮૭ | ૧૨૩૮ | ૫૨૪ |
| ૨ | દેત્રોજ | ૫૯ | ૧૦૪ | ૧૦૯ |
| ૩ | ધંધુકા | ૧૭૬ | ૧૭૧ | ૧૦૮ |
| ૪ | માંડલ | ૮૧ | ૯૨ | ૭૫ |
| ૫ | બરવાળા | ૧૨૦૬ | ૫૩૩ | ૩૩૩ |
| ૬ | રાણપુર | ૨૬૨૩ | ૧૩૧૨ | ૯૯૨ |
| ૭ | વીરમગામ | ૫૨૯ | ૪૭૯ | ૨૩૧ |

જ્યારે સીટી–દસક્રોઈ, ધોળકા અને સાણંદ તાલુકાનો સમાવેશ ડાર્કઝોન વિસ્તારમાં થતો હોઈ, માર્ચ ૨૦૧૨ પછી રાજ્ય સરકારના ઠરાવની જોગવાઈ મુજબ અગાઉની પડતર અરજીઓ પૈકી જે ખેડૂતોને વીજ જોડાણો આપવામાં આવ્યા તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | વીજ જોડાણની પડતર અરજીઓ | તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણો |
|---|---|---|---|
| ૧ | સીટી–દસક્રોઈ | ૨૦૬ | ૬૧ |
| ૨ | ધોળકા | ૨૫૪ | ૪૬ |
| ૩ | સાણંદ | ૨૦૦ | ૫૯ |

તારીખ ૧૬–૦૯–૧૨ થી ઉક્ત ડાર્કઝોન તાલુકાઓમાં કૃષિ વીજ જોડાણની નવી અરજીઓ સ્વીકારવાનું શરૂ કરાયેલ તદ્ અનુસાર સીટી–દસક્રોઈ તાલુકામાં ૧૧૨૪, ધોળકા તાલુકામાં ૧૧૬૮ અને સાણંદ તાલુકામાં ૧૦૮૯ અરજીઓ નોંધાયેલ છે જેની કામગીરી બાકી છે.

(૩)બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ કનેકશનો આપવામાં આવશે?

(૩) બાકી રહેતા અરજદારોને ક્રમાનુસાર શક્ય તેટલા ઝડપથી વીજ જોડાણો આપવામાં આવશે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, તેમણે આપેલા જવાબ પ્રમાણે અને ગુજરાત સરકારના જવાબ પ્રમાણે સાણંદ જો ડાર્ક ઝોનમાં આવતું હોય તો બિચારા ખેડૂતોને વીજ કનેકશનો મળ્યા નથી અને ટોટલ ૯૯૦૨ ખેડૂતોની અરજીઓ અમદાવાદ જિલ્લામાં પેન્ડીંગ છે ત્યારે કેટલા વોટનું વીજ કનેકશન, કેટલા કે.વી.નું સ્ટેશન અને સબસ્ટેશન કોઇ ઔદ્યોગિક ગૃહને સાણંદમાં આપવામાં આવ્યું છે? અને ૫૧૦૫ મિલિયન યુનિટ વીજળી જો આપણે ગુજરાતની બહાર આપી દેતા હોઇએ, કેમ કે આજે મારા ૧૪૪ નંબરના એક પ્રશ્નના જવાબમાં છે કે ૫૧૦૫ મિલિયન યુનિટ વીજળી

આપણે બીજા રાજયોને વેચી દઇએ છીએ, તો અમદાવાદ જિલ્લાના ૯૯૦૨ ખેડૂતોને કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહેને જે સવાલ પૂછ્યો છે એમાં ૫૦ ટકા મને સમજણ નથી પડી. મારે બધા સભ્યશ્રીઓને વિગતવાર અમદાવાદ જિલ્લાના ખેડૂતોના પ્રશ્નનો જવાબ આપવો છે એટલે શાંતિથી જરા મને સાંભળજો એટલે કાયમ માટેનો વિષય ઉકલી જાય, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય. ખાસ કરીને મારે બહેનનું ધ્યાન દોરવું છે કે, અત્યારે એક તમારા લોકો દ્વારા એમ કહેવામાં આવે છે કે કનેકશનો આપવામાં આવતા નથી. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ૨૦૦૯ સુધીના બધા કનેકશનો અપાઇ ગયા છે, ૨૦૧૦ના ૪ કનેકશન બાકી છે, ૨૦૧૧ના ૨૬૨ બાકી છે એટલે ૨૦૧૦ સુધી તો કલીયર, દેત્રોજ તાલુકો, ૨૦૦૯નું એક કનેકશન બાકી છે, ૨૦૧૦નું એકેય બાકી નથી ૨૦૧૧નું એકેય બાકી નથી. ધંધુકા તાલુકો, ૨૦૧૦ ના ૨૪ બાકી છે ૨૦૧૧ના ૬૭ બાકી છે અને ૨૦૧૨ના ૮૫ બાકી છે અને કુલ ૧૭૬ બાકી છે. માંડલ તાલુકો, ૨૦૦૯ના ૫ બાકી છે, ૨૦૧૦ના ૪ બાકી છે, ૨૦૧૧ના ૧૧ બાકી છે અને ૨૦૧૨ના ૬૧ બાકી છે કુલ ૮૧ કનેકશન બાકી છે. અને આપના વિરમગામમાં ૨૦૦૯ના ૨૯ બાકી છે, ૨૦૧૦ના ૮ બાકી છે, ૨૦૧૧ના ૨૮ બાકી છે અને ૨૦૧૨ના ૪૬૪ બાકી છે એટલે કુલ ૫૨૯ કનેકશનો જ બાકી છે. જે બે તાલુકા છે એ બરવાળા અને રાણપુર અને એના માટે આપણે ખૂબ મોટા પ્રમાણમાં કામગીરી હાથ પર લીધેલી છે. આ વર્ષે સૌથી વધારે જો કનેકશન આપ્યા હોય તો બરવાળામાં ૩૩૩ કનેકશન આપ્યા છે અને રાણપુરમાં ૯૯૨ કનેકશન આપ્યા છે એટલે જે ૨૫૩૮ કનેકશનો રીલીઝ કર્યા છે એમાં ૧૨૦૦ કનેકશન આ બે તાલુકાની અંદર રીલીઝ કર્યા છે. એટલે જે પ્રમાણે ખેડૂતોની માગણી છે એ પ્રમાણે ૨૦૧૧ સુધીના મોટા ભાગના કામો આવતા દિવસોમાં પૂર્ણ થશે. જે બહેને સાણંદની વાત કરી એમાં મારે વિગતવાર ડાર્ક ઝોનની વિગત આપવી છે.

અધ્યક્ષશ્રી : નહીં, એ બીજા કોઇના પ્રશ્નમાં જવાબ આપજો. માનનીય વલ્લભભાઇ.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીને પૂછવા માગુ છું કે, ખેડૂતને વીજ જોડાણ આપવા કેટલો ખર્ચ થાય છે, એમાં ખેડૂતને કેટલા પૈસા ભરવા પડે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં ખેડૂતોને વીજ કનેકશનની અંદર જે ખર્ચ થાય છે એમાંથી મોટા ભાગનો ખર્ચ તો રાજય સરકાર ભોગવે છે. એવરેજ ૧,૬૭,૦૦૦ થી માંડી ૨,૦૦,૦૦૦ સુધી પહોચ્યા હોય છે અને એવરેજ અમે જે કાઢી એમાં ૫૨ કનેકશન અમદાવાદ જિલ્લામાં ૧,૭૧,૦૦૦નું પડે છે અને એની સામે જે રાજય સરકાર ચાર્જીસ લે છે એ હું આપને કહું તો ૫ હોર્સ પાવરમાં ૫૩૨૦, ૧૦ હોર્સ પાવરમાં ૮૮૨૦, ૧૫ હોર્સ પાવરમાં ૮૮૨૦, ૨૦ હોર્સ પાવરમાં ૧૪૮૨૦ આ પ્રમાણે હોર્સ પાવર દીઠનું કરેલું છે અને બાકીનો તમામ ખર્ચો રાજય સરકાર અને જી.યુ.વી.એન.એલ. કંપની ભોગવે છે. મારે વધારે કહેવું છે કે, પહેલાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૩૦૦ મીટર સુધી ફ્રી આપતા હતા ત્યારપછી ૧૦૦ રૂપિયા એક મીટરના લેતા હતા એટલે ૫૦૦ મીટર ખાલી લેવું હોય તો ખેડૂતને ૨૦૦૦૦ રૂપિયા ચૂકવવા પડતા હતા અને એક કિલોમીટર લાઇન લેવી હોય તો એને ૭૦૦૦૦ રૂપિયા ચૂકવવા પડતા હતા. આ કોંગ્રેસની નીતિ અને આ ભારતીય જનતા પાર્ટીની નીતિ એ સ્પષ્ટ બતાવે છે કે, આ સરકાર ખેડૂતલક્ષી સરકાર છે.

શ્રી જસાભાઇ ભા. બારડ :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે એમાં મારે સ્પષ્ટ વાત કરવી છે કે ખેડૂતોને મફતમાં જે પાવર મળે છે, ખેડૂતોને તાત્કાલિક કનેકશનો આપવા માટે જે વ્યવસ્થા કરો છો એમાં એક લાખ રૂપિયાથી માંડીને બે લાખ રૂપિયા સુધીના એસ્ટિમેટ્સ આવે છે અને પૈસા ભરવા પડે છે, બીજી મારે આપના મારફતે એ વાત કરવી છે કે ડાર્ક ઝોન ભાઇ શ્રી ગોવાભાઇના પ્રયત્નોથી તારીખ ૧૬–૯–૧૨થી ઉઠાવ્યા પછી દસક્રોઇ, ધોળકા અને સાણંદ તાલુકામાં કુલ ૩૩૮૧ અરજીઓ આવી, એમાંથી એક પણ કનેકશનો નથી અપાયા તો એ ક્યારે આપવા માગો છો અને એના એસ્ટિમેટ પ્રમાણે કેટલો ખર્ચ કરવામાં આવશે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ડાર્ક ઝોન વિશે સભ્યશ્રીઓને વિગતવાર સમજાવવા માગું છું. અમદાવાદ જિલ્લાની અંદર કુલ ૮૨૬ અરજીઓ જૂની પેન્ડિંગ હતી, એનો પહેલાં આપણે

સંપૂર્ણપણે સરવે કરાવ્યો, એ કરાવ્યા પછી કોનો બોર છે અને કોનો બોર નથી એ છૂટું પાડ્યુ, તો ૩૦૫ ને બોર હતા અને પર૧ને બોર નહોતા, આ કર્યા પછી જેમના બોર હતા એમની આપણે કન્સેન્ટ માગી, એ કન્સેન્ટ આપી અને જેની પાસે બોર નહોતા એમને ૩ મહિના આપ્યા કે તમે બોર કરી નાંખો તાત્કાલિક, એ પ્રમાણે આપણે આગળ વધ્યા, જેની સંમતિ આવી એના ડ્રીપ ઈરીગેશન માટે આપણે ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિ.ને અરજીઓ મોકલી. એ ૩૩ર અરજીઓ આપણે મોકલી, એ પછી એમણે જે કરાર કર્યા એ ફોરપાર્ટી કરાર થયાં, એ ફોરપાર્ટી કરાર આવ્યા પછી તેમાં જી.જી.આર.સી.લી., ખેડૂત, યુ.જી.વી.સી.એલ. કંપની અને ડ્રીપ ઈરીગેશન કરાવનારી કંપની આ ચારેય આવ્યા, પછી ઓ.કે. કર્યા પછી આપણે એસ્ટિમેટસ આપ્યા, એમાંથી ૨૭૪ ને એસ.ક્યુ. ઇસ્યુ કર્યા, ૨૭૦ એ પૂરું કર્યું, એની અંદરથી ૧૬૬ કનેકશનો રીલીઝ કર્યા, ૨૪૭નું કામ પૂરું થયું છે, કેસ રિપોર્ટ અને બીજું બધું આવે પછી બાકીનું કામ પૂરું કરીશું, એટલે ૬૬૦માંથી ૧૬૬ આપણે સંપૂર્ણપણે પૂરાં કર્યા છે, બાકીના જેટલા કનેકશનો છે એમાં એસ.ક્યુ. પેઇડ થયાં છે, એની અંદર કામગીરી ચાલુ છે, અને ટૂંક સમયમાં પૂરી કરાશે. આ એક જવાબ. બીજું એમણે ૩૦૦૦ કનેકશનની વાત કરી, અમારે પારદર્શક રહેવું હતું એના કારણે નક્કી કર્યું કે એક મહિનાનો સમય આપીએ, એ સમય આપ્યો. એ સમયની અંદર રજિસ્ટ્રેશન કરાવડાવ્યું. એમાં ૩૩૮૧ રજિસ્ટ્રેશન કરવામાં આવ્યા, મારે આપના દ્વારા સભ્યશ્રીને કહેવું છે કે, આપણે પ્રાયોરિટી કેવી આપી?, કે જે ૮૬૦માં રહી ગયા છે, એમને પહેલી પ્રાયોરિટી આપી, એટલે હજી એમનું કેન્સલ નથી કરતાં, અગર કોઇને કોઇક કારણસર ડિસ્પ્યુટ હોય તો એ ૮૬૦ને પહેલી પ્રાયોરિટી આપીશું, ત્રીજી પ્રાયોરિટી એમને આપી કે ફર્સ્ટ ટાઇમ જેમણે અરજી કરી હોય. એટલે એ કેટેગરી અને બી કેટેગરી જૂના માટે રાખી અને સી કેટેગરીની અંદર આપણે નક્કી કર્યું કે જેમણે ફર્સ્ટ ટાઇમ કનેકશન માટે અરજી કરી હોય, આ ૩૨૨૮માંથી, એમાં જેની પાસે બોર હોય એને આપણે પહેલાં આપીશું. બી કેટેગરી કે જેની પાસે બોર ના હોય એ કરી. આ સી અને ડી કેટેગરી માટે આપણે સૂચના આપી દીધી છે કે જે સંખ્યા હોય એના લોસ પડશે એટલે એ કેટેગરીમાં ૧૧ છે, બી કેટેગરીમાં ૨૩ છે, સી કેટેગરીમાં ૨૬૨૧ કે જેની પાસે બોર છે અને બી કેટેગરી કે જેમાં ૫૭૩ છે જેની પાસે બોર નથી એટલે આ ડ્રો સિસ્ટમમાં પારદર્શક રીતથી આપણે આવતા દિવસોમાં કામ ચાલુ કરીશું.

### તાપી જીલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજનાની અરજીઓ

* ૬૨૩ **શ્રી કાંતીભાઇ ગામીત** (નિઝર ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તાપી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ આવી, | (૧) ૦૬. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૬. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૬૦,૦૦૦/–. |

---------

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માંગુ છું કે, કુંવરબાઇનું મામેરૂં યોજના અમલમાં આવી તે વખતે સહાયના ધોરણો શું હતા ? અને આજની સ્થિતિએ સહાયના ધોરણો શું છે ? અને બીજું કે એક જ પરિવારમાં બે દિકરીઓ હોય તો એક દિકરીને સહાય મળે અને બીજી દિકરીને સહાય મળે કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અમલમાં મૂકવામાં આવી તે વખતે સહાયનું ધોરણ પાંચ હજાર રૂપિયા હતું. આ ધોરણમાં સુધારો કરીને ૨૦૧૨ના વર્ષમાં દસ હજાર રૂપિયા કરવામાં આવ્યાં છે. જયારે આ યોજના અમલમાં હતી તે જ દિવસથી એક દિકરીને આપવાનો રાજય સરકારનો નિર્ણય હતો અને તે નિર્ણય અત્યારે યથાવત છે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે પાંચ હજારનું ધોરણ હતું ત્યારે તેની અંદર એમ હતું કે જેને એક જ બાળક હોય તેને અને જયારે દસ હજાર કરવામાં આવી ત્યારે એક જ બાળક હોવું કમ્પલસરી છે તો આની અંદર એક બાળક હોય તો આના કારણે રાજય સરકારને પૈસા ઓછાં આપવા પડયા કે ન આપવા પડયા ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બાળકનો પ્રશ્ન નથી પ્રશ્ન દિકરીનો છે. મામેરું તો દિકરી હોય તેને, પછી તેને કેટલાં બાળકો છે તે કંઇ નથી. એક દિકરી હોય, એક દિકરીને આપવાનું ધોરણ છે અને જયારે યોજના અમલમાં મૂકી ત્યારે પણ ધોરણ આ જ હતું તેને પાંચ હજાર આપવામાં આવતા હતા. તે જ ધોરણ પ્રમાણે અત્યારે પાંચ હજારના બદલે દસ હજાર આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : તેનું કહેવાનું એમ છે કે બે–ત્રણ સંતાનો હોય, બે દિકરી હોય તો પણ તમે એકને આપો છો કે એક દિકરી હોય તો એકને આપો છો ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કુટુંબ દીઠ એક દિકરીને આપવાનો નિર્ણય પહેલેથી છે.

અધ્યક્ષશ્રી : અત્યારની આ યોજના છે તે કહી છે.

શ્રી અજયકુમાર જ. ચોક્સી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, કુંવરબાઇનું મામેરૂં યોજનામાં અરજી કરવાની મુદત કેટલી છે ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, તેમના લગ્ન થયાના બે વર્ષની સમય–મર્યાદામાં લાભાર્થી અરજી કરી શકે છે.

## વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદવા બાબત

* ૯૪૨ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૧–૧–૨૦૧૨થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ પાસેથી અને ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી માસવાર ખરીદી, અને

(૨)કેન્દ્ર સરકારની કંપનીઓમાંથી કેટલી વીજળી શા ભાવે માસવાર ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્ય સરકારની નીતિ મુજબ રાજયના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પૂરતી વીજળી પૂરી પાડવા રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ તેમજ સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોના હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન ઉપરાંત જેમની સાથે લાંબાગાળાના ધોરણે વીજ કરારો થયા હોય તેવી ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે.

તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ, સ્વતંત્ર વીજ ઉત્પાદકો, ખાનગી વીજ કંપનીઓ પાસેથી અને કેન્દ્ર સરકારની કંપનીઓ પાસેથી માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના ભાવની વિગતો ***પત્રક ''અ''; ''બ'' અને ''ક''** માં સામેલ છે.

**( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગુ છું કે, મહિના પ્રમાણે રાજયમાં વીજ માગ કેટલી હતી ? આ પૈકી સરકારી વીજ કંપનીઓ દ્વારા કેટલું ઉત્પાદન કરાવ્યું અને કેટલી વીજ માગ સંતોષવામાં આવી ? મારો બીજો પ્રશ્ન એ છે કે, ખાનગી ઉદ્યોગ ગૃહો જેવા કે અદાણી, ચાઇના લાઇટ પાવર પાસેથી વીજળી ખરીદીને પ્રાઇવેટ કંપનીઓને કમાવી અને રાજય સરકાર મોંઘા ભાવે બીજા રાજયોમાં વીજળી વેચીને નફો કરે છે તે વાત સાચી છે કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો જે બીજો સવાલ છે તેનો જવાબ હું પહેલાં આપું. આજે પ્રાઇવેટ કંપનીઓ પાસેથી ૭૦ હજાર ૮૨૪ મિલિયન આખા રાજયમાં ખરીદવામાં આવે છે. તેમાં એવરેજ પરચેઝ પાવર સ્ટેટ હોય, સેન્ટર હોય, પ્રાઇવેટ હોય આ બધુ કરીએ તો ૩.૨૭ આવે. આ સરકાર, તમે ત્રણ વર્ષથી અદાણી, અદાણી કરો છો, મારે આપને કહેવું છે કે અદાણી પાસેથી ૨ રૂપિયે અને ૭૨ પૈસે એવરેજ યુનિટ ખરીદવામાં આવે છે. બીજું આ સરકારે ૨૦૦૬ની અંદર કેન્દ્ર સરકારે જે નીતિ બનાવી હતી તે નીતિના આધાર ઉપર નક્કી કર્યુ કે આપણે Cash on Bidding કરીએ. તે જે Cash on Bidding કર્યો તેની અંદર જે અદાણી પાસેથી પાવરનું કર્યુ, તે પહેલું એક હજાર મેગાવોટ ૨ રૂપિયા અને ૩૫ પૈસા ૨૬ વર્ષનો રેઇટ. બીજુ યુનિટ કર્યુ તે ૨ રૂપિયા અને ૭૯ પૈસા ૨૬ વર્ષનો રેઇટ. કોઇ પણ રેઇટમાં ફેરફાર નહીં. એસ્સાર પાસે ૨ રૂપિયા અને ૪૦ પૈસા અને આવી રીતથી કુલ ૫૮૧૦ મેગાવોટનું આપણે કામ પૂર્ણ કર્યુ એટલે પ્રાઇવેટ કંપનીઓ પાસેથી સસ્તી વીજળી ખરીદીને આજે આપણે ખેડૂતોને આપી શકીએ છીએ, આપણે ઉદ્યોગોને આપી શકીએ છીએ, આપણે ઘર–વપરાશને આપી શકીએ છીએ. બીજું મારે આપને કહેવું છે કે જયાં જયાં તમારી સરકારો છે એ રાજયોનો દાખલો પણ હું આપવા માગું છું. આ જ કંપનીઓ પાસેથી લીધેલી વીજળી માટે....(અંતરાય) આપણે અદાણી પાસેથી ૨ રૂપિયા અને ૩૫ પૈસાથી લીધી છે. મહારાષ્ટ્રએ એમની પાસેથી જ ૩ રૂપિયા અને ૨૮ પૈસાથી લીધી છે. મારે જણાવવું છે કે મુન્દ્રા પાસેથી આપણે ૨ રૂપિયા અને ૮૯ પૈસે ખરીદી છે અને હરિયાણાએ ૨ રૂપિયા અને ૯૪ પૈસામાં ખરીદી છે. એટલે આ ખાનગી કંપનીઓ સાથે આપણે જે કરાર કર્યા છે તે સારામાં સારા કરાર કર્યા છે. અને તમે જે કરાર કર્યા હતા તે પણ કહીશ, એસ્સાર, જીપેડ એ કરાર આ માનનીય નરેન્દ્ર મોદીની સરકાર આવી ત્યારે રીન્યુ કર્યા અને એમાં પણ આપણે ૫૫૦ કરોડ રૂપિયાનો લાભ મેળવ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું સ્પષ્ટ પૂછું છું અને મારે એટલો જ જવાબ જોઇએ છે કે સૌથી ઓછા દરની વીજળી આપણે શું ભાવથી ખરીદી છે અને સૌથી ઉંચા ભાવની વીજળી આપણે શું ભાવથી ખરીદી છે અને સૌથી ઉંચી પ્રાઇઝ જે આપી હોય તે કઇ કંપનીને આપી છે અને શું ભાવથી ખરીદવામાં આવેલી છે?

અધ્યક્ષશ્રી ઃ ટોપનું કહી દો ને, બોટમ આવતે વખતે કહેજો, એમને કયાં ઉતાવળ છે.

શ્રી સૌરભભાઇ પટેલ : મારી પાસે જે સૌથી વધારે ભાવથી ખરીદવામાં આવેલી છે તેની પણ માહિતી છે, સોલાર સેકટરને પ્રમોટ કરવા માટે જે સોલાર પોલિસી બહાર પાડવામાં આવી તે ૯૦૫ મિલીયન યુનિટ ખરીદવામાં આવી છે અને તે આપણે ૧૪ રૂપિયાના ભાવે ખરીદી છે. એ સૌથી મોંઘામાં મોંઘી છે, જે તમારી કેન્દ્ર સરકારે ૧૮ રૂપિયાના ભાવે ખરીદી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી સોલાર એનર્જીની વાત કરે છે, તમે વીજ કંપનીઓની વાત કરી, તો વીજ કંપનીમાં તો પછી વીન્ડથી ઉત્પન્ન થતી હોય તે આવે અને સોલારથી ઉત્પન્ન થાય એ પણ આવે.

શ્રી સૌરભભાઇ પટેલ : બીજું જે લો પ્રાઇઝ માટેનો એમનો સવાલ છે તો મારા ખ્યાલ પ્રમાણે બે કંપનીઓની વીજળી સૌથી સસ્તી કદાચ હોઇ શકે. એક એ છે કે આપણે કોલસા આધારિત ખાનગી કંપનીઓ પાસેથી લેવાનું કર્યુ એ એ.સી.બી. છે એમની પાસેથી ૨ રૂપિયા અને ૬ પૈસાના ભાવે પડે છે. એ એ.સી.બી. આપણે વેસ્ટ કોલસામાંથી ખાણ પરથી, માઇન્સ પર ઉત્પન્ન કરીએ છીએ તે ૨ રૂપિયા અને ૬ પૈસા છે અને સરદાર સરોવરમાંથી જે વીજળી મળે તે કદાચ ૨ રૂપિયા અને ૧૦ પૈસાની આજુબાજુ મળશે તેમ મારું માનવું છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે રાજયમાં છેલ્લા પાંચ સાત વર્ષમાં જે વીજળી ખરીદવા માટેના કરાર કરેલા છે તે કયા ભાવે કરેલા છે અને અન્ય રાજયોએ કયા ભાવે કરેલા છે? અને કેન્દ્ર સરકારની જે આરક્ષિત વીજળી છે તે વીજ પુરવઠામાંથી ગુજરાતને કેટલો વીજ પુરવઠો આપવામાં આવે છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક બીજો અન્યાય. કેન્દ્ર સરકાર દ્વારા જેટલા મથકો આવેલા છે એ મથકોમાં બધા રાજયોને ગાડગીલ ફોર્મ્યુલા દ્વારા વીજળી આપવામાં આવે છે, એ આપ્યા પછી ૧૫ ટકા અન-એલોકેટેડ એ એમની પાસે રાખવામાં આવે છે વર્ષોથી એન.ટી.પી.સી. અને આ બધા પાવર પ્રોજેકટો ચાલવાના કરણે ડેપ્રિસિએશન કોસ્ટ કમ્પૅરેટીવલી ઝીરો થઇ ગઇ છે. ફીકસ્ડ કોસ્ટ બહુ ઓછી થઇ ગઇ છે, એટલે સૌથી સસ્તી વીજળી આ અન-એલોકેટેડ પાવર હોય છે. મારે દુઃખ સાથે કહેવું છે કે આ અન-એલોકેટેડ પાવર દિવસે અને દિવસે આપણે ત્યાં ઘટી ગયો છે અને મારા ખ્યાલ પ્રમાણે આજની તારીખમાં આ અન-એલોકેટેડ પાવર ગુજરાત સરકારને જે એક સમયે મળતો હતો તે અત્યારે પ્રેકટીકલી ઝીરો થઇ ગયો છે. એટલે અન-એલોકેટેડ પાવર ૧-૪-૨૦૦૩ ના રોજ ૨૪૪ મેગાવોટ મળતો હતો, અને ૨૯-૩-૨૦૧૧ની અંદર ઝીરો છે. એટલે આપણી ૨૪૪ મેગાવોટ સસ્તી વીજળી, ખેડૂતો માટેની વીજળી, પ્રજા માટેની વીજળી કેન્દ્ર સરકાર લઇ ગઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે રીતે સરકાર પ્રાઇવેટ કંપનીઓ પાસેથી વીજળી ખરીદે છે. હમણાં અદાણીની વાત કરી કે એની પાસેથી સરકાર ૨ રૂપિયાને ૭૨ પૈસે વીજળી ખરીદે છે . એસ્સાર પાવર લિમિટેડ પાસેથી ૩ રૂપિયાને ૨૭ પૈસે, એસ્સાર પાવર ગુજરાત લિમિટેડ પાસેથી ૨ રૂપિયાને ૫૯ પૈસે, ચાઇના લાઇટ એન્ડ પાવર ઇન્ડિયા લિમિટેડ પાસેથી ૬ રૂપિયાને ૮૧ પૈસે, જયારે એ.સી.બી. ઇન્ડિયા પાસેથી ૨ રૂપિયાને ૬ પૈસે ખરીદે છે. ચાઇના લાઇટ એન્ડ પાવર કંપની અને એસ્સાર પાવર કંપની જે ગુજરાતને સૌથી મોંઘી વીજળી આપે છે જયારે એ.સી.બી. ઇન્ડિયા ૨ રૂપિયાને ૬ પૈસે વીજળી આપે છે. એવા શું કારણો છે કે જે યુનિટ આપણને ૨ રૂપિયાને ૬ પૈસે અને ૨ રૂપિયાને ૭૨ પૈસે જયારે વીજળી આપતી હોય તો આટલી મોંઘી વીજળી પડવાના કંપનીઓ પાસે શું કારણો છે?

શ્રી સૌરભ પટેલ : ચારેક કંપનીઓનું છૂટ્ટુ પાડીએ. એક એસ્સાર ગેસ કંપની છે. એ તમારા વખતે કરાર થયો હતો. એક એસ્સાર કંપની છે જે કોલસા આધારિત છે જે અમારા વખતે કરાર થયો હતો. એટલે જે તમારા સમયમાં ગેસ આધારિત કરાર થયો એમાં કેન્દ્ર સરકાર દ્વારા ગેસ ન આપવાના કારણે એની ફિકસ કોસ્ટ વધી જાય છે, કુલ પ્લાન્ટ ચાલતા નથી અને મોંઘો ગેસ ખરીદવો પડે છે. એના કારણે ભાવ વધારે છે. અમે જે આપ્યું છે એ ૨.૪૦ પૈસાનો કરાર કરેલો છે, એના આધારે એક હજાર મેગાવોટ વીજળી મળે છે. બીજું એ.સી.બી.ની વાત કરી એમાં અમે પ્રાઇવેટ બિડીંગ કર્યું જે કોલસો આપણને ડસ્ટ નીકળતો હતો એ પહેલા મફતમાં વેચી દેતા હતા એ કોલસાને આપણે કન્વર્ટ કરીને ભૂસુ અને એને કન્વર્ટ કરીને વીજળી પેદા કરીએ છીએ. આ પ્રાઇવેટ બિડીંગના કારણે આપણને ૨.૦૬ પૈસે વીજળી મળી. જયારે કેન્દ્ર સરકારની એન.ટી.પી.સી. જેવી કંપનીઓ કોલ માઇન ઉપર બેઠી છે એને સારા કોલ મળે છે તેમ છતાં એ બે રૂપિયાને છ પૈસે નથી આપી શકતા. એટલે સ્પષ્ટ વાત છે કે વીજળી પ્રોસેસમાં ગુજરાત સરકારને ખૂબ સારી સફળતા મળી છે.

ગેસ આધારતિ વીજ મથકોને ગેસ પૂરો પાડવા બાબત

*૬૬૦ શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત વીજ મથકો માટે નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ | (૧) અને (૨) : રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત વીજ મથકો માટે નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૫.૮૩ |

ગેસના કેટલા પુરવઠાની જરૂરિયાત હતી,

(૨)તે સામે કેટલો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો, અને

એમ.એમ.એસ.સી.એમ.ડી. (મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર/પ્રતિ દિન) અને વર્ષ ૨૦૧૨-૧૩માં ડિસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ ૭.૪૯ એમ.એમ.એસ.સી.એમ.ડી. (મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર /પ્રતિ દિન) ગેસનો પૂરવઠો જરૂરી હતો જેની સામે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧-૧૨માં ૩.૫૫ એમ.એમ.એસ.સી.એમ.ડી. (મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પ્રતિ દિન) એટલે કે ૬૦.૮૯ % અને વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ ૨.૩૪ એમ.એમ.એસ.સી.એમ.ડી. (મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પ્રતિ દિન) એટલે કે ૩૧.૨૪ % ગેસનો જથ્થો ફાળવેલ છે.

(૩) તેના કારણે વીજ ઉત્પાદન ઉપર શી અસર પડી ?

(૩) ગેસની જરૂરિયાત સામે ઓછી ગેસની ફાળવણી થવાને કારણે મોંઘા ભાવના સ્પોટ ગેસ અને આર.એલ.એન.જી. આધારિત વિજ મથકો ચલાવવાનું પોષણક્ષમ ન હોઈ, આ વીજ મથકો સ્થાપિત ક્ષમતાના ૫૦% થી પણ ઓછા ક્ષમતાએ ચલાવવા પડે છે અને વીજ મથકો બંધ રાખવા પડે છે. એક તરફ જ્યારે રાષ્ટ્રના બીજા રાજ્યો વીજ ખેંચ અનુભવી રહ્યા છે, ત્યારે તે સામે રાષ્ટ્રીય સંપત્તિ કહી શકાય તેવા આ વીજ મથકો ફરજીયાતપણે આંશિક બંધ રાખવા પડે છે જેના કારણે આ વીજ મથકોની કાર્યક્ષમતા ઘટી જાય છે.

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે રાજયના ગેસ આધારિત વીજ મથકો માટે સન ૨૦૧૨-૧૩માં ૭.૪૯ મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ કયુબિક મીટર પ્રતિ દિન ગેસના પુરવઠાની જરૂર હતી. જેની સામે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧-૧૨માં ૩.૫૫ એમ.એમ.એસ.સી.એમ.ડી. એટલે કે ૬૦.૮૯ ટકા અને વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ડિસેમ્બર, ૨૦૧૨ની સ્થિતિએ ૨.૩૪ એમ. એમ. એસ. સી. એમ. ડી. એટલે કે ૩૧.૨૪ ટકા ગેસનો જથ્થો ફાળવેલ છે. હું એ જાણવા માગું છું કે રાજયના વીજ મથકોને અપૂરતો ગેસ મળવાના કારણે વીજ ઉત્પાદન ઉપર શું અસર થઇ છે. અને વર્ષ ૨૦૧૨-૧૩ માં પ્લાન્ટ લોડ ફેકટર કેટલો ઘટ્યો છે ?

શ્રી સૌરભ પટેલ : મેં કહ્યું એમ રાજયના સ્ટેટ પ્લાન મેગાવોટ ગણીએ ઇન્સ્ટોલ કેપેસિટી તો આજની તારીખમાં જરૂરિયાત પ્રમાણે ગેસ મળતો નથી. આજે ૨૦૧૨-૧૩ની વાત કરીએ તો ખાલી રાજયના અને કંપનીઓનું ટોટલ કરીએ તો ૧૦૦ ટકા ઉપર પીએલએફ ગણીએ તો એ લોકોને પ્રોડકશન ૧૦૨૦૪ મિલિયન યુનિટ નીકળી શકે. આની સામે આપણે ટોટલ જનરેશન ૩૦૯૯ કાઢયું છે. એનો અર્થ ૩૦.૩૭ ટકા પ્રોડકશન લઇ શકયા છીએ. અને સ્પોર્ટ ગેસ અને બીજા ગેસીસ વધારે મોંઘા હોવાને કારણે એનું પ્રોડકશન લઇ શકતા નથી એના લીધે આપણને નુકસાન થાય છે. આનું જે નુકસાન આવ્યું એ માત્ર બે વરસમાં ૧૧૨૦૩ મિલિયન યુનિટસનું પ્રોડકશન આવ્યું. એનો ઉકેલ

લાવવા માટે ડેડ એસેટસ માટે આપણે કેન્દ્ર સરકારને વારંવાર રજૂઆત કરી કે અમારા આ બધા પ્લાન્ટો જે ગેસ નથી એ પ્લાન્ટોને સંપૂર્ણ પણે તમે લઇ લો અને પુલીંગનો ગેસ પ્રાઇઝ કરો એનો અર્થ એ થયો કે તમે આયાતી એલ.એન.જી. ઉપર ચલાવો એના લીધે દેશમાં જે ખાધ છે એ પૂરી કરો અને એન.ટી.પી.સી.થી માંડીને કેન્દ્રની જેટલી કંપનીઓ છે એની અંદર ગેસ નાખી દો અને અન-એલોકેટેડ પાવર ૧૫ ટકા સસ્તો છે એ એની અંદર નાખી દો એટલે દરેક રાજયને ભાગે આવે તો બે થી સાત પૈસાથી વધારે ભાવ વધારો ન થાય, એની અમે અવાર-નવાર રજૂઆત કરતા આવ્યા છીએ.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે ૩૧.૨૪ ટકા ગેસ મળે છે અને ૬૦.૮૯ ટકા મળે છે. મારે મંત્રી પાસેથી એ જાણવું છે કે ૨૦૦૭માં મુખ્યમંત્રીશ્રીએ એવી જાહેરાત કરી હતી કે ગુજરાત સરકારને ફાળવેલ કે.જી. બેઝીનમાં ૨૦ ટ્રીલીયન કયુબિક ઘન મીટર ગેસનો જથ્થો મળી ચૂકયો છે અને ૨૦૧૦-૧૧માં ગેસનો પુરવઠો દેશને અને ગુજરાતને મળશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ.)

### મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચન્દ્ર યોજનાની અરજીઓ

૬૩૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૨૫ |
| ૨ | કડી | ૮૫ |
| ૩ | બેચરાજી | ૨૩ |
| ૪ | ઉંઝા | ૩૬ |
| ૫ | વિસનગર | ૩૨ |
| ૬ | વડનગર | ૩૫ |
| ૭ | ખેરાલુ | ૪૨ |
| ૮ | સતલાસણા | ૨૯ |
| ૯ | વિજાપુર | ૬૮ |
| | **કુલ** | **૪૭૫** |

(૨)તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી સહાય ચૂકવી,

(૨)

| ક્રમ | તાલુકો | મંજુર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાય રૂપિયા |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૧૨ | ૨૮૦૦૦૦ |

| ક્રમ | તાલુકો | મંજુર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાય રૂપિયા |
|---|---|---|---|
| ૨ | કડી | ૭૭ | ૧૯૨૫૦૦ |
| ૩ | બેચરાજી | ૨૧ | ૫૨૫૦૦ |
| ૪ | ઉંઝા | ૩૩ | ૮૨૫૦૦ |
| ૫ | વિસનગર | ૩૧ | ૭૭૫૦૦ |
| ૬ | વડનગર | ૩૨ | ૮૦૦૦૦ |
| ૭ | ખેરાલુ | ૪૦ | ૧૦૦૦૦૦ |
| ૮ | સતલાસણા | ૨૯ | ૭૨૫૦૦ |
| ૯ | વિજાપુર | ૬૪ | ૧૬૦૦૦૦ |
| | કુલ | ૪૩૯ | ૧૦૯૭૫૦૦ |

(૩)કેટલી પડતર છે, અને

(૪)પડતર અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે ?

(૩) શૂન્ય

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સરકાર દ્વારા યોજાયેલ લશ્કરી ભરતી મેળા

૯૦૬ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા. ૧–૧–૨૦૧૩ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા જિલ્લાવાર કુલ કેટલા લશ્કરી ભરતી મેળાઓ યોજવામાં આવ્યા,

(૧) લશ્કરી દળો દ્વારા નીચે મુજબના ભરતીમેળાઓ યોજવામાં આવ્યા

| | |
|---|---|
| પંચમહાલ | ૦૨ |
| જુનાગઢ | ૦૧ |
| મહેસાણા | ૦૨ |
| ભાવનગર | ૦૧ |
| રાજકોટ | ૦૨ |
| જામનગર | ૦૪ |
| અમદાવાદ | ૦૧ |
| **કુલ** | **૧૩** |

(૨)જિલ્લાવાર કુલ કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૨) લશ્કરી ભરતી મેળામાં હાજર રહેનાર તમામ ઉમેદવારો બેરોજગાર હોતા નથી. પરંતુ દેશભક્તિની ભાવનાથી પ્રેરાઈને તથા વધુ સારી તકો પ્રાપ્ત કરવા માટે નીચે મુજબના ઉમેદવારો હાજર રહેલા હતા.

| | |
|---|---|
| પંચમહાલ | ૮૯,૨૫૫ |
| જુનાગઢ | ૨૨,૦૦૦ |
| મહેસાણા | ૭૭,૩૩૧ |
| ભાવનગર | ૧૦,૬૫૪ |
| રાજકોટ | ૨૬,૭૯૫ |
| જામનગર | ૧૯,૪૬૭ |

| | |
|---|---|
| અમદાવાદ | ૧૭૪ |
| **કુલ** | **૨,૪૫,૬૭૬** |

(૩) કુલ કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

(૩) ઉપરોક્ત હાજર રહેલ ઉમેદવારોમાંથી ૫૧૧૭ ઉમેદવારોની પસંદગી થઈ હતી.

---------

**વડોદરા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચન્દ્ર યોજનાની અરજીઓ**

૬૩૩ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)વડોદરા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચન્દ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | વડોદરા | ૨૧ |
| ૨ | પાદરા | ૧૭ |
| ૩ | કરજણ | ૧૦ |
| ૪ | શિનોર | ૦૯ |
| ૫ | સાવલી | ૧૪ |
| ૬ | વાઘોડિયા | ૦૮ |
| ૭ | ડભોઈ | ૧૩ |
| ૮ | સંખેડા | ૦૫ |
| ૯ | જેતપુર–પાવી | ૦૪ |
| ૧૦ | નસવાડી | ૦૨ |
| ૧૧ | છોટાઉદેપુર | ૦૫ |
| ૧૨ | કવાંટ | ૦૬ |
| | **કુલ** | **૧૧૪** |

(૨)તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી સહાય ચૂકવી,

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **મંજુર કરેલ અરજીઓ** | **ચૂકવેલ સહાય (રૂપિયામાં)** |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૨૧ | ૫૨૫૦૦ |
| ૨ | પાદરા | ૧૬ | ૪૦૦૦૦ |
| ૩ | કરજણ | ૦૯ | ૨૨૫૦૦ |
| ૪ | શિનોર | ૦૬ | ૧૫૦૦૦ |
| ૫ | સાવલી | ૧૩ | ૩૨૫૦૦ |
| ૬ | વાઘોડિયા | ૦૫ | ૧૨૫૦૦ |
| ૭ | ડભોઈ | ૧૧ | ૨૭૫૦૦ |
| ૮ | સંખેડા | ૦૫ | ૧૨૫૦૦ |
| ૯ | જેતપુર– | ૦૪ | ૧૦૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| | પાવી | | |
| ૧૦ | નસવાડી | ૦૨ | ૫૦૦૦ |
| ૧૧ | છોટાઉદેપુર | ૦૫ | ૧૨૫૦૦ |
| ૧૨ | કવાંટ | ૦૪ | ૧૦૦૦૦ |
| | કુલ | ૧૦૧ | ૨૫૨૫૦૦ |

(૩) કેટલી પડતર છે, અને — (૩) ૦૬

(૪) પડતર અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે ? — (૪) ક્ષતિ પૂર્તતા થયેથી.

---------

## જૂનાગઢ જિલ્લામાં આવેલ આઈ.ટી.આઈ.

૨૧૬ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧–૧૨માં જૂનાગઢ જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. સ્ટાફ સહિત કાર્યરત છે કે કેમ, — (૧) હા, જી.

(૨) કયા તાલુકાના કયા સ્થળે આઈ.ટી.આઈ. મંજૂર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજૂર થયેલ બેઠકોની સંખ્યા કેટલી, અને — (૨)

| ક્રમ | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ.નું નામ | તાલીમાર્થી માટે મંજૂર થયેલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | ભેસાણ | ભેસાણ | ૧૨૦ |
| ૨ | જુનાગઢ | જુનાગઢ | ૧૩૯૬ |
| ૩ | જુનાગઢ (મહિલા) | જુનાગઢ (મહિલા) | ૧૨૦ |
| ૪ | કેશોદ | કેશોદ | ૫૮૦ |
| ૫ | કોડીનાર | કોડીનાર | ૧૬૦ |
| ૬ | માળીયા–હાટીના | માળીયા–હાટીના | ૧૬૦ |
| ૭ | માણાવદર | માણાવદર | ૧૩૬ |
| ૮ | માંગરોળ (જુ) | માંગરોળ (જુ) | ૧૧૬ |
| ૯ | મેંદરડા | મેંદરડા | ૧૨૦ |
| ૧૦ | સુત્રાપાડા | સુત્રાપાડા | ૧૨૮ |
| ૧૧ | તલાલા | ઘુસીયા(ગીર) | ૨૪૮ |
| ૧૨ | ઉના | ઉના | ૩૩૨ |
| ૧૩ | વંથલી | વંથલી | ૧૩૨ |
| ૧૪ | વેરાવળ | વેરાવળ | ૧૩૨ |
| ૧૫ | વિસાવદર | વિસાવદર | ૧૧૬ |

(૩) જે તાલુકામાં આઈ.ટી.આઈ. ન હોય ત્યાં — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ?

---------

## ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ

૬૧૧ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૫૪૪. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૨૭. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૧,૯૨,૬૦૦/– |

---------

## વલસાડ જિલ્લામાં બોઈલર ફાટવાના બનાવો અને વળતર બાબત

૯૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં બોઈલર ફાટવાના કેટલા બનાવો બન્યા, | (૧) ૦૧. |
| (૨)આ બનાવોમાં કેટલા શ્રમિકોના મૃત્યુ થયા, | (૨) ૦૧. |
| (૩)તે પૈકી કેટલા મૃતકના પરિવારને મૃતકદીઠ કેટલી આર્થિક સહાય આપવામાં આવી, અને | (૩) રૂા. ૧,૫૦,૦૦૦/– . |
| (૪)કેટલા વ્યક્તિને આપવામાં આવી નથી અને તેના શા કારણો છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજનાની અરજીઓ

૬૨૪ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ આવી, | (૧) ૩૯ (ઓગણચાલીસ). |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૩૬ (છત્રીસ). |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૨.૯૫ લાખ. |

---------

## કોલસાની ફાળવણી

૬૫૧ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)એ હકીકત સાચી છે કે રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વીજ મથકો માટે નજીકની કોલસાની ખાણો કરતાં દૂરની ખાણોમાંથી વધુ કોલસો ફાળવાય છે, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વીજ મથક માટે મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલ વેસ્ટર્ન કોલ ફીલ્ડ ખાતેથી દર વર્ષે ૯.૩૦ લાખ ટન કોલસો ફાળવવામાં આવે છે. જ્યારે દૂરના છત્તીસગઢ રાજ્યમાં આવેલ સધર્ન ઈસ્ટર્ન કોલ ફીલ્ડની કોરિયા રેવા અને કોરબા ખાતે આવેલ કોલસાની ખાણોમાંથી દર વર્ષે ૧૬૪.૪૦ લાખ મેટ્રીક ટન કોલસો ફાળવવામાં આવે છે. |
| (૩)આ અંગે રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆતો કરી છે ? | (૩) આ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ માનનીય મુખ્ય મંત્રીશ્રી કક્ષાએથી સહિત વારંવાર રજૂઆતો કરેલ છે. |

---------

## જૂનાગઢ જિલ્લામાં ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની અરજીઓ

૬૩૨ **શ્રી અરવીંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી, | (૧) ૦૭ (સાત). |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૫ (પાંચ). |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૨.૫૦ લાખ. |

---------

## અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી

૯૮૫ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)રાજ્ય સરકારે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લિમિટેડ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, | (૧) અને (૨) તારીખ ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગતો નીચે મુજબ છે. |
| (૨)તેની કિંમત યુનિટદીઠ કેટલી, અને | |

| યુનિટ | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૧૨ | |
| --- | --- | --- | --- | --- |
| | મી.યુ | રૂ./યુનિટ | મી.યુ | રૂા./યુનિટ |
| અદાણી– | ૭૬૬૮ | ૨.૬૩ | ૬૭૧૦ | ૨.૯૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| અદાણી–૨ | ૨૧૫૫ | ૨.૨૮ | ૩૩૨૪ | ૨.૩૫ |

(૩)એપલેટ ટ્રીબ્યુનલે અદાણી પાવર લિમિટેડ ને જે ભાવે વિજળી આપવા જણાવ્યું હોવા છતાં રાજ્ય સરકાર વધુ રકમ ચૂકવી વીજળી ખરીદવાના કારણો શાં છે ?

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. અને મેસર્સ અદાણી પાવર લી. વચ્ચે થયેલ વીજ ખરીદી કરારોની શરતો મુજબ જ અદાણી પાવર લી. પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. નામદાર એપેલેટ ટ્રીબ્યુનલે પણ આ બાબત માન્ય રાખેલ છે. આથી કોઈ વધારાની રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહેસાણા જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજનાની અરજીઓ**

૬૩૯ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામા આવી, અને | (૨) એક પણ નહિ. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) શૂન્ય. |

---------

**કે. જી. બેસીનમાંથી મળેલ ગેસ અને ખર્ચ**

૮૩૧ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયને વર્ષ વાર કે. જી. બેસીનમાંથી કેટલો ઓઈલ– ગેસ વર્ષ વાર મળ્યો, અને | (૧) ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં કે.જી./ઓ.એસ.એન/ ૨૦૦૧/૩ બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ થવાનું છે. |
| (૨) આ કે. જી. બેસીન પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં રાજય સરકારે ખરેખર વાસ્તવિક કેટલો ખર્ચ કર્યો ? | (૨) કે.જી. બેસીન પાછળ રાજય સરકારે કોઈ ખર્ચ કરેલ નથી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈના મામેરૂ યોજનાની અરજીઓ**

૬૭૫ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ના નાણાકીય વર્ષમાં કુંવરબાઈ મામેરૂ યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭૧. |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૨૭૧.

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ. ૧૮.૮૦ લાખ.

---------

**રાજયના વીજ મથકો માટે કોલસાના ભાવ ફેરથી પડેલ બોજો**

૬૫૪ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજયના કોલસા આધારિત વીજ મથકો માટે કોલસાનો પૂરવઠો ક્યાંથી મેળવવામાં આવે છે,

**જવાબ**

(૧) રાજયના કોલસા આધારિત વીજ મથકો માટે કોલસાનો પૂરવઠો કેન્દ્ર સરકારની કોલ ઈન્ડીયા કંપનીની સબસીડીયરી કંપની સાઉથ ઈસ્ટર્ન કોલ ફીલ્ડસ અને વેસ્ટર્ન કોલ ફીલ્ડસ લી. પુરો પાડે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારના માનીસ્ટ્રી ઓફ પાવરના આદેશ મુજબ પ્રતિ વર્ષ લગભગ ૧૫ લાખ મેટ્રિક ટન આયાતી કોલસો વાપરવાનો રહે છે.

(૨) નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ કોલસાના ભાવમાં કોઈ ફેરફાર થયા છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો, હા, તો તેના કારણે સરકાર પર કેટલો આર્થિક બોજો પડ્યો ?

(૩) દેશી કોલસાના ભાવમાં થયેલ ફેરફારને કારણે વર્ષ ૨૦૧૧–૧૨માં રાજય સરકાર પર આશરે રૂપિયા ૧૦૧ કરોડનો (સાઉથ ઈસ્ટર્ન કોલ ફીલ્ડસ લી. અને વેસ્ટર્ન કોલ ફીલ્ડસ લી.. દ્વારા કોલસાના ભાવમાં વધારો કરવાના કારણે) તથા વર્ષ ૨૦૧૨–૧૩માં ડીસેમ્બર ૨૦૧૨ સુધીમાં આશરે રૂપિયા ૧૧.૬૭ કરોડનો આર્થિક બોજો પડેલ છે.

આ ઉપરાંત આયાતી કોલના ભાવમાં થયેલ વધારાને કારણે નાણાકીય નર્ષ ૨૦૧૧–૧૨માં સરકાર પર આશરે રૂા. ૪૬.૨૭ કરોડનો તેમજ વર્ષ ૨૦૧૨–૧૩માં ડિસેમ્બર–૨૦૧૨ સુધીમાં આશરે રૂ. ૫.૯૩ કરોડનો આર્થિક બોજો પડેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજનાઓની અરજીઓ**

૬૩૭ **ડાૅ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૦૫.

| | |
|---|---|
| (૨)તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૩. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૦.૦૦ લાખ. |

---------

**કે. જી. બેસીનમાંથી મળેલ ગેસ અને ખર્ચ બાબત**

૮૨૦ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયને વર્ષ વાર કે. જી. બેસીનમાંથી કેટલો ઓઈલ– ગેસ વર્ષ વાર મળ્યો, અને | (૧) ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં કે.જી./ઓ.એસ.એન/ ૨૦૦૧/૩ બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ થવાનું છે. |
| (૨) આ કે. જી. બેસીન પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં રાજય સરકારે ખરેખર વાસ્તવિક કેટલો ખર્ચ કર્યો ? | (૨) કે.જી. બેસીન પાછળ રાજય સરકારે કોઈ ખર્ચ કરેલ નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની અરજીઓ**

૬૨૧ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૨૩૦. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૦૬. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૬,૮૬,૨૫૦/–. |

---------

**અમદાવાદ વિકલાંગ સાધન સહાયમાં અરજીઓ**

૬૧૩ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૮૧૨. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૫૯. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૭,૨૧,૨૦૦. |

---------

**વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી**

૭૨૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૧–૧–૨૦૧૨થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ પાસેથી અને ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા ભાવે | (૧) અને (૨) રાજય સરકારની નીતિ મુજબ રાજયના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પૂરતી વીજળી પૂરી |

કેટલી વીજળી માસવાર ખરીદી, અને

(૨)કેન્દ્ર સરકારની કંપનીઓમાંથી કેટલી વીજળી શા ભાવે માસવાર ખરીદવામાં આવી ?

પાડવા રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ તેમજ સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોના હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન ઉપરાંત જેમની સાથે લાંબાગાળાના ધોરણે વીજ કરારો થયા હોય તેવી ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે.

તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ, સ્વતંત્ર વીજ ઉત્પાદકો, ખાનગી વીજ કંપનીઓ પાસેથી અને કેન્દ્ર સરકારની કંપનીઓ પાસેથી માસવાર ખરીદવામાં આવેલી વીજળી અને તેના ભાવની વિગતો પત્રક ‘‘અ’’; ‘‘બ’’ અને ‘‘ક’’ માં સામેલ છે.

**( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**સાબરકાંઠા જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

૬૬૮ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સાંસ્કૃતિક પ્રવૃતિઓને લગતા કયા કયા કાર્યક્રમો રાખવમાં આવેલ છે, અને

(૨)તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં થયેલ તાલુકાવાર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(૧) હિંમતનગર તાલુકામાં – તાલુકા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, લોકડાયરો, અંતિમ ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૧,૬૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

(૨) પ્રાતિજઃ– લોકડાયરો, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૫૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

(૩) તલોદઃ– લોકડાયરો, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૩૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

(૪) ઈડરઃ– જિલ્લા રાસ ગરબા સ્પર્ધા, જિલ્લા બાળ નાટ્ય નૃત્ય નાટીકા, જિલ્લા કક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૩૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

(૫) મોડાસાઃ– મતદાન જાગૃતિ અભિયાન

અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂ. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.
(૬) ધનસુરાઃ– જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૨૪,૦૦૦/– કરવામાં આવેલ છે.
(૭) માલપુરઃ– મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.
(૮) બાયડઃ– મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.
(૯) મેઘરજઃ– મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.
(૧૦) ભિલોડાઃ– લોકડાયરો, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક વગેરેનો કુલ ખર્ચ રૂા. ૩૪,૦૦૦/– કરવામાં આવેલ છે.
(૧૧) વડાલીઃ– મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.
(૧૨) ખેડબ્રહ્માઃ– મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.
(૧૩) વિજયનગર– મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક કરવાનો કુલ ખર્ચ રૂા. ૧૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોનમાં અપાયેલ નવા વીજ કનેકશનો

૭૯૩ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોન ઉઠાવી લીધા છતાં પણ ખેતી વિષયક નવિન વિજ જોડાણો આપવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨)જો હા, તો ડાર્કઝોન ઉઠાવી લીધા બાદ જિલ્લાના દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકા દીઠ કેટલાં ખેતી વિષયક નવીન વિજ જોડાણો આપવામાં આવેલ છે? | (૨) માર્ચ ૨૦૧૨માં ડાર્કઝોન ઉઠાવી લીધા બાદ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૨ સુધીમાં દાંતીવાડા તાલુકામાં ૧૦૭, ધાનેરા તાલુકામાં ૧૩૪, થરાદ તાલુકામાં ૩૩૮ અને વાવ તાલુકામાં ૧૨ કૃષિ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની અરજીઓ**

૬૧૨ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦૦૨. |
| (૨)તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૮૪૪. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨૫,૯૨,૦૦૦/- |

---------

**ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજનાની અરજીઓ**

૬૪૨ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૯૮. |
| (૨) કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૭૨. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪૭.૧૬ લાખ |

---------

**સુરત જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ**

૬૭૯ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરત જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૯૯૧. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૮૪. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨,૬૯,૦૦૦/- |

---------

**સાબરકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજનામાં અરજીઓ**

૬૭૩ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સાબરકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના | (૧) ૩૦૦. |

| | |
|---|---|
| અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, અને | |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) ૧૫૪. |

---------

## પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ

૬૧૭ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૧૯. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિમાં મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૫૭. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧,૨૩,૮૬૦/– |

---------

## વિજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદી બાબત

૯૬૦ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૨૦૧૨ થી તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ પાસેથી અને ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી માસવાર ખરીદી, અને<br>(૨)કેન્દ્ર સરકારની કંપનીઓમાંથી કેટલી વીજળી શા ભાવે માસવાર ખરીદવામાં આવી? | (૧) અને (૨) રાજ્ય સરકારની નીતિ મુજબ રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પૂરતી વીજળી પૂરી પાડવા રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ તેમજ સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકારને મળવા પાત્ર કેન્દ્ર સરકારના એકમોના હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન ઉપરાંત જેમની સાથે લાંબાગાળાના ધોરણે વીજ કરારો થયા હોય તેવી ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે.<br>તા. ૧-૧-૨૦૧૨ થી તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ, સ્વતંત્ર વીજ ઉત્પાદકો, ખાનગી વીજ કંપનીઓ પાસેથી અને કેન્દ્ર સરકારની કંપનીઓ પાસેથી માસવાર ખરીદવામાં આવેલી વીજળી અને તેના ભાવની વિગતો પત્રક–‘‘અ’’, ‘‘બ’’ અને ‘‘ક’’ માં સામેલ છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## અમરેલી જિલ્લામાં રમતગમત સંકુલ બાબત

૧૧૧૧ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમરેલી શહેરમાં જિલ્લા કક્ષાના રમતગમત સંકુલ બનાવવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેનો ક્યારે અને કેટલી રકમની મંજૂરી મળેલ છે, | (૨) તા. ૧૦–૦૫–૨૦૧૨ના ઠરાવથી રૂ. ૧૩૭.૦૦ લાખની સુધારેલ વહીવટી મંજૂરી પ્રદાન થયેલ છે. |
| (૩) હાલ આ કામગીરી કયા તબક્કે છે, ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) એથ્લેટીક્સ ટ્રેક. કબડ્ડી, ખો–ખો, હેન્ડ બોલ, વોલીબોલ, બાસ્કેટ બોલના મેદાનો અને સ્વીમીંગ પુલની કામગીરી પૂર્ણ થયેલ છે. બાકીની કામગીરી વહેલી તકે પૂર્ણ કરાશે. |
| (૪) આ રમતગમત સંકુલ કાર્યરત થતા કઈ કઈ પ્રકારની રમતગમતની સુવિધાઓ ઉપલબ્ધ થશે? | (૪) ૨૦૦ મી. એથ્લેટીક્સ ટ્રેક. સ્વીમીંગ પુલ હેન્ડ બોલ, અને કબડ્ડી, ખો–ખો જેવી રમતોની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થશે. |

---------

## ગાંધીનગર જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે જીલ્લા ઉદ્યોગ કેન્દ્રને સહાય અરજીઓ

૭૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહિત નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| વર્ષ | વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ | જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ | કુલ અરજીઓ |
|---|---|---|---|
| ૨૦૧૧ | ૨૧૧૧ | ૧ | ૨૧૧૨ |
| ૨૦૧૨ | ૨૩૯૬ | ૧૫ | ૨૪૧૧ |

(૨) આ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ તથા બેંક કક્ષાએ મંજુર કરવામાં આવી.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | | બેંક કક્ષાએ | |
|---|---|---|---|---|
| | વાજપાઈ બેંકેબલ યોજના | જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના | વાજપાઈ બેંકેબલ યોજના | જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના |
| ૨૦૧૧ | ૧૧૯૪ | ૦ | ૧૦૧૯ | ૦ |
| ૨૦૧૨ | ૧૩૯૨ | ૦૨ | ૯૯૫ | ૦ |

(૩) કેટલા ઉદ્યોગોને બેંક લોન સહાય આપવામાં આવી?

(૩) વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ નીચે મુજબના યુનિટોની લોન /સહાય મંજુર કરવામાં આવી. જ્યોતિ

ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ કોઈ લોન/સહાય મંજુર કરવામાં આવેલ નથી.

| વર્ષ | લોન | | સહાય | |
|---|---|---|---|---|
| | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| ૨૦૧૧ | ૧૦૧૯ | રૂા. ૬૭૩.૧૬ લાખ | ૭૬૮ | રૂા. ૯૦.૦૧ લાખ |
| ૨૦૧૨ (૩૧–૧૨–૧૨ની સ્થિતિએ) | ૯૯૫ | રૂા. ૭૮૮.૭૬ લાખ | ૧૦૯૧ | રૂા. ૧૨૨.૧૩ લાખ |

---------

## જંબુસર તાલુકામાં ગામોને લો વોલ્ટેજથી મળતી વીજળી

૪૧ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં માલપુર, કહાનવા, કારેલી, પિલુદ્રા ગામોને તથા જંબુસર શહેરના અમુક ભાગોને લો વોલ્ટેજ થી વિજળી મળે છે તે ફરિયાદ સાચી છે કે કેમ, અને

(૨)જો હકીકત સાચી હોય તો મુશ્કેલીઓના નિવારણ માટે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) અને (૨) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના માલપુર, કહાનવા, કારેલી અને પિલુદ્રા ગામો તથા જંબુસર શહેરના મહાદેવનગર વિસ્તારના વીજ ગ્રાહકોએ તેમના વીજ સ્થાપનો ઉપર કરાર આધારિત વીજભાર કરતાં વધુ વીજભારના ઉપકરણો જોડેલા હોવાનું માલુમ પડેલ. શક્ય છે તે કારણે લો વોલ્ટેજનો પ્રશ્ન ઉભો થયો હોય. જેના નિવારણ માટે ૨૫ કેવીએના નવા ટ્રાન્સફોર્મર મૂકી હયાત લાઈનોનું નવીનીકરણ કરી, એરીયલ બંચ કેબલ નાખવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે તારીખ ૧૫–૦૩–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

---------

## વિજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી

૭૩૮ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૧–૧–૨૦૧૨થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ પાસેથી અને ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી માસવાર ખરીદી, અને

(૨)કેન્દ્ર સરકારની કંપનીઓમાંથી કેટલી વીજળી શા ભાવે માસવાર ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્ય સરકારની નિતિ મુજબ રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પૂરતી વીજળી પૂરી પાડવા રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ તેમજ સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોના હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન ઉપરાંત જેમની સાથે લાંબાગાળાના ધોરણે વીજ કરારો થયા હોય તેવી ખાનગી કંપનીઓ

પાસેથી વીજળી ખરીદવામાં આવે છે.

તા. ૧-૧-૨૦૧૨ થી તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ, સ્વતંત્ર વીજ ઉત્પાદકો, ખાનગી વીજ કંપનીઓ પાસેથી અને કેન્દ્ર સરકારની કંપનીઓ પાસેથી માસવાર ખરીદવામાં આવેલી વીજળી અને તેના ભાવની વિગતો પત્રક ''અ'', ''બ'' અને ''ક'' માં સામેલ છે.

**( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

## નર્મદા જીલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજનાની અરજીઓ

૬૨૨ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની અરજી આવી, | (૧) ૦૬ (છ). |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૬ (છ). |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૦.૭૫ લાખ. |

---------

## કોલસાની ફાળવણી

૬૫૦ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તે હકીકત સાચી છે કે રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા વીજ મથકો માટે નજીકની કોલસાની ખાણો કરતાં દૂરની ખાણોમાંથી વધુ કોલસો ફાળવાય છે એ હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતાં વીજ મથક માટે મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલ વેસ્ટર્ન કોલ ફીલ્ડ ખાતેથી દર વર્ષે ૯.૩૦ લાખ ટન કોલસો ફાળવવામાં આવે છે. જ્યારે દૂરના છત્તીસ ગઢ રાજ્યમાં આવેલ સધર્ન ઈસ્ટર્ન કોલ ફીલ્ડની કોરીયા રેવા અને કોરબા ખાતે આવેલ કોલસાની ખાણોમાંથી દર વર્ષે ૧૬૪.૪૦ લાખ મેટ્રીક ટન કોલસો ફાળવવામાં આવે છે. |
| (૩) આ અંગે રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆતો કરી છે ? | (૩) આ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ માનનીય મુખ્ય મંત્રીશ્રી કક્ષાએથી સહિત વારંવાર રજૂઆતો કરેલ છે. |

---------

## અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી

૮૪૦ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)રાજ્ય સરકારે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લિમિટેડ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

(૨)તેની કિંમત યુનિટ દીઠ કેટલી, અને

(૩)એપલેટ ટ્રીબ્યુનલે અદાણી પાવર લિમિટેડ ને જે ભાવે વિજળી આપવા જણાવ્યું હોવા છતાં રાજ્ય સરકાર વધુ રકમ ચૂકવી વીજળી ખરીદવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨)

તારીખ ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગતો નીચે મુજબ છે.

| યુનિટ | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૧૨ | |
|---|---|---|---|---|
| | મી.યુ | રૂા./યુનિટ | મી.યુ | રૂા./યુનિટ |
| અદાણી–૧ | ૭૬૬૮ | ૨.૬૩ | ૬૭૧૦ | ૨.૯૦ |
| અદાણી–૨ | ૨૧૫૫ | ૨.૨૮ | ૩૩૨૪ | ૨.૩૫ |

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. અને મેસર્સ અદાણી પાવર લી. વચ્ચે થયેલ વીજ ખરીદી કરારોની શરતો મુજબ જ અદાણી પાવર લી. પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. નામદાર એપેલેટ ટ્રીબ્યુનલે પણ આ બાબત માન્ય રાખેલ છે. આથી કોઈ વધારાની રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વલસાડ જિલ્લાની સાતફેરા સમુહ લગ્ન યોજનાની અરજીઓ

૬૨૭ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ આવી,

(૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## કે. જી. બેસીનમાંથી મળેલ ગેસ અને ખર્ચ

૯૯૩ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને વર્ષ વાર કે. જી. બેસીનમાંથી કેટલો ઓઈલ–ગેસ વર્ષવાર મળ્યો, અને

(૨)આ કે.જી. બેસીન પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં રાજ્ય સરકારે ખરેખર વાસ્તવિક કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં કે. જી. /ઓ.એસ.એન/ ૨૦૦૧/૩ બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ થવાનું છે.

(૨) કે. જી. બેસીન પાછળ રાજ્ય સરકારે કોઈ ખર્ચ કરેલ નથી.

---------

## વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજનાની અરજીઓ

૬૩૮ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૨૦૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૫ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૪ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૩૫.૦૦ લાખ |

---------

## વિજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી

૯૫૧ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા)** : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧–૧–૨૦૧૨થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ પાસેથી અને ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી માસવાર ખરીદી, અને<br>(૨) કેન્દ્ર સરકારની કંપનીઓમાંથી કેટલી વીજળી શા ભાવે માસવાર ખરીદવામાં આવી ? | (૧) અને (૨)<br>રાજ્ય સરકારની નીતિ મુજબ રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પૂરતી વીજળી પૂરી પાડવા રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ તેમજ સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોના હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન ઉપરાંત જેમની સાથે લાંબાગાળાના ધોરણે વીજ કરારો થયા હોય તેવી ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે.<br>તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકારી વીજ કંપનીઓ, સ્વતંત્ર વીજ ઉત્પાદકો, ખાનગી વીજ કંપનીઓ પાસેથી અને કેન્દ્ર સરકારની કંપનીઓ પાસેથી માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના ભાવની વિગતો પત્રક ''અ'', ''બ'' અને ''ક'' માં સામેલ છે. |

**( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

## બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોનમાં અપાયેલ નવા વીજ કનેકશન

૮૦૮ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોન ઉઠાવી લીધા છતાં પણ ખેતી વિષયક નવિન વિજ જોડાણો આપવામાં આવતા નથી તે હકીકત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨)જો ના, તો ડાર્ક ઝોન ઉઠાવી લીધા બાદ તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં કેટલા ખેતી વિષયક નવીન વિજ જોડાણો આપવામાં આવેલ છે ? | (૨) દાંતા તાલુકો ડાર્કઝોનમાં આવતો નથી. આ તાલુકામાં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં ૧૧૩૫ કૃષિ વિજ જોડાણો આપવામાં આવ્યા છે.<br>જ્યારે અમીરગઢ તાલુકો ડાર્કઝોન વિસ્તારમાં આવે છે. માર્ચ ૨૦૧૨માં ડાર્કઝોન ઉઠાવી લીધા બાદ ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ જુની પડતર અરજીઓ ૧૭ હતી. તે તમામ અરજદારોને દસ્તાવેજી પુરાવાઓ આપવા જાણ કરાયેલ તે પૈકી ૩ અરજદારો તરફથી દસ્તાવેજી પુરાવાઓ આપવામાં આવ્યા અને ૨ અરજદારોને અંદાજપત્ર પાઠવવામાં આવેલ તે પૈકી ૧ અરજદાર તરફથી અંદાજપત્રની રકમ ભરપાઈ કરવામાં આવેલ હોઈ, તેમને વીજ જોડાણ આપવાની કામગીરી પૂર્ણ થયેલ છે. |

---------

## નવસારી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજનાની અરજીઓ

૬૨૫ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ આવી, | (૧) ૧૦ (દસ) |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૦ (દસ) |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૦.૮૫ લાખ |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજનામાં અરજીઓ

૬૭૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૮૬. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૬૮. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨,૭૨,૦૦૦/– |

---------

## અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં આઈ.ટી.આઈ.માં ખાલી જગ્યાઓ

૧૦૪૭ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં મંજૂર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે મંજૂર થયેલ મહેકમની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

| સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ/ સ્વનિર્ભર સંસ્થા સરકારી આઈ.ટી.આઈ. | તાલુકાનું નામ | સંસ્થાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|---|
| | નખત્રાણા | નખત્રાણા | ૧૦ |
| | અબડાસા | અબડાસા | ૧૫ |
| | લખપત | લખપત | ૨૪ |
| | | **કુલ** | **૪૯** |
| ગ્રાન્ટ ઈન એઈડ | નખત્રાણા | સ્કાયનેટ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આઈ.ટી.સી. નખત્રાણા | ૦૩ |
| | અબડાસા | – | – – |
| | લખપત | –– | – |

| | | | |
|---|---|---|---|
| | | | – |
| | | **કુલ** | **૦૩** |
| | | **કુલ સરવાળો** | **૫૨** |

સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કોઈ મહેકમ મંજૂર કરવામાં આવતું ના હોઈ માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨)કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

(૨) ૨૧ જગ્યાઓ ભરાયેલ છે.

(૩)કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

(૩) ૩૧ જગ્યાઓ ખાલી છે.
સામેલ **પત્રક–૧** મુજબ.

**પત્રક–૧**

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. /ગ્રાન્ટ એન એઈડ /સ્વ નિર્ભર સંસ્થાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| **ક્રમ** | **આઈ.ટી.આઈ.નું નામ** | **સંવર્ગનું નામ** | **કઈ તારીખથી ખાલી છે.** |
|---|---|---|---|
| ૧ | સરકારી આઈ.ટી.આઈ. નખત્રાણા | આચાર્ય વર્ગ–૨ | ૨૧–૦૬–૧૧ |
| | | ફોરમેન ઈન્સ્ટ્રકટર | ૨૧–૦૬–૧૧ |
| | | આસીસ્ટન્ટ સ્ટોર કીપર | ૨૧–૦૬–૧૧ |
| | | જુનીયર કારકુન | ૨૧–૦૬–૧૧ |
| | **નખત્રાણા કુલ** | | **૦૪** |
| ૨ | સરકારી આઈ.ટી.આઈ. અબડાસા | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૨૫–૦૯–૦૯ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૨૫–૦૯–૦૯ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૨૫–૦૯–૦૯ |
| | | આસીસ્ટન્ટ સ્ટોર કીપર | ૨૫–૦૯–૦૯ |
| | | સીનીયર કારકુન | ૩૦–૧૦–૧૦ |
| | **અબડાસા કુલ** | | **૦૫** |
| ૩ | સરકારી આઈ.ટી.આઈ. લખપત (પાનનદ્રો) | આચાર્ય વર્ગ–૨ | ૩૦–૦૬–૧૨ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૩૦–૦૧–૦૮ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૩૦–૦૧–૧૨ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૨૨–૦૭–૧૨ |
| | | સુપરવાઈઝર | ૨૭–૦૭–૧૦ |

| ક્રમ | આઈ.ટી.આઈ.નું નામ | સંવર્ગનું નામ | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|
| | | ઈન્સ્ટ્રકટર | |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૩૦-૦૬-૦૭ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૦૧-૦૮-૦૬ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૧૮-૦૮-૦૯ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૦૧-૧૨-૦૯ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૦૧-૦૮-૧૦ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૧૯-૦૬-૧૦ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૨૧-૦૪-૧૨ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૨૧-૦૪-૧૨ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૦૧-૦૮-૧૧ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૨૧-૦૪-૧૨ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૦૧-૧૨-૦૯ |
| | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૧૮-૦૮-૦૯ |
| | | સ્ટોર કીપર | ૩૦-૦૪-૧૦ |
| | | સીનીયર કારકુન | ૦૭-૦૭-૦૯ |
| | **લખપત કુલ** | | **૧૯** |
| | | **કુલ** | **૨૮** |
| ૪ | સ્કાયનેટ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત નખત્રાણા | ક્રાફ્ટ ઈન્સ્ટ્રકટર | ૩ (ડીસે-૨૦૦૯ થી) |
| | | **કુલ** | **૩** |
| | **કુલ સરવાળો** | | ૩૧ |

---------

## વડોદરા જિલ્લામાં રેતીની લીઝ અરજીઓ

**૧૩૦ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેતીની લીઝ માટે કેટલી અરજીઓ આવી, અને કેટલી અરજીઓ મંજૂર થઈ, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેતીની લીઝ માટે ૧૩૬૮ અરજીઓ આવી, જે પૈકીની કોઈ અરજીઓ મંજૂર કરેલ નથી, પરંતુ તા. ૧–૧–૧૧ પહેલાની ૯ અરજી મંજુર કરેલ છે. |
| (૨) પ્રત્યેક રેતીની લીઝથી સરકારને કેટલી આવક થઈ, | (૨) સદર સમયગાળા દરમ્યાનની કોઈ અરજી મંજૂર થયેલ ન હોઈ આવક શૂન્ય છે, પરંતુ તા. ૧–૧–૧૧ અગાઉની મંજૂર કરેલ ૯ અરજીઓની રેતીની લીઝની આવક રૂ. ૩૯,૮૮,૮૭૩/– ની થયેલ છે. |
| (૩)ગેરકાયદે રેતી ખનન કરનાર ઉપર કેટલા કેસ થયા, અને | (૩) ૧૦૫ કેસ થયેલ છે. |
| (૪)ગેરકાયદેસર રેતી ખનન કરનાર પાસેથી કેટલી રકમ દંડ પેટે વસૂલ થઈ ? | (૪) દંડ પેટે રૂ. ૨,૦૩,૮૯,૯૦૯/– ની વસૂલાત થયેલ છે. |

---------

## દાહોદ જિલ્લામાં ડૉકટર સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની અરજીઓ

૬૩૧ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડૉકટર સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ અનુસુચિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ આવી, | (૧) ૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૫૦,૦૦૦/– |

---------

## મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થી

૬૧૬ **શ્રી ભરતસિંહજી ચં. રાજપૂત(ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૩૧૨૬. |
| (૨) તેઓની કેટલી સહાય ચૂકવેલ છે? | (૨) રૂ. ૧,૩૧,૮૧,૦૦૦/– |

---------

## અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી

૯૬૯ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)રાજ્ય સરકારે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લિમિટેડ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી

(૨)તેની કિંમત યુનિટ દીઠ કેટલી, અને

(૩)એપલેટ ટ્રીબ્યુનલે અદાણી પાવર લિમિટેડ ને જે ભાવે વિજળી આપવા જણાવ્યું હોવા છતાં રાજ્ય સરકાર વધુ રકમ ચૂકવી વીજળી ખરીદવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨)

તારીખ ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગતો નીચે મુજબ છે.

| યુનિટ | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૧૨ | |
|---|---|---|---|---|
| | મી.યુ | રૂ।./યુનિટ | મી.યુ | રૂ।./યુનિટ |
| અદાણી–૧ | ૭૬૬૮ | ૨.૬૩ | ૬૭૧૦ | ૨.૯૦ |
| અદાણી–૨ | ૨૧૫૫ | ૨.૨૮ | ૩૩૨૪ | ૨.૩૫ |

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. અને મેસર્સ અદાણી પાવર લી. વચ્ચે થયેલ વીજ ખરીદી કરારોની શરતો મુજબ જ અદાણી પાવર લી. પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. નામદાર એપેલેટ ટ્રીબ્યુનલે પણ આ બાબત માન્ય રાખેલ છે. આથી કોઈ વધારાની રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજનાની અરજીઓ

૬૪૩ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૬૭૩.

(૨) ૬૭૩

(૩) રૂ. ૧૪૧.૩૩ લાખ

---------

## ગાંધીનગર વીજ મથકને કોલસાની ફાળવણી

૬૪૯ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા ગાંધીનગર વીજ મથકને નજીકની કોલસાની ખાણો કરતાં દૂરની ખાણોમાંથી વધુ કોલસો ફાળવાય છે એ હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨)જો હા, તો તેની વિગતો શી છે, અને

(૨) રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા ગાંધીનગર વીજ મથકને છત્તીસગઢ રાજ્યમાં આવેલ સધર્ન ઈસ્ટર્ન કોલ ફીલ્ડ લી. ની કોરીયા રેવા અને કોરબા ખાતે આવેલ કોલસાની ખાણોમાંથી દર વર્ષે ૩૪.૬૦ લાખ મેટ્રીક ટન કોલસો ફાળવવામાં આવે છે.

(૩)તેના કારણે નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૨૦૧૩માં ડીસેમ્બર, ૨૦૧૨ની સ્થિતિએ વીજ ઉત્પાદન ખર્ચ કેટલું વધ્યું ?

(૩) રાજ્યના કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતા ગાંધીનગર વીજ મથકને દૂરની ખાણોમાંથી વધુ કોલસો આપવાના કારણે, નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ચાલુ વર્ષ ૨૦૧૨–૧૩ (ડીસેમ્બર અંતિત) વીજ ઉત્પાદન ખર્ચમાં થયેલ વધારો અને તેના કારણે પડેલ વધારાના આર્થિક બોજાની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **પ્રતિ યુનિટ વીજ ઉત્પાદન ખર્ચમાં થયેલ વધારો (રૂપિયા)** | **પડેલ વધારાનો આર્થિક બોજો (રૂપિયા કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૦.૪૪ | ૨૪૨.૧૪ |
| ૨૦૧૨–૧૩ | ૦.૬૮ (ડીસેમ્બર અંતિત) | ૨૧૨.૧૬ (ડીસેમ્બર અંતિત) |

---------

## નવસારી જિલ્લામાં પી.ટી.સી. અને બી.એડ. બેરોજગારો

૧૪૪ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર પી.ટી.સી. તથા બી.એડ. થયેલા કેટલા બેરોજગારોના નામો નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ નોંધાયેલા બેરોજગારો

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પી.ટી.સી.** | **બી.એડ** |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૧૦૪ | ૨૧૭ |
| ૨ | જલાલપોર | ૧૩૩ | ૨૩૨ |
| ૩ | ગણદેવી | ૪૦૩ | ૨૯૦ |
| ૪ | ચીખલી | ૧૦૬૧ | ૩૯૦ |
| ૫ | વાંસદા | ૭૨ | ૩૧૪ |
| | **કુલ** | **૨૪૫૩** | **૧૪૪૩** |

(૨) તેઓને રોજગારી આપવા સરકારે શી કાર્યવાહી
કરેલ છે ?

(૨) રોજગાર કચેરી પાસેથી જ્યારે જ્યારે નોકરીદાતાઓ તરફથી આવા ઉમેદવારો માટેની માંગણી આવે ત્યારે જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોની નિયમોનુસાર ભલામણ કરવામાં આવે છે.

---------

## ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજનામાં અરજીઓ

૬૭૫ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૬૩. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૯. |
| (૩)કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૪,૩૬,૫૭૦/- |

---------

## પંચમહાલ જિલ્લામાં ડૉકટર સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની અરજીઓ

૬૩૦ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડૉકટર સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ આવી, | (૧) ૦૩. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૩. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૫૦,૦૦૦/-. |

---------

## વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા દરમ્યાન અપાયેલ કિટસ

૭૭૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૨ની વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા સમયે રમતવીરો/યુવાનોને કઈ કઈ રમતોની કઈ કઈ કિટસ વહેંચવામાં આવી હતી, | (૧) વર્ષ ૨૦૧૨માં સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા સરકારશ્રી દ્વારા યોજવામાં આવેલ નથી તેથી રમતવીરોને/યુવાનોને રમતગમતની કોઈ કિટસની વહેંચણી કરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨)તે યાત્રા પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ, અને | (૨) વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા સરકારશ્રી દ્વારા યોજવામાં આવેલ નથી તેથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કિટસ ખરીદી પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી

૭૧૧ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લિમિટેડ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

(૨)તેની કિંમત યુનિટ દીઠ કેટલી, અને

(૩)એપલેટ ટ્રીબ્યુનલે અદાણી પાવર લિમિટેડ ને જે ભાવે વિજળી આપવા જણાવ્યું હોવા છતાં રાજ્ય સરકાર વધુ રકમ ચૂકવી વીજળી ખરીદવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨)

તારીખ ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગતો નીચે મુજબ છે.

| યુનિટ | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૧૨ | |
|---|---|---|---|---|
| | મી.યુ | રૂા./યુનિટ | મી.યુ | રૂા./યુનિટ |
| અદાણી-૧ | ૭૬૬૮ | ૨.૬૩ | ૬૭૧૦ | ૨.૯૦ |
| અદાણી-૨ | ૨૧૫૫ | ૨.૨૮ | ૩૩૨૪ | ૨.૩૫ |

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. અને મેસર્સ અદાણી પાવર લી. વચ્ચે થયેલ વીજ ખરીદી કરારોની શરતો મુજબ જ અદાણી પાવર લી. પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. નામદાર એપેલેટ ટ્રીબ્યુનલે પણ આ બાબત માન્ય રાખેલ છે. આથી કોઈ વધારાની રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ

૬૧૫ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૪૬૪. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૪૪. |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૬૮,૨૬૦/-. |

---------

## જામનગર જિલ્લામાં તાત્કાલિક વીજ જોડાણ માટેની અરજી

૧૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે અપૂરતો અને અનિયમિત વરસાદ થવાથી જામનગર અને જોડિયા તાલુકાના ખેડૂતોની કેટલી અરજીઓ મામલતદારશ્રી મારફતે અથવા સીધી તાત્કાલિક વીજ જોડાણ મેળવવા માટેની યોજના હેઠળ છેલ્લા

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : રાજ્યમાં ચોમાસાની શરૂઆતમાં થયેલ ઓછા વરસાદને કારણે ઉભી થયેલ ઘાસચારાની અછતને પહોંચી વળવા ૧૫૦૦૦ નવા કૃષિ વીજ જોડાણો આઉટ ઓફ ટર્ન અગ્રિમતાના ધોરણે આપવાના નિર્ણય

એક વર્ષમાં ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ મળેલ હતી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી વીજ જોડાણ આપેલ છે,

(૩) કેટલી અરજીઓનો વીજ જોડાણ આપવાના બાકી છે, અને

(૪) બાકી રહેવાના કારણો શાં છે ?

અનુસંધાને જામનગર જિલ્લાના જામનગર તાલુકામાં ૬૩૧ અને જોડીયા તાલુકામાં ૨૦ અરજીઓ ડીસેમ્બર ૨૦૧૨ સુધીમાં મળેલ હતી. તે પૈકી કોઈ વીજ જોડાણ આપવામાં આવેલ નથી.

---------

## અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ

૬૧૪ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૨૪૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૨૨૫. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૯૩,૨૦૦/–. |

---------

## સુરત જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ

૬૮૦ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૯૯૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૮૪. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨,૬૯,૦૦૦/–. |

---------

## ગેસ આધારિત વીજ મથકોને ગેસ પૂરો પાડવા બાબત

૬૬૧ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત વીજ મથકો માટે નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ ગેસના કેટલા પુરવઠાની જરૂરિયાત હતી,

(૨) તે સામે કેટલો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત વીજ મથકો માટે નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ૫.૮૩ એમ.એમ.એસ.સી.એમ.ડી. (મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર/પ્રતિ દિન) અને વર્ષ ૨૦૧૨–૧૩માં ડિસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ ૭.૪૯ એમ.એમ.એસ.સી.એમ.ડી. (મિલિયન

મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર /પ્રતિ દિન) ગેસનો પૂરવઠો જરૂરી હતો જેની સામે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧–૧૨માં ૩.૫૫ એમ.એમ.એસ.સી.એમ.ડી. (મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પ્રતિ દિન) એટલે કે ૬૦.૮૯ % અને વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતએ ૨.૩૪ એમ.એમ.એસ.સી.એમ.ડી. (મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર/પ્રતિ દિન) એટલે કે ૩૧.૨૪ % ગેસનો જથ્થો ફાળવેલ છે.

(૩) તેના કારણે વીજ ઉત્પાદન ઉપર શી અસર પડી ?

(૩) ગેસની જરૂરિયાત સામે ઓછી ગેસની ફાળવણી થવાને કારણે મોંઘા ભાવના સ્પોટ ગેસ અને આર.એલ.એન.જી. આધારિત વિજ મથકો ચલાવવાનું પોષણક્ષમ ન હોઈ, આ વીજ મથકો સ્થાપિત ક્ષમતાના ૫૦% થી પણ ઓછી ક્ષમતાએ ચલાવવા પડે છે અને વીજ મથકો બંધ રાખવા પડે છે. એક તરફ જ્યારે રાષ્ટ્રના બીજા રાજ્યો વીજ ખેંચ અનુભવી રહ્યા છે, ત્યારે તે સામે રાષ્ટ્રીય સંપત્તિ કહી શકાય તેવા આ વીજ મથકો ફરજીયાતપણે આંશિક બંધ રાખવા પડે છે જેના કારણે આ વીજ મથકોની કાર્યક્ષમતા ઘટી જાય છે.

---------

## વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં વીજ જોડાણ વિનાના પેટા પરા

૧૫૪ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં કયા કયા પેટાપરાઓ વિજ જોડાણ વિહોણા છે, અને

(૨)આ વિજ જોડાણ વિહોણા પેટાપરામાં કેટલા સમયમાં વીજળી આપવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) : આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા ૧૯૯૮માં વીજળીકરણથી વંચિત પેટાપરાની બહાર પાડવામાં આવેલી યાદી મુજબના તમામ ૭૧ પેટાપરાઓનું વિજળીકરણ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ચાલુ વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન, છૂટા છવાયા વિસ્તારના ૧૨ પેટાપરાના વિજળીકરણ માટે રજુઆત મળેલ છે. તે પૈકી ૯ પેટાપરાઓનું વિજળીકરણ પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકીના ૩ પેટાપરાઓનું વિજળીકરણ વર્ષ ૨૦૧૩માં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

---------

## ધુવારણ વીજ મથક માટે ગેસ ફાળવણી

૬૫૯ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત ધુવારણ વીજ મથક માટે નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં ડીસેમ્બર–૨૦૧૨ ની સ્થિતિએ ગેસના કેટલા પુરવઠાની જરૂરિયાત હતી,

(૨) તેની સામે કેટલો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો, અને

(૩) તેના કારણે વીજ ઉત્પાદન ઉપર શી અસર પડી ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત ધુવારણ વીજ મથક માટે નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ૩૮.૩૮ કરોડ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર અને વર્ષ ૨૦૧૨–૧૩માં ડિસેમ્બર ૨૦૧૩ની સ્થિતિએ ૨૮.૭૯ કરોડ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર ગેસનો પૂરવઠો જરૂરી હતો જેની સામે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧–૧૨માં ૧૬.૭૪ કરોડ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર એટલે કે ૪૩.૬૧% અને વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ ૧૨.૫૨ કરોડ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર એટલે કે ૪૩.૪૮% ગેસનો જથ્થો ફાળવેલ છે.

## વડોદરા અને નર્મદા જિલ્લાના વિસ્થાપિત ખેડૂતોને સિંચાઈ માટે વધુ કલાક વીજળી આપવા બાબત

૧૩૧ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લાના ખેડૂતોએ નર્મદા યોજના સાકાર કરવા નર્મદાના વિસ્થાપિતોને વસાવવા જમીન આપેલ છે આવા સિંચાઈથી વંચિત પૂર્વ કાંઠાના વિસ્તારના ખેડૂતોને હાલ અપાતી વીજળીના કલાકો કરતાં વધુ કલાક વીજળી આપવા સરકાર માંગે છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યમાં નર્મદા યોજના સાકાર કરવા માટે વડોદરા અને્ નર્મદા જિલ્લામાં ૨૨૮ વિસ્થાપિતોને કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ કૃષિ વીજ જોડાણોમાં દરરોજ ગુણવત્તાસભર સાતત્યપૂર્ણ ૮

(૨)જો હા, તો ક્યારથી અને કેટલા કલાક ?

કલાક વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આમ છતાં સમયાંતરે આકસ્મિક સંજોગોમાં પાકની જરૂરિયાતને ધ્યાને લઈ ખેડૂતોનો ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ વધારે સમય માટે વીજળી પુરવઠો પુરો પાડવાનું પણ આયોજન કરવામાં આવે છે. તદઅનુસાર ચાલુ વર્ષે જુલાઈ–૨૦૧૨ થી ખેડૂતોને દરરોજ ૮ કલાક ના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે.

--------------

## કે. જી. બેસીનમાંથી મળેલ ગેસ અને ખર્ચ બાબત

૯૭૦ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને વર્ષ વાર કે. જી. બેસીનમાંથી કેટલો ઓઈલ–ગેસ વર્ષવાર મળ્યો, અને

(૨)આ કે.જી. બેસીન પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં રાજ્ય સરકારે ખરેખર વાસ્તવિક કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં કે. જી. /ઓ.એસ.એન/ ૨૦૦૧/૩ બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ થવાનું છે.

(૨) કે. જી. બેસીન પાછળ રાજ્ય સરકારે કોઈ ખર્ચ કરેલ નથી.

---------

## નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના અંકલાછ ગામે ૬૬ કે. વી. સબ સ્ટેશન કાર્યરત બાબત

૧૪૬ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના અંકલાછ ગામે નવું મંજૂર થયેલ ૬૬ કે. વી. સબ સ્ટેશનનું કામ કયા તબક્કે છે, અને

(૨)આ સબસ્ટેશન ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં
આવશે ?

**જવાબ**

(૧) ૬૬ કે. વી. અંકલાછ સબસ્ટેશનની કામગીરી  તા. ૨૪–૧–૨૦૧૧ ના રોજ પૂર્ણ થયેલ છે અને પરીક્ષણ અર્થે કાર્યાન્વિત કરવામાં આવેલ છે તથા સદર સબ સ્ટેશનની સંલગ્ન વીજ રેષાનું કામ પ્રગતિમાં છે.

(૨) ૬૬ કે. વી. અંકલાછ સબસ્ટેશન કાર્યરત કરવા માટે સંલગ્ન વીજ રેષાનું કાર્ય પ્રથમ પૂર્ણ કરવું જરૂરી છે. સદર વીજ રેષાના કુલ ૨૨૫ ટાવરમાંથી ૨૩ ટાવર વનવિભાગના રક્ષિત વિસ્તારમાંથી પસાર થતાં હોઈ, વન વિભાગની પરવાનગી આવશ્યક છે. વન વિભાગની જરૂરી પરવાનગી માટેની દરખાસ્ત વન વિભાગને મોકલવામાં આવેલ છે. સદર દરખાસ્ત અન્વયે વન વિભાગ તરફથી મંજૂરી મળ્યેથી, ઉપરોક્ત વિજ રેષાનું કાર્ય પૂર્ણ કરી, ૬૬ કે. વી. આંકલાછ સબ સ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવશે.

-------------

## રાજ્યની સ્થાપિત વીજ ઉત્પાદન અને ખરીદી

૭૭૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની કુલ વીજ સ્થાપિત ઉત્પાદન ક્ષમતા કેટલા મેગાવોટ છે,

(૨)તે સામે હકીકતમાં કેટલી વીજળી પેદા થાય છે,

(૩)રાજ્યમાં ઘરેલું, ઔદ્યોગિક, વાણિજિયક અને અન્ય હેતુઓ માટે દૈનિક કેટલી વીજળીની જરૂરિયાત છે, અને

(૪) રાજ્યની કુલ જરૂરિયાત કરતાં વીજ ઉત્પાદન વધારે હોય તો ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવાની જરૂરિયાત ઉભી થવાના શા કારણો છે ?

**જવાબ**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની કુલ વીજ સ્થાપિત ક્ષમતા નીચે દર્શાવ્યા મુજબ છે.

| | |
|---|---|
| (૧) પરંપરાગત સ્ત્રોત | ૧૬૮૦૮ મેગાવોટ |
| (૨) બિન પરંપરાગત સ્ત્રોત | ૩૮૭૩ મેગાવોટ |
| કુલ | ૨૦,૬૮૧ મેગાવોટ |

(૨) તારીખ ૩૧–૧૨–૨૦૧૨ના રોજ ૨૫૯ મીલીયન યુનિટ વીજ ઉત્પાદન મેળવાયું છે.

છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યમાં ‘‘લોડ શેડીંગ’’ કે ‘‘પાવર કટ’’નો પ્રશ્ન નથી અને તમામ પ્રકારના ગ્રાહકોને પર્યાપ્ત વીજળી પૂરી પાડવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા ડોમેસ્ટીક ગેસની અપૂરતી ફાળવણીના કારણે આશરે ૨૦૦૦ મેગા વોટ જેટલી ગેસ આધારિત ક્ષમતા ફરજીયાત પણે બંધ રાખવી પડે છે. આ ઉપરાંત આંતર રાજ્ય પ્રવહન નેટવર્ક પુરતું ન હોવાના કારણે રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતાનો ઉપયોગ પુર્ણ રીતે કરી શકાતો નથી.

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ના રોજ ઘરેલું, ઔદ્યોગિક અને વાણિજિયક અને અન્ય હેતુઓ માટેની વીજ જરૂરિયાત નીચે મુજબ હતી.

| **ગ્રાહક વર્ગ** | **મીલીયન યુનિટ** |
|---|---|
| ઘરેલુ, વાણિજિયક અને અન્ય કૃષિ વિષયક સિવાય (કોમન ફીડર્સ હોવાથી) | ૭૫ |
| ઔદ્યોગિક (પૂર્ણતઃ) | ૬૭ |
| કૃષિ વિષયક (પૂર્ણતઃ) | ૬૯ |
| કુલ | ૨૧૧ |

(૪) સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટી (સી.ઈ.એ.) ના સર્વેના આધારે રાજ્યની લાંબાગાળાની વીજ જરૂરિયાત તેમ જ તમામ પ્રકારના ગ્રાહકોની વીજ માંગ ધ્યાનમાં રાખીને, નામદાર વીજ નિયમન આયોગની મંજૂરી મેળવીને લાંબાગાળાના વીજ ખરીદી કરારો કરવામાં આવે છે. અને જે તે સમયની વીજ માંગ તેમ જ વીજ મથકોની માલિકીને નહી, પરંતુ સૌથી સસ્તા બળતણ ખર્ચના ભાવના ક્રમ મુજબ વીજ ખરીદી કરવા અંગેના નામદાર વીજ નિયમન આયોગના નિર્દેશ મુજબ, વીજ માંગ સંતોષાય ત્યાં સુધીની ખરીદી કરવામાં આવે છે.

---

## કે. જી. બેસીનમાંથી મળેલ ગેસ અને ખર્ચ

૭૧૨ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય પેટ્રોલિયમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને વર્ષ વાર કે. જી. બેસીનમાંથી કેટલો ઓઈલ–ગેસ વર્ષવાર મળ્યો, અને | (૧) ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં કે. જી. /ઓ.એસ.એન/ ૨૦૦૧/૩ બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ થવાનું છે. |
| (૨)આ કે.જી. બેસીન પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં રાજ્ય સરકારે ખરેખર વાસ્તવિક કેટલો ખર્ચ કર્યો ? | (૨) કે. જી. બેસીન પાછળ રાજ્ય સરકારે કોઈ ખર્ચ કરેલ નથી. |

---

## જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પડાણા ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન

૧૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પડાણા ગામે સૂચિત ૬૬ કે. વી. સબ સ્ટેશન કાર્યરત કરવા માટેની જમીનની ફાળવણી કયા તબક્કામાં છે, અને | (૧) જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પડાણા ગામે સૂચિત ૬૬ કે.વી. સબ સ્ટેશન કાર્યરત કરવા માટે કલેકટરશ્રી, જામનગર દ્બારા તા. ૧૧–૧૦–૨૦૧૨ ના રોજ જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨)આ સબસ્ટેશન કયાં સુધીમાં કાર્યાન્વિત કરવામાં આવશે ? | (૨) આ સબ સ્ટેશન નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન કાર્યાન્વિત કરવાનું આયોજન કરેલ છે. |

---

## વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પીપરોળ ગામના ૬૬ કે.વી. સબસ્ટેશન બાબત

૧૫૫ **શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પીપરોળ અને હનમતમાળ ગામના વિજળીના ૬૬ કે.વી. સબસ્ટેશનોની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પીપરોળ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશનની કામગીરી તા. ૨૦–૩–૨૦૧૨ ના રોજ પૂર્ણ થયેલ છે અને પરીક્ષણ અર્થે કાર્યાન્વિત કરવામાં આવેલ છે, સદર સબસ્ટેશનની સંલગ્ન વીજ રેષાનું કામ હાલ પ્રગતિમાં છે. તેમજ હનુમતમાળ ગામ ખાતે નવું વીજ સબસ્ટેશન સ્થાપવા માટે યોગ્ય જમીન શોધવાની કામગીરી ગતિમાં છે. |
| (૨)આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે અને ક્યારે કાર્યરત થશે ? | (૨) ૬૬ કે.વી. પીપરોળ સબસ્ટેશન કાર્યરત કરવા માટે સંલગ્ન વીજ રેષાનું કાર્ય પ્રથમ પૂર્ણ કરવું જરૂરી છે. વધુમાં, કુલ ૧૩૦ ટાવરમાંથી ૩૦ ટાવર વન વિભાગના રક્ષિત વિસ્તારમાંથી પસાર થતાં હોઈ, વન વિભાગની પરવાનગી આવશ્યક છે. વનવિભાગની જરૂરી પરવાનગી માટેની દરખાસ્ત |

કરવામાં આવેલ છે. ઉપરોક્ત દરખાસ્ત અન્વયે વન વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હી તરફથી મંજૂરી મળ્યેથી, આ લાઈનનું કાર્ય પૂર્ણ કર્યા બાદ સબસ્ટેશનને કાર્યાન્વિત કરવામાં આવશે.

હનુમતમાળ ગામના ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત કરવા માટેની જમીન શોધવાની કામગીરી ગતિમાં છે. સબસ્ટેશન માટે યોગ્ય જમીન મળ્યેથી સબસ્ટેશન અને લાઈનનું કાર્ય પૂર્ણ કર્યા બાદ સબસ્ટેશનને કાર્યાન્વિત કરવામાં આવશે.

---------

## અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી

૭૫૦ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)રાજય સરકારે તા.૩૧–૧૨–૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લિમિટેડ પાસેથી શા ભાવે વીજળી ખરીદી,

(૨)તેની કિંમત યુનિટદીઠ કેટલી, અને

**જવાબ**

(૧) અને (૨)

તારીખ ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગતો નીચે મુજબ છે.

| યુનિટ | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૧૨ | |
|---|---|---|---|---|
| | મી.યુ | રૂા./યુનિટ | મી.યુ | રૂા./યુનિટ |
| અદાણી–૧ | ૭૬૬૮ | ૨.૬૩ | ૬૭૧૦ | ૨.૯૦ |
| અદાણી–૨ | ૨૧૫૫ | ૨.૨૮ | ૩૩૨૪ | ૨.૩૫ |

(૩)એપલેટ ટ્રીબ્યુનલે અદાણી પાવર લિમિટેડ ને જે ભાવે વિજળી આપવા જણાવ્યું હોવા છતાં રાજય સરકાર વધુ રકમ ચુકવી વીજળી ખરીદવાના કારણો શા છે ?

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. અને મેસર્સ અદાણી પાવર લી. વચ્ચે થયેલ વીજ ખરીદી કરારોની શરતો મુજબ જ અદાણી પાવર લી. પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. નામદાર એપેલેટ ટ્રીબ્યુનલે પણ આ બાબત માન્ય રાખેલ છે. આથી કોઈ વધારાની રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં નવા વીજ સબસ્ટેશન શરૂ કરવા બાબત

૧૦૩૪ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકામાં નવા વિજ સબ સ્ટેશનો (૧) લુસડીયા અને (૨) નવલપુર ખાતે કેટલા સમયથી મંજૂર કરવામાં આવેલ છે,

(૨)આ મંજૂર તચેલ સબસ્ટેશનો સ્થળ પર શરૂ ન કરવાના કારણો શા છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકામાં નવું વીજ સબ સ્ટેશન લુસડીયા ખાતે વર્ષ ૨૦૧૧–૧૨ માં મંજૂર થયેલ હતું. તથા નવલપુર ખાતે નવું વીજ સબ સ્ટેશન વર્ષ ૨૦૧૨–૧૩ માં મંજૂર થયેલ છે.

(૨) લુસડીયા અને નવલપુર ખાતે ૬૬ કે.વી.સબ સ્ટેશન બનાવવા માટે યોગ્ય જમીન

મેળવવા માટેની કાર્યવાહી ગતિમાં છે.

(૩)ત્યાં સુધીમાં ઉપર જણાવેલ સ્થળેના વિસ્તારોમાં લો–પાવરની સ્થિતિ કેવી રીતે સુધારવામાં આવનાર છે, અને

(૩) આ વિસ્તારમાં વિક્ષેપરહિત સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે જ. વાસ્તવમાં આ વિસ્તારમાં ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા સારૂ નજીકના ટીંટોઈ અને રેલ્લાવાડા ખાતેના ૬૬ કે.વી. સબ સ્ટેશનો ખાતે જરૂરી કેપેસીટર બેન્કસ મૂકવામાં આવેલ છે.

(૪)ક્યાં સુધીમાં વીજ સબ સ્ટેશનોનું કામ ચાલુ કરવાનું આયોજન છે ?

(૪) લુસડીયા અને નવલપુર ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશન બનાવવા માટે યોગ્ય જમીન મળ્યા બાદ આ વીજ સબ સ્ટેશનોનું કામ ચાલુ કરવામાં આવશે.

---------

## રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના છાત્રાલયો

૧૦૬૪ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૦૧. |
| (૨)તે પૈકી કેટલા કુમાર અને કેટલા કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) ૧ કન્યા છાત્રાલય. |
| (૩)કેટલી દરખાસ્તો પડતર છે ? | (૩) શૂન્ય. |

---------

## ખેલ મહાકુંભમાં સમાવેશ રમતો

૬૮૩ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૨માં રાજય સરકાર દ્ધારા આયોજીત ખેલ મહાકુંભમાં કઈ કઈ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, અને

**જવાબ**

(૧) **ખેલ મહાકુંભ : ૨૦૧૦ માં સમાવિષ્ટ રમતો :**
એથ્લેટીક્સ, વોલીબોલ, ખો–ખો, કબડ્ડી, બાસ્કેટ બોલ, ફૂટબોલ, જુડો, કુસ્તી, બેડ મિન્ટન, ટેબલ–ટેનીસ, આર્ચરી, સ્કેટીંગ, ચેસ, હોકી, સ્વીમીંગ અને યોગા.

**ખેલ મહાકુંભ : ૨૦૧૧ માં સમાવિષ્ટ રમતો :**
એથ્લેટીક્સ, વોલીબોલ, ખો–ખો, કબડ્ડી, બાસ્કેટ બોલ, ફૂટબોલ, જુડો, કુસ્તી, બેડ મિન્ટન, ટેબલ–ટેનીસ, આર્ચરી, સ્કેટીંગ, ચેસ, હોકી, સ્વીમીંગ, યોગા, હેન્ડ બોલ, શૂટીંગ બોલ, રસ્સા ખેંચ અને લોન ટેનીસ

**ખેલ મહાકુંભ : ૨૦૧૨ માં સમાવિષ્ટ રમતો :**
એથ્લેટીક્સ, વોલીબાલ, ખો–ખો, કબડ્ડી, બાસ્કેટ બોલ, ફૂટબોલ, જુડો, કુસ્તી, બેટ મિન્ટન, ટેબલ–ટેનીસ, આર્ચરી, સ્કેટીંગ, ચેસ, હોકી, સ્વીમીંગ, યોગા,

હેન્ડ બોલ, શૂટીંગ બોલ, રસ્સા ખેંચ, લોન ટેનીસ, અને ટેક વોન્ડો.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજાયેલ ખેલ મહાકુંભ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજાયેલ ખેલ મહાકુંભ પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | સમય ગાળો | ખર્ચ |
|---|---|---|
| ૧. | ૦૧–૦૧–૨૦૧૧ થી ૩૧–૧૨–૨૦૧૧ | રૂ. ૫૦,૪૩,૩૪,૦૭૯/– |
| ૨. | ૦૧–૦૧–૨૦૧૨ થી ૩૧–૧૨–૨૦૧૨ | રૂ. ૧૦,૭૮,૪૭,૦૬૭/– |

---------

## કે. જી. બેસીનમાંથી મળેલ ગેસ અને ખર્ચ બાબત

૭૦૯ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયને વર્ષ વાર કે. જી. બેસીનમાંથી કેટલો ઓઈલ– ગેસ વર્ષ વાર મળ્યો, અને

(૨) આ કે. જી. બેસીન પાછળ તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં રાજય સરકારે ખરેખર વાસ્તવિક કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં કે.જી./ઓ.એસ.એન/ ૨૦૦૧/૩/બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ થવાનું છે.

(૨) કે.જી. બેસીન પાછળ રાજય સરકારે કોઈ ખર્ચ કરેલ નથી.

---------

## ખેડા જિલ્લામાં કૃષિ વિજ જોડાણો

૧૭૨ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા કૃષિ વિષયક વિજ જોડાણો અપાયા અને કેટલા વિજ જોડાણો આપવાના બાકી છે, અને

**જવાબ**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જીલ્લાના ડાર્કઝોનમાં સમાવિષ્ટ ન હોય તેવા તાલુકામાં અપાયેલ અને બાકી વીજ જોડાણની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણ | બાકી વીજ જોડાણ |
|---|---|---|---|
| ૧. | બાલાસિનોર | ૨૨૧ | ૫૨૩ |
| ૨. | ખેડા | ૨૬૩ | ૩૩૪ |
| ૩. | મહુધા | ૨૪ | ૨૫૮ |
| ૪. | માતર | ૧૦૬ | ૨૫૬ |
| ૫. | નડીયાદ | ૨૪૫ | ૫૩૫ |
| ૬. | ઠાસરા | ૧૬૬ | ૬૪૩ |
| ૭. | વિરપુર | ૧૧૩ | ૧૨૨૩ |

જયારે કપડવંજ, કઠલાલ અને મહેમદાવાદ તાલુકાનો

સમાવેશ ડાર્કઝોન વિસ્તારમાં થતો હોઈ, માર્ચ ૨૦૧૨ પછી રાજય સરકારના ઠરાવની જોગવાઈઓ મુજબ અગાઉની પડતર અરજીઓ પૈકી જે ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવ્યા છે તેની વિગતો અને જે અરજીઓ પર કાર્યવાહી ચાલુ છે તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણ | બાકી વીજ જોડાણ |
|---|---|---|---|
| ૧ | કપડવંજ | ૫૬ | ૧૨૨૦ |
| ૨ | કઠલાલ | ૧૧ | ૨૩૩ |
| ૩ | મહેમદાવાદ | ૭૨ | ૨૨૨ |

તારીખ ૧૬-૦૯-૨૦૧૨થી ઉક્ત ડાર્કઝોન તાલુકાઓમાં નવી કૃષિ વિજ જોડાણની અરજીઓ સ્વીકારવાનું શરૂ કરાયેલ. તદ્અનુસાર કપડવંજ તાલુકામાં ૧૦૫૪, કઠલાલ તાલુકામાં ૪૧૭૭ તથા મહેમદાવાદ તાલુકામાં ૧૫૯૧ નવી નોંધાયેલ અરજીઓની કામગીરી બાકી છે.

(૨) જે જોડાણો આપવાના બાકી છે તે કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૨) બાકી વિજ જોડાણો શક્ય તેટલા ઝડપથી આપવામાં આવશે.

---------

## આણંદ જિલ્લામાં સ્વામી વિવેકાનંદ મંડળોને અપાયેલ કીટ અને સહાય

૧૦૧૧ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિ આણંદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ્ય કક્ષાના, તાલુકા કક્ષાના, નગરપાલીકા કક્ષાના કયાં કયાં સ્વામી વિવેકાનંદ મંડળો બનાવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મંડળ/કેન્દ્રો બનાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| જિલ્લા કક્ષાના | ૦૧ |
| તાલુકા કક્ષાના | ૦૮ |
| નગરપાલિકા કક્ષાના | ૧૧ |
| ગ્રામ્ય કક્ષાના | ૩૫૪ |
| **કુલ :** | **૩૭૪** |

(૨) સ્વામી વિવેકાનંદ મંડળવાર કયાં કયાં પ્રકારના રમતગમતના સાધનોની કીટ કયારે આપવામાં આવેલ છે,

(૨) તા. ૨-૧૦-૨૦૧૨ના રોજ મંડળવાર ક્રિકેટ અને વોલીબોલ કીટ આપવામાં આવેલ છે.

(૩) આ મંડળોને કેટલી આર્થિક સહાય આપવામાં આવેલ છે, અને

(૩) કોઈપણ આર્થિક સહાયની રકમ આપવામાં આવેલ નથી.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલાંક મંડળોને કોઈપણ જાતની કિટ કે સહાય મળેલ નથી તે હકીકત સાચી છે ?

(૪) ના.

---------

## ખેડૂતોને વીજબીલમાં રાહતની જાહેરાત

૧૦૨૧ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજય સરકારે ખેડૂતોને રાહત મળે તે માટે ખેડૂતોના વીજબીલમાં રાહત આપવાની જાહેરાત છેલ્લા એક વર્ષમાં ક્યારે કરી, અને

(૨) તે અન્વયે તા. ૨૫–૧–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની વીજ બીલમાં રાહત આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડૂતોને રાહત મળે તે માટે ખેડૂતોના વીજબીલમાં ૫૦% રાહત આપવા અંગેનો ઠરાવ રાજય સરકારે તા.૧–૧૦–૨૦૧૨ના રોજ બહાર પાડ્યો.

(૨) આ અન્વયે, તા. ૨૫–૧–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં એપ્રિલ ૨૦૧૨ થી ડિસેમ્બર ૨૦૧૨ સુધીના સમયગાળામાં કુલ ૯૬૪૩૧ ખેડૂતોને રૂપિયા ૪,૨૮,૨૭,૨૪૨/–ની રાહત આપવામાં આવી છે જેની વિગતો **પત્રક ''અ''માં** સામેલ છે.

**પત્રક ''અ''**

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં એપ્રિલ ૨૦૧૨ થી ડિસેમ્બર ૨૦૧૨ સુધીના સમયગાળામાં આપવામાં આવેલી રાહતની વિગતો દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકો | ખેડૂતોની સંખ્યા | વીજ બીલમાં રાહતની રકમ |
|---|---|---|---|
| ૧ | ભેસાણ | ૫૨૮૪ | ૨૭,૧૩,૬૯૫ |
| ૨ | જુનાગઢ | ૭૩૯૫ | ૩૯,૧૧,૩૪૧ |
| ૩ | કેશોદ | ૮૫૭૯ | ૪૩,૦૨,૨૬૨ |
| ૪ | કોડીનાર | ૬૫૫૪ | ૨૧,૫૫,૪૩૧ |
| ૫ | માળીયા | ૮૪૫૪ | ૩૧,૬૩,૩૨૦ |
| ૬ | માણાવદર | ૫૦૦૯ | ૨૭,૩૨,૦૯૭ |
| ૭ | માંગરોળ | ૮૧૨૫ | ૨૮,૩૧,૦૭૪ |
| ૮ | મેંદરડા | ૪૭૫૭ | ૨૪,૦૩,૪૩૬૭ |
| ૯ | વેરાવળ | ૬૭૮૪ | ૨૪,૨૪,૪૧૯ |
| ૧૦ | સુત્રાપાડા | ૪૨૮૭ | ૧૬,૦૪,૬૬૫ |
| ૧૧ | તાલાલા | ૭૭૨૩ | ૨૫,૯૪,૨૧૧ |
| ૧૨ | ઉના | ૧૦૪૫૯ | ૩૩,૭૦,૧૭૧ |
| ૧૩ | વંથલી | ૫૧૭૭ | ૨૪,૦૫,૦૧૬ |
| ૧૪ | વિસાવદર | ૭૮૪૪ | ૬૨,૧૬,૧૦૩ |
| | | **૯૬,૪૩૧** | **૪૨૮,૨૭,૨૪૨** |

---------

## અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી

૭૦૦ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)રાજ્ય સરકારે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લિમિટેડ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

**જવાબ**

(૧) અને (૨)

તારીખ ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અદાણી પાવર લિમિટેડ પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગતો નીચે મુજબ છે.

(૨) તેની કિંમત યુનિટ દીઠ કેટલી, અને

| યુનિટ | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૧૨ | |
|---|---|---|---|---|
| | મી.યુ | રૂા./યુનિટ | મી.યુ | રૂા./યુનિટ |
| અદાણી–૧ | ૭૬૬૮ | ૨.૬૩ | ૬૭૧૦ | ૨.૯૦ |
| અદાણી–૨ | ૨૧૫૫ | ૨.૨૮ | ૩૩૨૪ | ૨.૩૫ |

(૩) એપલેટ ટ્રીબ્યુનલે અદાણી પાવર લિમિટેડ ને જે ભાવે વિજળી આપવા જણાવ્યું હોવા છતાં રાજ્ય સરકાર વધુ રકમ ચૂકવી વીજળી ખરીદવાના કારણો શાં છે ?

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. અને મેસર્સ અદાણી પાવર લી. વચ્ચે થયેલ વીજ ખરીદી કરારોની શરતો મુજબ જ અદાણી પાવર લી. પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. નામદાર એપેલેટ ટ્રીબ્યુનલે પણ આ બાબત માન્ય રાખેલ છે. આથી કોઈ વધારાની રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યમાં વીજળીનું ઉત્પાદન

૧૦૧૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં વિજળી ઉત્પાદન કેટલું થયું, અને

(૨) તે અન્વયે વર્ષવાર વધારાની કેટલી વિજળીની જરૂરિયાત ઉભી થઈ ?

**જવાબ**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૧માં ૬૫,૯૦૦ મીલીયન યુનિટ અને કેલેન્ડર વર્ષ ૨૦૧૨માં ૭૦,૮૨૪ મીલીયન યુનિટ વીજ ઉત્પાદન થયું.

(૨) ઉપર્યુક્ત ઉત્પાદન રાજ્યના તમામ પ્રકારના ગ્રાહકોની વીજ માંગને સંતોષવા પર્યાપ્ત હોવાથી વધારાની વીજળીની જરૂરિયાત ઉભી થયેલ નથી.

---------

## સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાની રમતો માટે મેદાનો

૧૦૯૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાની રમતો માટે કેટલા સ્થળે મેદાનો છે, અને

(૨) જે મેદાનો ન હોય તો બનાવવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે સરકારશ્રી દ્વારા જિલ્લા કક્ષાની રમતો માટે જિલ્લા રમત સંકુલનું નિર્માણ કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યમાં ખાનગી ઉત્પાદકો પાસેથી ખરીદેલ વીજળી

૨૩૦ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કુલ કેટલા મેગાવોટ વીજળી કયા કયા ખાનગી વીજ ઉત્પાદક

**જવાબ**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની અને તેની સરેરાશ ખરીદ કિંમતની વિગતો **પત્રક "અ"** મુજબ છે.

ગૃહ/ઉદ્યોગ પાસેથી શા ભાવે ખરીદવામાં આવી,

**પત્રક અ**

**તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી ખરીદવામાં આવેલી વીજળીની વિગત દર્શાવતું પત્રક**

| **કંપનીનું નામ** | **૨૦૧૧** | | **૨૦૧૨** | |
|---|---|---|---|---|
| | **મી.યુ.** | **રૂા. / યુનીટ** | **મી.યુ.** | **રૂા. / યુનીટ** |
| ખાનગી સાહસો | | | | |
| એસ્સાર પાવર લીમીટેડ | ૧૪૫૪ | ૩.૦૫ | ૬૬૨ | ૩.૨૭ |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | - | - | ૨૨૯૫ | ૨.૫૯ |
| ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૩૧૭૭ | ૪.૭૨ | ૧૮૫૨ | ૬.૮૧ |
| અદાણી પાવર લીમીટેડ-૧ | ૭૬૬૮ | ૨.૬૩ | ૬૭૧૦ | ૨.૯૦ |
| અદાણી પાવર લીમીટેડ-૨ | ૨૧૫૫ | ૨.૨૮ | ૩૩૨૪ | ૨.૩૫ |
| એ.સી.બી. (ઈન્ડીયા) લી. | - | - | ૮૯૩ | ૨.૦૬ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | - | - | ૨૬૮૩ | ૨.૪૧ |
| **કુલ** | **૧૪૪૫૪** | **૩.૦૮** | **૧૮૪૧૯** | **૩.૦૬** |
| પવનચક્કી | ૨૧૩૭ | ૩.૪૧ | ૩૩૧૮ | ૩.૩૮ |
| સોલાર પાવર | ૩૩ | ૧૫.૦૦ | ૯૦૫ | ૧૪.૩૦ |
| અન્ય બિનપરંપરાગત સ્ત્રોત | ૭૫ | ૪.૦૦ | ૭૬ | ૩.૯૪ |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૧૭૦ | ૪.૩૫ | ૯૯ | ૨.૬૪ |
| **કુલ** | **૨૪૧૬** | **૩.૫૨** | **૪૩૯૮** | **૫.૬૨** |
| **કુલ** | **૧૬૮૭૦** | **૩.૧૪** | **૨૨૮૧૭** | **૩.૫૫** |

(૨) ઉક્ત બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યોને વીજળી વેચવામાં આવે છે, અને

(૨) અને (૩) : રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં ૫૧૦૫ મિલિયન યુનિટ અને વર્ષ ૨૦૧૨માં ૪૫૭૩ મિલિયન યુનિટ વીજળી અન્ય રાજ્યોને વેચવામાં આવેલ છે. આ વીજ

(૩) તે હકીકત સાચી છે, અને જો હા તો શા ભાવે વેચવામાં આવે છે ?

વેચાણ અને પ્રતિ યુનિટ ભાવની વિગતો **પત્રક "બ"** મુજબ છે.

**પત્રક બ**

**વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં વેચવામાં આવેલી વીજળીની વિગત**

| **અ. નં.** | **રાજ્ય** | **વર્ષ ૨૦૧૧** | | **વર્ષ ૨૦૧૨** | |
|---|---|---|---|---|---|
| | | **મિલિયન યુનિટ** | **રૂપિયા / યુનિટ** | **મિલિયન યુનિટ** | **રૂપિયા / યુનિટ** |
| ૧ | આંધ્રપ્રદેશ | ૧૨ | ૩.૩૯ | ૭ | ૪.૦૭ |
| ૨ | હરિયાણા | – | – | ૧ | ૩.૦૮ |
| ૩ | હિમાચલ પ્રદેશ | ૧ | ૬.૧૩ | ૨ | ૩.૨૯ |
| ૪ | રાજસ્થાન | ૭૦ | ૩.૯૪ | ૪૯ | ૩.૬૪ |
| ૫ | તામિલનાડુ | ૧૨૮૯ | ૩.૮૬ | ૯૦૧ | ૩.૮ |
| ૬ | ઉત્તરપ્રદેશ | ૧૧૨૪ | ૪.૫૧ | ૦.૨૦ | ૩.૦૭ |
| ૭ | કર્ણાટક | ૨૨ | ૩.૩૫ | ૨૫૪૭ | ૪.૧૦ |
| ૮ | મહારાષ્ટ્ર | ૬૯ | ૩.૮૧ | ૧૨ | ૪.૪૫ |
| ૯ | મધ્યપ્રદેશ | ૧૦ | ૫.૫૦ | ૬ | ૩.૩૬ |
| ૧૦ | દિલ્હી | – | – | ૧ | ૪.૨૮ |
| ૧૧ | કેરાલા | – | – | ૪ | ૪.૦૦ |
| ૧૨ | પશ્ચિમ બંગાળ | – | – | ૧૦ | ૪.૬૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૩ | આસામ | – | – | ૨ | ૪.૨૧ |
| ૧૪ | ઝારખંડ | – | – | ૦.૦૫ | ૫.૦૦ |
| ૧૫ | ઈન્ડિયન એનર્જી એક્ષચેન્જ | ૧૬૨૩ | ૩.૨૩ | ૭૩૬ | ૩.૪૮ |
| ૧૬ | પાવર એક્ષચેન્જ ઈન્ડિયા લી | ૮૮૫ | ૩.૨૭ | ૨૯૪ | ૩.૨૪ |
| | **કુલ** | **૫૧૦૫** | **૩.૭૦** | **૪૫૭૩** | **૩.૮૮** |

---------

## જૂનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ અરજીઓ

૨૧૮ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧–૧૨માં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજુર અરજી | નામંજુર અરજી | ચૂકવેલ સહાય રૂા. લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૨૫ | ૨૪ | ૧ | ૬.૦૦ |
| ૨ | વંથલી | ૬ | ૬ | ૦ | ૧.૬૫ |
| ૩ | માણાવદર | ૩ | ૩ | ૦ | ૦.૬૩ |
| ૪ | કેશોદ | ૧ | ૧ | ૦ | ૦.૨૧ |
| ૫ | માળીયાહાટીના | ૧૦ | ૧૦ | ૦ | ૨.૧૦ |
| ૬ | માંગરોળ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૭ | વેરાવળ | ૫૩ | ૪૯ | ૪ | ૧૧.૮૮ |
| ૮ | સૂત્રાપાડા | ૩ | ૩ | ૦ | ૦.૬૩ |
| ૯ | કોડીનાર | ૩ | ૩ | ૦ | ૦.૬૩ |
| ૧૦ | ઉના | ૦ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૧૧ | તલાલા | ૨ | ૨ | ૦ | ૦.૫૭ |
| ૧૨ | વિસાવદર | ૮ | ૮ | ૦ | ૧.૧૩ |
| ૧૩ | મેંદરડા | ૦ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૧૪ | ભેંસાણ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૧૧૪** | **૧૦૯** | **૫** | **૨૫.૪૩** |

---------

## જેતપુર પાવી અને છોટા ઉદેપુર તાલુકામાં કુટિર જ્યોત યોજના અને રાજીવ ગાંધી વિદ્યુતિકરણ યોજના હેઠળ અરજીઓ

૯૩ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ૧૫–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના જેતપુર પાવી અને છોટા ઉદેપુર તાલુકામાં કુટિર જ્યોત યોજના અને રાજીવ ગાંધી વિદ્યુતિકરણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલા અરજદારોને વિદ્યુતિકરણનો લાભ મળ્યો ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૧૫–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વડોદરા જિલ્લાના જેતપુર પાવી અને છોટા ઉદેપુર તાલુકામાં મળેલ અરજીઓ અને આપવામાં આવેલ વીજ જોડાણની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| જેતપુર પાવી | ૬૧૨ | ૩૭૪ |
| છોટા | ૨૯૪ | ૨૯૪ |

| | | |
|---|---|---|
| ઉદેપુર | | |

વધુમાં, આર.જી.જી.વી.વાય હેઠળ અરજીઓ નોંધવામાં આવતી નથી પરંતુ સંબંધિત જિલ્લાના મંજુર થયેલા ડીપીઆર મુજબ બીપીએલ યાદીમાં સમાવિષ્ટ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર જેતપુર પાવી તાલુકામાં ૯૨૦ અને છોટાઉદેપુર તાલુકામાં ૧૯૨૭ લાભાર્થીઓને વીજળીકરણનો લાભ મળ્યો છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજનાના લાભાર્થીઓ**

૭૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે,

(૨) તે પૈકી નિર્ધારિત સમય મર્યાદામાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) કેટલા કામો બાકી છે, અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આર.જી.જી.વી.વાય. યોજના હેઠળ ગાંધીનગર જીલ્લામાં તાલુકાવાર લાભાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | આપવામાં આવેલ કુલ વિજ જોડાણ | તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અપાયેલ વિજ જોડાણ |
|---|---|---|
| ગાંધીનગર | ૫૫૮ | ૧૫૪ |
| દહેગામ | ૮૬૨ | ૩૪૭ |
| કલોલ | ૧૧૯૭ | ૪૬૬ |
| માણસા | ૧૦૩૪ | ૨૫૬ |
| **કુલ** | **૩૬૫૧** | **૧૨૨૩** |

(૨) અને (૩) : પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને પ્રોજેક્ટની સમય મર્યાદામાં વિજ જોડાણ આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ કોઈ કામો બાકી નથી.

---------

**કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવા બાબત**

૧૦૪૯ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ૦૧.

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલા કુમાર અને કેટલા કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) ૧ કુમાર છાત્રાલય. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે ? | (૩) શૂન્ય. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ

૭૭૨ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧૨. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી નિરાધાર વૃધ્ધોને કેટલી સહાય ચૂકવવામાં આવી, | (૨) મંજૂર અરજીઓ – ૧૮૧ ચૂકવેલ સહાય– રૂ઼ા. ૨,૬૦,૦૩૯/– |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૬૫. |
| (૪)નામંજૂરના સામાન્ય કારણો શાં છે ? | (૪) ૧. નિયત આવક કરતાં આવક વધારે હોવાના કારણે<br>૨.પુખ્ત વયનો પુત્ર હોવાથી<br>૩.ઉંમર ઓછી હોવાથી |

---------

## જામનગર જિલ્લામાં ખુલ્લા વીજ વાયરથી અકસ્માતો

૧૦૭૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ તથા ૨૦૧૨ના વર્ષમાં ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોને લીધે તેમજ વીજતંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા. | (૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. આ ઉપરાંત, કેટલીકવાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ઈલેક્ટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માતો થતા હોય છે. જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ તથા ૨૦૧૨ના વર્ષમાં થયેલ વીજ અકસ્માતો અંગેની વિગતો આ સાથેના સામેલ **પત્રક : અ** મુજબ છે. |
| (૨) આ બાબતે પી.જી.વી.સી.એલ. તથા | (૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા |

જેટકોના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ કિસ્સાઓમાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં વીજ અકસ્માતો થયેલ હોઈ, શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સમયગાળામાં બેદરકાર રહેલા કર્મચારી/અધિકારી સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી,

(૩) પોલીસ ફરીયાદ દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી બાકીછે, અને

(૪) નાગરિકોના અકસ્માતના કિસ્સામાં નામદાર સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા (બાઈનંદા કેસ) મુજબ વળતરની રકમ ચૂકવવામાં આવે છે. નાગરિકોના કુલ ૨૨ (બાવીસ) કિસ્સાઓમાંથી ૯ (નવ) કેસોમાં કોર્ટ કેસ અને બાકીના ૧૩(તેર) કેસોમાં જરૂરી દસ્તાવેજોના અભાવે ચૂકવણી થઈ શકેલ નથી.

પ્રાણીઓના અકસ્માતના કિસ્સામાં ૫૦ ટકા રકમ વર્તુળ કચેરી દ્વારા ચૂકવવામાં આવે છે અને બાકીની ૫૦ ટકા રકમ મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ મળ્યા બાદ ચૂકવવામાં આવે છે. પ્રાણીઓના કિસ્સામાં નીચે મુજબ વળતરની ચૂકવણી કરેલ છે.

| વર્ષ | પૂર્ણ વળતર પેટે ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | | ૫૦ ટકા વળતર પેટે ચૂકવવાની બાકી રકમ (રૂા. લાખમાં) | |
|---|---|---|---|---|
| | પ્રાણી | રકમ | પ્રાણી | રકમ |
| ૨૦૧૧ | ૧૧ | ૧.૫૨ | ૯ | ૦.૫૬ |
| ૨૦૧૨ | ૦ | ૦.૦૦ | ૩ | ૦.૨૨ |
| કુલ | ૧૧ | ૧.૫૨ | ૧૨ | ૦.૭૮ |

આ ઉપરાંત પ્રાણીઓના બાકી રહેતા ૪૮ (અડતાલીસ) કિસ્સાઓમાં જરૂરી દસ્તાવેજોના અભાવે ચૂકવણી થઈ શકેલ નથી.

(૫) બાકી રહેલી વળતરની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

(૫) નામદાર કોર્ટના ચુકાદા તેમજ જરૂરી દસ્તાવેજો રજૂ કર્યેથી બાકી રકમની ચૂકવણી જેમ બને તેમ જલ્દીથી ચૂકવવામાં આવશે.

**પત્રક–અ**

| કંપની | વર્ષ | કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે વીજ વાયરને થયેલ નુકશાનને લીધે થયેલ વિજતંત્રના નેટવર્કમાં થયેલ અકસ્માતો | | | વિજતંત્રની બેદરકારીને લીધે થયેલ અકસ્માતો | | | વીજતંત્રના વીજ સપ્લાયનાં ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોને લીધે થયેલ અકસ્માતો | | | વીજતંત્રના નેટવર્કમાં થયેલ કુલ અકસ્માતો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નાગરીકો | | પ્રાણી | નાગરીકો | | પ્રાણી | નાગરીકો | | પ્રાણી | નાગરીકો | | પ્રાણી |
| | | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | બિન પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક | બિનપ્રાણ ઘાતક | પ્રાણ ઘાતક |
| પી.જી. | ૨૦૧૧ | ૯ | ૧૧ | ૪૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૧૧ | ૪૮ |
| વી.સી. | ૨૦૧૨ | ૧૩ | ૫ | ૨૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ | ૫ | ૨૩ |

| એલ. | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જેટકો | ૨૦૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૧૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| કુલ | ૨૦૧૧ | ૯ | ૧૧ | ૪૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૧૧ | ૪૮ |
| કુલ | ૨૦૧૨ | ૧૩ | ૬ | ૨૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ | ૬ | ૨૩ |
| | કુલ | ૨૨ | ૧૭ | ૭૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨ | ૧૭ | ૭૧ |

---------

## આણંદ અને ખેડા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કલ્યાણની કચેરીમાં ખાલી જગ્યાઓ

૧૦૧૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કલ્યાણ વિભાગ અંતર્ગતની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| સંવર્ગનું નામ | આણંદ જિલ્લામાં મંજુર થયેલ મહેકમની સંખ્યા | ખેડા જિલ્લામાં મંજુર થયેલ મહેકમની સંખ્યા |
|---|---|---|
| જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) વર્ગ-૧ | ૦ | ૧ |
| જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.), વર્ગ-૨ | ૧ | ૦ |
| આચાર્ય, વર્ગ-૨ | ૦ | ૧ |
| મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ | ૫ | ૪ |
| હેડક્લાર્ક | ૧ | ૧ |
| એકાઉન્ટન્ટ | ૦ | ૧ |
| મદદનીશ શિક્ષક | ૦ | ૯ |
| ૧ | ૨ | ૩ |
| સમાજ કલ્યાણ નિરીક્ષક | ૩ | ૩ |
| સહાયક સમાજ કલ્યાણ નિરીક્ષક | ૩ | ૭ |
| સિનિયર કલાર્ક | ૧ | ૩ |
| જુનિયર કલાર્ક/કલાર્ક કમ ટાઇપિસ્ટ | ૦ | ૧ |
| શિવણ સંચાલિકા | ૦ | ૧ |
| ડ્રાઇવર | ૦ | ૧ |
| ડ્રાઇવર કમ પટાવાળ (ફિક્સ પગાર) | ૧ | ૦ |
| પટાવાળા | ૦ | ૪ |
| ચોકીદાર | ૪ | ૫ |
| સફાઇ કામદાર | ૨ | ૧ |
| કુલ | ૨૧ | ૪૩ |

(૨)તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે , અને

(૨) આણંદ જિલ્લામાં

| | | |
|---|---|---|
| સહાયક સમાજ કલ્યાણ નિરીક્ષકની | ૧ જગ્યા | તા. ૨૬-૯-૦૬ થી |
| | ૨જગ્યા | તા. ૩-૪-૦૭થી |
| સીનીયર કલાર્કની | ૧જગ્યા | તા. ૧૫-૧૦-૦૯થી |

ખેડા જિલ્લામાં

| | | |
|---|---|---|
| સમાજ કલ્યાણ નિરીક્ષકની | ૧ જગ્યા | તા. ૩૧-૫-૧૨ થી |
| | ૧ જગ્યા | તા. ૨૪-૯-૧૨થી |
| સહાયક સમાજ કલ્યાણ નિરીક્ષકની | ૩ જગ્યા | તા. ૨૬-૯-૦૬ થી |
| | ૪ જગ્યા | તા. ૩-૪-૦૭ થી |
| મદદનીશ શિક્ષકની | ૧જગ્યા | તા. ૨૮-૬-૦૯ થી |
| | ૧ જગ્યા | તા. ૨૬-૧૦-૧૦થી |
| એકાઉન્ટન્ટની | ૧ જગ્યા | તા. ૨૪-૯-૧૨થી |
| સીનીયર કલાર્કની | ૧ જગ્યા | તા.૨૫-૧૦-૦૯ થી |
| | ૧જગ્યા | તા. ૩૦-૬-૧૦ થી |

(૩)ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં

(૩) જેમ બને તેમ જલ્દી.

આવશે ?

---------

## જૂનાગઢ જિલ્લામાં ખાણ ખનીજની ચોરી બાબત

૧૦૨૨ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનીજની કેટલી રકમની ચોરીઓ પકડાઇ, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે કઇ કલમો લગાવી ફરિયાદો દાખલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) **પત્રક-૧** મુજબ

**પત્રક-૧**

**તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનીજની ચોરીઓનીપકડાયેલ રકમ**

| અનુ. | તાલુકાનું નામ | રકમ રૂ઼ા. |
|---|---|---|
| ૧ | ઉના | ૨૯૪૧૫૮૭૭ |
| ૨ | કોડીનાર | ૮૮૩૫૬૨૫ |
| ૩ | સુત્રાપાડા | ૨૫૪૦૨૩૭૪ |
| ૪ | વેરાવળ | ૧૨૪૫૪૮૧૧ |
| ૫ | માળીયા | ૪૮૮૨૭૬ |
| ૬ | માંગરોળ | ૧૬૪૮૦૮૧ |
| ૭ | તાલાળા | ૨૪૬૦૭૦ |
| ૮ | માણાવદર | ૧૫૫૯૮૫૨ |
| ૯ | કેશોદ | ૨૩૨૮૮૭ |
| ૧૦ | ભેશાણ | ૩૫૦૦૦ |
| ૧૧ | મેંદરડા | ૨૮૨૩૯૦ |
| ૧૨ | વિસાવદર | ૨૬૫૬૩૮ |
| ૧૩ | જુનાગઢ | ૧૪૨૮૩૮૭૯ |
| ૧૪ | વંથલી | ૧૫૧૩૮૨૮ |
| | કુલ | ૯૬૬૬૪૫૮૮ |

(૨) તે અન્વયે ૫૯ કિસ્સામાં ૧૫૬ ઇસમો સામે નીચેની જુદી જુદી કલમો લગાવવામાં આવેલ.

- ખાણ ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ-૧૯૫૭ ની કલમ-૪(૧)(એ)
- ગુજરાત ખનિજ (ગેરકાયદે ખોદકામ, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો - ૨૦૦૫ના નિયમ-૩ની જોગવાઇ, તેમજ
- આઇ.પી.સી. કલમ-૩૭૯,૧૧૪ની કલમો લગાવી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી.

---------

## જૂનાગઢ જિલ્લામાં ખાણ ખનીજની ચોરીના બનાવો

૧૦૧૯ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનીજની ચોરીના કેટલી કિમતના કેટલા કિસ્સાઓ પકડવામાં આવ્યા, અને

(૨)પકડાયેલા ઇસમો સામે કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) **પત્રક–૧** મુજબ

**પત્રક–૧**

**તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનીજની ચોરીના કિસ્સાની વિગત.**

| અનુ. | તાલુકાનું નામ | કેસની સંખ્યા | રકમ રૂ઼ા. |
|---|---|---|---|
| ૧ | ઉના | ૧૫૨ | ૧૦૪૨૩૭૫૭ |
| ૨ | કોડીનાર | ૪ | ૧૬૧૭૨૦૦ |
| ૩ | સુત્રાપાડા | ૩૩ | ૫૬૦૧૦૧૩ |
| ૪ | વેરાવળ | ૬ | ૫૩૫૪૯૮૦ |
| ૫ | માળીયા | ૮ | ૪૭૮૨૭૬ |
| ૬ | માંગરોળ | ૪ | ૬૯૫૩૪૫ |
| ૭ | તાલાળા | ૫ | ૨૪૬૦૭૦ |
| ૮ | માણાવદર | ૨૬ | ૧૨૩૩૯૩૫ |
| ૯ | કેશોદ | ૭ | ૯૪૮૮૭ |
| ૧૦ | ભેશાણ | ૪ | ૩૫૦૦૦ |
| ૧૧ | મેંદરડા | ૦ | ૦ |
| ૧૨ | વિસાવદર | ૩ | ૨૫૩૧૩૮ |
| ૧૩ | જુનાગઢ | ૫૦ | ૩૭૫૯૯૩૪ |
| ૧૪ | વંથલી | ૮૫ | ૧૦૮૦૯૪૦ |
| | કુલ | ૩૮૭ | ૩૦૮૭૪૪૭૫ |

(૨)

- એમ.એમ.ડી.આર. એક્ટ–૧૯૫૭ની કલમ–૨૧ (૫) મુજબ વસુલાતના હુકમો કરવામાં આવ્યા.
- પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી.
- ખનિજ વહનના કિસ્સામાં સમાધાનની રકમ વસુલવામાં આવી.

---------

# પોઇન્ટ ઓફ ઓર્ડર

તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબના પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવા અંગે

શ્રી શૈલેષ મ. પરમાર : સર, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૮થી ૨૦૧૨માં પાના નં.૫૯ ઉપર.

અધ્યક્ષશ્રી : પહેલાં તમારો પ્રશ્ન તો કહો. પછી તમે ક્વોટેશન આપજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે આજની તારાંકિત પ્રશ્નોત્તરી, પ્રશ્ન ક્રમાંક–૯માં લખેલું છે કે પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. અગાઉ જે નિર્ણય લીધેલો છે તેમાં એ સમયે અશોક ભટ્ટ સાહેબે નિર્ણય લીધો હતો કે તારાંકિત લેખિત જવાબ ચાર પાના સુધીનો હોય તો તારાંકિત પ્રશ્નોત્તરીની પુસ્તિકામાં છાપવામાં આવે છે. તેનાથી વિસ્તૃત માહિતી હોય તો એ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવે છે. આજના ૯મા નંબરના પ્રશ્નમાં ..

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન સમજી ગયો. સૂચનાત્મક આદેશો જે બહાર પાડયા છે, તેમાં તારાંકિત પ્રશ્નો માટે એક પાનાનું અને અતારાંકિત પ્રશ્નો માટે ૪ પાનાનું ધોરણ છે. અને અશોકભાઇએ બેઠાં બેઠાં ચાર પાનાનું ડેકલેરેશન કર્યું હતું, પરંતુ આપણે સૂચનાત્મક આદેશોમાં જે એક પાનાનો ઉલ્લેખ છે એ માન્ય રાખીને એ પ્રમાણે ચલાવીએ છીએ. નેકસ્ટ.

# મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## ઉત્પાદકીય ક્ષેત્રે રાજય સરકારે શરૂ કરવા ધારેલી નવી પ્રોત્સાહક યોજના અંગે

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) : સમગ્ર ભારતમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો વૃદ્ધિદર તેની ક્ષમતા કરતાં ઘણો નીચો જોવા મળેલ છે. ભારત સરકારે પણ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રના વિકાસ માટે ભાર મૂક્યો છે. સમગ્ર દેશની જીડીપીમાં અત્યારે મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો ફાળો ૧૮ ટકા છે. તે ફાળો વર્ષ ૨૦૨૫ સુધીમાં વધારીને ૨૫ ટકા કરવાના હેતુથી, નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલિસી ૨૦૧૧ ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ છે. મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર મોટા પ્રમાણમાં રોજગારી આપે છે. અત્યારે રાજયના જી.એસ.ડી.પી.માં આ ક્ષેત્રનો ફાળો ૨૭ ટકા છે. તે વધારીને વર્ષ ૨૦૧૭ સુધીમાં, ૩૨ ટકા સુધી લઇ જવાનું રાજય સરકારનું ધ્યેય છે. રાજયના ઉત્પાદકીય ક્ષેત્રને મહત્વ આપવા માટે અને તે ક્ષેત્રોના વિકાસ માટે રાજયની ઓદ્યોગિક નીતિ ૨૦૦૯ની યોજનાઓમાં ફેરફાર કરી, નવી પ્રોત્સાહન યોજના શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. આ અંગે પ્રસિદ્ધ કરવા ધારેલ ઠરાવની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે.

નવી પ્રોત્સાહન યોજનામાં નીચે મુજબના ક્ષેત્રોને આવરી લેવામાં આવશે.

(૧) ઓટો અને ઓટો કમ્પોનન્ટસ
(૨) સોલાર અને વીન્ડ ઇકવીપમેન્ટ મેન્યુફેક્ચરીંગ
(૩) સ્પેશ્યાલીટી અને ફાઇન કેમીકલ્સ
(૪) ઇલેકટ્રોનીક સીસ્ટમ ડીઝાઇન એન્ડ મેન્યુફેક્ચરીંગ (ઇ.એસ.ડી.એમ.)
(૫) ફુડ અને એગ્રો બીઝનેસ

નીચે મુજબની પાંચ યોજનાઓ અમલમાં મૂકવાનું રાજય સરકારે વિચારેલ છે. જેમાં આપવાની થતી સહાયની ટૂંકી વિગતો નીચે મુજબ છે.

(૧) **વ્યાજસહાય યોજનાઃ-**

એમ.એસ.એમ.ઇ. એકમો માટે ૭ ટકા અને મોટા એકમો કે જેનું મૂડી રોકાણ રૂ. ૧૦૦ કરોડ સુધીનું હોય તેના માટે ૨ ટકા વ્યાજસહાય પાંચ વર્ષ માટે આપવામાં આવશે. આ સહાયનું ધોરણ નાના એકમો માટે વાર્ષિક મહત્તમ રૂ. ૨૫ લાખ અને મોટા એકમો માટે વાર્ષિક મહત્તમ રૂ. ૫૦ લાખનું રહેશે.

(૨) **કોર ઇન્ફ્રાસ્ટ્રકચર માટે સહાયઃ-**

ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં આંતરિક રસ્તા, પાણી પુરવઠા, વીજળીકરણ સંદેશાવ્યવહાર વગેરે કોર ઇન્ફ્રાસ્ટ્રકચરના કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૨૦ કરોડ બેમાંથી જે ઓછું હોય તે સહાય પેટે આપવામાં આવશે.

(૩) **કોમન ફેસીલીટી માટે સહાયઃ-**

નવી ટેકનોલોજી/પ્રક્રિયા/ડીઝાઇન વિકસાવવા, કાચા માલ અને તૈયાર થયેલ માલના ટેસ્ટીંગ /માપણી માટે કોમન ફેસીલીટી ઉભી કરવાના કુલ ખર્ચના ૮૦ ટકા અથવા રૂ. ૧૦ કરોડ બેમાંથી જે ઓછું હોય તે સહાય પેટે ચૂકવવામાં આવશે.

(૪) **કોમન એફ્લુયન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (સીઇપીટી)માટે સહાયઃ-**

ભારત સરકારમાંથી જો આ હેતુ માટે સહાય મળે તો ભારત સરકાર તરફથી મળતી સહાય સહિત કુલ ખર્ચના ૭૫ ટકાની મર્યાદામાં સહાય આપવામાં આવશે. પરંતુ જો તેવી સહાય ભારત સરકાર તરફથી મળી ન હોય તો કુલ ખર્ચના ૪૦ ટકાની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવશે.

(૫) **સેન્ટર ઓફ એકસલન્સ માટે સહાયઃ–**

પીપીપી મોડ હેઠળ શરૂ થનાર સેન્ટર ઓફ એકસલન્સ, જો રાષ્ટ્રીય કક્ષાનું હોય તો, કુલ ખર્ચના ૭૦ ટકા, પરંતુ રૂ. ૨૦ કરોડની મર્યાદામાં અને જો આવું સેન્ટર આંતરરાષ્ટ્રીય કક્ષાનું હોય તો તેવી સહાય રૂ. ૩૦ કરોડની મર્યાદામાં ચૂકવવામાં આવશે.

આમ ઉત્પાદકીય ક્ષેત્રે રાજય સરકારે શરૂ કરવા ધારેલી નવી પ્રોત્સાહક યોજનાના અમલથી રાજ્યના મેન્યુફેક્ચરીંગ સેકટરનો ખૂબ વિકાસ થશે. રાજ્ય સરકારે રાજ્યના કુલ ઘરેલુ ઉત્પાદનમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો ફાળો ૨૦૧૭ સુધીમાં ૩૨ ટકા સુધી લઇ જવાનું જે ધ્યેય રાખેલ છે તે પૂર્ણ થશે અને આ ક્ષેત્રના વિકાસ થકી રાજયમાં મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થશે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સારી વાત છે. ૨૦૧૭ સુધીમાં ૩૨ ટકા સુધી વધારો લઇ જવાનો છે. મારી માહિતી પ્રમાણે તમારા આર્થિક સરવેમાં ૩૭ ટકાનો ઉલ્લેખ છે. ત્યારે ૩૨ ટકા સુધીની એકસરસાઇઝનો કોઇ મતલબ નથી. અભ્યાસ કરીને મને જાણ કરશો તો આનંદ થશે.

# રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજયપાલશ્રીના સંબોધન માટે તા.૨૩મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ શ્રી આત્મારામભાઇ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને શ્રી મોહનભાઇ કુંડારીયાએ અનુમોદન આપ્યું છે, તે આ પ્રમાણે છે.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

હવે રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ અને તેના ઉપરના રજૂ થયેલા સુધારા ઉપરની ચર્ચા આગળ ચાલશે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

નામદાર રાજયપાલશ્રીએ પ્રવચનનો મુસદ્દો મંજૂર કરેલ હશે. પરંતુ એમની નાદુરસ્ત તબિયતના કારણે આખો મુસદ્દો અહીંયાં વાંચી શક્યા નહોતા. પરંતુ વાંચ્યા બરાબર ગણવા એવો ઉલ્લેખ કરેલ હતો. એટલે વિપક્ષના મિત્રોને ખાસ જણાવું છું કે, આ આખો મુસદ્દો આપણા હાઉસમાં રજૂ થયેલો જ છે. એમણે જે ઉલ્લેખો કરેલા છે એમાં ખાસ ધ્યાન દોરવું છે કે, સ્વતંત્ર ભારતના નિર્માણમાં ગુજરાતે હંમેશાં ઐતિહાસિક ભૂમિકા ભજવી છે. એમણે ઉલ્લેખ કર્યો છે કે, લોકશાહી તંત્ર હેઠળની છેલ્લી ચૂંટણીઓમાં ઐતિહાસિક પરિણામ આપી આ સરકારને ત્રીજો વિજય અપાવ્યો છે. મારી સરકારની લોક નિષ્ઠા, કાર્યદક્ષતા અને જન કલ્યાણ માટે પ્રજાએ ફરીવાર પાંચ વર્ષ માટે મહોર મારી છે. સતત ૧૧ વર્ષથી બેનમૂન નેતૃત્વ પૂરું પાડવા માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપ્યા છે. આ ઉપરાંત ઘણા ઉલ્લેખો છે. પરંતુ મારે ધ્યાન દોરવું છે અમુક બાબતો પરત્વે. વિપક્ષના મિત્રોએ માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન વાંચ્યું નથી અથવા સમજવા પ્રયત્ન કર્યો નથી. વિપક્ષના આગેવાનોને મારે કહેવું છે કે, તેઓ ઘણી વખત ઉલ્લેખ કરે છે કે, ગુજરાત ૨૦૦૧ પછી જ પેદા થયું અગર તો બન્યું. એવો વારંવાર ઉલ્લેખ થાય છે. એનું અમને દુઃખ થાય છે.

તમે ઉલ્લેખ કરો છો એવો ઉલ્લેખ નથી. મારે એમ કહેવું છે કે, ૨૦૦૧ પહેલાં જે રીતે ગુજરાતનો વિકાસ થતો હતો એના તમે સૌ સાક્ષી છો અને અમે પણ સાક્ષી છીએ. ૨૦૦૧ પહેલાં વિકાસ ચીલાચાલુ પદ્ધતિથી થતો હતો. જેમ કોઇ કાપડનું વણાટ થતું હોય અને એમાં તાણા–વાણા આમ તેમ હોય અને સરખી રીતે ન ગોઠવાયા હોય, એ જ રીતે સરખું કાપડ બનતું નહોતું. ૨૦૦૧ પહેલાંની આવી સ્થિતિ હતી. કામ થયું છે પણ પદ્ધતિસર ન હોવાના કારણે એનો વિકાસ થતો નહોતો. મારે ઉલ્લેખ કરવો છે કે, એમના કોઇ એન.આર.આઇ. મિત્રો હોય, એ તટસ્થ ભાવે બોલનાર હોય, એ પરદેશથી આવે ત્યારે એમને તટસ્થ ભાવે પૂછજો, તમને ખ્યાલ આવશે. એ તમારા સંબંધી હોય છે. એમને પૂછી લેજો કે આ ગુજરાતનો વિકાસ કેવો થયો છે. એ તમને તટસ્થપણે કહેશે. આવું શા માટે થયું? ગુજરાતના વિકાસનો મંત્ર પ્રોપર નથી બનતો ત્યાં સુધી ગુજરાતનો વિકાસ થતો નથી. ૨૦૦૧ પહેલાં એવું થતું હતું કે, કામ કરો, નાણાં ભેગાં કરો, જેમ હોય તેમ વાપરો, વિકાસની કોઇ સિસ્ટમ નહીં, બળીયાના બે ભાગ. ગરીબ ક્યાં રહે છે, કયાં મરે છે? કેવી રીતે જીવે છે? એનો કોઇને ખ્યાલ નહોતો. જયારે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૧ પછી જે જવાબદારી લીધી મારે તમને કહેવું છે ગૃહમાં. એમણે પહેલું કામ એક વર્ષ સુધી સમગ્ર ઓબ્ઝર્વેશન કર્યું. એક વર્ષ સુધી સતત એમણે ચિંતન કર્યું અને પછી જે મહામંત્ર શોધ્યો કે ગુજરાતનો વિકાસ નહીં, દેશનો વિકાસ નહીં, કોઇને પણ વિકાસ કરવો હોય તો એક મહામંત્ર હોવો જોઇએ, અંતે પંચશકિતનો વિકાસ થવો જોઇએ, અને તે પંચશકિત એટલે એક શકિત જ્ઞાનશકિત, જયાં સુધી જ્ઞાનનો વિકાસ ન થાય જયાં સુધી, જળશકિતનો વિકાસ ન થાય, જયાં સુધી ઉર્જાશકિતનો વિકાસ ના થાય. જયાં સુધી જનશકિતનો વિકાસ ન થાય અને જયાં સુધી રક્ષાશકિતનો વિકાસ ન થાય આ પાંચ શકિતઓનો જો દેશમાં વિકાસ ન થાય તો ન તો દેશ બને કે ન તો આપણો પ્રદેશ બને, અને એટલા માટે આ મહામંત્રનો પ્રયોગ કર્યો. મહામંત્ર પછી મંત્રીશ્રીઓને, ધારાસભ્યશ્રીઓને અને જવાબદાર અધિકારીઓને જવાબદારીઓની વહેંચણી કરી અને જે પ્રમાણે કામ શરૂ કર્યુ એના માટે તમે સૌ જાણો છો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ટૂંકમાં એક જ ઉલ્લેખ કરવો છે કે ઉર્જાશકિત, ઉર્જાશકિતમાં સમગ્ર ગુજરાતમાં શું નથી થયું? હું અને તમે અંધારામાં ભણ્યા, હું અને તમે ગામડામાં અંધારામાં રહ્યા, કાદવ કીચડમાં રહ્યા. અથડાતા રહ્યા. ન તો કોઇની પાસે વીજળી હતી, આજે ૨૪ કલાક ગુજરાતમાં વીજળી આવી આ ઉર્જાશકિતનો વિકાસ એ અમારો મંત્ર છે. તમારે સમજવું નથી. તમારા ઘરમાં ૨૪ કલાક વીજળી આવે છે, (અંતરાય) આ પંચશકિતનો વિકાસ કરવાની સિસ્ટમ ગોઠવી ત્યાર પછી ગુજરાતનો વિકાસ થયો છે, એ તમે સમજવા તૈયાર નથી, કારણ કે જેની આંખમાં પીળીયો હોય એને પીળો કલર દેખાય. મારે એમને એક સમજ આપવી છે કે રાજયપાલશ્રીએ જળશકિતનો ઉલ્લેખ કર્યો હતો. જળશકિતની કોલમ વાંચો તો ખ્યાલ આવશે. ખુદ રાજયપાલશ્રી નહીં, આપણો ઈતિહાસ કહે છે કે ગુજરાત અછત અને અર્ધ અછતવાળું રાજય છે. બારમાસી નદીઓનો પણ ગુજરાતમાં અભાવ છે. અપૂરતો વરસાદ રહે છે. તમારા વખતમાં પણ એ જ હતું. આ વખતમાં એ જ છે. તમારા વખતમાં જે સ્થિતિ હતી અને અત્યારે શું સ્થિતિ છે એ તમે જાણો છો. તમારા શાસનમાં પીવાનું પાણી નહોતું. તમારા શાસનમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને બનાસકાંઠામાં જે ધારાસભ્ય મિત્રો હતા એમને પૂછો કે તમારી એ વખતની સ્થિતિ શું હતી? માનનીય વિપક્ષના નેતા જયારે બનાસકાંઠાથી ચૂંટણી લડતા હતા, ત્યારે અમે પણ ચૂંટણી લડવા ત્યાં ગયા હતા, અને ત્યાં રાધનપુરમાં હું ગયો. અમે બધા જ ગયા હતા, અમે જેના ઘેર ઉતર્યા હતા, નહાવાનું પાણી માંગ્યું એક વેંત લાંબી ડોલ આપી એની અંદર બે લોટા પાણી આપ્યું, એમણે કહ્યું કે તમે નહાવ, મેં કીધું કેવી રીતે સ્નાન કરવું? આ શાસનનો પ્રકાર હતો તમારો, તમારા પંચમહાલમાં પણ અમે આવેલા છીએ. અમારી સ્થિતિ શું હતી એ મને ખબર છે. પીવાના પાણીની વાત કરુ છું ત્યારે ઉલ્લેખ કરવાનું મન થાય છે, કે તમારા શાસનમાં પાંચ હજાર ગામોમાં ટેન્કરોથી પાણી અપાતું હતું. અને જયારે હું મંત્રી બન્યો ત્યારે અમારા વારસામાં આવેલું, પાંચ હજાર ગામડાઓમાં ટેન્કરોથી પાણી અપાતા હતા. ટ્રેનો દ્વારા જામનગર સુધી પાણી લઇ જવું પડતું હતું. એ વાતનો અમે સ્વીકાર કરીએ છીએ કે ગુજરાત અછત અને અર્ધ અછતવાળો પ્રદેશ છે. પણ એના ઉપાય જુઓ. આજે એ સ્થિતિ નથી. અહીંયા ટ્રેનોથી પાણી આપવું પડતું નથી. અહીંયા ટેન્કરોથી પણ એટલું બધું પાણી આપવું

પડતું નથી. વરસાદ ઓછો પડે અને કોઇ લોકેશનમાં પાણી ન પહોંચ્યું હોય તો એનો અર્થ એવો નથી કે ટેન્કરોથી પાણી આપીએ છીએ કે ટેન્કરવિહિન કરવાનો અમારો પ્રયત્ન નિષ્ફળ ગયો છે. પાઇપોની અંદર કોઇ વખતે પાણી નહીં આવતું હોય, બની શકે ટેકનિકલ કોઇ ખામી હશે, બની શકે કે ત્યાં આગળ પુરવઠાની અંદર કોઇ તકલીફ પડી હશે, પણ એનો અર્થ એવો નથી કે હજારો કિલોમીટર કે લાખો કિલોમીટર પાઇપો જે પાથરી છે, એમાં પાણી વહેતું નથી. આજે એના કારણે તમે ઉહાપોહ કરાવો છો પણ પ્રજા ઉહાપોહ કરવા તૈયાર નથી. જયાં આગળ મુશ્કેલી છે ત્યાં અમે ઉપાય કરીશું. એ માનવા તૈયાર નથી. અમારા મુરબ્બીશ્રી કેશુભાઇ સાહેબે થોડો ઉલ્લેખ કર્યો એટલે મારે કહેવું છે અને નર્મદા વિશે થોડી વાતો કરવાની મને ઇચ્છા થાય છે. એમણે એવો ઉલ્લેખ કર્યો કે અત્યાર સુધી આટલી બધી કેનાલો ન બનાવી અને ૪૫ હજાર કિલોમિટરની કેનાલો ૩ મહિનામાં બનાવી દેશે? આવો ઉલ્લેખ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી કરે જ નહીં અને કરે તો બીજા સંદર્ભમાં હોય. આ સંદર્ભ બરાબર નથી. એટલા માટે માનનીય કેશુભાઇને વિનંતી કરું છું કે અગર આવો ઉલ્લેખ હોય તો એમણે ચોક્કસ ઓથોરિટીપૂર્વક કહેવો જોઇએ. બાકી આવો ઉલ્લેખ (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એ કહે છે કે મારી પાસે સાબિતી પણ છે.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ :** ઓથોરિટીપૂર્વક અમને કહે. મને આનંદ થાય કે કેશુભાઇ સાહેબે અગર આવો ઉલ્લેખ કર્યો હોત કે ગુજરાતમાં નર્મદા ડેમ બંધાયો છે એના ઉપર ગેઇટ નથી મૂકાયા. એના માટેનો ઉલ્લેખ કર્યો હોત તો અમને સંતોષ થાત કે એમને નર્મદા માટેની ચિંતા છે, પણ એમણે એ ઉલ્લેખ નથી કર્યો. હું એટલા માટે કહું છું કે એમની પાસેથી અમે અપેક્ષા રાખીએ છીએ. વિપક્ષના લોકો કેન્દ્રમાં બેઠા છે અને એમનું શાસન છે. એમણે સૂચના આપી હોત કે ગુજરાતને નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી કેમ કે ડેમ ઉપર ગેટ મૂકાયા નથી. મારે થોડા આંકડા આપવા છે. આપણે અત્યારે ૧૨૧.૯૨ ની હાઇટ ઉપર પહોંચ્યા છીએ. ૧૧૦ થી ૧૨૧.૯૨ ની હાઇટની વચ્ચે જે પાણીનો જથ્થો ભેગો થાય છે એ ફકત ૨૫ ટકા છે. આપણે કુલ સંગ્રહના ૯ મિલિયન એકર ફીટ પાણી વાપરવાનું છે એમાંથી ૪.૭૩ એકર ફીટની ટોટલ સ્ટોરેજ કેપેસિટી બનવાની છે. ગેટ મૂકાયા પછી ૩.૪૬ મિલિયન એકર ફીટ પાણીનો જથ્થો એકઠો થઇ શકવાનો છે. અત્યારે ૧.૨૭ મિલિયન એકર ફીટ લાઇવ પાણીનો જથ્થો એકઠો કરીએ છીએ. ટોટલ સ્ટોરેજના ૨૫ ટકા ભેગો ન કરી શકીએ. ઉપર ગેટ મૂકવાથી લગભગ ૪.૭૩ મિલિયન એકર ફીટ પાણીનો જથ્થો એકઠો થઇ શકે. આ બાબતનો ઉલ્લેખ નથી. ૨૫ ટકા પાણીની સ્ટોરેજ કેપેસિટી થઇ. કેનાલની ચિંતા કરવી જોઇએ અને એના માટે ચર્ચા થાય એ ઠીક છે. અગર અઢી વર્ષ સુધીમાં ગેટ મૂકવાના છીએ એ ન મૂકાય અને કેનાલ બાંધીને લાઇનીંગ કરીને મૂકી રાખી હોત તો ગરમીના લીધે એ તુટીને ટુકડે ટુકડા થઇ ગયા હોત એવું હું એન્જિનિયર તરીકે કહી શકું છું. અઢી વર્ષે પણ ગેટ મૂકવા દેવાના નથી એ સંજોગોમાં ગુજરાતની કેનાલોના હાલ શું થયા હોત? તમારી જે માગણીઓ હશે એના આધારે સરકારે ખેડૂતોની જમીન લીધી. તમે કેટલા રૂપિયે જમીન લેતા હતા એ ખબર છે. આજે જંત્રીના ભાવે, બજાર ભાવે ખેડૂતોની જમીન એક્વાયર કરીએ છીએ અને કેનાલ બનાવવામાં આવે છે. મારું સૂચન છે કે તમે અમને ગેટ મૂકાવી દો, અમે તમને કેનાલ પૂરી કરાવી આપીએ એ બે કામો સાથો સાથ જવાબદારી સ્વીકારવા તૈયાર હોય તો ગેટ મૂકવાની મંજૂરી અમને અપાવો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાતનો ઐતિહાસિક તહેવાર ગયો. એ તહેવારની અંદર ૧૨૧ દેશો અને ૨૪ રાજ્યોમાંથી ૨૨૮ પ્રતિનિધિઓ આવ્યા હતા. ૮૨૩ મહાનુભાવોએ ગુજરાતના વખાણ કર્યા. છેલ્લા ૧૧ વર્ષમાં ૨૫૦ જેટલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગૌરવ એવોર્ડ પણ મળ્યા. આ સરકાર આવ્યા પછી ગુજરાતમાં પરિવર્તન લાવવા માટે જે પ્રયત્નો કર્યા એ પરિવર્તનના આંકડાઓ સાથે હું કહેવા જઇશ તો મારે કહેવું પડે કે હમણાં નરોત્તમકાકા પાણી માટે બોલતા હતા. એમણે પાણી પુરવઠા ખાતું સંભાળ્યું હતું. માનનીય વડિલશ્રીએ બહુ સારું કામ કર્યું છતાં પણ આ વખતે બાદબાકી કેમ થઇ એ મારા મગજમાં બરાબર ઉતરતું નથી? માનનીય નરોત્તમભાઇ, આપ બહુ સારું બોલ્યાં પણ ફરીવાર નંબર લાગે એવું મને દેખાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની જ્યારે વાત કરીએ છીએ ત્યારે મને યાદ છે જો હું ભૂલતો ના હોઉં તો સામે અમારા મુરબ્બી વડિલ કેશુબાપા જ્યારે મુખ્યમંત્રી તરીકે બેઠા હતા ત્યારે મને બરાબર યાદ છે કે એ એમના પ્રવચનમાં એવું કહેતા હતા કે ગુજરાત એ એક એવું રાજ્ય છે કે ગુજરાતની જનતાને જો સલામતી, કાયદો અને વ્યવસ્થા બરાબર આપીશ તો ગુજરાત એની મેળે વિકાસ કરી લેશે, એ શબ્દો અત્યારે પણ મને યાદ છે. મુખ્યમંત્રી તરીકે તેઓ જેટલા સમય બેઠા હતા ત્યાં સુધી ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાનું પૂરેપૂરું પાલન થયું એનો હું ખરેખરો સાક્ષી છું. હું પણ ચોથી-પાંચમી ટર્મ ધારાસભ્ય તરીકે બેઠેલો છું. અત્યારે કાયદો અને વ્યવસ્થા બિલકુલ ખાડે ગયેલી છે. કાયદો અને વ્યવસ્થા બાબતમાં તમે એમ કહો છો કે દેશની અંદર ગુજરાત જ એક એવું રાજ્ય છે બહેનોની સલામતી ફક્ત ગુજરાતની અંદર છે બીજા કોઇ રાજ્યમાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ''વરની મા હંમેશા વરના જ વખાણ કરે'' પણ હું એમ કહીશ કે ગુજરાતની અંદર અમદાવાદની અંદર અથવા તો બીજા શહેરોની અંદર જે કાયદો અને વ્યવસ્થાની દ્દષ્ટિએ થઇ રહ્યું છે, એને કારણે પોતાની કોઇ સલામતી ના હોવાને કારણે દરેક ભયભીત છે, એ નાસીપાસ થયેલ છે. એક નડિયાદ જેવા શહેરની અંદર મહાગુજરાત રોડ ઉપર અગાઉના દિવસોમાં પેસી જઇને, કુટુંબના બે માણસોના ખૂન કરીને લૂંટી ગયા. એ જ રોડ ઉપર બીજી વખત આ જ પ્રસંગ થયો એ કાયદો અને વ્યવસ્થા બતાવે છે. નડિયાદની અંદર પોલીસ સ્ટેશનની સામે બેંકની અંદર આખી તિજોરી ઉઠાવી ગયા તો હું કહીશ કે નડિયાદમાં કાયદો અને વ્યવસ્થા કેવા છે?

માનનીય અધ્યક્ષશ્રી, બહેનોની જ્યારે વાત કરે છે ત્યારે મારે કહેવું પડે છે કે રાજ્યની અંદર દહાડે દહાડે બળાત્કાર અને ખૂન વધતા જાય છે. કેટલીય જગ્યાએ મેં પ્રસંગો જોયા છે કે બહેનોના બળાત્કાર પછી એનું ખૂન થાય છે. એના શરીરના ટુકડા કરીને અડધો ટુકડો મળે છે અને અડધો ટુકડો નથી મળતો. એ પોલીસ ખાતું હજુ સુધી શોધી શક્યું નથી. મારે કહેવું પડે છે કે તમે વખાણ કરો છો એ વખાણની સાથે સાથે કાયદો અને વ્યવસ્થાનો પૂરેપૂરો અમલ કરો. તમે ભરતીની વાત કરો છો. ભરતી ઓછી હોવાના કારણે, પોલીસ ઓછી હોવાના કારણે કાયદો અને વ્યવસ્થા જાળવી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારું નમ્ર સૂચન છે કે કાયદો અને વ્યવસ્થાનો તમે બરાબર અમલ કરો તો ગુજરાતની જનતા એનો વિકાસ પણ જાતે કરી લેશે એમાં કોઇ બેમત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની વાતમાં નરોત્તમભાઇએ કહ્યું કે અમે કામ કર્યું. માનનીય કેશુભાઇ અને વિરોધપક્ષના નેતાશ્રીએ પણ કહ્યું હતું કે જૂન-૨૦૧૩ની અંદર સરદાર સરોવરની કેનાલો પૂરી કરવાની છે એ કોઇ સંજોગોમાં પૂરી થઇ શકે તેમ નથી. હું કહું છું કે નર્મદાની કેનાલ એ મેઇન કેનાલ હોય કે સબ-માઇનોર કેનાલ હોય એ સબ-માઇનોર કેનાલ પણ અત્યાર સુધી થઇ શકી નથી એના કારણે ખડૂતોને પાણી મળી શકતું નથી. અગાઉના વર્ષોની અંદર કડાણાનો જે ડેમ બંધાયો એ કેડાણા ડેમની અંદર જે માઇનોર કેનાલ થઇ, સબ-માઇનોર કેનાલો થઇ, ઢાળિયા થયા એનું રીપેરિંગ કરી શકતા નથી. એનું રીપેરીંગ ના થઇ શકવાના કારણે ખેડૂત એના ખેતર સુધી પાણી લઇ શકતો નથી. એ અત્યારે પણ આપણે જોઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રની અંદર અમારા એક બીજા સભ્ય બોલતા હતા કે ટૂંક સમયમાં પરિસ્થિતિ બદલાવાની છે. એનું અત્યાર સુધી કોઇ આયોજન થયું છે ખરું? એને પાણી આપવા માટે કોઇ નિર્ણય કર્યો છે ખરો? એ કરી શક્યાં નથી. હું નમ્ર વિનંતી સાથે કહીશ કે અત્યારથી આયોજન કરો ઉનાળાની અંદર બહુ મુશ્કેલી થવાની છે. મારા તાલુકાની અંદર પણ ૨૦ થી ૨૫ ગામ એવા છે કે વર્ષોથી કડવું અને ખારું પાણી પીવે છે. વારંવાર રજૂઆત કરવા છતાં પણ એને પાણી આપી શકતા નથી. પાણી પુરવઠા મારફતે વાત કરીએ તો પાણી પુરવઠાનું પાણી ત્રીજા દિવસે મળે છે, બાકી પાણી પુરવઠાનું પાણી મળતું નથી. એ બોર કરે તો પણ પાણી મળતું નથી. જ્યારે પાણી ન આવતું હોય ત્યારે દૂર સુધી લેવા જવું પડે છે. પાણી ન મળવાને કારણે હંમેશા મોટાભાગે ફરિયાદો આવતી હોય છે. પાણી પુરવઠામાં કહ્યું કે ૫૦ લાખ ઘરોની અંદર અમે નળ કનેકશન મારફતે પાણી આપીએ છીએ. ૧૫૦૦૦ આદિવાસી કુટુંબોને અમે નળ મારફતે પાણી આપીએ છીએ. આ ગામડાની પરિસ્થિતિની વાત કરતા હોય અને લાખોની સંખ્યામાં, ઘરની અંદર ચકલી ખોલીને

પાણી અપાય એ વાત કરતા હોય. આદિવાસીના ઘરની અંદર ચકલી ખોલીને પાણી આપવાની વાત કરતા હોય એ માનનીય અધ્યક્ષશ્રી, હળહળતું જૂઠ્ઠું છે. આ સરકાર ખોટા આંકડાઓ બતાવે છે. હું ચેલેન્જ મારીને કહું છું કે, આદિવાસી વિસ્તારની અંદર અત્યારે પણ લોકો તળાવોનું પાણી પીવે છે, કેનાલનું પાણી પીવે છે, એ ચોખ્ખું પાણી નથી અને ખોટા આંકડાઓ રજૂ કરીને ગુમરાહ કરવાનું કામ આ સરકાર કરી રહી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ આપ કહેજો ને.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : તમે ચકલીએથી પાણી ન આપો, તમે બોરથી પાણી આપો, તમે હેન્ડ પંપથી પાણી આપો, પણ પાણી તો આપો. ખાલી ખોટા આંકડાઓ બતાવે છે કે અમે આદિવાસી વિસ્તારમાં નળથી પાણી આપીએ છીએ. તમે તો ભાષણમાં એટલે સુધી કહેતાં હતા કે, પાણીના બદલે હવે તેલ આવશે. હવે તો તેલ પણ આવતું નથી, પાણી પણ આવતું નથી. આમ તો મોટી મોટી વાતો કરીને મત લઇને આવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી જયારે ભાષણ કરતા હતા ત્યારે મને બરાબર યાદ છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ એક મિનિટ, મોટી મોટી વાત કરીને મત લઇ આવ્યા એમાં શું છે? નાની વાત કરી હોય કે મોટી વાત કરી હોય, આવી ગયા છો ને અહીંયા? હવે બેસોને શાંતિથી. હમણાં બોલી જશે. બોલો બોલો તમે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીએ જયારે ગરીબ મેળાઓ કર્યા હતા ત્યારે ડાકોરમાં પણ ગરીબ મેળાઓ કર્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.વાળાને ચેક આપ્યા, એકવીસ હજારના ચેક આપ્યા, અડધા આપ્યા, કવરની અંદર ચેક ના નીકળે ખાલી ચિઠ્ઠી નીકળી, એ બી.પી.એલ.ની અંદર ચેકો કેટલાએ વટાવ્યા નથી, જેટલાના ખાતા ખોલ્યા એ ખાતાની અંદર પણ કોઇને પૈસા ભેગા થયા નથી. ચૂંટણીની અંદર એકે એક મતદારને એમ કહ્યું કે, આ પહેલો ચેક આપ્યો છે, બીજો ચેક જો જોઇતો હોય તો મત આપશો તો ચેક આપીશું બાકી ચેક નહીં આપીએ. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પણ જે અઠ્ઠાવન હજાર ઘર બનાવવા માટેની એમણે જે જાહેરાત કરી છે, ગામડાની અંદર અત્યારે કેમેરો લઇને ફોટા પાડે છે ઝૂંપડાની અંદર માનનીય અધ્યક્ષશ્રી, એમાંય વેર..? કોંગ્રેસવાળાના ઝૂંપડાનો ફોટો પાડવાનો એમાં.. (અત્યારે )

અધ્યક્ષશ્રી : ભાઇ, શાંતિ રાખો, બોલવા દો, તમારો પણ વારો આવશે. તમારે શું જવાબ આપવો એ લખી રાખો, તમારો વારો આવે ત્યારે જવાબ આપજો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની અંદર અત્યારે ફોટા પાડવામાં આવે છે, ઝૂંપડાના ફોટા પાડવામાં આવે છે. બી.જે.પી.નું ઝૂંપડું હોય તો એનો ફોટો પાડવાનો પણ કોંગ્રેસવાળાનો હોય તો એનો ફોટો નહીં પાડવાનો. માનનીય અધ્યક્ષશ્રી, આ કયાં સુધી ચલાવવાનું ? અત્યારે તમે ગામડામાં તપાસ કરો તો તમને ખબર પડે કે આ કેવી રીતે ચાલે છે સાહેબ?

માનનીય અધ્યક્ષશ્રી, આવાસની બાબતમાં તમે એમ કહો, પણ હું તમને ચોક્કસપણે કહીશ કે, તમે પૈસા આપ્યા છે એ પૈસાનો ઉપયોગ પૂરેપૂરો નથી થયો અને જેણે ઉપયોગ કર્યો છે એને તમે બીજો હપતો અત્યાર સુધી ચૂકવી શક્યા નથી. એનું મકાન પૂરું થવાનું જ નથી, બીજો હપતો આપતાં જ નથી. ઓવરસીયર જતો જ નથી, સર્ટિફિકેટ આપતો નથી, તલાટી સહી કરતો નથી અને બીજો હપતો નથી આપી શકતા.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની વાત કરીશ. અત્યારે જે રેશન કાર્ડ નવા આપવામાં આવ્યા. એ ધારાસભ્યો પોતપોતાના વિસ્તારમાં તપાસ કરી લે. જે બી.પી.એલ. હતો એ કાર્ડ એ.પી.એલ. થઇ ગયો. એ કેવી રીતે એ.પી.એલ. થઇ ગયા ? એકે એક ધારાસભ્યને તમે પૂછો કે આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે? બી.પી.એલ.નો એ.પી.એલ. કેવી રીતે થઇ ગયો ? કોઇ અધિકારી જવાબ આપવા માટે તૈયાર નથી. એને કોઇ સુધારવા માટે પણ તૈયાર નથી. અને વાતો કરવાની થાય ત્યારે એક કુટુંબને એક મહિનાની અંદર ૩૫ કિલો અનાજ અમે આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ કુટુંબમાં એક મહિનાની અંદર કોઇ દિવસ ૩૫ કિલો અનાજ ગયું નથી. એકે એક દુકાનની અંદર બે નંબરનું ચાલે છે, મોટા ભાગે કટીંગ. એ ઘઉં હોય, હું

માનુ છું ત્યાં સુધી, એ કેરોસીન હોય કે જે ચોખા આપે છે બે રૂપિયે કિલો, માનનીય અધ્યક્ષશ્રી, એક પણ દુકાનની અંદર બે રૂપિયે કિલો ચોખા અંત્યોદયના કોઇ આપતું નથી. અધિકારી મિત્રો હોય અને મંત્રીઓ પણ હોય તપાસ કરે. તપાસ કરે તો ખબર પડશે કે, ૩૫ કિલો એક કુટુંબની અંદર કોઇ દિવસ અનાજ ગયું છે ખરું ? માનનીય અધ્યક્ષશ્રી બે નંબરમાં વેચાય છે. એની જયારે અમે ફરિયાદ કરીએ છીએ ત્યારે એમ કહે કે, અમારે તો ઉપર સુધી હપતાઓ મોકલવા પડતા હોય છે. આવી ફરિયાદો આવે અને ગરીબ માણસોને અનાજ ના મળે, એને પૂરેપૂરું કેરોસીન ના મળે. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ માણસો કયાં જાય ? એની કોઇ પણ ચિંતા કરતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સામેથી પાછા એમ કહે કે, અમે ગુટખા બંધ કરી દીધા, યુવાન મિત્રો હવે બિલકુલ કેન્સરથી મુક્ત થઇ ગયા, અમે ગુટખા બંધ કરી દીધા. અગાઉના વર્ષોથી અંદર પણ ગુટખા બંધ કર્યા હતા કોઇ પરિણામ નહતું મળ્યું. ગુટખા બંધ કર્યા તો તમે દારૂની છૂટ્ટી આપી દીધી. ગુજરાતની અંદર એક દિવસમાં કરોડો રૂપિયાનો દારૂ પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સાચું કહું છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ કોઇ સ્પેસિફિક વાત નથી કરતા, બોલો તમે. (અંતરાય) એક મિનિટ.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું એમ કહેવાનું છે કે, તમે દારૂની છુટ્ટી આપી દીધી (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ ટીકા કરે છે. માનનીય ગણપતભાઇ, આ થોડી પોલિટિકલ ચર્ચા છે. તમે શાંતિ રાખો. કહેજો ને આપના તરફથી પછી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : હમણા ચુંટણીની અંદર મારા તાલુકાની અંદર દારૂ ભરેલી એક ટ્રક પકડાઇ, ટેમ્પો પકડાયો. ટેમ્પો કબજે કર્યો પણ એનો ડ્રાઇવર મળતો નથી, એનો માલિક મળતો નથી. માલ કયાંથી આવ્યો એ પણ ખબર પડતી નથી. એક બાજુ કહે છે દારૂબંધી છે અને ટ્રકો અને ટ્રકો ભરીને દારૂ ગામડાંની અંદર ગયો. એ ટ્રક હજુ પોલીસ સ્ટેશનમાં પડી છે પણ હજુ ખબર પડતી નથી એનો માલિક કેમ પકડાતો નથી, એનો ડ્રાઇવર કેમ પકડાતો નથી, એ માલ કયાંથી આવ્યો, કોણે મંગાવ્યો હતો જો કાયદો અને વ્યવસ્થાની વાત કરતા હોય તો એને પકડીને કાયદો અને વ્યવસ્થાની કાર્યવાહી તમે કેમ કરતા નથી?

માનનીય અધ્યક્ષશ્રી, દરેક જગ્યાના પ્રશ્નો આપણે જોઇએ તો આપણને ખબર પડે. ચિરંજીવી યોજના. એમ કહે છે કે ચિરંજીવી યોજના અમે સારી કરી છે. ગરીબ બહેનોને એનો પૂરેપૂરો લાભ મળે છે. નથી મળતો. એ દવાખાનામાં જાય છે તો એના પૈસા પણ લે છે. ચિરંજીવીના પણ પૈસા લે છે અને ગ્રાહક જોડેથી પણ પૈસા લે છે. કોઇ એનું ચેકીંગ કરતું નથી. ગરીબ માણસ દિવસે દિવસે લુંટાતો જાય છે. વાતો કરવી સહેલી છે. અમલીકરણ નથી થતું અને અમલીકરણ નથી થતું એને કારણે વધારેમાં વધારે પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. વિધવા બહેનના પેન્શનમાં વધારો કર્યો. અમારા બહેન કાલે કહેતા હતા કે વિધવા બહેનોના પેન્શનમાં વધારો કર્યો. બહેન, તમે તપાસ તો કરો છ મહિને પણ પૈસા નથી મળતા. વિધવાબહેનને છ મહિને પણ પૈસા નથી મળતા. ચલો મારી સાથે હું તમને દાખલા સાથે આપું કે છ મહિના સુધી એમને પૈસા મળ્યા છે ખરા? વધારો કર્યો, વધારો કર્યો. મને ખબર પડતી નથી. જંગલની અંદર સિંહના બચ્ચા બે વધ્યા તો અમારે લીધે વધ્યા, વસ્તી વધી ગઇ. તો નીલ ગાયો અને ભુંડની વસ્તી વધી એના માટે કેમ વાત કરતા નથી? ખેડૂતોને નુકસાન કરે છે એની કેમ વાત કરતા નથી?

અધ્યક્ષશ્રી : કાંઇક તો તમારા માટે બાકી રાખે ને?

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નીલ ગાયો અને જે ભુંડની વસ્તી વધી છે, ખેડૂતોને નુકસાન કરે છે અને આ લોકો ગૌરવ લે છે કે અમારે લીધે વધી છે. તમારે લીધે વધી અમને વાંધો નથી પણ એને કન્ટ્રોલ તો કરો. જે પાકનું નુકસાન થાય છે એને કન્ટ્રોલ તો કરો. ખેડૂતો દિવસે દિવસે હેરાન થાય છે. મહેનત મજૂરી કરે છે. સવારમાં જાય ત્યારે એને ખબર પડે છે કે મારા ખેતરની અંદર પાક નિષ્ફળ ગયો છે. એની ચિંતા કરતા નથી. ગયા વખત અમે રજૂઆત કરી કે આના નિકાલ માટે કાંઇક કરો. કમિટી બનાવી. અમારા મંગુભાઇ મંત્રી હતા.

અધ્યક્ષશ્રી : રામસિંહભાઇ, એક મિનિટ બાકી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે પણ ધારાસભ્યોની કમિટી બનાવી હતી અમે રજૂઆત કરી હતી કે નીલ ગાય અને ભૂંડોનો નિકાલ કરો. મંત્રીશ્રીએ અમને કહયું કે અમે સરપંચને બંદુક આપીએ અને સરપંચ મારે. સરપંચને બંદુક આપે અને આડાઅવળી જો થઇ જાય અને કોઇક મરી જાય તો એની જવાબદારી કોની? સરકાર વાતો મોટી મોટી કરે છે તો આટલું ના કરી શકે? ખેડૂતોની વાત કરતા હોય તો તેને રોકવા માટે તો કોઇક પ્રયત્ન કરો. વન અધિકારીઓ મારફતે એનો નિકાલ કરવા માટે તો પ્રયત્ન કરે કે ના કરે? દિવસે દિવસે પ્રશ્નો વધતા જાય છે. વાહન વ્યવહાર, પશુપાલનની પણ વાત થઇ છે. પશુપાલનની વાતમાં પણ અમારા વિરોધ પક્ષના નેતાએ વાત કરી હતી. એક કરોડ એકતાલીસ હજાર લીટર દુધ અત્યારે રાજયની અંદર થાય છે. હું પણ અમુલ ડેરીનો ચેરમેન છું. કંઇ સરકારના કૃષિ મેળાને કારણે દૂધ નથી વધ્યું. એ તો સંઘો મારફતે યોજના મુકી, એમને સબસિડી અને લોન આપી. બીજી યોજના આપી. તબેલા કરવા માટે અમે લોન આપી. એના દૂધનો ભાવ વધારે આપ્યો, એને બોનસ વધારે આપ્યું એને કારણે વધારે દુધ મળ્યું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર ગવર્નર સાહેબનો આભાર પ્રસ્તાવ જે માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમારે રજૂ કર્યો છે એમાં હું મારો સૂર પુરાવું છું. (અંતરાય )

અધ્યક્ષશ્રી : હશે, હવે નિતિનભાઇ, પછી. તમે બંને બહાર જઇને સમજી લો. બીજાને સાંભળવા દો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : ગુજરાતનું સદ્ભાગ્ય છે કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ફકત ભારતમાં નહીં, પરંતુ સમગ્ર વિશ્વની અંદર જેમનું નામ ટાઇમ મેગેઝીનમાં આવ્યું. કોઇપણ મુખ્યમંત્રીનું નામ હજી સુધી ટાઇમ મેગેઝીને નોંધ્યુ નથી અને ટાઇમ મેગેઝીને કહ્યું કે ‘મોદી મીન્સ બીઝનેસ’ અને થોડા વખત પછી દેશના વડાપ્રધાન માટે જે આ ફેલ્યોરની વાત આવી. એની સરખામણી માટેની વાત કરો. મારે કહેવું જોઇએ કે ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી જે પોતે વિકાસ માટે એક સ્વપ્ન ધરાવે છે. એ વિકાસની અંદર યુવકો અને ગુજરાતની યુવતિઓ (અંતરાય) અમેરિકાવાળા અહીયા આવશે એવી પરિસ્થિતિ થવાની છે. આપણે અમેરિકા નથી જવાનું. અમેરિકાવાળા અહીયા આવશે ભાઇ. વિકાસ માટેની જે દ્રષ્ટિ છે, એ દ્રષ્ટિના ભાગરૂપે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે ગુજરાતની અંદર ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર દેશની અંદર આ મોટી ઘટના હતી કે જયારે ૨૦૧૦ ની અંદર ૧૬ લાખથી વધારે લોકોએ નોંધણી કરાવી અને ૧૩ લાખ લોકોએ ભાગ લીધો. ચાલુ વર્ષે ૨૪.૪૦ લાખ લોકોએ નોંધણી કરાવી અને ૧૫.૯૦ લાખ લોકોએ ભાગ લીધો છે. જુદા જુદા ૨૧ પ્રકારની રમતો હતી. એ રમતોની અંદર ૩૦ જેટલા વિક્રમો એથ્લેટિકસના સર્જવામાં આવ્યા છે. ૪૨ જેટલા સ્વીમિંગોની ગેઇમ હતી. એના વિક્રમો નોંધવામાં આવ્યા છે. મને જણાવતા આનંદ થાય છે કે રાજય સરકારના પહેલાના બજેટ જુઓ મિત્રો. મારી વિનંતી છે કે તમે કઇ પ્રકારની જોગવાઇ કરતા હતા. ખેલ મહાકુંભ માટે ૪૩.૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલી અને એમાંથી મોટા ભાગની રકમો ૧૩.૯૧ કરોડની રકમો જિલ્લાના ઇનામો માટે અને ૧.૨૧ કરોડની રકમો રાજય કક્ષાના એમ ૧૫.૧૮ કરોડની રકમો પ્રોત્સાહક ઇનામો માટે રમતવીરોને આપવામાં આવેલી છે. જે વિકલાંગો છે એના માટે ખાસ ખેલ મહાકુંભનું આયોજન કર્યુ. આ રમતની અંદર ૯૬૫૫૯ જેટલા વિકલાંગોએ નોંધણી કરાવી અને ૮૭૨૯૮ જેટલા વિકલાંગોએ એમાં ભાગ લીધો. મને કહેતા આનંદ થાય છે કે ૪,૦૦૦ જેટલા અંધો અને ૨૦૦૦ જેટલા બહેરા-મૂંગા વિકલાંગો હતા. એ લોકો વિશિષ્ટ પ્રકારના લોકો હોય છે એ લોકોએ આ રમત ગમતમાં ભાગ લીધો હતો. આ વિકલાંગોને જિલ્લામાં ૧૩.૯૧ કરોડના અને રાજય કક્ષાએ ૧.૨૧ કરોડના એમ ૧૫.૧૮ કરોડના ઇનામો ખાસ ઓલમ્પિક રાખવામાં આવી એમાં વિકલાંગોને આપવામાં આવ્યા છે. રાજય સરકારને મારે અભિનંદન આપવા જોઇએ કે રાજયની અંદર જે મહિલા ખેલાડીઓ છે, એમના પ્રોત્સાહન માટેની જોગવાઇ કરેલી છે. રાજયની અંદર જે મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે છેલ્લાં ૫ વર્ષમાં ૪,૨૨૦ મહિલા ખેલાડીઓને ૧.૮૫ કરોડના પુરસ્કારો આપવામાં આવેલા છે. મારી વિનંતી છે કે અગાઉનો ઇતિહાસ જુઓ. આજે વ્યાપક પ્રમાણમાં મહિલા ખેલાડીઓને ઉત્તેજન આપવાના કારણે મને કહેતા આનંદ થાય છે કે મહેસાણા જિલ્લાના દેવીપૂજક સમાજના માયાબેન પોતે ૨ લાખ રૂપિયાના

ઈનામ આ યોજના થકી જીતી શકયા છે. આજે દરેક તાલુકાની અંદર ફીટનેસ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યાં છે. ૧૫ જેટલા યોગ પ્રશિક્ષણ કેન્દ્રો શરૂ થયાં છે અને પાર્ટ ટાઇમ પ્રશિક્ષકો મારફત યોગાની તાલીમ ઉપલબ્ધ કરવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે ૫ વર્ષની અંદર ૩૮૭૩૯ જેટલા યુવક–યુવતિઓએ આનો લાભ લીધેલ છે. આજે દેશની અંદર મહિલા સુરક્ષાનો પ્રશ્ન ખૂબ અગત્યનો બનતો જાય છે. રાજય સરકારે જુડો અને કરાટેની તાલીમ માટે સેલ્ફ ડિફેન્સ કેન્દ્રો શરૂ કર્યાં છે. અને ૨૩,૦૮૧ મહિલાઓને અત્યાર સુધી તાલીમ આપણે આપી છે.

મિત્રો આ રમતગમત એ કોઇ સહેલી વસ્તુ નથી, પણ ગામડાના લોકો પણ એમાં ભાગ લઈ શકે તે માટે રાજ્ય સરકારે ગ્રામીણ ઓલમ્પિકનો પ્રયોગ શરૂ કર્યો છે. ગ્રામીણ ઓલમ્પિક નિમિત્તે ભાદરવાની ત્રીજ અને ચોથના રોજ તરણેતરની અંદર, દશેરાએ દેવગઢબારિયામાં અને ડાંગ દરબાર એમ આપણે ગ્રામીણ ઓલમ્પિકનું આયોજન કરીએ છીએ. ૨૭૪૭૦ જેટલા ગ્રામીણ લોકોએ રમત ગમતમાં ભાગ લીધેલો છે. તેમાં ૨૧ લાખ રૂપિયાના પુરસ્કાર આપવામાં આવ્યા છે. આજે રિવોલ્વીંગ ફંડ યોજના નીચે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે તે માટે રાજ્ય સરકાર તરફથી પ્રોત્સાહન આપવામાં આવેલ છે. છેલ્લા ત્રણ વર્ષની અંદર ૩૨ જેટલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને ૩૧ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે. રાજય સરકાર દ્ગારા જે યોજનાઓ દાખલ કરવામાં આવી છે તેના કારણે ભાવિ રમતવીરો છે તેને પૌષ્ટીક આહાર મળે, રમત ગમતની સુવિધા મળે, સાધનો મળે તે માટે સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૩૮ જેટલા ખેલાડીઓને ૧.૬૧ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવેલી છે. રાષ્ટ્રીય કક્ષાની જે ટીમો ભાગ લઇ રહી છે તેના કારણે ગુજરાતમાં ૧૧૪ જેટલા લોકોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ પ્રાપ્ત થયેલા છે. આજે દરેક જિલ્લાની અંદર સરદાર પટેલ રમત ગમત સંકુલ અંતર્ગત સંકુલોનું નિર્માણ થઇ રહ્યું છે. ૧૧ જિલ્લાની અંદર રમત ગમત સંકુલની નિર્માણની પ્રક્રિયા પૂર્ણ થઇ છે. જેની અંદર ૪૦૦ મીટર એથ્લેટીક મેદાન, સ્વીમીંગ પુલ, ઇનડોર હાઉસ, બાસ્કેટ બોલ, વોલીબોલ, ખોખો, કબક્રી માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આપણે પર્વતારોહણને ઉત્તેજન આપવા માટે સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ કેન્દ્ર આબુ અને પંડિત દિનદયાલ ઉપાધ્યાય પર્વતારોહણ કેન્દ્ર, જુનાગઢ મારફતે આપણે તાલીમ આપીએ છીએ. (સમયસૂચક ઘંટડી) આજે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે અત્યાર સુધીમાં ૧૫૭૨૬ જેટલા ગ્રામીણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાછે. ૨૨૪ તાલુકાના,૧૫ નગરપાલિકાના, ૨૬ જિલ્લા અને ૨૨૪ જેટલા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની અંદર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રોની અંદર ફૂટબોલ, વોલીબોલ વગેરેના સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે આજે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે આ વિભાગ દ્વારા બહુ સરસ કામગીરી કરવામાં આવી રહી છે. સંગીત શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. ઇન્ટરવ્યુ માટે માર્ગદર્શન આપવામાં આવે છે. યુવકો માટેના ખાસ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. અંબાજી ખાતે ત્રણ એકર જમીનની અંદર યાત્રાળુઓ પોતે કુદરતી સૌદર્ય માણીને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે એક સાઇટ ડેવલપ કરવામાં આવી રહી છે. મને કહેતાં આનંદ થાય છે કે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે પણ રાજ્ય સરકાર દ્વારા સામાજિક સમરસતા દિવસ નિમિત્તે કાર્યક્રમો ગોઠવીને આયોજન કરવામાં આવેલ છે. ૧લી મે રાજયના સ્થાપના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મોઢેરા ખાતેના કાર્યક્રમો, ગાંધીનગર ખાતે વસંતોત્સવના કાર્યક્રમો, વિશ્વ રંગભૂમિ દિનની ઉજવણી, લોક ડાયરાઓ, આપણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લોક કલાકારોને સહાય તથા જે નાટક મંડળીઓ છે તેને વ્યવસાય માટે સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના લોકો જે તુરી, બારોટ છે તેને પણ મદદ કરવામાં આવે છે. આજે ગુજરાતની અંદર યુવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી છે તે ખૂબ નમૂનેદાર છે. આવનારા દિવસોની અંદર ગુજરાત સરકાર વધારે જોગવાઇ કરીને તેને બળવત્તર બનાવવા માગે છે.

શ્રીમતી મનિષા રા. વકીલ(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર રાજયપાલશ્રીના પ્રવચન માટેનો જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીએ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનવા માટેના પ્રસ્તાવ ઉપર બોલવાની મને જે તક મળી છે તેના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો હૃદયપૂર્વક આભાર માનું છું અને વ્યકિતગત રીતે હર્ષની લાગણી અનુભવું છું. જયારે આપણા મુખ્યમંત્રીશ્રીએ ૨૦૧૩ની વિધાનસભામાં જવલંત વિજય મેળવ્યો છે ત્યારે મારે એમના માટે કવિતાની ચાર પંક્તિ કહેવી છે. હું એમના માટે ચાર પંકિત કવિતાની કહેવા માગુ છું. ''ગરજી રહ્યો છે ગિરનાર અને ગાજી ઉઠ્યું છે ગુજરાત,

સ્વર્ણ કળશ સ્થાપન થકી બન્યું સ્વર્ણિમ ગુજરાત,
રણોત્સવ-પતંગોત્સવ પ્રેમે બિન નિવાસીને આવકાર્યા.
ગુજરાત વિકાસ સ્વપ્નને સાકાર કરવા તપ ધર્યા,
પ્રેમ પામી પ્રજાના, ગરવી ગુજરાતની ગરિમા ગજાવી.
તન-મન અને વચન થકી, નરેન્દ્રજીએ અનેરી ધૂણી ધખાવી.''

**Education is the key factor in development of Gujarat. In Gujarat, education has witnessed a sea of change. with literacy rate increasing from 69.14% in 2001 to 79.31% in 2012 i.e. in decade, it has increased to 10%.**

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧માં ડ્રોપ આઉટ રેટ ૧ થી ૫ ધોરણમાં ૨૦.૯૩ ટકા હતો જે ઘટીને ૨.૦૭ ટકા થઇ ગયો છે, એટલે કે ૧૮.૮૦ ટકાનો ઘટાડો. ધોરણ ૧ થી ૭ નો ડ્રોપ આઉટ રેટ જે ૩૮.૭૨ ટકા હતો એ ઘટીને ૭.૫૬ ટકા થયો છે, એટલે કે, ડ્રોપ આઉટ રેટમાં ૩૦.૯૭ નો ઘટાડો થયો છે. ૧૯૯૮માં ગુજરાતમાં માત્ર ૮૫ તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ હતી. આજે એક પણ તાલુકો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બાકી રહ્યો નથી કે જ્યાં વિજ્ઞાનની શાળાઓ ન હોય. મારા સાથી પક્ષના સભ્યશ્રી તેજશ્રીબેનનું હું ધ્યાન દોરવા માગુ છું કે વિરમગામમાં વિજ્ઞાન પ્રવાહની ગ્રન્ટેડ શાળા છે અને તેનું નામ છે કે.બી.શાહ વિદ્યા મંદિર. જો આપ એ વિસ્તારના હોવ તો પ્લીઝ આપ સર્વે કરી લેજો. ૧૯૯૮માં જ્યારે આનંદીબેન શિક્ષણ મંત્રી હતા ત્યારે માત્રને માત્ર ૩૫૦૦૦ વિદ્યાર્થીઓ (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ બેન, આપનું શું કહેવું છે?

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કે.બી.શાહ સ્કૂલમાં પરમ દિવસે પ્રોગ્રામમાં ગયેલી ત્યારે મને એમણે ફરિયાદ કરેલી કે આપણે ત્યાં કે. બી. શાહમાં વિજ્ઞાનપ્રવાહ નથી. એટલે જ મેં વાત કરેલી. (અંતરાય) સ્કૂલમાં મારા પ્રોગ્રામમાં એ લોકોએ રજૂઆત કરી છે.

અધ્યક્ષશ્રી : એ પછી કહેજો તમે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૮માં જ્યારે આનંદીબેન શિક્ષણ મંત્રી હતા ત્યારે માત્રને માત્ર ૩૫૦૦૦ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં પરિક્ષા આપતા હતા, એમાંથી ૧૦ થી ૧૫ હજાર તો ખાલી રીપીટર હતા. જ્યારે આજે ૧.૨૫ લાખ કરતા પણ વધારે વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં પરિક્ષા આપે છે. ૨૦૦૧ થી આજ દિન સુધી સમસ્ત ગુજરાતમાં ૧૦૬ ગ્રાન્ટેડ, ૫૩૩ સરકારી મળીને કુલ ૬૩૯ નવી માધ્યમિક શાળાઓ શરૂ કરી છે. જ્યારે ૨૦૦૧ થી આજ દિન સુધી સમસ્ત ગુજરાતમાં ૬૦ ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહ, ૧૪૫ સામાન્ય પ્રવાહ, ૫૫ સરકારી વિજ્ઞાન પ્રવાહ, ૧૦૭ સરકારી સામાન્ય પ્રવાહ મળીને કુલ ૩૬૬ ઉચ્ચ માધ્યમિક શાળાઓની શરૂઆત કરી છે.

**As said by our Hon'ble Chief Minister Shri Narendrabhai Modi that women is incarnation**

of Shakti –the goddess of power. If she is bestowed with knowledge, Gujarat will reach its pinnacle and therefore, special funds are imparted for girls education. Assistance of Rs. 20 crores has been provided to 50,000 girls and through Chief Minister Education Fund and Vidhya Laxmi Bond of Rs.118 crores have been given to 11,85,000 girls.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં જ્યારે cultural pollution – સાંસ્કૃત્તિક પ્રદૂષણ વધી રહ્યું છે ત્યારે આવનારી પેઢીની ચિંતા કરીને આ સરકારશ્રીએ ચીલ્ડ્રન યુનિવસિર્ટી અને સંસ્કૃત યુનિવસિર્ટીની સ્થાપના કરી છે. ટેમ્પલ મેનેજમેન્ટ અને યોગ જેવા કોર્સ પણ આ સરકાર ચલાવે છે. આ રાજયની સરકાર તક્ષશીલા અને નાલંદાની યાદ અપાવે એવી સંસ્કૃત યુનિવસિર્ટીની સ્થાપના સોમનાથમાં કરવામાં આવી છે અને આજે રાજયમાં ૧.૨૫ લાખ કરતા પણ વધુ વિદ્યાર્થીઓને સંસ્કૃત બોલતા થયા છે.

Gujarat is industrial hub and to provide manpower to the industries we have started technical educatio. Degree colleges in 2001 were only 6 which have increased to 16 now and Diploma Engineering institutes were 22 which have increased now to 26.

રાજયમાં છેલ્લા દસ વર્ષમાં એન્જિનિયરીંગમાં ૮૭ સંસ્થાઓનો અને ડિપ્લોમાં એન્જિનિયરીંગની ૬૭ સંસ્થાઓનો વધારો થયો છે. રાજયમાં છેલ્લા દસ વર્ષમાં ૯૪૮૨ બેઠકોનો એન્જિનિયરીંગ ક્ષેત્રે વધારો થયો છે.

Our Government has made efforts for providing technical education to maximum youth. As a result, with addition of 10,000 seats at diploma level in engineering in the current year, there are total 59,000 seats. Similarly, with the addition of 12,000 seats at degree engineering, total seats are 56,000. School is infrastructure but the teachers are the soul as said by Narendrabhai Modi. It is extremely necessary to equip teachers with advance educational methodology. For this, 20,000 teachers of secondary schools having been given training of Karmayogis scheme at the cost of Rs.2.90 crores. Our Government has made efforts for providing maximum on site experience to the students of engineering.

અને એના માટે ટેકનો સ્કીમ જે કન્સ્ટ્રકશન શીખવાડે છે પ્રેક્ટીકલી અર્બન એરીયામાં અને વિશ્વકર્મા સ્કીમ રૂરલ એરીયામાં શીખવાડે છે.

**The Government has done everything to enhance quality education which is clearly visible from development story of the State.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં જ્યારે બધા વખાણ કરતાં હોય ત્યારે ચોક્કસપણે એક જોઈ શકાય કે રાજયનું જે બજેટ હોય એ બજેટની અંદર આજે ૪૦૦ કરોડ રૂપિયા ઘટાડ્યા છે, એમનો જે અંદાજ હતો અને સુધારેલા અંદાજમાં ગયા વરસે ૩૯૪ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે, કોઇપણ સરકારની પારદર્શકતા જોવી હોય તો સૌથી પહેલાં એ જોઇ શકાય કે સામાજિક સેવાઓમાં કયા પ્રકારનું કામ કરે છે, સરકાર વચન આપ્યા પછી એવા વચનનું કયા પ્રકારે પાલન કરે છે? એ સૌથી મોટી જવાબદારી છે, ૨૭૭૬૪ કરોડ રૂપિયા ગયા વરસે એ લોકોનો અંદાજ હતો અને એમનો જે સુધારેલો અંદાજ હતો એ ૨૫૨૭૦ કરોડ રૂપિયા થયો, એટલે એમાં ૨૫૦૦ કરોડ રૂપિયા જેટલો મોટો ઘટાડો સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મોટી વાત એ છે કે, વાયબ્રન્ટના નામે ઘણી મોટી વાતો થતી હોય, ઘણી મોટી જાહેરાતો થતી હોય, ઘણા મોટા ખર્ચા થતાં હોય. જો આ સરકાર ખરેખર ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાની વાત કરતી હોય તો આજે પણ એનો ગયા વરસનો અંદાજ હતો, એમાં પણ ૧૦૦ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. મારે એ કહેવું છે કે આ સરકારે છેલ્લાં દસ- બાર વરસમાં છ વાયબ્રન્ટ કર્યા છે. એમાં થયેલાં એમ.ઓ.યુ. ની જે સંખ્યા છે એ સંખ્યા કુલ ૩૬૪૨૪ની થઇ છે. વાસ્તવિકતાની અંદર આપણે જો જોઇએ તો આટલા બધામાંથી ઉત્પાદનમાં ગયેલા પ્રોજેક્ટો છે એ માત્ર ૧૧૧૦ છે. કરોડો રૂપિયાની જાહેરાતો થાય, એની જો ટકાવારીમાં આપણે જોઇએ તો માત્ર ૦.૩ ટકા થાય છે, એટલે સરકાર વાસ્તવિકતામાં વાત કરે, અને એના આંકડા જે આવે એના ઉપરથી કહી શકાય. એના જે રોકાણો છે, એ ૬૪ લાખ કરોડની વાત થઇ હતી, પણ આજની તારીખે ગુજરાતમાં ૭૫૨ કરોડ રૂપિયાના રોકાણ થયાં છે, એટલે માત્ર બાર ટકા લોકોએ જ આમાં રોકાણ કર્યા છે. આ ગુજરાતની અંદર વાયબ્રન્ટના નામે, ગુજરાત આખા ભારતની અંદર ક્યાં ચાલે છે? છેલ્લાં પાંચ વરસમાં તમે જોશો તો ગુજરાતનો નંબર આજે પણ ચોથા ક્રમે છે, છઠ્ઠા ક્રમે હતો, બીજા ક્રમે રહ્યો, પાંચમા ક્રમે રહ્યો. જો ખરેખર ગુજરાતની અંદર સૌથી મોટા રોકાણો હોત તો આજે ભારતની અંદર કદાચ નંબર વન બની શક્યા હોત, પણ વાસ્તવિકતા કંઇક જુદી છે.

અહીંયા વિદેશીઓને, બહુ મહેમાનોને બોલાવવામાં આવ્યાં, બહુ આનંદની વાત છે, આપણને એમ થાય કે, ખરેખર લોકો આવે, ગુજરાતમાં રોકાણ કરે અને મોટી મોટી વાત થાય. મારે આંકડા સાથે કહેવું છે. હું ગુજરાત અને મહારાષ્ટ્રને એટલા માટે સરખાવું છું કે ૨૦૧૦ અને ૨૦૧૧ની સાલમાં જે વિદેશી મૂડીરોકાણો થયાં એ માત્ર ૩૨૯૪ કરોડ રૂપિયાના રોકાણો ગુજરાતમાં થયાં છે, એની સામે મહારાષ્ટ્રમાં કોઇ વાયબ્રન્ટ નથી કરતું, કોઇ આટલા ખર્ચા નથી કરતું, આટલી મોટી કોઇ પરિસ્થિતિનું નિર્માણ નથી કરતું, પણ કેટલા ટકા? તો ૨૭૬૬૯ કરોડ રૂપિયા. કલ્પના કરો કે ગુજરાત કરતાં મહારાષ્ટ્રની આજની પરિસ્થિતિમાં વાસ્તવિકતા કયાં છે એ મારે કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧ અને ૨૦૧૨ની અંદર ૪૭૩૦ કરોડ રૂપિયા, ત્યારે મહારાષ્ટ્રમાં કેટલાં? ૪૪૬૬૪ કરોડ રૂપિયા. આપણે એના કયા ભાગમાં છીએ તે વાસ્તવિકતા તરફ જોઇએ તો આપણને ખ્યાલ આવે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ૨૦૧૨-૧૩માં ૨૦૫૦ કરોડ રૂપિયા જયારે મહારાષ્ટ્ર કયાં છેદ? તો ૩૫૯૮૬ કરોડ રૂપિયા. એટલે આપણે જોઇ શકીએ કે વાયબ્રન્ટના નામે મોટી જાહેરાતો થાય, ફોરેનથી લોકો આવ્યા. અહીં આગળ ચાર્ટડ પ્લેનો આવ્યાં, પણ વાસ્તવિક આંકડા ઉપર શું પરિસ્થિતિ છે તેનું નિર્માણ આપણને આનાથી ખ્યાલ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બાર વર્ષની ભેગી વાત કરવી છે. વિદેશી મૂડી રોકાણની ૧૨ વર્ષની ટકાવારી આપણે જોઇએ તો આપણને એમ થાય કે મહારાષ્ટ્ર ૨ લાખ ૮૨ હજાર કરોડ, એની ટકાવારી તમે જુઓ તો ૩૩ ટકા થાય. દિલ્હી અને હરિયાણામાં જુઓ આવી કોઇ પરિસ્થિતિનું નિર્માણ નથી થતું. ત્યાં

આગળ માત્ર ૧ લાખ ૬૫ હજાર કરોડ રૂપિયા. તેની ટકાવારી કેટલી થાય ? તો ૧૯ ટકા. કર્ણાટકની અંદર તમે જુઓ તો ૪૭૫૫૪ કરોડ રૂપિયા. તેની ટકાવારી કેટલી થાય. ત્યારે ગુજરાતના દસ વર્ષના આંકડા આપણે જોઇએ તો દુઃખ સાથે કહેવું પડે કે આજે ૩૮૪૭૪ કરોડ રૂપિયા થયા છે અને તેની ટકાવારી માત્ર પાંચ ટકા છે. આપણે વાયબ્રન્ટની વાતો કરતાં હોઇએ અને આટલા કરોડ રૂપિયાનું ખર્ચ કરતાં હોઇએ અને વાસ્તવિકતા તરફ આપણે જોઇએ તો આપણને દુઃખ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ઘણી વખત ચર્ચા થાય કે ઉદ્યોગો આવે અને રોજગારી વધે. અને રોજગારી વધે તો ચોક્કસપણે આનંદ થાય. છેલ્લાં પાંચ વર્ષમાં રોજગારીના જે આંકડા હતા, ગુજરાતે એમ કહ્યું હતું કે અમે ૫૪ લાખ કરોડ રૂપિયા રોકાણ કરીશું અને સાડા છ લાખ લોકોને રોજગારી આપીશું. તામિલનાડુએ શું વાત કરી? તેમણે એમ કહ્યું કે અમે એટલા બધા નહીં માત્ર ૧૬ લાખ કરોડ રૂપિયાની અંદર ૧૩ લાખ લોકોને રોજગારી આપીશું. માનનીય અધ્યક્ષશ્રી, મહારાષ્ટ્રની અંદર માત્ર ચાર લાખ કરોડમાં ૯ લાખ લોકોને રોજગારી આપવાની વાત થઇ. એકબાજુ આપણે રોજગારીની મોટી મોટી વાતો કરીએ પણ વાસ્તવિકતામાં જે ગુજરાત અંદાજે છે, તેના કરતાં બીજા રાજયો રોજગારીમાં ઓછા રોકાણથી પણ આજે વિચારી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે. માનનીય સભ્યશ્રીઓને ખ્યાલ હશે યા નહીં છેલ્લાં દસ વર્ષમાં જે સરકારના ચોપડે નોંધાયેલા લોકો છે. આની અંદર ૨૯ લાખ ૮૬ હજાર લોકોએ એટલે ૩૦ લાખ લોકો આજે રોજગાર કચેરીમાં નોંધાયેલા છે. તેની અંદર કોઇને રોજગારી મળી હોય સરકારના ચોપડે છે તો ૧૩ લાખ ૩૮ હજાર લોકોને, એટલે ૧૭ લાખ લોકો આજે પણ ગુજરાતની અંદર બેકાર છે. આ વાયબ્રન્ટના નામે વાસ્તવિકતામાં વાત કરે. મારે આ સરકારને એ વાત કરવી છે કે રોજગારીની વાત થાય પણ ૧૯૯૫ની અંદર ૧૭ લાખ લોકો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૧૭ લાખ લોકો...

અધ્યક્ષશ્રી : ભાઇ, અંદરો અંદર વાત નહી. તમે શાંતિ રાખો. (અંતરાય) ભાઇ, સાંભળી લો ને આમાંથી કોને કેટલા આંકડા યાદ છે ? કાંઇ યાદ છે ? તો શાંતિ રાખો ને ? બોલો બોલો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૯૯૫ની વાત એટલા માટે કરું છું કે જયાં સુધી કોંગ્રેસની સરકારો હતી, ત્યાં સુધી ૧૭ લાખ લોકો રોજગારીમાં હતા. આજ ૨૦૧૧ સુધીમાં ૨૧ લાખ લોકો છે. એટલે ૧૬ વર્ષના ગાળામાં આ સરકાર ગમે તે વાત કરતી હોય માત્ર ૩ લાખ ૮૩ હજાર લોકોનો ઉમેરો કર્યો છે. એટલે દર વર્ષે માત્ર ૨૪ હજાર લોકોને જ રોજગારી પ્રાપ્ત થાય છે. આ વાસ્તવિકતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે, સરકારની અર્ધ સરકારી કચેરીઓમાં જો જોઇએ તો મહેકમની અંદર ૧૯૯૫માં ૫ લાખ ૧૮ હજાર લોકો હતા. આજે ૨૦૧૧માં ઘટાડો કર્યા છે. આજે ઉદ્યોગો માટે મોટા મોટા ઉદ્યોગોને જબરજસ્ત પ્રોત્સાહન આપવામાં આવે છે. કોઇ મોટા ઉદ્યોગપતિ, કે કોઇ મોટો માણસ આવે તો તે ૪ મોટા માણસોને ટેન્ડર સિસ્ટમ સિવાય પચાસ પચાસ કે સો સો એકર જમીન આપી દેવામાં આવે છે. કરોડો રૂપિયાનો ફાયદો આપવામાં આવે છે. જયારે આજે રીયાલીટી એ છે કે કોઇ નાના ઉદ્યોગકારો છે તેમના ઉદ્યોગો દિન પ્રતિદિન બંધ થતા જાય છે. મલ્ટીનેશનલ કંપનીઓ આવે છે અને તેને કારણે આજે ગુજરાતમાં પરિસ્થિતિ એવી ઉભી થઇ છે કે એવા મોટા માણસોને ગુજરાતમાં બધી જ સુવિધાઓ પ્રાપ્ત થતી હોય છે જયારે નાના ઉદ્યોગો પચાસ કે સો ઉદ્યોગો બંધ થઇ જાય છે. એટલે સરકારે આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખવી પડશે. વાસ્તવમાં માત્ર જાહેરાતો અને મોટા ખર્ચાઓ કરવા પાછળ છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધીમાં એવું કહી શકાય કે ૧૧૦૦ થી ૧૨૦૦ કરોડ રૂપિયા માત્ર ઉત્સવો પાછળ સરકારે ખર્ચ કર્યો છે. આજે ૧૨૦૦ કરોડ રૂપિયા આ રીતે ખર્ચાયા હોય અને મહારાષ્ટ્રની સરકાર અને ગુજરાતની સરકારમાં માત્ર ૧૦ પરસન્ટથી વધારે રોજગારીની પરિસ્થિતિનું નિર્માણ ન થતું હોય, અને રોજગારીનું પ્રમાણ ઘટતું હોય ત્યારે સરકાર માટે મને એમ થયું કે આ વર્ષે કદાચ આટલો મોટો ઉત્સવ કર્યો તો સરકાર ચોકકસ ચિંતા કરશે, ગયા વર્ષે માનનીય અધ્યક્ષશ્રી, આપ જયારે નાણા મંત્રી હતા ત્યારે આ રોજગારી માટે ૧૨૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યો હતો, આજે એમાં વધારો થશે તેવી મને આશા હતી, આ વર્ષે તેમાં ઘટાડીને માત્ર ૪૬ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે, એટલે વાસ્તવિકતા જુદી ચાલે છે અને હકીકતમાં ઉત્સવ ગમે એટલા થાય, કોઇપણ

સરકાર ચલાવવી હોય તો ઉદ્યોગોના નામે આવું થાય, પણ જો દસ વર્ષમાં આંકડા વધ્યા હોત તો આનંદ થાત કે સરકારમાં રોજગારીના આંકડા વધ્યા છે, નાના એકમોને કદાચ એ લાભ મળ્યો હોત તો આનંદ થાત, પણ હકીકતમાં માત્ર ઉત્સવો કરવાની બાબતમાં ગુજરાત નંબર વન, આ એવોર્ડવાળી સરકાર ચાલતી હોય ત્યારે મારે કહેવું છે કે ગુજરાતને રોજગારીમાં નંબર વન લાવી બતાવે તો આપણે સ્વીકારીએ કે ગુજરાત નંબર વન છે. બાકી આજે તો માત્ર ખર્ચ કરવામાં અને મોટા મોટા ઉત્સવો કરવામાં ગુજરાતનો નંબર વન છે એ સ્થિતિ છે. રાજ્યપાલશ્રીનું પ્રવચન છે એમાં કદાચ મારે દુઃખ સાથે કહેવું પડે કે આજે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં જે મોટી મોટી જાહેરાતો વાંચવામાં આવી અને આ બૂકમાં જે પરિસ્થિતિ લખેલી છે તેને સમર્થન આપી શકાય તેવી સ્થિતિ નથી. માટે હું તેની સાથે સંમત થઇ શકતો નથી.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સન્માનનીય ગૃહને સંબોધન કર્યુ તે બદલ આ ગૃહના સિનિયર સભ્ય માનનીય આત્મારામભાઇ આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેમાં હું સૂર પૂરાવવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ ઉલ્લેખ કર્યો કે સમગ્ર રાષ્ટ્રને ગુજરાત હંમેશા પથદર્શક બન્યું છે. ત્યારે ઈતિહાસ જોતા એમ લાગે છે કે જયારે સમગ્ર રાષ્ટ્રને આઝાદીની ચળવળ માટે નેતૃત્વની જરૂર હતી ત્યારે ગુજરાતની ધરતીના પનોતા પુત્ર પૂજય બાપુએ નેતૃત્વ આપ્યું અને આઝાદી મેળવી હતી. આઝાદી તો મળી, પણ ત્યારે દેશ અનેક ટૂકડાઓમાં વહેંચાયેલો હતો અને રાષ્ટ્રને એક કરે એવા કોઇ લોખંડી પુરુષની જરૂર હતી ત્યારે પણ આદરણીય સરદાર સાહેબે, આ ગુજરાતની ધરતીના પુત્રએ રાષ્ટ્રને એક બનાવ્યું. સ્વરાજ તો મળી ગયું પણ આજે ૬૦-૬૦ વર્ષ પછી પણ દેશને સુરાજયની જરૂર છે. દેશને સુશાસનની જરૂર છે ત્યારે સમગ્ર રાષ્ટ્રમાં માત્ર આશાનું કિરણ ગુજરાતની ધરતીના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી દેખાય છે. સ્વરાજય મળ્યા પછી સુરાજયની આ લડતમાં સૌને સાથે રાખી સૌ સમાજને સાથે ચાલવાનું ''સૌનો સાથ સૌનો વિકાસ'' નું સૂત્ર આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપ્યું ત્યારે મને યાદ આવે છે ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ કહેલું કે જે દેશ પોતાની ઉપલબ્ધિઓ, પોતાની સિદ્ધિઓનું ગૌરવ ન લઇ શકે એ રાષ્ટ્ર પોતાનું વર્તમાન કે ભવિષ્ય બનાવી શકતો નથી. ગુજરાતે જે ઉપલબ્ધિ મેળવી, ગુજરાતે જે સિદ્ધિ મેળવી એનો ઉલ્લેખ, એની ચર્ચા આ સભાગૃહ સમક્ષ કરવા માગું છું.

૧૫ વરસ પહેલાનું ગુજરાતનું જનજીવન મને બરાબર યાદ છે. ૧૫ વરસ પહેલા સાંજ પડે, સૂર્યાસ્ત થઇ જાય એટલે ગુજરાતનું જનજીવન શાંત થઇ જાય. ગ્રામ્ય વિસ્તારના જનજીવન ઉપર અંધકાર ફેલાઇ જાય, ગામડાંમાં રહેલો બાળક, ગામડાંમાં રહેલી વૃદ્ધ મહિલા, ગામડાંમાં રહેલો ખેડૂત કે એમાં રહેલો નાનો કારીગર વીજળીના અભાવે પોતાનું જનજીવન ગુમાવી ચૂકયો હોય, એ અંધકારમાં ડૂબી જતો ત્યારે વીજળી ક્ષેત્રે, ઉર્જા ક્ષેત્રે ગુજરાત સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર છેલ્લા દસ વરસમાં ગુજરાતમાં ઉર્જા ક્ષેત્રે જે ક્રાંતિ લાવી એના હું આ તબક્કે આ સભાગૃહને આંકડા આપવા માગું છું.

છેલ્લા ૪૦ વરસમાં ૧૯૬૦થી ૨૦૦૦ સુધી ગુજરાતમાં ઉર્જા ક્ષેત્રે સતત વીજ માંગ અને પુરવઠા વચ્ચે બહુ મોટું અંતર હતું. ગ્રામ્ય વિસ્તારમાં દરરોજ છ થી આઠ કલાકનો વીજળી કાપ રહેતો હતો. શહેરી વિસ્તારોમાં પણ વીજકાપ હતો. અપૂરતા વોલ્ટેજ, અનેક વિક્ષેપો વચ્ચે અસંખ્ય ફરિયાદો ધરાવતું ગુજરાત રાજય હતું. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતે જે ઉર્જા ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરી છે એના આંકડા આપવા માગું છું. ૪૦ વરસમાં ૧૯૬૦ થી ૨૦૦૦ સુધી ગુજરાતની વીજ ઉત્પાદન ક્ષમતા ૬૯૫૦ મેગાવોટની હતી. જયારે છેલ્લા ૧૨ વરસમાં સન ૨૦૦૦ થી ૨૦૧૨ વચ્ચે ગુજરાતે ૮૯૦૨ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરીને માત્ર ૧૨ વરસમાં ૧૧૨ ટકાનો વધારો કર્યો છે. વિકાસનો માપદંડ જેમ રસ્તો હોય છે, પાણી હોય છે, એમ વીજળી પણ એક અગત્યનો માપદંડ છે. આજે ગુજરાત ઉર્જા ક્ષેત્ર માટે સમગ્ર દેશ માટે એનર્જી હબ બની ગયું છે. વર્ષ ૨૦૦૦ના અંતે રાજયની સ્થાપિત વીજ ક્ષમતા ૮૩૬૬ મેગાવોટ હતી, એ આજે સન ૨૦૧૨ના અંતે છેલ્લા દસ વરસમાં રાજયની વીજ ક્ષમતા ૨૧૦૪૨

મેગાવોટ છે. માત્ર ૧૨ વરસમાં ૧૫૨ ટકાનો વધારો કર્યો છે અને હજી સન ૨૦૧૭ના અંતે રાજયની વીજ ક્ષમતા ૩૦ હજાર મેગાવોટ થવાની છે.

અત્યાર સુધી એવું ચાલતું કે દિલ્હીથી વિચાર આવે અને ગુજરાત એનો અમલ કરે, પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં વિચારો ગુજરાતથી જાય અને દિલ્હી એનો અમલ કરે છે. આ રાજય માટે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ સૌર ઉર્જા પોલિસી બનાવી ત્યારબાદ આખા દેશે આ સૌર ઉર્જા પોલિસીનો અમલ કર્યો છે. સૌર ઉર્જા લાવવામાં આપણું રાજય દેશમાં પ્રથમ રાજય છે. માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે બિન પરંપરાગત ઉર્જાના સ્ત્રોતોમાં પણ સ્થાપિત વીજ ક્ષમતા પવન ઉર્જા ૩,૦૧૨ મેગાવોટ અને સૌર ઉર્જા ૮૨૪ મેગાવોટ સાથે ગુજરાત આજે સતત આગળ વધતું રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કડી તાલુકાના ચંદ્રાસણ પાસે દેશનો સૌ પ્રથમ કેનાલ હેડ સૌર પ્રોજેકટ ગુજરાત ઉભો કરવા જઇ રહ્યું છે. પાટણ જિલ્લાના ચારણકા ખાતે એશિયાનો સૌથી મોટો સ્વર્ણિમ સૂર્યતીર્થ સોલર પાર્ક ગુજરાત બનાવવા જઇ રહ્યું છે. વીજક્ષમતા ઉભી થાય પણ તેની સાથે સાથે તેનું ટ્રાન્સમિશન અને તેના ડિસ્ટ્રીબ્યુશનનું પણ ઇન્ફ્રાસ્ટ્રકચર એટલું જ જરૂરી હોય છે ત્યારે છેલ્લા ૪૦ વર્ષમાં જે સબ સ્ટેશનો થયા તે અને છેલ્લા ૧૨ વર્ષમાં જે સબ સ્ટેશનો થયા છે તેના આંકડા આપવા માગું છું.૧૯૬૦થી ૨૦૦૦ સુધી ૪૦ વર્ષમાં માત્ર ૬૪૨ સબસ્ટેશનો હતા તેના સામે આજે ૨૦૦૦થી ૨૦૧૨માં ૧૨ વર્ષમાં ૫૦૯ સબ સ્ટેશન, લગભગ ૯૨ ટકાના વધારા સાથે સબસ્ટેશનો ઉભા કર્યા છે. વર્ષ ૨૦૧૨ના અંતે રાજયમાં ૧, ૨૮૦ સબસ્ટેશનો અને આવતા પાંચ વર્ષમાં ૬૦૦ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત થવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં સતત અવગણના ભોગવી રહેલો આદિવાસી વિસ્તાર. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદિવાસી વિસ્તારમાં છેલ્લા ૧૨ વર્ષથી કરોડો રૂપિયાના ખર્ચે વીજળી પહોંચાડવાનું કામ કર્યું છે. તેના આંકડા આપું તો વર્ષ ૧૯૬૦માં આદિવાસી વિસ્તારમાં એક પણ સબસ્ટેશન નહોતું. ૧૯૬૦થી ૨૦૦૦ એટલે કે ૪૦ વર્ષમાં માત્ર ૭૫ સબસ્ટેશન હતા અને આજે ૨૦૦૦થી ૨૦૧૨ સુધી છેલ્લા ૧૨ વર્ષમાં ૮૦ સબસ્ટેશનો આદિવાસી વિસ્તારમાં બનાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાય વર્ષોથી સાગરખેડૂ વિસ્તારમાં, દરિયા કાંઠામાં અનેક યોજનાઓ અને અનેક સબસ્ટેશનો ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવીને વીજળી તો પહોંચાડી છે પણ મારે અતિ મહત્વની યોજના, જે ગુજરાતના વિકાસનો એક માપદંડ કહી શકાય કે ગુજરાત માટે ગૌરવ લઇ શકાય એવી જયોતિગ્રામ યોજનાની વાત કરવી છે. જયોતિગ્રામ યોજનાથી લગભગ ૧૮,૦૦૦થી વધારે ગામડાંઓ, ૧૦,૨૫૦ પેટાપરાઓને સતત થ્રીફેઝ વીજળી પુરવઠો ગુજરાત આપી રહ્યું છે. માત્ર ૧૦૦૦ દિવસમાં રૂ. ૧૩૦ કરોડના ખર્ચે..

અધ્યક્ષશ્રી : માનનીય તારાચંદભાઇ.

શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મહામહિમ રાજયપાલશ્રીના ઉદ્‌બોધન ઉપર મારા સાથી સદસ્યશ્રીએ જે આભાર પ્રસ્તાવ મૂકયો છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

સરકારની કેટલી સંવેદનશીલતા છે તેની હું વાત અત્યારે કરવા માગું છું. ૧૭ વર્ષ પહેલાં આ ગૃહમાં હું આવ્યો હતો. પાણી માટે, અનાજ માટે અને વેતન માટે કચ્છમાં લોકોને આત્મહત્યા કરવાનો વારો આવ્યો હતો ત્યારે અહીં આ જ ગૃહમાં અમે રજૂઆત કરી અને માનનીય કેશુભાઇની આગેવાની હેઠળ એક પંચ નીમ્યું હતું અને એ પંચે એ પૂરવાર કર્યું હતું કે આ ભૂરા નામની વ્યકિતનું અપૂરતા પોષણ અને પાણીના કારણે મોત થયું છે. આ તે વખતની સરકારની હું વાત કરવા માગું છું અને આ સરકારની વાત કરું છું કે ચાર-પાંચ દિવસ પહેલાં કચ્છમાં પાણી પુરવઠાના બન્ને મંત્રીશ્રીઓ પધાર્યા અને બન્ને મંત્રીશ્રીઓ પાસે રજૂઆત કરવામાં આવી કે સાહેબ, આગામી ઉનાળામાં પાણીની તકલીફ પડશે, તો બન્ને મંત્રીશ્રીઓએ કહ્યું કે અમે તેનું આગોતરું આયોજન કરવા માટે આવ્યા છીએ. આગોતરા આયોજનની વાત તો થઇ, પરંતુ માનનીય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં રજૂઆત થઇ. માણસોને પીવાના પાણીની તકલીફ નહીં પડે, પણ પશુઓને પીવાના પાણીની તકલીફ છેલ્લા બે મહિનામાં પડશે, તો એના માટે શું આયોજન કર્યું છે?

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય બન્ને મંત્રીશ્રીઓએ કહ્યું કે, જ્યાં પણ પશુઓને પીવાના પાણીની મુશ્કેલી થાય ત્યાં તાત્કાલિક પાણી પહોંચાડવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે અને જયાં આવારા(હવાડા) ન હોય ત્યાં આવારા બનાવીને પાણી આપવાની સૂચના આ મંત્રીશ્રીઓએ આપી છે. મને આજે એ વાતનું દુઃખ છે કે, સત્યનો સ્વીકાર કરતા નથી. આ બાજુથી આ બાજુ આવીને બેઠા છે. ૪૦ વર્ષ પહેલાં આ પાટલીઓ ઉપર બેઠા હતા અને આજે ત્યાં આવી ગયા છતાં પણ એ સત્યનો સ્વીકાર કરતા નથી. શા માટે વાંધો છે? મને દુઃખ એ વાતનું છે. વિરોધપક્ષના નેતાશ્રીએ વાત કરી, માનનીય કેશુભાઇને ભિષ્મ પિતામહની વાત કરી. ભિષ્મ પિતામહના વખતમાં સરસ મજાનું તંત્ર ગોઠવાયું હતું, સરસ મજાની રાજ્ય વ્યવસ્થા હતી. ત્યારે અમારા જેવા અજાણ, અબુધ લોકોને લઇને ખજુરાહો કરીને આ ભિષ્મ પિતામહને અહીં મૂકવાનું કામ કોણે કર્યું? મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, કચ્છમાં ૧૫ વર્ષ પહેલાં જે પરિસ્થિતિ હતી એમાં ૭૦ થી ૮૦ ટકાનો ફાયદો થયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૨ વર્ષમાં જેટલી વખત કચ્છની મુલાકાત લીધી છે એટલી આઝાદીના ઈતિહાસમાં કોઇ મુખ્યમંત્રીએ કચ્છની મુલાકાત લીધી નથી. આજે પાણીની તકલીફ છે. એ શા માટે છે? એ માનવ સર્જિત છે અને એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક એવી યોજના બનાવી છે કે, જે કેનાલ દ્વારા પાણી આપવામાં આવે છે, એ કેનાલમાં જ્યારે જ્યારે મુશ્કેલી થાય છે ત્યારે એની અંદર કેનાલ ઉપર મશીનો બેસાડીને પાણી લઇ લેવામાં આવે છે ત્યારે કચ્છને પાણી પહોંચતું નથી. કેનાલની બાજુમાં જ એક મોટી પાઇપલાઇન નાંખવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. પાણીની પાઇપલાઇનો એટલી બધી મોટી છે કે જેમાં નેનો કાર જઇ શકે. હમણાં હું ધ્રાંગધ્રા–હળવદથી આવતો હતો ત્યારે મેં આ જોયું. આવી વ્યવસ્થિત યોજનાઓ ચાલતી હોય, પાણી પહોંચાડવાની વાત હોય અને અન્ય વિકાસની વાત હોય અને એની સાથે મહારાષ્ટ્રને જોડવામાં આવે, આ રાજયના મુખ્યમંત્રીશ્રીને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી સાથે જોડવામાં આવે? એક વખતના મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ લશ્કરના સૈનિકોની વિધવાઓને આપેલા ફ્લેટો પોતાના નામે કરાવ્યા છે. આજે આ રાજયના મુખ્યમંત્રીશ્રીની માને રહેવા માટે બે રૂમ નથી. (અંતરાય) હજુ વધુ બોલીશ તો તમારા પાટીયા બેસી જશે, પાણીની વાતો કરો છો, પાણી પહોંચતું નથી. તમને કોણે ના પાડી હતી? કેન્દ્રમાં તમારી સરકાર છે. નર્મદા બંધના દરવાજા બેસાડવાની મંજૂરી અપાવી દો તો તમારા ઘર સુધી પાણી પહોંચાડવા માટે આ સરકાર તૈયાર છે. બે વર્ષથી કરોડો રૂપિયાના દરવાજા ત્યાં તૈયાર પડ્યા છે. આ કેન્દ્રમાં રહેલી સરકારે એવો નિર્ણય કર્યો છે કે, ગુજરાતને હેરાન કરવું, ગુજરાતને અન્યાય કરવો. એ દરવાજા બેસી જાય તો ગુજરાતનો ૮૦થી ૯૦ ટકા પીવાના પાણીનો પ્રશ્ન સોલ્વ થઇ જાય અને સિંચાઇના પાણીનો પ્રશ્ન સોલ્વ થઇ જાય, પણ અહીં બેસનારાઓને ટીકા કરવામાં રસ છે, ત્યાં તો જઇને કહી શકે એમ નથી. મેડમ પાસે રજૂઆત થઇ શકે એમ નથી.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી તારાચંદ જ. છેડા : સાહેબ ૧૭ વર્ષે આવ્યો છું. બે ત્રણ મિનિટ વધારી આપો ને.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં, એમ તો ઘણા ૨૫ વર્ષે પણ આવ્યા છે અને ઘણા પહેલી વખત પણ આવ્યા છે. ચાલો બે મિનિટમાં પૂરું કરો.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આજે પરિસ્થિતિ એ નિર્માણ થઇ છે કે બંદરીય વિકાસને કારણે મુંદ્રા અને માંડવીનો વિદ્યુત વેગે વિકાસ થઇ રહ્યો છે. મારે બે–ત્રણ સૂચનો આપના દ્વારા મંત્રીશ્રીઓને કરવા છે કે મુંદ્રા શહેરનો કૂદકે અને ભૂસકે વિકાસ થઇ રહ્યો છે ત્યારે મુંદ્રા શહેર માટે અલગ પાણી અને ગટરની વ્યવસ્થા માટેનું સમયબદ્ધ આયોજન અત્યારથી જ કરવામાં આવે તો મને લાગે છે કે ભવિષ્યમાં મુંદ્રા શહેરને પડનારી મુશ્કેલી દૂર થઇ જશે. માંડવીના કોડાય પુલ પાસેના ૨૦ કિલોમીટર એરિયામાં શૈક્ષણિક હબ, વિરાયતન વિદ્યાપીઠ, બોતેર જીનાલય, સ્વામિનારાયણ સંકુલ દ્વારા હજારો વિદ્યાર્થીઓને ત્યાં વિદ્યા આપવામાં આવે છે. ત્યાં ધાર્મિક પરિસ્થિતિ નિર્માણ થઇ છે. એની બાજુમાં ગુંદીયાળી સગરી, ભાગ અને શેખાયબાગ જેવા ગામો આવ્યા છે, ત્યાં નર્મદાનું પાણી અનિયમિત પહોંચે છે, વિજયસાગર ડેમના પેટાળની બહાર, મેં રજૂઆત કરી છે માનનીય મંત્રીશ્રીઓને અને આપના દ્વારા જો ત્યાં

જૂથ પાણી યોજના બને, તો મને લાગે છે કે જે થોડા ઘણાં ગામોમાં પાણીની થોડીક મુશ્કેલી છે એ મુશ્કેલીનો પણ હલ થઇ શકે એમ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ મારા સાથી આત્મારામભાઇ પરમાર લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવુ છું.

આ આખું પ્રવચન વાંચીએ અને એમાં એનો એક અર્થ કાઢીએ તો એવું કહેવાય કે ગુજરાત આજે ઇન્ડિયાનું ગ્રોથ એન્જીન છે. બીજો અર્થ કાઢીએ તો ગુજરાતનો વિકાસ આજે દેશ માટે દિશાસૂચક છે. ઔદ્યોગિક વિકાસ થકી દુનિયા અને દેશમાં આજે ગુજરાત અગ્રિમ હરોળમાં છે અને એ વિકાસની સાથેસાથે એટલું ચોકકસ છે કે સામાજિક જીવનનું ધોરણ આજે ઘણું ઉચું આવ્યું છે. ઉદ્યોગ વિકાસ દ્વારા સઘન આયોજન અને પ્રયાસોથી આજે સમગ્ર દેશ અને દુનિયામાંથી મળેલા રોકાણો દ્વારા ઉભી થયેલી રોજગારીની તકો અને ઉભી થયેલી માળખાકીય સુવિધાઓને કારણે આમ આદમીના જીવન ધોરણમાં પરિવર્તન જોવા મળ્યું છે. છેલ્લા બે–ત્રણ દિવસથી હું આ આભાર પ્રસ્તાવ ઉપર સાંભળતો આવ્યો છું. સામે બેઠેલા મારા વિપક્ષના ઘણા બધા મિત્રોએ એવું પણ કહ્યું છે કે આ પાંચ થી છ ઉદ્યોગપતિઓનો ગુજરાતમાં વિકાસ થયો છે. કયાંક તો એવું પણ કહ્યું છે કે આ ગુજરાતનો વિકાસ ૨૦૦૧ પછી જ થયો છે? અને ગુજરાત ૨૦૦૧ પછી જ અસ્તિત્વમાં આવ્યું છે? કયાંક એવું પણ કહેવાયું છે કે વાઇબ્રન્ટ સમિટ ૨૦૦૬ ઇઝ સુપર ફલોપ શો રહ્યો છે અને ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ કહ્યું છે. આ બધી નેગેટિવ વાતોની વચ્ચે માનનીય સભ્યશ્રી હમણા જવાબ સાંભળવા રહ્યા નથી, દંડકશ્રી એમણે ઘણાબધા આંકડા અહીં રજૂ કર્યા, પણ અમારા પણ આકડા સાંભળવા અહીંયા બેઠા હોત તો વધુ સારું થાત. હું કહેવા માગુ છું કે માત્ર દેશમાં નહીં, દુનિયામાં પોલિશ ડાયમંડ માટેનું સૌથી મોટું કેન્દ્ર હોય તો તે ગુજરાત છે. ૭૦ ટકા ડાયમંડ આ ગુજરાતમાંથી એકસપોર્ટ થાય છે. દુનિયામાં ઇસબગુલ, દિવેલા અને વરિયાળીનું સૌથી મોટું જો ઉત્પાદન કેન્દ્ર હોય તો તે ગુજરાત છે. દુનિયામાં સૌથી મોટી પેટ્રોલિયમ રિફાઇનરી હોય તો તે ગુજરાત છે. દેશની અંદર, ઇન્ડિયાની અંદર ફાર્માસ્યુટીકલ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સનું સૌથી મોટું જો કેન્દ્ર હોય તો ગુજરાત છે. ઇન્ડિયાની અંદર મીઠું, સોડા એશ અને દરિયાઇ ઉત્પાદકોનું સૌથી મોટું કેન્દ્ર હોય તો ગુજરાત છે. ભારતમાં જો સૌથી પહેલું એલ.એન.જી. ટર્મિનલ હોય તો હજીરા અને દહેજ ખાતે બનેલ છે. ભારતમાં એક માત્ર ગુજરાત રાજ્ય એવું છે કે જેની પાસે ગેસ ગ્રીડ છે. ગુજરાતમાં ફાર્માસ્યુટીકલનો વિકાસ જે ૨૨ ટકા છે, એ આજે દેશમાં નમૂનેદાર છે. આજે આપણા દેશની અંદર કેમિકલ્સમાં આપણો હિસ્સો ૫૧ ટકા છે. પેટ્રોકેમિકલ્સમાં આપણો હિસ્સો ૬૨ ટકા છે. પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝમાં દેશમાં ગુજરાતનો હિસ્સો ૬૫ ટકા છે. ડાયમન્ડ પ્રોસેસિંગમાં આપણો હિસ્સો ૮૦ ટકા છે. સોલાર પ્રોજેક્ટમાં ૮૦ ટકા છે. આપણે જે કાચ બનાવીએ છીએ એના માટે ભરુચમાં એસ.ઇ.ઝેડ છે અને એનો હિસ્સો ૩૫ ટકા છે. કલોર આલ્કલીઝમાં આપણો હિસ્સો ૪૮ ટકા છે. ત્યારે ગુજરાતની વસતિ ૫ ટકા, ક્ષેત્રફળ ૬ ટકા, ઉદ્યોગો માત્ર ૧૦ ટકા અને આપણું એક્સપોર્ટ ૨૨ ટકા છે. મારે કહેવું છે કે જે સ્મોલ અને મિડિયમ ઇન્ડસ્ટ્રીઝની વાતો કરતા હતા, એસીલરીઝ ઇન્ડસ્ટ્રીઝની વાત માનનીય સભ્યશ્રી કરતા હતા એમાં મારે કહેવું છે કે ૧૯ ટકાનો જે નેશનલ ગ્રોથ રેટ છે એમાં ગુજરાતનું યોગદાન ૮૫ ટકા છે અને એના કારણે દેશનો ૧૯ ટકા ગ્રોથ રેટ છે.

હમણાં જ આપણે બજેટ જોયું. બજેટમાં ટેક્સટાઇલ પોલિસી ૨૦૧૨ છે એનાથી આ રાજ્યમાં આવનારા દિવસોમાં ખૂબ સારા પરિણામો આપણને મળવાના છે. દેશમાં જે મીઠા ઉત્પાદનનો હિસ્સો છે એ ૭૭ ટકા છે. મારે એટલે જ કહેવું છે કે ૨૦૦૧ પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીઓ હતા અને આ જ વસ્તુઓ પડેલી હતી તો ત્યાં સુધી આ બધુ ક્યાં ગયું હતું? દુનિયામાં જે કેમિકલ એક્સપોર્ટ થાય છે, તેમાં ગુજરાતનો હિસ્સો ૧૧ ટકા છે. હું જે જિલ્લામાંથી આવું છું એ જિલ્લો આજે ઔદ્યોગિક જિલ્લા તરીકે પ્રખ્યાત છે. વર્લ્ડમાં ૧ થી ૨૫ નંબરમાં જે એસ.ઇ.ઝેડની ગણના થાય છે એમાં મારા ભરુચ અને દહેજના એસ.ઇ.ઝેડ ની ગણના થાય છે. રો–રો ફેરી સર્વિસ જે ભાવનગરથી દહેજ અત્યારે તૈયાર થઇ ગઇ છે અને આવતા વર્ષમાં ચાલુ થશે, એ દેશની પહેલી રો–રો ફેરી સર્વિસ હશે. ગર્વ સાથે આ ગૃહને બતાવવા માગું છું કે હું જે જિલ્લામાંથી આવું છું ત્યાં એક સમયે ૧૦–૧૨ વર્ષ પહેલા ઓ.એન.જી.સી., જી.એન.એફ.સી એવી બે–ત્રણ ઇન્ડસ્ટ્રીઝ હતી.

આજે આ ભરુચમાં મારે કહેવું છે કે ફાર્માસ્યુટીકલ, કેમિકલ્સ, પીગમેન્ટ, ડાઇઝ, ડાઇ–સ્ટફ, કોપર બને છે, ગોલ્ડ બને છે અને એશિયાનું સૌથી મોટું શીપીંગ ઇન્ડસ્ટ્રીઝ છે, એલ.એન.જી. ટર્મિનલ છે, પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ, સિરામિક ઇન્ડસ્ટ્રીઝ છે, પેપ્સી બને છે, ફુડ પ્રોડક્ટ બને છે, પાવર પ્લાન્ટ છે, ફર્ટિલાઇઝર છે, લિગ્નાઇટ છે, આવા તો અનેક ઉદ્યોગો આ ૧૨ વર્ષમાં સ્થપાયા છે. મારો સવાલ છે કે આ ક્યારે શક્ય છે ? આની નીતિ બનાવી ત્યારે, સરકારની ગુડ ગવર્નન્સ, પોલિટિકલ સ્ટેબિલિટીએ સૌથી મોટો ભાગ ભજવ્યો છે. આ સરકારે પોલિટિકલ સ્ટેબિલિટી આપી છે એના કારણે ઉદ્યોગો આવ્યા છે. ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસિલિટી, આજે પાવરની સરપ્લસ ગ્રીડ છે. રોડ, રસ્તા, પોર્ટ, આ સરકારે ભરુચ–દહેજ વચ્ચે પ્રાઇવેટ રેલવે લાઇન નાખી છે. લો એન્ડ ઓર્ડરની સ્થિતિ તમે જોઇ શકો છો. લો એન્ડ ઓર્ડર અંગે એક માનનીય સભ્યશ્રી હમણાં બોલતા હતા ત્યારે કહેવું છે કે આ ઉદ્યોગો શા માટે અહીંયા આવે છે? કરોડો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ કેવી રીતે એ લોકો લઇને આવ્યા છે? ક્વોલિટી ઓફ એડમિનિસ્ટ્રેશન, વન વિન્ડો ક્લીયરન્સ, આટલા મોટા ઉદ્યોગોએ હજારો અને લાખો કરોડોનું રોકાણ કાંઇ એમને એમ નથી કર્યું. વન વિન્ડો ક્લીયરન્સના હિસાબે, આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. ઔદ્યોગિક શાંતિના લીધે આ રાજ્યમાં આટલી પ્રગતિ થઇ છે. સ્ટેબલ પબ્લિક પોલિસી છે, સરપ્લસ પાવર અને સૌથી મોટી વાત એક પણ દિવસ સ્ટ્રાઇક નહીં અને વર્ષોથી જે યુનિયન બાજી હતી એ આજે આ ગુજરાતમાં નથી રહી. આવા સંજોગોમાં આ માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે વિઝન છે અને મિશન છે. વિઝનને અંગ્રેજીમાં કહેવાય seeing invisible –દૂરંદેશી અને મિશનનો અંગ્રેજીમાં મતલબ થાય છે doing impossible. જે શક્ય ન હતું એ આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાબિત કરી બતાવ્યું છે. મારે ગર્વ સાથે બીજું પણ કહેવું છે કે ૨૦૦૨ના તોફાનો થયા અને વાયબ્રન્ટ ગુજરાત જ્યારે ૨૦૦૩માં ..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલું રહેશે. વિરામનો સમય થયો છે.

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫)**

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

શ્રી દુષ્યંતભાઇ પટેલ (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે, ૨૦૦૨ના તોફાનો પછી ૨૦૦૩માં જ્યારે વાઇબ્રન્ટ સમ્મિટ થઇ, ત્યારે ઘણાં બધા પ્રેસ મિડિયાના ન્યુઝ હતા અને ઘણાં બધા ઉદ્યોગકારોએ તે વખતે કહ્યું હતું કે Investment Why Gujart? Why Gujarat તે વખતે શબ્દ લખ્યો હતો. આજે ૧૨ વર્ષ પછી જ્યારે ૬–૬ વાઇબ્રન્ટ ગુજરાતમાં થયા છે ત્યારે એક જ શબ્દ મોંમાં આવે છે કે Only Gujarat.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે રાજ્યનો વિકાસ થયો છે ત્યારે ઇન્ડિયાના ટોપ સ્ટેટની in terms of economic freedom આપણને એવોર્ડ મળ્યો છે. Economic freedom ranking of State of India ૨૦૧૨નો આ રાજ્યની સરકારને એવોર્ડ મળેલો છે. માનનીય સભ્યશ્રી, રોજગાર વિષે વાત કરતા હતા ત્યારે ગુજરાતમાં જે રોજગારનું મોડલ છે અને રોજગાર મેળા થાય છે એની અંદર ભરૂચની અંદર રોજગાર મેળો મારી સાક્ષીમાં યોજાયો. મહારાષ્ટ્ર અને તામિલનાડુના સરકારી અધિકારી આ રોજગારના મોડ્યુલને જોવા ત્યાં આવ્યાં હતા. આનાથી વિશેષ કોઇ ઉદાહરણ ના હોઇ શકે. ભારત દેશમાં અનેક રાજ્યો આવેલા છે. સમગ્ર ભારતમાંથી એવું એક પણ રાજ્ય નથી કે જેના નાગરિક આ રાજ્યની અંદર વસતાં ના હોય કે ઇચ્છા ધરાવતા ના હોય, ત્યારે આનાથી બીજું સમૃદ્ધિનું, વિકાસનું બીજું કોઇ ઉદાહરણ હોઇ ના શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લી વાત એટલી જ કરવી છે કે,

**''કદમ હસ્તી હોય તો તેને કદી રસ્તો નથી જડતો,**
**અડગ મનના માનવીને હિમાલય પણ નથી નડતો.''**

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગવર્નર શ્રીમતી કમલા દેવીએ જે પ્રવચન આ વિધાનસભાગૃહમાં રજૂ કર્યુ હતું તે બાબતે મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષથી વધારે સમય થઇ ચૂક્યો છે પણ આપણા ગુજરાતમાં એક નહિ પણ બે – બે ગુજરાત વસે છે. એક ગુજરાતમાં એક ટાઇમના ભોજન માટે ૩૦૦૦ની ભોજનની થાળી મળે છે અને બીજા ગુજરાતમાં ૩૦૦૦માં આખું વર્ષ જમવા માટે કાઢે છે. એક ગુજરાતમાં એક માણસ ૫ x ૫ ના ફિલ્ટર પાણીમાં એકલો પોતે સ્વીમિંગ પૂલમાં પોતે નહાય છે, ત્યારે બીજા ગુજરાતમાં એક લિટર ચોખ્ખા પાણીની પણ વ્યવસ્થા થાતી નથી. ગુજરાતમાં એક માણસ એક રાતના સૂવા માટે ૫૦,૦૦૦થી પણ વધારે રકમ ચૂકવે છે અને બીજા ગુજરાતમાં એક માણસને રહેવા માટે છત પણ નથી અને જ્યારે વરસાદ પડે ત્યારે તેની મા તેના બાળકને કુદરતથી બચાવવા માટે સાડલામાં રક્ષણ આપતી હોય છે. એ ગુજરાત સમૃદ્ધ ગુજરાત, જેની તમે વાત કરો છો અને બીજું ગુજરાત જેની વાત હું કરવાનો છું.

આ બીજા ગુજરાતમાં દબાયેલો, કચડાયેલો, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, પછાત જાતિઓ, આર્થિક રીતે પછાત વર્ગ, વંચિતો, નિરાધાર વૃદ્ધો, વિકલાંગો અને વિધવાઓ માટે એમ ઘણી યોજનાઓ ચાલે છે. સરકારના જે તે વિભાગ દ્વારા તેના ફોર્મની વિતરણ વ્યવસ્થા મફતમાં રાખેલ છે. વાસ્તવિક સ્થિતિ જોવા જઇએ તો કલેક્ટર ઓફિસ કે મામલતદાર ઓફિસ, જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયત,આર.ડી ઓફિસમાં જ્યારે માણસ એના ફોર્મ લેવા જાય તો ત્યાં આ ફોર્મ ઓફિસમાં મળતા નથી અને જ્યારે ફોર્મ માગે છે ત્યારે ઝેરોક્ષવાળા પાસે ફોર્મ લેવા મોકલે છે અને જરૂરિયાતમંદ માણસ ફોર્મ લેવા આવે છે ત્યારે ઝેરોક્ષવાળા દ્વારા આ મફતનું ફોર્મ રૂ. ૧૦ થી લઇને ૧૦૦ રૂપિયામાં વેચવામાં આવે છે. હવે આ મેં વાત કરી ફોર્મની. તેવી યોજનાની વાત કરું. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ જરુરિયાતમંદ જમીન વિહોણો સો વારના પ્લોટની જયારે માગણી કરે છે ત્યારે સો વારની જમીન ન આપવા માટેના ઘણાં નિયમો સરકારે બનાવ્યા છે. કોઇ માણસ મકાન વિહોણો હોય અને મકાનની માગણી કરે અને એને મકાન ન આપવા માટેના ઘણા નિયમો બનાવ્યા છે, પણ આજ સરકાર પાસે જયારે મોટા બી.પી.એલ.વાળા જેમ કે, ટાટા, અદાણી કે અંબાણી, એક લાખ વાર જમીનની માગણી કરે અને એને એક રુપિયામાં આપી દેવામાં આવે છે. આના ઉપર મને શ્રી કરસનદાસ માણેકની એક પંક્તિ યાદ આવે છે,

**" મને એજ સમજાતું નથી કે, આવું શાને થાય છે ?**
**નથી મળતું તણખલું કામધેનુંને અને,**
**લીલાછમ ખેતરો આખલા ચરી જાય છે."**

માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી તે મારા જાત અનુભવ ઉપરની વાત કરુ છું. કારણ કે, જયારે આ સમસ્યા મારી પાસે આવી ત્યારે આ બાબતે જુનાગઢ જિલ્લામાં આખું અભિયાન ચલાવ્યું હતું, ગરીબો અને વંચિતો માટે અને અભિયાનના ભાગરૂપે જરૂરિયાત મંદોને સરકારી યોજનાના મફત ફોર્મનું વિતરણ થાય એ ફોર્મ વાજબી રીતે ભરાય, તે ફોર્મમાં ભૂલ ના રહે, ચકાસણી થાય તેવી વ્યવસ્થા પૂરી કરીને કલેકટરશ્રીને જયારે મેં ફોર્મ આપ્યા હતા, તેની સંખ્યા ૧,૪૫,૭૩૫ માણસોને સહાયની જરુરિયાત હતી. આ એક મારા જિલ્લાની વાત કરુ છું. મારા જિલ્લામાં જો આટલા માણસો રહી જતા હોય તો, ૨૬ જિલ્લા પ્રમાણે આંકડો કરીએ તો જરુરિયાતમંદ માણસો ત્રીસ લાખ નીકળે એવા છે. જેને સરકારની યોજનાનું ફોર્મ પણ કયાંય મળતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્થિતિમાં સરકાર જયારે ચાલે છે, ત્યારે મારે વાત બીજી કરવી છે એમાં સરકારની કામગીરી, સરકારને જે કરવાની હતી તે કામગીરી કરવામાં સરકાર પોતે નિષ્ફળ ગઇ હતી. સરકારને જયારે ફોર્મ મેં સુપ્રત કર્યા છે ત્યારે છ મહિના સુધીમાં એક પણ ફોર્મના નિકાલની વ્યવસ્થા નથી થઇ. જયારે આપણે વાત કરીએ છીએ, સૌનો સાથ, સૌનો વિકાસની. આ મંત્રને આમાં કયાંય લેવા દેવા નથી. કારણ કે, આ વિકાસની વાત તમે જે કરો છો અને જરુરિયાતવાળા માણસો, બે આખા અલગ ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દબાયેલો, કચડાયેલો, વંચિત કે જરુરિયાતમંદ કે ગરીબ કોને કહેવો? જેને રહેવા માટે જમીન નથી, તે જમીનનો ગરીબ કહેવાય છે. જેને રહેવા માટે મકાન નથી તે મકાનનો ગરીબ કહેવાય છે. જેને કામ કરવું છે પણ કામ નથી તે કામનો ગરીબ કહેવાય છે. જેણે કામ કરવું છે પણ તેની પાસે

ઓજાર નથી તે ઓજારનો ગરીબ કહેવાય છે. જેને ભણવું છે પણ ભણવા માટેના પૈસા એની પાસે નથી તો એ ભણતરનો ગરીબ કહેવાય છે. કોઇ વૃદ્ધ થઇ ગયો છે એને ઘરમાં કોઇ સાચવે તેમ નથી તે વૃદ્ધ ગરીબ કહેવાય છે અને જે બહેનનો આધાર એનો પતિ ગુજરી ગયો જાય તે બહેનને ગરીબ કહેવાય છે. જેનો કોઇ આધાર નથી તે નિરાધાર ગરીબ કહેવાય છે અને જેના ઘરમાં કોઇ વ્યક્તિ બીમાર પડે અને ઓપરેશનના બે લાખ રુપિયા તેની પાસે ન હોય તો એ આરોગ્યની સેવા બાબતનો ગરીબ કહેવાય છે. ગરીબની વ્યાખ્યા આને કહેવાય છે અને જયારે આ ગરીબની વ્યવસ્થા આપણે ગોઠવી શકીએ તો જ આ બીજું ગુજરાત આ પેલા ગુજરાત સાથે કાંઇક ઉભું રહી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહ દ્વારા સરકારને વિનંતી કરવા માગુ છું કે, બીજા ગુજરાતની જેની વાત હું રજૂ કરું છું તે ગુજરાતની કોઇ જગ્યાએ, જે વંચિતો રહી ગયા છે તે જગ્યાએ એને સહાય યોગ્ય રીતે જેમ, ઉદ્યોગપતિઓને આપણે ઘરે પહોંચાડીએ છીએ, એવી આ સહાય તેના ફોર્મ એના ઘર સુધી પહોંચાડી શકીએ ત્યારે આ ગુજરાતને સમૃદ્ધ કહી શકશું. હું નાનો હતો ત્યારે હું સાંભળતો કે, એક પક્ષી ઘુવડ છે, એની સ્થિતિ એવી હોય છે કે, રાત્રે અંધારું થાય પછી એની આંખો ખોલે છે અને સુર્યોદય પહેલાં એની આંખો પોતે બંધ કરી દે છે. એના જીવન દરમિયાન તે ઘુવડને કોઇ દિવસ ખબર નહોતી પડી કે, પ્રકાશ શું છે? તે સ્થિતિમાં સરકાર પણ ખુદ આવીને ઉભી રહી ગઇ છે કે આ ગરીબ શું છે, આ વંચિત શું છે? એને લાભ પહોંચાડવાની વાત કરું છું ગરીબોને મકાનોની જરૂરિયાતોની જો વાત કરવા બેસીએ આપણે તો ગુજરાતમાં પચાસ લાખ મકાનોની જરુરિયાત છે એવી વાત તમે પોતે કરો છો. ગયા બજેટની જો વાત કરવા બેસીએ તો ૬,૯૦૦ મકાનો આપણે આપ્યા હતા. That is not even .01% of the demand. જરૂરિયાત તમે પોતે જયારે સ્વીકારો છો અને આપણે પૂરી કરવા જયારે જઇએ છીએ ત્યારે આ વાત પોઇન્ટ ઝીરો ટકામાં છે. આ હું માનું છું. આ ગરીબો જોડે મજાકની વાત આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું વિનંતી કરવા માગું છું જે દિવસે ગુજરાતની અંદર કોઇ ગરીબ નહીં રહ્યો હોય તે દિવસે જ આપણો સાચો વિકાસ થયો ગણાશે એટલું કહીને બેસવા માગું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી આત્મારામભાઇ રાજયપાલશ્રીના સંબોધનનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું અને મારી વાત રજૂ કરવા માટે ઉભો થયો છું.

હમણા સમાચાર મળ્યા કે લોકો જાગતા થયા છે. ભ્રષ્ટાચાર અને મોંઘવારીથી ત્રસ્ત થઇ લોકોની તકલીફો સહન ન થતાં હમણા સમાચાર મળ્યા એ પ્રમાણે બે વિકેટો ઉડી ગઇ છે અને હજુ પણ કેટલી ઉડશે એની ખબર નથી અને ઉડવાની તૈયારીમાં પણ છે. રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવમાં મહેસૂલી વહીવટ વિભાગ આ કેટલાક દિવસોની ચર્ચામાં સામાન્ય રીતે નાની મોટી ફરિયાદો મારા મિત્રો બીજા વિભાગોમાં કરતા હશે. મહામહિમ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવમાં મહેસૂલી વહીવટ વિભાગમાં જે વાત કરવામાં આવી છે અને મહેસૂલ વિભાગમાં વહીવટના જે સુધારા કરવામાં આવ્યા છે. કયાંક વિપક્ષની અંદર અથવા તો પ્રજામાંથી કયાંક મુશ્કેલી પડે, કોઇ તકલીફ પડતી હોય એવો સૂર દેખાતો નથી, ત્યારે જન સામાન્યને સ્પર્શતા મહેસૂલી વહીવટ વિભાગમાં કે જેને સામાન્ય જનજીવનમાં હંમેશા, રોજેરોજ જેની જરૂર પડતી હોય એવા વિભાગમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

પહેલા જનતાને લાગતું કે કાયદો જે બને છે એ લોકો માટે બનતો હતો. અત્યારે હવે જે કાયદો બનવા માંડયો છે, એ લોકોના ઘરે પહોંચી અને વહીવટીતંત્ર લોકોના ઘરે પહોંચી અને એની મુશ્કેલી, એની તકલીફોનું નિવારણ કરવા માટે એના ઘર સુધી પહોંચે એવી સંકલ્પના આદરણીય નરેન્દ્રભાઇએ કરેલી છે. કેટલી બધી ઓફિસોમાં ફરવુ પડતુ, જુદાજુદા સર્ટિફિકેટો લેવા માટે જુદી જુદી ઓફિસોમાં ફરી અને ભેગા કરવા પડતા હતા, પરંતુ આ મહેસૂલી વહીવટ વિભાગ દ્વારા, જનસેવા કેન્દ્રો દ્વારા લગભગ ૧૫૬ જેટલી સેવાઓ એક જ કચેરી, એક જ છતની નીચેથી મળવા માંડી. એવી વ્યવસ્થા ગોઠવાઇ ગઇ. ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ થયો અને રાજયના ૨૨૫ તાલુકાઓમાં જન સેવા કેન્દ્રો કાર્યરત કરી ૧૫૬ જેટલી સેવાઓ મળતી થઇ છે. લોકોને જુદી જુદી ઓફિસોમાં હવે જવું પડતું નથી અને એના માટે પણ લોકોને માહિતી મળે.

એ જ જન સેવા કેન્દ્રોની અંદર વિગતે માહિતી મળે. કઇ સેવા, કેટલા સમયમાં, એની અરજી કર્યા પછી કેટલા સમયમાં મળે એની પણ માહિતી મળતી થઇ છે. લોકોને જાગૃત કરવાનું કામ પણ આ મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. નવા ૫૭ પ્રાંતો, ૩૯૬ નાયબ મામલતદારો, ૨૨૫ મદદનીશ ઇજનેરો, ૩૩૯ કલાર્ક, ૨૨૫ પેટા હિસાબનીશ સહિત ૧૪૬૭ નવી જગ્યાઓ દ્વારા લોકોને પડતી હાલાકીઓનો અંત આવ્યો છે. આટલું જ નહીં, પરંતુ તાલુકા સ્તરે પાંચ-સાત ગામનું કલ્સ્ટર બનાવી તેના ઉપર જુદાજુદા વહીવટી અધિકારી મૂકી અને એ ગામોમાં વિકાસની કોઇ સમસ્યા હોય, આરોગ્યની સમસ્યા હોય, શિક્ષણની સમસ્યા હોય અથવા તો કુપોષિત માતા-બાળકોની ચિંતા, બેટી બચાવોની ચિંતા પણ આ અધિકારીઓ કરતા થયા છે. એમનો આ અવાજ વહીવટ સુધી પહોંચે એના માટેની પણ સગવડો રાજય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી છે. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ ગવર્નન્સ માટે કરી મહેસૂલી તંત્રને ચેતનવંતુ બનાવ્યુ છે. પહેલા દસ્તાવેજ નોંધણી માટે અને ફેરફાર નોંધ માટે રજીસ્ટ્રાર, મામલતદાર, તલાટી એમ અનેક સ્થળે કામગીરી થતી હતી, પણ સને ૨૦૦૦ પહેલા, ૨૦૦૧ પહેલા ટેકનોલોજીનો આવિષ્કાર થઇ ચૂકયો હતો, પરંતુ ટેકનોલોજીને ગવર્નન્સ સાથે કઇ રીતે જોડી શકાય એ જો બતાવ્યું હોય તો આદરણીય નરેન્દ્રભાઇએ બતાવ્યું છે. વહીવટની અંદર ટેકનોલોજીનો ઉપયોગ થઇ અને સામાન્ય માણસની સમસ્યાઓનો અંત આવી શકે છે. તમામ ૨૨૫ તાલુકાઓમાં ઇ-જમીન સેવા ચાલુ થઇ. આપો આપ ફેરફારની નોંધ પાડવાનું આયોજન થઇ ગયું. દસ્તાવેજોની નોંધણીથી શરૂ કરીને ગામ નમૂના નં. ૬, ૭-૧૨ માં એન્ટ્રી, ૧૩૫ બીની નોટિસ તૈયાર કરવાની કામગીરી એક જ જગ્યાએ ઓનલાઇન સગવડો મળવા લાગી છે. જે રીતે દસ્તાવેજો નોંધવામાં આવતા હતા, તેમાં જમીનોને લગતા ઘણા ફ્રોડ અને આર્થિક ગુના થતા હતા. હવે જમીન વેચનાર, ખરીદનાર બંનેના ફોટોગ્રાફ્સ, ફિંગરપ્રિન્ટ લેવાની જોગવાઇ થતા જમીનમાં વેચાણમાં થતા આર્થિક ગુનામાં અટકાવ આવ્યો છે, પરિણામે જે સામાન્ય ભૂમાફિયાઓ દ્વારા ખોટા બાનાખત કરવા, ખોટા જમીનના દસ્તાવેજો કરવા એમનો અંત આવ્યો છે. એમાં વિશેષ કરીને આવા પ્રિકોશન છતા કોઇ નાની મોટી મુશ્કેલીઓ, ગુના બને તો એના માટે કલેકટર, ડી. એસ.પી.શ્રી અને અધિક કલેકટરની આખી કમિટી એક જ્યૂરી બને, તેમાં કોઇ કેસ જાય, ફરિયાદ જાય અને ફરિયાદનું વિશ્લેષણ માસિક થાય. એ થયા પછી યોગ્ય લાગે તો પોલીસ કેસ કરવાનાં જે પગલાં ભરવાં પડે. કોઇ ગરીબ ખેડૂતને અન્યાય થતો અટકાવવા માટે રાજય સરકાર દ્વારા પગલાં ભરવામાં આવે છે. દર ૩૦ વર્ષે જમીનનો રી-સરવે કરવો, કયાંક રસ્તા બન્યા હોય, કયાંક નહેર બની હોય, સરકારી જમીન માટે સંપાદન કરવામાં આવી હોય, કેજેપી ન થયું, એટલે જમીનના ક્ષેત્રફળમાં કોઇ વધઘટ ન થઇ હોય તો તમામ કામ કરવા માટે ૧૦૦ વર્ષથી ચિંતા ન કરી હોય તેવી ચિંતા આ રાજય સરકારમાં દરેકે દરેક તાલુકામાં થાય, તેનું આયોજન બહુ સારી રીતે કરવામાં આવ્યું છે. કેટલાક સેમ્પલ તાલુકાઓમાં આ બાબતની માપણીનું કામ ચાલુ થયું છે. ચતુષ્કોણીય દિશા, ખૂંટ અને ખેતરની ઓળખ અને કપાત થયેલ જમીનનું ક્ષેત્રફળ, તેનું રિયલ ક્ષેત્રફળ ૭-૧૨ માં મળે એની જોગવાઇ કરવામાં આવી છે.

મિલકતને પ્રમાણિત કરવા માટે હક્ક, ચોકસીની કામગીરી સ્ટાફના કારણે વિલંબમાં પડતી નાગરિકોને હાલાકી ભોગવવી પડતી હતી. હાલમાં લાઇસન્સની પ્રથા દાખલ કરી પ્રોફેશનલ યોગ્ય વ્યક્તિને લાઇસન્સ ઇસ્યુ કરવામાં આવ્યા છે, તેમજ ૩૬૮ નવા સર્વેયરની સીધી ભરતી કરવામાં આવી છે, જેથી કરીને કોઇને કોર્ટ કેસના કામે, અંગત ઉપયોગમાં એન.એ. કરાવવાના કામે, ક્ષેત્રફળમાં ફેરફાર આવતો હોય કે મિલકતની હક્ક, ચોકસી કરવી હોય તો તાત્કાલિક આમાં એપ્લાય કરી સગવડ દ્વારા લાભ લઇ શકે છે. ખૂબ મોટા લાભો આ જમીન, મહેસૂલ દ્વારા સરકારશ્રીના અભિગમને કારણે ખૂબ બદલાવ આવ્યો છે અને લોકોની સમસ્યાનો અંત આવ્યો છે. માનનીય રાજયપાલશ્રીનો આ તબક્કે આભાર માનું છું.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવને સમર્થન કરું છું.

હું આનંદ સાથે વાત કરતા ખૂબ ગર્વ અનુભવું છું. સમગ્ર દેશમાં ગુજરાત હંમેશને માટે સહકારી ક્ષેત્ર ઉપર, પંચાયતી રાજ ઉપર આજે સમગ્રપણે ગુજરાતનો વિકાસ થઇ રહેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના એક દ્રષ્ટિકોણથી આજે સહકારી ક્ષેત્રમાં વાત કરું તો સેવા મંડળી સહકારી ક્ષેત્રમાં ૧૦૭ વર્ષની આ જૂની સહકારી

પ્રવૃત્તિ છે. આનંદ સાથે વાત કરતા ગર્વ અનુભવું છું કે ૬૭,૧૩૫ સેવા સહકારી મંડળીઓ ગુજરાતમાં છે. ૮,૬૪૫ ખેતી વિષયક મંડળી છે. ૧,૫૮,૦૦૦ સભાસદો છે. જિલ્લા બેન્કો ૧૭ એક બેન્ક કોડિનાર એમ કરીને કુલ ૧૮ બેન્કો આ ગુજરાતની અંદર દરેક સંસ્થાઓ સહકારી ક્ષેત્ર ઉપર નાગરિક બેન્ક, ક્રેડિટ સોસાયટી છે, ત્યારે મને આનંદ થાય છે કે આજે ગુજરાત સરકારની અંદર રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા સહકારી બેન્કના લાઇસન્સ આપવા બાબતમાં કડક એનું પ્રોવિઝન છે, ત્યારે ગુજરાતની બેંકોમાં ચાર બેંકોમાં નોર્મ્સનું પાલન ન થઇ શકે તેવા સંજોગોમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ચાર બેંકોનું લાયસન્સ રદ થતું હતું ત્યારે અમે કહેતાં ગર્વ અનુભવીએ છીએ કે તેમની દૃષ્ટિ, વિઝન અને વિશ્વસનિયતા અને પ્રમાણિકતાથી ૮૪ કરોડ રૂપિયા આ ચાર બેંકોને આપ્યા. આ ચાર બેંકો બંધ થઇ ગઇ હોત, તેનું લાયસન્સ રદ થયું હોત તો આ ચાર જિલ્લાની પરિસ્થિતિ શું થાત, ખેડૂતોની પરિસ્થિતિ શું થાત? ન કલ્પેલી પરિસ્થિતિનું નિર્માણ થાત અને સરકારી ક્ષેત્રની અંદર આ બેંકો ખતમ થઇ જાત, ત્યારે આ મુખ્યમંત્રીશ્રીએ અને સહકારમંત્રીશ્રીએ ૮૪ કરોડ રૂપિયા આપી મદદ કરેલી છે. તેને કહેવાય છે વિકાસ અને તેને કહેવાય છે સહકાર.

ચાલુ વર્ષે ખેતી વિષયક સીઝન શરૂ થતાંની સાથે જુન જુલાઇમાં વરસાદ મોડો આવ્યો. ખેડૂતોનું બિયારણ બગડવાથી અને અપૂરતા પ્રમાણમાં વરસાદના અભાવે ખેતી નિષ્ફળ ગઇ. આ મુખ્યમંત્રીશ્રીએ ખૂબ ખમીરથી ખેડૂતોને વ્યાજ રાહત આપીને વગર વ્યાજનું ધિરાણ, આ બધા ખેડૂતોને માટે નરેન્દ્ર મોદીજીએ ખેડૂતલક્ષી નીતિ બનાવી છે. બજેટમાં તેની જાહેરાત કરી છે. બજેટમાં ૧૨૭ લાખ રૂપિયા આપ્યા છે. આજે દરેક મંડળી અને બેન્કો ઉપર પરિપત્ર આવી ગયા કે ખેડૂતોને વિનામૂલ્યે ધિરાણ કરો અને આપી દીધેલ છે. બજેટમાં પણ તમે જોશો તો સહકારી ધોરણે પાણીની વિતરણ વ્યવસ્થા કરોડો રૂપિયાના ખર્ચે કરી ખેડૂતો સુધી પાણી પહોંચાડવાનું સરકારનું આયોજન છે. સહકારી ધોરણે પશુપાલન ઉદ્યોગના વિકાસ માટે કરોડો રૂપિયાના ખર્ચનું આયોજન કરવામાં આવેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે ખેડૂતોની વીમા યોજના માટે આ બજેટની અંદર ૬૫૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ખેડૂતોને વ્યાજ રાહત માટે ૧૨૭ કરોડની રાહત મેં હમણાં કહ્યું તેમ કરવામાં આવેલ છે. મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે સહકારી ક્ષેત્ર ઉપર છેલ્લા કેટલાય વર્ષોથી, મને યાદ છે કે વિપક્ષો બૂમો પાડે છે, ખોટા ખોટા પ્રચાર કરે છે. હમણાં જ કહેવાયું તેમ ઘુવડની વાત કરે છે, ત્યારે હું એમને પૂછું છું કે ઘુવડની વાત કરતાં પહેલાં વિકાસલક્ષી નજર રાખીએ તો ખરા. એની વિશેષ વાત એટલા માટે કરું છું કે વર્ષો પહેલાં કોંગ્રેસ પાસે સહકારી સંસ્થાઓ હતી. આજે આ બધી મંડળીઓની શું પરિસ્થિતિ છે? આ ડિસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંકો, આજે પરિસ્થિતિ એવી છે કે તમારી પાસેથી રોજબરોજ તૂટતાં તૂટતાં લોકો આજે ભારતીય જનતા પાર્ટીમાં જોઇન્ટ થાય છે. સહકારી પ્રવૃત્તિ ભારતીય જનતા પાર્ટી પાસે છેલ્લા બાર વર્ષથી આવી છે. આ આપણે જોઇ રહેલા છીએ કે ૨૦૦૨માં જયારે બેંકો વીક પડતી હતી, ત્યારે તેમને સરકારે ગેરંટીઓ આપેલી હતી. ભૂતકાળની કોંગ્રેસની સરકારે ગેરંટીઓ આપેલી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગેરંટીઓના પૈસા પણ આપી દીધા છે. એટલા માટે કે કોઇપણ બેન્કોનું ધિરાણ લીધેલ હોય અને એન.પી.એ. ન બને ત્યારે આ મુખ્યમંત્રીની દૃષ્ટિ છે, કપાત વ્યાજ રાખીને ઘટાડેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતની અંદર મંડળીઓની જે પરિસ્થિતિ હતી તેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સહકારી ધોરણે તેમાં ભાજપ કે કોંગ્રેસ જોયું નથી.તેમણે માત્રને માત્ર વિકાસ જોયો છે. એ વિકાસ જોયો છે તેનો તમને હવે ખ્યાલ આવશે. વાઇબ્રન્ટ ગુજરાતની વાતો કરનારા લોકો, તમારે મનની વાત ચોક્કસ કબુલવી પડશે તો આવો વાગરા અને ભરૂચ જિલ્લાની અંદર કે ત્યાં કેવો વિકાસ છે. મુખ્યમંત્રીશ્રીનો વિકાસ કેવો છે? ઇકબાલ પટેલને પૂછો. આને કહેવાય છે વિકાસ. એને કહેવાય છે વિકાસ. ઔદ્યોગિક ક્ષેત્ર ઉપર ખૂબ એક તાકાતવાન આજે ગુજરાતની અંદર નમૂનેદાર ઉદ્યોગો વિકસી રહેલા છે. દેશ વિદેશમાં એક મોટું નામ થઇ રહ્યું છે ત્યારે હું ચોક્કસપણે એ વાત કરીશ કે, સહકારી ક્ષેત્ર ઉપર તમે જોઇ શકશો કે સમગ્ર સહકારી ક્ષેત્ર ભારતીય જનતા પાર્ટીના કબજામાં છે અને એના જ કારણે આજે ગુજરાતની અંદર વિકાસ થઇ રહ્યો છે. સહકારી ક્ષેત્ર હોય કે પછી અન્ય કોઇ પણ સંસ્થા ઉપર તમે નજર કરો, સરકારની અન્ય પ્રવૃતિની વાત કરો. વીજળી, પાણી, લાઇટ બધી જ સુવિધા લોકોને મળતી થઇ ગઇ છે. ૨૪ કલાક વીજળી મળતી ગઇ ગઇ છે એનો તો વિચાર કરો, ટીકાની મર્યાદા હોય, માનનીય અદયક્ષશ્રી, મારે એટલું જ એમને કહેવાનું છે કે,

ગુજરાત સમગ્ર બાબતમાં વિકાસ કરી રહ્યું છે ત્યારે મારે એમને કહેવું છે કે કેન્દ્રમાંથી ભરૂચના ઓવરબ્રીજની મંજૂરી તો અપાવો.

*શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ રાજ્યાપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આત્મારામભાઇએ એવું કહ્યું કે, ૬ કરોડ ગુજરાતીઓના દિલ આ મુખ્યમંત્રીશ્રીએ જીતી લીધા છે અને મહિલાઓના પોતે રક્ષક છે, ખેડૂતોના મસીહા છે અને આવા ગુજરાતના ૬ કરોડ લોકોના દિલ જીતી લીધા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અનેક સરકારો આવી અને દરેક સરકારોએ આ ગુજરાતનો વિકાસ કર્યો જ છે, પણ આ સરકાર ૨૦૦૨ પછી જ આ બધો વિકાસ કર્યો હોય એવી વાત કરે છે. આ સરકારે જો ગુજરાતના ૬ કરોડ લોકોના દિલ જીત્યા હોય તો આ સરકારે, આ ભારતીય જનતા પાર્ટીએ ૫૦૦ કરોડની ધનરાશી ઉઘરાવી છે, આજે ગુજરાતમાં કોઇને પણ પૂછો કે આ સરકાર કઇ રીતે બની છે? અને એક બાજુ વિકાસની વાતો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં અહીંયા કહેવામાં આવ્યું છે કે ગુજરાતમાં શિક્ષણમાં છેલ્લા દસ વર્ષની અંદર ૧ લાખ ૩૭ હજાર વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી અને ૫૦૦૦ જેટલા મુખ્ય શિક્ષકોની ભરતી કરવામાં આવી. એ વાત સાચી છે, પણ આજે ગુજરાતમાં આપણે જોઇશું તો સરકારે પ્રવેશોત્સવ અને ગુણોત્સવની વાત કરી અને તેના કાર્યક્રમો પણ કર્યા. ગામડાઓમાં એમણે કન્યા કેળવણી રથની પણ શરૂઆત કરી. વાત સાચી છે, પણ આજે અહીંયાથી મંત્રીશ્રીઓ ગામડે જાય અને આઇ.એ.એસ. અધિકારી ગામડે જાય છે, ત્યારે એક દિવસમાં એ શાળામાં શું શિક્ષણ આપી શકવાના હતા? એના કરતા શાળામાં (અંતરાય) તમને નહીં સમજ પડે. શાળામાં જે શિક્ષકો છે એ શિક્ષકોને અન્ય કામગીરી આપવામાં આવે છે, શાળાના શિક્ષકોને બીજી કામગીરી આપવામાં આવે છે, એમને ચૂંટણીની કામગીરી આપવામાં આવે છે, એમને વસતિ ગણતરીની કામગીરી આપવામાં આવે છે. આ શિક્ષકો શિક્ષણના કામ માટે જ હોય છે એમને પૂરા કલાકો શિક્ષણ આપવા દો. (અંતરાય) એ શિક્ષકોને પૂરા કલાકો શિક્ષણ આપવા દો કેમ કે ભારતનું ભાવિ છે બાળકો, એ બાળકોમાં પૂરેપૂરું કેળવણીનું જ્ઞાન આવશે અને શિક્ષણના સંસ્કારો સિંચાશે અને એ ભારતના સારા ભાવિ નાગરિકો બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એ વાત કરીશ કે રાજયની અંદર સાત ધોરણની શાળાઓમાં ધોરણ આઠ શરુ કરવામાં આવ્યું. હું માનું છું ત્યાં સુધી હજુ સુધી રાજયની ઘણી બધી શાળાઓમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો મૂકવામાં નથી આવ્યા અને એના કારણે આજે બાળકોનું શિક્ષણ બગડે છે. માનનીય અધ્યક્ષશ્રી, એથી આગળ વાત કરીશ કે, જ્યારે વિધાનસભાની ચૂંટણી આવતી હતી એ પહેલા વિદ્યા સહાયકોની ભરતી કરવાનું કામ સરકાર ચૂકી ગઇ છે. વિદ્યા સહાયકોની ભરતી કરવાની હતી, એ સમયે પણ ચૂંટણીની લ્હાયમાંને લ્હાયમાં આ સરકાર ભરતી કરવાનું ભૂલી ગઇ છે. ટેટ અને ટાટની પરિક્ષા લેવાય, પણ આજે હજારો પી.ટી.સી. થયેલા ભાઇ બહેનો ટેટ અને ટાટની પરિક્ષા પાસ થયેલા બસી રહ્યા છે. આ રીતે આપણે જોઇશું તો પી.ટી.સી. માં જે લોકોની ઉંચી ટકાવારી હોય અને ટેટની પરીક્ષામાં એ પાસ થઇ જાય, પણ એમાં ઓછાં ટકા હોય તો આવી વિસંગતતા આજે ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ઉભી થઇ છે. ખરેખર એવું ના હોવું જોઇએ. કારણકે પી.ટી.સી. માં ઉંચી ટકાવારી હોય અને ટેટની પરીક્ષામાં ઓછાં ટકાએ પાસ થાય એ ખરેખર બરાબર નથી. આજે અહીંયા વડોદરાના માનનીય ધારાસભ્ય બહેનશ્રી વાત કરતા હતા, પણ ગામડાંની અંદર વિજ્ઞાનપ્રવાહની શાળાઓ નથી. એ પોતે વડોદરામાં રહે છે. એમને ખબર છે, પણ શહેરમાં બધી ફેસેલિટી હોય છે આજે ગામડાઓમાં વિજ્ઞાનપ્રવાહની શાળાઓ હોતી નથી. ફકત તાલુકા મથકે જ વિજ્ઞાનપ્રવાહની શાળાઓ જોવા મળતી હોય છે (અંતરાય) આપણે બધા ધારાસભ્યશ્રીઓ છીએ. આ પક્ષ કે તે પક્ષ તેવું નથી, પણ ગામડાની અંદર આપણે જોઇશું તો વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ઘણી ઓછી છે એ હકીકત છે. તમારે ત્યાં હશે કદાચ, પણ હું મારા ખેડા જિલ્લાની વાત કરું છું.

અહીંયા પાણી પુરવઠાની વાત કરવામાં આવી, પીવાના પાણી માટે ગામડાંઓમાં સરકારે જૂથ પાણી પુરવઠા યોજનાઓ કરી છે એ સારી વાત છે, એના માટે ધન્યવાદ આપું છું. પણ આના માટે જે પાઇપલાઇન થઇ છે એ હલકા પ્રકારની હોવાથી ત્યાં વારંવાર લિકેજ થાય છે, ગામડાંમાં પીવાનું પાણી અઠવાડિયે પંદર દિવસે મળે છે. મારા વિસ્તારની વાત કરું તો ૧૯૯૭માં ત્રણ પાણી પુરવઠા યોજના થઇ હતી, એમાં આજે પણ અઠવાડિયે પંદર દિવસે પાણી મળે છે. મુખ્ય સંપ ઉપર એની જે મોટરો છે, એ પંદર પંદર વરસથી એની એ જ મોટરો વાપરવામાં આવે છે. એના કારણે ગામડાંઓમાં પીવાનું પાણી પૂરું જતું નથી, ગામડાંમાં જે પીવાનું પાણી મોકલે છે, જેનું સંચાલન કરે છે, જે લાઇનમેનો છે, જે રોજમદારો છે, એમને પૂરો પગાર આજે મળતો નથી. એમને ફકત હું સમજું છું ત્યાં સુધી હું મારા વિસ્તાર ખેડા જિલ્લાની જ વાત કરીશ, તો એચ.આર. માં જે છોકરાંઓ કામ કરે છે લાઇનમેન તરીકે, એને પંદર વરસથી ફકત ૧૩૫૦ રૂપિયા પગાર મળે છે, ખરેખર એ શોષણ છે. એમને લઘુત્તમ વેતન મુજબ વેતન મળવું જોઇએ, પણ એ એમને મળતું નથી એટલા માટે સરકારે આ બાબતે પણ વિચારવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જળસંપત્તિની વાત કરી છે, જળસંચયની, સરકારે એક વરસમાં ૩૨૦૦૦ હેકટરના વિસ્તારને સિંચાઇ હેઠળ લાવવાની વાત કરી છે. આજે ચેકડેમોનું બાંધકામ થાય છે, સારી બાબત છે, પરંતુ હું ખાતરી સાથે એક વાત ચોક્કસ કહીશ કે અમારા પડોશમાં પંચમહાલ જિલ્લામાં જે ચેકડેમો બન્યા છે તે પહેલો વરસાદ આવે એટલે ધોવાઇ જાય છે. રાજયમાં આજે એ જ સ્થિતિ છે. ચેકડેમો એ સારો હેતુ છે, સારો અભિગમ છે, સૌરાષ્ટ્રમાં ચેકડેમો સારા થયાં છે એ હું સ્વીકારું છું, પરંતુ ગુજરાતની અંદર ઘણી જગ્યાએ ચેકડેમો બરાબર થતાં નથી અને એમાં ખૂબ જ ભ્રષ્ટાચાર થતો હોય છે,

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સરદાર સરોવર યોજનાની વાત કરવામાં આવે છે. છેલ્લાં ઘણા વરસોથી આ યોજનાની વાત ચાલે છે. નર્મદા યોજના એ આપણા ગુજરાતની જીવાદોરી છે. એને રાષ્ટ્રીય યોજના કહેવાય. ખરેખર એ યોજના ઝડપથી પૂરી થવી જોઇએ, વરસોથી આ યોજનાનું કામ પૂરું થતું નથી, એના લીધે આજે છેવાડાના જે વિસ્તારો છે જેને સિંચાઇ માટે પાણી આપવાનું છે, એમને આપણે પાણી આપી શકતા નથી, નર્મદા આધારિત પીવાનું પાણી પણ આપણે આપીએ છીએ, એ યોજનાઓ પણ મંજૂર થયેલી છે, પણ હજી સુધી એ યોજનાનું કામ પૂર્ણ થતું નથી. અહીંયા માનનીય નરોત્તમભાઇ ગેટ મૂકવાની વાત કરતા હતા. અમારે ત્યાં સુજલામ્–સુફલામ્ યોજનામાં છેલ્લાં પાંચ વરસથી હું ગેટ મૂકવાની વાત કરું છું. પણ ગેટ મંજૂર થતાં નથી અને એકાદ ગેટ મંજૂર થયો છે, એનું ચાર વરસથી કામ ચાલે છે. એક મોટા જળાશયમાં પાણી નાંખવાની વાત ચાલે છે, પણ હજી સુધી આ કામ પૂરું થયું નથી, પીવાના પાણી માટે ખૂબજ મુશ્કેલી છે. માનનીય નીતિનભાઇ પણ પેટા ચૂંટણી વખતે ફાગવેલ વિસ્તારમાં ફર્યા હતા. કોરોકટ વિસ્તાર જોઇને એમને પણ થયું હશે. અહીંયા લિન્ક કેનાલો આપવા માટેની માગણી કરેલી છે અને એ વિસ્તારને એ કપડવંજ હોય, કઠલાલ હોય, ઠાસરાનો કેટલોક વિસ્તાર છે, બાયડનો કેટલોક વિસ્તાર છે, જે બિલકુલ સૂકોભઠ્ઠ વિસ્તાર છે. એને જો લિન્ક કેનાલો આપીને આપણે સિંચાઇનું પાણી આપીએ તો ચોક્કસ એ વિસ્તારના ખેડૂતો માટે ખૂબ આશીર્વાદરૂપ બની શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા થોડીક આરોગ્યની વાત કરી લઇશ. આજે પી.એચ.સી. દવાખાના છે, એમાં ગામડાંઓની અંદર આપણે જોઇએ તો પૂરા ડોકટરો, અથવા તો ત્રીજા, ચોથા વર્ગનો પૂરો સ્ટાફ જે જોઇએ તે પૂરો સ્ટાફ ભરાયેલો નથી અને તેના લીધે આજે ગામડાંની અંદર ખૂબ મુશ્કેલી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીએચસીની અંદર આપણે ઘણી વખત જોઇશું તો કેટલાક હાઇવે વિસ્તારોને અડીને શહેરો છે. ત્યાં અનેક વખત અકસ્માતો થાય છે અને તે વખતે ડોકટરો પૂરતાં ના હોવાને કારણે જે લાશનું પોસ્ટમોર્ટમ કરવાનું હોય છે, તે સમયસર થતું નથી. તેથી તેમના જે કુટુંબીજનો હોય છે, તેને આખો દિવસ, આખી રાત ત્યાં ગાળવી પડે છે અને તેને ખૂબ મુશ્કેલીઓ વેઠવી પડે છે. આ રીતે પીએચસી દવાખાનાની અંદર વર્ગ–૧ના જે મેડિકલ ડોકટરો છે તેની પૂરતી ભરતી કરવી જોઇએ. હજુ લગભગ ગુજરાતના પીએચસી, સીએચસીમાં આવો સ્ટાફ વર્ગ–૧ અને ૨નો ભરાયેલો નથી. ત્રીજા ચોથા વર્ગનો સ્ટાફ પણ ભરાયેલો નથી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યાં છે તે રાજયપાલશ્રીના અભિવાદનના પ્રસ્તાવમાં હું મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અમારા પૂર્વ વકતાએ વાત કરી કે છ કરોડના હૃદય જીતનાર પરંતુ તેનાથી આગળ જઇ અને અમેરિકી સાંસદ અને બ્રિટનના પાર્લામેન્ટની અંદર પણ કહ્યું છે કે ઓછાં સંસાધનોથી પણ વિકાસ કઇ રીતે થઇ શકે તે જો શીખવું હોય તો ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી પાસે જવું પડે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ તમામ ક્ષેત્રે જે વિકાસ કર્યો છે અને આગવા પગલાંઓ લીધાં છે તેમાં આરોગ્ય ક્ષેત્ર પણ પાછળ નથી. આરોગ્ય ક્ષેત્રે અગાઉના સમયમાં વ્યકતિ દીઠ માત્ર ૨૭૫/– રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હતો. જયારે છેલ્લાં સાત વર્ષમાં આમાં વધારો કરી અને અત્યારે વ્યકતિ દીઠ ૧૦૭૫/– રૂપિયા જેવો ખર્ચ કરી અને નાગરિકોના આરોગ્યની ચિંતા કરવામાં આવે છે. હોસ્પિટલોની અંદર અદ્યતન સાધનો અને સુવિધાઓનો વધારો કર્યો છે. જિલ્લા કક્ષાએ ટ્રોમા સેન્ટરો શરૂ કર્યા છે અને જયાં ટ્રોમા સેન્ટરોની સગવડ નથી ત્યાં આઇસીયુ ઓન વ્હીલની સગવડ આપી ગુજરાતના પ્રજાજનોની, નાગરિકોની જિંદગી બચાવવાનું અદ્ભૂત કામ આ સરકારની અંદર કરવામાં આવ્યું છે અને એને હું ખૂબ આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ હોસ્પિટલોની અંદર અદ્યતન સાધનો, સીટી સ્કેન, એમ.આર.આઇ, સોનોગ્રાફી જેવી સગવડ ઉભી કરી જિલ્લાથી અમદાવાદ સુધીના ધકકા, સમય અને પૈસાનો બચાવ કરી અને આ સમય બચાવ્યો છે તેના માટે આરોગ્ય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે હોસ્પિટલોની સગવડ માટે એન.એ.બી.એચ.ના સર્ટિફિકેશન છે, તે આંતરરાષ્ટ્રીય સર્ટિફિકેટ છે. તેના સર્ટિફિકેશન ઉપર તેની ગુણવત્તાની ગણતરી કરવામાં આવતી હોય છે. અગાઉના સમયમાં આખા ગુજરાતની અંદર સરકાર સંચાલિત કોઇ હોસ્પિટલો એન.એ.બી.એચ. નહોતી, પરંતુ મને ગર્વ એ બાબતનો છે કે આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇના શાસનમાં સૌથી પહેલી સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરને એન.એ.બી.એચ.નું સર્ટિફિકેશન આપવામાં આવ્યું છે. આવી બીજી ૨૮ જેટલી હોસ્પિટલો અત્યારે એન.એ.બી.એચ. સર્ટિફાઇડ છે અને બીજી ૭૫ જેટલી હોસ્પિટલો એન.એ.બી.એચ.સર્ટિફિકેશન માટેની પ્રક્રિયામાં આગળ વધી રહી છે. એ પ્રક્રિયાની અંદર જે ૭૫ છે, તેમાં મારા ભાવનગરની સર ટી. હોસ્પિટલનો પણ સમાવેશ થાય છે. આવી જ રીતે એન.એ.બી.એલ.સર્ટિફિકેટ એટલે સરકાર સંચાલિત હોસ્પિટલોની અંદર જે લેબોરેટરી હોય છે તેને એન.એ.બી.એલ. સર્ટિફિકેટ આપવામાં આવે છે. આ એન. એ. બી. એલ. સર્ટિફિકેશન પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના શાસનમાંથી જ મળવાનું શરૂ થયું છે. આજે ગુજરાત સરકાર સંચાલિત હોસ્પિટલોની લેબોરેટરીઓમાંથી પાંચ લેબોરેટરીઓ એન.એ.બી.એલ.સર્ટિફાઇડ છે. એમાંથી એક અને સૌથી પ્રથમ મારા ભાવનગરની સર ટી.હોસ્પિટલની લેબોરેટરી એન.એ.બી.એલ.સર્ટિફાઇડ છે. મને ગર્વ એ બાબતનો છે કે દેશની અંદર સૌથી વધારે કિડની ટ્રાન્સપ્લાન્ટ કોઇ જગ્યાએ થતાં હોય તો એ ગુજરાતની કિડની હોસ્પિટલની અંદર થાય છે. અને ભારતની એક માત્ર સરકાર સંચાલિત હોસ્પિટલ છે કે જે સ્પાઇન ઇન્સ્ટ્રીટયુટ છે કે જે સરકાર સંચાલિત છે. જયાં કરાડરજ્જૂની પણ ચિંતા કરીને તેની પણ કામગીરી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી રાહત ફંડ. આમ તો સામાન્ય રીતે અત્યારે જે પરિવારોની અંદર બી.પી.એલ. કાર્ડ હોય તેને સારવાર માટેની ઘણી બધી યોજનાઓ છે. પણ બી.પી.એલ. કાર્ડધારક ન હોય અને પોતાના ગંભીર રોગોની સારવારને પહોંચી શકે તેમ ના હોય, સો એ સો ટકા સારવાર માટે પહોંચી શકે તેમ ના હોય, એ લોકો જયારે મુખ્યમંત્રી રાહત ફંડમાં પોતે એપ્લાય થાય છે, ત્યારે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી તેમને ૩૩ ટકા જેવી માતબર રકમ સારવાર માટે આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે દરેક વર્ષનોં રેકર્ડ છે. ૨૦૦૫ની અંદર ૩૦૦ લાભાર્થીઓને ૧,૧૩,૭૩,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી છે. ૨૦૦૬માં ૮૧૨ લોકોને ૩ કરોડ ૩૨ લાખ, ૨૦૦૮માં ૧૦૧૬ લોકોને, આ રીતે ગણવા બેસીએ તો ઘણું બધું લીસ્ટ થશે. પરંતુ ૨૦૦૫ થી ૨૦૧૧, સાંભળો આ સાંભળવા જેવું છે, તમે લોકોએ કલ્પના પણ નહીં કરી હોય એટલી સરસ કામગીરી આ મુખ્ય મંત્રી રાહત ફંડમાંથી થાય છે. ૨૦૦૫ થી ૨૦૧૧ ના સમય દરમિયાન ૫૩૩૪ વ્યક્તિઓને ૨૦ કરોડ ૩૧ લાખ અને ૨૮ હજારની સહાય આપવામાં આવી છે. મેં તમને

કહ્યું તે ૨૦૧૧ સુધીની વાત કરી, હવે ૨૦૧૨-૧૩, ૨૦૧૩ના ફેબ્રુઆરી સુધીના, એટલે ગયા મહિના સુધીના મારી પાસે આંકડા છે તે મુજબ ૧૪ મહિનાની વાત કરું, માત્ર ૧૪ મહિનામાં ૧૧૩૧ વ્યક્તિઓને ૪ કરોડ ૨૮ લાખની સહાય આપવામાં આવી છે. મુખ્ય મંત્રી રાહત ફંડની સાથે સાથે એક નવી યોજના ૨૦૧૨ માં મૂકવામાં આવી. મુખ્ય મંત્રી અમૃતમ યોજના, માં યોજના, માં જેમ બાળકના આરોગ્યની ચિંતા કરે તેમ આ સરકાર ગુજરાતના પ્રજાજનોને પોતાના બાળક ગણી અને તેની ચિંતા કરે છે. બી.પી.એલ. કાર્ડના પરિવારોને સાત જેટલા ગંભીર રોગો માટે બે લાખ સુધીની સહાય આપવામાં આવે છે. નિઃશૂલ્ક સહાય આપવામાં આવે છે. આ કેશ લેસ સહાય છે. ૪૭ જેટલી હોસ્પિટલો, મિત્રો સરકારી અને પ્રાઈવેટ એવી ૪૭ હોસ્પિટલનું લીસ્ટ છે કે જેમાં આ સહાય આપવામાં આવે છે. અને આ હોસ્પિટલોમાં એક ક્રેડીટ કાર્ડ જેવું કાર્ડ આપવામાં આવે છે અને એ બાર કોડેડ કાર્ડ લઇને જાય, માત્ર એ કાર્ડ લઇને જાય એટલે બી.પી.એલ. કાર્ડ ધારકને સંપૂર્ણ સહાય આપવામાં આવે છે.

હમણાં મારા એક મિત્રએ વાત કરી હતી ગુટકા પ્રતિબંધની, ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે જયારે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ ગુટકા પર પ્રતિબંધ મૂકયો અને આ ગુટકા ઉપર પ્રતિબંધ જાહેર કરી અને યુવાનોની જિંદગીને બચાવી છે. એટલા માટે જ ગુજરાતના લોકોએ મુખ્યમંત્રીને કોલ આપ્યો કે તમે ગુટકા ઉપર પ્રતિબંધ મૂકીને ગુટકામૂકત ગુજરાત બનાવ્યું છે, અમે કોંગ્રેસમૂકત ગુજરાત બનાવવાનું પ્રણ લઇએ છીએ. કોંગ્રેસ મૂકત ગુજરાત બનાવવાનું જે પ્રણ લીધું અને એના કારણે આજે અહીંયા સદનમાં મૂળ કોંગ્રેસીઓ હોય એવા તો ગણ્યા ગાંઠયા ચાર પાંચ લોકો જ છે. અગાઉ અમારી સાથે હતા અને આજે અમારી સાથે આવી રહ્યા છે, એવા બે તો આવ્યા છે અને બીજા ઘણાં બધા આવી રહ્યા છે. મિત્રો હજુ આજે ગુટકા મૂકત ગુજરાત કર્યુ છે અને ગુટકા મૂકત ગુજરાત કરવાને કારણે લોકોએ જેમ કોંગ્રેસ મૂકત ગુજરાત કર્યુ છે, એમ મુખ્યમંત્રીશ્રીએ નકકી કર્યુ છે કે મારે કુપોષણ મૂકત ગુજરાત કરવું છે. અને આ કુપોષણ મૂકત ગુજરાત જયારે થવાનું છે ત્યારે દિલ્હી પણ કોંગ્રેસ મૂકત થવાની છે, એવો મને વિશ્વાસ છે.

મિત્રો આપણા સૌને હંમેશા યાદ રહે, આપણે બધા જેને હંમેશા યાદ કરીએ છીએ. સંકટ સમયે, જયારે મુશ્કેલી આવે ત્યારે હંમેશા કોણ યાદ આવે? એક ઈશ્વર યાદ આવે અને બીજા સ્વજન યાદ આવે, પરંતુ અત્યારે ગુજરાતની અંદર ઇશ્વરની સાથે સાથે સ્વજનની જેમ યાદ આવતી ૧૦૮ને કેમ ભૂલાય? ૧૪ મિનિટે ૧ જિંદગી બચાવતી ૧૦૮, દર ૧૪ મિનિટે એક જિંદગી બચાવતી ૧૦૮ના ૫૨૫ વાહનો અત્યારે કાર્યરત છે અને ૧,૯૬,૦૦૦ સ્કવેર મીટરને આવરી લેવામાં આવેલ છે. મિત્રો સાંભળજો તમારા જ્ઞાનમાં વધારો થશે. કોઇક વખત ઉપયોગ કરી શકશો. શહેરમાં ૭ થી ૧૨ મિનિટે પહોંચતી અને ગ્રામ્ય કક્ષાએ ૧૦ થી ૧૫ મિનિટે પહોંચતી આ ૧૦૮, આ ૧૦૮ છે તે વાહને ૩૫,૧૮,૫૭૮ ઇમરજન્સી હેન્ડલ કરી છે. ૧૧,૮૫,૧૫૯ સલામત પ્રસૂતિ કરાવી છે. એમાં ૩૪૭૫૪ બાળકોના જન્મ ૧૦૮ માં થયો છે. મારા ગુજરાતના ૨,૩૫,૮૩૫ લોકોની જિંદગી બચાવનારા ૧૦૮, એમાં કયાંય નથી ફોટો, કયાંય નથી નામ, છતાંય ગ્રામ્ય લોકો જેને મોદી ગાડી તરીકે ઓળખે છે, એ ગાડીને માટે, એ મોદી ગાડી માટે એક કાવ્ય રચના તૈયાર કરી છે. મિત્રો. જે સ્વરચિત છે.

''ફોન કરતાં ફટાક આવે, અમને એ નંબર યાદ છે,
ગુજરાતની ભારતના ગર્વ સમી, અમારી ૧૦૮ છે.
વાગે હોર્ન જયાં, ઝડપ દેતી જાય છે,
દુઃખ કેરા દર્દને, આવી ઉપાડી જાય છે.
વિના મૂલ્યે દેતી સેવા, એનો અમને આધાર છે
ગુજરાતની ભારતના ગર્વ સમી, અમારી ૧૦૮ છે.
સંકટ સમયે સૌનો, એ અડીખમ આધાર છે,
મુશ્કેલ સમયે માતાની, દયાનો દાતાર છે,
બનાવી જે ભારતના સપૂતે, એને વંદન વારંવાર છે,
ગુજરાતની ભારતના ગર્વ સમી, અમારી ૧૦૮ છે. ''

ખિલખિલાટ. આ ૧૦૮ ગાડી પ્રસૂતાને પોતાની હોસ્પિટલ સુધી તો લઇ જાય, પણ ત્યારબાદ પ્રસૂતા સ્ત્રીને અને બાળકને ઘર સુધી સલામત પહોંચાડવાનું કામ પણ એ કરે છે, કારણ કે એ સમયે કુમળા બાળકને બહારની હવા અને પવન ન લાગી જાય એની ચિંતા કરીને ઘર સુધી પહોંચાડવાનું અને ખિલખિલાટ વાહનના હોર્ન સાથે એ જયારે ઘરે પહોંચે, એ સમય દરમિયાન ગાડીની અંદર માતાને શિક્ષણ આપવામાં આવે કે બાળક અને માતાએ કેવી રીતે જીવન જીવવાનું છે, અને કેવી રીતે રક્ષણ થઇ શકે છે. આવી અદ્ધભૂત યોજનાઓ કરનાર મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ ગૃહના સન્માનનીય સભ્ય આત્મારામભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવાની અનુમતિ લઉં છું.

૧૯૬૦માં ગુજરાત નામના એક બીજનું વાવેતર કરવામાં આવ્યું, ૧૯૬૦ થી ૧૯૮૫ સુધી એ બીજને પરસેવાના ટીપે ટીપાનું પાણી પાઇને એને વટવૃક્ષ બનાવીને ૧૯૮૫માં એ ગુજરાતને લીલુછમ વૃક્ષ બનાવવાનો પાયો કયાંક અહીંયા બેઠેલા લોકોએ પણ નાખ્યો હતો. કોઇ વૃક્ષને હર્યું ભર્યું લીલુ રાખવું હોય તો એના પાંદડા ઉપર પાણી રેડવાથી એ વૃક્ષને હર્યુંભર્યુ રાખી શકાય નહિ. એ પત્તા ઉપર રેડાતું પાણી એના મૂળ સુધી પહોંચે તો જ એ વૃક્ષ લીલુછમ રહે અને એનું આયુષ્ય વધે અને બધા લોકોને એનો છાયડો મળે. આ ગૃહની અંદર ઘણા સમયથી સાંભળીએ છીએ, વિકાસ, વિકાસ અને વિકાસ. અમારા કાર્યકાળની અંદર વિકાસ નામના શબ્દની વ્યાખ્યા જયાં કશું જ ન હોય ત્યાં એક સુંદર મજાનું આંખે જોઇ શકાય અનુભવ કરી શકાય એવું કયાંક નિર્માણ કરીએ. કોઇક નવું કામ કરીએ. એને એ જમાનામાં લોકો વિકાસ કહેતા હતા. જે વિકાસ નામના શબ્દની અનુભૂતિથી આજે આપણે બધા અહીંયા બેઠા છીએ. આજે આ વિકાસ નામનો શબ્દ છેલ્લા દસ વરસથી ગુજરાતમાં ગૂંજી રહ્યો છે. મને એવું લાગે છે કે અહીંયા નવા જન્મતા બાળક એને વિકાસ નામના શબ્દની વ્યાખ્યા બદલવી પડશે. આજકાલ ગુજરાતની અંદર જો કોઇને પૂછવામાં આવે કે વિકાસ એટલે શું તો બાળકને એવું લાગે છે કે સંપૂર્ણ નિષ્ફળતાઓને સારી રીતે વર્ણવવાની કળાનું નામ વિકાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીનું આખું પ્રવચન મેં વાંચ્યું. ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીના મિત્રોને આ ગુજરાતમાં લોકોએ સુશાસનની જવાબદારી સોંપી છે. મને એવું હતું, હું તો પાંચ વર્ષનો પોરો ખાઇને આવ્યો. ત્યારે 'મારી સરકાર' ચાલતી હતી હવે કદાચ ' આપણી સરકાર'ની પરંપરા શરૂ થઇ હશે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં કયાંય ' આપણી સરકાર' નામના શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો નથી. લોકો જયારે પ્રતિનિધિને ચૂંટીને મોકલે, ચૂંટાયેલો પ્રતિનિધિ એ કોઇ વિચારધારા, કોઇ પાર્ટી પૂરતો સિમિત રહેતો નથી. એ ચૂંટાયેલો પ્રતિનિધિ, એ પ્રજાનો પ્રતિનિધિ હોય છે અને સમાજના તમામ વર્ગના લોકોની વેદનાઓને વાચા આપવાની એની જવાબદારી હોય છે. મને દુઃખ થયું કે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં કયાંય ' આપણી સરકાર' એનો અહેસાસ નહોતો થતો. માનનીય અધ્યક્ષશ્રી, લોકનિષ્ઠા, કાર્યદક્ષતા અને પરિણામલક્ષી કામગીરીમાં સંપૂર્ણ રીતે નિષ્ફળતાના કારણે આજે આપણું ગુજરાત એ દિશાવિહિન અને દુર્દશાનો સામનો કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ૭૦ ટકા કરતા વધુ લોકો ખેતી અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. હું પણ નાના એવા ખેડૂત કુટુંબમાં જન્મ લઇને આ વિધાનસભા ગૃહ સુધી પહોંચ્યો છું. ઘણા બધા લોકો ખેતી અને ખેતીના વ્યવસાય સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા હશે. મને ઘણો આનંદ થાત, જો રાજયપાલશ્રીના પ્રવચનમાં કયાંય એવો ઉલ્લેખ હોત કે ગુજરાતમાં એક પણ એવો ખેડૂત બાકી નથી કે જેણે વીજળીનું કનેકશન માગ્યું હોય અને એ પડતર હોય. આ ભારતીય જનતા પાર્ટીની શાસન વ્યવસ્થાના દોરમાં રાજયમાં ૧૫-૧૫ વર્ષથી ખેડૂતોને વીજળીના કનેકશન નથી મળતા અને વીજળીના કનેકશન જો તત્કાળમાં મેળવવા જાય તો લાખો રૂપિયેથી સસ્તા નથી મળતા અને ખેડૂતોને પૂરતી અને સસ્તી વીજળી નથી મળતી. અગર આની કોઇ વ્યવસ્થાનો ઉલ્લેખ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં કર્યો હોત તો મારે જરૂર સત્તાપક્ષના મિત્રોને અભિનંદન આપવા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ આ રાજયમાં ગુજરાતના મહારાજ ઉત્સવો અને મહોત્સવોમાં વ્યસ્ત હોઇ, સરકારી બસો એ મહોત્સવોની પાછળ જવાબદારીમાં લાગેલી હોય અને બીજી બાજુ મારા ચાડીયા જેવા ગામનો એક વિદ્યાર્થી ગામના પાદરમાં ઉભો બસની રાહ જોતો હોય અને નિશાળનું ટાણું છાંડી જાય એટલે એક વિદ્યાર્થી બીજાંને કહેતો હોય કે હાલ ભાઇ હાલ, આજ તો આપણે અમરેલી હાલીને નિશાળે જાવું પડશે. લાગે છે સરકારની બસો તો બધી કયાંક મેળાઓ કે ઉત્સવોમાં રોકાયેલી છે. આપણે ત્યાં નળમાં ચકલી ખોલો અને તેલ આવશે એની જાહેરાત થતી હતી, પણ અમારે ત્યાં કાઠીયાવાડમાં કહેવત છે કે ‘તેલ પાઇને એરંડીયું કાઢે’ માનનીય અધ્યક્ષશ્રી અહીં તો તેલ પણ નથી મળતું અને એમને એમ એરંડીયું નીકળી રહ્યું છે. મારી સૌરાષ્ટ્રની માતાઓ–બહેનોને આજે ચાર–ચાર, પાંચ–પાંચ કિલોમીટર માથે હેલ લઇને પીવાના પાણીના એક ટીંપા માટે ફાંફા મારવા પડે. આવી પરિસ્થિતિ નિર્માણ થઇ. મારે કોઇ ટીકા ટિપ્પણી નથી કરવી. આપના મારફત માનનીય મંત્રી મહોદયને વિનંતી કરવી છે કે પાણી માટે થઇને ટેન્કર ચાલુ કરવામાં શરમાતા નહીં, પાણી માટે ભૂતકાળમાં અમે ટ્રેનના ડબ્બાઓ ભરી ભરીને લોકોને પીવાનું પાણી અછતમાં પૂરું પાડ્યું છે. આ સરકારને ટેન્કરમૂકત સરકાર બનવાનો શોખ જાગે અને મારી માતાઓ બહેનોને પીવાનું પાણી એના ગોળામાં દોહ્યલું થઇ જાય, આવી પરિસ્થિતિ સૌરાષ્ટ્રના સાતેસાત જિલ્લાઓમાં છે, આપને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કચેરીઓમાં અરજદારોની લાંબી લાઇન લાગી હોય. કોઇને રેશનકાર્ડ કઢાવવું છે, કોઇને બી.પી.એલ. કાર્ડ કઢાવવું છે, કોઇને આવકનો દાખલો કઢાવવો છે. આવી નાની નાની કામગીરી માટે અરજદારો લાઇનમાં ઉભા હોય અને એ કચેરીમાં ટેબલ નાખીને બેઠેલો પટાવાળો કહે, ભાઇ, કાલે આવજો. સાહેબ તો સરકારી ઉત્સવોમાં ગયા છે. કચેરીઓની અંદર અરજદારોને ધક્કા ખાવા પડે અને બિચારા સાહેબ ઉત્સવોમાં ગયા હોય. સાંજે ૯–૧૦ વાગ્યે ઘરે આવે અને ઘરે આવીને પહેલાં પીવાનું પાણી ન માગે અને ટેબલમાંથી કાયદાની ચોપડી ખોલતાં કહેતા હોય કે આ ચોપડીમાં ક્યાં લખ્યું છે કે સરકારી મેળાવડાઓમાં અમારે રાતના ઉજાગરા કરવાના છે? મારે કોઇ ટીકા–ટીપ્પણીમાં નથી પડવું. આ રાજ્યની અંદર આજે પણ ૨૩.૫૦ લાખ કરતાં વધારે.. (અંતરાય) રોજગારી માટે દર દર ભટકવું પડે છે. આજે ગુજરાતની અંદર એવી પરિસ્થિતિ પેદા થઇ રહી છે કે, શહેર વર્સીસ ૧૮૦૦૦ ગામડાઓની લડાઇ આરંભાય તો નવી નવાઇ ન માનતા. રાજયના કુલ પ્રતિનિધિત્વના ૩૦ ટકા લોકો શહેરોનું પ્રતિનિધિત્વ કરે છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના યુવાનોને રોજગારીની પૂરતી તકો પ્રાપ્ત થતી નથી અને જે કોઇ મિત્રોને નોકરીઓ આપવામાં આવે છે એ કોઇને કાયમી ઓર્ડર મળતા નથી. આ રાજ્યની અંદર વર્ક એગ્રીમેન્ટથી નોકરીએ રાખવામાં આવે છે અને કરાર આધારિત કામ કરતા લોકોને ડરાવી ધમકાવીને ખોટા કામ કરાવવાની નવી પ્રણાલિની શરૂઆત થઇ હોય તો આ ગુજરાતની અંદર થઇ છે. આ રાજ્યની અંદર ૧૫ વર્ષ ઉપરાંતથી સત્તાનશીન વિચારધારાને ગુજરાતની જનતાએ વિકાસ માટેની જવાબદારી સોંપી હતી. આ રાજ્યની અંદર ... (અંતરાય) મારે કહેવું છે કે,...

અધ્યક્ષશ્રી : શ્રી જયદ્રથસિંહજી પરમાર. હજુ ચાર દિવસની જનરલ ચર્ચા બાકી છે. પછી કહેજો, બેસી જાઓ. પાછી તમારી જૂની ટેવ ક્યાં ચાલુ રાખો છો? જૂનું ભૂલી જાઓ.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારી સરકાર લખ્યું નથી, અમારી સરકાર જ લખ્યું છે.

અધ્યક્ષશ્રી : એ બરાબર છે. બેસી જાઓ. અમારી સરકાર જ લખ્યું છે. શ્રી જયદ્રથસિંહજી પરમાર.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આપણા રાજ્યપાલ ડો. કમલાજીએ જે પ્રવચન કર્યું, એનો આભાર પ્રસ્તાવ લઇને સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર આવ્યા છે, એને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકારે આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ જે રીતે છેલ્લા દશકામાં ગુજરાતનો રોકેટ ગતિએ વિકાસ કર્યો છે એની સમગ્ર દેશ અને

દુનિયાએ નોંધ લીધેલ છે. ગુજરાતના વિકાસ ઉપર સમગ્ર દુનિયાની નજર છે અને તેનાથી પ્રેરાઇને આજે ૧૨૧ દેશોના પ્રતિનિધિઓ અને દેશના ૨૪ રાજ્યોના પ્રતિનિધિઓએ આપણા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમ્મિટમાં ભાગ લીધો હતો. ૧૨૧ દેશના પ્રતિનિધિઓ હાજર રહ્યા હોય એવો કદાચ આ દેશમાં આ પહેલો કાર્યક્રમ થયો છે. એનું ગૌરવ આપણે સૌએ લેવા જેવું છે, સન્માનનીય સભાગૃહે લેવા જેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની પ્રગતિ તેના માર્ગો આધારિત છે. આપણા દેશના પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઇએ માર્ગોને હથેળીની રેખાઓ તરીકે વર્ણવી છે. આ રેખાઓ વ્યક્તિની ભવિષ્યની દિશા નક્કી કરે છે. રાજ્યની પ્રગતિ રાજ્યના માળખાની સ્થિતિ ઉપર અવલંબે છે. ઉદ્યોગ, વેપાર, રાજ-કાજ કૃષિના વૃદ્ધિના પાયા ઉપર છે. ગુજરાતમાં માર્ગોનું પ્રવર્તમાન માળખું ગુણવત્તાની દ્રષ્ટિએ દેશમાં સર્વશ્રેષ્ઠ પૈકીનું એક છે. દિવસે દિવસે વાહનોની સંખ્યા વધતી જાય છે. જેથી રાજય સરકારે માર્ગ ક્ષેત્રને પ્રાધાન્ય આપ્યું છે અને આયોજનબદ્ધ રીતે રોડનું નેટવર્ક ઉભું કર્યુ છે. જે રીતે રોડનું નેટવર્ક રાજય સરકારે ઉભું કર્યુ છે, રાષ્ટ્રીય એકસપ્રેસ વે ૯૩ કિલોમીટર, રાષ્ટ્રીય ધોરી માર્ગ ૩૧૬૬ કિલોમીટર, રાજય ધોરીમાર્ગ ૧૮૪૪૭ કિલોમીટર, મુખ્ય જિલ્લા માર્ગ ૨૦૫૬૪ કિલોમીટર, અન્ય જિલ્લા માર્ગો ૧૦૩૫૨ કિલોમીટર , ગ્રામ્ય માર્ગો ૫૯૭૦૯ કિલોમિટર. ૧,૧૨,૩૩૧ કિલોમીટરની લંબાઇવાળું આ માર્ગોનું વ્યુહાત્મક માળખું રાજય સરકારે નિર્માણ કરેલું છે. ગુજરાતમાં ૯૮.૯૬ ટકા ગામોનું બારમાસી માર્ગોથી જોડાણ થયેલું છે. લગભગ ૯૮-૯૯ ટકા કનેકિટવિટી ગુજરાતની અંદર ગ્રામ્ય વિસ્તાર સાથે જોડાયેલી છે. ઉચ્ચ કક્ષાની વહન સપાટીવાળા માર્ગો રાજય સરકારે બનાવેલા છે. જે રીતે આપણા રાજયની અંદર અલગ અલગ યોજનાઓમાં જેમ કે પ્રગતિપથ હેઠળ આપણી રાજય સરકારે જે ૩૭૧૦ કિલોમીટરના નવા નવ હાઇસ્પીડ કોરીડોરનું નિર્માણ કર્યુ છે. સો ટકા એની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવેલી છે. દરિયાકાંઠા, આદિજાતિ, ઔદ્યોગિક અને ગ્રામ્ય વિસ્તારોને મુખ્ય માર્ગો સાથે જોડયા છે, જેવા કે પીપાવાવ- અમરેલી-સુરેન્દ્રનગર-પાટણ-અંબાજી-આબુ રસ્તો, રાધનપુર-ચાણસ્મા-શામળાજી રોડ, નારાયણ સરોવર-ગાંધીધામ-ધાંગધ્રા-ગોધરા રોડ, દ્વારકા-જામનગર-રાજકોટ-બગોદરા-ડાકોર રોડ, સુરત-ચીખલી-વઘાઇ-આહવા રોડ, વાપી-નેત્રંગ-રાજપીપળા-નસવાડી-ગોધરા રોડ, દહેજ-ભરુચ-નેત્રંગ-સાગબારા રોડ, દ્વારકા-જામનગર-રાજકોટ-ભાવનગર રોડ, વાવ-થરાદ-સમી-મહેસાણા-અમદાવાદ-વડોદરા-ડભોઇ-નર્મદા રોડ આવા લગભગ નવ કોરીડોરનું કામ રાજય સરકારે પૂરું કર્યુ છે. આદરણીય અધ્યક્ષશ્રી, આને કહેવાય વિકાસ. એવી રીતે ગ્રામ્ય વિસ્તારના જે રસ્તાઓ, આજે રાજય સરકારે ગ્રામ્ય વિસ્તારની પણ એટલી જ ચિંતા કરી છે કે ગામમાં વસતો આપણો ખેડૂત મિત્ર હોય કે ગામની અંદર કોઇ બહેન પ્રસુતા હોય અને એમને ત્યાંથી મુખ્ય મથક સુધી આવવામાં તકલીફ થાય, બાળકોને અભ્યાસ માટે આવવામાં તકલીફ થાય, એને ધ્યાનમાં રાખીને આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળની સરકારે કિસાનપથ યોજના અમલમાં મૂકી, આપણા માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ કિસાનપથ યોજના હેઠળ લગભગ આપણા ૧૦,૦૮૬ કિલોમિટર લંબાઇના રસ્તાઓનું કામ પૂર્ણ થયું. એમાં ૧૩૪૦ કરોડ રૂપિયા રાજય સરકારે ખર્ચ કર્યો છે અને તેનાથી ૨૩૨૪ ગામોને આ કિસાનપથ યોજના હેઠળ લાભો મળવાના છે. એ રીતે મરૂન વિલેજ યોજના. આજે ગુજરાતમાં ઘણો વિસ્તાર એવો હતો કે જયાં ચોમાસામાં વધારે વરસાદ પડે તો ચોમાસામાં એ ગામની આજુબાજુમાં પાણી ભરાઇ જાય અને પાણી ભરાઇ જાય એટલે ત્યાં આગળ ગામનો વાહન વ્યવહાર તૂટી જાય. એમનો સંપર્ક તૂટી જાય. ત્યાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા મુખ્યમથકે આવી ના શકે. બહેનોને, ભાઇઓને આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ ના થાય. આને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીની સરકારે નકકી કર્યુ કે આવા જે ગામો છે એને એક બારમાસી પાકો રસ્તો મળે એના માટે મરૂન વિલેજ યોજના રાજય સરકારે અમલમાં મૂકી, ભારે વરસાદ અને પૂરના કારણે વિખૂટા પડેલા ગામોને એક બારમાસી રસ્તો આપવા માટે રુ. ૨૭૬.૭૧ કરોડની યોજના રાજય સરકારે અમલમાં મૂકી. જેનાથી ૧૬૪ ગામોને બારમાસી રસ્તા મળનાર છે. આ મરૂન વિલેજ યોજના હેઠળ ૩૪૯ કરોડ રુપિયાના ખર્ચે આ ૧૧૭ કામો પૂર્ણ થવાના છે. આ રીતે મારે એક વાત આપણા સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવી છે કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના આદરણીય અટલબિહારી બાજપાઇજી જયારે દેશનું નેતૃત્વ કરતા હતા, ત્યારે બાજપાઇજીનું

સ્વપ્ન હતું કે દેશના છેવાડાનું ગામ હોય એને પાકો રસ્તો મળે, અને પાકો રસ્તો એ ગામને મળે તો એ ગામનો વિકાસ થાય. એને ધ્યાનમાં રાખીને આખા દેશની અંદર રસ્તાઓના કામો શરૂ થયા. આ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ જે ગ્રાન્ટ કેન્દ્રની સરકાર અલગ અલગ રાજયોને આપે છે. એમાં રાજ્યોમાં આંધ્રપ્રદેશને જે ગ્રાન્ટ ફાળવી એ લગભગ ૪૪૭૨ કરોડ રૂપિયા, છત્તીસગઢને ૭૦૩૦ કરોડ રૂપિયા, જમ્મુ-કાશ્મીરને ૩૨૬૮ કરોડ, હિમાચલ પ્રદેશને ૨૬૯૯ કરોડ, ઝારખંડને ૩૯૫૫ કરોડ, કર્ણાટકને ૩૨૬૮ કરોડ, મહારાષ્ટ્રને ૫૪૨૩ કરોડ, ઉત્તરપ્રદેશને ૧૦૩૨૯ કરોડ, ઓરિસ્સાને ૧૨૪૪૦ કરોડ, મધ્યપ્રદેશને ૧૪૬૩૯ કરોડ અને ગુજરાતને માત્રને માત્ર ૧૫૦૧ કરોડ રૂપિયા. આ રીતે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને અન્યાય કરવામાં ક્યાંય પાછી પાની થઇ નથી. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના જે અટલ બિહારી બાજપાઇજીનું સ્વપ્ન હતું કે આનો લાભ છેવાડાના ગામોને થાય એના માટે રસ્તાઓની કનેક્ટિવિટી કરવાની હતી. ગુજરાતમાં માર્ગ અને મકાન વિભાગની એવી પરિસ્થિતિ છે કે ૯૮-૯૯ ટકા કનેક્ટિવિટી તો છે જ, પણ હવે જરૂર છે રાજ્યમાં ૫૦૦થી ઓછી વસતિવાળા ગામડાના રસ્તા અને ૨૫૦થી ઓછી વસતિવાળા ટ્રાયબલના રસ્તાની જરૂર છે. પણ કેન્દ્રે કહ્યું કે, ૫૦૦થી ઓછી વસતિવાળા અને ૨૫૦થી ઓછી વસતિવાળા ટ્રાયબલના રસ્તાઓ અમે ૧૦ વર્ષ પછી કરીશું. એટલે કે ૨૦૨૧-૨૨માં આવા રસ્તાઓ માટે કેન્દ્ર સરકાર ગ્રાન્ટ આપશે. આ અન્યાય ગુજરાતને થાય. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે નક્કી કર્યું કે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ આવે કે ન આવે આપણે રાજ્યની તિજોરીમાંથી આ રસ્તા કરવા છે. આપણી રાજ્ય સરકારે આવા ૫૦૦થી ઓછી વસતિવાળા ગામડાના રસ્તા બનાવવાની શરૂઆત કરી. ૫૦૦થી ઓછી વસતિવાળા ગામો કે જેને કેન્દ્ર સરકારે ગ્રાન્ટ આપવાની ના પાડી એના માટે વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી અને પ્રથમ તબક્કામાં ૫૦૦થી ઓછી વસતિવાળા ૬૧૦ ગામોના લગભગ ૧૦૯૦ કિલોમીટરના રસ્તાઓ આપણી રાજ્ય સરકારે શરૂ કરવાનું નક્કી કર્યું. આ જ રીતે ટ્રાયબલના ૨૫૦થી ઓછી વસતિવાળા ગામડાઓની ગ્રાન્ટ આપવાની કેન્દ્ર સરકારે ના પાડી એમાં પણ વર્ષ ૨૦૧૨-૧૩ના પ્રારંભિક તબક્કામાં ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી અને ૨૩૨ કરોડના આયોજન ભંડોળ દ્વારા ૫૦૦ ગામ-પરાઓને લાભાન્વિત કરવાની તૈયારી રાજ્ય સરકારે કરી છે. ૧૫૦ પરાઓને જોડતા ૧૮૪ કિલોમીટરના કામો પૂર્ણ થઇ ગયા છે. જે કાંઇ ગવર્નરશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું એ ચોપડીના ૨૦ નંબરના પાના ઉપર એમણે કહ્યું કે વિશ્વબેંકનો અહેવાલ Reforms in the road sector learning from Gujarat માં વિશ્વબેંકે પણ આપણી ગુજરાતની કામગીરીને બિરદાવી છે. આ વિશ્વબેંકની ચોપડી છે. મારે જે વાત કરવી છે કે મારી સરકાર જે કામો કરે, અમારી સરકાર જે રસ્તાઓને મંજૂર કરી એના ખાતમુહૂર્ત કરે છે એના ઉદ્ઘાટન પણ અમારી સરકાર કરે છે. અમારી સરકારે આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ જે કામો કર્યા છે એ પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને કામો કર્યા છે. સામે બેઠેલા અમારા કોંગ્રેસના મિત્રોને કહું કે તમારી સરકાર ૪૫-૫૦ વર્ષ હતી તેમાં તમારા વિસ્તારના કેટલા રસ્તાઓ મળ્યા એનો સરવાળો કરો અને આ દશકામાં આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તમારા વિસ્તારમાં કેટલા રૂપિયા આપ્યા એનો સરવાળો કરશો તો ખબર પડશે કે ગરીબ લોકોની ચિંતા કોણે કરી છે અને કઇ સરકારે કરી છે. આ પ્રસ્તાવને હું ટેકો આપું છું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ (સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ દિવસથી રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર ચર્ચાઓ થઇ. હું વિચારતો હતો કે પક્ષાપક્ષીથી પર રહીને આ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર જો વિચારતા હોત, તો મને બહુ આનંદ થાત, પણ હું ચોક્કસ કહીશ કે હાલ જ્યારે રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર બોલવા ઉભો થયો છું ત્યારે હું માનું છું કે વાતની શરૂઆત નર્મદા ડેમથી શરૂઆત કરું. આજે ગુજરાત માટે પાણીની સગવડ આખા ગુજરાતમાં પૂરી પાડતો હોય તો એ નર્મદા ડેમ છે. અહીંયા ઘણા બધા મિત્રો કહેતા હતા કે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણી પહોંચ્યું છે. વાત સાચી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણી પહોંચ્યું છે, પણ નર્મદા ડેમ મારા તાલુકાને અડીને આવેલ છે અને મારા તાલુકામાં વિસ્થાપિતો વસેલ છે. નર્મદા ડેમની શરૂઆત નાદોદ

તાલુકામાંથી એ પહેલી માઇનોર કેનાલ થઇ છે અને બીજી નસવાડી તાલુકામાં ૧૬ માઇનોર કેનાલો બનાવવામાં આવેલ છે. સંખેડામાં ૮૫ માઇનોર કેનાલો બનાવવામાં આવેલ છે. મારા પ્રભારી મંત્રી સાહેબ પણ અહીંયા બેઠા છે અને એમની પાસે જ આ ખાતું છે. હું એ વિચારું છું કે મારા વિસ્તારમાં પાયાના જે ખેડૂતો છે એમને કેટલા ટકા ખેડૂતોને પાણી મળે છે, એનો સરવે કોઇએ કરાવ્યો છે ખરો? કચ્છમાં જ્યાં જુઓ ત્યાં પાણી પાણી. સૌરાષ્ટ્રમાં નીતિનભાઇ સાહેબનો વિસ્તાર હશે એટલે પાણી હોય જ, પણ જેણે પાયાનો ભોગ આપ્યો છે. મારા વિસ્તારમાં ૨૭ જેટલી વસાહતો આવેલી છે. એ ૨૭ વસાહતોને આજે પીવાના પાણીના ફાંફાં પડે છે. નીતિનભાઇ સાહેબ, આપ વડોદરા જિલ્લાની મુલાકાતે આવો ત્યારે હું ચોક્કસ કહીશ કે નસવાડી અને સંખેડા તાલુકાની વિસ્થાપિતોની જે વસાહતો છે, એમને પીવાના પાણી માટે આજે શું હાલત છે એ આપ જોઇ શકો છો. હું માનું છું કે પીવાના પાણીની સમીક્ષા હોય, કારણ કે હું માનુ છું ત્યાં સુધી નસવાડીમાં યોજના આપી છે, કારણ કે હું ૧૯૯૫થી બૂમો પાડતો હતો, પણ સંખેડામાં પીવાના પાણી માટે જે મંજૂરી મળવી જોઇએ એ મળી નથી. આપ સાહેબને વિનંતી કરું છું કે આ પીવાના પાણીનો જ્યારે પ્રશ્ન છે ત્યારે આ માટે ખાસ વિચારીને ઘટતું કરશો.

એ જ રીતે આ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ઘણી બધી વાતો થઇ છે. હું એવું વિચારું છું કે મારા ટ્રાયબલ વિસ્તારમાં કન્યા કેળવણીનું સ્તર જ્યાં નીચું છે, એવા વિસ્તારોમાં ભારત સરકારે શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે સ્કૂલો આપી. નસવાડી, છોટાઉદેપુર, કવાંટ, પાવીજેતપુર, વડોદરા જિલ્લામાં ૧૨ સ્કૂલો આપી છે. હું માનું છું કે, ભારત સરકારે જ્યારે સીધી લાઇન ઉપર જ્યાં કન્યા કેળવણીનું સ્તર નીચું છે એવી જગ્યાએ સ્કૂલો ખોલવાની હતી, આજે એના ૫-૫ વર્ષ થઇ ગયા છે, છતાં હજુ કોઇ સ્ટાફ નથી, કારણ કે એનો વહીવટ ગુજરાત સરકારને આપેલો છે. ભારત સરકારે સીધા પૈસા ગુજરાત સરકારને આપ્યા છે, પણ આજ દિન સુધી એના સ્ટાફની નિમણૂક કરવાની હતી એ સ્ટાફ, શિક્ષકોની જગ્યાઓ આજ દિન સુધી ભરી નથી. ભારત સરકારના પૈસા અને છતાંય ગુજરાત સરકારે એમાં વહીવટ કરવાનો હોય અને આ વહીવટમાં જો આ રીતે થતું હોય તો ટ્રાયબલ વિસ્તારની આ સરકાર ક્યાં ચિંતા કરે છે? હું માનું છું કે ટ્રાયબલ વિસ્તારમાં ઘણી બધી મુશ્કેલીઓ છે. આજે ગુજરાતમાં ટ્રાયબલની જ્યારે વાતો થતી હોય, ટ્રાયબલ માટે આટલા પૈસા આપ્યા, આટલું એ કર્યું ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ૧૯૯૫ પહેલાની વાત કરવી છે. ૧૯૯૫ પહેલા ગામડામાં બસો જતી હતી. મને યાદ છે કે મારા ગામમાં ૧૯૯૫ પહેલા બસ આવતી હતી. આજે મારા ગામમાં તો ઠીક તાલુકા મથકે પણ જૂજ બસો છે. આ પરિસ્થિતિ આજે ગામડામાં થઇ છે ત્યારે આ વિવાદ? આ આદિવાસીઓની સેવા કઇ રીતે? આદિવાસીઓ માટે બસ પણ નહિ? સાહેબ મારા વિસ્તારની હું વાત કરું છું. આ ટ્રાયબલ વિસ્તારની આજે ચિંતા કરતા હોય ત્યારે હું ચોક્કસ કહીશ કે આ માટે ૧૦૦% સરકાર કરે. માથે ભગવાન રાખીને જેઠાકાકા, બોલું છું. તમારા વિસ્તારમાં બસો હશે, પણ અમારા વિસ્તારમાં લોકો બસો જોવા માટે કહે છે. કારણ કે મારા ગામની વાત કરું છું. ત્યાં આ પરિસ્થિતિ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ વાત કરવી છે કે, રસ્તા માટે હમણાં માનનીય મંત્રી સાહેબ વાત કરતા હતા કે, ટ્રાયબલ વિસ્તારોમાં રસ્તા થયા છે. ટ્રાયબલ વિસ્તારોમાં રસ્તાઓ થયા છે, મને ખબર છે કે, ભારત સરકારની વડાપ્રધાન સડક યોજનામાં ટ્રાયબલ વિસ્તારોમાં રસ્તાઓ થયા છે. ગુજરાતના બજેટમાં ટ્રાયબલના રસ્તાઓ કેટલા થયા છે એના આંકડા જોશો તો આપને ખબર પડશે કે, ટ્રાયબલને કેટલું ગુજરાત સરકારે આપ્યું છે. કારણ કે, મારા નસવાડીમાં ૨૦૦૭ થી માંડી ૨૦૧૩ સુધી ઓછામાં ઓછા બસો કરોડ રુપિયા એકલા ટ્રાયબલના વડાપ્રધાન સડક યોજનામાં આપ્યા હતા. ગુજરાત સરકારે એમાં એક પણ પૈસાનું બજેટ ટ્રાયબલ વિસ્તારમાં ફાળવ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એથી આગળ જઇને વાત કરું છું. આ જ પરિસ્થિતિ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પી.એચ.સી. દવાખાનાઓની છે. ૧૯૯૫ પહેલાં કેટલો સ્ટાફ હતો અને આજે કેટલો સ્ટાફ છે? એનું મહેકમ ક્યાં છે? ઘણાં પી.એચ.સી. દવાખાનાઓ આજે ડોકટરો વગર ખાલી છે. શું આજે આપણે આ ગામડાના છેવાડાના માણસોની આપણે ચિંતા કરીએ છીએ, હું રાજકીય રીતે નથી કહેવા માગતો પણ જે પી.એચ.સી. ૧૯૯૫ પહેલા ખોલેલા છે ત્યાં પણ ડોકટરો ના હોય તો આનાથી વધારે શરમજનક બીજી કઇ વાત હોય.

આવા વિસ્તારોમાં ટ્રાયબલની જયારે ચિંતાઓ કરતા હોય, ત્યારે મારા વિસ્તારમાં હું કહું છું કે છ પી.એચ.સી. દવાખાનાઓ છે, નીતિનભાઇ, એમાંથી પાંચમાં ડોકટરો નથી અને એકમાં જ ડોકટર છે. આ પરિસ્થિતિ ટ્રાયબલની થઇ છે, એટલા માટે અમારે નાછૂટકે તમને કહેવું પડે છે કે સાહેબ, આ પરિસ્થિતિ થઇ છે. એવી જ રીતે સી.એચ.સી. દવાખાનાઓ તાલુકા મથકે ખોલવામાં આવ્યા, એમાં પણ ડોકટરો નહીં. દવાઓ પણ નહીં. આ પરિસ્થિતિ છે. દવાઓ માટે પણ મુશ્કેલી છે. મારા નસવાડીની વાત કરું, સંખેડામાં પણ સાહેબ આ પરિસ્થિતિ ઉભી થઇ છે, ત્યારે આ માટે સરકાર ખાસ નજર રાખે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાત કરે છે. ખેડૂતોને અમે, કારણ કે, આઠ કલાક પછી દસ કલાક કર્યા છે પણ જાતે હું ખેડૂત છું. મને ખબર છે કે મારા ખેતરમાં કેટલા કલાક લાઇટ આવે છે. કારણ કે, ગામડાઓની પરિસ્થિતિ એવી છે કે આઠ કલાક લાઇટ આપવાના હતા, ત્યારે પણ અમને આઠ કલાક નહોતી મળી. આજે દસ કલાકની વાત કરે છે. દસ કલાક કયા ખેડૂતને લાઇટ મળે છે? મારો જાત અનુભવ છે કે ખેડૂતોને ત્રૂટક ત્રૂટક વીજળી માંડ માંડ આપવામાં આવે છે. ઘણી વખત રજૂઆતો કરીએ છીએ. સરકાર એવું વિચારે છે કે અમે આઠ કલાકના બદલે દસ કલાક આપીશું. હમણાં ચૂંટણી ઢંઢેરામાં એવું બહાર પાડ્યું હતું કે અમે બાર કલાક પણ લાઇટ આપીશું પણ વાસ્તવમાં આ વાત છે સાહેબ. માનનીય અધ્યક્ષ સાહેબ, હું નીતિનભાઇને વિનંતી કરું છું કે, નર્મદાનું પાણી જે વિસ્તારમાં મળવાનું નથી એવા ખેડૂતોને થોડીક પ્રાયોરિટી આપીને કારણ કે, જેમણે નર્મદા માટે એમની પોતાની જમીનો આપી છે, એવા ખેડૂતોને લાઇટ માટે જો નીતિનભાઇ સાહેબ કાંઇક અલગ વ્યવસ્થા કરવામાં આવે તો હું માનું છું કે આ સરકારની કામગીરી ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ વાત કરું કે, છેલ્લે જયારે ૧૯૯૫ પહેલાં બોડેલી ખાતે સુગર ફેકટરી ખોલવામાં આવેલી, આ સુગર ફેકટરી આપના વહીવટમાં ક્યાં ગઇ? કારણ કે તેનો કાંઇ પત્તો નથી. સરકારે બોર્ડની નિયુકિત કરી છે. ચૂંટણી આજ દિન સુધી આવી નહીં, આ સુગર ફેકટરીનો વહીવટ કયા સ્ટેજ ઉપર છે? આપ અમારા પ્રભારી મંત્રી છો, તો આપ આમાં થોડો રસ રાખો. કારણ કે સાચા ખેડૂતોની લાગણી જો હોય અને આપ પણ જો સાચા ખેડૂત હોય તો હું માનું છું કે આ સુગર ફેકટરીનો જે વહીવટ થયો છે એના માટે આપ સાહેબ નજર રાખશો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આગળ જઇને શિક્ષણ માટેની વાત કરવાની છે કે ટ્રાયબલ વિસ્તારોમાં શિક્ષણની આજે કથળેલી પરિસ્થિતિ એટલા માટે થઇ છે, હું માનું છું કે ઉંડાણ વિસ્તારમાં એક સ્કૂલમાં એક શિક્ષક છે અને એમાં આપના બધા નાના મોટા કાર્યક્રમોમાં, કંઇ ગરીબ કલ્યાણ મેળા હોય, કોઇ અન્ય સરકારી કાર્યક્રમો હોય, તો આ બાળકો એકલા અને સ્કુલનો શિક્ષક એ કાર્યક્રમોમાં જાય ત્યારે આ જે શિક્ષણની જે પરિસ્થિતિ છે એ કથળી ગઇ છે તો એને સુધારવા માટે જો આ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ કરે તો હું સમર્થન આપત, પણ આવી બધી ખામીઓ જે છે એને લીધે કહું છું કે, હું સમર્થન આપી શકતો નથી.

અધ્યક્ષશ્રી : એ ખામી પૂરી કરી દે પછી સમર્થન આપશો ને? કોઇ દિવસ નહીં આપી શકો. માનનીય ભૂપેન્દ્રસિંહ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઇના ઠરાવને સમર્થન આપવા માટે ઉભો થયો છું. ત્રણ દિવસથી આપણે ચર્ચા સાંભળી રહ્યાં છીએ. મારા સામેના મિત્રોએ અહીંયા જે વાત કરી છે એવી જ વાતો ચૂંટણીમાં પણ કરી હતી. અનેક યુકિત, પ્રયુકિત અને પ્રયોગો કર્યા હતા તો પણ મેળ ન પડયો. દિશા અને દશા બદલવાની વાતો કરનારા લોકોની દશા બગડી ગઇ.(અંતરાય) મેં આરામ કર્યો, રામસિંહભાઇ, મેં પાંચ વર્ષ આરામ કર્યો પણ મારી સરકારે આરામ નથી કર્યો. મારા પક્ષે પણ આરામ નથી કર્યો અને તમે છેલ્લા સત્તર વર્ષથી આરામ કરી રહ્યાં છો. હજુ બીજા એટલા વર્ષ સુધી રાહ જુઓ.

માનનીય વિરોધ પક્ષના નેતાએ એક એવી વાત કરી હતી કે વાઇબ્રન્ટ ગુજરાતમાં કે અન્ય કાર્યક્રમોમાં જયારે બહારથી મહેમાન આવે છે એ મહેમાનો માનનીય મુખ્યમંત્રીશ્રીના વખાણ કરે છે તો એમને

ચિઠ્ઠી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ રતન તાતા જેવો માણસ, અનિલ અંબાણી કે મુકેશ અંબાણી જેવો માણસ કોઇ ચિઠ્ઠીથી બોલે? એમને પણ પોતાનું સ્થાન હોય છે. સવાલ એ છે કે છેલ્લા ૧૨ વર્ષના શાસનની અંદર રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય માપદંડોમાં ગુજરાત રાજયનો વિકાસ ખરો ઉતર્યો છે, એટલા માટે આ બધા જ મહેમાનો બોલે છે. એ બધાના નામ હું લઇને આવ્યો છું. એમ્બેસેડરના બધાના નામ બોલું છું. માની લો કે મુકેશભાઇ બોલ્યા, પણ તમારા શરદ પવાર બોલે છે. તમારા શરદ પવાર ઓગષ્ટ–૨૦૧૨માં દેશના દુષ્કાળગ્રસ્ત રાજયોની સમીક્ષા કરતા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જળસંચય, જળસિંચન એ કામમાં જે વ્યવસ્થાપન કર્યું એના વખાણ કર્યા અને બીજા રાજયોને કહ્યું કે તમે આનું અનુકરણ કરો. દિલ્હીના મુખ્યમંત્રી શિલા દિક્ષિત પણ કહે. પાછળથી પાછો સોનિયાબેનનો ઠપકો પણ મળે કે તમે મુખ્યમંત્રીના કેમ વખાણ કર્યા? શું શીલાબેન કે શરદપવારને મુખ્યમંત્રીએ ચિઠ્ઠી મોકલાવી હતી? પૃથ્વીરાજ ચૌહાણ એમના કૃષિ વિભાગના અધિકારીઓ સાથે બેસીને કહે કે દેશનો કૃષિ વિકાસ દર બે–અઢી ટકા છે. મહારાષ્ટ્રનો કૃષિ વિકાસ દર ચાર, સાડા ચાર, પાંચ ટકા છે ત્યારે ગુજરાતનો કૃષિ વિકાસ દર જોવા તમે જાવ. એવરેજ દસ ટકાથી વધારે ડબલ ડિઝિટમાં છેલ્લા દસ વર્ષથી રહ્યો છે. શું એમને પણ કોઇ ચિઠ્ઠી લખી? ફારુક અબ્દુલ્લા ગુજરાતમાં આવ્યા અને ફારૂક અબ્દુલ્લા ગુજરાતમાં આવીને સ્ટેજ ઉપરથી એવું કહે કે આખા હિન્દુસ્તાનમાં મેં કયાંય જયોતિ ગ્રામ જેવી યોજના જોઇ નથી.અને હું કેન્દ્રના ઉર્જા મંત્રી તરીકે કહું છું. અન્ય રાજ્યની અંદર ગુજરાતે જે કર્યુ છે એનું અનુકરણ કરવામાં આવે. શું અમે શીલાબેનને, શરદ પવારને, પૃથ્વીરાજ ચૌહાણને, ફારુખ અબદુલ્લાને ચિઠી મોકલાવી હતી? ભાઇ.(અંતરાય) ઉભા રહો. હવે વાઇબ્રન્ટ ઉપર આવી જઉં. મને સી.કે. રાઉલજી કહે એટલે બોલવું જ પડે. અમેરિકાના કોંગ્રેસમેન અરૂણ શોક શું કહ્યું– Modi is running a platform of economic prosperity for all. અમેરિકી કોંગ્રેસ એવું કહે છે. એનું પણ અમે મેનેજ કર્યું? નેશનલ કાઉન્સિલ ઓફ સ્કિલ એન્ડ ડેવલપમેન્ટના અધ્યક્ષ અને વડાપ્રધાનશ્રીના સલાહકાર શ્રી રામા દુરાઇએ કહ્યું કે ગુજરાત એક મોડેલ રાજ્ય છે. વડાપ્રધાનશ્રીના સલાહકાર એવું કહે છે ગુજરાત એક મોડેલ રાજ્ય છે. દેશના અન્ય રાજ્યોએ એનું અનુકરણ કરવું જોઇએ. રાજયમાં રોજગાર નિર્માણ અને કૌશલ્ય વર્ધન માટે ગુજરાતે જે કર્યુ છે એનું અનુકરણ કરવા માટે મિત્રો. બીજું સી. કે. રાઉલજીએ કહ્યું એટલા માટે અંગ્રેજમેનની વાત કરું છું. બીજા યુ.એસ. કોંગ્રેસમેન મિ. F.Falio Mr.Modi works for the betterment of the economy by creating jobs for the purpose of improving the lives of the people across the globe. માત્ર હિન્દુસ્તાનમાં નહિ, આખા વિશ્વને માર્ગદર્શન આપી શકે છે એવું વ્યક્તિત્વ છે. અમેરિકાના વિઝાની ક્યાં વાત કરો છો? હવે અમારા એક સભ્યે કહ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રીને અમેરિકા જવાની જરૂર નથી. અહીયા અમેરિકા આવે છે. હવે ત્યાંના એસેમ્બલી, પાર્લામેન્ટના સભ્ય છે, એ તો ત્યાં બોલે છે. મોદીએ જે કર્યુ છે તે હિન્દુસ્તાનમાં ઉત્તમ કાર્ય કર્યુ છે. મુકેશ અંબાણી કહે છે, Gujarat is blessed to have a talented and committed team. I compliment them for Gujarat’s glowing achievements. Shri Modi has the vision for the grant betterment and intention to succeed. બીજુ, ચાઇનાના એક ચેરમેન કહે છે Industrial climate in Gujarat is very congenial. બરાબર છે. મારો મુદ્દો એ છે કે (અંતરાય) એમાં ચિઠ્ઠીવાળો મુદ્દો નથી. Spontaneous છે. પોતાની રીતે એનું મૂલ્યાંકન કરીને એવા અનેક લોકો કહે છે. અને છેલ્લે અમિતાભ બચ્ચન પણ કહે. વિજિલન્સ કમિશનર એન.વિઠ્ઠલ આખા દેશમાં તટસ્થ મૂલ્યાંકન કરનાર માણસ, એ પણ કહે છે. માનનીય મુખ્યમંત્રી જે રીતે ગુજરાતમાં કામ કરી રહ્યાં છે. એવું રતન ટાટાએ ૨૦૦૯ માં કહ્યું–Industrialist should invest in Gujarat.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ગુજરાતના વિકાસનું ચિત્ર આપવામાં આવ્યું છે. ગુજરાતના ગૌરવને નવા સ્વરૂપનું દર્શન આપવામાં આવ્યું છે. ગુજરાતને આજે નવી દિશા આપવાની વાત, દિવ્યતા અને ભવ્યતા તરફ લઇ જવાની વાત મહામહિમ ગવર્નર સાહેબે આપણને કહી છે. જયારે આઝાદીની લડાઇ ચાલતી હતી  તે વખતે ગુજરાતનું નામ પૂજય ગાંધીજી અને પૂજય સરદાર સાહેબને કારણે ખૂબ વિખ્યાત હતું. ગુજરાતની આખા વિશ્વની અંદર આ બે વિભૂતિઓના કારણે ચર્ચા હતી. આઝાદી પછીના ૫૦ વર્ષમાં મિત્રો એવું તે શું થયું કે ગુજરાતના કોઇ નેતાની દિલ્હીમાં ચર્ચા ન થાય. ગુજરાતના સમાજ જીવનની કયાંય ચર્ચા ન થાય. ગુજરાતના અર્થશાસ્ત્ર અને અર્થકારણની કોઇ ચર્ચા ન થાય. આમાંથી કયાંય કોઇ ચર્ચા ન થાય. અંધકારમય સમય પસાર થતો હોય તે પ્રકારનું વાતાવરણ આખા દેશની અંદર ગુજરાતમાં થયું. તેવા સંજોગોમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૧માં જયારે કારભાર સંભાળ્યો. નાની નાની સમસ્યાઓ, કોંગ્રેસના શાસનમાં સમસ્યાઓ સામે આંખ આડા કાન કરવામાં આવ્યા. સમસ્યાઓમાં વધારો કરવામાં આવ્યો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ સર્વાંગી વિકાસ દ્ધારા નાની નાની સમસ્યાઓના ઉંડાણમાં જઇ, માળખાકીય સુવિધા, રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ આનો ઉકેલ શું છે? આ ઉકેલની દિશામાં મિત્રો, આગળ વધીને ગુજરાતમાં વિકાસના પાયા મજબૂત કર્યા. પરિણામે આજે આપણે જોઇ શકીએ છીએ, સર્વાંગી વિકાસની દિશામાં દેશમાં કોઇ એક નામ બોલાતું હોય તો તે ગુજરાતનું નામ બોલાય છે. ખેતીપ્રધાન દેશ. ખેડૂત દુઃખી. તેના પગે કયાં કાંટો વાગે છે, દેશમાં કોઇ એક મુખ્યપ્રધાને ઉકેલ કર્યો હોય તો તે ગુજરાતે કર્યો છે. કૃષિ મહોત્સવના માધ્યમથી. ૨૦૦૫ની અંદર નવ હજાર કરોડની આવક હતી. આજે એક લાખ કરોડની આવક થઇ છે. તે કેન્દ્ર સરકારના આંકડા બોલે છે.

પાંચ ઉપાયો દ્ધારા આ રાજયની તમામ સમસ્યાઓનો ઉકેલ શોધ્યો. આ બધા જ, પાંચેપાંચ ઉપાયો જે કર્યા તે રાષ્ટ્રીય અને  આંતરરાષ્ટ્રીય પેરામિટર્સમાં ખરા ઉતરેલા છે. તે જનશકિત હોય, તે રક્ષાશકિત હોય, ઉર્જાશકિત હોય, જળશકિત હોય કે જ્ઞાનશકિત હોય. અછતના  સમયમાં હંગામી ઉકેલના બદલે કાયમી ઉકેલ. ઇશ્વરની કૃપાથી છેલ્લા અગિયાર વર્ષ તો સારો વરસાદ પડયો. છેલ્લા વર્ષે  ઓછો વરસાદ પડયો છે તેમાં પણ કાયમી ઉકેલની દિશામાં ગયા છીએ. ૨૫-૫૦ ઇંચ વરસાદ પડે તો પણ અછત હતી. જળ સંચયની ઉત્તમ કામગીરી કરીને આ રાજય સરકારે આ ગુજરાતની પ્રજાને પાણીની સુવિધા પૂરી પાડી. ભૂતકાળના ૫૦ વર્ષોમાં ન થયા હોય તેવા કામો કરીને, એક ઉકિત બની ગઇ, એક વાત બની ગઇ. ગામડામાં સહજભાવે લોકો બોલે કે પચાસ વર્ષમાં થયું નથી તે દસ વર્ષમાં થયું. સૌ કોઇ બોલે.અભણ માણસ બોલે, શિક્ષક બોલે, વેપારી બોલે, ખેડૂત બોલે, મજૂર બોલે. બધા જ એક વાત કરે કે પચાસ વર્ષમાં ન થયું, તેવું દસ વર્ષમાં થયું છે.

પહેલાં તમે વિકાસ અમદાવાદથી વાપી સુધીના વિસ્તારને કહેતા હતા. ઉદ્યોગ એટલે અમદાવાદથી વડોદરા થઇને વાપી, વલસાડ સુધી. બાકીના જિલ્લાઓમાં કયાંય પણ નાનો મોટો ઉદ્યોગ નહીં. આજે કોઇ જિલ્લો એવો બાકી છે કે જયાં નાનો મોટો ઉદ્યોગ ન હોય? આજે આખા રાજયની અંદર કોઇ જિલ્લો બાકી નથી, કોઇ  તાલુકો બાકી નથી કે જયાં નાના મોટા ઉદ્યોગ ન થતા હોય. તેનું કારણ મિત્રો, તમે જે ટીકા કરો છો ને તે વાઇબ્રન્ટ ગુજરાત છે. તેના કારણે આજે આખા રાજયમાં વિકાસ થયો છે. એના કારણે આજે આખા રાજયની અંદર વિકાસ થઇ રહ્યો છે. એના જ કારણે જમીનના ભાવ કેટલા વધ્યા છે. સામાન્ય માણસની જીવન પદ્ધતિ બદલાઇ છે, ઇકોનોમી બદલાઇ છે. એનું પ્રમાણ શું? રાજયના ૧૮ હજાર ગામડામાંથી કોઇ પણ ગામમાં જઇને કોઇ પૂછે કે દસ વર્ષ પહેલા આ ગામમાં જમીનનો ભાવ શું હતો અને આજે કટલો છે? હું ૧૮ હજાર ગામડાંની વાત કરું છું. ગુજરાતના કોઇ ગામડાંમાં જઇને પૂછો કે દસ વર્ષ પહેલા તમારા ગામમાં મોટરસાઇકલ કેટલી હતી? ફોર વ્હીલર કેટલા હતા? તો કહેશે કંઇ ન હતાં, સાઇકલ પણ  ન હતી. આજે મિત્રો, માત્રને માત્ર આ બાર વરસમાં જ કોઇ ગામડું એવું બાકી નહીં હોય કે જયાં કોઇ નાના મોટા બાંધકામ ન થતા હોય, આ બધા પ્રમાણ છે. વહીવટી સુધારણા, એ.ટી.વી.ટી.નો કાર્યક્રમ, વિકેન્દ્રીત વ્યવસ્થા, સાત ગામનું કલ્સ્ટર બનાવીને ગાંધીનગરથી જે કાંઇ વિકાસની વ્યવસ્થા થાય છે, ત્યાં સુધી લઇ જવા માટેનું યોગ્ય વ્યવસ્થાપન. શિક્ષણમાં પૂર્વ શિક્ષણમંત્રી માનસિંહભાઇ ટીકા કરતા હતા કે પ્રવેશ મહોત્સવ કરવાના બદલે

અન્ય કોઇ કામગીરી કરી હોત તો? આ ગુજરાત રાજ્ય એ દેશમાં એવું પહેલું રાજય છે કે ૧૮ હજાર ગામડાંમાં જઇને ઉનાળાના ધોમધખતા તાપમાં આઇ.એ.એસ. અધિકારી જાય છે, મંત્રીશ્રીઓ જાય છે, ધારાસભ્યશ્રીઓ જાય છે અને સરકારની ફરજ છે કે શાળાના ઓરડા બનાવે, શિક્ષકની નિમણૂક કરે. બાળકને શાળાએ મૂકવો એ મા–બાપની ફરજ છે પણ આ સરકાર એવી છે કે, માતા પિતાના સંતાનની ચિંતા આ સરકાર કરે છે. તમારા બાળકની ઉંમર કેટલી થઇ? લાવો, અમે એને શાળામાં પ્રવેશ આપવા આવ્યા છીએ. એક સમય એવો હતો કે બાળકને શાળાએ જવાનો ડર લાગતો હતો (અંતરાય) જતો જ નહોતો. રામિસંહભાઇ કહે છે. હવે આ શાળા પ્રવેશ મહોત્સવ શરૂ થયા પછીથી નાના બાળકને પ્રવેશ આપતી વખતે એને કોઇ શાળાનો ડર નથી, હસતું હસતું બાળક શાળાએ જાય છે. એને પેન, પાટી, હાર, ટોપી પહેરાવીને, ચોકલેટ આપીને મોકલવામાં આવે છે અને એટલે બાળકને પણ શાળાએ જવાનું મન થાય છે. એના મા–બાપમાં જાગૃતિ આવે છે અને એના પરિણામ સ્વરૂપ આજે તમારા શાસનમાં જે ડ્રોપ આઉટ રેશિયો ૩૨ થી ૩૫ ટકાનો હતો, આ ૯–૧૦ વરસના આ શાળા પ્રવેશોત્સવના પરિણામે ૨ ટકાથી પણ ઓછો થઇ ગયો છે. નામાંકનની બાબતમાં આજે દેશમાં એક જ રાજય એવું છે કે જે કહી શકે કે, નામાંકન આખા રાજયમાં તમામ બળકોનું સો ટકા થતું હોય તો એક જ રાજય છે એનું નામ ગુજરાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિગ્રામ યોજના, (અંતરાય) તમે અંધારામાં જ રહેતા હતા અને આખા ગુજરાતને ૫૦ વરસ સુધી અંધારામાં જ રાખ્યું તમે. માનનીય અધ્યક્ષશ્રી, હજુ ૬ મહિના પહેલા ૬૫ થી ૭૦ ટકા વસતિ આ દેશની ૪૮ કલાક સુધી અંધારામાં રહી અને દેશ વિદેશના મિડિયામાં સમાચાર આવ્યા કે દેશના ૭૦ ટકા ભાગમાં અંધકાર હતો, એ વખતે ગુજરાતમાં અજવાળું હતું. કોંગ્રેસના મિત્રો, તમારા વિસ્તારમાં, તમારા ગામડાંમાં તપાસ કરજો કે ૨૪ કલાક વીજળીના કારણે ગામડાંમાં નાનો વેપારી, દરજી, લૂહાર, સૂથાર, પાન બીડી કે સોડા લેમનનો ધંધો કરનાર માણસ, હીરાનો ધંધો કરનાર માણસ એની આવક દસ વરસ પહેલા કેટલી હતી? એની આવક આજે કેટલી છે? એના જીવન–ધોરણમાં સુધારો આવ્યો છે. ગ્રામ વિકાસની સાચી દિશા આપી. કોઇને વિચાર પણ ના આવે, રર્બન પ્રોજેક્ટ સરકારે છેલ્લાં બે વરસથી આપ્યો છે, ગામડાંનો આત્મા અને શહેરની સુવિધા, અર્બન અને રર્બન બન્ને ભેગાં કરીને આ સમાજની, આ દેશની કોઇ ચિંતા હોય તો ગામડાં અને શહેર વચ્ચેનો ભેદ, બધાને શહેરમાં જવું ગમે છે, આજે સરવેના આંકડા કહે છે કે રિવર્સ માઇગ્રેશન શરૂ થયું છે, લોકો પોતાના ગામડાંમાં પાછાં જતાં થયાં છે, કારણકે રસ્તા છે, પાણી છે, વીજળી છે, બધી જ વ્યવસ્થા છે. માણસ નિવૃત્ત થઇને હવે શહેરમાં રહેવાનું પસંદ નથી કરતો. હવે એ જાય છે ગામડાંમાં, આખા દેશમાં રિવર્સ માઇગ્રેશન જો ક્યાંય શક્ય બન્યું હોય તો એ માત્રને માત્ર ગુજરાતમાં બન્યું છે. બીજે ક્યાંય બન્યું નથી,

સૌનો સાથ સૌનો વિકાસ, કોઇનું પણ તૃષ્ટિકરણ નહિ, વોટ બેન્કની રાજનીતિ નહિ, રાજકારણમાં જ્ઞાતિવાદ, કોમવાદ, એનું માઇન્ડ સેટ થઇ ગયું કે રાજકારણમાં તો આમ જ ચાલે, પરંતુ એમાં વિકાસને આધાર બનાવ્યો, માણસ વોટ આપે છે તો એ વિકાસને આપે છે, ન તો જ્ઞાતિને આપે છે, ન તો કોમને આપે છે, વિકાસ માટે ગુજરાતનું નામ લેવું જ પડે, ફરજિયાત લેવું પડે, કાં તો ગુજરાત જેવો વિકાસ તો ગુજરાત આવ્યું, ગુજરાત કરતાં વધારે સારો, તો ગુજરાત આવ્યું, ગુજરાત જેવો વિકાસ નહિ, ગુજરાત આવ્યું, કયા રાજયનું નામ બોલાય છે? બતાવો તો ખરા. એક પણ નહિ. એકમાત્ર ગુજરાત.

માનનીય અધ્યક્ષશ્રી, તૃષ્ટિકરણ નહિ. એનું એક ઉદાહરણ મુસ્લિમ કટ્ટરપંથી સંસ્થા જમિયતે ઉલાહ હિન્દના મહાસચિવ મૌલાના મહેમુદે કહ્યું છે કે અન્ય રાજયો કરતાં ગુજરાતમાં મુસલમાનો વધારે સમૃદ્ધ છે. દિલ્હીમાં આયોજન પંચની બેઠક હતી અને ત્યાં કોઇ અધિકારીએ પૂછયું કે તમે જુહાપુરામાં મુસલમાનોમાં કેટલું કામ કર્યું અને કેટલો વિકાસ કર્યો? તમે કેટલું કામ કર્યું અને કેટલો વિકાસ કર્યો? ત્યારે હું ત્યાં હાજર હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે મેં મુસલમાનો માટે કંઇ કામ કર્યું નથી. પેલા પૂછનાર તો બહુ ગેલમાં આવી ગયા કે આ તો હેડલાઇન બનાવી શકીએ કે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે મુસલમાનો માટે મેં કંઇ કામ કર્યું નથી, પછી તરત માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આ તમારું માઇન્ડ સેટ બદલો, મુસલમાનો અને હિંદુ માટે અમે કામ નથી કરતાં. ગુજરાતના છ કરોડ લોકો માટે હું કામ કરું છું. આ માઇન્ડ સેટ બનાવ્યું કોણે? કોંગ્રેસે બનાવ્યું,

માત્રને માત્ર મતના લોભની અંદર, ગુજરાતમાં મુસ્લિમ વસતિ ૮ ટકાની છે, રોજગારી ૯ ટકાની છે, મહારાષ્ટ્રમાં મુસલમાનોની વસતિ ૧૦ ટકા છે, રોજગારી ૮ ટકાની છે, તૃષ્ટિકરણ કરવામાં આવે છે. ગુજરાતમાં તૃષ્ટિકરણને તિલાંજલી આપી છે, ગુજરાતમાં મુસલમાનો હવે ભા.જ.પ. માં આવ્યા છે. એનો પુરાવો મિત્રો, સલાયામાં ૨૭ માંથી ૨૪ બેઠકો ભારતીય જનતા પાર્ટીને મળી છે. તમે યુ.પી.ના ઇલેકશન વખતે ૯ ટકા અનામત આપીશું એમ વાત કરી હતી. આંધ્રની સરકારે ઠરાવ કર્યો કે અમે ૪.૫ ટકા અનામત આપીશું. બક્ષીપંચના ભોગે, દલિતોના ભોગે, તમે એ વાત કરતા હતા, હવે એ જ મુસલમાનો કહે છે કે અમારે અનામત જોઇતી નથી, અમારે વિકાસ જોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાએ માનનીય મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને બીજી એક વાત કરી હતી કે જાણે ગુજરાતની સ્થાપના ૨૦૦૧ પછી જ થઇ હોય. ગુજરાત જ ૨૦૦૧ પછી બન્યું હોય, એવી રીતે અહીંયા વાત થાય છે. ગુજરાત તો વર્ષોથી છે, પણ વિકાસમાં જે ફેરફાર થયો છે, તે તમારી વખતે, તમારા શાસનમાં જે તંત્ર હતું, આજે એ જ તંત્ર છે. જેવુ તંત્ર હતુ એવું જ તંત્ર છે. જેવી વ્યવસ્થા હતી એવી જ વ્યવસ્થા છે. જેવા અધિકારીઓ હતા એવા જ અધિકારીઓ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કયારેય મેં કર્યુ છે એમ કહ્યું હોય, એવું એક વાકય તમે મને કયાંય બતાવો. આ જ હોલમાં પહેલી જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ બધા જ ૧૯૬૦થી આજ સુધી જે જીવીત છે, તે બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓને આપણે બોલાવેલા છે. જો મેં જ કર્યુ છે અને મારે જ કરવું છે એવી તેમની ભાવના હોત તો તે કોઇને બોલાવત નહીં. બધા જ માનનીય મુખ્યમંત્રીશ્રીઓને આમંત્રણ આપેલું. એ વખતે કદાચ માનનીય વિપક્ષના નેતા પૂર્વ મુખ્યમંત્રીશ્રીને ટાઇમ નહીં હોય, એટલે નહીં આવ્યાં હોય. તેઓ નહોતા આવેલા, પણ બોલાવેલા જરૂર. તે સ્વર્ણિમ ગુજરાતનો રથ બે વર્ષ સુધી અઢાર હજાર ગામડામાં ફર્યો, શહેરોમાં ફર્યો અને બધા જ વિપક્ષી નેતાનો ફોટો લઇને અમે આખા રાજયમાં ફર્યા મિત્રો. ત્યાં અમને કોઇ ભેદભાવ નથી નડયો. તેઓ મેં જ કર્યુ, મેં જ કર્યુ એવું કયારેય કહેતાં નથી. એમનું કહેવું છે કે અત્યાર સુધી જે કંઇ થયું છે તેમાં બધા જ મારા પૂર્વજ જે કોઇ ધારાસભ્ય હોય, જે કોઇ માનનીય મુખ્યમંત્રીશ્રીઓ હોય, નાનામાં નાનો માણસ હોય, તેમનું જેટલું પણ યોગદાન હોય અને તેમણે જે કંઇ કર્યુ છે, તેમનો પણ હું આભાર માનું છું, તેમની વાતની કદર કરું છું. પણ વાત કયાં છે લોકોના મનમાં? મિત્રો, પહેલાં કચ્છમાં રણ નહોતું તમારા વખતમાં? તમને દેખાયું નહોતું? માનનીય મુખ્યમંત્રીને દેખાયું? તમે રણમાં કોઇ દિવસ ગયા છો ખરાં? અરે, કચ્છના લોકો કહે છે. અમારા નીમાબેન અને ભાઇ તારાચંદ એમ કહે છે સાહેબ, અમને વિચાર નહોતો આવ્યો. અમે કચ્છના લોકો છીએ. અમને વિચાર નહોતો આવ્યો. અમે રણ જોતા હતા, પણ આને માર્કેટીંગ કરીને આવકનું સાધન કઇ રીતે બનાવી શકાય એ વિચાર અમને નહોતો આવ્યો. અરે, વિશ્વમાં કોઇને નહોતો આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, વ્હાઇટ ડેઝર્ટ. અને એ ઉત્સવની ટીકા તમે કરો છો. આજે કચ્છના લોકોને પૂછી આવો ટ્રાન્સપોર્ટેશન કેટલું બધું છે, હોટલ ઉદ્યોગ કેટલો વધ્યો છે, ઇકોનોમી આખા કચ્છની કેટલી વધી ગઇ છે. ત્યાં આખા કચ્છની એક પણ હોટલ બારેમાસ ખાલી રહેતી નથી. ગરીબોને કેટલી રોજગારી મળી છે. જે માણસ આવે છે અરે, વિદેશના લોકોએ માનનીય મુખ્યમંત્રીશ્રીને કહ્યું છે, તેમના માટે કહ્યું છે. તે આના આધારે કહ્યું છે. બાર વર્ષ પહેલાં કચ્છની રોજગારી શું હતી? કચ્છમાં ટ્રાન્સપોર્ટેશન કેટલું હતું? લોકોની માથાદીઠ આવક કેટલી હતી? હવે બાર વર્ષ પછી આ દરમિયાન એ કચ્છનું રણ જોવા માટે વિશ્વના લોકો આવે છે. કચ્છમાં પહેલાં કાળો ડુંગર હતો, તમારા વખતે પણ હતો અને અત્યારે પણ છે. પણ લોકોના ધ્યાનમાં કાળો ડુંગર માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યાં કે જુઓ આ એક વિરાસત છે કચ્છની અને તેમાં આજે મિત્રો, દર વર્ષે ૨૦થી ૨૫ હજાર લોકો કોઇ એક દિવસ મનાવવા માટે આવે. રોજના બે-પાંચ હજાર લોકો આવે તો કંઇક અને કંઇક મૂકીને જાય. માંડવીનું બીચ તમારા વખતમાં નહોતું? કેમ કંઇ તેનો ઉપયોગ ના કર્યો? અને આજે મિત્રો અષાઢી બીજ હોય કે અન્ય કોઇ કાર્યક્રમો હોય કે પૂનમનો તહેવાર હોય તો આજે આખા રાજયના લોકો, આખા દેશના લોકો, આખા વિશ્વના લોકો એ માંડવીના બીચને એન્જોય કરવા માટે આવે છે. આ ફેર છે. ૨૦૦૧ પહેલાં ગુજરાત હતું, પણ તમને આ દેખાયું નહોતું અને મુખ્યમંત્રીશ્રીને આ દેખાયું, આ ફેરને કારણે.

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમારા સમયમાં અંબાજી મંદિર હતું, પાલિતાણા હતું, સોમનાથ હતું, સાસણ હતું, દ્વારકા હતું અને તમારા સમયમાં નવરાત્રી ઉત્સવ પણ હતો. તમારા સમયમાં ઉત્તરાયણ પણ હતી. પણ લોકોના માટે, પ્રજા હિત માટે તમે તેનો કંઇ ઉપયોગ જ ના કરી શકયા. તમે ચીલાચાલુ વહીવટ કર્યો અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઇનોવેટીવ વહીવટ કર્યો. તેમાં કંઇક ઉમેરો કર્યો કે આ નવરાત્રી ઉત્સવથી મારા રાજયને શું લાભ થાય છે? આ ઉત્તરાયણથી મારા રાજયને શું લાભ થાય છે? તેમાં પણ માનનીય અધ્યક્ષશ્રી, આ પતંગ બનાવવાનો ઉદ્યોગ છે તે કોણ કરે છે? પતંગ કોણ બનાવે છે? ૯૮ ટકા મુસ્લિમ ભાઇઓ પતંગ બનાવે છે. ૩૦ કરોડના ટર્ન ઓવરમાંથી આજે માનનીય અધ્યક્ષશ્રી, ૩૦૦ કરોડનું ટર્ન ઓવર થાય, જે વર્ગ માત્ર એક મહિનો કામ કરતો હતો, એ વર્ગ અત્યારે આખું વર્ષ કામ કરે છે અને રોજી રોટી મેળવે છે. એ તમને દેખાયું નહોતું અને આજે પણ દેખાતું નથી, કારણ કે તમારો પતંગ કપાઇ ગયો છે, એટલે દેખાતું નથી. આ બધું કેમ થયું ખબર છે? આવું કેમ થયું ખબર છે? પહેલાના સમયમાં ગુજરાતનો કોઇ ભાવ નહોતું પૂછતું. ગુજરાત વિષે કોઇ ચર્ચા ન કરે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ તમને પણ, તમે કયાંક ગુજરાત બહાર જશો અને કોઇને કહેશો ને તો એ કહેશે. અચ્છા ગુજરાતસે આયે હે, ચલીએ, નરેન્દ્ર મોદીજીકે ગુજરાતસે આયે હે. મારા કોંગ્રેસના મિત્રો તિરુપતિ દર્શન માટે ગયા, તો ગુજરાતીમાં વાતો કરતા હતા, એટલે પેલા મહારાજ સાંભળી ગયા કે આ ગુજરાતના લોકો લાગે છે, એટલે તેમણે પૂછયું કે આપ ગુજરાત સે આયે હૈ? તો કહે હા, ગુજરાત સે આયે હે, તો કહે ચલીએ દર્શન કરાતે હૈ, દર્શન કરાવી દીધા, અને પછી કહે કે પૂજારીજી, માફ કરના, હમ તો કોંગ્રેસ કે લોગ હે, તો પૂજારીનો જવાબ શું હતો ખબર છે? હમારે લિયે તો કોંગ્રેસ ભાજપ કુછ નહીં હૈ, હમારે લિયે તો ગુજરાત કાફી હૈ, નરેન્દ્ર મોદી કા ગુજરાત. એટલા માટે મિત્રો, તમે અહીં ભલે ના પાડો, પણ બહાર જઇને તમે કહેશો કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને નામ અપાવ્યું. આખા વિશ્વમાં નામ અપાવ્યું છે અને મને અને તમને માન અપાવ્યું છે. ગુજરાતને નામ અપાવ્યું અને ગુજરાતની પ્રજાને માન અપાવ્યું છે. અને એની જ સામે, હા મિત્રો, બહુ સરસ મુદ્દો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનો ફોટો ટાઇમમાં છપાયો, એટલે કોંગ્રેસના એક નેતાએ નિવેદન કર્યુ, એમને અગાઉ ગાંધીજી, સરદાર સાહેબ, ઇન્દિરાજી એ કોઇ યાદ ન આવ્યા, એમને યાદ કોણ આવ્યા? એમણે શું કહ્યું ? કે આ ટાઇમમાં તો ઓસામા બિન લાદેનનો ફોટો પણ છપાયો હતો, એ એમને યાદ આવ્યું. આ માનસિકતા? સાંભળો, અને બીજી માનસિકતા હું તમને કહું. ૧૯૭૦માં જયારે ઇન્દિરાજી વડાપ્રધાન હતા અને ભારત પાકિસ્તાન સામે જીત્યુ એ વખતે અટલ બિહારી બાજપાઇજીએ ઇન્દિરાજીને માં દુર્ગાનું સ્વરૂપ કહીને એમને બિરદાવ્યા હતા, આ માનસિકતા છે, આ માનસિકતા તમારી અને આ માનસિકતા અમારી. અમારા માટે દેશ પહેલા છે. એ પ્રધાનમંત્રી કોઇપણ હોય, પણ ભારત પાકિસ્તાન સામે જીત્યુ છે એટલા માટે, અને ત્રીજી માનસિકતા પણ તમને કહીશ. ત્રણ મહિના પહેલા કોંગ્રેસના એક નેતા અમેરીકા ગયા, અને ત્યાં ગુજરાતી સમાજમાં ગુજરાતના મુખ્યમંત્રી વિષે અઘટીત શબ્દોનો પ્રયોગ કર્યો. આખો ગુજરાતી સમાજ ૫૦૦૦૦ લોકો ઉભા થઇ ગયા અને તમારા નેતાને પાછલા બારણેથી બહાર નીકળવું પડયું, ભાગવું પડયું. આ તમારી માનસિકતા. તમારી માનસિકતા સુધારો અને ચશ્મા બદલો.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે આ વહીવટ હાથમાં લીધો ત્યારે જે અંધકાર હતો તે માટે મને એક કડી યાદ આવે છે. ''માના કી અંધેરા ઘના હૈ, મગર દિપ જલાના કહાં મના હૈ'', અને એટલા જ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૧-૧૨ વર્ષમાં જે દિપ પ્રગટાવ્યો છે વિકાસનો, અને આજે એનો લાભ તમે ભલે વિરોધ કરો અહીં, પણ તમને પણ મળ્યો છે અને આખા રાજયને મળ્યો છે, ત્યારે મને તમારી દયા એ વાતની આવે છે કે મુખ્યમંત્રીનો વિરોધ કરતા કરતા તમે હવે ગુજરાતનો વિરોધ કરો છો ને મિત્રો, તમને ગુજરાતની પ્રજા કયારેય માફ નહીં કરે.

શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા): માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન પરના મારા આભાર પ્રસ્તાવ ઉપર સન્માનનીય ગૃહના માનવંતા ૩૫ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો, જેને હું આવકારું છું. મારા પ્રસ્તાવને મારા સાથી મિત્ર મોહનભાઇ કુંડારિયાએ ટેકો આપ્યો, એને પણ હું આવકારું છું.

વિરોધપક્ષના નેતા શંકરસિંહજી, સંસદીય બાબતોના મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા, પ્રદિપસિંહ જાડેજા તથા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ ચર્ચામાં ભાગ લીધો. એમની સાથે સાથે સત્તાધારી પક્ષ તથા વિરોધપક્ષના ૩૦ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો. મુરબ્બી કેશુભાઇએ પણ પોતાની લાગણી વ્યકત કરી હતી. આ તમામ સભ્યશ્રીઓ, જેમાંથી ઘણા બધા સભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે અને કેટલાક મિત્રોએ પોતાની લાગણી વ્યકત કરી છે એ તમામને હું આવકારું છું.

મારે વિશેષ કંઇ કહેવું નથી, હું ફકત એટલું જ કહીશ કે જયારે વિરોધપક્ષના નેતા શ્રીએ વાત કરી કે ભીષ્મ પિતામહને બાણશૈયા ઉપર બેસાડવામાં આવ્યા. ભીષ્મ પિતામહ મહાભારતમાં આવે, કુરુક્ષેત્રમાં આવે. ભીષ્મ પિતામહને બાણશૈયા ઉપર બેસાડવાનું પાપ કોણે કર્યુ? એમાં તમે ભાગીદાર છો. (અંતરાય) હું તમામ લોકોનો આભાર માનું છું. અત્યારે તમારી દશા એવી છે કે પહેલી પાટલી ઉપર નજર કરો તો એમાં એક પણ કોંગ્રેસી નથી. (અંતરાય) હું બધાનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : હવે હું સુધારો ક્રમાંક-૧ મત માટે મૂકું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રસ્તાવ એ છે કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

'' અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠકમાં હાજર રહેવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે આજરોજ સભાગૃહની બેઠક પૂરી થયા પછી દસ મિનિટે ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભાના ચોથા માળે આવેલ સમિતિ ખંડ-૧માં રાખવામાં આવેલ છે. તેમાં દરેક સભ્યોએ અચૂક હાજર રહેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૩**
**ફાલ્ગુન ૭, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## આણંદ જિલ્લામાં ગરીબોને રીફાઈન્ડ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૪૦૮ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલા ગરીબ કુટુંબોને રીફાઈન્ડ આયોડાઈઝડ મીઠાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧,૨૬,૯૨૪ પાત્રતા ધરાવતા ગરીબ કુટુંબોને. |
| (૨)તે કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું ? | (૨) રૂ. ૧/– પ્રતિ કિલોના ભાવથી. |

**શ્રી સંજયકુમાર ર.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન તાલુકાવાર રીફાઇન્ડ આયોડીનયુક્ત મીઠાનું ડિસેમ્બર–૧૨ અંતિત કેટલું વિતરણ કરવામાં આવેલ છે?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે આયોડીનયુક્ત મીઠાનું આણંદ જિલ્લામાં તાલુકાવાર વિતરણ, આંકલાવમાં ૨૧.૨૨ મે.ટન, આણંદમાં ૨૬૪.૨૭ મે.ટન, આણંદ શહેર ૧૦૯.૯૬ મે.ટન, બોરસદ ૨૫૦.૮૨ મે.ટન, ખંભાત ૧૪૨.૪૨ મે.ટન, પેટલાદ ૨૩૨.૯૩ મે.ટન, સોજીત્રા ૧૧૮.૧૩ મે.ટન, તારાપુર ૧૪૯.૮૪ મે.ટન અને ઉમરેઠમાં ૫૬.૨૭ મે.ટન એમ કુલ ૧૧૪૫.૮૬ મે.ટનનું વિતરણ કરવામાં આવેલ છે.

**શ્રી તારાચંદ જ. છેડા :** હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે આયોડાઈઝ મીઠાનું વિતરણ કરવાની વ્યવસ્થા છે તો એક કુટુંબ દીઠ કેટલા કિલો મીઠું આપવામાં આવે છે અને મારો બીજો પ્રશ્ન છે કે રાજ્ય સરકાર આ જે પૂણ્યનું કામ કરી રહી છે, તેવું પૂણ્યનું કામ બીજી કોઇ રાજ્ય સરકાર કરે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી :** બીજા રાજ્યોનું રહેવા દો. આ સરકારની કોઇ કામગીરી વિશે જાણવું હોય તો પૂછો. બીજી સરકાર શું કરે છે, કેવું કરે છે તે એ લોકોની જવાબદારી હોય.

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આયોડીનયુક્ત મીઠાના વિતરણની નીતિ રાજ્ય સરકાર દ્વારા ૧૯૯૭–૯૮માં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ રાજ્યના આદિજાતિ વિસ્તારમાં કુલ ૧૨ જિલ્લાના ૫૪ તાલુકાઓમાં નિર્દિષ્ટ પોકેટ્સમાં રાહત દરે અંત્યોદય, બી.પી.એલ. કાર્ડધારકોને આયોડાઇઝ મીઠાનું વિતરણ શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા આયોડીનયુક્ત મીઠાનો વ્યાપ વધારી રાજ્યના બિન આદિવાસી તમામ જિલ્લામાં અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડધારકોને ૨૦૦૯થી વિતરણ કરવામાં આવ્યું અને રાજ્ય સરકાર દ્વારા રીફાઇન્ડ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવા થયેલ નિર્ણય અંતર્ગત માહે જુલાઇ ૨૦૧૨થી રાજ્યના તમામ વિસ્તારમાં રીફાઇન્ડ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ બી.પી.એલ. કાર્ડધારકોને છ વ્યક્તિઓના એક કુટુંબ દીઠ એક કિલો અને છ કરતાં વધારે સંખ્યા હોય તો બે કિલો લેખે એક રૂપિયાના ટોકન દરથી આપવામાં આવે છે.

**શ્રી અમિત અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, પાત્રતા ધરાવતા અંગે માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકોને આપવામાં આવે છે, પણ રાજ્ય સરકાર દ્ધારા કોઇ સરવે કરાવી આયોડીનની ખામી ધરાવતા પરિવારો અને જરૂરિયાતવાળા લોકો છે એમને આ કાર્ડ ન હોય, તો પણ આપવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન છે કે જે રીતે સસ્તા અનાજની દુકાનો ઉપરથી અનાજ અને કેરોસીન બારોબાર ખુલ્લા બજારમાં વેચાઇ જાય છે અને ભ્રષ્ટાચાર થાય છે (અંતરાય) તો મીઠાનો જથ્થો વિતરણ થવાના બદલે ડાયરેક્ટ બજારમાં વેચાઇ જવાની કોઇ ફરિયાદ મળી છે કે કેમ?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** એવી કોઇ ફરિયાદ મળી નથી. બીજુ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

## સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસો

* ૩૨૫ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા અને કેટલા પૂર્ણ થયા, | (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ઇન્દીરા આવાસ યોજના હેઠળ ૧૩૪ આવાસો મંજૂર કરવામાં આવ્યા અને આ પૈકી કોઈ આવાસો પૂર્ણ થયેલ નથી. |
| (૨) આ માટે કેટલો ખર્ચ થયો, અને | (૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ રૂ. ૨૮.૧૪ લાખનો ખર્ચ થયો, અને |
| (૩)બાકી રહેલ આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ભારત સરકારની ઇન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે. |

**શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ૧૩૪ આવાસો કેમ બાકી રહેલા છે અને આખા જિલ્લામાં આટલા લાભાર્થીઓ કેમ બાકી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૪ એટલા માટે બાકી રહ્યાં છે કે રાજ્ય સરકારે સ્વર્ણિમ ગુજરાત જયંતિ વખતે બાકીની જે યોજનાઓ છે, આ આવાસ યોજના કુલ ૯ છે. એમાં કેન્દ્ર સરકારની એક જ છે. બાકીની બધી જ દા.ત. સરદાર આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજના (અંતરાય) રામસિંહભાઇ, પહેલા જ બોલ્યો. ઇન્દિરા આવાસ યોજના એ એક જ કેન્દ્ર સરકારની છે. બાકીની બધી જ જે છે એ રાજ્ય સરકારની છે. હળપતિ આવાસ યોજના, અગરિયા આવાસ યોજના, સાગરખેડૂ આવાસ યોજના, સફાઇ કામદાર આવાસ યોજના, અનુસૂચિત જાતિના ઇસમોને વ્યક્તિગત આવાસ યોજના અને આદિમજૂથ આવાસ યોજના. આ બધી જ યોજના અન્વયે સ્વર્ણિમ ગુજરાત વખતે લાભાર્થીઓને શોધી શોધીને બધા જ લાભ આ બધી યોજનામાં અલગ અલગ રીતે આપવામાં આવ્યાં છે, એટલા માટે અત્યારે માત્ર ૧૩૪ છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થીઓને સહાયની રકમની ચૂકવણી કેવી રીતે કરવામાં આવે છે અને કેટલા હપતામાં કરવામાં આવે છે? હપતાની રકમ જણાવવા કૃપા કરશો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૩ હપતામાં આ રકમની ચુકવણી કરવામાં આવે છે. કુલ ૪૫૦૦૦/–ની રકમ થાય છે. પહેલો હપતો જ્યારે મંજૂર કરીએ છીએ ત્યારે મંજૂરીપત્રની સાથે જ ૨૧૦૦૦/–રૂપિયાનો હપતો ચૂકવવામાં આવે છે. બીજો હપતો પ્લિન્થ લેવલે જ્યારે મકાનનું બાંધકામ થાય ત્યારે ૧૫૦૦૦/– અને બાંધકામ પૂર્ણ થયે ૯૦૦૦/– રૂપિયાનો છેલ્લો હપતો આપવામાં આવે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગુ છું કે, આ ઇન્દિરા આવાસ યોજનામાં ૪૫૦૦૦/−રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે, એમાં કેન્દ્ર સરકારની કેટલી સહાય છે અને રાજ્ય સરકારની કેટલી સહાય છે? અને આમાં કાંઇ વધારો કરવા માગો છો કે નહિ? કારણ કે રણોત્સવમાં ૨૫ લાખના ટેન્ટ બનાવીએ અને આમાં કાંઇ કરવા માગતા નથી. (અંતરાય) હું એટલું જાણવા માગુ છું કે, આમાં રાજ્યની અને કેન્દ્રની ગ્રાન્ટ કેટલી અને હવે કાંઇ વધારો કરવા માગો છો કે નહિ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં ૭૫% કેન્દ્ર સરકારની સહાય છે અને ૨૫% રાજ્ય સરકારની સહાય છે અને વધારવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૮માં કેન્દ્ર સરકારમાં વડાપ્રધાનશ્રીને પત્ર પણ લખ્યો છે કે એમાં વધારો કરવામાં આવે. (અંતરાય) થયો હોય તો માનનીય મુખ્યમંત્રીની રજૂઆતના કારણે થયો છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ઇન્દિરા આવાસ યોજના હેઠળ કોને કોને લાભ મળવાપાત્ર છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૦ થી ૧૬ના લાભાર્થીઓને આ લાભ આપવામાં આવે છે અને એના માટે ૧૩ પેરામીટર કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યાં છે – એની પાસે જમીન કેટલી છે, ઘરનો પ્રકાર, પહેરવેશના વસ્ત્રોની સંખ્યા, અન્ય સુરક્ષિતતા, શૌચાલયની સુવિધા, વપરાશની ચીજવસ્તુની ઉપલબ્ધતા, સૌથી વધુ શિક્ષણ પામેલ વ્યક્તિના શિક્ષણનું સ્તર, મજૂરીનો પ્રકાર, જીવનનિર્વાહનું સાધન, શાળાએ જતા બાળકોનો દરજ્જો, દેવાનો પ્રકાર, સ્થળાંતરનું કારણ અને સહાયની પસંદગી. આ ઉપરાંત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ ઉપરાંત બિન અનુસૂચિત જાતિના લોકો જો ક્રાઇટેરિયામાં આવતા હોય તો તેમને આપવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જણાવ્યા પ્રમાણે ભારત સરકાર ૭૫% આપે છે અને રાજ્ય સરકાર ૨૫% આપે છે. પહેલા મકાનની કુલ કિંમત ૩૭૦૦૦/−હતી એમાં વધારો કરીને ૪૫૦૦૦/− કર્યા. રાજ્ય સરકાર ૨૫% જે આપતી હતી. એમાં હિસ્સાનું પ્રમાણ ઓછું કરી અને પૂરતી રકમ આપવામાં આવતી નથી એ વાત સાચી છે ? આ એક વાત માનનીય અધ્યક્ષશ્રી, અને બીજું કે, જેમ કેન્દ્ર સરકારે વધારો કર્યો છે એમ રાજ્ય સરકાર પણ જો વધારો કરે...

અધ્યક્ષશ્રી : ટકાવારીમાં બન્નેનો વધારો થાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : નહીં, માનનીય અધ્યક્ષશ્રી, એમાં ઘટાડો કરવામાં આવ્યો છે, પૂરતી આપવામાં આવતી નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એમાં કોઇ ઘટાડો કરવામાં આવ્યો નથી અને ઘટાડો કરીશું પણ નહીં.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણે બી.પી.એલ. કુટુંબને ચેક આપીએ છીએ તો રાષ્ટ્રીયકૃત બેન્કમાં એ ચેક જમા કરાવવા જાય ત્યારે કોઇક બેન્કો એમાં પાંચસો, એક હજાર, બે હજાર રૂપિયા ખાતું ખોલવા માટે ભરાવે છે, તો ઝીરો બેલેન્સથી એકાઉન્ટ એવા લાભાર્થીઓના ખૂલે એવી કોઇ વ્યવસ્થા આપ કરવા માગો છો કે કેમ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સૂચન છે અને આ યોજના કેન્દ્ર સરકારની હોઇ...

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ના માપદંડ શું છે ? બી.પી.એલ.ના ગુણ કઇ રીતે નક્કી થાય છે, શૂન્ય થી એક અને બેમાં કોનો સમાવેશ થાય છે? તે સમજાવવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ ગરીબી રેખા નથી, ગરીબી રેખામાં ઝીરોથી સોળને આપે છે, શ્રી બલવંતસિંહ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇંદિરા આવાસ યોજનાની અંદર કેન્દ્ર સરકાર દ્વારા ૭૫ ટકા આપે છે, ઘણાં ગામોની પરિસ્થિતિ એવી હોય છે કે, ત્યાં જમીન જ નથી હોતી અને એના કારણે લોકોને પ્લોટ ફાળવી નથી શકાતા, પૈસા પણ હોય છે, લોકોની માગણી પણ હોય છે તો સરકાર આ બાબતે કાંઇ વિચાર લઇને અથવા તો પછી કાંઇક વિકલ્પે વ્યવસ્થા શું કરવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઝીરોથી સોળના એક પણ બી.પી.એલ.ના લાભાર્થી લાભથી વંચિત ના રહે એના માટેની રાજય સરકારે વ્યવસ્થા કરી છે, થઇ ગઇ છે

અને મને કહેતાં એ વાતનો આનંદ છે કે, આજના દિવસે ઝીરો થી સોળનો એક પણ લાભાર્થી લાભથી વંચિત નથી.s

## અમદાવાદ, મહેસાણા અને બનાસકાંઠામાં લોકઅદાલતમાં કેસોનો નિકાલ

* ૧૨૪૯ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ, મહેસાણા અને બનાસકાંઠામાં કુલ કેટલી લોક અદાલતો ભરવામાં આવી, | (૧) અમદાવાદ – ૬૩૧<br>મહેસાણા – ૬૦૭<br>બનાસકાંઠા –૧૫૫૭ |
| (૨)આ લોક અદાલતોમાં કેટલા કેસો દાખલ કરવામાં આવ્યા, | (૨) અમદાવાદ – ૬૫૯૪૪<br>મહેસાણા – ૧૯૩૯૦<br>બનાસકાંઠા –૧૯૬૪૯ |
| (૩)તે પૈકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૩) અમદાવાદ – ૨૫૬૬૭<br>મહેસાણા – ૧૬૭૭૧<br>બનાસકાંઠા –૧૪૬૩૩ |
| (૪)કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું ? | (૪) અમદાવાદ – રૂ. ૨૭, ૪૫, ૯૯,૦૫૨<br>મહેસાણા – રૂ. ૧,૮૦,૩૨,૮૯૯<br>બનાસકાંઠા –રૂ. ૫,૬૬,૧૮,૦૬૦ |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આ લોકઅદાલતનો ઉદેશ્ય શું છે અને આ લોકઅદાલતોની આવશ્યકતા શું છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, લોકોને ત્વરીત, અસરકારક, સંતોષકારક, સરળ અને નજીવા ખર્ચે મળતો ન્યાય એટલે આ લોકઅદાલત છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્વરીત નિકાલનો શ્રેષ્ઠ વિકલ્પ ગણીએ તો આ લોકઅદાલતો છે. આ લોકઅદાલતો એ લોકો માટે અને લોકો દ્વારા ચાલતી અદાલતો તરીકે અને આમાં જેના માંડવાળ થઇ શકે તેવા ફોજદારી કેસો, દીવાની, મહેસૂલી, મોટર અકસ્માત વગેરે પ્રકારના જે કેસો હજુ કોર્ટ સુધી આવ્યા નથી અથવા કોર્ટમાં દાખલ થયા હોય તો એ પ્રિ–લિટિગેશનનું ભારણ ઘટાડવા માટે સમજાવટથી, વાટાઘાટો દ્વારા લોકઅદાલતોનો ઉપયોગ કરી શકાય અને આ લોકઅદાલતોમાં નિકાલ થતા કેસો, નિયમિત કોર્ટનું ભારણ ઓછું કરે એટલા માટે લોકઅદાલતનો અતિ અગત્યનો કન્સેપ્ટ છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ પ્રક્રિયા કયારથી અને કેવી રીતે શરૂ થઇ અને લોકઅદાલતોની પદ્ધતિ શી છે અને તેના ફાયદાઓ કયા કયા છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણના અનુચ્છેદ ૩૯(એ)માં અત્યાર સુધીના થયેલા સુધારાઓમાં બંધારણનો ૪૨મો સુધારો કરવામાં આવ્યો અને આ ૪૨મા સુધારાથી લીગલ સર્વિસ ઓથોરીટી એકટ, ૧૯૮૭ અમલમાં આવ્યો. આ સુધારો ૧૯૮૭માં આવ્યો, પરંતુ એ દરમિયાન સમગ્ર દેશની અંદર ૧૯૮૨માં જૂનાગઢ જિલ્લાના ઉના ખાતે સૌ પ્રથમ લોક અદાલત ગુજરાતની અંદર શરૂ કરવામાં આવી. આનો આશય મહાત્મા ગાંધીજીએ પોતે કહ્યું છે. કોઇપણ કેસમાં બને તો વકીલે પ્રથમ સમાધાન માટે પ્રયાસ કરવા જોઇએ. આની કાર્યપદ્ધતિના સંદર્ભમાં માનનીય સભ્યશ્રીએ કહ્યું તો સામાન્ય રીતે રજાનો દિવસ અથવા શનિવારનો દિવસ પસંદ કરવામાં આવે છે. આનો સમય અને સ્થાન એક માસ પહેલા નકકી કરવામાં આવે છે અને જે દિવસે લોક અદાલત હોય એના સંદર્ભમાં ગામના આગેવાનો, સરપંચ, મામલતદાર

દ્વારા એની પત્રિકા દ્વારા પ્રસિદ્ધિ કરવામાં આવે છે. લોક અદાલતમાં જેને જે કેસ મૂકવો હોય તો નિયત કરેલા ફોર્મની અંદર એની વિગતો આપવામાં આવે છે અને સામેવાળા વ્યકિત જેને આ કેસના કારણે અસર થવાની છે એ વ્યકિત ઉપર એની બજવણી કરવામાં આવે છે. આ પ્રમાણે લોક અદાલતની અંદર એનો અમલ કરવામાં આવે છે. આના ફાયદામાં ન્યાય વાંચ્છુકનો સમય, સંપત્તિ અને એની માનસિક સ્થિતિની અંદર જો કેસનો લોક અદાલતની અંદર આપણે નિકાલ કરીએ તો એને રાહત રહે છે અને આ લોક અદાલતની અંદર સમાધાન થયેલી ઘટના એ સુપ્રીમ કોર્ટ સુધી અપીલને પાત્ર નથી રહેતી. આ સમાધાનમાં પાર્ટી દ્વારા ભરેલ કોર્ટ ફી કોઇપણ કપાત વિના એને પરત મળે છે.

અધ્યક્ષશ્રી : એમનો સવાલ એ હતો કે આ પહેલુ સેશન છે. લોક અદાલતની આવતા સેશનમાં ખબર પડી જશે. આ વખતમાં સમજી જાવને લોક અદાલતની કાર્યપદ્ધતિ. એમણે આખી પદ્ધતિનું વર્ણન કર્યું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અમદાવાદ શહેરમાં ૬૩૧ લોક અદાલતો થઇ ૬૫૯૪૪ કેસો દાખલ થયા તે પૈકી ૨૫૬૬૭નો જ નિકાલ થયો. બાકીના જે ૪૦,૦૦૦ કેસો પેન્ડીંગ છે એના માટે કયારે લોક અદાલતો ભરી અને કયારે એનો નિકાલ થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું, એમાં લોક અદાલતનાં નિયત કરેલા ફોર્મની અંદર અરજદાર પોતાના કેસની વિગતો મૂકતા હોય છે પરંતુ લોક અદાલતમાં કયા પ્રકારની પાત્રતા ધરાવતા કેસો હોય છે એ પાત્રતા ધરાવતા કેસીસના આધાર ઉપર જ દાખલ થતા હોય છે. આ લોક અદાલતો એ સમય સમય ઉપર મળતી હોય છે, એમ અમદાવાદ શહેરની અંદર બાકીના જે પડતર કેસો છે અથવા જે નવા કેસો આવશે એ આગામી દિવસોમાં જયારે લોક અદાલતની તારીખ નિશ્ચિત કરવામાં આવશે ત્યારે એના ઉકેલ માટે હાથ ઉપર લેવામાં આવશે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે લોક અદાલતની કામગીરીનું આયોજન અને અમલવારી કોણ કરે છે? લોક અદાલતમાં અત્યાર સુધી અને વર્ષ –૨૦૧૨માં કુલ કેટલા કેસોનો નિકાલ થયો છે? અને લોક અદાલત દ્વારા અત્યાર સુધીમાં કુલ કેટલી રકમ એવોર્ડ જાહેર થઇ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું કે લોક અદાલતની અમલવારી કોણ કરે છે? ગુજરાત સરકારની હાઇકોર્ટ દ્વારા લીગલ સર્વિસ ઓથોરીટી નકકી કરવામાં આવી છે. આ લીગલ સર્વિસ ઓથોરીટી એ તાલુકા કક્ષાએ કાનુની સત્તા સેવા મંડળ હોય છે. જિલ્લા કક્ષાએ કાનુની સત્તા સેવા મંડળ હોય છે અને રાજય કક્ષાએ કાનુની સત્તા સેવા મંડળ હોય છે. જયાં તાલુકા, જિલ્લા કે રાજયમાં થવાનું હોય તો કાનુની સત્તા સેવા મંડળ દ્વારા એનું આયોજન કરવામાં આવે છે. એનું સમાધાન પંચ હોય છે. આ સમાધાન પંચની અંદર કોઇ સામાજિક કાર્યકર, મહિલા ધારાશાસ્ત્રી, સિનિયર ધારાશાસ્ત્રી કે કોઇ નિવૃત્ત જજ આવા એક, બે કે પાંચ લોકોનું સમાધાન પંચ હોય છે. આ સમાધાન પંચના માધ્યમથી લોક અદાલતમાં એ લોકો નિર્ણય લેતા હોય છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો એ પ્રમાણે ગુજરાતની અંદર લોક અદાલતને વ્યાપક જન સમર્થન મળ્યું છે અને જયારથી એનો અમલ થયો ત્યારથી આજદિન સુધીમાં લગભગ ૬૩,૨૮,૪૫૨ જેટલા કેસોનો નિકાલ થયો છે. એમાં ૨૦૧૨ દરમિયાન કેટલા કેસોનો નિકાલ થયો.

માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે, તો ૨૦૧૨ માં ૧,૧૨,૫૫૦ ફોજદારી કેસો જે સમાધાનને લાયક છે તેવા ૩૪,૪૪૨ દીવાની કેસો, ૨૭,૨૦૫ પ્રિ–લિટિગેશન કેસો આમ કુલ ૧,૭૪,૧૯૭ કેસોના નિકાલ કર્યા છે. એમણે કહ્યું કે કેટલાના એવોર્ડ તો મોટર વ્હીકલ કેસોના રૂપિયા ૬૭ કરોડ ૧૯૮ લાખના આ લોક અદાલત દ્વારા સફળતા મળવા માંડી છે.

## વડોદરા જિલ્લા અદાલતના બાંધકામની દરખાસ્ત

* ૧૨૪૬ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લા અદાલતના મકાન માટે સરકારને ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ કોઈ દરખાસ્ત મળેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨)જો હા, તો દરખાસ્તને ક્યારે અને કેટલી રકમ માટે મંજૂરી આપેલ છે ? | (૨) કાયદા વિભાગના તા. ૧૭–૩–૧૨ ના ઠરાવ ક્રમાંક : સીસીબી/૧૦૨૦૧૧/૮૧/ગ થી રૂ. ૧૩૦, ૭૩, ૭૦,૦૦૦/– (અંકે રૂપિયા એકસો ત્રીસ કરોડ તોતેર લાખ સીત્તેર હજાર પુરા)ની વહીવટી મંજૂરી આપેલ છે. |

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂની અદાલતો કયા સ્થાને ચાલે છે? કેટલા સમયથી અને તેમાં શું સમસ્યા હતી? નવી કોર્ટ કયા સ્થળે કાર્યરત થનાર છે? એના ફાયદા, સુવિધા અને વિશેષતા શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજેન્દ્રભાઇ ત્રિવેદી પોતે પણ વડોદરા કોર્ટમાં પ્રેક્ટિસ કરે છે અને બાર કાઉન્સિલના હોદ્દેદાર હતા, ત્યારે પણ સમસ્યાઓની મારી સમક્ષ રજૂઆતો કરેલ હતી. હાલની જે કોર્ટ આપણે ગુજરાતની અંદર કોર્ટને ન્યાય મંદિર કહીએ છીએ. આ વડોદરાનું ન્યાય મંદિર એ શહેરની મધ્યમાં અને ગાયકવાડ રાજ્યના સમયથી ચાલતી લગભગ ૧૦૦ વર્ષ કરતા જૂની પુરાણી બિલ્ડિંગ છે. આ શહેરના વચ્ચેના ભાગમાં આવવાના કારણે જગ્યા નાની હતી. સ્થળ ઉપર મોકળાશ નહોતી. વકીલોને બેસવા માટેની જગ્યા નહોતી. એટલા બધા અરજદારો, લિટિગન્ટો આવતા હોવાના કારણે ટ્રાફિક, પાર્કિંગ કે અન્ય કોઇ સુવિધા ઉભી કરવી હોય તો કરી શકાતી નહોતી. માનનીય સભ્યશ્રીએ પૂછયું તેમ આ નવી સૂચિત કોર્ટ વેક્સિન ઈન્સ્ટિટયૂટ અકોટા જૂના પાદરા, વડોદરા ખાતે કાર્યરત કરવાની છે. એની અંદર ૭૬ જેટલી કોર્ટ જ્યારથી એ બનશે પછી કાર્યરત થશે. એ ૭૬ કોર્ટમાં સિવિલ જજ, એડિશનલ ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ, સ્મોલ કોઝ કોર્ટ, ફેમિલી કોર્ટ, એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ અને આ બધા જ પક્ષકારો, લિટિગન્ટો એક જ જગ્યાએ બેસી શકે. એ ઉપરાંત જૂના કન્સેપ્ટની અંદર કોર્ટ હોય ત્યાં સ્ટેમ્પ વેન્ડરની જગ્યા જોઇએ, પિટિશન રાઈટર જોઇએ, સાઈબર કાફે, કેન્ટીન, પોસ્ટઓફિસ, એ.ટી.એમ. મશીન સહિત સી.સી. ટી.વી. કેમેરા સાથે અને આખા દેશમાં કોઇ રાજયમાં ન હોય તેવી અત્યંત આધુનિક આ વડોદરાની કોર્ટ બનવાની છે અને કોર્ટ છે ને તે વડોદરાના પ્રાઇમ લોકેશનમાં અને ૫૫,૦૦૦ ચો.મી. જેટલા વિસ્તારની અંદર બનવાની છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી મંજૂરી આ અદાલત બનવા માટે તા. ૧૭–૩–૧૨ ના રોજ વિભાગે આપી પછી આજની સ્થિતિએ બાંધકામની પ્રગતિ કેટલી થઇ છે? અને કેટલો ખર્ચ થયો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અગાઉ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માં પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. ત્યાં એક હાઇ ટેન્શન લાઇનના કારણે સમસ્યા હતી. ૨૦૧૧–૧૨ માં ૨૦ કરોડ રૂપિયાનું પ્લાનિંગ કર્યું હતું. ૨૦૧૨–૧૩ માં ૧૮ કરોડનું પ્લાનિંગ કર્યું હતું. આ વખતે પ્લાન અને નોન પ્લાન થઇને ૮૯.૮૭ કરોડનું પ્લાનિંગ કર્યું છે. એટલે આ કોર્ટ બિલ્ડિંગ જેમાં વહીવટી મંજૂરી ૧૩૦ કરોડ રૂપિયાની આપવામાં આવી છે. એનું બાંધકામ ત્યાં શરૂ થઇ ગયું છે. પ્લીંન્થ અને રૂફ અત્યારે કામકાજના સ્ટેજે છે. કામ હાલ પ્રગતિમાં છે.

## પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસો

* ૩૩૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા અને કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ઈન્દીરા આવાસ યોજના હેઠળ ૧૨૬૮૮ આવાસો મંજુર કરવામાં આવ્યા અને ૩૬ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ માટે ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ રૂ. ૩૩૭૧.૦૨ લાખનો ખર્ચ થયો, અને |
| (૩)બાકી રહેલ આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ભારત સરકારની ઈન્દીરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે. |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૩માં ઈન્દિરા આવાસ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ભૌતિક લક્ષ્યાંક, મળેલ અરજીઓની સંખ્યા તથા મંજૂર કરેલ આવાસોની સંખ્યા જણાવવા વિનંતી છે. મારો પ્રશ્ન બીજો એ છે કે મારા કાલોલ તાલુકાની અંદર મંજૂર થયેલા આવાસોની તબકકાવાર બાંધકામની સ્થિતિ શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં ગોધરા તાલુકામાં ભૌતિક લક્ષ્યાંક ૨૯૬૯, મળેલ અરજીઓ ૨૯૬૯ અને મંજૂર આવાસની સંખ્યા ૧૬૭૫. મોરવામાં ભૌતિક લક્ષ્યાંક ૨૨૮૫, મળેલ અરજીઓ ૨૨૮૫ અને મંજૂર આવાસની સંખ્યા ૬૩૫. શહેરામાં ભૌતિક લક્ષ્યાંક ૩૧૬૬, મળેલ અરજીઓ ૩૧૬૬ અને મંજૂર આવાસની સંખ્યા ૨૩૬૬. લુણાવાડામાં ભૌતિક લક્ષ્યાંક ૧૬૪૩, મળેલ અરજીઓ ૧૬૪૩ અને મંજૂર થયેલ આવાસની સંખ્યા ૧૨૫૮. ખાનપુરમાં ભૌતિક લક્ષ્યાંક ૮૧૨, મળેલ અરજીઓ ૮૧૨ અને મંજૂર થયેલ આવાસની સંખ્યા ૨૬૯. કાલોલમાં ભૌતિક લક્ષ્યાંક ૨૧૯૫, મળેલ અરજીઓ ૨૧૯૫ અને મંજૂર આવાસની સંખ્યા ૧૩૯૫. હાલોલમાં ભૌતિક લક્ષ્યાંક ૭૩૮, મળેલ અરજીઓ ૭૩૮ અને મંજૂર થયેલ આવાસની સંખ્યા ૭૩૮ છે. જાંબુઘોડામાં ભૌતિક લક્ષ્યાંક ૭૭૪, મળેલ અરજીઓ ૭૭૪ અને મંજૂર આવાસની સંખ્યા ૫૮૮ છે. ઘોઘંબામાં ભૌતિક લક્ષ્યાંક ૨૧૪૯, મળેલ અરજીઓ ૨૧૪૯ અને મંજૂર આવાસની સંખ્યા ૧૪૭૫ છે. સંતરામપુરમાં ભૌતિક લક્ષ્યાંક ૩૭૮૦, મળેલ અરજીઓ ૩૭૮૦ અને મંજૂર આવાસની સંખ્યા ૧૩૬૦. કડાણામાં ભૌતિક લક્ષ્યાંક ૯૩૫, મળેલ અરજીઓ ૯૩૫ અને મંજૂર આવાસની સંખ્યા ૯૩૫ છે. બીજો એમનો સવાલ છે તેમાં કાલોલ તાલુકમાં ૧૩૯૫ આવાસ મંજૂર થયા તે પૈકી ૧૦૬ પ્લીન્થ લેવલે છે. ૫૫ લીન્ટલ લેવલે છે અને ૧૧ પૂર્ણતાના આરે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ૩૩૭૧ લાખનો જે ખર્ચ થયો તેમાં કેન્દ્ર સરકારની કેટલી સહાય અને રાજય સરકારની કેટલી સહાય છે**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૭૫ ટકા કેન્દ્ર સરકાર અને ૨૫ ટકા રાજય સરકારની સહાય છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું જાણવા માગું છું કે ૦થી ૧૬ ના જે બીપીએલ લાભાર્થીઓ છે તેને ઈન્દિરા આવાસ યોજના નીચે આવરી લેવાના હોય છતાં પણ રાજય સરકારે પોતે પોતાની યોજનાઓમાંથી ૦ થી ૧૬ ના લાભાર્થીઓને આવરી લીધેલા છે. તેમાંથી કેટલા લોકોને પંચમહાલ જિલ્લામાં રાજય સરકારની યોજનાઓમાંથી કે જેમાં ૧૦૦ ટકા ખર્ચ રાજય સરકાર ભોગવે છે તેમાં

આવરી લીધેલા છે**?** બીજો પ્રશ્ન એ છે કે ભારત સરકારને રાજય સરકાર મારફત કોઇ દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ**?** તે દરખાસ્ત પડતર છે કે નિકાલ થયેલ છે**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, દરખાસ્ત કરેલ છે અને તે પડતર છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા શહેરા તાલુકામાં મંજૂર થયેલ આવાસો ૩૧૬૬ છે. તેમાંથી કેટલા બન્યા છે અને કેટલા આવાસો બાકી છે**?** બીજો પ્રશ્ન છે કે ઇન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ માત્ર મહિલાઓને ફાળવવામાં આવે છે તે વાત સાચી છે**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મહિલાઓને જ ફાળવીએ છીએ. વિકલ્પે પતિ–પત્નીને પણ ફાળવીએ છીએ. પત્ની ન હોય તો પતિના નામે ફાળવીએ છીએ. શહેરામાં ભૌતિક લક્ષ્યાંક ૨૭૨૧ હતો અને તેટલા મંજૂર થયા છે. તેમાંથી પૂર્ણ આવાસની સંખ્યા ૧૫૯૫ છે. તેમાં બાકી ૧૧૨૬ છે અને કુલ રકમ ૧૨૬૯.૮૮ લાખ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, પંચમહાલ જિલ્લામાં જે હીલી તાલુકા છે તેમાં કેન્દ્ર સરકાર તરફથી અઢી હજાર રૂપિયા વધારાના મળે છે, તો પંચમહાલ જિલ્લામાં કયા કયા તાલુકાઓમાં આનો અમલ કરવામાં આવ્યો અને તેમાં કેટલો ખર્ચ થયો**?** કેન્દ્ર સરકાર તરફથી ૭૫ ટકા મળે છે. રાજય સરકારે છેલ્લા ઘણા સમયથી ૨૫ ટકા બંધ કરેલા છે તો આપે જે ખર્ચ બતાવ્યો ૩૩૭૧ લાખ. તેમાં કેન્દ્ર સરકારની કોઇ સહાય છે કે કેમ**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તેમાં ૭૫ ટકા કેન્દ્ર સરકારનો ફાળો છે જ. હીલી એરિયામાં પંચમહાલ જિલ્લામાં કોઇ બાંધકામ થયેલ નથી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હીલી એરિયા એટલે કે ચઢાણવાળો વિસ્તાર હોય તો તેને અઢી હજાર વધારે મળતા હોય છે. તો તેમાં કયા કયા તાલુકાઓમાં અમલ કરેલ છે**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હીલી એરિયામાં પંચમહાલ જિલ્લામાં કોઇ બાંધકામ થયેલ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ ઇન્દિરા આવાસ યોજનાની માગણી કરતી વખતે અન્ય કોઇ યોજનામાં આ લાભાર્થીએ લાભ લીધો છે કે નહીં એની ચકાસણી કરવામાં આવે છે? માનનીય મંત્રીશ્રી, એવું ધ્યાન ઉપર આવ્યું છે કે ઇન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના એ બધી યોજનાઓની અંદર એકને એક મકાન બતાવી અને સહાય લઇ લે છે તો સરકાર એવી કોઇ વ્યવસ્થા ઉભી કરવા માગે છે કે જેનાથી એક લાભાર્થી એક કરતા વધુ યોજનાનો લાભ ન લઇ શકે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આવું અગાઉ કોંગ્રેસના શાસન દરમ્યાન બનતું હતું એટલે હવે અમે એમાં ફેરફાર કરીને એવી વ્યવસ્થા ગોઠવી છે કે એકને એક લાભાર્થી અન્ય કોઇ યોજનાનો લાભ ન લઇ શકે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ જયદ્રથસિંહ, આપ શું કહેવા માગો છો? બોલો પરેશભાઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું ટીકા–ટીપણી નથી કરવા માગતો માત્ર લાભાર્થી પાસેથી એફિડેવિટ લેવામાં આવે છે કે અન્ય કોઇ યોજનામાં લાભ નથી લીધો અને એ લાભાર્થીએ બીજી યોજનામાંથી લાભ લીધો છે એવા અમરેલી જિલ્લામાં ઘણાં બધા દાખલા છે.

અધ્યક્ષશ્રી : એવા કોઇ કિસ્સા હોય તો જણાવજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં ઘણાં બધા એવા કિસ્સા છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એવા કોઇ કિસ્સા હોય તો કહો. અમે એવી વ્યવસ્થા ગોઠવી છે કે એકને એક લાભાર્થી બે વાર લાભ ન લઇ શકે અને માની લો કે એવો કિસ્સો હોય અને કોઇ દાખલો આપશે તો અમે તપાસ કરાવીશું.

અધ્યક્ષશ્રી : એવા કોઇ કિસ્સા હોય તો માનનીય મંત્રીશ્રીને જણાવજો. તપાસ કરાવશે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ઇન્દિરા આવાસ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં ૨૦૧૨–૧૩માં ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગોધરામાં ૪૮૯.૨૦ લાખ, મોરવામાં ૨૮૧.૧૦ લાખ, શહેરામાં ૬૭૬.૮૬ લાખ, લુણાવાડામાં ૨૨૩.૨૩ લાખ, ખાનપુરમાં ૯૫.૫૩ લાખ, કાલોલમાં ૩૦૨.૧૪ લાખ, હાલોલમાં ૨૨૯.૬૯ લાખ, જાંબૂઘોડામાં ૪૮.૩૪ લાખ, ઘોઘંબામાં ૨૬૭.૪૮ લાખ, સંતરામપુરમાં ૫૬૩.૪૦ લાખ અને કડાણામાં ૧૯૩.૬૫ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે.

## વડોદરા જિલ્લામાં મંજૂર કરેલા ઈન્દિરા આવાસ

* ૧૩૨ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨)તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ થયા, અને

(૩)અધૂરા આવાસોની કામગીરી પૂર્ણ કરવા સરકાર કોઈ નક્કર પગલાં લેવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦ |
| ૨ | સાવલી | ૬૫૫૩ |
| ૩ | વાઘોડીયા | ૦ |
| ૪ | પાદરા | ૨૪૫ |
| ૫ | કરજણ | ૦ |
| ૬ | શિનોર | ૨૭ |
| ૭ | ડભોઈ | ૨૭૪ |
| ૮ | સંખેડા | ૦ |
| ૯ | નસવાડી | ૨૨૪૦ |
| ૧૦ | જેતપુર–પાવી | ૧૯૧૨ |
| ૧૧ | છોટા ઉદેપુર | ૫૬૪૪ |
| ૧૨ | કવાંટ | ૧૬૦૨ |
| | **કુલ** | **૧૮૪૯૭** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૫૮૫૦ આવાસો પૂર્ણ થયા, અને

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલઃ માનનીય અધ્યક્ષશ્રી, મારા વડોદરા જિલ્લામાં છેલ્લા બે વરસમાં ૧૮૪૯૭ આવાસો ફાળવવામાં આવ્યા છે. માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, આ આવાસો બે વરસથી ફાળવવામાં આવ્યા છે તેમ છતાં આજે પણ આ આવાસો અધૂરા છે તો જે આ ૧૮૪૯૭ આવાસો ફાળવ્યા છે એમાં ભારત સરકારે કેટલું ફંડ આપ્યું છે અને ગુજરાત સરકારનો આમાં કેટલો ફાળો છે? એજ રીતે આ આવાસોમાં વિલંબ થવાના કારણો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું. આ આવાસો પૂર્ણ નથી થતા

કારણ કે ગ્રામ વિકાસ એજન્સીમાં જે સ્ટાફ હોવો જોઇએ એ સ્ટાફ ઓછો છે જેને લઇને બિલ બનાવવામાં જે વિલંબ થાય છે એ બિલ બનાવવામાં કોઇ સરળતા કરવા માગે છે કે નહીં? અને ત્રીજો પ્રશ્ન એ છે કે, આ આવાસોનો જે છેલ્લો હપતો લેવામાં આવે છે ત્યારે એના પ્રી– ઓડિટનો આપણે નિયમ બનાવેલો છે તો આ પ્રી–ઓડિટ રેશિયો જે બનાવવામાં આવેલો છે એને સરળતાથી પ્રી–ઓડિટ થાય અને છેલ્લો હપતો વહેલામાં વહેલી તકે મળે એવી કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે નહીં?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એવી વ્યવસ્થા રાજય સરકારે ગોઠવી છે કે, કોઇ પણ લાભાર્થીને છેલ્લો હપતો મેળવવામાં કંઇ પણ વિલંબ ન થાય અને સમયસર મળી જાય એટલો સ્ટાફ પણ રાજય સરકાર પાસે છે અને અત્યાર સુધીમાં એવી કોઇ પણ ફરિયાદ અમારી પાસે નથી આવી કે મને છેલ્લો હપતો મળ્યો નથી.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આવાસ યોજનામાં કેન્દ્ર સરકારના ૭૫ ટકા અને ગુજરાત સરકારના ૨૫ ટકા પરંતુ જમીનની કિંમત આમાં ગણવામાં આવે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જમીન રાજય સરકાર તરફથી આપવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ કેન્દ્ર સરકારની યોજના છે અને ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલે છે. ઇન્દિરા આવાસ યોજનામાં જેના મકાનો મંજૂર થયા હોય એ મંજૂર થયા પછી પહેલો હપતો જયાં સુધી ૫૦૦૦ રૂપિયા અધિકારીઓને લાંચ આપવામાં ન આવે ત્યાં સુધી આપવામાં આવતો નથી એ વાત સાચી છે કે ખોટી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા જ કહ્યું કે જમીન લાભાર્થીને, અરજદારને ગુજરાત સરકાર મફત આપે છે અને મેં માનનીય પરેશભાઇને પણ કહ્યું હતું અને બળદેવજી એ જ તમને કહું છું કે કોઇપણ પ્રકારની લાંચ આપવામાં આવતી નથી, લેવામાં આવતી નથી. અગાઉ જે થતું હતું એમાં હવે સુધારો થઇ ગયો છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણ મેળા કરીને ઇન્દિરા આવાસની યોજનાના મકાનોનું વિતરણ કરવામાં આવે છે, પરંતુ લાભાર્થીઓને બીજો, ત્રીજો હપ્તો લેવા માટે ધક્કા ખાવા પડે છે, તાલુકા પંચાયતમાં ઉંમરલાયક બહેનોને આખો આખો દિવસ બેસી રહેવું પડે છે એના કારણો શું છે અને આ હપ્તા વહેલા મળે એવી વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ સક્ષમ રાજ્ય સરકારમાં કોઇ એવી ગરીબ બહેનોને કે કોઇ એવા ગરીબ ઇસમને બેસી રહેવું પડતું નથી કે ધક્કા ખાવા પડતા નથી અને માનનીય સભ્યશ્રી પાસે કોઇ એવો પુરાવો હોય કે એવા કોઇ અરજદારને તકલીફ પડી હોય તો એ ધ્યાન પર લાવે, અમે ઇચ્છીએ છીએ કે કોઇ ગરીબ માણસ ધક્કા ના ખાય, કોઇ ગરીબ માણસને ક્યાંય કોઇ લેવડદેવડ કરવી ના પડે અને એને સમયસર, પહેલો, બીજો, ત્રીજો હપ્તો મળી જાય એના માટેની પૂરતી કાળજી સરકાર તરફથી લેવામાં આવે છે.

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે જાણવા માગું છું કે ઇન્દિરા આવાસના લાભાર્થી ૦ થી ૧૬ના હોય અને મોંઘવારીના કારણે અધૂરાં રહેલા છે એ આવાસો પૂરા થશે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જે નક્કી થયેલા છે તે રેટ પ્રમાણે બધા જ અધૂરાં કામો પૂરાં કરવામાં આવશે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, વડોદરા જિલ્લામાં છેલ્લાં બે વરસમાં ૧૮૪૯૭ ઇન્દિરા આવાસના મકાનો મંજૂર કરેલા તે પૈકી ૫૮૫૦ આવાસોનું બાંધકામ પૂર્ણ થયું છે. ૧૨૬૪૭ જેટલા આવાસો આજ સુધી પૂર્ણ થયાં નથી, તો આ આવાસોની શું પરિસ્થિતિ છે, બાંધકામ શરૂ થયું? જે જગ્યાએ બાંધકામ શરૂ થયું ત્યાં હપ્તા માટે ખેડૂતો જાય છે, પરંતુ તાલુકામાંથી આ હપ્તાની રકમો મળતી નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : બાકીના જે છે એ પૂર્ણ કરવાની જવાબદારીમાં જોગવાઇ જ એવી છે કે એ લાભાર્થી પોતે કરે, એની કોઇ સમય મર્યાદા નથી. બીજો હપ્તો અને ત્રીજો હપ્તો પણ કામ શરૂ થાય, પ્લીન્થ કાઢે, પછી લિન્ટલ સુધી આવે અને પછી રૂફ સુધી આવે, આ ક્રમશઃ જે બાંધકામ પૂરું કરે, પછી તલાટી, ટી.ડી.ઓ. ત્યાં જઇને તપાસ કરે અને પછી જોગવાઇ મુજબ જો એ કામ થયું હોય, તો એ પ્રમાણે એને આપવામાં આવે છે. (અંતરાય) ભારત સરકારના જ નિયમો છે. પૂર્ણ ક્યારે થશે એનો જવાબ એવો છે કે આ લાભાર્થીએ પોતે જ પૂર્ણ કરવાના હોય છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે વડોદરા જિલ્લામાં જે પ્રિ–ઓડિટ છે એ ગ્રામ વિકાસ એજન્સી મારફતે કરવામાં આવે છે કે ખાનગી સંસ્થા કરે છે અને મારો બીજો પ્રશ્ન એવો છે કે, ગ્રામ વિકાસ એજન્સીમાં જે આ બિલ બનાવે છે એ એસ.ઓ. ની પોસ્ટ હોય છે, એન્જિનિયરની, તો એવી કેટલી જગ્યાઓ ગ્રામ વિકાસ એજન્સીમાં ખાલી છે અને નસવાડીની જગ્યા ભરેલી છે કે ખાલી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જગ્યાઓનો પ્રશ્ન જ નથી આ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ એમ કહે છે કે જગ્યા ખાલી હોવાના કારણે ઇન્દિરા આવાસ યોજનાની કામગીરીની પદ્ધતિમાં વિલંબ થાય છે. એવું બને છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થીને મંજૂરીપત્ર મળે, ૨૧,૦૦૦ રૂપિયા મળે પછી બાંધકામની શરૂઆત થાય..

અધ્યક્ષશ્રી : જગ્યાના અભાવે કોઇ પૈસા વગરનું નથી રહેતું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જગ્યાના અભાવે કામને સહન કરવું પડતું નથી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સીધો છે કે ગ્રામ વિકાસ એજન્સીના એસ.ઓ. ની જગ્યાઓ ખાલી છે એ ભરવા માગો છો કે નહિ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી. કોલેજોમાં ટ્રીબ્યુનલનો અમલ બાબત**

* ૧૧૫૮ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)રાજ્યમાં પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી. કોલેજોમાં ફરજ બજાવતા કર્મચારીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ માટે અલગ ટ્રીબ્યુનલનો અમલ કઈ તારીખથી કરવામાં આવ્યો, અને | (૧) ટ્રીબ્યુનલની રચના થયેલ નથી. |
| (૨)તેના અમલ પછી ટ્રીબ્યુનલમાં તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, રાજયમાં પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી.કોલેજોમાં ફરજ બજાવતા કર્મચારીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ માટે અલગ ટ્રિબ્યુનલનો અમલ કઇ તારીખથી થયો? સરકારે જવાબ આપ્યો છે કે ટ્રિબ્યુનલની કોઇ રચના થયેલ નથી. અગાઉ પણ જે માધ્યમિક શિક્ષણ બોર્ડનું ટ્રિબ્યુનલ છે તે રીતે અહીંયા પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી. કોલેજોના કર્મચારીઓ તેમને કોઇ શિક્ષા થઇ હોય તો તેઓ ન્યાય મેળવવા માટે આ ટ્રિબ્યુનલમાં જતાં હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી કોલેજમાં ટ્રિબ્યુનલ માટે આ સરકારમાં કયારે કયારે અને કોણે રજૂઆત કરી ? અને રાજયમાં આવા બીજા કેટલાં ટ્રિબ્યુનલ કાર્યરત છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ટ્રિબ્યુનલ નથી અને અમે કરવા પણ માગતા નથી કારણ કે તેની વિકલ્પે વ્યવસ્થા છે એટલા માટે કરવા માગતા નથી. આવા જે સેવાકીય

કર્મચારીઓ હોય તો તેમાં તેમને થયેલા હુકમની સામે અધિનિયમ મુજબ પ્રથમ અરજી જિલ્લા શિક્ષણાધિકારીને કરી શકે છે અને બીજી અરજી નિયામક પ્રાથમિક શિક્ષણને કરવાની જોગવાઇ છે. રાજયની અન્ય ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓના શિક્ષકોના પ્રશ્નો માટે ગુજરાત પ્રાથમિક શિક્ષણ ટ્રિબ્યુનલ છે. બાકી ટ્રિબ્યુનલ છે પણ આમાં વિકલ્પે વ્યવસ્થા હોઇ પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી માટે જોગવાઇ નથી, અમે કરવા માગતા નથી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે, રાજયભરમાં પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી.ની કોલેજોની કેટલી સંખ્યાઓ છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ૮ સરકારી છે. ૨૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો છે. છે.૪૩ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ છે. ૧૯૯ સ્વનિર્ભર છે. ૨૭૩ પી.ટી.સી.કોલેજ છે. ૮ ગ્રાન્ટ ઇન એઇડ અને ૪ સ્વનિર્ભર પ્રિ પી.ટી.સી.કોલેજ ચાલે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૭માં જે બિલ પાસ કરવામાં આવ્યું તેમાં આ ટ્રિબ્યુનલની જોગવાઇ હતી કે કેમ? એ ટ્રિબ્યુનલની રચના ન કરવાનું શું કારણ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે બીજી વૈકલ્પિક વ્યવસ્થા છે એટલા માટે આ અમે કરવા માગતા નથી.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી કોલેજની અંદર જે સ્ટાફની નિમણૂક કરવામાં આવે છે તેના માટેની પ્રોસેસ શું છે અને કોના દ્વારા તે કરવામાં આવે છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ પી.ટી.સી. અને પ્રિ પી.ટી.સી કોલેજોનું જે વહીવટી તંત્ર છે તેની અંદર જિલ્લા કક્ષાએ ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર પી.ટી.સી.કોલેજોનું વહીવટી નિયંત્રણ જિલ્લા શિક્ષણાધિકારી અને રાજય કક્ષાએ પ્રાથમિક શિક્ષણ નિયામક કરે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, તારીખઃ ૧૦–૮–૨૦૦૬ અને તાઃ૧૬–૪–૨૦૦૭ના રોજ તત્કાલિન શિક્ષણ મંત્રીએ આ ટ્રિબ્યુનલની રચના માટેની ખાતરી આપેલી હતી અને રાજયની તમામ ટ્રિબ્યુનલનું એકત્રિકરણ થશે અને પી.ટી.સી અને પ્રિ પી.ટી.સી. કોલેજોને જોડી દેવામાં આવશે તે વાત સાચી છે? અને છેલ્લાં પંદર વર્ષથી કેન્દ્ર સરકારે આ ટ્રિબ્યુનલનું જે બિલ છે તે મંજૂર કરીને પડતર છે તો કયા કારણોસર તેનો અમલ થતો નથી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના મંત્રીશ્રીએ ખાતરી આપી છે તેની મને જાણ નથી. માની લો કે આપી હશે તો હું તેની તપાસ કરાવડાવીશ. (અંતરાય) હા, એટલે હશે તો હું તપાસ કરાવડાવીશ.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, પી.ટી.સી અને પ્રિ પી.ટી.સી.કોલેજોનું વહીવટી નિયંત્રણ શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં નીમાબેનના પ્રશ્નમાં જ કહ્યું છે કે જિલ્લા કક્ષાએ ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર પી.ટી.સી.કોલેજોનું વહીવટી નિયંત્રણ જિલ્લા શિક્ષણાધિકારી અને રાજય કક્ષાએ પ્રાથમિક શિક્ષણ નિયામક કરે છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જોષીયારાજીએ કહ્યું તે રીતે તત્કાલિન શિક્ષણ મંત્રીશ્રીએ છ વર્ષ પહેલાં ઓથેન્ટીક ખાતરી આપેલી કે ટ્રિબ્યુનલ છે માધ્યમિક શિક્ષણ બોર્ડનું તેમાં એકીકરણ કરવામાં આવશે અને એ જ રીતે જો આ પી.ટી.સી.પ્રિ.પી.ટી.સી.ના ટ્રિબ્યુનલને આમાં જોડવામાં આવે તો સરકાર ઉપર આર્થિક કોઇ બોજો પડતો નથી. તો આ ટ્રિબ્યુનલ રચવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ઃ ટ્રિબ્યુનલ રચવા માગતા નથી, એવું બે વાર મેં કહ્યું અને ખાતરીની વાત કરે છે, તેની તપાસ કરાવીશું.

## પાટડી અને લખતર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસો

* ૩૨૬ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી અને લખતર તાલુકામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા અને કેટલા પૂર્ણ થયા,

(૨)આ માટે કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩)બાકી રહેલ આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી અને લખતર તાલુકામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ નીચેની વિગતે આવાસ મંજૂર કરવામાં આવ્યા અને પૂર્ણ કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસો | પૂર્ણ કરેલ આવાસો |
|---|---|---|---|
| ૧ | પાટડી | ૭૩૨ | ૩૮૮ |
| ૨ | લખતર | ૪૨૩ | ૧૨૮ |
| | કુલ : | ૧૧૫૫ | ૫૧૬ |

(૨) આ માટે કુલ રૂ. ૬૦૦.૨૨ લાખનો ખર્ચ થયો.

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શનની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ઇન્દિરા આવાસ યોજના હેઠળ પાટડી અને લખતર તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ મકાનોમાં બાંધકામ કયા સ્ટેજે છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે આ જે આવાસો બને છે તેનું ક્ષેત્રફળ કેટલું હોય છે? અને તેની કોઇ ચોક્કસ પ્રકારની ડીઝાઇન નિયત થયેલી છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પાટડી તાલુકામાં ૧૯૨ મકાનો પ્લીન્થ લેવલ સુધી, ૩૩ મકાનો લીન્ટલ લેવલ સુધી અને ૩૬ મકાનો છત મથાળે છે. લખતર તાલુકામાં આ જ રીતે અનુક્રમે ૧૩૩, ૩૦ અને ૨ મકાનો છે. એમનો બીજો પ્રશ્ન એ છે કે આમાં મકાનોની કોઇ ગાઇડલાઇન છે કે કેમ? તો જયારે લાભાર્થીને આ આવાસ મંજૂર કરવામાં આવે છે ત્યારે તેની એક ગાઇડલાઇન ચોક્કસ છે કે ૨૦ મીટરથી નીચે તે લાભાર્થી બાંધકામ કરી શકશે નહીં પરંતુ ૨૦ મીટરથી ઉપરનું બાંધકામ કરવું હોય તો તે કરી શકે છે.

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું એ જાણવા માગું છું કે ઇન્દિરા આવાસ યોજનામાં લક્ષ્યાંકની ફાળવણી કોણ કરે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આ યોજનામાં ભારત સરકાર તરફથી જિલ્લા વાઇઝ લક્ષ્યાંકની ફાળવણી કરવામાં આવે છે અને જિલ્લામાંથી જે ફાળવણી કરવાની હોય છે તેમાં તાલુકા વાઇઝ જે યાદી હોય તે યાદી મુજબ ફાળવણી કરવામાં આવે છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જાતે મકાન બનાવવાના હોય છે. પોતાની જગ્યા ગામમાં હોય તો તે મકાન બનાવી શકે છે. પરંતુ જેમની પાસે ગામમાં સરકારી જમીન કે ગામતળ નથી તેવા ગામમાં કોઇ વ્યકિતને પોતાનું ખેતર ન હોય, જમીન કે પ્લોટ

ન હોય તેવા લાભાર્થીઓને એક પ્લોટ આપવા માટે જમીન એકવીઝેશન કરવી પડે છે. તો આવી એકવીઝેશન કરવા માટેની કોઇ દરખાસ્ત આવી છે કે કેમ, અને આવી હોય તો તેના નીતિ નિયમો શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર લાભાર્થીને પોતાનો પ્લોટ અવેલેબલ હોય છે તેને જ આ યોજના હેઠળ મંજૂરી આપવામાં આવે છે. જે તે લાભાર્થીને પોતાના પ્લોટ ઉપર બાંધકામ માટેની મંજૂરી આપવામાં આવે છે. પરંતુ જેમની પાસે ન હોય તેમને આવી જમીન ઉપલબ્ધ કરાવવા માટે જમીન સંપાદન કરવાની કે આગળની કાર્યવાહી કરવા માગે છે કે કેમ તે આ પ્રશ્નનો વિષય નથી.

અધ્યક્ષશ્રી : તેમનો પ્રશ્ન એ છે કે જેની પાસે પ્લોટ જ નથી, તેમને એકવીઝીશન કરીને જમીન આપવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પ્રશ્નના જવાબમાં મે કહ્યું છે કે સુવર્ણજયંતિ વર્ષ નિમિત્તે ૦ થી૧૬ ના તમામ લાભાર્થીઓને તેમની પાસે જગ્યા હોય તો તેની ઉપર અને જગ્યા ન હોય તો આપીને પણ આ ટારગેટ પૂરો કરવાનો છે.

અધ્યક્ષશ્રી : તમે જમીન આપવા માગો છો કે નહીં, તમે ઝીરો થી સોળને જમીન આપી દીધી છે?

શ્રી રામસિંહ પ્ર. પરમાર : મારો પ્રશ્ન એ છે કે પોતાની જમીન ગામમાં નથી સીમમાં ખેતર નથી, પ્લોટ મંજૂર થયા છે તો એ પ્લોટ માટે જમીન એકવીઝેશન કરવી પડે તો તે એકવીઝીશન કરવાની દરખાસ્ત આવી છે કે કેમ, અને તેના નીતિ નિયમો શું છે?

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન એ છે કે પ્લોટ આપ્યા નથી, એવા લોકો બાકી રહી ગયા હોય તો જમીન એકવીઝીશન કરીને પ્લોટ આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ એમનું સૂચન છે. માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : અત્યારે એ સિસ્ટમ નથી, આપનું સૂચન છે.

શ્રી છબિલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૦ થી ૧૬ની અંદર જે લાભાર્થીઓ છે એમાં એવા પણ કેટલાક કુટુંબો છે કે જે ૦ થી ૧૬ માં આવી શકે છે, છતાં રહી ગયા છે એમના માટે ફરીથી ગણતરી કરીને લેવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : તાલુકા વાઇઝ જોઇએ તો અત્યારે એક પણ લાભાર્થી બાકી નથી. ૦ થી ૧૬ની અંદર પહેલા પ્રશ્નની અંદર જવાબ આપવામાં આવ્યો હતો. ૦ થી ૧૬નો એક પણ લાભાર્થી બાકી નથી પણ કોઇ લાભાર્થી બાકી હશે અને એની અરજી આવશે તો તાત્કાલિક ૦ થી ૧૬ ની અંદર (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન એ છે કે ૦ થી ૧૬ની અંદર છે એને તો તમે આપી દો છો. પરંતુ કોઇ સંજોગોમાં ૦ થી ૧૬માં લેવાનું રહી ગયેલ છે એવાને ઉમેરીને આપવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય સભ્યશ્રીની લાગણી સાથે અમે સહમત છીએ. ૦ થી ૧૬માં રહી ગયા છે એવું ધ્યાનમાં લાવશે તો તાત્કાલિક આવાસની ફાળવણી કરીશું.

(૧) તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના કયા કયા ગામો ગ્રામ પંચાયતનો દરજ્જો ધરાવતા નથી, અને

એચબી–૬૯૦–૧૯

(૨) તેવા ગામોને ગ્રામ પંચાયત હેઠળ મળતી સુવિધાનો લાભ કયારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૬ (છ)

૧. જુની સેલ્ટીપાડા
૨. પાઘડઘુઆ
૩. જુની કુઇલીવેલ
૪. જુની આમલપાડા
૫. બુધવાડા
૬. સાતકાશી

(૨) જંગલના જે ગામો છે તેને વન વિભાગ તરફથી રસ્તાની સુવિધા પુરી પાડવામાં આવે છે. શિક્ષણ અને આંગણવાડી અને આરોગ્યની સુવિધા પંચાયત વિભાગ તરફથી પુરી પાડવામાં આવે છે. પાણીની સુવિધા પાણી પુરવઠા વિભાગ અને અન્ય યોજનાઓમાંથી કરવામાં આવે છે.

---------

**દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં નવીન રેશનકાર્ડ આપવા બાબત**

૭૯૭ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં માંગણીદારોને નવીન રેશનકાર્ડ આપવામાં આવતા નથી તે હકીકત ખરી છે,

(૨) જો ના, તો ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ ઉપરોક્ત તાલુકાના તાલુકાદીઠ રેશનકાર્ડ આપવાની કેટલી માંગણીઓ પડતર છે, અને

(૩) એ પડતર માંગણી હેઠળની માંગણીદારોને રેશનકાર્ડ કયાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ના જી.

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | રેશનકાર્ડ આપવાની પડતર માંગણી |
|---|---|---|
| ૧ | દાંતીવાડા | ૦૧૪ |
| ૨ | ધાનેરા | ૦૦૩ |
| ૩ | થરાદ | ૧૬૪ |
| ૪ | વાવ | ૦૩૪ |

(૩) અરજી ચકાસણી અને અરજદારોના ફોટા તેમજ બાયોમેટ્રીક મેળવ્યા બાદ બનતી ત્વરાએ.

---------

**ઈ–ગ્રામ અને વિશ્વ ગ્રામ યોજના હેઠળ ગામોને ઈન્ટરનેટ કનેકટીવીટી આપવા બાબત**

૫૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડીસે–૧૨ ની સ્થિતિએ ઈ–ગ્રામ, વિશ્વ ગ્રામ યોજના હેઠળ કેટલા ગામોને ઈન્ટરનેટ કનેકટીવીટી આપવામાં આવી, અને

(૨) તે માટે કેટલા ખર્ચે કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ડીસે–૧૨ ની સ્થિતિએ ઈ–ગ્રામ, વિશ્વ ગ્રામ યોજના હેઠળ ૧૩૬૮૫ ગામોને ઈન્ટરનેટ કનેકટીવીટી આપવામાં આવી.

(૨) આ કામગીરી પેટે વર્ષ–૨૦૦૭–૦૮ થી

વર્ષ–૨૦૧૧–૧૨ સુધીમાં કુલ રૂ.૯૨૦૦.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ રકમ**

૧૧૫૧ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં ફાળવવામાં આવી ?

**જવાબ**

સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં કેન્દ્ર સરકાર દ્વારા નીચેની વિગતેની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(રૂ. લાખમાં)

| યોજના | ૨૦૧૧–૧૨ | | ૨૦૧૨–૧૩(ડિસેમ્બર અંતિત) | |
|---|---|---|---|---|
| | કેન્દ્ર સરકારે ફાળવવાપાત્ર રકમ | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (ઉઘડતી સિલક સહિત) | કેન્દ્ર સરકારે ફાળવવાપાત્ર રકમ | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (ઉઘડતી સિલક સહિત) |
| એસએસએ | ૧૧૫૬૧૮.૦૯ | ૮૮૯૫૮.૫૮ | ૨૧૨૬૨૯.૫૭ | ૮૭૩૬૩.૮૮ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ધોરણ–૮ના વર્ગો શરૂ કરવા બાબત**

૧૦૮૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ના વર્ગો શરૂ કરવામાં આવ્યા,

(૨) કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ના વર્ગો શરૂ કરવાના બાકી છે, અને

(૩) બાકી રહેવાના કારણો શા છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ધોરણ–૮ના શરૂ કરેલ વર્ગોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૧૨૩ |
| ૨ | ભીલોડા | ૧૩૦ |
| ૩ | મેઘરજ | ૮૭ |
| ૪ | વિજયનગર | ૫૨ |
| ૫ | તલોદ | ૮૪ |
| ૬ | ધનસુરા | ૪૫ |
| ૭ | પ્રાંતિજ | ૬૧ |
| ૮ | બાયડ | ૧૦૩ |
| ૯ | માલપુર | ૫૩ |
| ૧૦ | મોડાસા | ૮૮ |
| ૧૧ | વડાલી | ૩૦ |
| ૧૨ | હિંમતનગર | ૧૧૦ |
| ૧૩ | ઈડર | ૮૨ |
| | કુલ | ૧૦૪૮ |

(૨) ૪૦ પ્રાથમિક શાળાઓમાં

(૩) જુન–૨૦૧૨માં બાળકોની સંખ્યા પુરતી ન હોવાના કારણે.

### આણંદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કુટુંબોની સંખ્યા

૧૨૧૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કુટુંબોની સંખ્યા કેટલી છે,

(૨) સદર બી.પી.એલ. યાદી કયા વર્ષમાં મંજૂરી કરવામાં આવેલ હતી,

(૩) નવી બી.પી.એલ. યાદી બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો કઈ પધ્ધતિથી અને કોના દ્વારા મોજણી કરાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કુટુંબોની કુલ સંખ્યા ૧૫૪૫૦૬ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | આણંદ | ૨૫૧૮૭ |
| ૨ | ઉમરેઠ | ૧૬૩૨૩ |
| ૩ | બોરસદ | ૩૭૭૫૬ |
| ૪ | આંકલાવ | ૧૬૫૯૯ |
| ૫ | પેટલાદ | ૨૨૪૯૩ |
| ૬ | સોજીત્રા | ૯૮૧૦ |
| ૭ | ખંભાત | ૧૮૧૪૧ |
| ૮ | તારાપુર | ૮૧૯૭ |
| | કુલ | ૧૫૪૫૦૬ |

(૨) સદર બી.પી.એલ. યાદી અને ૨૦૦૬–૦૭ ના વર્ષમાં (તા. ૨૩–૦૬–૨૦૦૬) મંજુર કરવામાં આવેલ હતી.

(૩) હા.

(૪) સામાજિક, આર્થિક અને જાતિ આધારિત વસ્તી ગણતરીના આધારે, સરકારી/અર્ધ સરકારી કર્મચારીઓ દ્વારા મોજણી હાથ ધરવામાં આવેલ છે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ રોજગારી પૂરી પાડવા બાબત

૭૫૮ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૨) તે પાછળ કુલ કેટલું ચૂકવણું કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં નીચેની વિગતે રોજગારી પૂરી પાડવામાં આવી,

| વર્ષ | રોજગારી પૂરી પાડેલ કુટુંબોની વિગત |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ | ૭૬,૯૬૩ |
| ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ | ૮૧,૪૩૭ |

(૨) તે પાછળ નીચે મુજબ ચૂકવણું કરવામાં આવ્યું.

| વર્ષ | ચૂકવણાની વિગત (રૂ.લાખમાં) |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ | ૩૨૨૪.૪૦ |
| ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ | ૪૪૫૧.૨૩ |

# અધ્યક્ષશ્રીની જાહેરાત

સમિતિઓમાં સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ, હું એક જાહેરાત કરું છું કે, અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

| | | |
|---|---|---|
| (૧) | નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | બુધવાર તા.૬-૩-૨૦૧૩ સાંજના ૭ વાગ્યા સુધી. |
| (૨) | નામ નિર્દેશન પત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | ગુરૂવાર તા.૭-૩-૨૦૧૩ સાંજના ૫.૩૦ વાગ્યે ઉ.સ.શ્રી જે.યુ.પરમારની ચેમ્બરમાં |
| (૩) | નામ નિર્દેશન પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ અને સમય | મંગળવાર, તા.૧૯-૩-૨૦૧૩ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી |
| (૪) | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલાં માળે આવેલી સમિતિ શાખા -૧ માંથી મળી શકશે.

સભ્યશ્રીઓના રાજીનામા બાબત

અધ્યક્ષશ્રી : વિધાનસભાના નિયમોના નિયમ-૨૬૯(૨) અન્વયે મારે એક જાહેરાત કરવાની છે.

ગુજરાત વિધાનસભાના ૭૫-ધોરાજી મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા સભ્યશ્રી વિઠ્ઠલભાઇ એચ.રાદડિયા તથા ૭૪-જેતપુર મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી જયેશ વી. રાદડિયાએ તા.૨૫-૨-૨૦૧૩ના રોજ અધ્યક્ષશ્રીને સંબોધીને સ્વહસ્તે કરેલા લખાણથી પોતાની બેઠક ઉપરથી રાજીનામા આપેલ છે, જેનો મેં તા.૨૫-૨-૨૦૧૩ના રોજ બપોર પછીની અસરથી સ્વીકાર કર્યો છે.

મંત્રીશ્રીની નિવેદન ઉપરની સ્પષ્ટતા

શ્રી સૌરભભાઇ પટેલ ( રાજય કક્ષાના આયોજન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપે મંજૂરી આપી એ બદલ આભાર. ગઇ કાલે મારા નિવેદન-૪૪ ઉપર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જણાવેલ કે, ‘‘મારી માહિતી પ્રમાણે તમારા આર્થિક સરવેમાં ૩૭ ટકાનો ઉલ્લેખ છે. ત્યારે ૩૨ ટકા સુધીની એક્સરસાઇઝનો કોઇ મતલબ નથી. અભ્યાસ કરીને મને જાણ કરશો તો આનંદ થશે.’’

માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને જણાવવું છે કે, આ Socio-Economic Review - 2012-13 - Industries and Mining -Chapter IV -માં સ્પષ્ટપણે લખ્યું છે કે, "Manufacturing sector in Gujarat contributes upto 2.6%of GSDP in Gujarat." એટલે જે મેં વિષયની વાત કરી છે એ નિયમ -૪૪માં રાઉન્ડ અપ કરીને ૨૭ ટકા કર્યા હતા. ગઇકાલના નિયમ-૪૪ના નિવેદનમાં જીડીપી વિશે વાત કરી હતી એ સાચું છે.

## સરકારી વિધેયકો

સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક.૧

# ગુજરાત ટૂંકી સજ્ઞા (સુધારા) સુધારતું વિધેયક,૨૦૧૩

**ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) અધિનિયમ, ૨૦૧૧ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કાયદા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૧- સન ૨૦૧૩નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) સુધારતાં વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૧- સન ૨૦૧૩નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) સુધારતાં વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછી ગુજરાત અને મહારાષ્ટ્ર બન્ને સાથે હતા ત્યારથી ૨૦૧૧ સુધી આપણા બધા જ કાયદાઓની આગળ મુંબઇ શબ્દનો પ્રયોગ થતો હતો. ૨૦૧૧માં લગભગ ૬૭-૬૮ જેટલા કાયદાઓમાં આ મુંબઇની જગ્યાએ ગુજરાત એવા શબ્દનો ઉપયોગ શરૂ થયો છે. આ સંજોગોમાં મુંબઇ નામાભિધાન ધરાવતો મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ અમલમાં રહે છે. આ કાયદો મુંબઇ નામનો કાયદો હોઇ રાજય સરકારની નીતિ અનુસાર સદરહુ મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ના સબ ટાઇટલમાં મુંબઇ પ્રિફીકસ સ્થાને ગુજરાત પ્રિફીકસ કરવું જરૂરી છે. આ હેતુ માટે રાજય સરકાર દ્વારા ૨૦૧૧માં ગુજરાત રાજયમાં મુંબઇ નામાભિધાન ધરાવતા કેટલાક અધિનિયમોનું પ્રિફીકસ અને આ નિર્ણય સ્વર્ણિમ જયંતિ જયારે ઉજવી એ વખતે લીધેલા. આ માટે ૨૦૧૧માં આ જ વિધાનસભામાં આ બિલ પસાર કરવામાં આવ્યું હતું. ગુજરાતના કાયદા ગુજરાતના જ નામથી ઓળખાય એવો આ રાજય સરકારનો, ભા.જ.પ. સરકારનો આગ્રહ રહ્યો છે. અત્યાર સુધી ૬૭ કાયદામાં આ રીતે નામ બદલ્યા છે, આજે હું આ વિધાનસભા ગૃહમાં ચર્ચા માટે રજૂ કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, એની અંદર ખાસ કરીને આમ તો મુંબઇના બદલામાં ગુજરાત, બે જે ભાષા છે, બે ભાષામાં એક ભાષા થાય. ભૂતકાળમાં આવા ૭૪ બિલોમાંથી ૬૭ બિલો આવ્યા છે, અને હમણા જ માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું કે ભા.જ.પ.ની સરકારમાં, પણ મને ખ્યાલ છે, કે ભૂતકાળમાં પણ કોંગ્રેસે જયારે ગુજરાત થાય ત્યારે હંમેશા ટેકો આપ્યો છે અને એને આવકાર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયારે બિલ લાવે ત્યારે ભૂતકાળમાં હમણા જ હું વાંચતો હતો, ત્યારે આ બિલની અંદર દિલીપભાઇ સંઘાણી સાહેબે જે રીતનો જવાબ આપ્યો હતો અને હાલમાં મુંબઇ કરવા બાબતમાં ત્યારે મહારાષ્ટ્ર સરકારશ્રીની વાત કરી હતી, અને ત્યાંના સાધુસંતો માટેની જે વાત કરી હતી કે ત્યાં આગળ એમના લોકો, સાધુસંતોને સરકારે બિરદાવવા જોઇએ, એ બિલનો જયારે વિરોધ થયો ત્યારે બિરદાવ્યા નહોતા અને અમારા મંત્રીશ્રીઓએ એટલે એ વખત માનનીય પ્રદિપસિંહજી અને માનનીય દિલીપભાઇએ અઢીસો જેટલા સાધુઓને ભેગા કરીને જે વાત કરી હતી ટ્રસ્ટમાં આપવાની અને એના માટે ઘણી મોટી ચર્ચાઓ થઇ હતી, કદાચ આવું બોમ્બે સાથે સાથે બિલનું થતું

* વિધેયક તા.૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

હોય ત્યારે અનેક પ્રકારના જો આવા સારા સારા સુધારા લઇને આવે તો અમને આનંદ થાય કે એમાં જે જે રજૂઆતો થઇ હતી, એમાં કંઇક આવા સારા સુધારા લાવ્યા હોત તો સારું હતું. આમ તો બિલની અંદર માત્ર આટલું જ છે. માનનીય મંત્રીશ્રી જે લઇને આવ્યા છે, એમાં આવા કંઇક સારા સુધારા લઇને આવે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આમાં તો ખાલી નામ જ છે, બોલવું છે જશાભાઇ? આ બિલ વિશે કંઇ નહીં બોલાય, બોમ્બેને બદલે ગુજરાત એટલું જ લખ્યું છે. આમાં બલવંતસિંહને બદલે બલભદ્રસિંહ નામફેર કર્યો. બાકી માણસ એના એ જ છે. આમાં બીજું કંઇ નથી.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ સુધારા કરી, મુંબઇ રાજયના ૧૯૫૦ મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટને બદલે ગુજરાતનો સમાવેશની વાત છે. ઘણા બધા સુધારા જરૂરી છે. અને જે સુધારા ૬૭ તમે કહ્યા એમ હજી પણ ઘણા બધા છે. મારી જાણ મુજબ ૩૦ હજાર કાયદા એવા છે કે નામદાર ન્યાયાધીશ પણ સુધારા ઇચ્છે છે. જે આઇ.પી.સી. જમીન મહેસૂલ ધારો અને કાયદાઓ અંગ્રેજના વખતથી ચાલ્યા આવે છે તેને સમય અનુસાર પરિસ્થિતિ પ્રમાણે સુધારો જરૂરી છે. સાથોસાથ જે ટ્રસ્ટના સુધારા સાથે ટ્રસ્ટની વહીવટી પાંખને સરકારમાં પૈસા જે ભરવાના થતા હોય એના ઉપર સીધી દેખરેખ રાખે એ માટે જે સુધારો આમાં તો માત્ર ગુજરાતનો છે તે આવકાર્ય જ છે, આ મારી વાત મેં અત્રે રજૂ કરી.

**શ્રી કેશુભાઇ સ. પટેલ(વિસાવદર) :** માનનીય અધ્યક્ષશ્રી, આમ, તો નામનો જ સુધારો છે અને આવશ્યક પણ છે. પરંતુ જે રીતે પ્રોસિજર થવી જોઇએ, હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતો નથી પરંતુ સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, ૧૯૭૦ સુધી કયા કયા બિલો સરકાર લાવવા માગે છે એનો કોઇ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ ન થયો, કરવામાં આવતો ન હતો, પરંતુ ૧૯૭૦ પછી આ સુધારો આવ્યો કે નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદર કેટલા કેટલા બિલો સરકાર લાવવા માગે છે એ એની અંદર જણાવવા. એ અંગેની જે ચર્ચાઓ થઇ, ડિબેટ થઇ અને છેવટે રૂલિંગ આવ્યું એ તરફ આપનું અને આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. ૧૯૭૦માં એક સભ્યે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં, ભવિષ્યમાં તેમ કરવામાં આવશે એવી સરકારે બાંયધરી આપી હતી કે મૂકશે. બાંયધરી આપી હતી કે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં કયા કયા બિલો લાવવા માગે છે એ સૂચવશે અને ત્યારથી હવે સંબોધનમાં સરકાર સત્રમાં કયા કયા વિધેયકો લાવવા માગે છે એનો ઉલ્લેખ કરવામાં આવે છે. ભૂતકાળમાં આ સરકારે પણ કર્યું છે, આવો ઉલ્લેખ કર્યો છે. ત્યાર પછી મહત્વનો મુદ્દો છે કે રાજ્યપાલના સંબોધનમાં સરકાર વર્ષ દરમિયાન વિધેયકો અંગેનું બીજું મહત્વનું કામકાજ ગૃહ સમક્ષ લાવવા માગતી હોય તે બધું ચોક્સાઇપૂર્વક દર્શાવવું જોઇએ. જે વિધેયકો રાજ્યપાલશ્રીના સંબોધનમાં દર્શાવવામાં આવ્યા ન હોય તે કામકાજ સલાહકાર સમિતિની ભલામણ ઉપરથી ગૃહે આપેલ ખાસ સંમતિ સિવાય ગૃહ સમક્ષ લાવવા દેવા જોઇએ નહીં. મને ખબર છે કે એ ગૃહની સંમતિ માટે આવ્યું હતું. પણ એની અંદર એ ઉલ્લેખ નથી. ખાસ સંમતિ લેવાની છે અને આ જે ખાસ સંમતિ છે એનું મહત્વ છે. એક પ્રોસિજર બરાબર સરખી ચાલે. એની આગળ વાત ચાલે છે, તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૮૬ના રોજ જે વિધેયકનો ઉલ્લેખ રાજ્યપાલના સંબોધનમાં કરવામાં આવ્યો ન હતો તે વિધેયક ગૃહમાં દાખલ કરવાની અનુમતિ માગતા પ્રસ્તાવ સામે ગુજરાત વિધાનસભામાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યો હતો અને અધ્યક્ષે પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો હતો, પરંતુ સાથોસાથ અવલોકન કર્યું હતું કે ભવિષ્યમાં આવું વિધેયક સીધેસીધું ગૃહમાં લાવવાના બદલે કામકાજ સલાહકાર સમિતિ સમક્ષ લાવવાની સરકારે કાળજી રાખવી જોઇએ. આ કાળજી રાખી આ ગૃહ સમક્ષ કહેવું જોઇતું હતું કે કયા સંજોગોમાં રહી ગયું છે, અમે ખાસ તરીકે લાવ્યા છીએ તો આ ગૃહ ના પાડવાનું ન હતું. એક પ્રોસિજરલ વસ્તુ છે એ તરફ આપનું ધ્યાન દોર્યું છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય કેશુભાઇએ ધ્યાન દોર્યું છે એમાં સ્પષ્ટ વાત છે કે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં જે વસ્તુનો ઉલ્લેખ ન કર્યો હોય એ કામકાજ સલાહકાર સમિતિમાં લઇ શકાય છે અને કામકાજ સલાહકાર સમિતિનો જે પ્રસ્તાવ છે એ અહીંયા હાઉસમાં મંજૂર કરેલો છે એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર જેવું રહેતું નથી. પણ માનનીય કેશુભાઇએ જે ધ્યાન દોર્યું છે કે ગવર્નરના પ્રવચનમાં હોવું જોઇએ. એમાં રહી જાય તો કામકાજ

સલાહકાર સમિતિ ખાસ કારણોસર નિર્ણય કરે પછી જ એને મંજૂરી આપે છે. હાઉસે પણ આ બિલ લેવું એવી મંજૂરી આપેલ છે એટલે એમણે ધ્યાન દોર્યું છે એ ભવિષ્યના માટે છે. અત્યારે કોઇ પ્રશ્ન રહેતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક ૧ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

કલમ–૨ અનુસૂચિ કલમ–૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક ૧ નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક ૧ નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨.**

# ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક, ૨૦૧૩

**ગુજરાત રાજ્યમાં સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.**

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( સિંચાઇમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૩ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૨ સન ૨૦૧૩ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી બાબુભાઇ બોખીરીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાક–૨ સન ૨૦૧૩ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બાબુભાઇ બોખીરીયા :** માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુંબઇ ઇલાકાના નહેર બાંધવા, એને નિભાવવા, તેનું નિયમન કરવા, તેમાંથી પાણી આપવા, પિયાઉં લેવાની જોગવાઇ કરવી વગેરે જરૂરિયાતને ધ્યાનમાં લઇને જે તે સમયે મુંબઇ સિંચાઇ અધિનિયમ, ૧૮૭૯ની રચના કરવામાં આવેલી. ત્યારબાદ તે કાયદામાં વખતોવખત સુધારા કરવામાં આવ્યાં. સને ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થતા મુંબઇ સિંચાઇ અધિનિયમ ૧૮૭૯ ગુજરાત રાજ્યમાં પણ અમલમાં રહેલ છે. ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થતાં જે કાયદાઓ કે જેનું શીર્ષક મુંબઇ હોય તેને બદલે સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં ગુજરાતમાં શીર્ષક હેઠળ ગુજરાતના અલગ અધિનિયમના રૂપમાં અમલી બનાવવાનું નક્કી થયેલ તેમજ જૂના કાયદાના સ્થાને ગુજરાતના નામે રાજ્યના અલગ કાયદા તરીકે પરિવર્તિત કરવા અને તેમ કરતી વેળા તેની જોગવાઇઓનો રીવ્યુ કરીને બિનજરૂરી જોગવાઇઓ રદ કરવા તેમજ સિંચાઇની બાબતોને લગતી ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં લઇને સિંચાઇ, સિંચાઇની પ્રવૃત્તિને વેગ મળે તેમજ સહભાગી સિંચાઇ વ્યવસ્થા અંગેના ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૭ની જોગવાઇઓ પરસ્પર અનુરૂપ રહે તેવી યોગ્ય જોગવાઇઓ આમેજ કરવા ઉપર ભાર મૂકવામાં આવેલો. આથી આ સંદર્ભે તાત્કાલિક મુંબઇ સિંચાઇ અધિનિયમ ૧૮૭૯ ને હાલમાં ગુજરાતમાં ગુજરાત સિંચાઇ અધિનિયમ, ૧૮૭૯ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાત સિંચાઇ અધિનિયમ, ૧૮૭૯ના સ્થાને આનુષાંગિક ફેરફાર કરીને ગુજરાત રાજ્યનો અલગ

* વિધેયક તા.૧૮-૨-૨૦૧૩ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અધિનિયમ ગુજરાત સિંચાઇ અને પાણી વ્યવસ્થા અને નિકાલ અધિનિયમ તૈયાર કરવામાં આવેલો છે. આ વિધેયકને મંજૂરીના અંતે અને આનુષાંગિક કાર્યવાહીના અંતે વિધિસરના કાયદાનું સ્વરૂપ આપવામાં આવે ત્યારથી આ અધિનિયમ ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ-૨૦૧૩ તરીકે ઓળખાશે. ગુજરાત સરકારની સંસ્થાઓ અને ગુજરાત સરકારની ગ્રાન્ટ મેળવતી રાજયની સંસ્થાઓને આ સુધારા અધિનિયમની જોગવાઇઓ લાગુ પડશે. આ વિધેયકની ધ્યાનાકર્ષક બાબતો તેમજ સૂચવવામાં આવેલા અગત્યના સુધારા તરફ હું આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું. રાજયમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા થકી ખેડૂતો નહેરોના સંચાલનમાં અને વહીવટમાં ભાગીદાર બને તે માટે રાજય સરકારે પહેલ કરીને વર્ષ ૨૦૦૭માં ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૭ આ સભાગૃહ સમક્ષ રજૂ કરેલ હતો. તેને તે જ વર્ષે આ સભાગૃહે મંજૂરી આપતાં ઉપરોકત અધિનિયમ અમલી બનેલ છે. આમ છતાં, સિંચાઇ વપરાશકારોના મંડળોને કાયદાકીય સમર્થન મળેલ છે. આ સંજોગોમાં હયાત ગુજરાત સિંચાઇ અધિનિયમ-૧૮૭૯ની જોગવાઇઓમાં આનુષાંગિક ફેરફાર કરવાની જરૂર જણાતાં જે અન્વયે નહેર અધિકારી તરીકે સિંચાઇ વપરાશકાર મંડળીના હોદ્દેદારોની નિમણૂંકથી લઇને નહેરના સક્ષમ અધિકારીની મંજૂરીથી લઇને કરવાની જોગવાઇ સૂચવવામાં આવી છે તેમજ સિંચાઇનું પાણી લેવા માટે જે આવા મંડળો અસ્તિત્વમાં હોય, તેના ક્ષેત્રાધિકારમાં આવતા લાભાર્થી ખેડૂતોએ પાણી લેવા માટે વ્યકિતગત અરજી કરવાની રહેશે નહીં તેવી જોગવાઇ સૂચવવામાં આવેલી છે. રાજય સરકારે લાભાર્થી ખેડૂતોના હિતમાં ગુજરાત સિંચાઇ અધિનિયમની કેટલીક કલમોમાં સુધારા કરેલા છે. જે હું હવે આપને જણાવું છું.

અગાઉ નહેર સુધારણા માટે ખેડૂતો પાસેથી ચાર્જ વસૂલવાની જોગવાઇ હતી, પરંતુ રાજય સરકાર તમામ જૂની થઇ ગયેલી સિંચાઇ નહેરોને પોતાના ખર્ચે સુધારણા કરીને છેવાડાના ખેડૂત સુધી પાણી પહોંચાડવા માગે છે આથી આ ચાર્જને લગતી જોગવાઇની તમામ કલમો, કલમ- ૪૯ થી ૫૬ રદ કરવાનું સૂચવેલ છે.

અગાઉ અધિનિયમમાં ખેડૂત દ્વારા ખેતરની નીક બાંધવા માટેની કલમ-૧૫(ક)માં જે જોગવાઇ હતી તેમાં પણ ફેરફાર સૂચિત કરેલ છે કેમ કે, સરકાર જરૂર પડે આવી તમામ નીકો પોતાના ખર્ચે બાંધીને તેની મરામત પણ કરવા માગે છે જેથી ખેડૂતો પર કોઇ વધારાનો બોજ ના પડે અને નહેરોના સંચાલનમાં સરળતા રહે. આ સૂચિત જોગવાઇ થતાં અગાઉના અધિનિયમમાં આ બાબતને લગતી કલમ ૧૬ થી ૨૬ હવે અપ્રસ્તુત રહેતાં આ વિધેયકમાં તે પણ રદ કરવામાં આવે છે.

અગાઉ જણાવ્યું તેમ છેવાડાના ખેડૂતને કોઇ પણ જાતની મુશ્કેલી વગર સિંચાઇનું પાણી મળી રહે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે અને તેથી કોઇ વ્યકિત મનસ્વી રીતે નહેરના પાણીને અવરોધે કે નહેરને નુકસાન કરે કે, નહેરનું કોઇ પાણી બારું ઉઘાડ-બંધ કરે વગેરે જેવી કોઇ કાર્યવાહી કરે કે જેનાથી લાભાર્થી ખેડૂતને પાણી ન મળવાના કારણે કે ઓછું મળવાના કારણે નુકસાન વેઠવું પડે તેવું આ સરકાર ચલાવી લેવાના મતમાં નથી અને તેથી અધિનિયમની કલમ-૬૧ અને ૬૨ અન્વયે ગુનામાં જે શિક્ષા સૂચવી હતી તેમાં વધારો સૂચવેલ છે. એટલે કે, પાણીના અવરોધ બદલ કે જથ્થામાં વધારા ઘટાડા બદલ જવાબદાર વ્યકિત સામે અગાઉ વધુમાં વધુ રૂપિયા પચાસ સુધીનો દંડ અથવા વધુમાં વધુ એક મહિનાની કેદની સજા અથવા બંન્ને સજાની જોગવાઇ હતી તે વધારીને હવે પાંચ હજાર સુધીનો દંડ અને વધુમાં વધુ ત્રણ મહિના સુધીની કેદ અથવા બંન્નેની સજાની જોગવાઇ સૂચિત કરે છે. એજ રીતે નહેરની મજબૂતી જોખમવા બદલ જવાબદાર વ્યકિત સામે રૂપિયા બસો અથવા છ માસ સુધીની સજા અથવા બંન્નેની જોગવાઇ હતી તે વધારીને હવે દસ હજાર સુધીનો દંડ અથવા છ મહિના સુધીની કેદ અથવા બંન્ને જોગવાઇઓ સૂચિત કરેલ છે.

અગાઉના અધિનિયમમાં ૪૫ મીટર કરતાં વધુ ઉંડાણવાળા ટ્યુબવેલ કે બોરવેલ બાંધવાની તેવી જોગવાઇ હતી. આપ સૌન સુવિદિત છે કે, ગત વર્ષે આ સભાગૃહમાં જાહેર કર્યા પ્રમાણે ડાર્ક ઝોન વિસ્તારમાં લાગુ પડેલા ભૂગર્ભ જળ ખેંચાણના નિયંત્રણો ઉઠાવી લીધેલા અને તેથી અધિનિયમની જોગવાઇઓમાં પણ આનુષાંગિક ફેરફાર કરવો જરૂરી બનેલ છે. આ સંજોગોમાં રાજય સરકાર દ્વારા નિર્ણીત કરવામાં આવેલ તે કરતાં વધુ ઉંડાઇ ધરાવતા ટ્યુબવેલ કે બોરવેલ ન બાંધવા અંગેની જોગવાઇ સૂચિત છે. આ સૂચિત

જોગવાઇને અનુલક્ષીને અગાઉ અધિનિયમની કલમ–૫૦ થી ૫૫માં ઉપરોકત સુધારો આમેજ કરવામાં આવે છે. ટ્યુબવેલના બાંધકામ અને જાળવણી સંબંધમાં કરેલ નિયમનો તથા લાયસન્સમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોના ઉલ્લંઘન અંગે દોષિત ઠર્યેથી જૂની કલમ–૧૦૦માં અગાઉ જે રૂપિયા ૫૦૦ સુધીનો દંડ અથવા છ મહિના સુધીની કેદની સજાની જોગવાઇ હતી તે સુધારીને નવી કલમ –૫૭ હેઠળ રૂપિયા દસ હજાર સુધીનો દંડ અથવા છ માસ સુધીની કેદની જોગવાઇ સુચવેલ છે.

અગાઉ મેં જણાવ્યું તેમ અંગ્રેજોના વખતમાં બનેલ મુંબઇ અધિનિયમ વર્ષ ૧૮૭૯ની સાલમાં અમલમાં આવેલ હતો. તેને આજે ૧૩૪ વર્ષ થયા છે. તેથી સમયની સાથે ઘણા ફેરફારો થયેલ હોવાના કારણે તેની કેટલીક કલમો અપ્રસ્તુત બનતાં તે જોગવાઇઓ રદ કરી કાયદો સરળ બનાવવાનું સૂચન છે. જે અન્વયે કલમ–૭૨ થી ૯૦ કે જે બીજા વર્ગના સિંચાઇના કામોને લગતી છે તે રદ કરવાનું સૂચન છે. કેમ કે હાલની કાર્યપ્રણાલિ અનુસાર સિંચાઇના કામોનું કોઇ વર્ગ પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવતું નથી. આથી તમામ સિંચાઇના કામોને અધિનિયમની તમામ જોગવાઇઓ એકસરખી લાગુ પડે છે. આ જ પ્રમાણે નગરપાલિકા હસ્તકના કામ, જળાશયો વગેરેને આ અધિનિયમની જોગવાઇઓમાંથી બાકાત રાખવામાં આવેલા હતા તે કલમ–૭૧ હવે અપ્રસ્તુત બનતા તે પણ રદ કરવાનું સૂચિત છે. પંચાયત હસ્તકના સિંચાઇ કામો પણ અગાઉ જણાવ્યું તેમ કોઇ અલગ વર્ગીકરણ ન રહેતા અલગ જોગવાઇઓ રાખવાનું અપ્રસ્તુત બનેલ છે તેથી અગાઉની અધિનિયમની કલમ–૯૧ પણ રદ કરવાનું સૂચવેલ છે. તાકીદના પ્રસંગે નહેરની મરામત માટે હવે આવા કામો યંત્રસામગ્રીથી થતા હોવાને લીધે તેમજ ઘણા ઝડપથી પૂર્ણ કરવાના હોવાથી મજૂરો મેળવવાની કલમ–૫૮ થી ૬૦ અપ્રસ્તુત બનતા તેને પણ રદ કરવાનું સૂચિત છે. આ ઉપરાંત અધિનિયમની જોગવાઇનું અમલીકરણ વહીવટી દ્રષ્ટિએ સરળ બનાવવા માટે કેટલાક સુધારા સૂચિત છે, જેમાં અધિકારીની વ્યાખ્યા સ્પષ્ટ કરી ઓવરસીયર અથવા તો અધિક મદદનીશ ઇજનેરથી નીચેના હોદ્દાના અધિકારીઓની નિમણૂક નહેર અધિકારી તરીકે ન કરવી તેવી જોગવાઇ સૂચવેલ છે. આ ઉપરાંત ખેડૂતોના પાકની નુકસાનીના વળતરમાં મંજૂરી આપવાના અધિનિયમની કલમ–૩૨ થી ૩૬માં જરૂરી સત્તાઓ કલેકટરને સોંપવામાં આવેલી હતી. જેના કારણે નવી જોગવાઇઓમાં અપીલ ઓથોરીટીને આ સત્તાઓ સોંપવાની સૂચિત છે. અપીલ ઓથોરીટી તરીકે વિભાગના વર્ગ–૧ કક્ષાના અધિકારી કામ કરે તેવું સૂચિત છે. હવે મેટ્રીક પદ્ધતિનો અમલ થતો હોવાથી અધિનિયમની કલમ–૩૪ અને ૩૫માં નહેરથી ૨૦૦ વારના અંતરે અંતઃસ્ત્રવણ અને ચુંવાળના કારણે નીકળતા પાણીના ઉપયોગ માટે પીચાઉ લેવાની જોગવાઇ હતી તેમાં વારના સ્થાને મીટર સૂચિત કરેલું છે. આ ઉપરાંત છેલ્લી ત્રણ કલમો ઉમેરીને આ અધિનિયમો અંતર્ગત નિયમો કરવાની સત્તા અધિનિયમની જોગવાઇના અમલીકરણ દરમિયાન કોઇ મુશ્કેલી ઉભી થાય તો તે નિવારવા માટેની સત્તા અને નવો કાયદો અમલમાં આવતા પ્રવર્તમાન ગુજરાત સિંચાઇ અધિનિયમ ૧૮૭૯ને રદ કરવા અંગેની જોગવાઇ કાયદાકીય તથા વહીવટી જરૂરિયાતોને ધ્યાનમાં લઇને ઉમેરવાનું સૂચન છે. આમ, એકંદરે જોતાં ગુજરાત સિંચાઇ અધિનિયમ–૧૮૭૯માં કુલ ૧૦૧ કલમો હતી, તેમાં મેં જણાવ્યું તેમ ફેરફારો થતાં હવે ૬૧ કલમો નવા પ્રસ્તુત વિધેયકમાં સુધારો કરી સૂચવવામાં આવે છે. આથી ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક–૨૦૧૩ હું હવે આ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વિધેયક–૨૦૧૩ લઇને આવ્યા છે એમાં ૬૦ કલમો છે. એમાં ૨૯ કલમોમાં હું મારા સુધારા રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રી જે આ બિલ લઇને આવ્યા છે પહેલી વાર કદાચ ગુજરાતની અંદર પાણી લેવા માટે ઉદ્યોગોને લાયસન્સ નહીં, પણ હવે ખેડૂતોને લાયસન્સ લેવું પડશે. પહેલી વાર પાણી માટે આ ગુજરાતનો ખેડૂત જયારે આત્મહત્યા કરી રહ્યો છે તેવા સંજોગોમાં આ વખતે પહેલી વાર જેલમાં જશે. આજની સ્થિતિ જુઓ કે હમણા જ માનનીય મંત્રીશ્રી બોલ્યા કે ત્રણ મહિનાની જેલ થાય, દસ હજાર રૂપિયા દંડ થાય. આજે વાસ્તવિકતા આ બિલની અંદર કલમોવાળા જે સુધારા એની મહત્વતા એ છે કે મારા એરિયાની અંદર દાંતીવાડા બંધ આવેલો છે. એના માટે નહેર વિશે મને બિલકુલ જયારે જાણકારી છે કે એક મંડળી બને અને મંડળીની અંદર આજની જે વ્યવસ્થા હતી અને સરકારે એનામાં શું ફેરફાર કર્યા છે એ બહુ

સમજવાની જરૂર છે. એક મંડળીની અંદર જે મોટા ખેડૂતો હોય એ જ મંડળીની અંદર રહી શકે અને એ મોટા ખેડૂતોથી જ મંડળીની વ્યવસ્થા થાય અને એની અંદર જે સ્થિતિમાં આ મંડળી જે વ્યવસ્થા કરતી અને એના અધિકારીઓ જયારે ૧૮૦૦ રૂપિયા ભરે. પાણી પત્રકમાં હમણા એમ કીધું કે ખેડૂતને પહેલેથી આપવાનું હોય. પાંચ પાંચ પાણી લેવાનું જયારે નકકી કર્યું હોય અને છતાંય બંધની અંદર પાણી ઓછું થઇ જાય, પાણી માત્ર ત્રણ જ ફેર આપવામાં આવે અને ખેડૂતોનો આખોને આખો પાક નિષ્ફળ જાય એવી સ્થિતિ આજની તારીખમાં હતી. મને કદાચ છે ને આનંદ થયો કે એક દોઢ વર્ષ પહેલા મંત્રીશ્રી આ જ વિભાગમાં બિલ લઇને આવ્યા હતા. માનનીય મંત્રીશ્રીને થયું કે મોટો સુધારો કરું. આનંદ હોત કે કયાંક સુધારો લાવશે, જેના કારણે ખેડૂતોને ફાયદો થશે. ખડૂત વર્ગનું કામ સરળ થશે. લોકોને સુવિધાથી પાણી મળશે. આજે જે લઇને આવ્યા છે એનાથી તમામ સત્તાઓ જે પ્રાપ્ત થવાની છે. બધી જ અધિકારીશ્રીઓને થવાની છે. આજે ગુજરાતમાં સ્થિતિ જોઇ રહેલ છું તે સ્થિતિમાં દરેક ક્ષેત્રે અધિકારીશ્રીઓનું કેવું રાજ ચાલે છે. કેવી પરિસ્થિતિનું નિર્માણ ચાલે છે, મંડળીમાંથી ધીમે ધીમે સત્તા પૂર્ણ થવા જઇ રહી છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને કહેવું છે કે આજે ગુજરાતની અંદર સ્થિતિ છે. માનનીય મંત્રીશ્રી જે અમારા દલિત સમાજના ભાઇઓની જમીન છે. જે ખેડૂત છે એ ૧ લાખ ૬૧ હજાર ખેડૂતોની ટકાવારી માત્ર ૩.૭૫ ટકા, આદિવાસી સમાજના ભાઇઓ ખેડૂતો છે તેઓ ૪.૮૮ છે, એટલે ૧૦.૫૦ ટકા છે. બાકીના ૮૫ ટકા લોકો છે. અત્યાર સુધી મારા મત વિસ્તારના પાટણની ૧૭૨ સહકારી મંડળીઓ છે. એમાં તમને કયાંય એવી જગ્યા નહિ મળે કે કોઇ બક્ષીપંચના ભાઇ હોય, બીજા હોય તો માનનીય મંત્રીશ્રી કદાચ એવું લઇને આવ્યા હોત કે આ મંડળીઓ બને છે, તેની અંદર નાના ખેડૂતો મંડળી બન્યા પછીની વ્યવસ્થા છે, પાણી આપવાની વ્યવસ્થા છે, એની અંદર કેટલા લોકોને કેટલો બધો અન્યાય થતો હોય છે. નાના ખેડૂતો હોય, મોટા મોટા ભેગા થયા હોય અને એમણે ૧૧ જણાની કારોબારી બનાવી દીધા પછીની સ્થિતિ થાય છે. એના કારણે નાના ખેડૂતોને જબરજસ્ત અન્યાય થતો હોય છે, જે લોકોને ૨૫-૫૦ એકરના ફાર્મ છે અને નહેર ત્યાં આગળથી જતી હોય ત્યાં પાણીની વ્યવસ્થા છે. એ વ્યવસ્થા એમાં આવી જતી હોય છે. જેનું છેવાડે ખેતર છે, એની અંદર જરાય પાણી ન જાય તેવી સ્થિતિ મેં રૂબરૂ જોઇ છે. મારો જાત અનુભવ ચૂંટાયા પછીનો છે. સૌથી વધુ વિસ્તારમાં ફોન આવતા હોય તો તે સિંચાઇ વિભાગના મારા બાજુના ખેડૂતોના ફોન આવે છે. એમની સમસ્યા એ છે કે દાંતીવાડા બંધમાં ૮,૦૦૦ હેક્ટરની જમીનમાં પાણી પૂરું પાડવાની વ્યવસ્થાની વાત કરી છે. જયારે ઓછું થઇ જાય છે, ત્યારે રાજકીય રીતે એનો ઉપયોગ થવા માંડે છે. અમારા વિસ્તારમાં એક એક એગ્રીમેન્ટ કરેલા હોય છે. અમે દોઢસો મિલિયન પાણી આપવાના છીએ. ૧૨૦ મિલિયન પાણી આપવાના છીએ, પણ ત્યાં આગળ ૮૦ થી ૮૫ મિલિયન પાણી આપવામાં આવતું હોય છે. બાકીના ડેમમાં પાણી ઓછું હોય, પાણી વધારે પડતું આપવાની વ્યવસ્થા કરવાના છો. માટે બિલ લઇને આવ્યા છે. આ સ્થિતિમાં જે અસરો થવાની છે, જે અસરોના કારણે ખેડૂતોને કેટલું મોટું નુકસાન થવાનું છે. આજે ખેડૂતોને લાયસન્સ લેવું પડશે. એની સાથે સાથે સિંચાઇ વિભાગની અંદર નાનામાં નાની વસ્તુ માટે અધિકારીશ્રીને પૈસા આપવા પડે છે. અધિકારીશ્રીઓને નહેર માટેની વ્યવસ્થા કરવાની હોય છે એ નહેરોના રિપેરિંગ કામ, પછી એની પાસે આવવાનું હોય, ત્યારે ફરીથી પૈસા ખેડૂતોના છતા કહેવા જવું પડતું હોય છે. નહેરોના રિપેરિંગ માટેના કામ કરો. કેટલાક નહેરાનાં કામમાં અવ્યવસ્થા હોય છે, એના કારણે પાણીનો જબરજસ્ત બગાડ થાય છે. પાણીની જરૂરિયાત ન હોય, ત્યાં પાણી વહી જતું હોય છે એવી સ્થિતિ હોય છે. મારે ધ્યાન દોરવાનું છે કે સરકારશ્રી અત્યાર સુધીમાં ૨૦૦૭-૦૮ ના આંકડા છે. ૧ લાખ ૮૮ હજાર હેકટર જમીન એ ગુજરાતની જમીન છે. એની અંદર ચોખ્ખું વાવેતર થતું હોય એ જમીન છે ૯૯ લાખ હેકટર અને જે ઉજ્જડ અને ખેડી શકાય તેવી જમીન ૨૫ લાખ હેકટર છે. ખેતી સિવાયની વપરાશ સિવાયની જમીન ૧૧ લાખ હેકટર છે. ખેત પડતર જમીન છે, બિલકુલ પડી રહેલ છે, તેવી ૨૦ લાખ હેકટર જમીન છે. ગૌચરની ૮ લાખ ૫૧ હજાર જમીન રહી છે. મારે મહત્વનું કહેવું છે કે એની અંદર સરકાર જે પાણી આપે છે. એ માત્રને માત્ર નહેરો ઉપર આપે છે. ૮ લાખ હેકટર જમીનને આજની તારીખમાં કૂવા મારફતે પાણી આપે છે. દા.ત. અમે બધા ઉત્તર ગુજરાતમાંથી આવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં આજે એક હજાર ફૂટ પાણી નીચે ગયા છે. દર વર્ષે પાંચ મીટર પાણી નીચે જઇ રહ્યા છે તેવી સ્થિતિ પેદા થઇ છે. કદાચ ૨૦ વર્ષ પછી અમારે હિજરત કરવાનો વારો આવે, ત્યાં આગળ ૧૪૦૦ ફૂટે જે પાણી છે તે દૂધીયું પાણી છે. ખેતીના ઉપયોગમાં ન આવે અને પીવાના ઉપયોગમાં ન આવે તેવી સ્થિતિ થઇ છે. સુજલામ્ સુફલામ્ ની યોજના થઇ. અમારા એરિયાની અંદર આજે અમે જોઇએ તો નહેરો આવી નથી. તેવા સંજોગોની અંદર પાણીની જે કેપેસિટી છે તેમાં કુવાઓ મારફત ખેંચવાનું આવે છે. ૩૩ લાખ હેકટર જમીનમાં આજે ગુજરાતની અંદર કૂવામાંથી પાણી ખેંચાય છે. નર્મદાની મોટી મોટી વાતો થાય અને નર્મદામાં એમ કહેવામાં આવે, ૧૩૮ મીટરની વાત થાય, ૧૨૧ મીટર થઇ ગયો છે. ૧૨૧ મીટર થયા પછી આ સરકારે ખાતરી આપી હતી કે અમે ૨૦૦૫-૦૬ની અંદર તમામ નહેરોની વ્યવસ્થા કરી દઇશું. આજદિન સુધી કરી નહીં. આજે છ-છ વર્ષ થયા, સરકાર નંબર વન કયારે કહેવાય કે ગુજરાતના ખેડૂતો હોય અને ખેડૂતલક્ષી કામો કરવામાં આવે તો સો ટકા આપણને એમ લાગે કે બહુ સારુ કામ થયું. ૨૦૦૬ થી આજદિન સુધીમાં નહેરોના કામ ન થયા. મુખ્ય નહેરનું કામ થઇ ગયું. બાકી બધી નહેરોના કામ આજે બાકી છે. તેના કારણે આજે ગુજરાતની અંદર કુવાઓમાંથી ૩૩ લાખ હેકટર જમીનને પાણીને ખેંચીને આપવું પડે છે. આવી પરિસ્થિતિનું નિર્માણ આજે થઇ રહેલ છે. તેવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે. એકબાજુ ડાર્કઝોન હતો. બહુ રજુઆત કરી અમે બધાએ વર્ષો સુધી અને જયારે ચૂંટણી આવી ત્યારે તેનો લાભ લેવા માટે ડાર્કઝોન ઉઠાવ્યો. તેમાં સિંચાઇ પદ્ધતિથી માંડીને કેટલીયે કલમો નાંખી ડાર્કઝોન ઉઠાવ્યો. આજે એવી પરિસ્થિતિ છે કે ડાર્કઝોનમાં જે હકીકતમાં જે લોકોએ અરજી કરી હતી ૧૯૯૨-૯૪ માં તેનો નંબર ધીમેધીમે આજે પંદર વર્ષ પછી આવવાની સ્થિતિમાં છે. તે વખતે તે ખેડૂતનું જે બજેટ હતું અને આજે તે બોર બનાવવા જાય તો ૧૨ લાખ જાય. હમણાં માનનીય મંત્રીશ્રી દ્વારા કહેવામાં આવ્યું કે હવે ત્યાં આગળ પણ પરમિશન લેવી પડશે. અમને એમ થયું હતું કે ચાલો ડાર્કઝોન ઉઠયો હવે અમારા ખેડૂતો માટે સારી પરિસ્થિતિનું નિર્માણ થઇ જશે.એવું થયું નહીં અને ઉપરથી અમારે પરમિશન લેવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત આજે ૧૬૦૦ મીલીયન ઘન મીટર પાણી છે. આજે કચ્છમાં માત્ર ૩૦૦ મીલીયન ઘન મીટર પાણી છે.આજે આવી પાણીની સ્થિતિ હોત અને સરકારની અંદર બિલો એવા લાવ્યા હોત અને બિલમાં કદાચ એવો ઉમેરો કર્યો હોત તો અમને બધાને આનંદ થાત કે સરકારશ્રી કંઇક એવા બિલ લાવે છે, આ તો એવા બિલ છે કે આ બિલ રજૂ થઇ જશે અથવા આ બિલ પાસ થઇ જશે, તો ખેડૂત જેલમાં જશે તેવા સંજોગો પહેલીવાર આ સરકારમાં ઉભા થઇ રહ્યા છે. આ સરકારમાં ખેડૂતોમાં જબરજસ્ત ગભરાટની સ્થિતિ થતી હોય ત્યારે મારે કહેવું છે કે જે મારા સુધારા છે તેમાં કલમ.૩ અમુક અધિકારી, નહેર અધિકારી તરીકે વ્યક્તિની નિમણૂક કરવાની સત્તા મળે. તેના લીધે જે અસરો પડશે તેમાં સ્થાનિક લેવલે ખેડૂતોને જમીન સંપાદન અને નહેરોના બાંધકામમાં પાણી, વહેંચણીના પ્રશ્નોનું યોગ્ય કક્ષાએ નિરાકરણ કરી શકતા નથી. માટે મારે કહેવું છે માનનીય મંત્રીશ્રીને કે જે મારો સુધારો છે અધિક મદદનીશ એન્જિનિયરની જગ્યાએ અધિક એન્જિનિયર, નહેરની નિમણૂક કરવી જોઇએ. જેથી તમામ ખેડૂતોને પૂરતો લાભ આપી શકાય. આજે અધિકારીને તમે જે સિસ્ટમ આપવા માગો છો તે આજે મંડળીમાં કદાચ વ્યાપક પ્રમાણમાં તમે તેની અંદર અમારા દલિત સમાજના ભાઇને રાખવાની વાત કરી હોય, એક આદિવાસી સમાજના ભાઇને રાખવાની વાત કરી હોય, કોઇ બક્ષીપંચ સમાજના ભાઇને રાખવાની વાત કરી હોત તો નાના ખેડૂતોનું ગૌરવ જળવાય તેવો મારો સુધારો રજૂ કરવો છે. તે હોય તો ખેડૂતનું ગૌરવ જળવાઇ રહે તેવી આ બિલમાં કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. મારું કહેવું છે કે સરકારે આ બાબતની જોગવાઇ કરવી જોઇએ. કલમ ૫ માં જે કોઇપણ જમીન પર નહેર અધિકારી પ્રવેશ કરી શકે અને કાંસ બંધ કરી શકે. એટલે અધિકારી જઇને ગમે ત્યારે બંધ કરી શકશે અને પાણી આવા ઉપયોગ અથવા વપરાશની જરૂરિયાત કે અન્ય કોઇ કામ કરી શકે તે હેતુ માટે યોગ્ય ગણી શકાય એવી ફાળવણી કરવામાં આવી છે. એની જે અસર થવાની છે કોઇપણ ખેડૂતને ત્યાં અધિકારીશ્રીને એમ થશે કે આ પાંચ દસ માણસ મને સારા લાગતા નથી અથવા પરિસ્થિતિનું નિર્માણ આ છે, એટલે એને જે સત્તા પ્રાપ્ત થઇ છે એ સત્તાના

આધાર પર જઇને આ કરી શકે. આ તો કેવો કાયદો કે અધિકારીના મનમાં આવે ત્યારે એની નહેર બંધ કરી દેશે, ત્યારે મારે માત્ર સુધારો એ કરવો છે કે આપે અધિકારીને મોટી સત્તા તો આપી છે પણ એ સત્તાનો દુરુપયોગ નહીં થાય એની શું ખાતરી? એની અંદર આ વ્યવસ્થા કરવામાં જ્યારે નથી આવી અને ખેડૂતોને પાણી મળે એનું વ્યવસ્થિત આયોજન થાય એના માટે પણ સરકારે આમાં નિયમ કરવો જોઇએ એવું મારું કહેવું છે. ખાસ કરીને મારે એ કહેવું છે કે જયારે જયારે પાણી બાબતમાં એનો નિયમ કરીને એના ૧૮૦૦ રુપિયા હેકટરે ભરી દેશે અને જયારે ત્રણ પાણી આપે ત્યારે સરકારે આ જવાબદારી સ્વીકારવી જોઇએ. એટલા માટે સરકારે આ જવાબદારી સ્વીકારવી જોઇએ કે એના બે પાણી નહીં મળવાના કારણે જે પાક બગડે છે અને જે ખેડૂતને નુકસાન થાય છે એ સૌથી મોટી વસ્તુ છે અને એમાં પણ સરકાર જો આપે એક વાર નક્કી કરે, કમિટમેન્ટ કરે કે આ વિસ્તારના ઝોનવાળાને પાણી આપવાના જ છીએ તો ખેડૂતોને પાક લેવામાં સરળતા રહે. આજે પણ અમારા પાટણ અને સિદ્ધપુર વચ્ચેનો જે વાગદોડવાળો વિસ્તાર છે એ વિસ્તારની અંદર આ સૌથી મોટી સમસ્યા છે. છેલ્લા દોઢ મહિનાથી માનનીય મંત્રીશ્રી આપ તપાસ કરાવજો ડીસાની અંદર પાણી નથી આવતું. બધાને દોઢ દોઢ મહિનાથી આજે પણ ત્યાં પાણી નથી મળ્યું. પાટણ અને સિદ્ધપુર વચ્ચેના ભેદ ત્યાં આગળ શરૂ થાય કે ૧૨૦ મેગાવોટ પાવર પાટણને મળે અને વાગદોડ વિસ્તારને ના મળે. આજે પણ અમારા વિસ્તારને આ બાબતમાં જબરજસ્ત અન્યાય થઇ રહ્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે આવી અનેક બાબતો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા હોત તો બહું સારું રહેત પણ આ બિલની અંદર પહેલીવાર મને એવું લાગી રહ્યું છે કે, ખેડૂત વિરોધી આખા ભારતની અંદર આવું જો બિલ પસાર થઇ રહ્યું હોય તો આ પહેલું વહેલું બિલ થવાનું છે એવું મને લાગી રહ્યું છે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સિચાઇ અને પાણી નિકાલ વિધેયક ૨૦૧૩ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની પહેલી પ્રાથમિકતા અને પ્રાયોરિટી એ છે કે, વધારેમાં વધારે પાણીને કઇ રીતે બચાવી શકાય? વધારેમાં વધારે પાણીનો સંગ્રહ કઇ રીતે કરી શકાય? ખાસ કરીને જે અત્યાર સુધીની જૂની સિંચાઇ યોજનાઓ છે. આ જૂની સિંચાઇ યોજનામાં વર્ષો પહેલા બનેલી કેનાલો છે. આ કેનાલોની અંદર કાંપ ભરાઇ જવાના કારણે, કેનાલો કાચી હોવાના કારણે છેવાડાના ખેડૂતોને પાણી ન મળે એવી અત્યારની જે સ્થિતિ છે એના કારણે આ કેનાલોને પાકી કરવી, એનું આધુનિકરણ કરવું અને ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે એના માટેની આ બિલની અંદર જોગવાઇ કરવામાં આવી છે. ખાસ કરીને જે હમણાં બળવંતસિંહ કહેતા હતા કે ગામડાંની અંદર ખેડૂતો પાંચ પાણના પૈસા ભરે અને કોઇ કારણસર પાણી ખલાસ થઇ જાય કે એવા સંજોગો નિર્માણ થાય અને ખેડૂતોને પાંચની બદલીમાં ત્રણ કે ચાર પાણ મળે. માનનીય બળવંતસિંહને મારે કહેવું છે કે, પ્રકરણ નં. ૫ એની કલમ નં.૨૦ એના પરિઘ-ઘ માં કલમ નં.૩માં સ્પષ્ટ જોગવાઇ છે કોઇ પણ ખેડૂતે પાંચ પાણના પૈસા ભર્યા હોય અને કોઇ પણ કારણસર પાંચ પાણ ન આપી શકાય એને વળતરની, આ બિલની અંદર માફી આપવાની જોગવાઇ પણ કરવામાં આવી છે. ખાસ કરીને જે હમણાં વાત કરી રહ્યા હતા આ ખેડૂતોને સિંચાઇ યોજનાની અંદર પાણી સમિતિ બનાવવાની જોગવાઇ કરવામાં આવી છે, દરેક સિંચાઇની અંદર ખેડૂતોની સમિતિ બને, આ કેનાલનું સંચાલન ખેડૂતો કરે એના માટેની પણ જોગવાઇ કરવામાં આવી છે. ખાસ કરીને આ સિંચાઇના જે પૈસા ઉઘરાવવામાં આવે એમાંથી પચાસ ટકા રકમ ખેડૂતો સિંચાઇના આધુનિકરણ અને રિપેરીંગ માટે પણ વાપરી શકે. ખાસ કરીને આ સિંચાઇ યોજનાના જે દર નક્કી કરવામાં આવ્યા છે એ દરની અંદર પણ આ સમિતિને એમ લાગે કે વધારે દર લઇને આ સિંચાઇ યોજના સારી રીતે ચલાવવા માટે, આધુનિકરણ કરવા માટે જો ખર્ચ કરવાની જરૂરિયાત હોય તો વધારે પાણીના પૈસા લેવાની આ સમિતિને સત્તા આપવામાં આવી છે. ખાસ કરીને હમણાં બલવંતસિંહ કહેતા હતા કે અત્યારે ગુજરાતમાં ખેડૂતો પાણીના અભાવે આપઘાત કરે છે. આટલી બધી જો સામેના મિત્રોને ચિંતા હોય. આ નર્મદા યોજનાનું કામ પૂર્ણ થવા આવ્યું છે એક દરવાજા ન ચણવાના કારણે જે એની પાણીની ક્ષમતા છે એના કરતાં અત્યારે ૨૫ ટકા પાણી ભરાય છે, જો કેન્દ્રની અંદર તમારી સરકાર

બેઠેલી હોય, આ દરવાજા ચણાવવાની મંજૂરી આપવામાં આવે તો સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ખેડૂતોને વધારેમાં વધારે પાણી આપી શકાય.

ખાસ કરીને સુજલામ્-સુફલામ્ યોજના ૩૩૨ કિલોમીટર લાંબી નહેર કડાણા અને નર્મદાના ચોમાસામાં વહી જતા પાણીને ૩૩૨ કિલોમીટર લાંબી પાઇપ લાઇન નાંખીને ઉત્તર ગુજરાતના જળાશયોમાં પાણી નાંખીને ભરવા માટેની વ્યવસ્થા આ ગુજરાત સરકારે કરી છે. એથી આગળ વધીને આનંદની વાત એ બની છે કે સૌરાષ્ટ્રની અંદર પડતા દુષ્કાળો, ખેડૂતોની હાડમારી વિગેરેના કાયમી નિવારણ માટે સૌની યોજના ૧૦૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કરવામાં આવી છે. આના કારણે સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો ભરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે, સૌરાષ્ટ્રની અંદર આ યોજના દ્વારા ચાર લિન્ક કેનાલ, ૧૧૦૦ કિલોમીટરથી વધારે લંબાઇ અને ૧૧૫ જળાશયો ભરવા માટેની આ યોજના બનાવવામાં આવી છે. આ યોજનાના કારણે સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયોમાં જ્યારે પાણી નાંખવામાં આવે ત્યારે સૌરાષ્ટ્રની અંદર દુષ્કાળ તો ભૂતકાળ બની જવાનો છે.

આજે હમણાં વાત કરતા હતા કે ચૂંટણી આવી એટલે ડાર્ક ઝોન ઉઠાવ્યો છે. ખાસ કરીને મારે એ વાત કરવી છે કે જમીનની અંદર પાણીના તળ ઉંડા જતા રહ્યા હતા પાણી રોકવાના ક્યારેય પ્રયત્નો કરવામાં નહોતા આવ્યા જ્યારે બેન્કમાં બેલેન્સ ના હોય તો ચેક રિટર્ન થાય એના માટે આ ગુજરાત સરકારે ૧૫૦૦૦૦થી વધારે ચેક ડેમ બનાવ્યા, ખેત તલાવડીઓ બનાવડાવી, તળાવો ઉંડા ઉતારવાના પ્રયત્નો કર્યા એના કારણે આ ભૂગર્ભના જળ ઉંચા આવવાના કારણે ડાર્ક ઝોન ઉઠાવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આ વરસે દુષ્કાળની સ્થિતિ છે. તમામ ડેમની અંદર પાણી ખલાસ થઇ ગયા છે ત્યારે આ ડેમની અંદરથી માટી કાઢી નાંખીને જે પાણીનો સમાવેશ કરવાની સંગ્રહ શક્તિ વધે એના માટે રાજય સરકારે કામ શરૂ કરેલ છે, ઘણા ડેમોની અંદર અત્યારે માટી ઉપાડવાનું કામ ચાલુ છે. રાજય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં અને લાભમાં હમણાં જ મારા જ મત વિસ્તારની ટંકારા તાલુકાની ડેમની સિંચાઇ યોજના નંબર-૧. આ યોજનામાં જે ધોરિયા પદ્ધતિથી ખેડૂતોને પાણી આપવામાં આવે છે આ સિંચાઇ યોજના લિફ્ટ ઈરીગેશનમાં કન્વર્ટ કરીને પહેલા ખેડૂતને જેટલું પાણી મળે એટલું જ પાણી છેવાડાના ખેડૂતને મળે એના માટે આ યોજનાને મંજૂરી આપવામાં આવી. હાલનો જે હયાત કમાન્ડ એરિયા છે, એના કરતાં સિંચાઇ યોજનાની અંદર કમાન્ડ પણ વધવાનો છે. એનું કારણ છે કે લિફ્ટ ઈરીગેશનથી પાણી પાવાથી પાણીનો બગાડ ઓછો થાય, પાણીના એક એક ટીપાનો ઉપયોગ ખેડૂતો સારી રીતે પોતાનો પાક કરી શકે અને ઓછાં પાણીના કારણે આ જમીનની અંદર ઉત્પાદનમાં પણ વધારો થાય અમારે ત્યાં મચ્છુ ડેમ યોજના છે, આ યોજનાનો જે કમાન્ડ એરિયા છે એમાં આ ધોરિયા પદ્ધતિથી પાણી આપવાના કારણે જમીનની અંદર ક્ષાર ઉભરાવવા માંડ્યો છે એના કારણે છેલ્લાં ચાર વરસથી શિયાળુ પાકની અંદર આ ડેમનો ઉપયોગ નહોતો કર્યો એટલા માટે શિયાળુ પાક પાવાના કારણે ચોમાસામાં વધારે વરસાદ થાય તો ચોમાસુ પાક નિષ્ફળ જતો હતો એના કારણે ચોમાસામાં ખાલી ઓરવણા કરી ચોમાસાના એક મહિના પહેલાં પાણીની માંગણી કરે અને પાકને ઉગાડવા પૂરતો જ આ પાણીનો ઉપયોગ થતો હતો. એના માટે રાજય સરકારે તમામ હયાત ડેમની અંદર વધારેમાં વધારે સિંચાઇ થાય એના માટે લિફ્ટ ઈરીગેશનમાં કઇ રીતે કન્વર્ટ કરવું એના માટે પણ સરકાર વિચારે. ત્યાંથી આગળ વધીને કહુ તો ગુજરાતના ખેડૂતોને જે આપણે જોઇ શકીએ છીએ કે છેલ્લાં દસ વરસની અંદર ગુજરાતમાં કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે. આના કારણો આ જ છે કે ચેકડેમો બનાવી જ્યારે વરસાદની થોડીક ખેંચ પડે ત્યારે ચેકડેમ દ્વારા મશીનથી પાણી આપણા કૃષિ પાકને પાઇ શકીએ. એ રીતે કૃષિને બચાવવા માટેના પ્રયત્નો રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. માનનીય મંત્રીશ્રી જયારે આ બિલ લઇને આવ્યાં છે ત્યારે આ બિલને હું આવકારું છું અને અનુમોદન આપીને વિરમું છું.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સિંચાઇ પાણી નિકાલ અને વ્યવસ્થા વિધેયક ૨૦૧૩ જે બિલ લઇને આવ્યાં છે તેમાં હું મારું સમર્થન કરવા અને કેટલાંક સૂચનો કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસમાં જળ સંપત્તિ મહત્વની ભૂમિકા ભજવે છે. રાજયની આર્થિક તેમજ સામાજિક પ્રગતિનો જો મુખ્ય કોઈ આધાર હોય તો એ જળસંપત્તિ છે. આવા સમયની અંદર સંચય અને ઉપયોગ પર રાજયના વિકાસ માટે વરસાદના એક એક ટીપાનો મહત્વનો ઉપયોગ કરવો તે રાજયનો મુખ્ય હેતુ છે. આવા ઉદ્દેશને ધ્યાનમાં રાખીને જળ સંચય, જળ પુનઃપ્રવણ, જળ વ્યવસ્થાપનને સૌથી વધારે પ્રાધાન્ય આપવામાં આવેલ છે. સૂકા અને ખરાબાના જમીનના અમુક વિસ્તારોમાં અત્યંત ઉત્પાદક કૃષિ વિસ્તાર બન્યો છે એવા સંજોગોની અંદર આ બિલની આવશ્યકતા છે અને રાજયની અંદર લગભગ દોઢ લાખથી પણ વધારે ચેક ડેમો બનાવવામાં આવ્યાં છે. ખેત તલાવડીઓ પણ બનાવવામાં આવી છે અને વન તલાવડીઓ પણ બનાવવામાં આવી છે. આવા ૨૦ હજાર કરતાં પણ વધુ તળાવો ઉંડા કરી અને જળસંચયની કાંપ દૂર કરવાનો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો છે. ૨૦૧૦માં આ બધી જ પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને અમદાવાદની આઇએમએમ સંસ્થા દ્વારા ચેક ડેમથી થતાં જળસંચયની પ્રસંશા કરવામાં આવી છે. એટલું જ નહીં ૨૦૧૦માં ઈન્ટરનેશનલ હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટ્રીટયુટ અને ઈન્ટરનેશલ ફૂડ પોલીસીનો રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા પ્રકાશિત થયેલ એક અહેવાલમાં રાજયના જળસંચય અભિયાનને અન્ય રાજય માટે દીવાદાંડીરૂપ લેખાવવામાં આવ્યો છે. કૃષિ, પાણી, જળસંચયના કામોના કારણે રાજયનો કૃષિ વિકાસ પણ ખૂબ ઉંચો આપણે હાંસલ કરી શકયા છીએ. આ અભ્યાસના અહેવાલમાં જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર અને કચ્છ જે માટાભાગે ભૂગર્ભ જળ આધારિત ખેતી ઉપર નભતા હતા તેમણે પાણીની તીવ્ર અછત અને ભૂગર્ભ જળના સ્તરમાં સતત ઘટાડો ૧૯૮૦ની સાલમાં જોયેલ. પરંતુ છેલ્લાં દસ વર્ષમાં રાજય સરકારના જળાશય અભિયાનના કારણે પરિસ્થિતિ બદલવામાં આવી છે. જેના કારણે વરસાદ ખેંચાયો હોવા છતાં પણ ખરીફ પાકની અંદર પીયતની ઘટ પડે તો આવા ચેક ડેમ અને પાણીના સંગ્રહના કારણે ખેડૂત પોતાનો પાક બચાવી શકે છે. રાજયની મુખ્ય યોજનાઓમાં ખાસ કરીને કૃષિ વિકાસ દર હાંસલ કરવામાં એ જયોતિગ્રામ હોય કે સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિનો પણ સહયોગ હોય અને જેના પરિણામે રાજયની અંદર આપણે કૃષિનો વિકાસ દર હાંસલ કરી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂગર્ભ જળને રિચાર્જ થવાથી રાજયની સરકારે ગત વર્ષે સભાગૃહમાં જાહેરાત કરી કે ડાર્ક ઝોનમાં નિયંત્રણ પણ ઉઠાવી લીધેલ છે જેનાથી રાજયના ખેડૂતોને ઘણો જ લાભ થશે અને એ બદલ હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે નર્મદાનું પાણી જે ચોમાસા દરમિયાન દરિયામાં વહી જતુ હતું તેના માટે પણ રાજય સરકારે ખૂબ મોટો નિર્ણય કરીને ઉત્તર ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્ર માટે ખૂબ મોટી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ઉત્તર ગુજરાતની અંદર સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત રાજયની હયાત સિંચાઇ યોજનાની અંદર કેનાલ અને પાઇપ લાઇન બનાવીને પાણી સંગ્રહ કરવા માટેનો નિર્ણય કર્યો. જેના પરિણામે અનેક ખેડૂતોને તેનો ખૂબ મોટો લાભ મળ્યો છે. તે જ રીતે સૌરાષ્ટ્રની અંદર નર્મદાનું પાણી એ જ રીતે નર્મદાનું ચોમાસા દરમિયાનનું પાણી દરિયામાં વહી જાય છે તે પાણી સૌરાષ્ટ્રને આપવા માટેની જાહેરાત સરકારે કરી છે અને તેના કારણે સૌરાષ્ટ્રમાં ૧૧૫ જળાશયોમાં પાણી ભરવામાં આવશે, ૮૦ જેટલી નદીઓમાં પાણી વહેવડાવવામાં આવશે અને તેને પરિણામે લગભગ સૌરાષ્ટ્રના ૬ લાખથી વધારે ખેડૂતોને સિંચાઇનો લાભ મળનાર છે. આના પરિણામે સૌરાષ્ટ્રના અને રાજયના ખેડૂતોનું જીવન ધોરણ ખૂબ ઉંચું આવશે અને તેનો ફાયદો પણ મળનાર છે. સહભાગી સિંચાઇ વ્યવસ્થાનો કાયદો ૨૦૦૭ માં પસાર કરવામાં આવ્યો છે તે પણ આજના સમય માટે ખૂબ જરૂરી છે. વર્ષો પહેલા જે સિંચાઇ યોજનાઓ બનેલી તે સિંચાઇ યોજનાઓની કેનાલો હતી તે બધી જ કેનાલો પાકી નહોતી, અને મોટાભાગની કેનાલો કાચી હોવાને કારણે સમયસર તેનું સમારકામ થતું નહોતું અને તેને કારણે તેના મારફત સમયસર પાણી પહોંચી શકતું નહોતું, જેથી ખેડૂતો પોતાના પાકનું સમયસર વાવેતર પણ કરી શકતા નહોતા. તેને ધ્યાનમાં રાખીને રાજય સરકારે આ સહભાગી સિંચાઇ યોજના બનાવી, આ યોજના અંતર્ગત ખેડૂતોની મંડળી બને અને એ મંડળી બનાવ્યા પછી રાજય સરકાર મંડળીને ૯૦ ટકા ગ્રાન્ટ આપે અને ૧૦ ટકા પૈસા એ પ્રજાનો ફાળો જોડીને ખેડૂતો સમયસર કામ કરી શકે છે. મારા વિસ્તારમાં વેણું સિંચાઇ યોજના આવેલી છે. તે

પંચાયત હસ્તકની યોજના છે. વર્ષોથી તે સિંચાઇ યોજનામાંથી ફલો ઈરિગેશનથી પાણી આપવામાં આવતું હતું. દર વર્ષે એ યોજનામાંથી ખેડૂતોને જે પાણી મળે તેમાં બે પિયતની ઘટ પડતી હતી. જેને પરિણામે ખેડૂતોએ કરેલ ખર્ચ અને તેમને જે ઉત્પાદન મળવા પાત્ર હતું તેમાં ૨૫ ટકાનો ઘટાડો થતો હતો, એટલે ૨૫ ટકા ઓછું ઉત્પાદન મળતું હતું. તેથી અમે આ યોજનાને ફલો ઈરિગેશનમાંથી લીફ્ટ ઈરિગેશનમાં કન્વર્ટ કરવાની સરકારમાં રજુઆતો કરેલી અને એ રજૂઆતના પગલે આ સરકારના એ વખતના માનનીય મંત્રીશ્રી નરોતમભાઇ પટેલે ફલો ઈરિગેશનમાંથી લીફ્ટ ઈરિગેશનમાં કન્વર્ટ કરવાની મંજૂરી આપી હતી. એના પછી ખેડૂતોએ ૧૦ ટકા પ્રજા ફાળો ભર્યો અને રાજય સરકારની ૯૦ ટકા સહાયથી લીફ્ટ ઈરિગેશનમાં આ યોજનાને કન્વર્ટ કરવામાં આવી. જેના પરિણામે આજે મને કહેતા આનંદ અને ગૌરવ થાય છે કે જે સિંચાઇ યોજનામાં ખેડૂતોને બે પિયતની ઘટ પડતી હતી તેના બદલે આજે બે પિયત વધારે મળે છે. એટલું જ નહીં, આ સિવાયનું વધારાનું પાણી પણ બચત રહે છે જેનો ઉપયોગ ઉનાળામાં પણ થઇ શકવાનો છે. પીવા માટે પણ તેનો ઉપયોગ કરી શકાય તેમ છે, એટલે આવા સમયમાં આ કાયદામાં જે સુધારા લાવવામાં આવ્યા છે તે ખૂબ જ જરૂરી હતા અને તે જરૂરિયાતને ધ્યાનમાં રાખીને માનનીય મંત્રીશ્રી આ બિલ લાવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક ૨૦૧૩ સરકાર દ્વારા આ ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું છે ત્યારે આ બિલનો વિગતવાર, કલમોવાર કરેલ જોગવાઇઓનો હું અભ્યાસ કરતો હતો. આ દેશના બંધારણમાં દરેક વ્યકિતને ખાવા માટે અન્ન, પીવા માટે પાણી અને જીવવા માટે શ્વાસ, એટલે કે હવા મેળવવાનો અધિકાર છે. તેને કોઇ કાયદાથી કે નિયમથી રોકી શકાય નહીં. પરંતુ આ ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક ૨૦૧૩ એ સિંચાઇની વ્યવસ્થાની જોગવાઇથી વિશેષ આ રાજયના ૫૮ લાખ કરતા વધુ ખેડૂત કુટુંબોને બાનમાં લેવાનો પ્રયાસ હોય તેવું લાગી રહ્યું છે. પ્રકરણ-૧ની કલમ-૨નું ચાર, નહેરમાં નીચેનાનો સમાવેશ થાય છે. રાજય સરકારની માલિકીની, કોઇ નહેરના કિનારા ઉપર આવેલી હોય તેવી જમીન અને સરકારના હુકમો હેઠળ આવી નહેરના હેતુઓ માટે ઉપયોગમાં લીધો હોય તેવી તમામ જમીનને પણ આ કાયદો લાગુ પડવાનો છે.

કલમ-૨ની પેટા કલમ ૧૦ મુજબ પંપ સિંચાઇ યોજના એટલે એવી યોજના કે જેમાં નદી, પ્રવાહ, મોરી, નાળાં, કોતર, સરોવર, તળાવ, જળાશય, બંધારા, નહેર, ટયુબવેલ, કુદરતી રીતે એકઠું થયેલ પાણી કયાંક ખેતરમાં ખાડા ખાબોચીયા વ્યકિતગત જમીનમાં કર્યા હશે એને પણ મંત્રી મહોદયે આ કાયદાની અંદર સમાવવાનો પ્રયાસ કર્યો છે.

કાયદાની કલમ-૩ની અંદર કલમ-કમાં માનનીય મંત્રીશ્રી જે મુદ્દો લઇને આવ્યા છે એમાં ઓવરસિયરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય અથવા અધિક મદદનીશ ઈજનેર હોય તેવા અધિકારીની નહેર અધિકારી તરીકે નિમણૂક કરી શકશે. આ કાયદાથી જે નહેર અધિકારીની નિમણૂક થવાની છે એ મદદનીશ ઇજનેર કક્ષાના અધિકારીને આ કાયદાની સત્તા આપવામાં આવી છે. આપણા જમીન મહેસૂલના કાયદામાં તાલુકા મેજિસ્ટ્રેટને જે અધિકારો મળતા હતા એ અધિકારો આ મદદનીશ ઈજનેર કક્ષાના વ્યકિતને બિલની જોગવાઇથી ફાળવવામાં આવશે.

કલમ-૩ના (ખ) ની અંદર રાજય સરકારે પાણી વપરાશકારોના મંડળને, પોતે યોગ્ય ગણે તેવી નહેર અધિકારીની સત્તા વાપરવા માટે અને તેવી ફરજો બજાવવા માટે, મંડળના હોદ્દેદારો નીમવા માટેનો અધિકાર અને સત્તા આપી શકશે અને હકૂમતનો વિસ્તાર પણ નિર્દિષ્ટ કરી શકશે. એક મદદનીશ ઈજનેર કક્ષાનો વ્યકિત એને આ બિલથી જે સરકાર અધિકારો આપવા જઇ રહી છે એમાં ત્યાં કોઈ મંડળો બનાવવા હશે તો એ મંડળો બનાવવાની સત્તા નહેર અધિકારીને, હોદ્દેદારો નીમવાનો અધિકાર એ પણ નહેર અધિકારીને, એની હકૂમતનો વિસ્તાર નક્કી કરવાનો અધિકાર પણ મદદનીશ ઈજનેર કક્ષાની વ્યકિતને રહેશે. આમાં મને એવું લાગે છે કે રાજય સરકાર આ બિલની જોગવાઇથી પાણીના સિંચાઇ વ્યવસ્થાપનને બદલે ભારતીય જનતા પાર્ટીના શાસન વ્યવસ્થાપનને લાગુ કરવા જઇ રહી છે.

એક મદદનીશ ઇજનેર કક્ષાનો અધિકારી એ પોતાની મુનસફી મુજબ કોને સમાવવા, કોને ન સમાવવા, કોને પાણી આપવું કોને ન આપવું એ તમામ કક્ષાના નિર્ણયો આ બિલની જોગવાઇથી નહેર અધિકારને મળવાના છે.

આ બિલનું પ્રકરણ –૨ નહેર વ્યવસ્થાનું બાંધકામ અને નિભાવ, એનો પેરા (ખ) જમીન ઉપર પ્રવેશ કરવાની સત્તા. માનનીય મંત્રી મહોદય પણ સૌરાષ્ટ્રમાંથી આવે છે અને ખેતી વ્યવસ્થા સાથે કયાંક બે–પાંચ કે સાત પેઢીમાં નાતો હશે તો એને ખબર હશે. ખેડૂતના દીકરાને એની જમીન એની મા–ભોમ છે. જમીનની અંદર પોતાનો પરસેવો રેડે, આખું વરસ કુટુંબ એમાં રળે, એક નાનું તણખલું ઉગ્યું હોય તો એની પાછળ રાત ઉજાગરા કરે, ભૂલથી જો બળદ આડાઅવળા ચાલ્યા હોય અને કોઇ સેઢે આંબી ગયું હોય તો જમીન એકબાજુ રહે અને સેઢા માટે થઇને હજારો તકરારના કિસ્સાઓ કોર્ટની અંદર નોંધાયેલા છે. ખેડૂતનો દીકરો જમીનને મા ગણે છે એ માના સાર્વભૌમત્વ ઉપર આ સરકાર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કરે છે. કલમ–૪ ના કલમ–૫ ના નિર્દેશ મુજબ આ અર્થે યોગ્ય રીતે સત્તા આપેલી હોય તેવા નહેર અધિકારી, કલમ–૪ હેઠળ નિર્દિષ્ટ કરેલ તારીખ પછી, કોઇપણ સમયે, કોઇપણ જમીન ઉપર પ્રવેશ કરી શકશે. કોઇ પણ અવરોધ દૂર કરી શકશે અને કોઇ પણ કાંસ બંધ કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં વ્યક્તિગત જમીનોમાં નદીના વહેણ, નાળા કે હલાણના પ્રશ્નો હોય તો આના માટે થઇને આપણે ત્યાં જમીન મહેસૂલ કાયદાઓની અંદર પૂરતી જોગવાઇ છે. તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ પાસે આવા કિસ્સાઓ કલમ–૧૦૮(૫) નીચે વિવાદમાં જાય અને તેના નિર્ણયો થતા હોય, આ કાયદાથી એ કાયદા અન્વયે લોકોને મળેલો એનો જે અધિકાર છે એનું ઉલ્લંઘન થઇ રહ્યું છે. કારણ કે નહેર અધિકારી આ બિલના અધિકારોની રૂએ ગમે તેની જમીનમાં પ્રવેશશે. ગમે તેની જમીનમાં આ નહેર અધિકારીઓ જો એ જમીનના માલિકો, ખેડૂતો તેને વશ નહીં થાય, એનું કીધું નહીં કરે, એ કહે તેમ ઉઠબેસ નહીં કરે તો ત્યાં એ વ્યક્તિગત માલિકી હક્કની જમીનોમાં કોઇ એવા બિન અધિકૃત કામો કરી અને અન્ય ફોજદારી કાયદાઓ નીચે પણ એ લોકોને સજા પાત્ર બનાવવા માટેના પ્રયાસ આ અધિકારથી થવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૬, કોઇ પરિયોજીત નહેર સંબંધી અથવા કોઇ હયાત નહેરના નિભાવ સંબંધી કોઇ તપાસ અથવા પરિક્ષણ કરવાનું ઇષ્ટ હોય અથવા જરૂરી જણાય ત્યારે આ અર્થે યોગ્ય રીતે સત્તા આપેલી હોય તેવા કોઇ નહેર અધિકારી અને આવા નહેર અધિકારીના સામાન્ય અથવા ખાસ આદેશ હેઠળ કાર્ય કરતી કોઇપણ વ્યક્તિ (ક)માં જણાવ્યા મુજબ જે હેતુ માટે પોતે જરૂરી ગણે તેવી જમીન ઉપર પ્રવેશ કરી શકશે. માત્ર અધિકારી જમીનમાં પ્રવેશ કરવા માટે પ્રવેશ પાત્ર બનશે એવું નથી, પણ એક મદદનીશ ઇજનેર કક્ષાની વ્યક્તિ, નહેર અધિકારી તરીકે જેને અધિકાર આપવામાં આવ્યો છે. એ નકકી કરે એવી મુનસફી ઉપર કોઇ પણ વ્યક્તિઓ ખેડૂતોની પોતાની માલિકીની જમીનમાં પ્રવેશ કરી શકશે. આવા કાળા કાયદાની જોગવાઇ આ બિલમાં કરવામાં આવી. આ કલમ–૬ના(ખ) મુજબ રાજય સરકારે જાણે કે તે વિસ્તારમાંથી તે જમીનની જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે. એવી મતલબનું જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ–૪ ની જોગવાઇઓ હેઠળ જાહેરનામુ બહાર પાડ્યું હોત તો તેવી જમીન સંબંધી તમામ સત્તા વાપરી શકશે અને તે તમામ બાબતો કરી શકશે.

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, આખેઆખી કલમ કે આખેઆખો એકટ વાંચવાની જરૂર નહીં, તમે એમ કહો કે આ ૬(ખ)માં હું મારું સૂચન કરું છું. વિરોધ કરું છું. એટલા માટે આખો કાયદો વાંચવાની જરૂર નહીં. એ બધા પાસે છે જ.

શ્રી પરેશ ધાનાણી : આ કાયદાની ૬૦ કલમો છે એ ૬૦ કલમોમાંથી..

અધ્યક્ષશ્રી : તમે એમાં કહો કે આ ૬(ખ) છે. તેમાં મારું મંતવ્ય આ છે. આખી કલમ વાંચવાની જરૂર નહીં.

શ્રી પરેશ ધાનાણી : બિલકુલ કલમ સાથે ચર્ચા કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : એ કલમ વાંચવાની જરૂર નહીં, એ કલમ જ કહેજો. તેની અંદર મારું આ મંતવ્ય છે. એમ જ કહેવાય. જો એકેએક સભ્ય આખું વાંચે તો..

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલકુલ બિલના અભ્યાસ પછી એના..

અધ્યક્ષશ્રી : બિલના અભ્યાસ માટે છૂટ છે. હું તમને ના નથી પાડતો.

શ્રી પરેશ ધાનાણી : એની કલમો અને પેટા કલમો ટાંકી અને એનાથી ઉભી થનારી સમસ્યાઓ તરફ આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું. ખેડૂતનો દીકરો છું..

અધ્યક્ષશ્રી : તમે એ ધ્યાન દોરો પણ તેમાં આખી કલમ વાંચવાની જરૂર નહીં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૭માં કોઇ પણ જમીન, ઇમારત અથવા ઢાળિયા ઉપર આવા લોકોને પ્રવેશ કરવાનો એટલે કે ઘરની અંદર પ્રવેશ કરવાનો અધિકાર આ બિલથી નહેર અધિકારી નક્કી કરે એવા લોકોને પણ પ્રવેશ આપવાનો અધિકાર આપવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે મને માર્ગદર્શન આપ્યું, ઘણું સારું લાગ્યું, પણ મેં આખા બિલનો અભ્યાસ કર્યો. ૬૦ કલમો પૈકી ૪૯ કલમો આ બિલમાંથી દૂર કરવી પડે એવી પરિસ્થિતિ છે અને આ બિલની જોગવાઇઓથી જે ગુજરાતના ૫૮ લાખ ખેડૂત કુટુંબોને અસર થવાની. કોઇ મારી વ્યક્તિગત ટીકા–ટિપ્પણી નથી, પણ આ બિલની જોગવાઇઓ જે માનનીય મંત્રીશ્રીએ કરી છે એ પાણીના વ્યવસ્થાપન માટે કરી છે કે રાજકીય વ્યવસ્થાપન માટે કરી છે એ હું સમજી શક્યો નહીં એટલે આ સભાગૃહ સમક્ષ આ વાત મારે લઇને વિગતવાર આવવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની કલમ–૮. કોઇ નહેરના સંબંધમાં અકસ્માત થવાની દહેશત હોય. અકસ્માત થયેલ હોય, દહેશત હોય અથવા એવા કિસ્સામાં કોઇ નહેર અધિકારી અથવા ..

અધ્યક્ષશ્રી : ફરી પાછું વાંચવાનું ચાલુ રાખ્યું? તમને બોલવાનો અમર્યાદિત સમય આપીએ છીએ. કલમ આઠમાં મારે આમ કહેવું છે, તમે એ રીતે કહી શકો છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે. આ બિલના સંદર્ભમાં જ વાત કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : બિલ આખું વાંચવાની જરૂર નથી, સંદર્ભ કહો તમને અધિકાર છે.

શ્રી પરેશ ધાનાણી : એનું હાર્દ નહીં સમજાય...

અધ્યક્ષશ્રી : બધાને બિલ ઇસ્યૂ કર્યું જ છે. મારી પાસે પણ છે. બધા પોતાની પાસે રાખીને જ બેઠા છે.

શ્રી પરેશ ધાનાણી : આ બિલની કલમ–૮થી આવી નહેરની લગોલગની કોઇ જમીન ઉપર પ્રવેશ કરી શકશે. આ બિલની કલમ–૮થી એવી જોગવાઇ કરવામાં આવી છે કે, નહેર અધિકારી અથવા ખાસ આદેશ હેઠળ કાર્ય કરતી કોઇ વ્યક્તિ આવી નહેરની લગોલગની કોઇ જમીન ઉપર પ્રવેશ કરી શકશે અને વૃક્ષો તથા અન્ય પદાર્થો દૂર કરી શકશે. અન્ય પદાર્થો એટલે શું? ક્યા પદાર્થો દૂર કરવાના છે? તમે રાજ્યમાંથી ખેડૂતોને દૂર કરી દો એટલે આ બિલ લાવવાની જરૂર જ નહીં. ખેડૂતોએ શું પાપ કર્યા છે? એને પાણીના એક ટીંપા માટે લાચાર થવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની કલમ–૧૦માં એનો પેરા (૨) સરકાર, પોતે યોગ્ય ગણે તો, જરૂરી ડિપોઝીટ, ભાડુ, નિભાવ અને મરામત ખર્ચ અને બીજા લાગુ પડવા પાત્ર ખર્ચ મેળવીને પછી તમામ પ્રકારની ઉપયોગી (યુટિલિટી) લાઇનો દ્વારા નહેર વ્યવસ્થાના બીજી તરફ જવા આવવાના માર્ગો મંજૂર કરી શકશે.

અધ્યક્ષશ્રી : ફરીથી આખું વાંચ્યું તમે. કહેવું હોય એ કહો, પણ આખે આખું વાંચવાની જરૂર નથી. મહેરબાની કરીને આમાં વાંચવાની જરૂર નથી. આની અંદર તમારે જે ટીકા કરવી હોય, સૂચન કરવા હોય એ કરો.

શ્રી પરેશ ધાનાણી : આ રાજ્યના બજેટની અંદર સિંચાઇ, પૂર વ્યવસ્થા, રસ્તાઓ અને વિવિધ હેડ નીચે ઘણા બધા રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મારે આપના મારફત મંત્રીશ્રીને પૂછવું છે કે, આ

સિંચાઇ વ્યવસ્થાપન– બિલની અંદર આ કલમ જોડીને લોકો પાસેથી, લોકોના ખર્ચે નહેર બનાવવા માગો છો? રસ્તાઓ બનાવવા માગો છો? લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવું એ સરકારની પ્રાથમિક જવાબદારી છે, એના બદલે લોકો પાસેથી પૈસા વસૂલ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. મારે કોઇ કલમનો ઉલ્લેખ કરવો નથી. હું કહીશ તો કહેશો કે પરેશભાઇ આડેધડ હાંકે છે. બિલની કલમ, પેટા કલમ અને એનાથી ઉભી થતી સમસ્યાઓથી સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને માહિતગાર કરવા માટે ઉપસ્થિત થયો છું અને એ મારી ફરજ છે.

અધ્યક્ષશ્રી : આમ કહેવાની જરૂર નથી. બિલ ઉપર બોલો વાંચવાની જરૂર નથી.

શ્રી પરેશ ધાનાણી : પાણી નિકાલ વ્યવસ્થા( ડ્રેનેજ) કામના અવરોધો દૂર કરવા બાબતે કલમ–૧૧માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કે આવા જાહેરનામામાં નકકી કરવામાં આવે તેવી હદની અંદર આવો કોઇ અવરોધ થવા દેવા ઉપર પ્રતિબંધ મૂકી શકાય અથવા આવી હદની અંદર આવા અવરોધો દૂર કરવા અથવા એમાં કોઇપણ ફેરફાર કરવા માટે હુકમ થઇ શકે. કલમ–૧૨ની અંદર જોગવાઇ કરવામાં આવી છે, કે કલમ–૧૧ની પેટા–કલમ(૧) મુજબ જાહેરનામાની પ્રસિદ્ધિ થયા પછી આવો કોઇ અવરોધ કરનારી અથવા તેના ઉપર નિયંત્રણ ધરાવતી કોઇ વ્યકિતને, હુકમથી, તેવા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયની અંદર તે દૂર કરવા અથવા તેમાં ફેરફાર કરવા બાબતે આદેશ કરી શકશે.

અધ્યક્ષશ્રી : પાછું વાંચવાનું ચાલુ કર્યુ, તમે આખે આખું વાંચો છો. આખી કલમને બદલે હવે તમે અડધે પહોંચી ગયા. અડધું અડધું વાંચો છો. તમે ચોકકસ કહી શકો કે પહેલા આની અંદર આ છે, અધિકારીને સત્તા આપી છે એ ના આપવી જોઇએ, એ તમારો ભાવાર્થ છે એ તમે કહી શકો છો. પણ આખી કલમ વાંચવાની જરૂર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલથી દુરોગામી અસરો આ રાજયના ૭૦ ટકા કરતા વધુ લોકો ઉપર થવાની છે.

અધ્યક્ષશ્રી : કેટલી અસર છે એ નહીં હું તો આપને એટલું જ કહુ છું તમારે જે કહેવું હોય એ કહો, ૭૦ ટકા ઉપર અસર થાય, ૯૦ ટકા ઉપર અસર થાય પણ આ વાંચી વાંચીને એક એક કલમ વાંચોને તો મારે કહેવું છે કે આ હાઉસમાં આટલા વર્ષમાં કોઇ દિવસ કયાંય રેફરન્સમાં કલમ વાંચી અને એના વિશે બોલ્યા હોય, એક એક કલમ વાંચે અને એક એક કલમ ઉપર બોલે તો તો આ હાઉસ ૪૫ દિવસે પણ પૂરું ના થાય. તમને બોલવાનો પૂરેપૂરો અધિકાર આપીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનું માર્ગદર્શન સ્વીકારીને હું આગળ વધુ છું. પરંતુ મારે આપની અનુમતિ જોઇએ છે. કારણ કે આ બિલનો અભ્યાસ લગભગ બધા લોકોએ કર્યો હશે પણ આ બિલની કલમો અને દરેક કલમથી ઉભી થનારી સમસ્યાઓ, આ શબ્દપ્રયોગો અને શબ્દપ્રયોગોથી ઉભી થતી આડઅસરો, હું આડઅસરો કહીશ અને શું કામ એ ઉભી થાય છે એ આ સભાગૃહની અંદર જો ઘ્યાનમાં નહીં હોય માનનીય અધ્યક્ષશ્રી, તો હું કઇ રીતે મારી વાતને રજૂ કરી શકીશ.

અધ્યક્ષશ્રી : તમે તમારું મંતવ્ય રજૂ કરો, બાકીના બધા શાંતિથી સાંભળે છે એમાં આખું વાંચવાની જરૂર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને આપના મારફત રક્ષણ મળવું જોઇએ.

અધ્યક્ષશ્રી : બધા સભ્યો વાંચીને જ આવ્યા હોય એમ માનીને હું અહીં બેઠો છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મને રક્ષણ મળવું જોઇએ.

અધ્યક્ષશ્રી : વાંચવાનું બંધ કરીને એક એક કલમ ઉપર જે તમારે કહેવું હોય એ તમને કહેવાની છૂટ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની અંદર કરેલી જોગવાઇ મુજબ કલમ–૧૩ મુજબ એવું સૂચવવામાં આવ્યું છે, કે આવી કોઇ વ્યવસ્થા દૂર કરવા માટેનો જયારે હુકમ કરવામાં આવે અને હુકમ કરવા માટે જે અસરગ્રસ્ત વ્યકિત છે એ પૈસા ભરવા માટે સક્ષમ ન હોય તો આવી રકમ કલેકટરશ્રી જમીન મહેસૂલ તરીકે વસૂલ કરવાપાત્ર બનશે. આ મારે જો કલમ–૧૩ને ઉલ્લેખવી હોય તો ૧૧ અને ૧૩નો

સંદર્ભ ટાંકયો છે એ હું ના કહું તો કોની પાસેથી વસૂલ કરવાની એ આ ગૃહને હું માહિતગાર નહીં કરી શકું. એક નહેર અધિકારી કોઇ દંડ કરે, કોઇ સૂચના આપે કે કોઇ હુકમ કરે, એનું પાલન કરવા માટે ઉભી થતી ખર્ચની જોગવાઇ એ આ બિલથી સરકાર નથી કરતી, એ નહેર, નહેરની બાજુમાં લાગુ જમીનવાળા વ્યકિતગત ખેડૂત ખાતેદારો એણે એના હુકમનું પાલન કરવાનું અને જો આ હુકમનું પાલન કરવામાં ન આવે તો કલમ-૧૩થી એવી જોગવાઇ કરી છે કે જમીન મહેસૂલની બાકી તરીકે આ રકમ વસૂલ કરવાપાત્ર થશે. આનાથી તો કાલે એવી પરિસ્થિતિ નિર્માણ થશે કે નહેરની જે જમીનો છે એ જમીનની આજુબાજુમાં ૨૦૦ મીટરના ક્ષેત્રમાં આવતી જમીનો, જમીનના ખેડૂતો, આવા અધિકારીઓ દરરોજ ખોટી નોટીસોથી, કાલે અહીંયા તમે પાળો બનાવો, પછી કહેશે આને તોડી નાખો, પછી કહો કે અહીંયા પાણા મૂકો, અહીંયા બંધ કરો, અહીંયા ખાબોચીયું કરો, આવા વારંવાર મનઘડત હુકમો કરશે અને હુકમો કર્યા પછી ખેડૂતનો દીકરો આખું વર્ષ પરસેવો પાડેને તો પણ બે ટાણા રોટલા નથી ખાઇ શકતો. ખેડૂતના દીકરાને એનો પરસેવો રળીને જે એનો પાક લણવાનો હોય એ પાક બજારમાં જાય તો એણે જેટલા ટીપા પરસેવાના પાડયા એટલા રૂપિયા નથી મળતા. એ રૂપિયામાંથી એને બે ટંકનો રોટલો ખાવો મુશ્કેલ થઇ ગયો છે અને એ બે ટંકનો રોટલો છીનવી અને આ સરકાર આવા મનઘડત નિર્ણયોથી જે કંઇ ચાર્જીસ નકકી કરશે એ ખેડૂતને આપવા ફરજિયાત બની જશે, અને જો એ પૈસા ભરવા સક્ષમ નહીં બને તો જમીન મહેસૂલની બાકી લેખે આપણા સરકારના કાયદાઓ મુજબ જમીન પણ સરકાર દાખલ થઇ શકે. જમીન જપ્ત કરી શકે, આવા નિયમોનો કાલે ગુજરાતના ૫૮ લાખ કરતા વધુ ખેડૂત કુટુંબોએ સામનો કરવો પડશે.મારી કોઇ ટીકા-ટિપ્પણી નથી. હું વિનંતી કરું છું કે કાલે આપે ટકોર કરી હતી એને મેં ધ્યાનમાં રાખી છે અને આ વખતે હું સુધરી ગયો છું અને ઘણો બધો સુધરવાનો પ્રયત્ન કરું છું.

**અધ્યક્ષશ્રી :** પહેલા સુધરેલા હતા પણ એમાં વધારો થયો છે એમ કહો.

**શ્રી પરેશ ધાનાણી :** આ બિલનું પ્રકરણ-૪ છે એની અંદર કલમ-૧૬થી એવું ઠરાવે છે કે નહેરમાંથી પાણી લેવા ઇચ્છતા દરેક વ્યક્તિએ નહેર અધિકારીને ઠરાવવામાં આવે તેવા નિયમોમાં અને તેટલી ફી સાથે એ મતલબની અરજી કરવાની રહેશે. પીવાના કે સિંચાઇના પાણી મેળવવા માટે ખેડૂતનો દીકરો, એણે અરજી કરવાની. જેને અરજી કરતા આવડતું હોય એ બધા ક્યાંકને ક્યાંક ધંધો કરે છે, રોજગાર કરે છે અને સરકારમાં નોકરી મેળવવા માટે લાઇનમાં ઉભા છે એને નોકરી મળતી નથી. મારા ખેડૂતનો દીકરો, જગતનો તાત, જે આખા જગતને અન્ન પૂરું પાડે છે એના જીવનના એ અમૂલ્ય શિક્ષણના દિવસોમાં એણે શિક્ષણ મેળવ્યું નથી. અંગૂઠો મારે અને પોતાનો પરસેવો પાડી આ જમીનની ખેડ કરે અને જે ઉત્પાદન કરે એ અન્નથી આ જગત નભી રહ્યું છે. આ અરજી કરવાની જોગવાઇ કરવામાં આવી એટલે ખેડૂતનો દીકરો એના પાદરમાં, એના ખેતરમાં તળાવ હોય, એના કાંઠે નદી આવતી હોય, નહેર આવતી હોય, નેળું કે ખાબોચિયું હોય અને એમાંથી પાણી મેળવવા માટે એણે અરજી કરવી પડશે. અરજી કરવા માટે ખેડૂતના દીકરાએ કોઇ ભણેલા ગણેલા વ્યક્તિને રોકવો પડશે. ભણેલો ગણેલો વ્યક્તિ આ રાજ્યમાં મફતની સેવા આપતો નથી, એટલે અરજી લખવા માટે ખેડૂતના દીકરાએ ૨૫-૫૦ કે ૧૦૦ રૂપિયા ફી ચૂકવવી પડશે.(અંતરાય) ખેડૂતના દીકરાને અરજી કરવાની અને કલમ ૧૬ના પેરા-૩ મુજબ આવી અરજી મળ્યેથી નહેર અધિકારી ઠરાવવામાં આવે તેવા કોઇ ખાસ હેતુ માટે પાણીના ઉપયોગના સંબંધમાં પાણી પુરવઠાની મર્યાદા, નિયંત્રણ અને માપ અંગે લાદેલી શરતો અને નિયંત્રણોને આધીન પરવાનગી આપશે. ખેડૂતના દીકરાએ અરજી કરવાની અને એ અરજી મંજૂર થશે એના માટે એક નહેર અધિકારી એ પાણી પુરવઠાની મર્યાદા, નિયંત્રણ અને માપ અંગે લાદેલી શરતો, આ શરતોને આધીન ખેડૂતના દીકરાને માટે સિંચાઇના પાણીની વ્યવસ્થા કરશે. કલમ-૧૭માં જોગવાઇ કરી છે કે ખેત-નીકને અથવા પાણી મેળવવાનો હક્ક ધરાવનાર વ્યક્તિને પાણી આપવાનું બંધ કરી શકશે નહીં.

આ બિલની કલમ-૧૭માં જોગવાઇ કરી છે. એના ક થી જ સુધીના કારણો આપ્યા છે. કોઇ નહેરમાં રીપેરીંગ કરવાનું થતું હોય તો બંધ કરી દેશે, કોઇ વાંધો નહીં. એમાં કોઇ સુધારા-વધારાની કામગીરી માટે બંધ કરવાની હોય તો વાંધો નહીં. કારણ-ઘ માં લખ્યું છે કે પાણી નકામું વહી જતું અટકાવવા અથવા એના

દુરુપયોગ અટકાવવા જ્યારે અને જ્યાં સુધી તેમ કરવું જરૂરી જણાય ત્યારે ત્યાં પાણી બંધ કરી દેવામાં આવશે. આનાથી એવું થશે કે આવતીકાલે ગુજરાતમાં કોઇ ખેડૂતનો દીકરો આ સરકારે નીમેલા નહેર અધિકારીઓ એવું નક્કી કરશે કે અમારે ફલાણા ખેડૂતને પાણી આપવું છે અને ફલાણાને નથી આપવું અથવા તો શાસન કરનારા જે કોઇ સત્તાધારી પાર્ટી છે એ નક્કી કરશે કે અમુક ખેડૂતો જે સત્તા વિરોધી વાત કરે છે, સત્તાની વિરુદ્ધ એના હક્ક માટેની લડાઇ લડે છે, સત્તાની વિરુદ્ધ આ મત આપી રહ્યો છે તો એવા ખેડૂતને આ જોગવાઇથી એના કૂવામાં પાણી હોય તો એ પાણી નહી મેળવી શકવા માટે થઇને એને પ્રેસરાઇઝ કરશે, એને દબાવશે અને પાણી વ્યવસ્થાપનના બહાને રાજકીય વ્યવસ્થાપનનો ઇરાદો આ બિલથી રાજ્ય સરકાર લાવી છે. આ ગૃહમાં બેઠેલાને, મારા સન્માનનીય સાથીઓને (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, અહીંયા કહો. એ તો બધા સમજું જ છે મને સમજાવી દોને. એક મિનિટ..

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૭૦% કરતા વધુ લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ ગૃહની અંદર સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થાપન બિલના સંદર્ભની અંદર પેલી જે કલમો અને જોગવાઇઓ ટાંકવામાં આવી છે. આ બિલથી સિંચાઇના પાણીનો નિકાલ થાય કે નહિ એની મને ખબર નથી પણ આ બિલની પાછળ રાજ્ય સરકારનો ઇરાદો એના રાજકીય મેનેજમેન્ટનો છે. સત્તામાં પાછા આવવા માટે થઇને અંગ્રેજોના જમાનાની શાસન વ્યવસ્થા સાચી લાગુ કરવાનો આ બિલની અંદર સરકારનો સંદર્ભ છે. આ બિલની કલમ ૧૮ની અંદર (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બધાયનો વિરોધ કરો છો એ તો કહી દીધું તમે, પછી એક એક કલમ વાંચવાની શું જરૂર છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બિલની કલમ – ૧૮થી કયા ખેડૂતને કેટલું પાણી આપવું કે નહિ એની જોગવાઇ એક નહેર અધિકારી કરવાના છે. આ સરકાર જે બિલ લાવી છે તેની કલમ – ૧૯ના પેરા (૨)માં કોઇ નહેર સબંધી કોઇ કામનો અથવા નહેરને લગતી જમીનનો ઉપયોગ કરવાનો હક ધરાવતી વ્યક્તિથી અને તે નહેરના પાણીનો ઉપયોગ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પાછું વાચવાનું ચાલુ કર્યુ? આપને કેટલીવાર મારે કહેવું? તમારે જે કહેવું હોય તે કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૯ ના પેરા (૨)થી સરકારે જે જોગવાઇ કરી છે. આ જોગવાઇથી સરકાર એવું નક્કી કરવા માગે છે કે મારા બાપ–દાદાના માલિકીના ખેતરની અંદર કૂવો હોય એ કૂવાની અંદર કુદરતી કૂવાના તળ ઊંચા આવે એ રીતે પાણી ઉપલબ્ધ થતું હોય, આવું પાણી મારે ક્યાં વાપરવું તેનો અધિકાર મને નહિ, પણ આ સરકાર લઇ લેવા માગે છે. મારા બાપ–દાદાના માલિકીના કૂવામાં કુદરતની મહેરબાનીથી પાણી મળે તો પાણી વાપરવાનું ક્યાં? એ મારે નક્કી નહીં કરવાનું આ બિલની જોગવાઇઓથી સરકાર નક્કી કરશે કે આ પાણી મારે ક્યાં વાપરવું? માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં સરકારે એવી જોગવાઇ કરી છે કે પાણી ક્યાં વાપરવું? શા માટે વાપરવું? એ તો સરકાર નક્કી કરશે. ખેડૂતનો દીકરો છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : મારે તમને રોકવા નથી, પણ એમાં એવું છે કે વેચી શકશે નહીં. બીજાને દઇ શકશે નહીં. ખેડૂત પોતાના માટે થઇને મનફાવે તે રીતે ઉપયોગ કરી શકશે. ખેતરની અંદર કૂવો હોય એ કૂવાનું પાણી બીજાને વેચી ના શકે. ઇન્ડસ્ટ્રીઝવાળાને વેચી ના શકે એ રિસ્ટ્રીકશન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પાણી આપી શકશે નહિ.

અધ્યક્ષશ્રી : પાણી ક્યારે આપે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પેટાભાડાનો મતલબ જે છે ને એ ખેડૂતનો દીકરો છું. સમજાવવા માગતો હતો. કોઇ એક નંબરની અંદર બે ભાગ પડ્યા. અમે બાપાના બે ભાઇઓ છીએ. માની લો કે મારા કૂવાની અંદર પાણી છે અને મારો ભાઇ છે, એની સૂકી ખેતી છે, તો મારા કૂવામાંથી આપી શકાય?

અધ્યક્ષશ્રી : પેટા ભાડે ના આપવું. એમનેમ તમે આપી શકો. આપ વાંચીને કહો છો? વાંચવુ જુદું છે અને કહો છો એ જુદું છે. ચલાવો તમારું પ્રવચન.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ કહું છું કે પેટાભાડે હું મારી જમીનના મારા

કૂવામાંથી મારા સબંધીને, મારા ભાઇને, મારા પાડોશીને પાણી પૂરું પાડવાની વ્યવસ્થા કરું છું તો સરકાર આ બાબતથી, આ કાયદાથી રોકી રહી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ, શાંતિ રાખો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે વળતર આપવાનું પ્રકરણ–૫માં મારે આપનું ધ્યાન દોરવું છે. કલમ–૨૦મું(ખ) કોઇપણ વ્યક્તિ વળતર માગી શકશે પણ કેવા સંબંધોમાં વળતર માગવાનું નહિ? આ બાબત મારે એટલા માટે ઉલ્લેખ કરવી છે કે આ બિલ જ્યારથી લાગુ થશે ત્યારથી આ રાજ્યની અંદર માત્ર આ બિલને સંબંધિત લાખો કેસો, ફરિયાદો અને અપીલો ઊભી થવાની છે. નામદાર કોર્ટોની અંદર અત્યારે કેટલા બધા દીવાની અને વિવાદી કેસોનો ભરાવો થયો છે?

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રાખવું છે કે પૂરું કરવું છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ રાખવું છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**( વિરામ : બપોરના ૨–૩૦ થી ૩–૧૫ )**

**(અધ્યક્ષશ્રી, વજુભાઇ રૂ. વાળા અધ્યક્ષસ્થાને.)**

શ્રી પરેશ ધાનાણી (ક્રમશ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં અઢાર હજાર કરતાં વધુ ગામડાઓ જેના આવકના સાધનો માત્રને માત્ર ખેતી અને ખેતી આધારિત વ્યવસાય સાથે સંકળાયેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસ સાક્ષી છે કે અન્ન માટે, હવા માટે અને પાણી માટે ક્યારેય કોઇ રાજયની શાસન વ્યવસ્થાની અંદર બંધનો કરવામાં નહોતા આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, લોકોની સુખાકારી માટે એનું સારું વ્યવસ્થાપન થાય એવા જરૂર પ્રયાસ કરી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી મહોદય આ એકવીસમી સદીના આધુનિક ભારતની અંદર પાણીના સુવ્યવસ્થાપન માટે જો આ કાયદો લઇને આવ્યા હોત અને એના માટે અનુકૂળ જોગવાઇઓ કરવામાં આવી હોત તો ઘણો આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર આ બિલમાં કરેલી જોગવાઇઓથી એ પોતાના હાથમાં એવી શક્તિઓ લેવા માગે છે, આ કાયદાની જોગવાઇઓથી એવું નક્કી કરવા માગે છે કે, શાસન વ્યવસ્થાની સાથે વાણીથી, વિચારોથી અને વર્તનથી કોઇ વ્યક્તિ ન જોડાય તો એના ઉપર ડિક્ટેટર શીપ કેમ લાદી શકાય, એને કેમ દબાવી શકાય, એને કેમ ધમકાવી શકાય, એને કેમ હેરાન–પરેશાન કરી શકાય, આવી શાસન વ્યવસ્થા આ બિલથી માનનીય મંત્રીશ્રીએ લાગુ કરેલી જોગવાઇઓથી ઉભી થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતનો દીકરો એના લોહીના ગુણ છે, એને જન્મજાત ખબર હોય કે મારી જમીનની અંદર કઇ સીઝનની અંદર કેવા પ્રકારના પાકનું વાવેતર કરું તો હું વધુ ઉત્પાદન લઉં. સરકાર જો સારી વ્યવસ્થા કરે તો મને પોષણક્ષમ ભાવ મળે અને મારા ઘર, પરિવારનું સારૂ ગુજરાન ચાલે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની કલમ–૧૮માં જે જોગવાઇ કરવામાં આવી છે, સરકારશ્રી આ જોગવાઇથી એવું વ્યવસ્થાપન કરવા માગે છે કે, સરકાર ધારે ત્યારે અને ધારે એવા પાકો માટે થઇને જ પાણી આપશે. ખેડૂતોને સરકાર દ્વારા દબાવવામાં આવશે કે, તમે કપાસ વાવો તો જ અમે પાણી આપીશું અને પછી કપાસના ઉદ્યોગપતિઓ સાથે પોતે શું ગઠબંધન કરવા માગતા હોય એની મને ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એવું નક્કી કરશે કે, મગફળી વાવો તો જ અમે પાણી આપીશું પછી તેલીયા રાજાઓની સાથે શું ગઠબંધન કરે એની મને ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એવું નક્કી કરશે કે, ખેડૂતના દીકરાએ કયો પાક વાવવો? માનનીય અધ્યક્ષશ્રી, સુશાસન એને કહેવાય કે, લોકોની જરૂરિયાતો, એ જરૂરિયાતોને અનુરૂપ સરકાર ઓછામાં ઓછા નીતિ–નિયમો અને શરતોને આધીન એની જે શક્તિઓ છે એને ખિલવવાનો પ્રયાસ કરે. આ બિલથી આ રાજયના મહેનતકશ ખેડૂતો, જે પોતાનો પરસેવો પાડી અને આ દેશની પ્રજાને અન્ન પૂરું પાડે છે એ ખેડૂતોની પાંખો કાપી લે અને પછી ખેડૂતોને ઉડવા માટે આઝાદી દેવાનો પ્રયાસ આ બિલથી થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની અંદર જે જોગવાઇઓ કરવામાં આવી છે, આ જોગવાઇઓની અંદર સરકારે એવું નક્કી કર્યું કે, નહેરની આજુબાજુની જે બસો મીટરની જમીન છે ત્યાં આવેલા કૂવાઓ હોય, બોર

હોય, દાર હોય, તળાવ હોય, ચેકડેમ હોય, કાંસ હોય, પાળા હોય આમાં જમીન રીઝે, નહેરના કારણે જમીન રીઝે અથવા તો કૂવાની અંદર કુદરતી સ્ત્રોતોથી પાણી વધે તો એ સરકારે એને પાણી પૂરું પાડ્યું છે તો એ કૂવાઓ અથવા દારમાંથી પણ જે ખેડૂત સિંચાઇનો લાભ લેતા હોય એની પાસેથી પણ સરકાર વારંવાર જેવા નિયત દરો કરે એ દર વસૂલ કરવાના. માનનીય મંત્રી મહોદયને ખબર નહીં હોય કે આ રાજયનો ખેડૂત એના પરસેવાની ટીપાટીપાની કમાણીમાંથી પોતાના છોકરાને ભણાવતો નથી, પોતાના છોકરાને પુરું બે ટંકનું ભોજન દેતો નથી પણ વધુ ઉત્પાદન કરવા માટે થઇને, સિંચાઇના સ્ત્રોત વધારવા માટે થઇને સિઝનમાં લાખ રૂપિયા કમાયો હોય ને તો એ લાખ રૂપિયામાંથી ઓછામાં ઓછા ચાલીસ હજાર રૂપિયા નવા દાર કે બોર કે કૂવા કરાવવા માટે આજે પણ ખર્ચે છે. સરકારે આમાં જે વળતરની જોગવાઇ કરી છે કે કયા કારણોસર વળતર નહીં માગી શકે. દક્ષિણ ગુજરાતના મારા સન્માનનીય સાથીઓ અહીંયા બેઠા છે. નહેરના કમાન્ડ વિસ્તારની અંદરની જે જમીનો છે આ નહેરના કુદરતી સ્ત્રાવના કારણે જે  પાણીનો રીઝાવ આવે એ રીઝાવથી જમીનોની ઉત્પાદકતા ઘટી છે. માનનીય મંત્રી મહોદયને એ વાતની જાણ હશે કે જમીનમાં સારું ઉત્પાદન લેવા માટે થઇને એને સમયે સમયે ખેડ કરવી પડે, એને તપાવવી પડે અને યોગ્ય પાકો માટે થઇને એ જમીનને એની જરૂરિયાત મુજબનું પાણી મળે તો ઉત્પાદન વધે. હું ખેડૂત છું. નવા નવા અખતરા કરવાની આદત એટલે મારી એક જમીનમાં મેં કાજુનું વાવેતર કર્યું. નવા નવા છોડ વાવ્યા. ઉનાળાનો સમય હતો. પ્રેમ વધુ હોય ને એટલે વીસ દિવસ સુધી સળંગ મેં એને પાણી પાયું. પાણી પાયું એટલે છોડના પત્તા પીળા થવા માંડયા. મેં વેંગ્રુલા યુનિવર્સિટીમાં પ્રોફેસરનો નંબર હતો એને પુછયું કે મેં વાવેતર કર્યું છે અને નિયમિત પાણી પાઉં છું પણ આ છોડ તો પીળા પડવા માંડયા. મને એ તજજ્ઞએ કીધું કે પરેશભાઇ, પાણી પાવાનું બંધ કરી દો. પાણી વધી ગયું છે. એમ કુદરતી આ નહેરોના રીઝાવથી જે ૨૦૦ મીટરના ક્ષેત્રની અંદર આવતી જમીનો છે એને પાક ઉત્પાદકતા વધવાની બદલે નુકસાન વધુ થવાનું અને આવું પરાણે પાણી જે જમીનોની અંદર મળવાનું છે એના પર પણ સરકાર વેરાઓ લાદે, એની પાસેથી પણ સરકાર વેરા વસૂલ કરવાની જોગવાઇ કરે?

આ બિલમાં લખ્યું છે, રાજય સરકારના નિયંત્રણ બહાર હોય એવા કોઇપણ કારણોસર ખેડૂતોને વળતર ચુકવવામાં નહીં આવે. આ બિલની અંદર એવી જોગવાઇ કરી છે. કલમ-૨૦ ની પેરા-૩ મુજબ કે જયારે નહેરનું પાણી પુરું પાડવામાં ન આવે અથવા પુરું પાડવાનું બંધ કરવામાં આવે ત્યારે જે કંઇ નુકસાન થાય તો એનાથી વળતર આપવામાં નહીં આવે. કાલે આ કાયદાની જોગવાઇઓને લઇને સ્થાનિક નહેર અધિકારી એવું નક્કી કરશે કે એ કમાન્ડ વિસ્તારમાં આવતા જે ખેડૂતો છે એણે બે નંબરની અંદર જેટલો (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ, તમારે બોલવું હોય તો છૂટ છે. તમારી જગ્યા ઉપર જાવ.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વળતર ચૂકવવામાં નહીં આવે. ફરી પાછું માનનીય મંત્રી મહોદયનું ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, ટકોર કરી છે એટલે હું કલમનો ઉલ્લેખ કરું છું. કલમ-૨૦માં નીચેના કારણોસર થયેલા નુકસાનના સબંધમાં કોઇ વળતર આપી શકાશે નહીં. માનનીય મંત્રી મહોદય, ક, ખ, ગ, ઘ એવું દાખલ કર્યું છે એનો પેરા-૩ એવું કહે છે કે નહેરમાં પાણીના યોગ્ય વહનનું નિયમન કરવા માટે અથવા સિંચાઇનો ઠરાવેલ માર્ગ જાળવવા માટે નહેર અધિકારીને જરૂર લાગે તેવા કોઇ પગલાંને લીધે હું એટલા માટે આ કલમ આપના ધ્યાન ઉપર મુકવા માગું છું. કાલે કોઇ નહેર અધિકારી એવું નકકી કરશે કે એક વખત પાણી આપવાનો નિર્ણય કર્યો એ રવિ સિઝન હોય. રવિ સિઝનની અંદર ખેડૂતો માત્ર ને માત્ર નહેર આધારિત સિંચાઇના પાણી ઉપર નિર્ભર હોય છે અને એક વાર પાણી આપે એટલે ખેડૂતનો દિકરો ઘઉં વાવે, ચણા વાવે, મગફળી વાવે, તલ વાવે જે કાંઇ વાવવું હોય તે વાવે અને પછી નહેર અધિકારી એવો નિર્ણય કરે કે હવે પાણી નથી આપવું. પાણી નહીં આપવાના નહેર અધિકારીના નિર્ણયથી ખેડૂતનો દીકરો એનું મોંઘું બિયારણ, એના પરસેવાનું દરેક ટીપું એ ખેતીની ખેડ માટે એણે કરેલું રોકાણ વ્યર્થ જાય. એનો પાક નિષ્ફળ જાય અને છતાં સરકાર એમ કહે એના માટે વળતર ચૂકવવામાં નહિ આવે. આ કેવા પ્રકારની કાળી જોગવાઇઓ આ બિલમાં કરવામાં આવી છે.  અપીલ માટે ૧૨ મહિનાની મુદત નક્કી કરવામાં

આવી છે. કલમ-૨૧ થી નિર્દિષ્ટ કરેલ છે ખેડૂતોને મળવાપાત્ર વળતર આપવાનું થાય તો ફરિયાદ હોય તો તે નુકસાન શરૂ થયાના સમયથી ૧૨ મહિનાની મુદતની અંદર આ અધિનિયમ હેઠળ વળતર માટે માગણી ન કરવા માટે માગણી કરનાર પાસે પૂરતું કારણ હતુ તે સિવાય, આવી મુદત પૂરી થયા પછી તેવા વળતર માટેની માગણી સ્વીકારી શકાશે નહિ. આ દરેક કલમો, જોગવાઇઓ અને એની અંદર મુદતો નક્કી કરી છે. આનાથી ખેડૂતનો દીકરો, અભણ ખેડૂત અટવાઇ જવાનો છે. એ પોતાના પરસેવાના ટીપે એકે એક કણ આ રાજયના વિકાસ માટે, આ સરકાર જશ લેતી હતી કે સમગ્ર દેશની અંદર સૌથી વધુ કૃષિ વિકાસ દર હોય તો ગુજરાતની અંદર છે. આ જશ લેતી હતી. આમાં સરકારનું શું યોગદાન? કુદરત રીઝે અને સારો વરસાદ વરસે. ખેડૂતનો દીકરો પરસેવો પાડી, ઢેફા તોડી પ્રભુને પ્રાર્થના કરતો હોય કે હે પ્રભુ એવો સરસ મેહ વરસાવ, કે અમે પરસેવાનું ટીપું રેડ્યું છે, ત્યાં કણનું મણ થાય. કુદરત રીઝ્યો, સારો વરસાદ વરસ્યો. વધુ ઉત્પાદન થયું. અને આ વધુ ઉત્પાદનથી જે કરોડો રૂપિયાની આવક ખેડૂતોને દીધી. સરકારની એક રૂપિયાની મદદ વિના રાજયને રળી આપી. એનાથી આ રાજયનો વિકાસ દર વધ્યો છે. આ રાજયની જી.ડી.પી. વધી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના શાસનકાળ દરમિયાન કુદરત મહેરબાન હતી. ઘણાં બધાં વર્ષો સારાં ગયાં. હમણા જ આ ૨૦૧૨ માં ભગવાનને થયું હું એક વખત અખતરો કરી દઉ. બે-ત્રણ મહિના મોડો વરસાદ પડ્યો, ત્યાં ગૃહના ઘણા બધા મિત્રો કેસરી કટકા ખિસ્સામાં નાખી દીધા હતા. ભૂલથી કોઇ જોઇ જાય તો મારી રણચંડી માતા અને બહેનો એમને છોડે તેમ ન હતી. માત્ર બે-ત્રણ મહિના વરસાદ મોડો થયો ત્યાં. આવા સંજોગોની અંદર આ સરકારની જે સિંચાઇ અને પાણીની વ્યવસ્થાની વાત હતી. વખાણ હતા. પોકળતા છતી થઇ ગઇ.

આ રાજયના ખેડૂતો નર્મદાની અંદર આ ગૃહમાં બેઠેલી કોઇપણ પાર્ટી હોય, કોઇપણ વ્યક્તિ હોય, નર્મદા આપણી છે. આપણે સર્વસ્વીકૃત સ્વીકાર્યુ છે કે આ નર્મદાની અંદર ક્યારેય વિવાદ કરવો નહિ, એટલા માટે કે નર્મદા આ રાજયની જીવાદોરી છે. આ નર્મદા યોજનાની અંદર આ રાજયની અંદર ૬૮,૮૮૯ કિ.મી. નહેરોનું નેટવર્ક નક્કી કરવાનું હતું. ૬૮,૮૮૯ કિ.મી. નહેર આ રાજય સરકારે બનાવવાની હતી. ૧૯૯૫ થી ૨૦૧૨ એમ ૧૭ વર્ષ કરતા વધુનો સમય ગયો. આ રાજયમાં એક નવું પેદા થયેલ બાળકને મત આપવાનો અધિકાર મળતો થઇ ગયો, પણ આ રાજયના ખેડૂતને નહેર મારફતે સિંચાઇનું પાણી નથી મળતું. નવા જન્મેલા બાળકને મત આપવાનો અધિકાર મળી ગયો. આ રાજયના ખેડૂતોને નહેર મારફતે સિંચાઇના પાણી ન મળ્યા. આજે પણ ગુજરાતની અંદર નર્મદાની કેનાલો છે. ૪૮૫૭૯ કિ.મી. નર્મદાની કેનાલનું નેટવર્ક કરવાનું બાકી છે. મારે મંત્રી મહોદયને અભિનંદન આપવાના હતા આ ગૃહમાં વાત લઇને આવ્યા હોત કે ૬૮,૮૮૯ કિ.મી.ની કેનાલો એ અમારા ૧૭ વર્ષના શાસનકાળમાં ૧૦ વર્ષ પહેલાં પૂરી કરી દીધી છે. તો અમે અભિનંદન આપત. પણ આ સરકાર કેનાલો નથી બનાવતી. આ સરકારે કેનાલો નથી બનાવવી, નહેરો નથી બનાવવી. માનનીય અધ્યક્ષશ્રી, નવા મધ્યમ અને મોટી કક્ષાના ડેમો નથી બનાવવા. કુદરતી રીતે ખેડૂતોને જે પાણી મળે છે તેમાંથી વેરો વસૂલ કરવાના બદઇરાદાથી આ બિલ આ સભાગૃહ સમક્ષ આવ્યું છે. આજે પણ ૪૮૫૮૯ કિલોમીટર નહેરો બાકી છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને મારે બે હાથ જોડીને વિનંતી કરવી છે કે આપ જે કંઇ જોગવાઇ કરવાની થતી હોય તેની આ વર્ષના બજેટની અંદર જોગવાઇ કરો અને આખું ગૃહ સર્વાનુમતે નકકી કરે કે ગુજરાતમાં નર્મદાની જે ૪૮૫૦૦ કિલોમીટર નહેરો બાકી છે તે આ બાર મહિનાના કાર્યકાળની અંદર પૂરી કરી દેવી. મને મારા ગૃહના વિરોધપક્ષના નેતા અને પક્ષ ઉપર પૂરતો વિશ્વાસ છે. અમે સર્વાનુમતે તમને ટેકો આપશું. કરો જાહેરાત. કેનાલો નથી બનાવવી અને કેનાલોના નામે આ રાજયને કુદરતી સ્ત્રોત દ્વારા જે કંઇ સિંચાઇના સાધનો પ્રાપ્ત થયા છે, તેમાં વેરા વસૂલ કરવા માટે આટલી બધી ઉતાવળ માનનીય મંત્રી મહોદય શું કામ કરે છે તેનો મને ખ્યાલ નથી પડતો.

આ બિલની કલમ.૩૦ પાણી પુરવઠાના દરો નકકી કરવા બાબત. રાજેન્દ્રસિંહ મારે આજે કેનાલોની જ વાત કરવી છે. સુરંગની કોઇ વાત નથી કરવી નહીં તો સાહેબ પાછા ખીજાશે. કલમ.૩૦ની અંદર પાણીના દર જે નકકી કરવામાં આવ્યા છે, તેમાં મુદ્દા નં.૨ જે સંબંધમાં રાજય સરકારને અત્યાર સુધી મહેસૂલ અથવા મહેસૂલની નિયત રકમ ચુકવેલ ન હોય તેવા પાણી પુરવઠાના જથ્થા માટે આ કલમ હેઠળ વધારાના આપેલ પાણી માટે દર લેવામાં આવશે. મારું માનવું છે કે આ કલમથી એવું થશે કે કોઇ કેનાલ તૂટી ગઇ અથવા કોઇ

કેનાલ રીઝતી હોય, કોઇ કેનાલ લીકેજ હોય અથવા તો સરકારે તે કેનાલ રીપેરીંગ માટે કે કોઇ કારણોસર જેમ કે ફલડનું પાણી આવ્યું હોય તેને કેનાલમાં ચડાવી દેવું પડે. આવું પાણી ખેડૂતોને માગ્યા વગર પ્રાપ્ત થાય તો આવા પાણી માટે સરકાર વારંવાર નિયત કરે એવા દરો વસૂલ કરવાની જોગવાઇ માનનીય મંત્રીશ્રીએ આ બિલમાં કરી છે. કલમ.૩૧માં પાણીના અનધિકૃત ઉપયોગ માટેની અને પાણીના બગાડ માટેના દરોની જોગવાઇ કરી છે. એક નહેર અધિકારી નકકી કરે કે આ કમાન્ડ વિસ્તારમાં આવતો કોઇ ખેડૂત એક નહેર અધિકારીની મુનસફી મુજબ પાણીનો બગાડ કરે છે તો આવા ખેડૂતની ઉપર પેનલ્ટીની જોગવાઇ આ બિલથી કરવામાં આવી છે. એક નહેર અધિકારીને એવું લાગશે કે પરેશ ધાનાણી નામનો ખેડૂત, તેને મારે હેરાન પરેશાન કરવો છે, હું કોઇનો દાખલો નથી દેતો પણ તેને હેરાન પરેશાન કરવો છે, તો તે પોતાની મુનસફી મુજબ તે નહેર અધિકારી ખોટી નોટીસો આપશે, તેની મુનસફી મુજબના કારણો ઉભા કરશે અને યેનકેન પ્રકારે મને નિયત દરે સિંચાઇનું પાણી મળવાનો અધિકાર હોવા છતાં મારી પાસેથી વધારાના વેરાની વસુલાત કરવામાં આવશે. આ તે કેવો કાયદો?

આ બિલની કલમ.૩૪ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. અનુશ્રવણ અને ચુવાણ માટેના પાણીનો દર. કલમ.૩૪માં માનનીય મંત્રી મહોદયે જે જોગવાઇ કરી છે તે કોઇપણ નહેરથી ૨૦૦ મીટરની અંદર ખેડાયેલી જમીનમાં આવી નહેરમાંથી પાણીના અનુશ્રવણથી અથવા ચુવાણથી સિંચાઇ માટે નહેરનું પાણી સીધી રીતે પૂરું પાડવાથી જે ફાયદો થાય તેને સમકક્ષ ગણવામાં આવશે. મેં લાખો રૂપિયા ખર્ચીને અત્યારે હયાત બોર કર્યા છે, કુવા છે ટયુબવેલ છે અને કુદરતની મહેરબાનીથી તેમાં પાણી ઉપલબ્ધ છે. આવું પાણી પણ આ સરકાર આ બિલથી પ્રસ્થાપિત કરવા માગે છે કે, સરકારે એવા પાણીની જોગવાઇ કરી છે અને એવા લાભાર્થી ખેડૂતો પાસેથી દર વસૂલવાની જોગવાઇ આ બિલની અંદર થઇ છે. આમાં એવી જોગવાઇ કરી કે આ નહેરની અંદરથી ચુવાણ થયેલું પાણી સપાટી ઉપર વહેવાથી કે ખોદેલા કૂવાને ફાયદો થાય તો પણ સરકાર એ ખેડૂત પાસેથી નિયત કરેલા દરે સિંચાઇ વેરો વસૂલ કરશે. દર વસૂલ કરવાની જોગવાઇ આ બિલમાં કરવામાં આવી છે. કલમ ૩૫ તરફ આપનું મારે ધ્યાન દોરવું છે, સિંચાઇ મંત્રીશ્રી જે સિંચાઇ અને પાણી નિકાલ વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે આની અંદર કલમ ૩૫થી જોગવાઇ કરવામાં આવી છે કે કુદરતી પ્રવાહ, કૃત્રિમ મોરી, ખોદેલા કૂવા, નહેરોમાંથી અનુશ્રવણ થયેલું પાણી અને આવા પ્રવાહો મોરી અથવા કૂવામાંના પાણીનો ઉપયોગ સિંચાઇના હેતુઓ સિવાયના અન્ય હેતુઓ માટે કરવામાં આવે તો આવા હેતુઓ માટે તે નહેરમાંથી પૂરું પાડવામાં આવ્યું હોય તો તે ચાર્જ સામાન્ય રીતે લેવામાં આવ્યો હોય તેના કરતા વધુ નહીં તેટલો પાણી દર તેવા ઉપયોગ માટે લેવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, હું કહેતો હતો ને કે, કૂવા, દાર અથવા બોરમાંથી પાણી મેળવી અને હું મારા શેઢા પડોશીઓને કયાંક મદદ કરતો હોય કે મારા સગા-વહાલાઓને મદદ કરતો હોય અને એ પાણીનો હકીકતે ઉપયોગ સિંચાઇના કામ માટે થઇને થતો હશે તો પણ હયાત વ્યવસ્થાની અંદર આપે પણ નજદીકથી આ બાબત જોઇ છે કે પાણીની પાઇપલાઇનો નાંખીને ૨-૩-૪-૫ કિલોમીટર સુધી ખેડૂતનો દિકરો સિંચાઇના પાણીની વ્યવસ્થા માટે પોતાના સ્વ ખર્ચે જોગવાઇ કરે છે. આવી કોઇ વ્યવસ્થા હશે અને એ નહેર અધિકારી એની મુનસફી મુજબ કોઇ ખેડૂત ઉપર એના મનસ્વી નિર્ણયથી નક્કી કરી લેશે કે આવડો આ પાણીનો ઉપયોગ છે એ સિંચાઇ સિવાયના કામમાં કરે છે અને આવો નહેર અધિકારી નિર્ણય કરી લે તો એ ખાતેદાર છે એને સિંચાઇના પાણીનો દંડ અને એની જે કાંઇ જોગવાઇઓ છે એનો સામનો કરવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૩૬માં જોગવાઇ કરી છે કે સિંચાઇના દર તો ખેડૂતે ભરવાના અને વારંવાર સરકાર નક્કી કરે એ રીતે એના વધારાના દરોનો સામનો કરવાનો, નહેર અધિકારીની મુનસફી મુજબ જે કાંઇ પેનલ્ટી કે જે કાંઇ સજાપાત્ર રકમ ભરવાની થાય એ ભરવાની અને ખેડૂતનો દિકરો આવી રકમો જો સરકારમાં ન ભરી શકે તો એના માટે સરકાર ખેડૂતને વ્યાજ ભરવા માટે જવાબદાર ઠેરવે એવી જોગવાઇ પણ કલમ ૩૬થી આ બિલમાં કરવામાં આવી છે. ખેડૂતને સહાય ન મળે તો કાંઇ વાંધો નહીં એને સિંચાઇ માટે થઇને વિના મૂલ્યે પાણી ન મળે તો કાંઇ વાંધો નહીં પણ, માનનીય અધ્યક્ષશ્રી, એ વેરાની વસૂલાત ખેડૂતનો દિકરો ખેતી ઉપર નિર્ભર છે, વરસાદ ઉપર નિર્ભર છે અને એમાંય નબળું વરસ થાયને તો બે ટાણાં રાંધતો

ખેડૂત છે એ ઘરમેળે નક્કી કરે પોતાની આબરૂ બચાવવા ગામમાં ભીખ ન માગી શકતો મહેનતકશ ખેડૂત એ ઘરમાં એક ટાણું ઓછું રાંધે અને પોતાનું આવતું વરસ સામો છેડો કેમ આંબશે એની ચિંતા કરતો હોય છે. બે છોકરા ભણતા હોય તો એકાદ છોકરાને શાળાએથી ઉઠાડી લેશે એ વિચારશે કે આપણે ફી ભરીશું તો ઘરે દૂધ નહીં આવે. આવી વ્યવસ્થાની અંદર ખેડૂતો ઉપર વ્યાજ? એક તો તમારે વેરો વસૂલવાનો અને એ વેરો ભરવા માટે ખેડૂત સક્ષમ ન બને તો એની માટે વ્યાજ વસૂલ કરવાની જોગવાઇ આ બિલથી કરવામાં આવે? આ કઇ પ્રકારની જોગવાઇઓ લઇને માનનીય મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ આવ્યા છે?

માનનીય અધ્યક્ષશ્રી, આટલેથી અટકતું નથી ખેડૂનો દિકરો જો એ સરકારે નક્કી કરેલો સિંચાઇ વેરો એના ઉપર નક્કી કરેલી પેનલ્ટી અને વ્યાજ ન ભરી શકે તો કલમ ૩૬(૨) મુજબ આવા ખેડૂતની એના બાપ-દાદાના પરસેવાની માલિકીની જમીનમાં સરકાર દાખલ કરી દેવાની એક સરમુખત્યારશાહી જોગવાઇ જો સરકારે કરી હોય તો આ બિલની અંદર કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપનું ધ્યાન દોરવા માગું છું કલમ-૩૬ ના પેરા - ૨માં કે આવી વસૂલાતો કરવા માટે ખેડૂત સક્ષમ ના બને તો આવી જમીનો સરકાર દાખલ કરવા સહિત ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, સને ૧૯૭૯ની કલમ-૧૫૦માં નિર્દિષ્ટ કરેલ પદ્ધતિઓ પૈકી કોઇપણ પદ્ધતિથી વસૂલાતને પાત્ર થશે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ નહેરો માટે સંપાદન કરવાની થતી જમીનના ચૂકવવાના થતાં પૈસા શું સરકાર પાસે નથી કે સરકાર આ બિલથી ખેડૂતોની જમીન પડાવી લેવા માંગે છે. શું ધાર્યું છે આ સરકારે? સરકાર દાખલ કરી દેવાની? ખેડૂતના દીકરાએ એના પરસેવાની કમાણીથી એ જમીનને સિંચી છે, ખેડી છે, નવસાધ્ય કરી છે, અને એનો પરસેવો રેડીને મને, તમને અને આ જગતને અન્ન પૂરું પાડે છે. એક શેઢાના ચાસ માટે થઇને માં ના જણ્યા ભાઇ સામે લડાઇ લડતા તકરારી કેસો આપણે ત્યાંની કેટલીય કોર્ટોમાં પેન્ડિંગ છે એનો અનુભવ માનનીય મંત્રી મહોદયને છે. શેઢાના ચાસ માટે વરસો સુધી લડાઇ લડવા માટે ખેડૂત તૈયાર હોય, વરસો સુધી કાયદાની કોર્ટોમાં ધક્કા ખાતો હોય અને એની માલિકીની જમીનોને પડાવી લેવાની બિન અધિકૃત જોગવાઇ જો કયાંય કરવામાં આવી હોયને તો આ બિલની અંદર સરકારશ્રીએ કલમ-૩૬ ના પેરા-૨ થી કરી છે.

માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે કે, આપણે ત્યાં સિંચાઇના સુવ્યવસ્થાપનથી આ રાજયની અંદર વધુને વધુ ખેડૂતોને સિંચાઇનું પાણી પૂરું પાડી શકાય એવી વ્યવસ્થા કરવી જોઇએ અને આ વ્યવસ્થાની અંદર અમે બધાય તમારી સાથે છીએ. ગામડે ગામડે પાણી મળે, ખેતરે ખેતરે સિંચાઇનું પાણી મળે એવો આ ગૃહનો સંકલ્પ હોવો જોઇએ. આ નર્મદા કેનાલથી ૪૫ લાખ એકર જમીનમાં પિયત વિસ્તાર આપવાની જોગવાઇ આપણે કરી. એ નર્મદાની કેનાલોનું માળખું પૂરું કરીએ તો આ રાજયની અંદર ૪૫ લાખ એકર જમીનને સિંચાઇનું પાણી પૂરું પાડી શકાય. મારે દુઃખ સાથે કહેવું પડે છે આ સત્તર વરસના સળંગ શાસનની અંદર માત્ર ૧૨ લાખ એકર જમીનની અંદર પિયત થઇ રહ્યું છે. હું જવાબદારી સાથે કહું છું કે આ બાર લાખ એકર પિયત જમીન છે તેની અંદર પણ સરકારી કેનાલોનું નેટવર્ક નથી, નહેરોનું નેટવર્ક નથી, ધોરિયાઓનું નેટવર્ક નથી, ખેડૂતો પોતાના કૂવામાંથી પાણી સિંચીને ખેતી કરે એ પણ આમાં આવી ગઇ, કેનાલોમાંથી પંપીંગ કરીને પોતાના ખર્ચે પાણી લઇને પંપીંગથી લિફ્ટ ઈરીગેશનથી જે સિંચાઇ કરે એ પણ આ બાર લાખ એકરની અંદર આવી ગઇ. આજે સત્તર સત્તર વરસના સળંગ શાસન પછી પણ આ રાજયમાં ૩૩ લાખ એકર જમીન સૂકી ભઠ્ઠ છે. ખેડૂત એક એક ટીપુ સિંચાઇના પાણી માટે વલખાં મારી રહ્યો છે એના પાકને બચાવવા માટે થઇને. ક્યાંય પોતાના કૂવામાં પાણી હોય, આ સરકારની મહેરબાનીથી કૃષિ વિષયક વીજ જોડાણ ન મળ્યું હોય અને પાક બચાવવા માટે ભૂલથી આંકડા નાંખેને તો ખેડૂતને આ સરકાર જેલમાં પૂરી દે છે. પોતાની વાડીએ રાખેલા ઢોર, ઢોરને થોડી ખબર પડે છે કે, લાઇટના કારણે અવેડો ખાલી છે અને મને પીવાનું પાણી નથી મળતું, એ માલ ઢોરને પીવાનું પાણી પૂરું પાડવા માટે ખેડૂતનો દીકરો ક્યાંક ભૂલથી બે આંકડા જોડી અવેડો ભરવા માટે થઇને પ્રયાસ કરેને તો આ સરકાર ખેડૂતને જેલમાં પૂરી દે. માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફતે માનનીય મંત્રી મહોદયને વિનંતી છે કે,

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, તમે જરાક ઝડપ કરો, તમે હજી કલમ ૩૬ સુધી જ પહોંચ્યા છો, ૬૦ સુધીની કલમો છે. હાઉસની અંદર આ કોઇ પદ્ધતિ નથી ક્યારેય, તમારે જે કહેવું હોય તે તમે એક એક કલમ

ઉપર મેં વાત કરી તેમ કહી શકો છો, તમારું બધું રિપિટેશન થાય છે, ખેડૂતોને અન્યાય, ખેડૂતો પર અત્યાચાર, કલમનો ચોકકસ વિરોધ કરો, કલમ ઉપર કહો તમે

શ્રી પરેશ ધાનાણી : મારી હૃદયપૂર્વક આપને વિનંતી છે કે બિલ ઉપર બોલું છું, બિલના સંદર્ભથી બહાર કોઇ વિષયોને હું ટાંકતો નથી.

અધ્યક્ષશ્રી : જરાક ઝડપ કરો તમે હજુ કલમ ૩૬ સુધી જ પહોંચ્યા છો. ૬૦ સુધી કલમ છે અને હાઉસની અંદર આ કોઇ પદ્ધતિ નથી. તમારે જે કહેવું હોય એ તમે એક એક કલમ ઉપર મેં વાત કરી તેમ કહો. પણ તમારું બધુ રિપિટેશન થાય છે. (અંતરાય) એક મિનિટ, રિપિટેશન બહુ થાય છે. ખેડૂતોને અન્યાય, ખેડૂતો ઉપર અત્યાચાર આ રીતે. તમે કલમ રજૂ કરીને વિરોધ કરો. તમે કલમ ઉપર કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી હ્દયપૂર્વક આપને વિનંતી છે કે, બિલ ઉપર, બિલના સંદર્ભથી બહાર કોઇ વિષય..

અધ્યક્ષશ્રી : સંદર્ભ નહીં. રિપિટેશન ન કરો. ખેડૂતને અન્યાય, ખેડૂત ઉપર આમ, ખેડૂતના દિકરાને ભણવાનું હોય, ખેડૂતની આ જમીન. તમે એકને એક વાત રિપીટ વાત કરો નહીં. કલમમાં કહો ચોક્કસ કે આનાથી ખેડૂતને નુકસાન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે મારા અત્યાર સુધીના જે મુદ્દા છે તેમાં કયાંય પણ રિપિટેશન થયુ હોય તો એને આ ચર્ચાનો ભાગ ન ગણવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, હું રિપિટ નથી કરતો. મેં આપનું અગાઉ ધ્યાન દોર્યુ કે આ બિલની ૬૦ કલમો પૈકી ૯૦ ટકા કલમો દૂર કરવી પડે એમ છે. અને દરેક કલમથી નુકસાન માત્ર અને માત્ર ખેડૂતને જ થાય છે. હવે ખેડૂત નામનો શબ્દ આવે અને સરકારને ચિંતા થાય.

અધ્યક્ષશ્રી : સરકારને જે થાતું હોય તે થાય. હું તો મને જે થાય છે તે તમને કહું છું રિપિટેશન ન કરો. સરકારને જે થવાનું હોય, તમને જે થવાનું હોય તો એ બન્નેને ભલે થાય. પણ વહેલું કરો તો બીજાનો વારો આવે. હું એમ કહું છું કે સચોટ રીતે તમે બોલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારને ખેડૂતથી કોઇ પણ પ્રકારે વાંધો હોય તો આ રાજયના બધા ખેડૂતોને રાજવટો આપી દો, આ રાજયની બહાર તેને હદપાર કરી દો, તેને ફાંસીના માંચડે ચડાવી દો.

અધ્યક્ષશ્રી : ઠરાવ મૂકજોને એવો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રોજ રોજ મરવા કરતાં એક વખત શહીદ થવું સારું. આ ખેડૂતોને રિબાવવાનો પ્રયાસ આ બિલથી રાજય સરકારે કર્યો છે. આ બિલથી સરકારે જોગવાઇ કરી કલમ-૩૭ના પેરા ૭ ઉપર ધ્યાન દોરવું છે. આપણાં સૌરાષ્ટ્રમાં એક કહેવત છે કોઇ વ્યકિતને વારંવાર વાત કરીએ છતાં સમજે નહીં તો આપણે તેને તળપદી ભાષામાં કહીએ છીએ કે સાલો ડોબા જેવો છે. (અંતરાય) આમાં ઢોરનો ઉલ્લેખ છે. મારો કોઇ વ્યકિતગત આક્ષેપ નથી. ડોબા જેવો છે એટલે કે તેને સમજ નથી. વાત સમજી શકતા નથી પશુ જેવો છે. આ બિલમાં કરેલી જોગવાઇથી રાજય સરકારે આ રાજયના પશુઓને શિક્ષિત કરવા માટેની વ્યવસ્થા ઉભી કરવી પડે એવી હાલત થઇ છે. ઘેંટાને, બકરાને, બળદને, ગાયોને અને ડોબાને બધાયને પ્રશિક્ષણ આપવું પડશે. પ્રશિક્ષણ આપવું પડશે કે ખબરદાર જો આ કેનાલની બાજુમાં ગયા છો તો, નહેરની બાજુમાં ગયા છો તો. એટલા માટે કે પેલા ડોબા, માલઢોર ભૂલ કરશે અને તેની સજા તેના માલિકને ભોગવવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૭માં જોગવાઇ કરી કે કોઇપણ નહેર ઉપર કે પુલબંધ ઉપર ઢોરને ચરાવડાવે અથવા જાણીબુઝીને અને ઈરાદાપૂર્વક ઢોરને ચરવા દે અથવા આવી કોઇપણ નહેર અથવા બંધ ઉપર ઢોરને દોરડાથી ખીલે બાંધે, આવી નહેર કે કેનાલ ઉપર જે ઉગતું ઘાસ હોય, ઝાડ-પાન હોય, તો પશુઓનો તો ખોરાક જ આ ઝાડ-પાન અને ઘાસ છે. હવે તેને કેમ સમજાવવાનું કે ભાઇ તમારે તમારો ખોરાક નહીં ખાવાનો. ઢોરને કેમ સમજાવવું ? આજે આ રાજયની અંદર મારી માતાઓ, બહેનો કુપોષણથી પીડાય છે કાલે ગુજરાતની અંદર આ બિલથી એવી પરિસ્થિતિ નિર્માણ થશે કે આ રાજયનું પશુધન છે તે કુપોષણથી

પીડાવાનું છે. તેને પૂરતો ચારો કે નિણ નહીં મળે, એ ઢોર ભૂખ્યું રહેશે. તે દસ શેર દૂધ દેતું હતુંને તે બસ્સેર દૂધ દેતું થશે. આ દૂધથી આ રાજયમાં જન્મતા બાળકને માતા દૂધની શીશીથી તે બાળકનું પોષણ કરે છે. ઓછાં દૂધનું ઉત્પાદન થાય એટલે નકલી દૂધ બનાવવાવાળાનો રાફડો ફાટી જવાનો. દૂધમાં ભેળસેળ થાય તે માની શકાય પણ નકલી દૂધ મેં હજુ સુધી કયારેય જોયુ નહોતું. માનનીય મંત્રી મહોદયને મારે વિનંતી કરવી છે કે, પધારો અમરેલીના આંગણે. અમારે ત્યાં દૂધમાં ભેળસેળ નથી થતી. પાણી, લોટ, દૂધનો પાવડર અને તેલ વલોણાથી મિશ્રણ કરીને નકલી દૂધ બને છે. એ નકલી દૂધમાં આ બિલની જોગવાઇઓથી વધારો થવાનો છે. તેના કારણે બાળક પણ કૂપોષણથી પીડાશે. અને તેથી ઢોરને પ્ર શિક્ષણ માટેની આ રાજય સરકારે શું વ્યવસ્થા કરી છે તે આ બિલની પહેલા રાજય સરકાર જોગવાઇ કરે. ગામડે ગામડે પશુ પ્ર–શિક્ષણ શાળાઓનું આયોજન કરે અને એ ઢોર જયારે સર્ટિફીકેટ આપે કે અમે હવે સમજતા થઇ ગયા છીએ, અમે કેનાલની બાજુમાં ફરકવાના નથી, અમે નહેરની બાજુમાં ફરકવાના નથી, ત્યારે આ કાયદો કે આ કાયદાની જોગવાઇ લાવે તો મને કોઇ વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રકરણ ૭ ગુના અને શિક્ષાઓની જોગવાઇઓ વાળું પ્રકરણ છે. એ પ્રકરણના પેરા–૮ માં વર્ણવ્યા મુજબ કોઇ પણ મરામત, સફાઇ કામ કરવામાં મદદ અથવા મદદ કરવાનું ચાલુ રાખવા માટે એ આવું કરવા કાયદેસર બંધાયેલ હોય ત્યારે વ્યાજબી કારણ સિવાય એમ કરવામાં બેદરકારી રાખે, આ વાત એટલા માટે કરું છું કે એક નહેર અધિકારી તેના કમાન્ડ ક્ષેત્રમાં આવતા ખેડૂતોને જવાબદારી ઉભી કરી શકશે અને સૂચના આપી શકશે કે તમારે અહીંયા મદદ કરવાની, તમારા ખેતરમાં આમ કરવાનું, આવી જવાબદારી, વિના કારણ બેદરકારી કરે તો એને સૂચના આપી દીધી પછી કોઇ ખેડૂત નાણાકીય અક્ષમતાના કારણે સમયની અક્ષમતાના કારણે કે શારીરિક અક્ષમતાના કારણે જો આનું પાલન નહી કરી શકે તો આ પ્રકરણ ૭ ની કલમ ૩૮ મુજબ તે શિક્ષાને પાત્ર બનવાનો છે. આમાં જોગવાઇ કરી છે કે એ વ્યકિતનું આવું કૃત્ય ભારતના ફોજદારી અધિનિયમના અર્થ પ્રમાણે ઉપદ્રવ કરવાનો ગુનો થતો ન હોય ત્યારે મેજીસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠર્યે એવા દરેક ગુના બદલ ૩ મહિના સુધીની મુદતની કેદ અથવા ૫૦૦૦ રૂપિયાનો દંડ અથવા તો બન્ને શિક્ષા કરવામાં આવશે. ખેડૂતોને કેદ? માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ આપને કહ્યું કે બધા જ ખેડૂતોને જેલમાં પૂરી દો ને, આ રાજયમાં જેલમાં જે ગુનેગારોને પૂરવામાં આવે છે તેમને પણ અન્ન મેળવવાનો અધિકાર છે. આપણે તંત્ર દ્વારા એને અન્ન પૂરું પાડવું પડે છે, અને અન્ન પૂરું પાડવા માટે ઉત્પાદન કરનારાઓને જેલમાં પૂરવાનો કાયદો કરવાનો?

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, બને તો ટૂંકાવો તો સારું, તમે બીજાનો સમય કાપો છો એટલું ધ્યાન રાખજો. મને કંઇ વાંધો નથી, આવતી કાલ સાંજ સુધીમાં આ બિલ અને બીજું બિલ બન્ને મંજૂર કરવાના છે. મેં આપને ના નથી પાડી. ટૂંકમાં કહો એમ કહું છું. બીજાને સમય નહીં મળે. એક ને એક વ્યકિત બોલે રાખે, હું તો કલોઝર નીચે વાત કરી દઇશ. કારણ કે મંત્રીએ જવાબ દેવાનો હોય, બીજા સભ્યો પણ હજુ બોલવા માટે બેઠા છે. મને કોઇ વાંધો નથી. ભલે બોલે, બીજાનો વારો નહીં આવે એટલું ધ્યાન રાખજો. કોઇ સવાલ નથી, બોલે, સવા પાંચ વાગ્યા સુધી બોલે મને કંઇ વાંધો નથી. પછી બાકીનું આના પછીનું પણ એક બિલ આપણે મંજૂર કરવાનું છે. કાલે સમય જ નથી રહેવાનો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા અધિકારોનું આપના મારફત રક્ષણ થાય એવી મારી વિનંતી છે. સરકારે આ બિલની કલમ–૩૮ થી એવી જોગવાઇ કરી કે કોઇ વ્યકિત યોગ્ય સત્તાધિકાર વગર જે નદીના અથવા નહેરના કિનારા ઉપર પુરબંધ હોય તે નદીના અથવા નહેરના પાણીનો પ્રવાહ વાળવાના કે અટકાવવાના હેતુ માટે કોઇ ડેમ બાંધે અવરોધ મૂકે, અવરોધ કરે એવો કોઇ ડેમ કે અવરોધ કાઢી નાખવા માટે કાયદેસર ફરમાવ્યુ હોય ત્યારે તેમ કરવાની ના પાડે, અથવા તેમ કરવામાં ગફલત કરે, તો આવા વ્યકિતને ભારતીય ફોજદારી અધિનિયમ,૧૮૬૦ની જોગવાઇઓ મુજબ પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠરે તો ગુના બદલ છ મહિનાની કેદ તથા દસ હજાર રૂપિયાના દંડની જોગવાઇ કરવામાં આવશે. આનાથી શું થવાનું છે, ખેતરની અંદર પણ સેઢા પાડોશી વચ્ચે નાના મોટા વિવાદ હોય છે. કોઇ સેઢા પાડોશી રાત્રીના અંદર મારા ખેતરમાં આવીને બિનઅધિકૃત રીતે સરકારી નહેરને, કેનાલને ઈરાદાપૂર્વક

નુકસાન કરી જશે અને એ નુકસાનથી સીધી રીતનો ફાયદો મારા ખેતરમાં થવાનો, એ કૃત્ય મારા દ્વારા નહિ પણ કરવામાં આવ્યું હોય તેમ છતાં મારે આ કાયદાની કલમનો સામનો કરવો પડશે. માનનીય મંત્રીશ્રી આવું થવાનું અન્યથા આ રાજયના ખેડૂતોએ ૨૪ કલાક જાગવાનું, ખબરદાર જો એ સુતો છે તો, આવી જોગવાઇ માનનીય મંત્રીશ્રીએ આ બિલમાં લાવવી જોઇએ. ખેડૂતને સુવાનો અધિકાર નથી આવી જોગવાઇ રાજય સરકાર લાવી દે એના કારણે આખી રાત નહેરના પાળે બેસવું પડશે કે મારા ખેતરના પાળે કોઇ નુકસાન ન કરી જાય નહિતર મારે જેલમાં જવું પડશે. આ જોગવાઇઓથી આવી પરિસ્થિતિ નિર્માણ થવાની.

કલમ–૩૯ તરફ મંત્રી મહોદયનું આપના મારફત ધ્યાન દોરવું છે. આવા અવરોધો દૂર કરવા માટે સક્ષમ અધિકારી સૂચના આપે, કોઇ વ્યકિત કોઇના કરેલા કૃત્યોને પોતે નથી કર્યુ એવું સાબિત કરવામાં નિષ્ફળ જાય અને કલમ–૩૭–૩૮ મુજબ સક્ષમ ઓથોરિટી દોષિત ઠેરવે. કલમ–૩૯માં એવું કહ્યું છે કે આવા અવરોધો કાઢી નાખવા અથવા સમારકામ અંગેનો જે ખર્ચ થાય, કલેકટર આવી વ્યકિત પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકશે. માનનીય મંત્રી મહેદય, ગુનો કોઇક કરી જાય, વિના કારણે સજાઓ મને મળે, હવે એ સજાઓ તો મળે પણ ઓછા ઉત્પાદનના કારણે જો એ નાણાકીય દંડ હું ન ભરી શકું, તો જમીન મહેસૂલની બાકી રકમ તરીકે મારી પાસેથી વસૂલ કરવાની, હું ન ભરી શકું તો મારા બાપદાદાની માલિકીની જમીન સરકારી ચોપડે દાખલ થઇ જવાનું, એટલે પાછલા બારણે આ રાજયની માલિકી હક્કની તમામ જમીનો ફરી પાછી સરકારની થઇ જાય, સરકાર એમાં દાખલ થઇ જાય આવી જોગવાઇ આ બિલની અંદર માનનીય મંત્રી મહોદયે કરી છે.

કલમ–૪૦માં ઉલ્લેખ કરેલો છે કે નહેરનો હવાલો ધરાવતી અથવા જે કોઇ વ્યકિતની નોકરી કોઇ નહેર પર હોય ખેડૂતો ઉપર દંડની જોગવાઇ કરી, એમાં પૈસા ભરી દેવાના, સરકાર દાખલ કરી દેવાની, જેલમાં પૂરી દેવાના આ બધી જોગવાઇ થઇ પણ માનનીય મંત્રી મહોદયે ન્યાયના હિતની અંદર પલ્લુ બરાબર રાખવું જોઇતું હતું. હંમેશા સક્ષમ અધિકારી સાચા હોય એવું કોઇ કારણ નથી. આ દેશના બંધારણે તમામ વ્યકિતને ન્યાયનો અધિકાર આપ્યો છે, સમાનતાનો અધિકાર આપ્યો છે. કલમ–૪૦ એના પેરા ૧ અને ૨, એમાં છેલ્લે લખ્યું છે કે એવી કોઇ પણ વ્યકિતને નહેરને લગતી જમીનોમાંથી અથવા ઇમારતોમાંથી કાઢી મૂકી શકશે, સરકાર એવી જોગવાઇ કરવા માગે છે કે કોઇ પણ વોરન્ટ વગર, કોઇપણ વ્યકિતને કસ્ટડીમાં લઇ લે, કલમ–૪૦ પેરા–૧ કોઇ નહેરને જાણીબૂઝીને નુકસાન પહોંચાડતી હોય, તેમાં અવરોધ મૂકે અથવા બગાડે પેરા–૨, કોઇ યોગ્ય સત્તાધિકારી વિના નહેર જોખમમાં મૂકાય નુકસાન થાય, હાનિકારક થઇ પડે આવા કારણોમાં અંગ્રેજોના જમાનાનો કાયદો, કોઇ પણ વ્યક્તિને નહેરને લગતી જમીનોમાંથી અથવા ઇમારતોમાંથી કાઢી મૂકી શકશે અથવા વગર વોરંટે કસ્ટડીમાં લઇ શકશે અને કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે અને તરત તેને નજીકના પોલીસ સ્ટેશને ગુનેગાર બનાવીને રજૂ કરી દેવામાં આવશે. મારે માનનીય મંત્રી મહોદય પાસેથી આપના મારફત જાણવું છે કે આ કલમથી તમે શું પુરવાર કરવા માગો છો? વગર વોરંટે કોઇ વ્યક્તિને પકડીને જેલમાં પૂરી દેવાના? જે કારણો બતાવ્યા છે, આ કારણો તો માત્ર દેખાડવા પૂરતા છે. સરકારની સૂચનાથી કામ કરતો નહેર અધિકારી, તેણે આવતી ચૂંટણીઓમાં પોતાના ક્ષેત્ર, કમાંડ વિસ્તારમાં આવતા ખેડૂતોની પાસેથી રાજય સરકાર, જે સત્તાનશીન સરકાર હોય, રાજય સરકાર ઇચ્છે તે મુજબ સહકારી ક્ષેત્રમાં, સામાજીક ક્ષેત્રમાં, રાજકીય ક્ષેત્રમાં સરકાર જેમ ધારે તેમ તેણે દોરવાવાનું. પોતાની બુદ્ધિનો ઉપયોગ નહીં કરવાનો. સ્વવિવેકથી નિર્ણય નહીં કરવાનો અને આમાં ક્યાંય એ જો ચૂક કરે તો કાયદાની આ કલમ નીચે વગર વોરંટે પકડીને પૂરી દેવાના.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં હિસ્ટ્રીશીટરોને પાસામાં પૂરવા માટે પણ સક્ષમ ઓથોરિટી એટલે જિલ્લા મેજીસ્ટ્રેટ, કલેકટર દરજ્જાના વ્યક્તિ જયારે વોરંટ ઇસ્યુ કરે ત્યારે કોઇ હિસ્ટ્રીશીટરને પકડી શકાય. ખૂન, લૂંટ અને બેફામ ગુનાઓ કરતા હિસ્ટ્રીશીટરો, એને પકડવા માટે થઇને કલેકટર પાસે વોરંટની માગણી કરવાની અને કોઇ ખેડૂતનો દીકરો ભૂલથી એના ખેતરમાં ગુનો બની જાય તો તેને વગર વોરંટે પકડીને જેલમાં પૂરી દેવાના? આના કરતા તો અંગ્રેજોના કાળનું શાસન પણ સારું હતું. એ શાસનમાં આ રાજયના મહેનતકશ

વ્યક્તિને, ખેડૂત વ્યક્તિને તેની જમીનો નવસાધ્ય કરવા માટે, તેમાં ઉત્પાદન વધે એવા પ્રયાસો કરવા માટે થઇને કોઇ બંધનો મૂકવામાં નહોતા આવ્યા અને આ દેશની નં.૧ વિકસિત સરકાર આ રાજયના આમ આદમીઓના અધિકાર ઉપર તરાપ મારે. આ દેશમાં બંધારણમાં કરેલી મૂળભૂત જોગવાઇઓ અને એના અધિકારોનો આ બિલથી ભંગ કરવામાં આવે. વગર વોરંટે પકડીને તેને જેલમાં પૂરી દેવાના? વળી પાછા અમે આવી વાત કરીએ એટલે જવાબ આપશે. કટોકટીનો કાળ. (અંતરાય) માનનીય નીતિનભાઇ, કટોકટીના કાળમાં આ દેશને સંગઠિત રાખવા માટે થઇને, આ દેશને વિરોધી જે દેશો છે એની સામે મજબૂતી પ્રદાન કરવા માટે, એકસૂત્રતા લાવવા માટે થઇને કયારેક ફરજીયાત એવી જવાબદારીઓ સરકારને નિભાવવાની આવી. તો મારા સત્તા પક્ષના મિત્રો એને કાળો કાયદો ગણાવે. મારે અભિનંદન આપવા છે, લોખંડી નિર્ણયો કરવાની શકિત ધરાવતા સ્વર્ગસ્થ વડાપ્રધાન ઇંદિરા ગાંધીજીને કોટિ કોટિ વંદન કરવા છે. જો એ સમયે આવો કડક નિર્ણય ન કર્યો હોત તો આ દેશ અત્યારે પણ કેટલાય પ્રાંતોની વચ્ચે, કેટલીય ભાષાઓ, જાતિઓ અને જ્ઞાતિઓની વચ્ચે વિભાજીત થઇ..

અધ્યક્ષશ્રી : ભાઇ, પરેશભાઇ, બિલ ઉપર આવો ને,. કોઇના વખાણ નથી કરવા, કોઇની ટીકા નથી કરવી. બિલ ઉપર આવો.

શ્રી પરેશ ધાનાણી : મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આજે તો આ દેશ આઝાદ છે. આ રાજ્ય આઝાદ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ખેડૂતોની આઝાદી છીનવવાનો પ્રયાસ શું કામ થઇ રહ્યો છે? જે આ રાજયના વિકાસમાં પોતાના પરસેવાની કમાણીથી મહત્વનો ફાળો આપે છે, આવા લોકોની આઝાદી છીનવવાનો પ્રયાસ શું કામ સરકાર કરી રહી છે? મારી વિનંતી છે સરકારને કે, આ બિલ પાછું લઇ લેવું જોઇએ. આ બિલની કલમ-૪૧થી જોગવાઇઓ કરીને શિક્ષા પાત્ર કોઇ કૃત્ય અથવા કસૂર માટે બીજા કોઇ કાયદા હેઠળ કોઇ વ્યકિત સામે ફોજદારી કામ ચલાવવા આનાથી મજકૂરને અટકાવી શકાશે નહીં. આપના વીજ અધિનિયમ-૧૩૫ની જોગવાઇને..

અધ્યક્ષશ્રી : પરેશભાઇ હજુ કહું છું, તમારા કોઇ સભ્યોને બોલવા નહીં મળે, સો મિનિટ ઉપરાંતનો સમય ફાળવ્યો છે. તમે જો જો. મને કોઇ વાંધો નથી. તમારે ન બોલવું હોય તો કાંઇ વાંધો નથી. અહીંથી એક જણ શરૂ કરે તો બે દિવસ સુધી બોલે. મારે જોવાનું છે કે કોણે કેટલું બોલવું? હાઉસમાં બધા સભ્યોની બોલવાની ઇચ્છા હોય, બધાને તક ન મળે. તમે બોલો.. આ એક સૂચન છે. તમે બીજાનો ટાઇમ કાપો છો. તમે ચલાવો તમ તમારે. ૬૦ અને ૩૧ એટલે કે ૯૧ મિનિટ થઇ, પછી ૧૦૦ થશે.

શ્રી પરેશ ધાનાણી : કલમ -૪૧ની જોગવાઇ કરી છે, નહેર અધિકારી છે..

અધ્યક્ષશ્રી : બધું એક જ પક્ષને આપી દેવાનું? કામકાજ સલાહકાર સમિતિમાં બે દિવસમાં ૩ બિલ મંજૂર કરવા એવું નક્કી થયેલ છે. તમારે બધાએ બોલવું હોય તો સપ્રમાણ ભાગ પાડીને બોલો. મને લાગશે ત્યારે કલોઝર આપી દઇશ.

શ્રી પરેશ ધાનાણી : એક મદદનીશ ઇજનેરને મેજીસ્ટ્રેટ જેટલા પાવર આપી દીધા. ગુજરાત વીજ અધિનિયમની કલમ-૧૩૫નો સંદર્ભ ટાંકવા માગું છું. એકવાર કોન્ટ્રાક્ટ બેઇઝ ઉપર મીટર રીડર તરીકે જવાબદારી નિભાવતો વ્યકિત ૧૩૫ની કલમ નીચે કોઇના ઘરને દંડ ફટકારી દે એટલે અધિક્ષક ઇજનેર કક્ષા સુધીના વ્યકિતને એનો રિવ્યૂ કરવાનો અધિકાર નથી. આ રીતે આ બિલની અંદર કલમ-૪૧થી સરકારે એવું ઠરાવ્યું છે કે, કોઇ વ્યકિત આને રોકી શકશે નહીં. આનાથી માણસને પોતાનો બચાવ કરવાનો અધિકાર છે એ એની સક્ષમ ઓથોરિટી છે એ રાજકીય ઇચ્છાથી જો નકારાત્મક વલણ કોઇ સામાન્ય ખેડૂત સામે લેશે તો દંડ અને શિક્ષાનો એણે સામનો કરવો પડશે.

ઘણી બધી વાતો આ બિલની અંદર કહેવા જેવી છે. આ બિલની અંદર મેં પહેલાં કહ્યું એમ ૬૦માંથી ૯૦ ટકા કલમોને દૂર કરવી પડે એવી પરિસ્થિતિ છે, પણ મારે છેલ્લા પ્રકરણ તરફ ધ્યાન દોરવું છે. અહીંયાં બેઠેલા સન્માનનીય સાથી ધારાસભ્યશ્રીઓ, સભ્યશ્રીઓ એ પહેલાં ક્યાંક કોઇએ ખેડૂતના ઘરે જન્મ લીધો હોય અથવા તો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તો પોતાના હૃદય ઉપર હાથ રાખીને આ ઉભી થનાર પરિસ્થિતિ અંગે સરકારનું ધ્યાન દોરવું જોઇએ. વારા ફરથી વારો મારા પછી તારો, એક રૂપિયો અને એક રાત

ક્યારેય કોઇના થયા નથી અને થવાનાય નથી. મને સંપૂર્ણ વિશ્વાસ છે, કદાચ આજે અમારે આ પરિસ્થિતિનો સામનો કરવો પડશે, તો કાલે તમારો પણ વારો આવવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રકરણ–૧૦, ટયુબવેલ, બોરવેલના બાંધકામ અને નિભાવનું નિયમન કરતી ખાસ જોગવાઇઓ, આની વ્યાખ્યા નથી કરવી પણ કમાન્ડ વિસ્તારમાં આવતા તમામ ખેતીલાયક વિસ્તારની અંદર અત્યારે જે હયાત કૂવાઓ છે, બોરવેલ છે, ટયુબવેલ છે, દાર છે, તળાવ છે, ચેકડેમ છે, નદી છે, નાળા છે, ખેત તલાવડીઓ છે, જમીન ખેડૂનો દીકરો આપે, ખેત તલાવડી બનાવે અને એ ખાબોચીયામાં પાણી ભરાય તો એનો અધિકાર સરકારનો? આવી વ્યવસ્થામાંથી પણ જે પાણીનું વ્યવસ્થાપન થવાનું ને એ વ્યવસ્થાપન એ જમીનનો માલિક ખેડૂતનો દીકરો નહીં કરી શકે, એનું વ્યવસ્થાપન સરકાર કરશે, સરકાર નકકી કરશે કે દાર ૫૦ ફૂટ કરવાનો કે ૫૦૦ ફૂટ કરવાનો? એ સરકાર નકકી કરશે કે આ દારનું પાણી તમારે સિંચાઇ માટે વાપરવાનું કે પીવાના પાણી માટે વાપરવાનું? એ સરકાર નકકી કરશે કે આ પાણી તમારે કપાસ માટે પાવાનું કે મગફળી માટે પાવાનું. આ કઇ પ્રકારની જોગવાઇઓ છે? હવે ખેડૂતના દીકરાએ સરકારને પૂછીને નકકી કરવાનું કે મારે દાર કરાવવો કે નહીં? કૂવો કરાવવો કે નહીં? આ કઇ પ્રકારની જોગવાઇ આ બિલમાં સરકાર કરવા માગે છે?

કલમ–૫૦ તરફ ધ્યાન દોરવું છે માનનીય મંત્રી મહોદયનું, કલમ–૫૦ કહે છે કે ભૂગર્ભ જળ કાઢવા માટે ઠરાવવામાં આવે તેટલી ઉંડાઇ કરતા વધુ ઉંડાઇવાળા કોઇપણ ટયુબવેલ, આર્ટીજિયન વેલ અથવા બોરવેલનું બાંધકામ કરવું જોઇશે નહીં અથવા કરાવડાવવું જોઇશે નહીં અને આવું કરવામાં રખેને ખેડૂતની કયાંય અજાણતા ભૂલ થઇ જાયને તો એક તો લાયસન્સ પ્રથા લાગુ કરી અને વળી પાછું આનું લાયસન્સ રાખવું કે લાયસન્સ રદ કરી દેવાનું એ સરકારે નકકી કરવાનું. જમીન અમારી, કૂવો અમારો, દાર અમારો, પરસેવાનો પૈસો અમારો એનું વ્યવસ્થાપન સરકારે કરવાનું. પાછું એ બોરની અંદર કુદરતી રીતે પાણી આવે તો એનો વેરો સરકારે વસૂલવાનો. આમાં પણ કોઇ ખેડૂતથી કયાંય ભૂલ થઇ જાય તો એને કમાન્ડ ક્ષેત્રમાં આવતો હોય, એને નીતિ નિયમો મુજબ પાણી મેળવવાનો અધિકાર હોય, એનું લાયસન્સ રદ કરી દેવાનું. આ પાણીની ખાલી વાત છે. આ બિલ છે ને એ માત્રને માત્ર રાજકીય ઇચ્છાશકિતઓથી પ્રેરિત છે. ખેડૂતોને બાનમાં લેવા માટે થઇને સરકાર આ બિલ આ ગૃહની અંદર લાવી છે. ઘણીબધી વાતો મારે કરવી છે પણ મારે ઝાઝો સમય નથી લેવો.

અધ્યક્ષશ્રી : હવે કાંઇ બાકી રહ્યું છે? ૯૦ મિનિટ થઇ તમારી. તમારી પાર્ટીની મિનિટો તમે લઇ લો છો, સમજી જજો. તમે હજી બોલો. મને કાંઇ વાંધો નથી. બોલી લો બધાની વતીથી, પછી બીજાએ બોલવું નહીં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–પર ખેડૂતોએ નકકી કરવાનું કે એણે અરજી કરી અને સક્ષમ રેવન્યુ ઓથોરિટી આગળ મારા ખેતરની અંદર કૂવો છે, દાર છે, બોર છે, તળાવ છે એ લખાવવાનું. ખેડૂતનો દીકરો જયારે મામલતદાર ઓફીસની અંદર જાય, માનનીય મંત્રી મહોદય આપને પણ ખ્યાલ છે આ રાજયની અંદર કેટલાય જિલ્લાઓ અને તાલુકાઓમાં ૪–૪, ૫–૫ વર્ષથી પાણી પત્રક નથી થયા. પાણી પત્રક હજી નથી થયા. હવે આ ખેડૂતોને એના હયાત કૂવા અને દાર માટે થઇને અરજી કરીને એના ૭–૧૨–૮–અ અને ૬ નંબરની અંદર નોંધાવવા જવાનું કે ભાઇ મારો બોર છે હો. આવતીકાલે આનાથી એવા વિવાદો ઉભા થવાના કે નહેર અધિકારી એની મુનસફી મુજબ કોઇ વ્યકિતને હેરાન પરેશાન કરવા માગતો હશેને તો એ મારો હયાત દાર કે બોર કે કૂવો હશે તો પહેલા તો છે કે નથી એવું કહી દેશે અને હોય તો કહેશે કે પાંચ ફૂટનો છે કે દસ ફૂટનો છે. બુટીયો છે અને પાણી નથી, આમાં ખેડૂતોની સુવિધાઓ વધારવા કરતા એને મુશ્કેલીમાં મૂકનારી જોગવાઇઓનો સરવાળો છે ને એ બહુ વધુ હશે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે સુંદર મજાનું સિંચાઇ વ્યવસ્થાપન થાય એ વિકાસ માટે આવકાર્ય છે, પણ આ બિલથી જે સમસ્યાઓ ઉભી થવાની, આ સમસ્યાઓનો વ્યાપ, આ ગુજરાત ૧૯૬૦માં સ્થપાયું ત્યારથી ૨૦૧૨ સુધીમાં કોર્ટમાં જેટલા કેસો નથી નોંધાયા એટલા કેસો, ફરિયાદો, અરજીઓ આ બિલથી આ રાજયમાં ઉભી થવાની છે. આ રાજયના કેટલાય નિર્દોષ ખેડૂતો વગર વાંકે આ બિલની જોગવાઇઓથી જેલમાં જવાના

છે, ત્યારે મારી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બિલ અત્યારે સભાગૃહમાંથી સરકારે પરત ખેંચવું જોઇએ. દરેક કલમ માટે પુનઃવિચાર કરવો જોઇએ અને સર્વપક્ષીય સમિતિ બનાવી અને દરેક કલમો માટે એ કલમોથી થનાર ફાયદો અને નુકસાનના લેખા-જોખા થાય અને ઓછામાં ઓછી હેરાનગતિએ વધુમાં વધુ સિંચાઇનું પાણી આ રાજ્યના ખેડૂતોને મળે એ આવકાર્ય છે. ખેતરે ખેતરે પાણી મળે એ આવકાર્ય છે.

મારી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપે આ બિલ ખેડૂતોના હિત માટે નહીં, ખેડૂતોની સિંચાઇની વ્યવસ્થાઓની જાગૃતિ વધે અને વ્યવસ્થાપન સુદ્રઢ થાય એના માટે નહીં પણ આ બિલ માત્ર ગુજરાતમાં રાજકીય ઇચ્છાશક્તિઓને લોકો અનુસરે એ માટે અહીંયા લાવ્યા છો. આ બિલમાં સરકારે જોગવાઇઓ કરી છે એમાં કલમ-૫૮ છેલ્લી કલમ છે. સરકારે જોગવાઇ કરી છે કે આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલીઓ ઉભી થાય તો લાગુ થાય ત્યારથી બે વર્ષ સુધી એમાં જે કાંઇ સુધારા-વધારા કરવાના છે એના માટે બે વર્ષની મુદત આપી. કલમ-૫૮માં છેલ્લે લખ્યું છે કે, પરંતુ આ અધિનિયમના આરંભથી બે વર્ષ પૂરા થયા પછી એવા કોઇપણ હુકમો થઇ શકશે નહીં. તમને પાંચ વર્ષનો શાસનકાળ ગુજરાતની પ્રજાએ આપ્યો છે. તમે આ બે વર્ષની મુદત શા માટે આપી? બિલમાં માનનીય મંત્રીશ્રીએ જોગવાઇ કરવી હતી કે આ ગૃહમાં ગમે તેટલો વિરોધ હોય, (xxxxxx)બિલ પાસ કરી દો અને પાસ કરી દો તે દિવસથી લાગુ થઇ ગયું. ખેડૂતોને તકલીફ પડે તો ભલે પડે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, * (xxxxxx ) અસંસદીય છે, કાઢવા પાત્ર છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx )એ શબ્દ કાઢી નાખીએ છીએ. તમારું પૂરું થયું કે બાકી છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દસ વર્ષથી સરકારની કાર્ય પ્રણાલિ રહી છે, એ હંમેશા લોકોની ચિંતાથી પર માત્ર રાજકીય ઇચ્છાપૂર્તિ કરવા માટે થઇને (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારું બિલ ઉપર પૂરું થઇ ગયું ને?

શ્રી પરેશ ધાનાણી : હું બિલકુલ સંસદીય વાત કરું છું. મારી કોઇ ટીકા-ટિપ્પણી નથી. મેં કહ્યું કે (xxxxxx ) પાસ કરવામાં આવે તો નિતીનભાઇ ઉભા થઇ ગયા. હું કહું છું કે સરકાર એવું બિલ લાવે કે સર્વાનુમતિથી પાસ થાય. શા માટે (xxxxxx ) પાસ કરાવવાનો પ્રયાસ કરો છો? બિલ પાછુ ખેંચો. બે વર્ષની અંદર ખેડૂતોની ગમે તેટલી ફરિયાદો આવશે, સરકાર ફરિયાદ રજિસ્ટરે એની નોંધ નહીં લે અને આજથી ભવિષ્ય ભાખુ છું કે સરકાર નક્કી કરશે કે અમે બિલ આપ્યું છે એ સાચું અને એનાથી લોકોને જે સમસ્યાઓનો સામનો કરવો પડે, લોકો ભલે જેલમાં જાય, લોકોને ભલે દંડ ફટકારવામાં આવે, આવી ઇચ્છાશક્તિ રાજ્ય સરકારની આ બિલ લાવવા પાછળ છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ રાજ્યમાં ખેડૂતોની કોઇ જ્ઞાતિ, જાતિ કે ધર્મ નથી હોતા, સમાજના તમામ વર્ગના લોકો, શિડ્યુલ કાસ્ટના હોય, આદિવાસી હોય, ઓ.બી.સી. હોય કે ઓપન કેટેગરીના હોય બધા જ લોકો ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ ખેડૂત શબ્દ સામે રાજ્ય સરકારને વાંધો હોય તો રાજ્યના ખેડૂતોને હદ પાર કરવાનું બિલ લાવે એમાં મને કોઇ વાંધો નથી. કદાચ *(xxxxxx ) પ્રયત્નો આ બિલથી ન કરે એવી મારી વિનંતી છે. સરકારને એવું લાગે કે ખેડૂતોથી આ રાજ્યની..(અંતરાય)

શ્રી ગણપતભાઇ વસાવા (સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બોલી લોને, એનું પૂરું થઇ જવા દોને ભાઇ..

શ્રી ગણપતભાઇ વે. વસાવા : (xxxxxx )એ શબ્દ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રી મહોદય (xxxxxx ) એ શબ્દથી વાંધો છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપણે કોઇને મારવાના નથી. સૌને જીવાડવાની વાત કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું અને હવે પછીના બિલમાં આમાં ફાંસીની સજાની જોગવાઇનું તમે લાવશો. એટલે મારો આ બિલની સામે વાંધો છે. આ બિલનો હું સંપૂર્ણ વિરોધ કરું છું. આ ગુજરાત બન્યું એના સ્થાપના કાળથી આજ સુધીમાં જો કોઇ કાળો કાયદો આ વિધાનસભાની અંદર પસાર થશે તો આ બિલ સરકાર (xxxxxx )આ ગૃહમાં પસાર કરાવશે.

અધ્યક્ષશ્રી : ફરીથી (xxxxxx ) તમે બોલ્યા. એ શબ્દો કાઢી નાખું છું.

શ્રી પરેશ ધાનાણી : ગુજરાતના કિસાન વિરોધી આ બિલ છે. આ બિલ સામે મારો સંપૂર્ણ વિરોધ છે. આભાર.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક ૨૦૧૩ અંગેનું બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. રાજ્યની અંદર પાણી અને સિંચાઇ, એનો નિકાલ કેમ કરવો એ રાજ્યની સરકાર સારી રીતે જાણે છે. આ રાજ્ય સરકાર સિંચાઇ અને પાણીની સંપૂર્ણ વ્યવસ્થા ગુજરાતના ખેડૂતોને આપવા માગે છે. આજે પરેશભાઇએ આ સભાગૃહમાં લાબું પ્રવચન આપ્યું છે. ખેડૂતને લાભ આપવા માટે આ રાજ્ય સરકાર બધા બિલો તૈયાર કરે છે અને પરેશભાઇ ખેડૂતનો વિરોધ કરે છે. કારણ કે, (અંતરાય) (ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : પરેશભાઇ બોલતા હતા ત્યારે કોઇ બોલતું હતું? શાંતિ રાખો.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : આ સિંચાઇના બિલમાં જે જૂની કલમો હતીને એ ૧૦૧. તેમાંથી ૪૬ કલમો આપણે રદ કરીએ છીએ. આ રદ કલમો આ પરેશભાઇ સમજી શક્યા નથી. રાજ્ય સરકાર સુધારા લઇને ખેડૂતોને સત્તા આપવા માગે છે કે, પાણી, આ ડેમ, આ સિંચાઇની કેનાલ ઉપર ગ્રામ્ય લોકોનો અધિકાર છે. ખેડૂત ગ્રામસભા બોલાવીને એમ કહે છે કે આ પાણી વિતરણનો અધિકાર અમારા ગામનું પાણી અમારા સત્તા મંડળને, અમારી મંડળીને મળવું જોઇએ. રાજ્ય સરકારે ૨૦૦૭માં આ બિલ લઇને કીધું કે, ખેડૂતો પોતાના વિસ્તારમાં ડેમ છે, પોતાના વિસ્તારમાં પાણી છે તો પોતાની રીતે વિતરણ કરે. ખેડૂતોને ખોટું ખર્ચ ના પડે, એના માટે નીક હોય, કેનાલ હોય એનો ખર્ચ પહેલા ખેડૂતો કરતા હતા. હવે કોણ કરશે? રાજ્ય સરકાર કરશે. રાજ્ય સરકારે ૨૦૦૫ની અંદર સુક્ષ્મ સિંચાઇ માટેની એક યોજના દાખલ કરી. જેને સારો પ્રતિસાદ રાજ્યની અંદર ખેડૂતો તરફથી અને કિસાન સંઘ તરફથી મળ્યો. એમાં ૮ વર્ષમાં ૪.૫ લાખ હેકટર વિસ્તારમાં ખેડૂતોને આ યોજનાનો લાભ મળ્યો છે. આપણે ઘણીવાર એવું વિચારતા હોઇએ છીએ, આ રાજ્ય સરકારના મુખ્યમંત્રીનો એક અભિગમ છે કે મારે આ ગુજરાતમાંથી વચેટિયાને નેસ્તનાબૂદ કરવા છે. આ વચેટિયાને નેસ્તનાબૂદ કરવાની યોજના જ્યારે રાજ્ય સરકાર ખેડૂતોના હિતમાં બનાવે છે ત્યારે સામેના લોકો એનો વિરોધ કરે છે. આપણને, કેન્દ્ર સરકાર ગુજરાતના ખેડૂતોને શું અન્યાય કરે છે? એની પણ વાત આ ગૃહમાં મારે કરવાની છે.

રાજયના ખેડૂતો કપાસ વાવે છે. કપાસ વાવ્યા પછી કેન્દ્રની ટીમ આ ગુજરાતમાં સરવે કરે છે કે, ગુજરાતના ખેડૂતોએ કેટલા હેકટરમાં વાવ્યો છે, એનું વાવેતર કેટલું છે? આ સરવે કર્યા પછી ત્યાંથી આ કપાસ અહીંથી એકસપોર્ટ ના થાય, એના સારા ભાવો ખેડૂતને ના મળે. ખેડૂતનો પુત્ર પોતાના પરસેવાનું ટીપે ટીપું આ કપાસમાં વહાવે છે, ખેડૂત મહેનત કરે છે ત્યારે આ કેન્દ્ર સરકાર આ કપાસની નિકાસ બંધ કરીને આ ગુજરાતના ખેડૂતોને અન્યાય કરે છે. આ કેન્દ્રની સરકાર (અંતરાય)

અધ્યક્ષશ્રી : રમેશભાઇ કેન્દ્રની વાત મૂકી દો, આપણી વાત કરો. આ બિલ ઉપર બોલો અને લોકલ ગુજરાતની વાત કરો.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : સાહેબ, બિલ ઉપર જ છે. ગુજરાતની અંદર, ગુજરાતના ખેડૂતોને કપાસના ભાવમાં અન્યાય કરે અને ભારતની અંદર, (અંતરાય) ગુજરાતના ખેડૂતને આ કપાસ ઉપર ખેડૂતોને અન્યાય કરે સરકાર અને મટન ઉપર સાહેબ સબસિડી આપે, આ ગુજરાતને કેટલો અન્યાય છે કે, મટન ઉપર સબસિડી આપે ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ ઈરીગેશન માટે પાણીનો સવાલ છે ત્યાં કપાસ અને માંસ મટન છે ને એ જનરલ તમે..

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : સાહેબ, પરેશભાઇ બોલ્યા એટલે મેં કહ્યું.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં. ત્યાં બોલ્યા એનો જવાબ આપે છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં (અંતરાય) (આ તકે કોંગ્રેસના કોઇ એક સભ્યશ્રી પોતાના સ્થાનેથી ઉભા થઇ કાંઇક બોલતાં)

અધ્યક્ષશ્રી : મારે શું કરવું એ તમારે કહેવાની જરૂર નથી. જનરલી આમાં થોડું થોડું ચાલતું જ હોય છે બધું.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારત દેશને બે એવી ભેટો મળી છે. એક ભેટ છે કાશ્મીર બીજી ભેટ છે નર્મદા. નર્મદાનો હલ તો ભારતીય જનતા પાર્ટીના અને આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ આવતા દિવસોમાં પૂરી કરશે, પણ ૨૦૧૪માં તમારી આ કાશ્મીરની સમસ્યા પણ, આપણા સરદાર વલ્લભભાઇ પટેલને તમે કરવા ના આપી, પણ માનનીય નરેન્દ્રભાઇ મોદી, મરદ મુખ્યમંત્રી આ સમસ્યા ૨૦૧૪માં કાશ્મીરની સમસ્યા પણ હલ કરશે એ સાંભળી લો.

માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇ બોલતા હતા કે, કુપોષણ પશુઓને ન થાય. અગીયાર વર્ષ પહેલાં કોઇને ખબર જ નહતી કે આ કુપોષણ એટલે શું? કેટલા નિર્દોષ પશુઓ અને બાળકો તમારી સરકારમાં મરી ગયા છે. રાજયની અંદર વરસાદ પડે, કિસાન વરસાદમાં સારો પાક વાવે છે, સારો પાક વાવ્યા પછી રાજય સરકાર એને સારી રીતે પાણી પણ આપે છે, પાણી આપ્યા પછી ફરી કેન્દ્ર આવીને સરવે કરે છે ગુજરાતમાં કયો કયો પાક સારો વાવ્યો છે કે જેનાથી યુરિયા અને ડી.એ.પી. હું ગુજરાતને ના આપું અને ગુજરાતનો ખેડૂત કેમ પરેશાન થાય એવું કૃત્ય આ કેન્દ્ર સરકાર કરતી હોય તો તમે ત્યાં જઇને કેન્દ્રમાં કહો કે, ગુજરાતના ખેડૂતોને અન્યાય ના કરે. ભારતીય કિસાન સંઘે પણ આ વિષે કહ્યું છે કે, ખાતરનો અન્યાય આ કેન્દ્ર સરકાર કરે છે. આ બિલમાં છેલ્લા દસ વર્ષમાં રાજય સરકારે જળ સંચયના બહુ જ કામો કર્યા છે. રાજયના મુખ્ય મંત્રીશ્રીએ અહીંથી જે નર્મદા કેનાલ જાય છે, આ મિત્રો ગામડામાં જાય તો ખબર પડે. કારણ કે, આ કેનાલનું કામ અમારા કચ્છ જેવા પ્રદેશમાં ભચાઉ સુધી આ વિકાસનું કામ પહોંચ્યું છે. તમને પણ આમંત્રણ છે, વિરોધપક્ષના બધા સભ્યોને કે, આ જોવા આવો કે, આ રાજયના મુખ્ય મંત્રી કેવી રીતે આ ગુજરાતનો, આ છેવાડાના કચ્છનો કેવી રીતે વિકાસ કરે છે ? આ બિલ લઇને જે માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૩ સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવવા ઉભો થયો છું.

ગુજરાત એવું રાજય છે કે જે અછત, અર્ધઅછતવાળું રાજય રહ્યું છે. અનિયમિત વરસાદ અને અપૂરતા વરસાદને કારણે અગાઉ છેલ્લા ૨–૩ વર્ષમાં દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરતું આવ્યું છે ત્યારે ગુજરાતની ધરતી પર રાજયના મુખ્યમંત્રીના સારા આયોજનને કારણે ઉત્તમ જળ વ્યવસ્થા, જળ સંચય, આયોજન અને ઉપલબ્ધ જળસ્ત્રોતને કાર્યક્ષમ કરીને પાણીની સમસ્યાનું સમાધાન કરીને છેલ્લા દસ વર્ષમાં ગુજરાતે, ગુજરાતની ધરતી પર વર્ષો સુધી નદીઓનું સમુદ્રમાં વહી જતું પાણી કોતર ખરાબા ઉપર ૧,૫૫,૬૭૯ ચેકડેમ બનાવ્યા, અઢી લાખ જેટલી ખેત તલાવડી, ૨૨૯૯૩ જેવા વર્ષોથી પૂરાઇ ગયેલા તળાવોને ઉંડા કરીને ગામનું પાણી ગામમાં રહે, કુદરતની દેન એવા વરસાદનું એક એક ટીપું ગુજરાતની ધરતી ઉપર રહે અને આવનારા દિવસોની અંદર ખેડૂતો એનો સિંચાઇ માટે ઉપયોગ કરે એ દિશાની અંદર મા નર્મદાને પણ હજુ આવનારા દિવસોની અંદર ૧૧૧૫ કિલોમીટરની કેનાલના માધ્યમથી ૧૧૫ ડેમોને સિંચાઇ અને પીવાનું પાણી મળે એ દિશાની અંદર રાજય સરકારે જે આયોજન કર્યું છે અને સરકારના માધ્યમથી છેલ્લા આઠ વર્ષની અંદર આધુનિક સુક્ષ્મ ખેતી કરવાનો વિચાર દેશ અને દુનિયાના નકશા પર કોઇએ નથી કર્યો એવો આ રાજયના મુખ્યમંત્રીએ કરીને છેલ્લા આઠ વર્ષમાં ૩૮૧૨૪૬ ખેડૂતોને લાભ મળે અને ૬૧૭૩૦૯ હેકટર જમીનને પિયતનું પાણી મળે એ દિશાની અંદર જે આયોજન કર્યું છે એના આધાર ઉપર

અમારા દાહોદ જિલ્લા જેવા રાજયના ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકાની અંદર જે સર્વાંગી વિકાસ અને આદિવાસી સમાજનો ખેડૂત ગામમાં ખેતી કરતો થાય એના માટે ચેકડેમ, ઉદવહન સિંચાઇ યોજનાઓ, તળાવોના માધ્યમથી છેલ્લા પાંચ વર્ષ માટે ચાલીસ હજાર કરોડ રૂપિયાનું આયોજન કરીને ખેડૂતને એના ગામ સ્તરે બધું કામ કરી શકે એના માટેનું સારું આયોજન કરીને મારો દાહોદનો આદિવાસી ખેડૂત સમગ્ર ગુજરાત અને દેશની અંદર મજૂરી માટે ફરતો હતો એ આજે ગુલાબની ખેતી કરીને દિલ્હી અને મુંબઇ સુધી ગુલાબ પહોંચતું કરવાનું સદભાગ્ય જો કોઇને મળ્યું હોય તો અમારા દાહોદની આદિવાસી જનતાને મળ્યું છે. આવું નકકર આયોજન આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે એનું પરિણામ પણ આપણે જોયું છે, પણ આપણી સામેના મિત્રો જેમ કહે છે, એમ ૨૦૦૧ પછીનું ગુજરાત આપણે જોઇએ છીએ અને વિરોધ પક્ષના નાતે આપણે કહેવું પડે અને હમણા પણ વાત થઇ જાણે કે સમગ્ર ગુજરાત ભયભીત થઇ ગયું હોય કે બધા જ ગુજરાતના ખેડૂતોને આવતીકાલે જેલમાં પૂરવાના હોય એવું માનનીય મંત્રીશ્રી વિધેયક લઇને આવ્યા એના પર બોલાયું, એમાં મને કાંઇ સમજાયું નહીં. (અંતરાય)આ દિવસોની અંદર ભાઇ, નથી સમજ એટલે એ બાજુ આપણે બેસવું પડયું. તેમાં જે જોગવાઇ કરવામાં આવી છે એ જોગવાઇઓ આવતી કાલે ગુજરાતના ખેડૂતોના ભલા માટે, ગુજરાતની સુખાકારી માટે અને જે કંઇ એ વખતના પુરાણા અંગ્રેજ વખતના જુના ૧૦૧ જેટલા કાયદા ચાલ્યા આવતા હતા. એ વખતની વ્યવસ્થા કદાચ એવી હશે કે કાયદાની કદાચ જરૂર પડી હશે. આજના સમૃદ્ધ ગુજરાતની અંદર સાચા અર્થમાં ખેડૂતને ખેતી માટે એને ચરિતાર્થ કરવા માટે બદલાતી જતી તાસીર અને તસ્વીર માટે દુરદર્શી જે આયોજન, પ્રજાભિમુખ વહીવટનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ કાયદાની કેટલીક કલમોને દૂર કરીને લોકોને ઓછી મુશ્કેલીઓ પડે અને આંટીઘૂંટીમાં સામાન્ય જનતા અટવાય નહીં, એનું સરળ અમલીકરણ થાય એ માટે કેટલીક જોગવાઇઓ દૂર કરીને રાજય સરકારે સ્વર્ણિમ વર્ષથી કરેલા નિર્ધાર મુજબ અસંખ્ય જૂના કાયદામાં સુધારો કરીને અત્યારે સભાગૃહ સમક્ષ જે સુધારા માટે ખેડૂતના હિતમાં નવું વિધેયક લાવ્યા છે, એને વહીવટી સરળતા મળે એ માટે વિધેયકને હું સમર્થન પણ આપું છું અને અનુમોદન પણ આપું છું.

એમાં સહભાગી યોજનાની પણ વાત આવી છે. ગામની મંડળી એટલે બહારથી આપણે લાવીને નથી મૂકતા. જેની જમીન છે, જેના ખેતરમાં પાણી છે. એ જ ગામના ખેડૂત મિત્રો સારું, સૂચારું વ્યવસ્થા તંત્ર ઉભું થાય અને પહેલેથી માંડીને છેવાડાના ખેડૂત સુધી પાણી મળે એના માટેની આ મંડળીની રચના કરીએ છીએ. એ મંડળીને વર્ષો જૂની કેનાલો હતી તે રિપેર કર્યા વિનાની હતી તે રીપેરિંગ કરીને આપવાની છે. ૯૦ ટકા રકમ સરકાર આપવાની છે. ૧૦ ટકા મંડળી પોતે લોકફાળો કરીને રિપેરિંગ કરીને એ કેનાલોને બારમાસી પાણી એના પત્રક મુજબ નક્કી કરેલ ખેડૂતોને જ્યારે જરૂરિયાત પડે ત્યારે પાણી આપવાનું સિંચાઇ મંડળીના માધ્યમથી જે જોગવાઇ કરેલ છે. ખરેખર એને આવકારીએ છીએ. એના માટે મંડળીને પોતાની સત્તા આપવામાં આવી છે. વસૂલાત પોતે કરે, જરૂરિયાત પડે તો ૫૦ ટકા રકમ ફંડમાંથી વાપરી શકે. ૫૦ ટકા સરકારમાં જમા કરાવીને આપણે સહભાગી સિંચાઇ વ્યવસ્થા કાયદો ૨૦૦૦ ની જોગવાઇને અનુરૂપ પાત્રતા છે, એને સમર્થન છે. નહેર સુધારા માટેનો સુધારો લાવ્યા છે. સિંચાઇ યોજનાને લગભગ અગાઉ ૩૩૦૦૦ કિ.મી.ની જે કેનાલો બનાવવામાં આવી હતી, એમાંથી માત્ર પાકી કેનાલો ૭૩૫૯ કિ.મી. હતી. સરકારના માધ્યમથી પૂરી પાકી કરવા માટેના સુધારાની અંદર આની જોગવાઇ કરેલી છે. એની જગ્યાએ ૧૦૦ ટકા કેનાલો રીપેર થાય તો આજે પરિસ્થિતિ છે વર્ષોથી જૂના, મોટા, નાના ચેકડેમો, તળાવ, કેનાલમાં ૫૦ ટકા પાણી વેસ્ટેજ જાય છે. એના લીધે ખેડૂતોનો પાક બગડે છે. ઉત્પાદન શકિત ઓછી થાય છે. એ કેનાલો પાકી કરવામાં આવશે, તો ગુજરાતનો વિકાસ દર છે એના કરતા પણ વધારીને ખેડૂતોની ઉત્પાદન શક્તિમાં વધારો કરીને આપણે ચોક્કસ એ દિશામાં આગળ વધીશું. એના માટે આ બિલની અંદર મારું અનુમોદન છે. મોટી યોજનાઓ, મધ્યમ યોજનાઓ રાજયના માધ્યમથી આ દિશામાં કામ થાય એના માટે વર્ષ ૧૯૭૯ ની સિંચાઇ અધિનિયમ સુધારો જે નહેર સુધારો રદ કરવા માટેની દરખાસ્ત લાવવામાં આવી છે, તેને ખરેખર અનુમોદન આપું છું. એના માટે આ રાજયના મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે, તેને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઇ, પાણી નિકાલ વ્યવસ્થાનું વિધેયક લાવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

સુશાસન કોને કહેવાય? જળ વ્યવસ્થાપનની વ્યવસ્થા કેવી હોય, એનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇ મોદી સરકાર છે. હાલ આપણે કાશ્મીરની સુંદરતા જોઇ રહ્યા છીએ. કાશ્મીરની સુંદરતા ફુલો અને બગીચા છે, જે આપણને આકર્ષણ થાય છે, એના મૂળમાં વર્ષો પહેલાંનું જળ વ્યવસ્થાપન હતું. એની વાત કરવા માગું છું. નવસો હજાર વર્ષ પહેલાં એક સૂર્ય નામના ખેડૂત પુત્રએ વુલ્લર સરોવર અને નદીઓને જોડીને વર્ષો પહેલા કરેલા કાશ્મીરના જળ વ્યવસ્થાપનથી આજે કાશ્મીરનું આખી દુનિયામાં આકર્ષણ છે. એનો ઉલ્લેખ કલહર નામના કવિએ સંસ્કૃત ગ્રંથમાં કરેલ હતો. ઉલ્લેખ એવો કરેલ હતો કે જો વિષ્ણુ ચાર વાર જન્મ લે ને તો પણ વ્યવસ્થાપન ન કરી શકે. એવું ઉત્તમ ઉદાહરણ સૂર્ય નામના ખેડૂત પૂત્રએ આપ્યું છે. આ દેશનો પ્રથમ એન્જિનિયર હતો. આને કહેવાય દીર્ઘદ્રષ્ટી અને દૂરદર્શિતા. એવી જ વીઝનરી લીડરશિપ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની છે. ઉત્તર ગુજરાતના પાણી વગર ટળવળતા અછતના વિસ્તારોમાં જ્યારે સુજલામ-સુફલામ રૂપિયા ૬૨૦૦ કરોડના ખર્ચે પાણી પહોંચાડયુ ત્યારે આજે લીલીછમ ધરતી બનાવી છે. નદીને જોડવાનું પ્રથમ કામ કર્યુ હોય તો એ ગુજરાતની ભાજપની સરકારે કર્યુ છે.

નર્મદા નદીને સરસ્વતી નદીમાં જોડીને માતૃગયા તીર્થનું પુનરોદ્ધાર કરવાનું કામ કર્યુ હોય તો તે નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યુ છે. હમણાં જ એમણે સૌરાષ્ટ્રનું ઋણ ચૂકવવાનો પ્રયત્ન કર્યો છે. સૌરાષ્ટ્રના નામે અનેક નેતાઓ અનેક રાજકીય લાભ લેવા માટે વારંવાર સૌરાષ્ટ્રના હામી થઇને નીકળ્યા છે. નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજકોટમાં સૌરાષ્ટ્રની ધરતી પર કહ્યું હતું કે મારી રાજકીય કારકિર્દીનો જન્મ રાજકોટથી થયો છે, સૌરાષ્ટ્રથી થયો છે ત્યારે હું આ ધરતીનું ઋણ ચૂકવવા આવ્યો છું. રૂપિયા દસ હજાર કરોડની સૌની યોજના એમણે જાહેર કરી છે. દસ લાખ એકર કરતાં વધારે જમીનને પિયતનું પાણી મળવાનું છે. ૧૧૧૫ કિલોમીટરની ચાર લીન્ક કેનાલો તૈયાર કરવાની છે. આ એક-બે દિવસનું કામ નથી. વર્ષો પછી એક સુર્ય નામના એન્જિનિયરનું કામ આપણે વખાણીએ છીએ તેમ આવનારી સૌરાષ્ટ્રની અનેક પેઢીઓ નરેન્દ્રભાઇ મોદી સાહેબના આ કામને વખાણવાની છે. મારે આ બાબતમાં ઘણું બધું કહેવું છે. જયારે અમારા સાથી ભાઇશ્રી પરેશભાઇ કહેતા હતા કે કૃષિ વિકાસદર. તો એન.સ્વામીનાથનનું નામ આપણે જાણીએ છીએ. આજે સમગ્ર દેશમાં એન.સ્વામીનાથનનું મંતવ્ય એટલે ઓથોરિટી કહેવાય. તે કૃષિ તજજ્ઞએ કહ્યું છે કે આવનારા સમયમાં જો દેશને સુખી કરવો હોય તો ગુજરાતે જે જળ વ્યવસ્થાપન કર્યુ છે તે પ્રમાણે કામ કરવું પડશે. તેને ધ્યાને રાખીને આજે અમદાવાદમાં આઇ.આઇ.એમ. જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં જળ વ્યવસ્થાપનનો અભ્યાસ થતો હોય તો નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદષ્ટ્રિ તેનું મૂળ કારણ છે. બિલ પર બોલું છું. જળ વ્યવસ્થાપન ઉપર બોલું છું. પરેશભાઇ કહેતા હતા કે ૧૦ ટકા. ૯૦-૧૦ની યોજના માટે તેમણે કહ્યું. તેમણે કહ્યું કે ખેડૂતો પાસે રૂપિયા ઉઘરાવવામાં આવે છે. આ નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારનો વિશ્વાસ છે કે લોકો દસ ટકા આપે છે. ભૂતકાળમાં દેશના વડાપ્રધાને એમ કહેવું પડયું હતું કે હું એક રૂપિયો મોકલું છું અને છેવાડે માંડ પંદર પૈસા પહોંચે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એક રૂપિયાની અંદર દસ પૈસા ઉમેરાય છે, પચ્ચીસ પૈસા ઉમેરાય છે અને સવા રૂપિયો થઇને વપરાય છે તેવી સરકાર આ બિલ લઇને આવી છે તેમાં હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : શ્રી અરવિંદભાઇ રાઠોડ

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ હવે આ બાજુ રાખો ને.

અધ્યક્ષશ્રી : ના, ના, આ બાજુ નહીં આ બાજુ ૧૧૩ મિનિટ બોલ્યા. અહીં ૬૦ મિનિટ નથી થઇ. અડધે પણ નથી પહોંચ્યા. હજી માનનીય કેશુભાઇ બાકી છે. આપણે કરીએ છીએ. અરવિંદભાઇ રાઠોડ નથી. એક મિનિટ. માનનીય શબ્દશરણભાઇ તડવી.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થાનું વિધેયક લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના વિકાસ માટે છેલ્લા દસ વર્ષથી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી છે ત્યારથી તેમણે પહેલાં જે સંકલ્પો કર્યા કે ગુજરાતના વિકાસની ગતિ લાવવી હોય તો આ પંચ શક્તિનો ઉપયોગ કરી તમામ ક્ષેત્રે ગુજરાતનો વિકાસ થાય, ગુજરાતના વિકાસ માટે જેટલી ત્રુટિઓ હોય અને કઇ કઇ શક્તિઓથી આ ગુજરાતનો વિકાસ કરી શકાય તેમાં માનનીય અધ્યક્ષશ્રી, આપણી જળ શક્તિનો પણ ઉલ્લેખ છે. જળ એ જીવન છે. ગુજરાતની જેટલી જળ રાશી હોય, જેટલી જળ શક્તિ આપણી પાસે હોય તેનો આપણે વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ, તેને સારા રસ્તે, સાર્વજનિક ઉદ્દેશ માટે આપણે વાપરીએ તો જ આપણે ગુજરાતનો વિકાસ કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનામાં આ ગુજરાત રાજયના ૧૯ ગામો જે અમારા આદિવાસી વિસ્તારના હતા, આ ૧૯ ગામોના લોકોએ જયારે એમનું ગામ છોડવું પડ્યું પુનઃ વસવાટ કરીને બીજે સ્થળાંતર કર્યું, ત્યારે એમનામાં એવી આકાંક્ષાઓ પડી હતી કે અમે આ જમીનનો ભોગ આપીએ અને અહીંથી આ યોજના બને. આ યોજનાની નહેરો થકી પાણી આખા ગુજરાતમાં પહોંચે અને આખા ગુજરાતનો વિકાસ થાય. આવી આકાંક્ષાના કારણે ગુજરાતના વિકાસની એમનામાં પણ કલ્પનાઓ અને આશાઓ હતી, ત્યારે એને કારણે આપણે ગુજરાતની આ નર્મદા યોજનાને સૌરાષ્ટ્રના અનેક ગામોમાં નહેરો થકી પહોચાડી શક્યા છીએ. હજુ પણ એવા ગામડાઓ છે કે જ્યાં નહેરોના પાણી હજુ પણ પહોંચાડવાના છે ત્યારે સરકારશ્રીએ આ જળરાશીનો સદુપયોગ થાય, જળ વ્યવસ્થાપન, જળ સંચયના અનેક કાર્યક્રમોનું સુદ્દઢ આયોજન થાય એના માટે કેટલા બધા આયોજનો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, લાખો ચેકડેમો બનાવીને આ વહેતા જળને જમીનમાં ઉતારવા માટે પૂરતો પ્રયત્ન આ સરકારશ્રીએ કર્યો છે. વરસો પહેલા પીવાના પાણીના પણ ફાંફાં હતા એવા ગામોમાં પણ આજે જળસ્તર ઉંચુ આવ્યું છે. કેટલાય સૂકા થઇ ગયેલા તળાવોને આ નર્મદા યોજનાની નહેરના પાણીથી ભરવા માટેનું પણ યોગ્ય આયોજન થયું છે. આજે દસ વરસના અંતે જળ વ્યવસ્થાપનના, જળસંચયના જેટલા પણ કાર્યક્રમો થયા એના એવોર્ડો પણ ગુજરાત સરકારને મળ્યા છે ત્યારે આ પાણીનો સદુપયોગ થાય અને નહેરનું પાણી છેવાડાના ખેડૂત સુધી જયારે લઇ જવાનું હોય અને વચ્ચે નહેરની પૂરેપૂરી કાળજી ન રખાય તો આ કોઇપણ યોજનાનો હેતુ સરવાનો નથી. અત્યારે વચ્ચેનો કોઇપણ ખેડૂત ચોરી કરે, કેનાલમાં બાકોરું પાડીને પાણી લે અને છેવાડાના નાના માનવી સુધી પાણી ન પહોંચે તો આ યોજના કોઇ પણ હોય એ સફળ રહેતી નથી. આ બિલ લઇને જયારે માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે અહીંયા બેઠેલા સન્માનીય સભ્યશ્રીઓ જે રીતે વાત કરી રહ્યા હોય ત્યારે મારે દુઃખની લાગણી સાથે કહેવું પડે છે કે સરકારશ્રી જે કંઇ બિલ લઇને આવી છે એ ખેડૂતોના હિત માટે છે. માત્ર એકલા ખેડૂતો જ નહીં પણ સજાની જોગવાઇ એવા લોકો માટે પણ કરવામાં આવેલી છે જે લોકો આપણા અધિનિયમને અનુસરે નહીં અને આ યોજનાને સફળ થવા ન દે અને અનેક પ્રકારના ગેરકાનૂની અને ગેરકૃત્યો કરે એના માટે આ સજાની જોગવાઇઓ હોય ત્યારે આ જળ વ્યવસ્થાપનના ભાગરૂપે જે કાંઇ વિધેયકમાં જોગવાઇઓ કરેલી છે અને જે પ્રકારનો ગુનો છે એવા પ્રકારના ગુનોગારોને સજા પણ થવી જોઇએ. આ યોજનાનો હેતુ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે થાય અને છેવાડાના અશક્તિશાળી ખેડૂતને પણ પાણી મળે, વચ્ચે કોઇ દંડાવાળો માણસ, શક્તિશાળી માણસ એની તાકાતના જોરે ગુનાખોરી કરે અને છેવાડાના માણસને પાણી ન મળે એના માટે જો કૃત્ય કરે તો એને વધારેમાં વધારે સજા થાય એવી હજુ પણ જોગવાઇઓ માનનીય મંત્રીશ્રી કરે એવું સૂચન હું માનનીય મંત્રીશ્રીને કરવા માગુ છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતનો અને સમાજનો વિકાસ કરવો હોય તો સરકારે વિવિધ યોજનાઓ જે દાખલ કરેલી છે એનું વ્યવસ્થિત આયોજન થવું ઘટે. એટલા માટે જ લોકશાહીની અંદર આપણે જાણીએ છીએ કે ગ્રામ સભાને ઘણી બધી સત્તા આપવામાં આવી છે. ગ્રામસભાની અંદર સહભાગી સિંચાઇ યોજનાની મંજૂરી લેવામાં આવે, ત્યારપછી આ ગામમાં રહેતા ૫૧ જેટલા ખેડૂતો જો આ મંડળીના સભાસદ બને તો એને માન્યતા મળે છે, ત્યારબાદ આ સહભાગી સિંચાઇ યોજનાની તમામ વ્યવસ્થા ખેડૂતો જાતે જ કરતા હોય છે. એમાં ઘણા મુદ્દા મારા સાથી સભ્યોએ કહ્યા જ છે, એક એવો ભૂતકાળ હતો કે એ વ્યવસ્થા ન હોવાના કારણે જે માથાભારે ખેડૂતો હોય એ પાણી લેતા હતા, ત્યારે છેલ્લી જે નહેર હોય ત્યાં પાણી જ જતું નહોતું, આપણા કમાન્ડ વિસ્તારની અંદર ટોટલી આયોજન હોય છતાં પણ છેલ્લે રહેતો ખેડૂત એ પાણીથી વંચિત રહી જતો હતો, આજે આ કાયદાની અંદર જે સુધારો આવવાનો છે એનાથી સમગ્ર ખેડૂતોને વ્યવસ્થિત રીતે પાણી મળશે અને પોતે પોતાની ખેતીમાં વધારે પિયત વાપરી અને એનો ઉપયોગ કરી શકે એટલા માટે કેટલાક અહીંયા જે સુધારા લાવ્યા છે એ આવકાર્ય છે.

મારે બીજું એ કહેવાનું છે કે અધિકારીઓને વધારે સત્તા કેમ આપવામાં આવી છે? આ મુદ્દો અહીંયા ઉપસ્થિત કરવામાં આવ્યો છે. આપણે જાણીએ છીએ કે લાંબી નહેરો હોય, લાખ્ખો કિલોમીટરની નહેર હોય અને એમાં કેટલીક વખત અણબનાવ બનતા હોય છે, અમે દક્ષિણ ગુજરાતમાં રહીએ છીએ, ત્યાં ભારે વરસાદ પડે છે, એક તરફ નહેર ચાલતી હોય એપ્રિલ મે મહિનાની અંદર વરસાદ પુષ્કળ આવી જાય તો તાત્કાલિક ગેટ પણ બંધ કરવા પડે છે અને એવા સંજોગોમાં ઘણી વખત અધિકારીઓને જો એ સત્તા ના આપવામાં આવે તો મોટો અકસ્માત થાય છે. મૃતદેહો પણ કેટલીક વખતે આ નહેરની અંદર આવતા હોય છે. એને કાઢવા માટે પણ નહેર બંધ કરવી પડતી હોય છે, એટલે અધિકારીને એ માટેની સત્તા આપવી જરૂરી છે. આ કાયદાની અંદર જે સુધારા લાવ્યા છે એને હું અનુમોદન આપું છું.

સિંચાઇના કારણે આપણને ઘણો લાભ મળ્યો છે. આપણે ત્યાં ૨૦૦૪ની અંદર ૯૦૦૦ કરોડ ખેત ઉત્પાદન હતું એ વધીને ૨૦૧૨ની અંદર ૫૮૦૦૦ કરોડ થયું એ જ આપણને બતાવે છે કે ખેતીની અંદર પિયત વધ્યું, પિયતના આધાર ઉપર ખેતીની આવક વધી છે અને એ જ એનો માપદંડ છે. અમે ૧૯૯૫માં જ્યારે ધારાસભ્ય તરીકે હતા આ હાઉસની અંદર, એ વખતે ચર્ચાનો મુદ્દો આવ્યો. સૌરાષ્ટ્રના કેટલાક શહેરોની અંદર પાણી મોકલવું પડે એવી પરિસ્થિતિ પેદા થઇ હતી અને ભરૂચથી ટ્રેન દ્વારા પાણી મોકલવામાં આવેલ, આ પરિસ્થિતિ ઉભી થઇ હતી. મારો આ તબક્કે પ્રશ્ન એ પ્રકારનો છે કે નર્મદા યોજનાનું ૧૯૭૨ની અંદર ખાતમુર્હત થયું તે પછી સત્તા ઉપર કોંગ્રેસ હતી, છતાં પણ આ મુદ્દાને પૂર્ણ કરવા માટે બરાબર વ્યવસ્થિત રીતે કેમ આયોજન કરવામાં આવ્યું નહિ? અમે તો આજે ગર્વ સાથે કહીએ છીએ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ મહત્વના મુદ્દાને વિકાસના મુદ્દા તરીકે લઇને વધારેમાં વધારે બજેટના નાણાં ફાળવવામાં આવ્યા છે, એટલા માટે આ બજેટની અંદર ૧૦૦૦૦ કરોડ રૂપિયા આપીને બાકી રહેતી ૪૮૦૦૦ કિલોમીટરની લાઇન પૂરી કરવા માટે જે મથામણ કરી છે એ આવકાર્ય પગલું છે. આ સિંચાઇના કારણે ૧૫૦,૦૦૦ ચેક ડેમો, ૨,૫૦,૦૦૦ ખેત તલાવડી, અસંખ્ય સીમ તળાવ. ખાસ કરીને ગામના જે ગામ તળાવ હોય છે એના આધાર ઉપર બે પ્રકારના પ્રશ્ન હલ થાય છે. એક ત્યાં પાણીના જે સ્ત્રોત હોય, એના તળ ઉપર આવે છે. સાથે સાથે એના આધાર ઉપર પિયત પણ ખૂબજ થઇ શકે છે. આ રીતે વ્યવસ્થિત આયોજન કરવાના કારણે ભૂમિ અને જળ સંરક્ષણ વિભાગ દ્વારા તળાવો ઉંડા કરવા માટેની જે યોજના અમલમાં મૂકવામાં આવી એનાથી દરેક ગામોને ખૂબ જ મોટો ફાયદો થઇ રહ્યો છે. એટલા માટે આ જે ૬૦ જેટલી કલમો ઉપર પરેશભાઇએ વાંધો મૂક્યો છે એ મારી દષ્ટિએ ન હોવો જોઇએ અને વ્યવસ્થિત રીતે આયોજન કરવા માટે માનનીય મંત્રીશ્રી જે સુધારા લાવ્યા છે એને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, આ પવિત્ર ગૃહની અંદર ગુજરાતના ખેડૂતોની સતત ચિંતા અને ચિંતન કરનાર માનનીય નરેન્દ્રભાઇ મોદી અને ભારતીય જનતા પાર્ટીની આ સરકારે એક યજ્ઞ પ્રારંભ્યો છે. જળશકિત દ્વારા રાજયની અંદર જે વિસ્તારની અંદર જળનું સ્ત્રોત

અને એનું બેસ્ટ મેનેજમેન્ટ હોય, તો તેનો વિકાસ ખૂબ સરસ અને શ્રેષ્ઠ થઇ શકે. ગુજરાત એક એવો પ્રાંત છે, એક એવો વિસ્તાર છે જયાં વિકાસ અંત્યોદય સુધી પહોંચ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોની સરકાર છે. ગરીબોની સરકાર છે. કૃષિ દર સતત વધતો રહ્યો અને આજે ગુજરાત ભારતની અંદર કૃષિ ક્ષેત્રે નંબર વન વિકાસ પામ્યું છે. અવાર-નવાર કેન્દ્રના પ્રધાનો, વિરોધ પક્ષના નેતાઓ ગુજરાતની કૃષિ પોલીસીને વખાણી રહ્યાં છે અને પાછાં એમના જ નેતાઓ તેમને ધધલાવી રહ્યાં છે કે તમે ગુજરાતના વખાણ શું કામ કરો છો ? એકસો વર્ષ ઉપરના કાયદાઓ, તે ખેડૂતોને અડચણરૂપ હતા. એ જે તે વખતે જયારે નીતિ બની, પોલીસી બની ત્યારે યોગ્ય હતા, હશે. પરંતુ સાંપ્રત સમયની અંદર આજે ખેડૂતોને જે મુશ્કેલી પડી રહી છે, ખેડૂતોને સિંચાઇની અંદર જે અવરોધ આવી રહ્યો છે તેને વ્યવસ્થિત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે, કૃષિને વ્યવસ્થિત વિકસાવવા માટે, સિંચાઇની શિસ્તબધ્ધ અને માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે આ સુધારા ખૂબ આવશ્યક હતા. આ ક્રાંતિકારી નિર્ણય લેવા માટે આ પ્રસ્તાવ, આ વિધેયક આવ્યું છે તેને હું અનુમોદન આપી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનો વિકાસ થઇ રહ્યો છે, નર્મદાની જે કામગીરી ચાલી રહી છે તેમાં વિરોધ પક્ષના નેતાઓએ, વિરોધ પક્ષે જો તેમાં * (xxxxxxx) તો આજે ગુજરાતની ઔર બીજી સ્થિતિ હોત. સૌરાષ્ટ્રના ..

અધ્યક્ષશ્રી : (xxxxxxx) તે શબ્દ કાઢી નાંખુ છું. વિરોધ કરવો એ વાત જુદી, અવરોધ કરવો એ વાત જુદી.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : સૌરાષ્ટ્રનો એ કચ્છનો વિસ્તાર હોય યા સૂકો વિસ્તાર છે. આ વિસ્તારની અંદર સાત જિલ્લા ,૧૧૫ ડેમો. આ વિસ્તારમાં ખેડૂતો માત્ર અને માત્ર ચોમાસાનો એક પાક લઇ રહ્યાં છે. આ વિસ્તારને નંદનવન બનાવવા માટે, હરિયાળો બનાવવા માટે જે સૌની યોજના દાખલ કરવામાં આવી છે. જે ક્રાંતિકારી નિર્ણય છે, ઇતિહાસ જેની નોંધ લેવાનો છે આ સૌની યોજના સિંચાઇ માટે શ્રેષ્ઠ છે. અવાર-નવાર વિપક્ષના મિત્રો બોલતા હતા કે ખેડૂતો. હું પણ એક ખેડૂતપુત્ર છું અને આ વ્યથા મેં જોઇ છે. આ વ્યથા સો વર્ષ પહેલાંના ચાલી આવતા તે અંગ્રેજોના કાયદાઓની અંદર પરિવર્તન લાવી માનનીય નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને અંત્યોદય સુધી પહોંચવા માટેનો જે ભગીરથ પ્રયાસ છે, આ પ્રયાસને હું નત મસ્તક વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દુષ્કાળગ્રસ્ત વિસ્તારની અંદર કેનાલ દ્વારા સિંચાઇનું પાણી આપવા માટે કેન્દ્ર દ્વારા એક યોજના કરવામાં આવી છે ૯૦ ટકા સબસિડી, ગ્રાન્ટ આપવી. કચ્છની અંદર, આ વેરાન વિસ્તારની અંદર જયારે નહેર બનાવવા માટે આયોજન પંચે જે ભલામણ કરેલી છે તો એ માટે કેન્દ્ર સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વાત આવે, જયાં વિકાસની વાત આવે, ગુજરાતની સમૃદ્ધિની વાત આવે ત્યારે હંમેશને માટે વિરોધ કરવો એ એમની એક સ્વાભાવિક ટેવ છે. આ ટેવ ખરેખર ગુજરાત માટે સારી નથી. આ સરકારે જળ સિંચાઇ માટે, સિંચાઇ માટે દોઢ લાખ જેટલાં ચેક ડેમો, અઢી લાખ જેટલી ખેત તલાવડીઓ, અસંખ્ય વન તલાવડીઓ, સીમ તલાવડીઓ, વીસ હજારથી વધુ તળાવો ઉંડા કરી ખેડૂત માટે જે ચિંતા કરી છે, જે ચિંતન કર્યુ છે તે ભગીરથ પ્રયાસ સમું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦થી અત્યાર સુધી દસ વર્ષ પહેલાં સુધી ભૂગર્ભ સપાટી જળની નીચી આવતી હતી. જયારે આજે દસ વર્ષની અંદર આ સપાટીઓ ઉપર આવી રહી છે અને ત્યારે સોનામાં સુગંધ જેવી જયોતિગ્રામ યોજના અને સૂક્ષ્મ સિંચાઇ યોજનાના કારણે કૃષિ દર વધ્યો છે. આ જે વિધેયક છે તેને મારું સંપૂર્ણ અનુમોદન છે.

શ્રી કેશુભાઇ સ. પટેલ(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી ચર્ચાઓ સભાગૃહમાં સિંચાઇ અંગેના આ બિલ ઉપર થઇ છે. હું બહુ લાંબુ બોલવા નથી માગતો, પણ મારા અનુભવનો નીચોડ બતાવવા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યાં.

માગું છું. અત્યારે જીવા મંડળોની રચના કરીને વ્યવસ્થા કરવાની એક પદ્ધતિ આ બિલમાં વિચારણા હેઠળ મૂકવામાં આવી છે. એક જમાનામાં મેં પણ ૨૨ વર્ષ સુધી ખેતી કરી છે. અને સિંચાઇનું પાણી પણ લીધું છે. ત્યાં પણ અમે મંડળ રચ્યું હતું અને તે મંડળનો હું પણ એક હોદ્દેદાર અને સભ્ય હતો. તેના આધાર ઉપર હું એમ કહીશ કે કાયદામાં કેટલાક ફેરફાર જરૂરી છે. કાયદામાં ફેરફાર જરૂરી છે. પણ એ ફેરફાર એવા ન હોવા જોઇએ કે માણસના મૂળભૂત અધિકારો છીનવી લે. આજે તો આ કાયદો ખેડૂતોના મૂળભૂત અધિકારોને છીનવતો અને બંધારણીય અધિકારો ઉપર તરાપ મારતો હું એને કહીશ કે આ * (xxxxxx) છે. સુધારાની આવશ્યકતા છે. પણ આમાં ખેડૂતને શું મળ્યું? આ આખા કાયદામાં ખેડૂતને મધ્યમાં રાખીને એટલું જ મળ્યું કે ખેડૂત એ ચોર છે.

અધ્યક્ષશ્રી : માનનીય કેશુભાઇ, આપે (xxxxxx) કહ્યું છે તે શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આ વિધાનસભા કોઇ કાયદો પસાર કરે તે (xxxxxx) પસાર ન કરે એટલા માટે.

શ્રી કેશુભાઇ સ. પટેલ : હજુ પસાર કર્યો નથી.

અધ્યક્ષશ્રી : ચર્ચા ઉપર આવે, અને અહીં જે લાવીએ તે (xxxxxx) ન લાવીએ. આપ ખેડૂતના હિતનો નથી કે એવા બીજા શબ્દો જે વાપરવા હોય તે વાપરી શકો, મને વાંધો નથી.

શ્રી કેશુભાઇ સ. પટેલ : ઘણીવાર મને લાગે છે કે જૂઠ બોલવું એ ખોટું છે. જુઠ શબ્દ નથી વાપરી શકાતો અહીં, અસત્ય બોલવું એ પણ વપરાતું નથી. સત્યથી વેગળું છે એમ વપરાય છે. હવે જુઠ, અસત્ય અને સત્યથી વેગળું એમાં તફાવત શું છે?

અધ્યક્ષશ્રી : કોઇને બાડો કહીએ કે એક આંખ વાળો કહીએ બન્ને એક જ છે. પણ બોલવું પડે, આપ આગળ ચલાવો.

શ્રી કેશુભાઇ સ. પટેલ : ઘણી વખત મને એવું લાગે છે કે આપણે આપણી ગુજરાતી ભાષાને ભદ્રંભદ્રની ભાષા નથી કરતા ને? રેલવે સ્ટેશનનું ગુજરાતીકરણ કેવી રીતે કરી શકાય?

અધ્યક્ષશ્રી : આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી કેશુભાઇ સ. પટેલ : એની જ વાત કરું છું, જયારે * (xxxxxx) કાઢી નાખવાની વાત કરી, ભલે કાઢી નાખો, પણ મારા વિચારો હું બતાવું છું.

અધ્યક્ષશ્રી : આપના વિચારો રાખો, બરાબર છે, કોઇ વાંધો નથી. પણ મેં એકવાર નિર્ણય આપી દીધો છે તેના ઉપર ચર્ચા ન હોઇ શકે. આ હાઉસમાં કોઇ કાયદો આવે તે (xxxxxx) ન હોઇ શકે. એટલા માટે મેં એ શબ્દો કાઢી નાખ્યા છે.

શ્રી કેશુભાઇ સ. પટેલ : આપણે ભદ્રંભદ્રની ગુજરાતી ભાષા જોઇએ તો રેલવે સ્ટેશનનું ગુજરાતી અગ્નિરથ વિરામ સ્થાન, આવું ગુજરાતી આપણે કરીશું? ભલે (xxxxxx) કાઢી નાખો, પણ આ ખેડૂત વિરોધી કાયદો છે. ભલે તમે આ કાયદા વિશે મેં જે શબ્દ કહ્યો એ કાઢી નાખો, પરંતુ આ ખેડૂત વિરોધી કાયદો છે. આમાં ખેડૂતને શું મળ્યું? મેં કહ્યું એ મુજબ આમાં ખેડૂતને ચોર જ ચીતરવામાં આવ્યો છે. કાયદાની એકે એક કલમની છણાવટ માનનીય પરેશભાઇએ કરી છે તેથી એ છણાવટ ઉપર હું જતો નથી. ખૂબ સુંદર રીતે છણાવટ કરી છે એમાં સરકાર ઉંડી ઉતરે, આ આધુનિક જમાનો છે, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇએ ગઇકાલે કહ્યું હતું એ મેં છાપાઓમાં વાચ્યું, એમણે ઇનોવેટીવ શબ્દ વાપર્યો, આ કાયદાની અંદર કયાંય આધુનિકતા છે? કયાંય કોમ્પ્યુટરાઇઝેશન છે? કયાંય વિદ્યુત પ્રવાહનો ઉપયોગ છે? કોઇ જગ્યા ઉપર ગેઇટ ખોલવા માટે થઇને ઓટોમેટીક સાધનોનો વિચાર કર્યો

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

છે. ચીલાચાલુ જૂની પદ્ધતિનો આધાર લીધો છે. આધાર એનો લીધો અને પછી ખેડૂતો ઉપર નિયમો કરીને મૂકી દીધા,

હમણાં કહ્યું સિંચાઇ યોજના કેનાલ ઓફિસરને અબાધિત અધિકારો આપ્યા છે. સરકાર પાણી વપરાશ કરતા મંડળના હોદ્દેદારોને અધિકાર આપે છે, એ મંડળ કામ કરવાનું નથી, નિયમમાં લખેલું છે. આ કેનાલ ઓફિસરોને અબાધિત અધિકારો મળી જાય છે. જે સત્તા પોલીસ પાસે નથી એટલા અબાધિત અધિકારો મળે છે. આને આપણે કહીએ લોક ભાગીદારી. તમે અધિકાર બીજાને આપી દો. અરે એટલી હદ સુધી કે જેને અધિકાર આપ્યો એ અધિકારી કેવડો છે? ઓવરસીયર. આમાં કાયદાની અંદર નિયમમાં જોગવાઇ એવી કરી છે, માનનીય બાબુભાઇને કહીશ. નિયમની જોગવાઇ એવી કરી છે એ અધિકારી કેનાલ ઓફિસર નીમ્યો છે એ કેનાલ ઓફિસર પોતાના અધિકાર નીચેના લોકોને આપે છે અને હમણાં પરેશભાઇએ કહ્યું નીચેનો નાનો અધિકારી જે ઓવરસીયર ન હોય એ કોઇના ઘરમાં જાય અને કહે કે તે કેનાલ તોડી નાખી છે, એમ કરીને વગર વોરંટે ધરપકડ કરી શકે અને વગર વોરંટે ધરપકડ કરીને એને લઇ જાય, આને કયો કાયદો કહેવો? હું નથી કહી શકતો પરંતુ આ કાયદો ખેડૂત વિરોધી તો છે જ. સંપૂર્ણપણે ખેડૂત વિરોધી આ કાયદો છે. આ સભાગૃહ સમક્ષ આપની મારફત હું કહેવા માગું છું. આપણી પાસે પાણી કેટલું છે? આપણી પાસે આ સિવાય જે અત્યારના ડેમો છે નર્મદા યોજના સિવાય ત્યાં પાણી કેટલું અપાય છે, એનો ડેલ્ટા કેટલો, ૬૫ સેન્ટિમીટર અને અત્યારે જે પાણી અપાશે એ ડેલ્ટા ઘટે છે. સરકારી યોજના મુજબ ૪૫ સેન્ટિમીટર, પરંતુ આપણે વધારે પાણી ઉદ્યોગવાળાને આપી દીધું છે એના લીધે આ ડેલ્ટા અત્યારે ૩૮ સેન્ટિમીટર આવી ગયો છે. ઘઉંને પકવવા હોય તો કેટલીક જગ્યાએ છ વખત પાણી જોઇએ અને કોઇક વખત પાંચ વખત પાણી જોઇએ. આમાં પાંચ વખત પાણી આપોને એટલું પાણી પેલા ખેડૂતને મળવાનું નથી અને આપણે એના ઉપર બહુ મોટો ઉપકાર કરતા હોય, ખેડૂતના હિત માટે કરી રહ્યા છીએ આ ડેલ્ટાને તો તપાસો. આ ડેલ્ટા પોતે બતાવે છે અને એ જો પોતાનો પંપ છે એ ૨૦૦ મીટરમાં આવતો હોય એનો ઉપયોગ પોતાના પાક બચાવવા માટે કરે. પોતાના પાકને બચાવવા માટે પેલા પંપનો ઉપયોગ કરે, કારણ કે તેને મળ્યા ચાર પાણી. તેને પાંચ કે છ પાણી જોઇએ છીએ અને પોતાના પંપનો જો ઉપયોગ કરે તો એ ગુનો કરી નાખ્યો છે. તેને પેલો પકડી જાય. વગર વોરંટે પકડી જાય. આ તેમના હક્ક અને અધિકાર ઉપર જબરજસ્ત તરાપ છે.

જે ખેડૂત પાણીનો પ્રવાહ રોકે અથવા નુકસાન પહોંચાડે. આમાં બહુ ડિટેઇલમાં ચર્ચા કરી છે એટલે એમાં લાંબી વાત નહીં કરું, પણ આ બનતું હોય છે. ઇરાદાપૂર્વક કેટલાક લોકો તોડી નાખે છે. પાડોશીને હેરાન કરવા માટે તોડે છે. આ તોડે, એને પકડી જાય. જેણે ગુનો પણ ન કર્યો હોય. અરે ભાઇ, એ પકડી જાય અને લઇ જાય વગર વોરંટે, કમસેકમ પેલા મંડળે શું કરવાનું છે? એને લઇ જાવ મંડળ પાસે. એવો નિયમ તો કરો અને મંડળને એમ લાગે કે આણે ખરેખર ગુનો કર્યો છે તો આગળ કાર્યવાહી થાય. આમાં મંડળ તો એકવાર અધિકાર આપી દે છે અને અધિકાર આપી દે પછી મંડળે કશું કરવાનું નથી. કાં એનો મંડળે આપેલો અધિકાર પાછો ખેંચે. આ બધા નિયમોની ગૂંચવણી ફરીથી તપાસવાની જરૂર છે. પરિસ્થિતિનો અભ્યાસ કરીને ગુનો નક્કી થવો જોઇએ. એક તરફ આર્બીટરી પાવર આપી દેવામાં આવે. જેમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને પ્રોપર્ટી રાઇટનો ભંગ થાય છે. આ બંધારણની રીતે તેનો અધિકાર છે. વ્યક્તિસ્વાતંત્ર્ય, લોકશાહીની અંદર જોડાયેલી વાત છે અને પ્રોપર્ટી રાઇટનો ભંગ થાય છે. મારા કૂવા ઉપર મારું પાણી હું ન લઇ શકું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂ. મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો હતો મીઠાનો. એક મુઠ્ઠી મીઠું, તેના ઉપર અમે ટેકસ શું કામ આપીએ? અમારો અધિકાર છે. એના ઉપર ટેકસ શેનો? કૂવા ઉપર, જેમાં સરકારે કંઇ જ કર્યું નથી, એના પોતાના હિત ખાતર આ પાણીનો ઉપયોગ કરવો છે અને તેના ઉપર તમે દંડ નાખો, પકડો?

માનનીય અધ્યક્ષશ્રી, આ કર્મચારીઓ જે આ કરે ને, દંડ નાખે, ધરપકડ કરે, બીજી પણ કાર્યવાહી કરે એના ઉપર પગલાં લેવાનો ખેડૂતને કોઇ અધિકાર નથી. કલમ-૪૬ અનુસાર શુદ્ધબુદ્ધિથી લેવાયેલા

કર્મચારી કે રાજય સરકારના નિર્ણય સામે કોઇપણ દાવો કે ફરિયાદ કરી શકાશે નહીં. શુદ્ધબુદ્ધિ કોણ નક્કી કરે? શુદ્ધબુદ્ધિ નક્કી કરવાની કોઇ પ્રોસીજર તો હોવી જોઇએ, કમસેકમ પેલા મંડળ પાસે તો જવું જોઇએ. મંડળને તો ભાગીદાર બનાવો અને આ શુદ્ધબુદ્ધિથી થયું છે કે નથી થયું એ પેલો અધિકારી જ નક્કી કરે અને એના ઉપર કોઇપણ પ્રકારની ફરિયાદ નહીં થઇ શકે. બેફામ રીતે અધિકાર આપી દીધા.

માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં એમ કહ્યું ૨૦૦ મીટર. આ પ્રશ્ન ઘણો ચર્ચાઇ ગયો છે. આ પાણીના સીપેજમાં, હવે સીપેજ તો થાય. આ પાણી જેનું સીપેજ થયેલું છે, એ જો ઈરીગેટેડ જમીનમાં ન જાય અને બીજી પડતર જમીનમાં જાય તો દંડાય. સીપેજ રોકવાની જવાબદારી કોની છે? સીપેજ રોકવાની જવાબદારી નહેરના તંત્રની છે. તેમાં ખેડૂતની કોઇ જવાબદારી છે નહીં અને એને તમે દંડો. એના ઉપર કર વસૂલો અને કર ન ભરો એ બાબતમાં, એટલે એને રેવન્યુ રાહે મિલકત ઉપરથી વસૂલ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઘણું જ ખેદજનક પ્રકરણ છે. આને બહુ સારી રીતે તપાસવાની જરૂર છે. આદિવાસીનો જંગલની જમીન ઉપર અધિકાર છે. આજે ખેડૂતને એના કૂવાના પાણી ઉપર પણ અધિકાર છે.

અધ્યક્ષશ્રી : માનનીય કેશુભાઇ કેટલું ચાલશે?

શ્રી કેશુભાઇ સ. પટેલ : બસ પૂરું કરું છું. મારું એક સૂચન છે. એકે એક ક્લોઝવાઇઝ વાત સરખી રીતે મૂકાય. ઇલેક્ટ્રિસિટીનો ઉપયોગ નથી, કમ્પ્યુટરનો ઉપયોગ નથી. આમાં વિજ્ઞાન આવે, આધુનિકકરણ થાય. એ જ રીતે ભૂતકાળમાં પાણી વહેંચવા માટે સિસ્ટમનો ઉપયોગ કેવી રીતે થાય તે વિચારાયું હતું. આમાં કાંઇ જ થયું નથી અને આપ એમ કહો છો કે, ઇનોવેટીવ છે. આમાં ઇનોવેટીવ જેવું શું છે? ક્યાંય ઇલેક્ટ્રિસિટીનો ઉપયોગ નથી, ક્યાંય કમ્પ્યુટરનો ઉપયોગ નથી. દરવાજા ઉઘાડવાની વાત છે. આમાં ઇનોવેટીવ એક જ છે કે, ખેડૂતને દંડવો કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સૂચન છે કે, સરકાર બધો સરખી રીતે વિચાર કરે. બહુ ટીકા નથી કરવી. બંધારણીય હક્ક છિનવાઇ રહ્યો છે એટલા માટે હું કહું છું. ગૃહની સિલેક્ટ કમિટી રચાય, આ બિલ સિલેક્ટ કમિટી પાસે જાય અને એ કમિટી સુધારા સૂચવે અને એ સુધારા ગૃહમાં મંજૂરી માટે આવે એવી મારી વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૬ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩**
**ફાલ્ગુન ૮, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### શેરડી પાકની ઉત્પાદકતા વધારવા માટે જમીન ચકાસણી માટે રાજ્યનું આયોજન

* ૧૨૯૦ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજ્યમાં શેરડી પાકની ઉત્પાદકતા વધારવા માટે જમીન ચકાસણી સારૂ રાજ્ય સરકાર દ્વારા ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે? | (૨) રાજ્યના તમામ તાલુકાઓના ૨૫ ટકા ગામોના ખેડૂત ખાતેદારોના જમીનના નમુના એકત્રીત કરી, જમીન ચકાસણી કરવાનું આયોજન કરેલ છે જે મુજબ શેરડી પકવતા જિલ્લાઓમાં પણ જમીન ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>શેરડી પકવતા વિસ્તારમાં આવેલ ૧૬ ખાંડ સહકારી મંડળીઓમાં સૂક્ષ્મતત્વ સાથે જમીનના નમુનાની ચકાસણી થઈ શકે તે માટે જમીન ચકાસણી પ્રયોગશાળા સ્થાપવામાં આવેલ છે.<br>આ ઉપરાંત, ગૌણ અને સૂક્ષ્મતત્વ આધારીત સોઈલ ફર્ટીલીટી મેપ તૈયાર કરી ગામવાર પ્રદર્શીત કરવામાં આવનાર છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૦ ટકા ગામોને આવરી લેવામાં આવનાર છે. |

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગે છું કે સોઇલ હેલ્થકાર્ડ કાર્યક્રમ હેઠળ શું કામગીરી કરવામાં આવે છે અને સોઇલ હેલ્થકાર્ડના કારણે ખેડૂતોને થતાં લાભો શું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સોઇલ હેલ્થકાર્ડ એ રાજ્યે સરકારે ૧૯૯૬માં શરૂ કર્યો અને સોઇલ હેલ્થકાર્ડ જેમ માણસને આ જિંદગીની અંદર કોઇ બિમારી હોય અને જે પ્રકારની દવાની આવશ્યકતા હોય એ પ્રકારની જમીનના તત્વોની અંદર પણ જે ઉણપ હોય છે એ ઉણપોને શોધવાનું કામ સોઇલ હેલ્થકાર્ડ અને માટીનું પરીક્ષણ કરતું હોય છે. સોઇલ હેલ્થકાર્ડ દ્વારા રાજ્યમાં ગામોની જમીનના નમૂનાની ચકાસણી કરવામાં આવે છે. પૃથ્થકરણના પરિણામોને તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરી, સોઇલ હેલ્થકાર્ડ તૈયાર કરી વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે અને સોઇલ હેલ્થકાર્ડના

કારણે કૃષિ યુનિવર્સિટીની ભલામણ મુજબ ક્યા પાકમાં, કયા પ્રમાણમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ જેવા પોષક તત્વો આપવાની જરૂરિયાત છે એની પણ એમાં જાણકારી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૧૩ના જમીનના નમૂનાઓની ગૌણ અને સૂક્ષ્મ તત્વો માટે પણ ચકાસણી શરૂ કરવામાં આવેલ છે. ખેડૂતોને એનાથી જમીનમાં રહેલા ક્ષારોની માત્રા, જમીનના પિયતના મૂલ્યના આધારે ખેડૂત જમીનની સુધારણા માટેના પગલા લઈ શકે છે. જમીનના મુખ્ય તત્વોની ઉપલબ્ધતાના આધારે કરેલ પાકોમાં આપવાના થતા મુખ્ય તત્વોનો જથ્થો જાણી શકે છે. ખાતરના કાર્યક્રમના ઉપયોગના કારણે બિનજરૂરી ખેતી ખર્ચ ઘટાડી શકે છે અને જમીનની તંદુરસ્તી જાળવી શકે છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જ્યારે સરકાર આટલી મોટી કામગીરી કરી રહી છે અને એમાં સોઈલ ફર્ટીલીટી યોજના શું છે? અને મારો બીજો પ્રશ્ન, જ્યારે સરકાર કરોડો રૂપિયાના ખર્ચે ૭-અ અને ૧૨ના દાખલા અલગ કરી રહી છે ત્યારે ગામના નમૂના નંબર-૧, કાયમી ખરડામાં ગામના સરવે નંબર ક્યા પ્રકારના છે, ખાડા ટેકરાવાળી જમીન છે કે કોતર લેન્ડ છે આ બધું દર્શાવવામાં આવે છે. જયારે ૧૨નો દાખલો નવો થઈ રહ્યો છે, તો સરકાર સોઈલ હેલ્થકાર્ડનો નમૂનો આપવાની છે એ જો અંદર દર્શાવી દે તો ભવિષ્યમાં કોઈ જમીન રાખે ત્યારે ખેડૂત પાસે આ દાખલા રહેવાના નથી. સવાલ એ છે કે આ સોઈલ હેલ્થકાર્ડનો દાખલો જે પણ હોય, ૧૨માં ઉમેરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ ફર્ટીલીટી યોજના નીચે ગંધક, કેલશ્યિમ, મેગ્નેશયમ જેવા તત્વોની પાકને જરૂરિયાત મધ્યમ પ્રમાણમાં રહેતી હોઈ ગૌણ તત્વો તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે લોહ, મેગેનીંજ, ઝીંક, કોપર, બોરલ, કવોરી, કોબાલ્ટ અને બોલિશિયમ જેવા તત્વોની જરૂરિયાત વનસ્પતિને સતત ઓછી કે નહીવત્ત હોવાથી તેને સૂક્ષ્મ તત્વો તરીકે ઓળખવામાં આવે છે. સૂક્ષ્મ તત્વોની ખામીથી છોડનો વિકાસ રૂંધાય છે, વૃદ્ધિ અટકે છે અને ઉત્પાદકતા પણ ઘટે છે. માનનીય અધ્યક્ષશ્રી, એમનો બીજો જે સવાલ છે એ એમનું સૂચન છે.

શ્રી જસાભાઈ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૧૯૯૬માં સોઈલ હેલ્થકાર્ડની શરૂઆત થઈ. આખા ગુજરાતની અંદર ૧૮૦૦૦ ગામડાં છે. એમાં અત્યાર સુધીમાં સોઈલ હેલ્થકાર્ડ દ્વારા કેટલા ખેડૂતોની જમીનની ચકાસણી કરવામાં આવી છે? એના રિપોર્ટ કેટલા ગામડાંમાં મળ્યા? એ એક વાત અને બીજું કે, સને ૨૦૧૧-૧૨માં શેરડી પકવતી જમીન કેટલા હેકટરમાં હતી અને અત્યારે કેટલી ઘટી છે ?

અધ્યક્ષશ્રી : સોઈલ હેલ્થ કાર્ડ પૂરતો જ જવાબ આપો.

શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડ રાજયમાં કુલ ૧૦૨ જમીન ચકાસણીની પ્રયોગશાળાઓ છે. દરેક પ્રયોગશાળા, દસ હજાર સુધીના વર્ષ દરમિયાન જમીનનું પરિક્ષણ કરતી હોય છે અને આવતા ચાર વર્ષમાં ગુજરાતના તમામ ગામોને, તમામ ખેતરને, (અંતરાય) અત્યારે લગભગ ૧ લાખ, ૯૦ હજાર ખેડૂતોની જમીનની ચકાસણી કરવામાં આવી છે અને આવતા ચાર વર્ષમાં પૂરી થશે.

શ્રી ધીરુભાઈ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જ જાણવું છે કે, સરકારી મંડળીઓના નમૂના લેવાયા છે એ મંડળીઓ કઈ કઈ છે અને આ જે ચકાસણી અંગેની પ્રયોગશાળાઓ છે એ કઈ કઈ જગ્યાએ સ્થાપવામાં આવી છે?

શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં કુલ ખેતીવાડી ખાતા હસ્તકની ૨૨ જમીન ચકાસણીની પ્રયોગશાળાઓ છે, છેલ્લા ત્રણ વર્ષમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા સમિતિઓ દ્વારા ૬૨ અને સુગર ફેકટરીઓમાં ૧૧ એવી જેટલી પ્રયોગશાળાઓ આવેલી છે.

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, રાજયમાં ગૌણ અને સૂક્ષ્મ તત્વોની ચકાસણીની સુવિધા કેટલી પ્રયોગશાળાઓમાં છે અને ૨૦૧૩-૧૪માં ગૌણ અને સૂક્ષ્મત્તવની ચકાસણી માટે શું આયોજન છે?

શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કુલ ૧૦૨ જમીનની પ્રયોગશાળાઓ

પૈકી ૪૨ જમીનની ચકાસણીની પ્રયોગશાળાઓ ગૌણ અને સૂક્ષ્મત્તવો માટેની છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ઉકત જમીનની ચકાસણી પ્રયોગશાળામાં અંદાજીત ચાર લાખ નમૂનાઓનું ગૌણ અને સૂક્ષ્મતત્વો માટે પૃથ્થકરણ કરવાનું આયોજન છે. રાજયમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ નીચે મુજબ જમીનની ચકાસણી કરવાની પ્રયોગશાળા શરૂ કરવામાં આવેલ છે, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-૬૨, ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ-૧ અને ગુજરાત રાજય બીજ નિગમ-૧ અને સુગર ફેકટરીઓ મારફતે ૧૧.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, આ સોઇલ હેલ્થ કાર્ડનો વેલિડિટી પિરિયડ કેટલો છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમય પ્રમાણે ખાતર અને દવાઓના પ્રમાણના આધારે આ પ્રમાણ બદલાતું હોય છે અને દર બે-ત્રણ વર્ષે જમીનનું પરીક્ષણ કરાવવું જોઇએ.

## કચ્છ જિલ્લામાં આવેલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ

* ૧૩૫૯ **ર્ડા. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૩ (ત્રણ) |
| (૨)તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) ૨ (બે) |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શી છે? | (૩) ૩૦,૦૦૦ નમૂના. |

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કૃષિ રથ દ્વારા જે ખેડૂતોમાં જાગૃતિ આવી છે અને ટેકનિકલ પદ્ધતિથી ખેતી કરવાની જે રીત કૃષિ રથ દ્વારા સમજાવવામાં આવી હતી એ જોતાં રાજયની કૃષિની આવક નવ હજાર કરોડમાંથી એક લાખ કરોડ થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગુ છું કે, કચ્છ જિલ્લામાં આજે ખૂબ જ સારી ખેતી થઇ રહી છે ત્યારે આ પ્રયોગશાળાઓ જે ત્રણ છે તે કયા કયા સ્થળે આવેલી છે અને આ પ્રયોગશાળાની અંદર જે જમીનના નમૂના લેવામાં આવે છે એના છેલ્લા બે વર્ષમાં કેટલાં પૃથ્થકરણ કરવામાં આવ્યા અને છેલ્લા બે વર્ષમાં આ સોઇલ હેલ્થ કાર્ડ કેટલા ખેડૂતોને આપવામાં આવ્યા ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં જમીનની ચકાસણીની પ્રયોગશાળા એક ભુજમાં છે, એક અંજાર એ.પી.એમ.સી. છે અને ત્રીજી રાપર એ.પી.એમ.સી. છે. છેલ્લા બે વર્ષમાં પૃથ્થકરણ થયેલ નમૂના પ્રમાણે ભુજમાં ૧૫૩૫૨, અંજાર એ.પી.એમ.સી.માં ૧૭૯૪૭ અને રાપર એ.પી.એમ.સી.માં ૧૦૪૭૭ આ ઉપરાંત તોલાણી વિજ્ઞાન કોલેજ, ભુજ દ્વારા ૩૮૦૧ નમૂનાનું પૃથકકરણ કરવામાં આવેલું છે. જે મળી કચ્છ જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળામાં છેલ્લા બે વર્ષમાં ૪૭૫૭૭ નમૂનાનું પૃથકકરણ કરવામાં આવ્યું છે.

શ્રી છબિલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે કચ્છ જિલ્લામાં ઔદ્યોગિકરણને કારણે જે કંપનીઓ આવી છે એના કારણે જમીનો ખરાબ થાય છે કારણ કે એ લોકોને જે ખાડો કરીને અંદર ડાટવાનો હોય છે બે ફુટ નીચે પણ એ બહાર નાખી દે છે અને વરસાદ આવે એટલે ખેતરમાં જતુ રહે છે તો એના કારણે જમીન ખરાબ થાય છે તો એના માટે સરકાર કાંઇ કરવા માગે છે કારણ કે એનો નમૂનો ખરાબ જ આવવાનો છે અને ખેડૂતો પાક વિહોણા થઇ ગયા હોય છે તો એના માટે સરકાર કાંઇ કરવા માગે છે કે નહીં? વળતર આપવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આ ચકાસણી પ્રયોગશાળાની છે, છતાંય તમે જવાબ આપો કે આ જમીન ખરાબ થઇ જાય છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય છબિલભાઇનું એ સૂચન છે અને આ પ્રકારની કોઇ ફરિયાદ હશે તો ચોકકસ ઘ્યાન આપવામાં આવશે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જમીનના નમૂનાના યોગ્ય પૃથકકરણ થવા અંગે તેમજ તૈયાર થનારા સોઇલ હેલ્થ કાર્ડની યોગ્ય ચકાસણી માટે શું વ્યવસ્થા છે? જયારે આ સોઇલ હેલ્થ કાર્ડના કારણે ક્રાંતિ આવી છે ત્યારે કચ્છમાં આ પ્રયોગશાળાની સંખ્યા વધારવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીનના નમૂનાનું પૃથકકરણ કરતી સંસ્થાઓમાં પૃથકકરણ થયેલ નમૂનાઓનું રીવેરીફીકેશન કરવા માટેની જવાબદારી મદદનીશ ખેતી નિયામકને સોંપવામાં આવેલ છે. જે અન્વયે વર્ષ ૨૦૧૨–૧૩માં ૫૫૬૪૭ નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે. તે જ રીતે ૨૭૩૨૬ રેકર્ડની ડેટા એન્ટ્રીની ફેરચકાસણી કરવામાં આવેલ છે. આ ઉપરાંત પૃથ્થકરણ કરતી સંસ્થાઓની જિલ્લાના કુલ અધિકારીઓની ટીમો દ્વારા પૃથ્થકરણ કરતી સંસ્થાઓની મુલાકાત લઇ કામગીરી ગુણવત્તાયુકત થાય છે કે કેમ એની જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવે છે અને કામગીરી ચોકસાઇપૂર્ણ કરવામાં આવે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે દર વર્ષે ત્રીસ હજાર નમૂના ચકાસવાની કેપેસિટી કચ્છ જિલ્લામાં છે. મંત્રીશ્રીએ હમણાં જવાબ આપ્યો કે સોઇલ હેલ્થ કાર્ડની વેલિડિટી બે વર્ષની છે તો પ્રથમ વખત જે ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ જેને આપ્યા છે ત્યારપછી અત્યાર સુધીમાં એને કેટલી વખત રીપીટ થયા છે એ જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : કચ્છ જિલ્લા પૂરતું છે. કચ્છ જિલ્લા પૂરતું જેનું બે વર્ષ પહેલા થઇ ગયું એનું ફરીથી થયું કે નહીં?

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : કચ્છ જિલ્લા પૂરતું જ કહું છું. પ્રથમ વખત કયારે થયું અને ત્યારપછી કેટલી વખત થયું?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક અવેરનેસ કેળવાય તે માટેનો આ પ્રયાસ છે કે જમીનની ચકાસણી ખોટી રીતે કરાવીને ખોટા તત્વો જમીનની અંદર નાખે નહીં એના માટેનો રાજય સરકારનો એક પ્રયાસ છે. એ દિશામાં રાજય સરકાર ચાલે છે. ભૂતકાળમાં જે પ્રકારે વધારે પડતું ખાતર, દવાઓ નાખીને જમીનનો બગાડ થતો હતો એને આ સોઇલ હેલ્થ કાર્ડ મારફત અટકાવવાનો પ્રયાસ છે. જયારે આ પૃથ્થકરણ પૂર્તતામાં થશે અને જમીનની ચકાસણીની એક વાર અવેરનેસ ખેડૂતોમાં થશે ત્યારે ખેડૂત સામેથી એની ચકાસણી કરાવવા જશે અને એના માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : કયારે ચકાસણી થશે?

અધ્યક્ષશ્રી : આ કોઇ કમ્પલસરી નથી. પ્રશ્ન ક્રમાંક–૩

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિજાપુર દ્વારા કરવામાં આવેલ દાનની દરખાસ્ત**

* ૧૧૯૬ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિજાપુર દ્વારા દાનની દરખાસ્તો મંજૂર કરવા સરકારમાં કેટલી વખત માગણીઓ કરી, | (૧) બે વખત. |
| (૨) કરેલ માગણીઓ દરખાસ્તો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે. પ્રથમ વખત કુલ ૩૧ સંસ્થાઓની દરખાસ્તો મંજૂર કરેલ છે. અન્ય ૮ દરખાસ્તો |

| | |
|---|---|
| | ચકાસણી હેઠળ છે. |
| (૩)દાનની દરખાસ્તો કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ? | (૩) દરખાસ્તોની ચકાસણી કર્યા બાદ ત્વરીત નિર્ણય કરવામાં આવશે. |

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું વિજાપુર બજાર સમિતિના દાનની દરખાસ્તો કેટલા સમયથી પેન્ડીંગ છે? કડી બજાર સમિતિ અથવા બીજી બજાર સમિતિમાં દાનની દરખાસ્ત આવેલી તે કેટલા સમયમાં મંજૂર કરવામાં આવેલ છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિજાપુરની રૂપિયા ૨૦ લાખ ૭૦ હજારની રકમની ૩૧ દરખાસ્તો તા. ૧૩-૨-૨૦૧૩ ના રોજ મંજૂર કરવામાં આવેલી છે. ૮ અરજીઓ પેન્ડિંગ છે. આની અંદરથી ૪ દરખાસ્ત વિભાગ પાસે ચકાસણીમાં છે. ૧ નિયામકશ્રી પાસે અને એ.પી.એમ.સી. અને ૨ જિલ્લા રજિસ્ટ્રાર મહેસાણા પાસે પૂર્તતા માટે પડતર છે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યની બજાર સમિતિ દ્વારા ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઇ મુજબ દાન આપવાની પાત્રતા માટે કેટલું ભંડોળ ઉપલબ્ધ હોવું જરૂરી છે. બીજો પ્રશ્ન સંસ્થાઓ આ દાન મેળવે છે એમાં કોઇ મામા, માસીની સંસ્થાઓ છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેત બજાર અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૩૩-૧૧(એ) ની જોગવાઇ કૃષિ સહકાર વિભાગના તા. ૯-૩-૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક એ.પી.એમ. ૧૩-૯૩/૨૩-૨૪/ગ ૯૩ મુજબ રાજયની ખેત ઉત્પન્ન બજાર સમિતિ પોતાના બજાર ફંડમાંથી ૨૦ ટકાની મર્યાદામાં દાન આપી શકે છે. સદર દાન સરકારશ્રીની પૂર્વ મંજૂરીથી અને સરકાર ઠરાવે તે શરતોને આધીન રહીને બજાર સમિતિએ આપવાનું હોય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે આટલી પેન્ડિંગ રહી છે. ખરેખર જે માર્કેટ યાર્ડ કોંગ્રેસની હોય એ લોકોને મોડી આપવામાં આવે છે. માટે આમાં હાઇકોર્ટે ઓર્ડર કર્યો છે કે કેમ? (અંતરાય) મારો સીધો પ્રશ્ન છે. આ મેટરની અંદર હાઇકોર્ટે સરકારશ્રીને ઓર્ડર કર્યો છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શાંતિ પ્લીઝ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ૩૧ તો અગાઉ અમે ચૂકવી આપેલી છે. આના સિવાય પણ ૩૪ લાખ ૩૬ હજાર ની ૫૮ દરખાસ્ત આવેલ છે.

અધ્યક્ષશ્રી : હાઇકોર્ટે ઓર્ડર કર્યો છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ઓર્ડર કર્યો છે અને ચૂકવી દીધા છે.

અધ્યક્ષશ્રી : ઓર્ડરની અમલવારી કરી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : આ સિવાય પણ માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે કોંગ્રેસની એ.પી.એમ.સી. ને મંજૂરી મોડી આપવામાં આવે છે. તો આની પહેલા ૫૮ દરખાસ્તો આવેલી અને બધી મંજૂર કરેલ છે અને ૩૪ લાખ ૩૬ હજારની દરખાસ્ત હતી, તેને મંજૂરી આપી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુલ ૩૧ દરખાસ્તો આપણે મંજૂર કરી એની કુલ રકમ કેટલી થાય અને ૮ દરખાસ્ત પેન્ડિંગ છે, તેની હાલમાં શું સ્થિતિ છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : જે ૩૧ દરખાસ્ત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી, તેમાં કુલ રૂપિયા ૨૦ લાખ ૭૦ હજારની રકમ મંજૂર કરવામાં આવેલી છે અને ૮ દરખાસ્ત પડતર છે એ પૈકી ૧ દરખાસ્તનો નિર્ણય થઇ ગયો છે. ૫ સરકારશ્રીની મંજૂરી અર્થે વિચારાધીન છે. બાકીની ૨ દરખાસ્ત જિલ્લા રજિસ્ટ્રાર મહેસાણાની કચેરીમાં પૂર્તતા માટે પડતર છે.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : જે સમયમાં વિજાપુરની દરખાસ્ત હતી, તેમાં બીજી બજાર સમિતિઓની

દરખાસ્ત હતી, તે તમામને મંજૂરી આપવામાં આવી? ફક્ત વિજાપુરની બાકી રાખવામાં આવી છે તે પ્રશ્ન પૂછવો છે. આ સમયમાં જે મંજૂરી આપી તે સમયમાં કડીમાં મંજૂરી આપવામાં આવી ૨૩ લાખની...

અધ્યક્ષશ્રી : વિજાપુર પૂરતો મર્યાદિત રાખો.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : વિજાપુર એકલાને શા માટે બાકી રાખી.

અધ્યક્ષશ્રી : વિજાપુરમાં તમે પરવાનગી આપી છે એમ કહે છે. એક મિનિટ, વિજાપુરમાં તમે લેઇટ પરવાનગી આપી છે તેમ કહે છે.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એમ પૂછવું છે કે ફકત વિજાપુરને કેમ બાકી રાખવામાં આવ્યું છે**?** કયા કારણોસર બાકી રાખવામાં આવ્યું છે**?**

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર વિજાપુર માટેનો છે. બીજી એ.પી.એમ.સી. માટે કયારે અરજીઓ આવી અને કયારે મંજૂર કરી તેની અલગથી નોટીસ આપવામાં આવશે તો માનનીય સભ્યશ્રીને માહિતી આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય નારણભાઇ પટેલ, ઝડપથી પૂછજો. ધીમે ધીમે નહીં.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિજાપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની કેટલી દરખાસ્તો, મારા ખ્યાલથી ૩૯ દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે. તેમાં ભેદભાવ રાખ્યો નથી તો તેની કેટલી દરખાસ્તો મંજૂર કરી તે મને જણાવે.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે આ જે ૩૧ દરખાસ્તો હતી તે અમે મંજૂર કરી છે. તેના સિવાય ૨૦૧૦ની ૫૮ દરખાસ્તો આવી તે પણ રાજ્ય સરકારે મંજૂર કરી દીધી છે.

## ફૉરેન્સીક સાયન્સ લેબૉરેટરી દ્વારા રાજ્ય બહારની સંસ્થા/કચેરીના પરિક્ષણ થકી આવક

* ૧૨૯૧ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)ફૉરેન્સીક સાયન્સ લેબૉરેટરી દ્વારા તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય બહારની કેટલી સંસ્થાઓ/કચેરીઓના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ વર્ષ-૨૦૧૧ અને વર્ષ-૨૦૧૨માં ગુજરાત સિવાયના અન્ય રાજ્યો અને કેન્દ્રીય સંસ્થાઓ એમ કુલ મળીને ૩૪ સંસ્થા/કચેરીઓના કુલ ૧૫૧૫ કેસોના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા. |
| (૨)આ લેબૉરેટરી રાજ્ય બહારની એજન્સીઓના પરીક્ષણો થકી તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ? | (૨) આ લેબૉરેટરી રાજ્ય બહારની એજન્સીઓના પરીક્ષણો થકી તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ વર્ષવાર આવક થયેલ છે. |

| વર્ષ | થયેલ આવક |
|---|---|
| સને ૨૦૧૧ | ૧,૬૦,૭૬,૭૧૧/- |
| સને ૨૦૧૨ | ૧,૭૫,૯૪,૨૮૭/- |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરી દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્ય સિવાય અન્ય કયા કયા રાજ્યની સંસ્થાઓ, કચેરીઓ તેમજ કઇ કઇ કેન્દ્રીય એજન્સીઓને મદદ પૂરી પાડવામાં આવી છે અને કેટલા કેસોમાં મદદ કરવામાં આવી છે**?**

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ બધા જ કેસોના ઉકેલમાં સાતત્યપૂર્ણ વ્યવહારને કારણે અને નિષ્પક્ષતાને કારણે સમગ્ર દેશમાં જયારે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે ત્યારે આખા દેશમાં વિવિધ રાજયોમાં જે પ્રમાણે આ લેબોરેટરી દ્વારા મદદ કરવામાં આવી છે તેમાં સાહેબ દિલ્હીમાં ૪૬૧ કેસમાં ૧૬૩૨ નમૂના, ગોવામાં ૧૬૫ કેસમાં ૮૦૮ નમૂના, દાદરા નગર હવેલીમાં ૧૧૧ કેસોમાં ૯૯૩ નમૂના, બિહારમાં ૧૧૦ કેસમાં ૨૪૪ નમૂના, દમણમાં ૮૫ કેસોમાં ૩૬૪ નમૂના, મધ્યપ્રદેશમાં ૩૯ કેસમાં ૪૨૩ નમૂના, પંજાબમાં ૩૭ કેસમાં ૭૩ નમૂના, કેરલમાં ૨૭ કેસમાં ૩૮ નમૂના, રાજસ્થાનમાં ૨૯ કેસમાં ૪૮ નમૂના, હરિયાણામાં ૨૪ કેસમાં ૨૫ નમૂના, છત્તીસગઢમાં ૨૪ કેસમાં ૧૭૧ નમૂના, ઉત્તરપ્રદેશમાં ૨૨ કેસમાં ૪૦ નમૂના. સાહેબ તેમણે કેસોની સંખ્યા માગી છે. હિમાચલ પ્રદેશમાં ૧૩ કેસોમાં ૨૯૪ નમૂના, ઝારખંડમાં ૧૩ કેસમાં ૧૧૬૯ નમૂના, દિવમાં ૧૧ કેસમાં ૩૦ નમૂના, જમ્મુ કાશ્મીરમાં ૧૦ કેસોમાં ૨૦ નમૂના, મહારાષ્ટ્રમાં ૮ કેસોમાં ૩૯ નમૂના, તામિલનાડુમાં ૭ કેસમાં ૧૮ નમૂના, કર્ણાટકમાં ૬ કેસમાં ૫૩ નમૂના, હવે બે જ બાકી છે. આંધ્રપ્રદેશમાં ૩ કેસમાં ૨૧ નમૂના, ઓરિસ્સામાં ૨ કેસમાં ૬ નમૂના અને ઉત્તરાંચલમાં ૧ કેસમાં ૫ નમૂના માં એફએસએલે મદદ કરેલી છે. એમણે બીજી એક માહિતી માગી છે કે કેન્દ્રીય સંસ્થાઓમાં ગુજરાતની એફએસએલે કયા પ્રકારની મદદ કરી છે. રેલવેમાં ૧૦૨ કેસોમાં ૩૮૭ નમૂનામાં મદદ કરી છે. ડાયરેકટરમાં ૪૮ કેસમાં ૭૮૧ નમૂના,

અધ્યક્ષશ્રી : એક મિનિટ. એમણે માહિતી માગેલી છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માહિતી માગી છે. ઈન્સ્યોરન્સમાં ૩૮ કેસમાં ૫૬ નમૂનામાં, કસ્ટમ અને એકસાઈઝમાં ૩૭ કેસમાં ૨૦૬ નમૂના, અન્ય તપાસ એજન્સીઓમાં ૩૫ કેસોમાં ૧૨૧૨ નમૂના, સીબીઆઈમાં ૩૮ કેસમાં ૧૩૧, એન.આઈ.એ.માં ૭ કેસમાં ૮૭ નમૂના, આર્મીમાં ૪ કેસમાં ૧૦ નમૂના.

અધ્યક્ષશ્રી :બસ બસ હવે બહુ લાંબુ હોય તો ટેબલ પર મૂકજો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રાજયની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા હાથ ધરાયેલ કેસોમાં કોઇ ચર્ચાસ્પદ કેસોમાં ગુજરાતે મદદ કરેલી છે? અને જો મદદ કરી હોય તો કયા કયા ગુજરાત બહારના ચર્ચાસ્પદ કેસોમાં મદદ કરી છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આ એફએસએલે દેશના અનેક ચર્ચાસ્પદ કેસો, જેના ઉપર આખા દેશની નજર હોય, એવા કેસોમાં કયાંક સાહેબ, સીબીઆઈ હોય એની પોતાની પાસે પણ એફએસએલ હોય છે, પણ એ કેસોમાં એ ઉકેલ ન લાવી શકયા હોય એવા કેસોમાં પણ ગુજરાતના એફએસએલે મદદ કરેલી છે, અને એમાં જે ચર્ચાસ્પદ કેસ છે એમાંના હું કેટલાક કેસ ધ્યાન ઉપર લાવીશ, એક આરુષી મર્ડર કેસ જે સીબીઆઈ પાસે હતો, સાહેબ, શંકાસ્પદ વ્યકિતઓના brain mapping, finger printings, narco-analysis અને lie detection ટેસ્ટ કરીને આ કેસમાં એફએસએલે મદદ કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ એફએસએલ માટે જુદા જુદા રાજયોના અને સીબીઆઈથી માંડીને બધાના ઉદાહરણ આપ્યાં, ત્યારે મારે ફકત માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, આ એફએસએલ દ્વારા ગુજરાતની અંદર જે ગંભીર ગુનાઓ થયા હતા, એમાં બોમ્બકાંડ હોય, નકલી એન્કાઉન્ટર હોય કે સાબરમતી જેલનો સુરંગકાંડ હોય એની અંદર માનનીય અધ્યક્ષશ્રી, હું કોર્ટની મેટરની ચર્ચા નથી કરતો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, સીધા પ્રશ્ન ઉપર આવો, કોઈપણ પ્રસ્તાવના કરવાની જરૂર નથી, એક મિનિટ, (અંતરાય) એ કોર્ટ મેટર છે. કોર્ટની મેટરની ચર્ચા નથી કરતા. માનનીય સભ્યશ્રી, શાંતિ રાખોને. માનનીય સભ્યશ્રી, આપ શું પૂછવા માગો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, હું એ પૂછવા માગું છું કે, ગુજરાત રાજયની અંદર બનેલા જે ગંભીર ગુનાઓ છે, એ ગુનાઓની પણ દેશે નોંધ લીધેલી છે, એના દ્વારા (અંતરાય) ભાઈ, શાંતિ રાખો. એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, સીધો સવાલ જ પૂછો, અને માનનીય સભ્યશ્રી, તમે શાંતિ રાખો. ભાઇ, એમને સવાલ પૂછવા દો, એ સવાલ કહે છે અને એવું કાંઇ હશે, વિધાનસભાની કાર્યવાહી માટે એ યોગ્ય નહીં હોય તો આપણે રદ કરશું, પણ એમને સવાલ કરવા દો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો જ સવાલ છે કે, જે રાજયની અંદર ગંભીર ગુનાઓ બન્યા હતા અને જેની નોંધ દેશે લીધી છે, એવા ગુનાઓ માટે એફએસએલનો ઉપયોગ કરીને, એવા કેટલા ગુનાઓનું એફએસએલ દ્વારા એનો નિકાલ કરવામાં આવ્યો છે, એના રિપોર્ટના આધારે એનો શું રિપોર્ટ આવ્યો છે?

અધ્યક્ષશ્રી : આમાં રિપોર્ટ ના હોય, આ લેબૉરેટરી છે, તમે એ કહો કે, કેટલા કેસોની તમે ચકાસણી કરીને રિપોર્ટ આપ્યો છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ, આ એફએસએલમાં કોઇ એજન્સી કે કોઇ રાજય આ લેબૉરેટરીને કોઇ ગુનાની તપાસ માટે સામેથી કહે કે, ભાઇ, અમારે આ ગુનામાં આનો ઉકેલ જોઇએ છે, તો એ એફએસએલ એમને મદદ કરે છે, આવા કેસીસમાં એમણે કહ્યું હશે તો એમાં પણ એફએસએલ ચોકકસ મદદ કરશે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ગુજરાત રાજયની અદ્‌ભૂત કામગીરી કરી રહેલી એફએલએલમાં ગુના તપાસ માટે વપરાતી વિશિષ્ટ પ્રકારની એવી કઇ કઇ ટેકનોલોજી છે, કે જે બીજા અન્ય રાજયોમાં ન હોય અને એ માત્ર આપણા ગુજરાતમાં હોય?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ, આ રાજયમાં આ એફએસએલને અત્યંત આધુનિક બનાવવામાં આવી છે, અને એટલા માટે એ દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે, એવી અનેક ટેકનોલોજી છે કે જે સમગ્ર દેશમાં માત્ર ગુજરાતમાં છે, અને એમાં સાહેબ, બુલેટપ્રુફ હેલ્મેટ– જેકેટ, અને panel ચકાસણીની સુવિધા અહીંયા છે, મોબાઇલ crime investigation ની સુવિધા છે, ટેલિફોરેન્સિક ગુના સ્થળ તપાસ માટેની અદ્યતન પદ્ધતિ આપણી લેબૉરેટરીમાં છે અને એક સૌથી મહત્વનો વિષય છે કે ગૌ માંસના સ્થળ પરિક્ષણ માટેના તમામ સાધનોથી સજ્જ એવી આધુનિક મોબાઇલ વાન છે કે જેથી ગમે ત્યાં પકડાય તો પણ આપણે ચકાસણી કરી શકીએ એવા પ્રકારની વ્યવસ્થા આપણી પાસે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, સારી લેબૉરેટરી સમગ્ર ભારત દેશમાં ગુજરાત રાજયમાં આવેલી હોય એ આપણા સૌના માટે ગૌરવની બાબત કહેવાય અને અભિનંદનને પાત્ર છે. એમાં વાંધો હોઇ શકે જ નહીં પણ, આ રાજયની અંદર જુદા જુદા બનાવટી એન્કાઉન્ટરો થયા એમાં ઈસરત જહાં એન્કાઉન્ટરના એફ.એસ.એલ.ના રિપોર્ટ જે આવ્યા હતા એ ખોટા આવ્યા હતા એ વાત સાચી છે કે ખોટી? જવાબ આપો હું રિપોર્ટ જ પૂછું છું. ઈસરત જહાં એન્કાઉન્ટરના રિપોર્ટ જે આવ્યા હતા એ ખોટા આવ્યા હતા એ વાત સાચી છે કે ખોટી? (અંતરાય) એફ.એસ.એલ.રિપોર્ટ ઈસરત જહા કેસના જે આવ્યા હતા એ ખોટા આવ્યા હતા એ વાત સાચી છે કે ખોટી?

અધ્યક્ષશ્રી : એ કયા રિપોર્ટ આવ્યા એ રિપોર્ટના ઇનગ્રેડીયન્ટમાં જવાની જરૂર નથી. એનું કામ રિપોર્ટ આપવાનું છે. એની પ્રોસિઝર વિશે પૂછો. રિપોર્ટ માટે પૂછવાની જરૂર નથી. પ્રોસિઝર માટે પૂછવું હોય તો ફરીથી પૂછવાની તમને તક આપુ છું. પ્રોસિઝર માટે પૂછો રિપોર્ટના ઇનગ્રેડીયન્ટ શું હતા એમાં જવાની જરૂર નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એ જે રિપોર્ટ આવ્યા હતા એ ખોટા આવ્યા હતા એ વાત સાચી છે કે ખોટી? જે બનાવટી એન્કાઉન્ટરના રિપોર્ટ આવ્યા હતા એ સાચા આવ્યા હતા કે ખોટા આવ્યા હતા એટલું જ પૂછવું છે માનનીય મંત્રીશ્રીને.

અધ્યક્ષશ્રી : એ રિપોર્ટ શું આવ્યા હતા? જે રિપોર્ટ હતા એ રિપોર્ટ આપી દીધા પછી સાચા છે કે ખોટા છે એ નિર્ણય ક્યાંય ન લઇ શકાય એ લેબૉરેટરીનું કામ નથી. લેબૉરેટરીનું કામ છે એ કાંઇ વસ્તુ છે એના અંગે એ લોકો ફીઝીકલી રિપોર્ટ આપે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બહુ સારી વાત કરી કે સમગ્ર જગ્યાએ આપણા રિપોર્ટ બહુ સારા આવ્યા છે અને બહુ સારી વાત છે. મારે તો માત્ર ટૂંકો જ પ્રશ્ન એક પૂછવો છે કે, આ લેબની અંદર કોઇ વાર એવું પણ બને છે કે આપણે રિપોર્ટ જે આવ્યો હોય એ સાચો બતાવ્યો હોય આપણી લેબે પણ બીજી લેબમાં અપીલમાં જઇને આ રિપોર્ટ ખોટો છે એવું થયું છે? હા અથવા ના એટલું કહો.

અધ્યક્ષશ્રી : કયાંય કોન્ટ્રાડીકશન થાય છે? આપણો આ રિપોર્ટ આપ્યો હોય અને બીજી લેબમાં કોન્ટ્રાડીકટ થયો હોય એવું થાય છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ લેબૉરેટરીનું કામ એ છે કે જે કાંઇ નમૂના આવે એનું એ લેબૉરેટરીમાં જે કાંઇ ઉપલબ્ધ સંસાધનો છે એના દ્વારા પૃથ્થકરણ કરવું અને રિપોર્ટ આપવો એ કામ છે એ સાચો ખોટો રિપોર્ટ એ પછીનું કામ છે. એનું કામ છે એના માટેની માહિતી આપવાનું.

**શેરડીના વાવેતર તથા કાપણી માટે મજૂરોની અછત નિવારવા યોજના**

* ૧૨૮૮ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૧૦–૧૧ અને સન ૨૦૧૧–૧૨ માં શેરડી વાવેતર તથા કાપણી માટે મજૂરોની અછત નિવારવા રાજ્ય સરકારે કોઈ યોજના હાથ ધરેલ છે કે કેમ? | હા જી. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ સુગર સંસ્થાઓને ૪૬ સુગરકેન હાર્વેસ્ટર મશીન અને ૧૬ સુગરકેન પ્લાન્ટર માટે કુલ રૂા. ૨૯૫૫.૩૭ લાખની સહાય ચૂકવેલ છે. |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આર.કે.વી.આઇ. યોજનાનો અમલ ક્યારથી શરૂ કરેલ છે? તેમજ આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં કેટલી સહાય મંજૂર કરવામાં આવી છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આર.કે.વી.આઇ. યોજના ૨૦૧૦–૧૧ થી શરૂ કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૧૦–૧૧માં આ પ્રોજેકટ અંતર્ગત બારડોલી સુગર, સલથાણા સુગર, સાયણ સુગર, મઢી સુગર, મહુવા સુગર, કામરેજ સુગર, માંડવી સુગર, મરોલી સુગર, ગણદેવી સુગર, ગણેશ સુગર આમ કુલ ૧૧ સુગર કેન હાર્વેસ્ટ મશીનો રૂપિયા ૫૦૭. ૫૭ લાખની સહાયથી મંજૂર કરેલ છે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમની ફાળવણી કરવામાં આવી અને, તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને, આમાં જણાવ્યું છે કે મજૂરોની અછતના કારણે શેરડીના પાકના વાવેતરમાં ઘટાડો થયો છે. જો થયો હોય તો કેટલો?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ગુજરાતની અંદર દિવસે દિવસે ઉદ્યોગો અને ખેતીનો જે વિકાસ વધી રહ્યો છે એને લીધે સ્થાનિક મજૂર મળવા ખૂબ જ મુશ્કેલ થઇ ગયા છે એટલે આપણે અહીંયા સુગરકેન હાર્વેસ્ટીંગ માટે મજૂર આવે છે એ મોટે ભાગે બહારના આવે છે એટલે ક્યારેક જે વિસ્તારમાંથી આ મજૂર આવે છે, મહારાષ્ટ્રમાંથી આવે છે, મધ્યપ્રદેશમાંથી આવે છે એ વિસ્તારમાંથી જ્યારે મજૂરો ઓછા આવે ત્યારે અહીંયા હાર્વેસ્ટીગ માટેની તકલીફ ઉભી ન થાય એના માટે આ યોજના શરૂ કરેલી છે.એમાં પચાસ ટકાની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે છે અને ૫૦ ટકાની ગ્રાન્ટ જે તે સુગર મીલ આપે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શેરડી કાપવા માટે મજૂરો ક્યાંથી મળે છે તથા તેમને કેટલી મજૂરી ચૂકવવામાં આવે છે? તેઓ એક દિવસમાં હાર્વેસ્ટીંગ કરે તો કેટલું કામ કરી શકાય છે અને મશીનથી હાર્વેસ્ટીંગ કરવામાં આવે તો કેટલું કામ થઇ શકે છે? તેનો શું ખર્ચ આવે છે અને એનાથી કેટલો ફાયદો થાય છે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન જુદો છે મંત્રીશ્રી આમાંથી આપની પાસે જે વિગત હોય તેનો જવાબ આપો.

શ્રી બાબુભાઇ બોખીરીયા :માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કહ્યું તે રીતે રાજયમાં શેરડીના પાકની વાવણી તથા કાપણી કરવા માટે મજૂરોની અછત રહે છે મજૂરોની અછતના કારણે શેરડી કાપવામાં વિલંબ થાય છે. લગભગ ૭૦ ટકા મજૂરો મહારાષ્ટ્રમાંથી આવે છે. એક દિવસમાં એક મજૂરની જોડ મારફતે આઠ કલાકમાં ૮ ટનની કાપણી થાય છે અને તેમની મજૂરીનો દર છે એ આઠ કલાકના ૧૭૦ થી ૧૮૦ રૂપિયા આપવામાં આવે છે. હાર્વેસ્ટીંગ મશીન એક દિવસમાં ૭૦ થી ૮૦ ટન શેરડી કાપે છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજયમાં જિલ્લાવાર કેટલા સુગરકેન હાર્વેસ્ટ છે અને કેટલા સુગરકેન પ્લાન્ટેડ છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા :રાજયમાં સુરત જિલ્લામાં ૧૯, નવસારી જિલ્લામાં ૧૦, ભરૂચ જિલ્લામાં ૫, વડોદરા જિલ્લામાં ૪, નર્મદા જિલ્લામાં ૨, તાપી જિલ્લામાં ૫ અને જૂના ગઢ જિલ્લામાં ૧ એમ કુલ સાત જિલ્લામાં ૪૬ સુગરકેન આવેલા છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે હાર્વેસ્ટર જે આપવામાં આવે છે એમાંથી ૫૦ ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે છે અને પચાસ ટકા જે તે લગત સંસ્થા એટલે કે સુગર ફેક્ટરી જ્યારે એમાં સહમત થાય છે ત્યારે એ આપે છે. આ હાર્વેસ્ટરની કિંમત બહુ મોટી છે, લગભગ એક કરોડ રૂપિયા કરતાં પણ વધારે. આ સ્કિમ જ્યારે કેન્દ્ર સરકારમાંથી લોન્ચ કરવામાં આવી ત્યારે મારે સરકાર પાસેથી એ જાણવું છે કે, રાજય સરકાર પોતે આમાં કંઇ આપતી નથી પણ કેન્દ્ર સરકારની સ્કિમ જ્યારે વિભાગમાં આવે છે ત્યારે વિભાગ તરફથી તાત્કાલિક મશીન ખરીદી લો એવી વાત કરવામાં આવે છે. આ એક પણ મશીન ભારતનું નથી. ભારત દેશની બહારથી આ મશીન આવે છે. આ મશીનો કોના મારફતે આવે છે અને આ હાર્વેસ્ટર છે એ ખરેખર યોગ્ય કામ કરે છે કે કેમ? કામ નથી કરી શકતા તેમ છતાં ખરીદ કરવા માટે દબાણ કરાવવામાં આવે છે તો એના માટેની જવાબદારી કોની ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પુછ્યો એમાં આ આર.કે.વી.વાય. નીચેની યોજનાના મશીન ક્યાંથી ખરીદવામાં આવે છે? માનનીય સભ્યશ્રીની વાત સાચી છે કે એ મશીન ઇન્ડિયામાં નથી બનતા બહારથી મંગાવવામાં આવે છે એ એક મશીનની કિંમત પણ ૧ કરોડ અને એક લાખ રૂપિયાની આસપાસ હોય છે, ૨૦૧૧–૧૨ની સાલમાં એની કિંમત ૧ કરોડ ૨૫ લાખ રૂપિયા જેટલી હતી. યોજનામાં જે સહાય કેન્દ્ર સરકારે આપે છે. એ મશીનની કામગીરી કઇ રીતે કરે છે, એના પરિણામો શું છે. સુગર મીલોને અમે આ મશીનો આપેલા છે એમાંથી ક્યાંયથી પણ કોઇ ફરિયાદ આવેલી નથી કે કામ કરતાં નથી, ત્યાંના રિપોર્ટ એવા છે કે એક હાર્વેસ્ટીંગ મશીન એક દિવસમાં ૭૦ થી ૮૦ ટન શેરડી કાપે છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : હું પણ સુગર ફેકટરીનો ચેરમેન છું મેં પણ એ જોયું છે, ડેમોસ્ટ્રેશન પણ જોયું છે. મારે સરકારને સ્પષ્ટ પૂછવું છે કે જે તે હાર્વેસ્ટર છે એ બરાબર ચાલતા નથી કામ પૂરું આપતા નથી, બગાડ અનેકગણો થાય છે. ખર્ચ અનેકગણો વધારે થાય છે, સુગર ફેકટરીને પરવડે તેમ પણ નથી. સરકારના વિભાગે દબાણ કરીને ધરાર ખરીદી જ લો એવું જણાવેલ છે એ અંગેની કોઇ ફરિયાદ આવી છે કે કેમ? મારી સુગર ફેકટરીએ આ બાબતની ફરિયાદ કરેલી છે.

અધ્યક્ષશ્રી : હાર્વેસ્ટર જે છે એ યોગ્ય રીતે કામ નથી આપતા એની સાથે સંમત થતા હોય તો આગળનો જવાબ આપજો.

શ્રી બાબુભાઇ બોખીરીયા : આના માટેની કોઇ ફરિયાદ મળી નથી. ૨૦૧૦–૧૧ની સાલમાં આપણે ૧૧ મશીનો આપ્યા હતા. તેના પછી પણ પાછા ૩૫ મશીનોની માગણી આવેલી અને આપણે આપેલાં છે. એટલે જો તે બરાબર કામ ના કરતા હોય તો ફરીથી માગણી આવે નહીં. એટલે ફરીથી માગણી આવી છે તેનો મતલબ એ થયો કે મશીનો બરાબર કામ કરે છે.

## ભરૂચ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૧૩૪૮ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૩૧ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૦ અરજીઓ |
| (૩)તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂા. ૮૦,૦૦,૦૦૦/– |

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ રાજય સરકાર ખેડૂતોની અનેક સારી સારી યોજનાઓ લાવી છે તે પૈકીની આ ખેડૂત અકસ્માત વીમા યોજના છે. આ આશીર્વાદ સમાન યોજનાની રકમ પણ રાજય સરકારે ડબલ કરી છે. મારો પ્રશ્ન એ છે કે, આ ૧૩૧ અરજીઓ ત્રણ વર્ષમાં કરવામાં આવી છે. તેમાંથી ૯૦ અરજીઓ મંજૂર થઇ છે. ઘણી વખત અરજીઓ નામંજૂર થવાના ઘણાં કારણો બનતાં હોય છે તો એમાં અરજી કરવાના પાયામાં કેવી બાબતોની કાળજી રાખવાની જરૂર પડે છે? માનનીય મંત્રીશ્રી એક એ જવાબ આપે. બીજું કે આ વીમા કંપની જે છે તે લગભગ વધારે સમય લઇ લે છે તો વીમા કંપનીઓ કેટલાં સમયમાં આ અરજીઓ મંજૂર કરીને આપે છે અને તેનો હિસ્સો શું હોય છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂત વીમા યોજના અંતર્ગત રાજય સરકાર ૭૦ લાખ ખેડૂતો અને તેમના એક વારસદાર માટે ૪૨ કરોડ રૂપિયાનું વાર્ષિક પ્રિમિયમ ભરે છે અને તેના અનુસંધાને ખાતેદાર ખેડૂત જે હોય, તેમના કુટુંબમાંથી કોઇ ગુજરી જાય તો તેને ૯૦ દિવસની અંદર આનુષાંગિક પુરાવા સાથેની અરજી કરવાની હોય છે. અને અરજીની ચકાસણી વીમા નિયામકશ્રી, ગાંધીનગર દ્ધારા થતી હોય છે. અને ૯૦ દિવસની અંદર અરજી કર્યા પછી તે બધી રીતે ફુલફિલ હોય તો એ મંજૂર કરવામાં આવે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માંગુ છું કે, આ યોજના રાજય સરકારે કયા વર્ષમાં ચાલુ કરી ? અને બીજું...

અધ્યક્ષશ્રી : તેની જન્મ તારીખને અને આને શું લાગે વળગે? આમાં કોઇ ખામી રહેતી હોય તો કહો.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, કયા વર્ષમાં ચાલુ કરી તેનો મને અંદાજે ટાઇમ આપે. અને બીજું માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જાણવા માંગુ છું કે, આ વીમા યોજનામાં અત્યારે જે સહાય ચૂકવવામાં આવે છે તેમાં કંઇ વધારો કરવા માગે છે કે નહીં ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વધારાનું સૂચન છે. ૧૯૯૬થી આનો અમલ કરવામાં આવ્યો છે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાની આ રાજયમાં કયારથી શરૂઆત કરવામાં આવી ? અને ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં કેટલી સહાય આપવામાં આવી ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઇશ્વરભાઇ પટેલે પ્રશ્ન કર્યો છે તેના જવાબમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬થી તેની શરૂઆત થઇ છે. અકસ્માતના કારણે આકસ્મિક કોઇ મૃત્યુ પામે તો તેના પરિવારને, તેના વારસદારને ૧ લાખ રૂપિયા, અકસ્માતના કારણે બે આંખ, બે હાથ કે પગની કોઇ ખામી આવીને અપંગ થયા હોય તો તેને ૧ લાખ

રૂપિયા. અને અકસ્માતના કારણે બે આંખ, બે હાથ કે બે પગ પૈકી કોઇપણ અંગને જો નુકસાન થયુ હોય તો તેને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માંગુ છું કે જયારે ખાતેદાર કે જેમના નામ ઉપર જમીન હોય છે તેના સીધી લીટીના વારસદારો માની લો કે તેમની ઉંમર ૭૦–૭૫ વર્ષની થઇ ગઇ અને તેમના છોકરાઓ પણ ૪૦–૫૦ વર્ષના થઇ ગયા તો એ જમીન ખાતેદાર કે જેમના નામ ઉપર જમીન હોય તેમને સહાય આપવામાં આવે છે. તો એના સીધી લીટીના વારસદાર એ પણ ખેડૂત જ ગણાય છે તો તેને સહાય આપવા માગો છો કે નહીં ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર કોઇપણ ખેડૂત માટેની આ વીમા યોજના છે. તે ખાતેદાર ખેડૂત પૈકીના કુટુંબમાંથી કોઇ સીધી લીટીનો વારસદાર ગુજરી જાય તો તેમને આ રકમ મળવાપાત્ર છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૧૩૧ માંથી ૯૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તેનો અર્થ એ થયો કે ૪૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. તો આમાંથી પડતર અરજીઓ કેટલી છે અને નામંજૂર કરેલ અરજીઓ કેટલી છે અને જે નામંજૂર કરવામાં આવી છે તેના કારણો શું છે? અને મારો બીજો સવાલ એ છે કે આ અકસ્માત વીમામાં અરજદારે અરજી કર્યા પછી વર્ષો ના વર્ષો નીકળી જતા હોય છે કેટલાક તો દોઢ–દોઢ, બે–બે વર્ષથી મંજૂર કરવામાં આવતા નથી તો તેના માટે શું કરવા માગે છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : આ પ્રકારના લાંબા સમયથી પડતર કેસો અંગે મને ચોકકસ માહિતી આપશે તો તે અંગે જરૂરથી તપાસ કરાવવામાં આવશે. બીજું નામંજૂર થવાના કારણોમાં મુખ્યત્વે ખાતેદાર ખેડૂત ન હોય, સીધી લીટીના વારસદાર ન હોય તેવા પ્રકારના કેસો નામંજૂર થતા હોય છે.

## આણંદ જિલ્લામાં પશુ દવાખાનાવાર મંજૂર થયેલું મહેકમ

* ૧૨૨૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાના કાર્યરત છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | આણંદ | ૨ |
| ૨ | ઉમરેઠ | ૧ |
| ૩ | બોરસદ | ૩ |
| ૪ | આંકલાવ | ૧ |
| ૫ | ખંભાત | ૨ |
| ૬ | તારાપુર | ૧ |
| ૭ | પેટલાદ | ૩ |
| ૮ | સોજીત્રા | ૨ |
| | **કુલ** | **૧૫** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર સંવર્ગવાર મંજૂર થયેલું મહેકમ કેટલું છે, અને

(૨)

| અ. નં. | તાલુકાનું નામ | સંવર્ગનું નામ | | |
|---|---|---|---|---|
| | | પશુ ચિકિત્સા અધિકારી | ડ્રેસર | પટાવાળા/ એટેન્ડન્ટ કમ ડ્રેસર |
| ૧ | આણંદ | ૧ | ૦ | ૧ |
| ૨ | ઉમરેઠ | ૧ | ૦ | ૧ |
| ૩ | બોરસદ | ૨ | ૨ | ૨ |
| ૪ | આંકલાવ | ૧ | ૦ | ૧ |
| ૫ | ખંભાત | ૨ | ૧ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | તારાપુર | ૦ | ૦ | ૧ |
| ૭ | પેટલાદ | ૨ | ૧ | ૧ |
| ૮ | સોજીત્રા | ૧ | ૧ | ૨ |
| | **કુલ** | **૧૦** | **૫** | **૧૦** |

(૩) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે કેટલા સમયમાં તે ભરવાનું આયોજન છે?

(૩)

| તાલુકાનું નામ | સંવર્ગ | જગ્યા કઈ તારીખથી ખાલી |
|---|---|---|
| આણંદ | પશુ ચિકિત્સા અધિકારી | ૦૬-૦૬-૨૦૧૨ |
| બોરસદ | ડ્રેસર | ૦૧-૦૨-૨૦૦૪ |
| | પશુ ચિકિત્સા અધિકારી | ૩૧-૦૭-૨૦૧૦ |
| | પટાવાળા | ૦૬-૦૨-૨૦૦૩ |
| આંકલાવ | પટાવાળા | ૦૬-૦૧-૨૦૦૬ |
| સોજીત્રા | પટાવાળા | ૨૬-૦૧-૨૦૦૯ |
| ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. | | |

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મને આ જવાબ જોઇને ચોકકસ આ સરકારને અભિનંદન આપવાનું મન થાય છે. આણંદ જિલ્લામાં ૧૫ દવાખાના છે. જયારે તેની સામે મંજૂર મહેકમ જોઇએ તો ૧૦ ડોકટરનું જ મંજૂર મહેકમ છે એટલે ૫ દવાખાના તો ડોકટર વગરના છે. આ ૧૫ દવાખાનાની વચ્ચે ડ્રેસરની જગ્યાઓ ફકત ૫ મંજૂર કરેલ છે. અને પટાવાળાની જગ્યાઓ પણ ૧૦ મંજૂર કરેલી છે. તેનાથી આગળ વધીને કહું તો આણંદ તાલુકામાં ૨ દવાખાના છે જયારે ડોકટરની જગ્યા ૧ મંજૂર કરેલ છે. અને પટાવાળાની જગ્યા પણ ૧ મંજૂર કરેલ છે. અને એમાં પણ ડોકટરની જગ્યા ખાલી છે. બે દવાખાના તો છેલ્લા વર્ષથી એક પટાવાળો ચલાવે છે એમ કહું તો ચાલે. તેથી મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે દવાખાનાની સંખ્યાના પ્રમાણમાં પૂરતું મહેકમ નથી તેના કારણો શું છે? કયા કયા દવાખાનામાં કેટલી જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેલી છે અને ખાલી રહેવાના કારણે કેટલી જગ્યાઓ રદ થયેલી છે અથવા અબેયન્સમાં ગઇ છે તો કેટલા દવાખાનામાં કઇ કઇ પોસ્ટ રદ થયેલી છે અથવા અબેયન્સમાં ગયેલી છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : આવી જે પોસ્ટ રદ થયેલી છે તેના માટે વર્ષ ૨૦૧૩-૧૪ માં એ જગ્યાઓ ભરવા માટે બજેટમાં જોગવાઇ મૂકેલી છે. અને આ ૧૦ જગ્યાઓ છે તેના બદલે ૧૫ દવાખાનાઓમાં ડોકટરો મૂકાઇ જશે.

શ્રી દિલીપભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આણંદ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી પશુ સારવાર સંસ્થાઓ આવેલી છે અને આણંદ જિલ્લામાં પશુ સારવાર સંસ્થાઓ મારફતે કેટલી કામગીરી કરવામાં આવેલી છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : આણંદ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ ૪૦ પશુ સારવાર કેન્દ્રો આવેલા છે. એમાં વેટરનરી પોલીકિલનીક આણંદ તાલુકામાં ૨, ઉમરેઠ તાલુકામાં ૧, બોરસદ તાલુકામાં ૩, આંકલાવ તાલુકામાં ૧, ખંભાત તાલુકામાં ૨, તારાપુર તાલુકામાં ૧, પેટલાદ તાલુકામાં ૩, અને સોજીત્રા તાલુકામાં ૨, એમ કુલ ૧૫ પશુ દવાખાના આવેલા છે. એ જ રીતે પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોની વાત કરું તો આણંદ તાલુકામાં ૨, ઉમરેઠ તાલુકામાં ૧, બોરસદ તાલુકામાં ૫, આંકલાવ તાલુકામાં ૩, ખંભાત તાલુકામાં ૨, તારાપુર તાલુકામાં ૩, પેટલાદ તાલુકામાં ૩ અને સોજીત્રા તાલુકામાં ૧ એમ કુલ ૨૦

પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો આવેલા છે. એ જ રીતે ઉમેરઠ તાલુકામાં ૧, બોરસદ તાલુકામાં ૧, ખંભાત તાલુકામાં ૧ અને પેટલાદ તાલુકામાં ૧ એમ કુલ ૪ સાદા પશુ દવાખાના આવેલા છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે બોરસદનું ૧, પેટલાદનું ૧, આણંદનું ૧ અને સોજીત્રા તાલુકામાં વર્ષ ૨૦૧૧–૧૨માં ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરી દીધું છે અને ડોકટરની જગ્યા નથી ભરી તો એ નહીં ભરવાના કારણો શું છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી ડોકટરોની તંગીને લીધે ડોકટરો નથી ભરાયા અને અત્યારે ૨૫૩ ડોકટર ભરવાનો નિર્ણય કરી લીધો છે અને જી.પી.એસ.સી.ને આ ડોકટરોની જગ્યાઓ ભરવા માટે દરખાસ્ત મોકલી દીધી છે. જી.પી.એસ.સી. પ્રોસીઝર કરીને ભરતી પૂરી કરશે એટલે બધી જગ્યાઓ ભરાઇ જશે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પશુ દવાખાના સિવાય પણ પશુ સારવાર કરવા માટે પશુ આરોગ્ય મેળા યોજવામાં આવે છે. તો આણંદ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળા કરવામાં આવ્યા અને કેટલા પશુઓને એનો લાભ મળ્યો. છેલ્લા એક વર્ષમાં કેટલા પશુઓને લાભ મળ્યો?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : આણંદ જિલ્લામાં કુલ આઠ તાલુકા છે એની અંદર ૧૫૭ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ અને એમાં ૩૬૯ ગામોને આવરી લીધેલ હતા. કુલ ૩૭૧૦૭ પશુઓને સારવાર આપવામાં આવેલ હતી.

શ્રી નિરંજન પટેલ : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે આ સરકારના ક્રાઈટેરિયા પ્રમાણે કેટલા ઢોરોના પ્રમાણમાં કેટલા દવાખાના હોવા જોઇએ એના નોર્મ્સ શું છે, તાજેતરની અંદર આણંદ જિલ્લામાં પશુઓની સંખ્યા કેટલી છે અને સરકારના નોર્મસ છે એ મુજબ દવાખાના છે કે કેમ, જો ન હોય તો એ પ્રમાણે કરવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે જે ડોકટરોની ખાલી જગ્યાઓ છે એમાં જણાવ્યું કે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવામાં આવશે. પટાવાળાની ૨૦૦૩થી આ સરકારની રચના થઇ ત્યારથી જગ્યા ખાલી છે. શું પટાવાળાની જગ્યા ભરવા માટે પણ યોગ્ય ઉમેદવારો મળતા નથી? પટાવાળાની એક જગ્યા ૨૦૦૩થી ખાલી છે, બીજી ૨૦૦૬થી જગ્યા ખાલી છે અને એક ૨૦૦૯ થી ખાલી છે. આના ઉપરથી પટાવાળાની જગ્યાઓ ભરવાની મનસા ન હોય એવું દેખાય છે. આ ચરોતર છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ જગ્યાઓ ખાલી છે એના કારણો શું છે એ કહોને.

શ્રી નિરંજન પટેલ : ચરોતરની અંદર પશુ ઉદ્યોગ વધારે છે. પબ્લિક પશુ આધારિત વધારે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ડોકટરોની ભરતીની વાત કરી એ જગ્યાઓ જી.પી.એસ.સી. મારફતે ભરવામાં આવે છે. એટલે રાજય સરકારે આ પ્રક્રિયા કરી છે. જયારે પટાવાળા તથા ડ્રેસરની જગ્યાઓ આઉટ સોર્સીંગથી જિલ્લા પંચાયતમાંથી જિલ્લા વિકાસ અધિકારીએ ભરવાની હોય છે. એણે પણ આની પ્રક્રિયા શરૂ કરી દીધી છે, વિકાસ કમિશ્નર પાસે મંજૂરી માગી છે. એટલે પટાવાળા અને ડ્રેસરની જગ્યા જિલ્લા કક્ષાએથી ભરાય છે.

## ગાંધીનગર જિલ્લામાં કાંસની સાફ સફાઈ/મરામતનાં કામો

* ૧૩૬૩ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ડીસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ કેટલા કી.મી.ના કાંસ આવેલા છે. | (૧) ૨૦૫ કી.મી. |
| (૨) વર્ષ ૨૦૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ કેટલી લંબાઈમાં કાંસની | (૨) ૧૮૦ કી.મી. |

સાફ/મરામતના કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૩) કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા? | (૩) ૧૫૦ કી.મી. લંબાઈના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

શ્રી શંભુજી એ. ઠાકોર : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કાંસથી શું શું ફાયદા થાય છે. ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કિલોમીટરની લંબાઇના કાંસ છે અને આ કાંસથી ગાંધીનગર જલ્લાના કેટલા ગામોને ચોમાસા દરમિયાન ફાયદા થાય છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ગાંધીનગર જિલ્લાની જમીનનું લેવલ એકદમ સમતલ છે એના લીધે થોડો વરસાદ પણ જો ત્યાં થાય તો પાણીનો ખૂબ ભરાવો થાય છે અને એ પાણીના ભરાવાના કારણે ખેતીના પાકોને ખૂબ નુકસાન થતું હોવાથી જે તે સમયે વડોદરા રાજયે પાણીના નિકાલ માટેના કાંસો બનાવેલા. આ કાંસોથી ફાયદો એ થયો કે ખેતરોમાં પાણી ભરાતા હતા એનો નિકાલ થયો, જાહેર રસ્તાઓ ખૂલ્યા, લોકોની માલ મિલકતને નુકસાન થતું હતું એ દૂર થયું અને કાંસ જયારે બનાવ્યા ત્યારે ઉભો પાક ઓછા વિસ્તારમાં થતો હતો જયાં પાણી ભરાતા હતા ત્યાં પાક બિલકુલ થતો નહોતો ત્યાં પાક થવા લાગ્યો આ એનો ફાયદો છે.

બીજો પ્રશ્ન એ હતો કે ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કિલોમીટરના કાંસો આવેલા છે. તો કલોલ તાલુકામાં ૮૩ કિલોમીટર, ગાંધીનગર તાલુકામાં ૬૫ કિલોમીટર જયારે દહેગામ તાલુકાની અંદર ૫૭ કિલોમીટર એમાં ત્રણ તાલુકા થઇને ૨૦૫ કિલોમીટરની લંબાઇના કાંસ આવેલા છે. આ કાંસમાંથી કુલ ૭૫ ગામોને ફાયદો થાય છે. કલોલ તાલુકાના ૩૩ ગામો, ગાંધીનગર તાલુકાના ૨૭ ગામો અને દહેગામ તાલુકાના ૧૫ ગામો એમ કુલ મળીને ૭૫ ગામોને ફાયદો થાય છે.

સભ્યશ્રીનો ત્રીજો પ્રશ્ન હતો કે કેટલા હેકટરમાં લોકોને ફાયદો થયો છે તો કાંસથી આશરે દસ હજાર હેકટરને ફાયદો થાય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં કેટલા કાંસમાં નર્મદાનું પાણી નાખવામાં આવે છે અને જો નાંખવામાં આવતું હોય તો કુલ કેટલા અને કયા કયા ગામોમાં નાખવામાં આવે છે? ગાંધીનગર જિલ્લામાં કાંસની સફાઇની કામગીરી ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરેલ છે અને કરી હોય તો કેટલો ખર્ચ થયો છે?

અધ્યક્ષશ્રી : કોણે કરી છે એ સવાલ નથી, કેટલો ખર્ચ કર્યો અને કયાં કર્યો આ કાંસની સફાઇમાં? હવે ઘણી સફાઇ કરવાની છે. કુલ ખર્ચ કેટલો કર્યો એ કહો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે, ત્રીજા પ્રશ્નનો જવાબ પહેલાં આપવા માગું છું. એક તો આ કાંસ ગાયકવાડ સ્ટેટ વખતના હતા. ત્યાર પછી કોઇ સરકારે આ કાંસની સફાઇની કામગીરી કરેલ હતી નહીં. ભૂતકાળમાં ક્યારેય કાંસની સફાઇ કરેલ નહોતી. ખેડૂતો પોતાના ખેતરના પાકને બચાવવા માટે જાતે ખર્ચ કરીને સાફ કરતા હતા. ૨૦૦૨ પછી ગુજરાતની સરકારે પોતાના ખર્ચે આ કાંસની સફાઇની કામગીરી હાથ ઉપર લીધી છે. એટલે માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે આ કાંસથી ગાંધીનગર જિલ્લામાં ૬ કાંસમાં જે નર્મદા યોજનાનું પાણી નાંખવામાં આવે છે તે પાણી તો જ નાંખી શકાય કે ગુજરાત સરકારે કાંસની સફાઇની કામગીરી હાથ ઉપર લીધી. મેં ત્રીજા પ્રશ્નનો જવાબ એટલા માટે આપ્યો છે કે નર્મદાનું પાણી કાંસના માધ્યમ દ્વારા પીયજ–ધરોઇ પાઇપલાઇનથી બે ગામો પીયજ અને પ્રતાપપુરા નર્મદા મુખ્ય કેનાલમાં..

અધ્યક્ષશ્રી : એ આમાંથી નથી આવતું. પ્રશ્ન ક્રમાંક–૯

## સુરત જિલ્લામાં ખેડૂતોને રોટાવેટર સહાય

* ૧૩૨૧ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા સુરત જિલ્લામાં કેટલા ખેડૂતોને રોટાવેટર સહાય આપવામાં આવી, અને | (૧) ૫૪૮ ખેડૂતોને. |
| (૨)તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) ૧,૮૩,૮૪,૦૦૦/– રૂપિયા. |

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રોટાવેટર માટે અરજી કયાં અને કેવી રીતે કરવાની હોય છે? પારદર્શકતા જળવાય તેના માટે શું વ્યવસ્થા કરેલ છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાની રોટાવેટરની જેટલી અરજીઓ હતી એ તમામ અરજી મંજૂર કરવામાં આવી છે. એક પણ અરજી પેન્ડીંગ નથી. રોટાવેટર જેવા ખેતી ઓજારો માટે અરજી સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીને સંબોધીને કરવાની હોય છે. આ માટે રાજયમાં ઓનલાઇન અરજી કરવાનું ફરજીયાત કરેલ છે અને તે મુજબ અરજી ઓનલાઇન કરવાની થાય છે. આ ઓનલાઇન અરજી કરવા માટે www.gujagrischeme.com. ખાસ અલગ વેબસાઇટ ઉભી કરવામાં આવેલ છે. જેમાં ખેડૂતો જે તે ડીલર પાસે જઇને આ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી શકે છે. યોજનામાં પારદર્શકતા માટે માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે ત્યારે સરકારશ્રી જાગૃત અને કટિબદ્ધ છે અને તેના માટે લાભાર્થી અરજી કરે ત્યારથી તેમને સહાય મળે તે માટે તમામ પ્રક્રિયા ઓનલાઇન કરેલ છે અને ખાસ અલગ વેબસાઇટ www.gujagrischeme.com વિકસાવવામાં આવેલ છે. આ વેબસાઇટના કારણે કોઇપણ વ્યક્તિ ગમે તે સમયે પોતાની અરજીની સ્થિતિ જાણી શકે છે અને ક્રમ પણ જોઇ શકાય છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થીએ કેટલા ટકા પૈસા ભરવા પડે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ જોગવાઇઓ છે. કોઇમાં ૨૦,૦૦૦ની સહાયતા મળે છે. એસ.ટી. હોય તો તેમાં ૬૦ ટકા મળે છે અને સખી મંડળ હોય તો તેમાં ૬૫ ટકા સબસિડી આપવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૧,૮૩,૮૪,૦૦૦ રૂપિયાનો જે ખર્ચ થયો, આમાંથી કોઇ કેન્દ્રીય સહાય પ્રાપ્ત થાય છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની પોતાની યોજના છે અને રાજય સરકાર ખર્ચ ભોગવે છે.

શ્રી પરેશ ધાનાણી : રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત આ કામો કરવામાં આવે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે યોજના છે એની પાછળ રાજય સરકારે ચાલુ વર્ષના બજેટમાં ૩૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને એ ખેતીવાડીના સાધનો માટે વપરાવાના છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**શિક્ષણના બ્રોડકાસ્ટીંગ રીસોર્સીંગ પૂરા પાડવા રાજ્ય સરકાર દ્વારા ભારત સરકાર સમક્ષ કરાયેલ દરખાસ્ત**

* ૧૩૦૦ **શ્રી કિશોરભાઇ ર. વાંકાવાલા (સુરત પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ભારત સરકાર સમક્ષ દેશના દૂરના અંતરે રહેતા લોકો માટે શિક્ષણના બ્રોડકાસ્ટીંગ રીસોર્સીસ પૂરા કરવા માટે કોઈ દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે સંબંધમાં કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળેલ છે? | (૨) ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ સ્પેસ દ્વારા એક ૩૬ મેગાહર્ટઝ કે યુ બેન્ડ ટ્રાન્સપોન્ડર ફાળવવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાની બાબત ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ સ્પેસ અને માહિતી પ્રસારણ ખાતા પાસે પડતર છે. |

---------

**વાત્રક, માઝમ, મેશ્વો જળાશય માટે નર્મદા પાઈપલાઈન નાખવાનું કામ**

* ૧૨૯૬ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાત્રક, માઝમ, મેશ્વો જળાશય માટે નર્મદા પાઈપ લાઈન નાખવાનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) વાત્રક, માઝમ, મેશ્વો જળાશય માટે નર્મદા પાઈપ લાઈન નાખવાનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. |
| (૨)આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) આ કામ ડીસેમ્બર–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**સરદાર સરોવર નર્મદા યોજનાના વીજ મથકો દ્વારા વીજ ઉત્પાદન**

* ૧૩૦૧ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સરદાર સરોવર નર્મદા યોજનાના વીજ મથકો દ્વારા ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન થયેલ છે, અને | (૧) છેલ્લા બે વર્ષમાં (૨૦૧૧ અને ૨૦૧૨) ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનામાં નીચે મુજબનું વીજ ઉત્પાદન |

| | |
|---|---|
| | થયેલ છે.<br>વર્ષઃ ૨૦૧૧ ૪૪૬.૦૧ કરોડ યુનીટ<br>વર્ષ : ૨૦૧૨ ૩૮૧.૮૮ કરોડ યુનીટ<br>કુલ ઉત્પાદન ૮૨૭.૮૯ કરોડ યુનીટ |
| (૨)આ વીજ ઉત્પાદનનું પ્રવર્તમાન બજાર ભાવે નાણાંકીય મૂલ્ય કેટલું થાય ? | (૨) સદર બે વર્ષનું કુલ વીજ ઉત્પાદન ૮૨૭.૮૯ કરોડ યુનીટ થયેલ તેના પ્રવર્તમાન બજાર ભાવ રૂ. ૪.૦૦ પ્રતિ યુનીટ લેખે નાણાંકીય મૂલ્ય રૂ. ૩૩૧૧.૫૬ કરોડ થાય છે. |

---------

## સંજીવની યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના ખેડૂતોને મળેલ લાભ

* ૧૩૪૯ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંજીવની યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલાં ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે, | (૧) ૩૭૯ ખેડૂતોને. |
| (૨)આ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૧૦૧૧.૭૬ હેક્ટર વિસ્તાર. |
| (૩)આયોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૧૩૭.૦૦ લાખ. |

---------

એચબી–૬૯૮–૨

## અમદાવાદ શહેરમાંથી ગૂમ થયેલાં બાળકો

* ૭૭૭ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ શહેરમાંથી તા. ૩૦જાન્યુઆરી, ૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા બાળકો ગૂમ થયાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાયેલ છે, | (૧) ૭૨૯. |
| (૨)આ બાળકોને શોધવા માટે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) ૧ બાળક ગુમ થવાની જાહેરાત થાય કે તરત જ જાહેરાત કરનાર પાસેથી વિગત મેળવી, બાળક મળી આવે તેવી સંભવિત જગ્યાએ તપાસ કરવામાં આવે છે.<br>૨ તમામ પોલીસ સ્ટેશનમાં બાળકની વિગત સાથેની યાદી |

બ્રોડકાસ્ટ કરવામાં આવે છે.
૩ બાળકના ફોટોગ્રાફ્સ તથા વર્ણન સાથેની વિગત દૂરદર્શન, સ્થાનિક ચેનલ, આકાશવાણી, વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થવા સારુ મોકલવામાં આવે છે.
૪ બાળક ન મળી આવે તો પોલીસ સબ ઈન્સ્પેકટર તથા પોલીસ ઈન્સ્પેકટર કક્ષાના અધિકારી દ્વારા તપાસ કરવામાં આવે છે.
૫ જટીલ કેસોની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવે છે.
૬ બાળકોને શોધવા માટે અવારનવાર ડ્રાઈવ રાખવામાં આવે છે

| | |
|---|---|
| (૩) કેટલાં બાળકોને શોધી કાઢવામાં સફળતા મળેલ છે ? | (૩) ૬૩૨. |

---------

## સંજીવની યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના ખેડૂતોને મળેલ લાભ

* ૧૩૫૩ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંજીવની યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં કુલ કેટલાં ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે, | (૧) ૪૨૮ ખેડૂતોને. |
| (૨)આ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૫૦૭.૧૭ હેકટર વિસ્તાર. |
| (૩)આ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૬૯.૦૦ લાખ. |

---------

## જૂનાગઢ જિલ્લામાં નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ

* ૧૯૩ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલી નાની, મધ્યમ અને | (૧), (૨) અને (૩) ખાનગી અને જંગલની જમીન સંપાદનનાં |

મોટી સિંચાઈ યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨)તે અન્વયે કેટલી યોજનાઓના કામો શરૂ કરવામાં આવ્યા, અને

(૩)યોજનાઓ મંજૂર કરવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે ?

પ્રશ્નોના કારણે કોઈ યાજના મંજૂર કરવામાં આવેલ નથી. ૧૦૦ ચેકડેમો મંજૂર કરવામાં આવેલ છે, તે પૈકી ૪૦ ચેકડેમો શરૂ કરવામાં આવેલ અને ૩૭ પુરા થયેલ છે.

---------

## જામનગર જિલ્લામાં કેશીયા ગામે બંધારા બાંધવાનું કામ

* ૧૨૯૫ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જામનગર જિલ્લામાં કેશીયા ગામે બંધારા બાંધવાનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો તે કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) ટેન્ડર તબક્કે છે. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) કામના ટેન્ડર મંજુર થયા બાદ ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## સંજીવની યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોને મળેલ લાભ

* ૧૩૫૧ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંજીવની યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલાં ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે, | (૧) ૭૬૧ ખેડૂતોને. |
| (૨)આ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૨૦૫૪.૬૮ હેકટર વિસ્તાર. |
| (૩)આ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૨૪૧.૦૦ લાખ. |

---------

## રાજકોટ જિલ્લામાં આવેલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ

* ૧૩૫૫ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨—૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૬ (છ). |
| (૨)તા.૩૧–૧૨—૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી | (૨) ૨ (બે). |

પ્રયોગશાળાઓ ઉભી કરવામાં આવેલ છે, અને

(૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શી છે ? — (૩) ૬૦,૦૦૦ નમૂના.

---------

## ભાવનગર જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ

* ૧૩૫૮ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨—૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) તા.૩૧-૧૨—૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) ૨ (બે). |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શી છે ? | (૩) ૩૦,૦૦૦ નમૂના. |

---------

## પાટણ જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ

* ૧૩૬૦ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૨ (બે). |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઉભી કરવામાં આવેલ નથી. |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શી છે ? | (૩) ૨૦,૦૦૦ નમૂના. |

---------

## નર્મદા યોજનાનાં વધારાનાં પાણીનો સંગ્રહ કરવા અબડાસા-લખપત-નખત્રાણા તાલુકામાં સિંચાઈ ચેકડેમ બનાવવાનું આયોજન

* ૧૫૭૭ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ નર્મદા યોજનાના વધારાનાં પાણી કચ્છ જિલ્લાને ફાળવેલ | (૧) નર્મદા યોજનાના પુરના વધારાના પાણી પૈકી કચ્છ જિલ્લાને ૧.૦૦ મીલીયન એકર ફીટ |

વધારાનાં પાણીથી કચ્છ જિલ્લાનાં કયા તાલુકાનાં કયા જળાશયો ભરવાનું આયોજન છે, અને

પાણીનો જથ્થો ફાળવવાનો સરકારે નિર્ણય કરેલ છે. આ પાણીના જથ્થાના વપરાશ માટે યોગ્ય તાંત્રીક અને આર્થિક વિકલ્પની ચકાસણી અને તે વિકલ્પ અનુસાર, અન્વેષણ, આલેખન અને આયોજનની કામગીરી આખરી તબક્કામાં છે.

(૨) અબડાસા–લખપત અને નખત્રાણા તાલુકામાં વધારાનાં પાણી સંગ્રહ કરવા અને સિંચાઈ માટે વધુ સુવિધા ઉભી કરવા નવા સિંચાઈ ડેમો બનાવવાનું શું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં વધારાના પાણીનો સંગ્રહ કરવા માટે તેમજ સિંચાઈ માટે વધુ સુવિધા ઉભી કરવા માટે નવા સિંચાઈ ડેમો અંગે તાંત્રિક દ્રષ્ટિએ સાનુકુળ અને આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ હોય તેવી યોગ્ય કુદરતી સાઈટ ઉપલબ્ધ ન હોવાથી, આ અંગેનું કોઈ આયોજન નથી.

---------

## બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતરનાં નમુનાની ચકાસણી

* ૧૩૧૬ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કેટલા નમુના લેવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા તથા કેટલા નમુના બિનપ્રમાણિત થયા, અને

(૩) બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૧૨૯૦ નમુના.

(૨) ૧૨૮૨ નમુના પ્રમાણિત થયા તથા ૮ નમુના બિનપ્રમાણિત થયા.

(૩) બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

| બિન પ્રમાણિત નમુનાની સંખ્યા | કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|
| ૩ | કોર્ટ કેસ |
| ૩ | વહીવટી પગલા |
| ૨ | કાર્યવાહીમાં |

---------

## વાયબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૧૩ અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા કરેલ એમ.ઓ.યુ.

* ૧૨૮૯ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩ અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,

(૨) આ એમ.ઓ.યુ. કયા કામો માટે કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩ અંતર્ગત વાયબ્રન્ટ ઈવેન્ટ દરમ્યાન પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૦ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા.

(૨) પાણી પુરવઠાની યોજનાઓના બાંધકામ, ખારાશ નિવારણ, સ્વયં સંચાલિત

| | |
|---|---|
| | કાર્યપ્રણાલિ, પાઈપ ઉત્પાદન ક્ષમતા વિસ્તરણ બલ્ક પાણી પુરવઠા યોજનાઓ, જળ શુધ્ધીકરણ (વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ), ઉર્જા બચત, ગંદા પાણીના નિકાલની યોજનાઓ, નિકાલ કરવાના થતાં પાણીનું શુધ્ધીકરણ કરી ફરી ઉપયોગ કરવાના પ્લાન્ટ નાખવા માટે (વેસ્ટ વોટર રીસાયકલ, રિયુઝ અને એસ.ટી.પી. પ્રોજેક્ટ), પાણી પુરવઠાની યોજનાઓમાં ઉભી કરેલી અસ્કયામતોના વ્યવસ્થાપન અને પાણીની ગુણવત્તા નિયમન પ્રક્રિયાઓ માટે (વોટર યુટીલીટી એસેટ મેનેજમેન્ટ અને વોટર ક્વોલીટી) અને પાણી પુરવઠાની વિવિધ યોજનાઓમાં પાણીના દુરઉપયોગ અટકાવવા માટેની પધ્ધતિઓ માટેના વિષયો ઉપરાંત સ્ટ્રેટેજીક પાર્ટનરશિપ (જ્ઞાન તેમજ કૌશલ આદાન-પ્રદાન) માટે કરવામાં આવ્યા. |
| (૩) તે કેટલી રકમના કરવામાં આવ્યા છે ? | (૩) વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩માં મૂડી રોકાણ બાબતો ધ્યાને લેવાયેલ નથી. |

---------

## વાયબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૧૩ અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા કરેલ એમ.ઓ.યુ.

[એચબી-૬૯૮૩] * ૧૨૮૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૩ અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી શુધ્ધિકરણ અને ગુણવત્તા સુધારણા માટે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, | (૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૩ અંતર્ગત વાયબ્રન્ટ ઈવેન્ટ દરમ્યાન પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી શુધ્ધિકરણ અને ગુણવત્તા સુધારણા માટેના ૪ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. |
| (૨) આ એમ.ઓ.યુ. કયા કામો માટે કરવામાં આવ્યા, અને | (૨) આ એમ.ઓ.યુ. ખારાશ નિવારણ (ડિસેલીનેશન) તથા પાણી શુધ્ધીકરણ પ્લાન્ટના કામો માટે કરવામાં આવ્યા. |
| (૩) તે કેટલી રકમના કરવામાં આવ્યા છે ? | (૩) વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૩માં મૂડી રોકાણ બાબતો ધ્યાને લેવાયેલ નથી. |

---------

## પંચમહાલ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૩૪૭ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(શહેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૪૨૯ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલીઅરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૪૪ અરજીઓ. |

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ. ૨,૧૨,૦૦,૦૦૦/-

---------

## વડોદરા જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ

૯૭ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૧-૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે પોલીસ સ્ટેશનવાર કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) **પત્રક-અ** મુજબ

(૨) **પત્રક-બ** મુજબ

(૩) પોલીસ દળમાં કોન્સ્ટેબલોની ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતીની ભરતી પ્રક્રિયા કરવામાં આવી છે. કોન્સ્ટેબલ સંવર્ગમાં તેમજ પી.એસ.આઈ. સંવર્ગમાં પુરતો સ્ટાફ ઉપલબ્ધ થયેથી વહીવટી અનુકુળતા મુજબ જ્યારે એ.એસ.આઈ. અને હેડ કોન્સ્ટેબલ સંવર્ગમાં જીલ્લા કક્ષાએ વહીવટી અનુકૂળતા મુજબ સત્વરે ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

વડુ અને મુંજપુર પોલીસ સ્ટેશનો કાર્યરત થતાં, તે પોલીસ સ્ટેશનોના પી.આઈ.ની જગ્યાઓ પણ વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

**પત્રક-અ**

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર પોલીસ મહેકમ |
|---|---|---|
| ૧ | પાદરા | ૧૭૫ |
| ૨ | કરજણ | ૭૧ |
| ૩ | વડોદરા | ૧૫૧ |
| ૪ | શિનોર | ૪૧ |
| ૫ | સાવલી | ૧૦૨ |
| ૬ | ડભોઈ | ૧૯૧ |
| ૭ | વાઘોડીયા | ૬૧ |
| ૮ | સંખેડા | ૧૧૭ |
| ૯ | નસવાડી | ૪૭ |
| ૧૦ | છોટાઉદેપુર | ૧૨૪ |
| ૧૧ | કવાંટ | ૫૧ |
| ૧૨ | જેતપુર | ૧૨૮ |
| | **કુલ** | **૧૨૫૯** |

**પત્રક–બ**

**ખંડ–૨નો જવાબ પોલીસ સ્ટેશનવાર ખાલી જગ્યાઓ.**

| અ.નં. | પો. સ્ટે.નું નામ | હોદ્દો | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | છોટા ઉદેપુર | અહેકો | ૪ |
| | | અપોકો | ૮ |
| | | આમસઈ | ૧ |
| | | આહેકો | ૧ |
| | | અપોકો | ૭ |
| | | **કુલ** | **૨૧** |
| ૨ | રંગપુર | આહેકો | ૩ |
| | | અપોકો | ૯ |
| | | આહેકો | ૧ |
| | | **કુલ** | **૧૩** |
| ૩ | કવાંટ | અપોકો | ૭ |
| | | આહેકો | ૨ |
| | | આપોકો | ૧ |
| | | **કુલ** | **૧૦** |
| ૪ | જેતપુર | અહેકો | ૩ |
| | | અપોકો | ૫ |
| | | આહેકો | ૧ |
| | | **કુલ** | **૯** |
| ૫ | કદવાલ | અપોકો | ૧૯ |
| | | આહેકો | ૩ |
| | | આપોકો | ૧ |
| | | **કુલ** | **૨૩** |
| ૬ | કરાલી | અપોકો | ૪ |
| | | આહેકો | ૧ |
| | | આપોકો | ૧ |
| | | **કુલ** | **૬** |
| ૭ | ડભોઈ | પોસઈ | ૧ |
| | | અપોકો | ૧૯ |
| | | આહેકો | ૧ |
| | | આપોકો | ૩ |
| | | **કુલ** | **૨૪** |
| ૮ | ચાણોદ | પોસઈ | ૧ |
| | | અમસઈ | ૭ |
| | | અહેકો | ૧૨ |

| અ.નં. | પો. સ્ટે.નું નામ | હોદ્દો | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| | | અપોકો | ૨૮ |
| | | આમસઈ | ૨ |
| | | આહેકો | ૪ |
| | | આપોકો | ૧૩ |
| | | **કુલ** | **૬૭** |
| ૯ | બોડેલી | અપોકો | ૩ |
| | | આહેકો | ૧ |
| | | **કુલ** | **૪** |
| ૧૦ | નસવાડી | અપોકો | ૪ |
| | | આમસઈ | ૧ |
| | | આહેકો | ૧ |
| | | આપોકો | ૨ |
| | | **કુલ** | **૮** |
| ૧૧ | સંખેડા | અપોકો | ૪ |
| | | આમસઈ | ૧ |
| | | આહેકો | ૨ |
| | | આપોકો | ૩ |
| | | **કુલ** | **૧૦** |
| ૧૨ | વાઘોડીયા | અમસઈ | ૨ |
| | | અપોકો | ૭ |
| | | **કુલ** | **૯** |
| ૧૩ | પાદરા | અમસઈ | ૫ |
| | | અપોકો | ૪ |
| | | આપોકો | ૪ |
| | | **કુલ** | **૧૩** |
| ૧૪ | કરજણ | અમસઈ | ૪ |
| | | અપોકો | ૬ |
| | | આમસઈ | ૧ |
| | | આહેકો | ૧ |
| | | **કુલ** | **૧૨** |
| ૧૫ | વરણામાં | અપોકો | ૫ |
| | | **કુલ** | **૫** |
| ૧૬ | શિનોર | આહેકો | ૨ |
| | | આપોકો | ૧ |
| | | **કુલ** | **૩** |
| ૧૭ | વડોદરા તાલુકા | પોસઈ | ૧ |
| | | અમસઈ | ૨ |

| **અ.નં.** | **પો. સ્ટે.નું નામ** | **હોદ્દો** | **ખાલી જગ્યાઓની સંખ્યા** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| | | અપોકો | ૪ |
| | | આમસઈ | ૧ |
| | | **કુલ** | **૮** |
| ૧૮ | સાવલી | અમસઈ | ૨ |
| | | અપોકો | ૬ |
| | | આમસઈ | ૨ |
| | | આપોકો | ૨ |
| | | **કુલ** | **૧૨** |
| ૧૯ | ભાદરવા | અમસઈ | ૩ |
| | | અપોકો | ૪ |
| | | આપોકો | ૧ |
| | | **કુલ** | **૮** |
| ૨૦ | ડેસર | અમસઈ | ૧ |
| | | અપોકો | ૧ |
| | | આપોકો | ૧ |
| | | **કુલ** | **૩** |
| ૨૧ | વડુ | બિ.હ.પોઈ | ૧ |
| | | પોસઈ | ૧ |
| | | અમસઈ | ૫ |
| | | અહેકો | ૧૧ |
| | | અપોકો | ૨૬ |
| | | આપોકો | ૫ |
| | | **કુલ** | **૪૯** |
| ૨૨ | કોસ્ટલ મુજપુર | બિ.હ.પોઈ | ૧ |
| | | પોસઈ | ૨ |
| | | અહેકો | ૮ |
| | | અપોકો | ૨૦ |
| | | આહેકો | ૨ |
| | | આપોકો | ૧૫ |
| | | **કુલ** | **૪૮** |
| ૨૩ | મહિલા પો. સ્ટે. | પોસઈ | ૩ |
| | | વુમસઈ | ૬ |
| | | વુહેકો | ૮ |
| | | વુપોકો | ૪૧ |
| | | **કુલ** | **૫૮** |
| | | | **૪૨૩** |

---------

## બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૭૭૪ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૧ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને કેટલી રકમ ચૂકવાઈ, | (૨) ૯૯ અરજીઓ મંજૂર કરી અને રૂ. ૯૬,૫૦,૦૦૦/- રકમ ચૂકવાઈ. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને એલએબી-૬૯૮-૪ | (૩) ૪૦ અરજીઓ. |
| (૪) નામંજૂરીના સામાન્ય કારણો શાં છે ? | (૪) નામંજૂરીના સામાન્ય કારણો નીચે મુજબ છે.<br>- મૃતક ખાતેદાર ખેડૂત ન હોય<br>- કુદરતી મૃત્યુ/આત્મહત્યા હોય.<br>- અરજી સમયમર્યાદા પછી કરેલ હોય<br>- એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ ન હોય.<br>- પી.એમ. રીપોર્ટ રજૂ કરેલ ન હોય<br>- પોલીસ તપાસ અંગેના સાધનિક કાગળો રજૂ કરેલ ન હોય |

---------

## અમદાવાદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૩૪૩ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૧-૦૪-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯૦ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૬ અરજીઓ |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૯૬,૦૦,૦૦૦/- |

---------

## રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં ચાલતાં અભ્યાસક્રમો

૧૩૦૯ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં કયા પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે, અને

(૨) આ યુનિવર્સિટીની સ્થાપના બાદ પ્રથમ વર્ષે કેટલા વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા હતા ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં નીચે મુજબના ૩ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

૧. એમ.એ. (ક્રિમિનોલોજી)

૨. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ

૩. ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ

(૨) પ્રથમ વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ–૧૪૧ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયેલ હતાં.

---------

## ખેડા જિલ્લાની વડોલ–માલ ઈટાડી–ફાગવેલ જૂથ યોજનાની કામગીરી

૧૧૩૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લા વડોલ–માલ ઈટાડી–ફાગવેલ જૂથ પાણી પુરવઠા યોજનાનું કામ કયા તબક્કે છે, અને

(૨)આ યોજનામાં સમાવિષ્ટ ગામોને કેટલા સમયમાં પીવાનું પાણી આપવામાં આવશે?

**જવાબ**

(૧) વડોલ–માલ ઈટાડી–(ફાગવેલ જૂથ પાણી પુરવઠા યોજના) ને તા. ૨૨–૧–૨૦૧૩ થી વહીવટી મંજૂરી મળેલ છે. જેના ટેન્ડર માંગવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

(૨) ટેન્ડર મંજૂર થયેથી કામગીરી પૂર્ણ કરી, સમાવિષ્ટ ગામોને પીવાનું પાણી પુરૂ પાડવાનું આયોજન છે.

---------

## કચ્છ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૩૪૦ **શ્રી વાઘજીભાઈ ધ. પટેલ(રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧માં ૪૮ અરજીઓ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ૫૦ અરજીઓ.

(૨) ૫૯ અરજીઓ.

(૩) રૂ. ૫૮,૦૦,૦૦૦/–

---------

## સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર ખેડૂતોને નેટહાઉસ સ્થાપવા માટેની સહાય

૧૨૦૬ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર કેટલા ખેડૂતોને નેટ હાઉસ સ્થાપવા માટે સહાય આપવામાં આવી.

(૨) તેમાંથી તાલુકાવાર અને વર્ષવાર કેટલા આદિજાતિના ખેડૂતોને નેટ હાઉસ માટે સહાય આપવામાં આવી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૧૧–૧૨માં ખેડુતોની સંખ્યા | વર્ષ ૧૨–૧૩ (તા.૩૧–૧૨–૧૨ સુધીમાં) ખેડુતોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મોડાસા | ૪૩ | ૦ | ૪૩ |
| ૨ | તલોદ | ૩૭ | ૧ | ૩૮ |
| ૩ | ઈડર | ૬ | ૦ | ૬ |
| ૪ | ભિલોડા | ૮ | ૦ | ૮ |
| ૫ | પ્રાંતિજ | ૮ | ૦ | ૮ |
| ૬ | ધનસુરા | ૪ | ૦ | ૪ |
| ૭ | હિંમતનગર | ૧ | ૧ | ૨ |
| ૮ | ખેડબ્રહ્મા | ૦ | ૦ | ૦ |
| ૯ | વિજયનગર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | મેઘરજ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | વડાલી | ૦ | ૦ | ૦ |
| ૧૨ | માલપુર | ૦ | ૦ | ૦ |
| ૧૩ | બાયડ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૦૭** | **૨** | **૧૦૯** |

(૨) સહાય આપેલ આદિજાતિના ખેડૂતોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ (તા.૩૧–૧૨–૧૨ સુધીમાં) |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૦ | ૦ |
| ૨ | તલોદ | ૦ | ૦ |
| ૩ | ઈડર | ૦ | ૦ |
| ૪ | ભિલોડા | ૦ | ૦ |
| ૫ | પ્રાંતિજ | ૦ | ૦ |
| ૬ | ધનસુરા | ૦ | ૦ |
| ૭ | હિંમતનગર | ૦ | ૦ |
| ૮ | ખેડબ્રહ્મા | ૦ | ૦ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩ (તા.૩૧–૧૨–૧૨ સુધીમાં)** |
| ૯ | વિજયનગર | ૦ | ૦ |
| ૧૦ | મેઘરજ | ૦ | ૦ |
| ૧૧ | વડાલી | ૦ | ૦ |
| ૧૨ | માલપુર | ૦ | ૦ |
| ૧૩ | બાયડ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** |

એચબી–૬૯૮–૫

(૩) તે પેટે તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) આદિજાતિના ખેડૂતોને નેટ હાઉસમાં સહાય આપવા માટે કોઈ ખર્ચ કરેલ નથી. વિજયનગર તાલુકાના ૧૪ આદિજાતિ ખેડૂતોને વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન નેટહાઉસ માટે મંજૂરી આપવામાં આવેલ છે. જે પૂર્ણ થયેથી ચૂકવણું કરવામાં આવશે.

---------

**અમદાવાદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૩૪૧ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧માં ૬૫ અરજીઓ<br>વર્ષ ૨૦૧૧–૧૨માં ૭૯ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૬ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૯૬,૦૦,૦૦૦/– |

---------

**રાજકોટ જિલ્લામાં પીવાના પાણીની મુશ્કેલી નિવારવા લીધેલ પગલાં**

૧૫૭૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પીવાના પાણીની મુશ્કેલી થઈ હોવા અંગે છેલ્લા બે માસમાં કેટલી ફરીયાદો મળી,

(૧) ૧૪ ગામ / ૧ શહેર માટે ૧૭ ફરીયાદો મળેલ છે.

(૨) કયા ગામમાં પીવાના પાણીની મુશ્કેલી ઊભી થઈ છે, અને

(૨) નીચેની વિગતે

| તાલુકો | ગામનું નામ |
|---|---|
| મોરબી | (૧) પીલુડી (૨) વાઘપર (૩) મહેન્દ્રનગર (૪) ત્રાજપર |
| લોધીકા | (૧) પીપરડી (૨) ખીરસરા (પરૂ) |
| જસદણ | (૧) પોલારપર (૨) દેવપરા (૩) ખાડા હડમતીયા (૪) દોલતપર (૫) મઢડા |
| જેતપુર | (૧) જેતપુર શહેર (૨) સરધારપુર |
| જામ કંડોરણા | (૧) જામ કંડોરણા |
| ઉપલેટા | (૧) ડુમીયાણી (શૈક્ષણિક સકુલ) |

(૩) મુશ્કેલી નિવારવા શાં પગલાં ભરવામાં આવ્યા છે?

(૩) મુશ્કેલી નિવારવા નીચે મુજબની કામગીરી હાથ ધરેલ છે.

| | |
|---|---|
| (૧) નર્મદા પાઈપલાઈન થી જોડાણ | ૫ ગામ તથા ૧ શહેર |
| (૨) હૈયાત જુથ યોજના સાથે જોડાણ | ૪ ગામો |
| (૩) બોર અને આનુસાંગિક કામો | ૨ ગામો |
| (૪) ટેન્કર દ્વારા પાણી પુરવઠો | ૨ ગામો |
| (૫) મુશ્કેલી ન હોય તેવા ગામો | ૧ ગામ |

---------

**ગરબાડા અને ધાનપુર તાલુકાની તુટી ગયેલ નહેરો**

૧૦૨૩ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા અને ધાનપુર તાલુકાની નહેરો તૂટી ગયેલ છે તેમજ માટી પુરાણ થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) તા ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા અને ધાનપુર તાલુકામાં ગત ચોમાસા દરમ્યાન કેટલીક નહેરોને આંશિક નુકસાન તથા માટી પુરાણ થયેલ છે. |
| (૨) જો હા, તો આ તૂટેલી નહેરની મરામત કામગીરી કરવા સરકારે શું આયોજન કરેલ છે? | (૨) જરૂરીયાત મુજબની મરામતની કામગીરી અંશત: પૂરી કરેલ છે. બાકીની કામગીરી આગામી વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ**

૧૩૫૭ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે. | (૧) ૩ (ત્રણ). |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) ૧ (એક). |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શી છે? | (૩) ૩૦,૦૦૦ નમૂના. |

---------

**કાંકરેજ તાલુકામાં પોલીસ સ્ટેશનમાં સ્ટાફ ભરવા માટે કાર્યવાહી**

૧૨૭૪ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કાંકરેજ તાલુકાના થરા, શિહોરી પોલીસ સ્ટેશનમાં કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) |

| પો.સ્ટે.નું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| થરા | ૩૫ |
| શિહોરી | ૫૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ આ પોલીસ સ્ટેશનમાં કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે, અને | (૨) થરામાં ૩૦ કર્મચારીઓ ફરજ બજાવે છે.<br>શિહોરીમાં ૩૯ કર્મચારીઓ ફરજ બજાવે છે. |
| (૩) મહેકમનો પૂર્ણ સ્ટાફ ભરવા કેટલા સમયમાં આયોજન થશે? | (૩) પોલીસ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતી પ્રક્રિયા કરવામાં આવી છે. કોન્સ્ટેબલ સંવર્ગમાં પુરતો સ્ટાફ ઉપલબ્ધ થયેથી વહીવટી અનુકુળતા મુજબ બનતી ત્વરાએ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. જ્યારે એ.એસ.આઇ. તેમજ હેડ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી જિલ્લા કક્ષાએ વહીવટી અનુકુળતા મુજબ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

---------

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લાના પૂર્વ/સ્વર્ગીય સેનાનીઓના પુન:વસન માટેનું આયોજન**

૧૨૭૫ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના પૂર્વ સેનાનીઓ, સ્વર્ગીય પૂર્વ સેનાનીઓ અને મિલિટરી સેવાઓમાં અવસાન પામેલના સંતાનોના પુન:વસન માટે રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી વ્યક્તિઓને લાભ આપવાનો બાકી છે, અને | (૨) એક પણ નહિ. |
| (૩) બાકી વ્યક્તિઓને લાભ આપવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં બિયારણનાં નમૂનાની ચકાસણી**

૧૩૧૩ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બિયારણના છેલ્લા બે વર્ષમાં કેટલા નમુના લેવામાં આવ્યા, | (૧) ૪૫૫ નમુના. |
| (૨) તે પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા તથા કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૪૪૯ નમૂના પ્રમાણિત થયા તથા ૦૬ નમૂના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | બિનપ્રમાણિત નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૨ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૪ | વહીવટી પગલાં લીધેલ છે. |

---------

**રાજકોટ શહેરને અપાતાં નર્મદાના પીવાના પાણીના જથ્થામાં વધારો**

૧૩૬૪ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ શહેરને અપાતા નર્મદાના પીવાના પાણીના જથ્થામાં પાણીની તંગીને ધ્યાને લઇ વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૬ મહિનામાં પાણીના જથ્થાનો કેટલો વધારો કરેલ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૬ મહિનામાં પાણીનો જથ્થો ૮૦ એમએલડીમાંથી ૧૪૦ એમએલડી કરેલ એટલે કે, આશરે ૬૦ એમએલડીનો વધારો કરેલ છે. |

---------

**નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૩૪૫ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૧–૦૪–૨૦૧૦ થી તા. ૩૧–૦૩–૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૩ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૫ અરજીઓ. |

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? (૩) રૂા. ૬૫,૦૦,૦૦૦/-.

---------

**ખેડા જિલ્લામાં ભૂમિ સુધારણા**

૧૩૧૯ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ભૂમિ સુધારણા કેટલા હેક્ટર જમીનમાં હાથ ધરવામાં આવી, અને

(૧) **પત્રક-૧ મુજબ**

**પત્રક-૧**

| અ. નં. | તાલુકો | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|
| | | હેક્ટર | હેક્ટર |
| ૧ | કઠલાલ | ૪૧.૦૦ | ૦.૦૦ |
| ૨ | માતર | ૧૬૯૫.૦૦ | ૧૭૮૪.૦૦ |
| ૩ | કપડવંજ | ૮૭૩.૭૭ | ૩૩૭.૦૦ |
| ૪ | બાલાસિનોર | ૨૯૯.૪૬ | ૧૫૫.૦૦ |
| ૫ | ઠાસરા | ૧૫૭.૬૪ | ૭૧.૦૯ |
| ૬ | વિરપુર | ૨૫૬.૫૯ | ૮૪.૦૦ |
| ૭ | મહેમદાવાદ | ૧૩૨.૪૫ | ૯૩.૦૦ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? (૨) રૂ.૫૦૧.૦૮ લાખ

---------

**અમરેલી જિલ્લામાં ગૌ-વંશની જાહેરમાં કતલ**

૧૬૧૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌ-વંશની જાહેરમાં કતલના કુલ કેટલા બનાવો નોંધાયા છે,

(૧) ૦૩ (ત્રણ)

(૨) આવું કૃત્ય આચરનારાઓ સામે કાયદેસરની શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૨) પશુઓ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાના કાયદા મુજબ ગુનાઓ દાખલ કરી ગુનાના કામે અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપવામાં આવેલ છે. આ ત્રણ ગુનાઓમાં પકડાયેલ આરોપી પૈકી ૨ (બે) આરોપીઓ વિરૂધ્ધ પાસા કરવામાં આવેલ છે.

(૩) આ પ્રકારના બનાવો જાહેરમાં ન બને તે માટે સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં શુ આયોજન કરવામાં આવેલ છે ?

(૩) આ પ્રકારના બનાવો જાહેરમાં ન બને તે માટે અસરગ્રસ્ત વિસ્તારો જે પોલીસ સ્ટેશનમાં આવેલ છે તે વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ રાખવામાં આવે છે. તેમજ સીમ વિસ્તાર/અવાવરૂ જગ્યાઓ અને પ્રાણીઓની અવર જવર વાળા વિસ્તારોમાં દરેક થાણા અધિકારીશ્રી મારફતે વોચ રાખવામાં આવે છે. તેમજ પશુઓની લેવડદેવડ કરતાં ધંધાર્થીઓના વાડા તબેલાઓ દરેક થાણા અધિકારીશ્રીઓ મારફતે અવાર નવાર ચેક કરાવવામાં આવે છે. તેમજ દરેક થાણા અધિકારીશ્રીઓની વિલેજ વિઝીટ દરમ્યાન આ પ્રકારની પ્રવૃતિઓ અંગે ગામના આગેવાનો મારફતે તથા બાતમીદારોથી માહિતી મેળવી તકેદારી રૂપે અસરકારક કાર્યવાહી કરાવવામાં આવે છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં સુક્ષ્મતત્વની ચકાસણી**

૧૨૮૬ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૮ (આઠ). |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં સુક્ષ્મતત્વ ચકાસણીની સુવિધા ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) ૧ (એક). |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા જમીનના નમુનાઓની સુક્ષ્મતત્વ માટે ચકાસણી કરવામાં આવેલ છે ? | (૩) ૧૦,૯૪૫ નમૂના. |

---------

**રાજ્યના બંદરો પર ખાનગી ક્ષેત્રે વિકસાવેલ ટર્મિનલ/કેપ્ટીવ જેટી**

૧૩૦૬ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત રાજ્ય હસ્તકના બંદરો પર તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાનગી ક્ષેત્રે કેટલા ટર્મિનલ/કેપ્ટીવ જેટીઓ વિકસાવવામાં આવી, અને | (૧) ૧. ખાનગી ટર્મિનલ ૩<br>૨. કેપ્ટીવ જેટી/એસ.બી.એમ. ૨<br>કુલ ૫ |
| (૨) આ નવા ટર્મિનલ/કેપ્ટીવ જેટીના કારણે બંદરોની કાર્ગો વહનની ક્ષમતામાં કેટલો વધારો થયો ? | (૨) કાર્ગો વહનની ક્ષમતામાં કુલ ૬૫.૫૦ મી.મે. ટન વધારો થયો. |

---------

**ગાંધીનગર જિલ્લામાં બનાવવામાં આવેલ તળાવ**

૧૩૬૨ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ માં કેટલા તળાવો બનાવવાની મંજૂરી આપવામાં આવી, | (૧) સાત |
| (૨) તે પૈકી તારીખ ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કેટલા તળાવો બનાવવામાં આવ્યા, અને | (૨) તમામ તળાવોના કામનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે. અને તમામ કામો પ્રગતિ હેઠળ છે. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ડિસેમ્બર ૨૦૧૨ અંતિત કોઈ ખર્ચ થયેલ નથી. |

--------

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા યોજાયેલ તાલીમ બાબત**

૧૨૯૨ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તાલીમ વર્ગો યોજાયા, અને | (૧) કુલ–૩૭ (સાડત્રીસ) |
| (૨) તેમાં વર્ષવાર કેટલા તાલીમાર્થીઓએ તાલીમ લીધી ? | (૨) વર્ષવાર નીચેની સંખ્યામાં તાલીમાર્થીઓએ તાલીમ લીધી<br>વર્ષ — સંખ્યા<br>૨૦૧૧ – ૪૮૭ |

---------

**વડોદરા જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૧૩૩૮ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર પાવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૨૭૮૯ ખેડૂતોને |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૨૮,૨૮,૬૨૦/– રૂપિયા |

---------

**રાજ્યના બંદરો પર લિક્વિડ નેચરલ ગેસની આયાત**

૧૩૦૫ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર હસ્તકના બંદરો પર તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ લિક્વિડ નેચરલ ગેસની આયાત કરવા માટે કોઈ સુવિધા ઉપલબ્ધ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા કયા બંદરો પરથી તેની હેરફેર કરવામાં આવે છે, અને | (૨) દહેજ અને હજીરા બંદર |
| (૩) તેને માટે કેટલી ક્ષમતા ઉપલબ્ધ છે ? | (૩) ૧૨.૫૦ મી. મે. ટન |

--------

**અમદાવાદ જિલ્લામાં બિયારણના નમૂનાની ચકાસણી**

૧૩૧૧ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બિયારણના છેલ્લા બે વર્ષમાં કેટલા નમૂના લેવામાં આવ્યા, | (૧) ૨૯૮ નમૂના. |
| (૨) તે પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા તથા કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૨૯૨ નમૂના પ્રમાણિત થયા તથા ૦૬ નમૂના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યાં ? | (૩) |

| અ.નં. | બિનપ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૫ | ૦૨–કોર્ટકેસ<br>૦૩– કોર્ટકેસમાં દંડ થયેલ છે. |
| ૨ | ૦૧ | વહીવટી પગલાં લીધેલ છે. |

---------

એચબી–૬૯૮–૬

**ભાવનગર જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૧૩૩૭ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૪૮૪૭ ખેડૂતોને. |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૭૨,૭૮,૧૮૦/– રૂપિયા. |

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

---------

**જૂનાગઢ જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળા**

૧૩૫૬ **શ્રી અરવીંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૬(છ). |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ નથી. |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શી છે ? | (૩) ૬૦,૦૦૦ નમૂના. |

---------

**સંજીવની યોજના અંતર્ગત અમરેલી જિલ્લાના ખેડૂતોને મળેલ લાભ**

૧૩૫૦ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંજીવની યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે, | (૧) ૫૯૭ ખેડૂતોને. |
| (૨) આ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૧૨૪૮.૮૯ હેક્ટર વિસ્તાર. |
| (૩) આ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂા. ૧૭૨.૦૦ લાખ. |

---------

**અમરેલી જિલ્લામાં હેન્ડપંપો તથા બોર વીથ મોટરના કામો**

૧૪૪૭ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા નવા હેન્ડપંપો તથા બોર વીથ મોટરના કામો કયા મંજૂર થયા, અને | (૧) તાલુકાવાર નીચેની વિગતે વર્ષ ૨૦૧૧ માં ૪૩ અને ૨૦૧૨ માં ૭૧ આમ કુલ ૧૧૪ કામો મંજૂર થયા. |

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૧૨ | |
|---|---|---|---|---|---|
| | | હેન્ડ પંપ | બોર વીથ મોટર | હેન્ડ પંપ | બોર વીથ મોટર |
| ૧ | અમરેલી | ૭ | ૮ | ૭ | ૧૩ |
| ૨ | લાઠી | ૦ | ૧૩ | ૦ | ૦ |
| ૩ | લીલીયા | ૦ | ૧ | ૧ | ૧ |
| ૪ | બાબરા | ૧ | ૫ | ૨ | ૧૧ |
| ૫ | કુકાવાવ | ૦ | ૨ | ૦ | ૧૨ |
| ૬ | બગસરા | ૦ | ૨ | ૦ | ૦ |
| ૭ | ધારી | ૦ | ૦ | ૦ | ૪ |
| ૮ | રાજુલા | ૦ | ૩ | ૦ | ૪ |
| ૯ | જાફરાબાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ખાંભા | ૦ | ૧ | ૧ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | સાવરકુંડલા | ૦ | ૦ | ૨ | ૧૩ |

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો પ્રગતિમાં છે અને વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૨) નીચેની વિગતે વર્ષ ૨૦૧૧ માં મંજૂર થયેલ તમામ ૪૩ કામો પૂર્ણ કરેલ છે અને ખર્ચ રૂ઼ા. ૪૩.૮૦ કરોડ થયેલ છે.

| **કામગીરી** | **હેન્ડ પંપ** | | | **બોર વીથ મોટર** | | | **કુલ** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકો | પૂર્ણ | પ્રગતિ | ખર્ચ | પૂર્ણ | પ્રગતિ | ખર્ચ | પૂર્ણ | પ્રગતિ | ખર્ચ |
| અમરેલી | ૭ | ૦ | ૨.૮૦ | ૮ | ૦ | ૮.૪૦ | ૧૫ | ૦ | ૧૧.૨૦ |
| લાઠી | ૦ | ૦ | ૦ | ૧૩ | ૦ | ૧૭.૫૦ | ૧૩ | ૦ | ૧૭.૫૦ |
| લીલીયા | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧.૬૦ | ૧ | ૦ | ૧.૬૦ |
| બાબરા | ૧ | ૦ | ૦.૪૦ | ૫ | ૦ | ૫.૮૦ | ૬ | ૦ | ૬.૨૦ |
| કુકાવાવ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨.૧૦ | ૨ | ૦ | ૨.૧૦ |
| બગસરા | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૩.૨૦ | ૨ | ૦ | ૩.૨૦ |
| ધારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજુલા | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૧.૫૦ | ૩ | ૦ | ૧.૫૦ |
| જાફરાબાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખાંભા | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦.૫૦ | ૧ | ૦ | ૦.૫૦ |
| સાવરકુંડલા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

નીચેની વિગતે વર્ષ ૨૦૧૨માં મંજૂર થયેલ ૭૧ કામો પૈકી ૬૫ કામો પૂર્ણ થયેલ છે જેનો ખર્ચ રૂ. કામો પ્રગતિ હેઠળ છે ૬ લાખ થયેલ છે અને ૩૦.૭૧

| **કામગીરી** | **હેન્ડ પંપ** | | | **બોર વીથ મોટર** | | | **કુલ** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકો | પૂર્ણ | પ્રગતિ | ખર્ચ | પૂર્ણ | પ્રગતિ | ખર્ચ | પૂર્ણ | પ્રગતિ | ખર્ચ |
| અમરેલી | ૭ | ૦ | ૨.૦૦ | ૧૨ | ૧ | ૧૪.૯૦ | ૧૯ | ૧ | ૧૬.૯૦ |
| લાઠી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| લીલીયા | ૧ | ૦ | ૦.૪૦ | ૧ | ૦ | ૦.૫૦ | ૨ | ૦ | ૦.૯૦ |
| બાબરા | ૨ | ૦ | ૦.૪૦ | ૧૧ | ૦ | ૧૨.૧૦ | ૧૩ | ૦ | ૧૨.૫૦ |
| કુકાવાવ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૦ | ૧૭.૫૦ | ૧૨ | ૦ | ૧૭.૫૦ |
| બગસરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધારી | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૩.૨૦ | ૨ | ૨ | ૩.૨૦ |
| રાજુલા | ૦ | ૦ | ૦ | ૩ | ૧ | ૩.૭૦ | ૩ | ૧ | ૩.૭૦ |
| જાફરાબાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખાંભા | ૧ | ૦ | ૦.૪૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦.૪૦ |
| સાવરકુંડલા | ૨ | ૦ | ૦.૮૦ | ૧૧ | ૨ | ૧૫.૪૦ | ૧૩ | ૨ | ૧૬.૨૦ |

---------

## દાહોદ શહેરમાં પીવાના પાણીની સમસ્યાનું નિવારણ

૧૩૬૬ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ શહેરની પીવાના પાણીની સમસ્યાના કાયમી નિવારણ માટે રાજ્ય સરકાર દ્ધારા તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) આ અંગે કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) દાહોદ શહેરની પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે

(૧) કડાણા ડેમ આધારિત બલ્ક પાઇપ લાઇન યોજના તા.૧૨–૪–૨૦૧૨ થી મંજૂર કરેલ છે જેની ૬૦ ટકા કામગીરી પૂર્ણ કરેલ છે.
(૨) આંતરિક સુધારીકરણ યોજનાની ૮૦ ટકા કામગીરી પૂર્ણ કરેલ છે.

(૨) ઉકત યોજનાઓ માટે કુલ રૂ઼ા.૧૪૩.૮૨ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

---------

**જેતપુર શહેરમાં પીવાના પાણી પુરું પાડવા માટેની વ્યવસ્થા**

૧૩૭૦ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાં આગામી ઉનાળામાં પીવાના પાણીની તંગી નિવારવા નર્મદાનું પીવાનું પાણી પુરૂ પાડવા માટે સરકારે કોઇ વ્યવસ્થા કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ મહી નર્મદાનું પાણી ગોંડલ મુકામેના ભૂગર્ભ ટાંકામાંથી પંપ કરી, જેતપુર શહેર સુધી પાણી પહોંચાડવાના આયોજન કરેલ. હાલમાં આ કામો પૂર્ણ કરી જેતપુર નગરપાલિકાને પીવાનું પાણી આપવાનું શરૂ કરેલ છે.
વધુમાં ભાદર-૨ ડેમથી નવીન પાઇપલાઇન નાંખી જેતપુર શહેરને પીવાનું પાણી પૂરૂં પાડવાનું આયોજન કરેલ છે.

---------

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા રાજ્ય બહારની સંસ્થાઓ/કચેરીઓના પરિક્ષણ થકી આવક**

૧૩૧૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય બહારની કેટલી સંસ્થાઓ/કચેરીઓના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) આ લેબોરેટરીની રાજ્ય બહારની એજન્સીઓના પરીક્ષણો થકી તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ વર્ષ-૨૦૧૧ અને વર્ષ-૨૦૧૨માં ગુજરાત સિવાયના અન્ય રાજ્યો અને કેન્દ્રીય સંસ્થાઓ એમ કૂલ મળીને ૩૪ સંસ્થા/કચેરીઓના કૂલ ૧૫૧૫ કેસોના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા.

(૨) આ લેબોરેટરીની રાજ્ય બહારની એજન્સીઓના પરીક્ષણો થકી તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ વર્ષવાર આવક થયેલ છે.

| વર્ષ | થયેલ આવક |
|---|---|
| સને ૨૦૧૧ | ૧,૬૦,૭૬,૭૧૧/- |
| સને ૨૦૧૨ | ૧,૭૫,૯૪,૨૮૭/- |

---------

**જામનગર જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિરો**

૧૩૨૭ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને

(૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ?

**જવાબ**

(૧) કુલ - ૭૮

(૨) કુલ - ૩૯૭૫

---------

## મહી કમાન્ડની નહેરોના આધુનિકરણની કામગીરી

૧૨૯૭ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહી કમાન્ડની નહેરોના આધુનિકરણની કામગીરી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ હાથ ધરવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) મહી કમાન્ડની નહેરોના આધુનીકરણની કામગીરી બે તબકકા માં પુર્ણ કરવાનું આયોજન કરેલ છે. પહેલા તબકકામાં ૫૯૭ કિ.મી. લંબાઇમાં કેનાલના કામોનું આધુનીકરણ કરવાનું આયોજન છે. જ્યારે બીજા તબકકામાં ૭૫૭ કિ.મી. લંબાઇમાં કેનાલના કામો પુર્ણ કરવાનું આયોજન છે. આ કામોમાં મુખ્યત્વે હયાત નહેરોની સુધારણા અને પુન:સ્થાપનની કામગીરીનો સમાવેશ થાય છે. જેની અંદાજીત કિંમત રૂ.૪૦૦ કરોડ જેટલી થવા જશે. |

---------

## વલસાડ જિલ્લામાં ડાંગર ક્યારી બનાવવાની કામગીરી

૧૩૨૦ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલી ડાંગર ક્યારી બની,

(૧) **પત્રક–૧** મુજબ.

**પત્રક–૧**

| **અ.નં.** | **તાલુકો** | **બનાવવામાં આવેલ ક્યારી** | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૧** | **વર્ષ ૨૦૧૨** |
| ૧ | ધરમપુર | ૩૫૮ | ૪૦૦ |
| ૨ | કપરાડા | ૪૦૦ | ૫૪૧ |
| ૩ | વલસાડ | ૨૦૭ | ૦ |
| ૪ | ઉમરગામ | ૦ | ૦ |

(૨) ડાંગરની ક્યારી બનાવવાની ખેડૂતદીઠ મર્યાદા શું છે, અને

(૨) રૂ.૨૦,૦૦૦–૦૦.

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂ.૨૭૯.૯૯ લાખ.

---------

## બાયસેગ સંસ્થાના એજ્યુસેટના ઉપયોગથી શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ

એચબી–૬૯૮–૭

૧૨૯૯ **શ્રીમતી નિર્મલાબેન સુ. વાઘવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બાયસેગ સંસ્થાના એજ્યુસેટના ઉપયોગ દ્વારા ૨૦૧૨–૧૩ ના નાણાકીય વર્ષ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કેટલા શૈક્ષિણક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવેલ છે, અને | (૧) ૮૭૫ કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવેલ છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં તે માટે કેટલો ખર્ચ થયો છે ? | (૨) રૂ.૫૬,૫૯,૭૪૧/– (અંકે રૂપિયા છપ્પન લાખ ઓગણ સાંઇઠ હજાર સાતસો એકતાલીસ પુરા)નો ખર્ચ થયેલ છે. |

---------

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પીવાના પાણીની તંગી નિવારવા આયોજન

૧૫૬૩ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા.૩૧—૧૨—૨૦૧૨ ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવા માટેના પાણીની તંગી છે અને કેટલા ગામોમાં પીવા માટેનું પાણી ટેન્કરથી પુરૂ પાડવામાં આવે છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ગામોમાં પીવાના પાણીની તંગીને પહોંચી વળવા ટેન્કરથી પુરૂ પાડવામાં આવ્યું હતું, અને

(૩) આવી તંગી ન સર્જાય તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં ૩૮ ગામોમાં અને પોરબંદર જિલ્લામાં ૧૪ ગામોમાં પીવાનાં પાણીની તંગી હોવાથી ટેન્કરથી પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | પીવાનાં પાણીની તંગીવાળા ગામો | ટેન્કરના ગામની સંખ્યા |
|---|---|---|---|
| જિલ્લો જૂનાગઢઃ— | | | |
| ૧ | માંગરોળ | ૦૭ | ૦૭ |
| ૨ | કોડીનાર | ૦૭ | ૦૭ |
| ૩ | વેરાવળ | ૦૪ | ૦૪ |
| ૪ | સુત્રાપાડા | ૧૧ | ૧૧ |
| ૫ | વીસાવદર | ૦૩ | ૦૩ |
| ૬ | તલાળા | ૦૩ | ૦૩ |
| ૭ | જૂનાગઢ | ૦૧ | ૦૧ |
| ૮ | કેશોદ | ૦૧ | ૦૧ |
| ૯ | માળીયા | ૦૧ | ૦૧ |
| | **કુલ** | **૩૮** | **૩૮** |
| જિલ્લો પોરબંદરઃ— | | | |
| ૧ | પોરબંદર | ૧૪ | ૧૪ |

છેલ્લા બે વર્ષમાં વર્ષવાર/તાલુકાવાર ટેન્કરથી પાણી પુરૂ પાડવામાં આવેલ મહત્તમ ગામો વિગતો નીચે મુજબ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર/તાલુકાવાર ટેન્કરથી પાણી પુરૂ પડવામાં આવેલ મહત્તમ ગામો વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | વર્ષ | |
|---|---|---|---|
| | | **૨૦૧૧** | **૨૦૧૨** |
| **જૂનાગઢ જિલ્લો** | | **ગામોની સંખ્યા** | **ગામોની સંખ્યા** |
| ૧ | માંગરોળ | ૭ | ૧૧ |
| ૨ | માળીયા | ૩ | ૧૮ |
| ૩ | વેરાવળ | ૧ | ૩૩ |
| ૪ | કોડીનાર | ૧ | ૧૬ |
| ૫ | સુત્રાપાડા | ૦ | ૨૩ |
| ૬ | વીસાવદર | ૦ | ૬ |
| ૭ | જૂનાગઢ | ૦ | ૩ |
| ૮ | ભેસાણ | ૦ | ૨ |
| ૯ | કેશોદ | ૦ | ૬ |
| ૧૦ | તલાળા | ૦ | ૬ |
| | **કુલ** | **૧૨** | **૧૨૪** |
| **પોરબંદર જિલ્લો** | | | |

(૩) જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ગામોને મહી—નર્મદા પાઇપ લાઇન આધારિત ગૃપ યોજનાઓ દ્વારા પાણી

પુરૂ પાડવાનું આયોજન કરેલ છે. જે હાલ પ્રગતિ હેઠળ છે.

જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના કન્ટીજન્સી પ્લાન હેઠળ જરૂરિયાત મુજબ ટૂંકાગાળામાં કરવાના થતાં કામો જેવા કે, નવા બોર, વ્યક્તિગત તેમજ જૂથ યોજના સુધારણા, કૂવા ઉંડા ઉતારવા, હેન્ડપંપ, રીપેરીંગ તથા ટેન્કરથી પાણી પુરવઠો પૂરો પાડવાના કામોનું આયોજન હાથ ધરેલ છે.

---------

**રાજકોટ શહેર અને તેના તાલુકાઓમાં નર્મદાનાં પાણી આપવાનું આયોજન**

૧૨૧૮ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ રાજકોટ શહેર અને તેના તાલુકાઓમાં નર્મદાનું પાણી કેટલું આપવામાં આવે છે, | (૧) રાજકોટ શહેરને દૈનિક ૧૪૦ મીલીયન લીટર અને રાજકોટ જિલ્લાના તાલુકાઓના ગ્રામ્ય/શહેરી વિસ્તારને દૈનિક ૭૧.૧૪ મીલીયન લીટર નર્મદાનું પાણી આપવામાં આવે છે. |
| (૨) તે અન્વયે અછતની સ્થિતિને ધ્યાને લઇ નર્મદાના પાણીથી રાજકોટ શહેર અને તાલુકામાં પાણી પુરૂં પાડતા ડેમો ભરવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૨) ચાલુ વર્ષે કોઇ આયોજન નથી પરંતુ લાંબાગાળાના આયોજનના ભાગરૂપે સૌની યોજના અંતર્ગત વિવિધ લીંક નહેરો દ્વારા રાજકોટ શહેર અને તાલુકામાં પાણી પુરૂ પાડતા આજી–૧, લાલપરી, ન્યારી–૧ અને ન્યારી–૨ ડેમો ભરવાનું આયોજન હાથ ધરાયેલ છે. |
| (૩) આગામી ઉનાળામાં પાણીની ગંભીર સમસ્યાઓ હલ કરવા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) રાજકોટ જિલ્લાના નર્મદા/મહી પાઇપ લાઇન સાથે જોડાયેલ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારો માટે વધારાનું પાણી પુરૂ પાડવા વધારાની પંપીંગ મશીનરી તેમજ સમાંતર પાઇપ લાઇનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>રાજકોટ જિલ્લાના કન્ટીજન્સી પ્લાન જરૂરિયાત મુજબ ટૂંકાગાળામાં કરવાના થતાં કામો જેવા કે, નવા બોર, વ્યક્તિગત તેમજ જૂથ યોજના સુધારણા, કૂવા ઉંડા ઉતારવા, હેન્ડપંપ રીપેરીંગ તથા ટેન્કરથી પાણી પુરવઠો પૂરા પાડવાના કામોનું આયોજન હાથ ધરેલ છે. |

---------

**કૃષિ મહોત્સવ–૨૦૧૨ માં કચ્છ જિલ્લામાં ખેડૂતોને કૃષિ કીટ્સનું વિના મૂલ્યે વિતરણ**

૧૩૨૩ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨–૧૩ ના કૃષિ મહોત્સવ દરમ્યાન કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલા કૃષિ કીટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬૪૬૭ ખેડૂતોને કૃષિ કીટ્સ<br>૫૮૩૨ ખેડૂતોને બાગાયત કીટ્સ અને<br>૪૪૩૦ લોકોને ઘાસચારા કીટ (પશુપાલન ખાતા મારફતે). |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ।.૨,૨૫,૪૬,૧૯૪/–. |

---------

**જામનગર જિલ્લામાં આવેલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ**

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

૧૩૫૪ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૪ (ચાર). |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ નથી. |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શી છે ? | (૩) ૪૦,૦૦૦ નમૂના. |

---------

**કચ્છ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૩૪૬ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૯૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૩ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૨,૫૦,૦૦૦/. |

---------

**નવસારી જિલ્લાનાં ગુંજ તથા કેલીયા સિંચાઇ યોજનાનાં રોજમદાર કામદારોને ચૂકવાતો પગાર**

૧૩૮ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૦૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લાનાં ગુંજ તથા કેલીયા સિંચાઇ યોજનાના રોજમદાર કામદારોને દરમાસે નિયમિત પગાર ચૂકવાતો નથી તે હકીકત સાચી છે,<br>(૨) જો ના, તો ક્યા કારણોસર નિયમિત પગાર ચૂકવવામાં આવતો નથી, અને<br>(૩) નિયમિત પગાર ચૂકવાય તે માટે સરકાર શું આયોજન કરવા માંગે છે ? | (૧), (૨) અને (૩)<br>નવસારી જિલ્લામાં ગુંજ નામની કોઇ સિંચાઇ યોજના આવેલ નથી. કેલીયા સિંચાઇ યોજનાના રોજમદાર કામદારોને ત્રણ પ્રસંગો બાદ કરતાં નિયમિત રીતે પગાર ચુકવવામાં આવેલ છે.<br>આ કર્મચારીઓની ગ્રાન્ટ કામોની મરામત જાળવણીના સદરે ફાળવવામાં આવે છે જે માટેના અંદાજો નાણાંકિય વર્ષ શરૂ થવાના ત્રણ મહિના પૂર્વે આકારીને મંજુર કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન થતાં મોંઘવારી ભથ્થાના વધારા વગેરેને કારણે પાછલા વર્ષનો તફાવત ચુકવવાનો થતાં ફાળવેલ ગ્રાન્ટ અપૂરતી થતાં ચુકવણાં વિલંબિત થવા પામેલ છે. નિયમિત પગાર ચુકવાય તે માટે સરકાર સચિત છે. |

---------

**વડોદરા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૩૪૪ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૩૩૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૨૧ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧,૮૭,૫૦,૦૦૦/. |

---------

**વડોદરા જિલ્લામાં બિયારણનાં નમૂનાની ચકાસણી**

૧૩૧૪ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ બિયારણના છેલ્લા બે વર્ષમાં કેટલા નમુના લેવામાં આવ્યા, | (૧) ૪૦૩ નમુના. |
| (૨) તે પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા તથા કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૩૯૦ નમૂના પ્રમાણિત થયા તથા ૧૩ નમૂના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | બિનપ્રમાણિત નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૬ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૭ | વહીવટી પગલાં લીધેલ છે. |

---------

**સંજીવની યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાનાં ખેડૂતોને મળેલ લાભ**

૧૩૫૨ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંજીવની યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કુલ કેટલાં ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે. | (૧) ૨૯૮ ખેડૂતોને. |
| (૨) આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૫૬૯.૭૭ હેકટર વિસ્તાર. |
| (૩) આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે. | (૩) રૂ.૮૧.૦૦ લાખ. |

---------

એચબી-૬૯૮-

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**વાયબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૧૩ અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા કરેલ એમ.ઓ.યુ.**

૧૩૬૫ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩ અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા એમ.ઓ.યુ કરવામાં આવ્યા, | (૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩ અંતર્ગત વાયબ્રન્ટ ઈવેન્ટ દરમ્યાન પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૦ એમ.ઓ.યુ કરવામાં આવ્યા |
| (૨) આ એમ.ઓ.યુ. કયા કામો માટે કરવામાં આવ્યા, અને | (૨) પાણી પુરવઠાની યોજનાઓના બાંધકામ, ખારાશ નિવારણ, સ્વયં સંચાલિત કાર્યપ્રણાલિ, પાઈપ ઉત્પાદન ક્ષમતા વિસ્તરણ બલ્ક પાણી પુરવઠા યોજનાઓ, જળ શુધ્ધીકરણ (વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ), ઉર્જા બચત, ગંદા પાણીના નિકાલની યોજનાઓ, નિકાલ કરવાના થતાં પાણીનું શુધ્ધીકરણ કરી ફરી ઉપયોગ કરવાના પ્લાન્ટ નાખવા માટે (વેસ્ટ વોટર રીસાયકલ, રિયુઝ અને એસ.ટી.પી. પ્રોજેકટ), પાણી પુરવઠાની યોજનાઓમાં ઉભી કરેલી અસ્કાયામતોના વ્યવસ્થાપન અને પાણીની ગુણવત્તા નિયમન પ્રક્રિયાઓ માટે (વોટર યુટીલીટી એસેટ મેનેજમેન્ટ અને વોટર કવોલીટી) અને પાણી પુરવઠાની વિવિધ યોજનાઓમાં પાણીના દુરઉપયોગ અટકાવવા માટેની પધ્ધતિઓ માટેના વિષયો ઉપરાંત સ્ટ્રેટેજીક પાર્ટનરશિપ (જ્ઞાન તેમજ કૌશલ આદાન–પ્રદાન) માટે કરવામાં આવ્યા. |
| (૩) તે કેટલી રકમના કરવામાં આવ્યા છે ? | (૩) વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩માં મૂડી રોકાણ બાબતો ધ્યાને લેવાયેલ નથી. |

---------

**કૃષિ મહોત્સવ–૨૦૧૨માં મહેસાણા જિલ્લામાં ખેડૂતોને કૃષિ કીટ્સનું વિના મૂલ્યે વિતરણ**

૧૩૨૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨–૧૩ના કૃષિ મહોત્સવ દરમ્યાન જાન્યુઆરી–૨૦૧૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા ખેડૂતોને વિના મુલ્યે કેટલા કૃષિ કીટસનું વિસ્તરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૪૨૭૭ ખેડૂતોને કૃષિ કીટ્સ, ૪૪૮૭ ખેડૂતોને બાગાયત કીટ્સ અને ૩૧૮૫ લોકોને ઘાસચારા કીટ(પશુપાલન ખાતા મારફતે) |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૧,૪૯,૨૪,૮૮૪/–. |

---------

**સુરત જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૧૩૩૯ **શ્રી પ્રફુલભાઈ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૩૦ ખેડૂતોને. |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૩૪,૩૯૫/– રૂપિયા. |

---------

**મોરબી શહેરને પીવાનું પાણી પુરું પાડવા માટેની વ્યવસ્થા**

૧૩૬૯ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મચ્છુ ડેમમાં પીવાનું પાણી ઓછું થતાં મોરબી શહેર માટે નર્મદાનું પીવાનું પાણી પુરૂ પાડવા માટે સરકારે કોઈ વ્યવસ્થા કરેલ છે, અને<br>(૨) જો હા. તો તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરેલ છે ? | (૧) અને (૨) એન.સી.૭ નર્મદા પાઈપ લાઈનના ટીંબડી સંપથી આશરે ૧૧.૪૦ કીલોમીટર લંબાઈની એમ.એસ. પાઈપલાઈન તથા આનુંસાંગિક કામોની કામગીરી તાકીદના ધોરણે હાથ ધરી, મોરબી શહેરને પીવાનું પાણી પૂરૂ પાડવાનું આયોજન કરેલ છે આ પાઈપલાઈન પુરી થાય ત્યાં સુધી એન.સી.–૭ નર્મદા પાઈપલાઈનમાંથી સીધુ જોડાણ પણ આપવામાં આવેલ છે. આ પાઈપલાઈન પુરી થાય ત્યાં સુધી એન.સી.૭ નર્મદા પાઈપલાઈનમાંથી સીધુ જોડાણ પણ આપવામાં આવેલ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં બનાવેલ ડાંગરની ક્યારી**

૧૩૧૭ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ડાંગરની કયારી બનાવવામાં આવી, | (૧) ૧૬૯૨. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ. ૨૫૦.૦૦ લાખ. |
| (૩) તેનાથી ખેડૂતોને શું લાભ થયો છે ? | (૩) કુવાના પાણીના તળ ઉપર આવવાથી ખેત ઉત્પાદનમાં અંદાજે ૨૦ % વધારો થવાથી ખેડૂતોની સરેરાશ વાર્ષિક આવકમાં વધારો થયેલ છે. |

---------

**ખેડબ્રહ્મા, વિજયનગર ભિલોડા અને મેઘરજ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ**

૧૬૨૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ બનાવવામાં આવી, | (૧) તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ ખેડબ્રહ્મા તાલુકામાં ૨ વિજયનગર તાલુકામાં ૧ અને મેઘરજ તાલુકામાં ૧ મળી કુલ ૪ જૂથ પાણી પુરવઠા યોજનાઓના નકશા અને અંદાજો બનાવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ તાલુકાવાર કેટલી જૂથ યોજનાઓ ચાલુ છે અને કેટલી બંધ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ યોજનાઓ પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૩૪૨ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧માં ૧૧૯ અરજીઓ અને વર્ષ ૨૦૧૧–૧૨માં ૧૨૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩૨ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧,૩૨,૦૦,૦૦૦/–. |

---------

**નર્મદા યોજના હેઠળ થયેલ ખર્ચ અને બાકી કામો**

૫૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ નર્મદા યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ નર્મદા યોજનાનો રૂ઼ા.૨૫૯૫૪.૫૧ કરોડનો યોજનાકીય ખર્ચ મળી કુલ રૂ઼ા.૪૦૦૯૨.૨૭ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૨) કેટલા મુખ્ય કામો બાકી છે, અને | (૨) સરદાર સરોવર યોજના હેઠળ નવા ગામ બંધમાં છલતી લેવલ (૧૨૧.૯૨મી.) થી ઉપર પીયરના, તેની ઉપર બ્રીજના તથા રેડીયલ ગેટ બેસાડવાનું કામ આર.એન્ડ આર. સબ ગૃપની મંજૂરી નહીં મળવાથી બાકી છે. તદ્ઉપરાંત અંદાજીત ૪૮૪.૯૨ કી.મી. શાખા નહેરો અને ૨૮૧૮.૧૪ કી.મી. ની વિશાખા નહેરોનું કામ બાકી છે. |
| (૩) આ કામોમાં માઈનોર અન સબમાઈનોર કેનાલના કેટલા કામો બાકી છે ? | (૩) તા.૩૧–૧૨–૧૨ના રોજ અંદાજીત ૧૨૩૧૯.૫૨ કી.મી.ની માઈનોર (પ્રશાખા) તથા ૩૭૮૮૭.૫૫ કી.મી.ના સબમાઈનોર (પ્ર–પ્રશાખા) કેનાલના કામો બાકી છે. |

---------

**નર્મદા જિલ્લામાં જમીન ચકાસણી પ્રયોગશાળાઓ**

૧૨૮૫ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૪ (ચાર). |
| (૨) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) ૧ (એક). |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શી છે ? | (૩) ૪૦,૦૦૦ નમૂના. |

---------

### સુરત જિલ્લામાં બિયારણના નમુનાની ચકાસણી

૧૩૧૨ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બિયારણના છેલ્લા બે વર્ષમાં કેટલા નમુના લેવામાં આવ્યા, | (૧) ૨૧૫ નમુના. |
| (૨) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા તથા કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૨૧૪ નમુના પ્રમાણિત થયા તથા ૦૧ નમૂનો બિનપ્રમાણિત થયો. |
| (૩) બિનપ્રમાણિત નમુનાઓમાં ગુણવતા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) કોર્ટ કેસ કરેલ છે. |

---------

### અમદાવાદ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય

૧૩૩૬ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૯૨૩૦ ખેડૂતોને. |
| (૨) આ પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૧,૮૧,૩૦,૦૦૦/–રૂપિયા. |

---------

### જામનગર જિલ્લામાં પીવાના પાણીની સમસ્યાગ્રસ્ત ગામો

૨૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના તાલુકાવાર કયા કયા ગામો ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ પીવાના પાણીની સમસ્યાગ્રસ્ત છે, અને | (૧) ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના કલ્યાણપુર તાલુકામા (૧) લાંબા (૨)સત્તાપર (૩) નાવદ્રા (૪) ગઢકા ગામોએ પીવાના પાણીની સમસ્યા થયેલ. |
| (૨) આ ગામોને નિયમિત રીતે પીવાનું પાણી પહોંચાડવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ? | (૨) આ ગામોને ટેન્કર દ્વારા પીવાનું પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. |

---------

### વડોદરા જિલ્લામાં ખેડૂતોને રોટાવેટર સહાય

૧૩૨૨ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા વડોદરા જિલ્લામાં કેટલા ખેડૂતોને રોટાવેટર સહાય આપવામાં આવી, અને | (૧) ૪૬૩ ખેડૂતોને. |
| (૨) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૧,૩૮,૬૭,૫૦૦/– રૂપિયા. |

---------

### મહેસાણા જિલ્લામાં બિયારણનાં નમુનાની ચકાસણી

૧૩૧૫ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બિયારણના છેલ્લા બે વર્ષમાં કેટલા નમુના લેવામાં આવ્યા, | (૧) ૩૩૪ નમુના. |
| (૨) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા તથા કેટલા | (૨) ૩૧૪ નમુના પ્રમાણિત થયા તથા ૨૦નમૂના |

નમુના બિનપ્રમાણિત થયા, અને

(૩) બિનપ્રમાણિત નમુનાઓમાં ગુણવતા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

બિનપ્રમાણિત થયા.

(૩) બિનપ્રમાણિત થયેલ નમુનાઓ પૈકી ૦૫માં કોર્ટ કેસ કરેલ છે. ૦૧માં વહીવટી પગલાં લીધેલ છે અને ૧૪ અંગે કાર્યવાહી ચાલુ છે.

---------

**પાટણ જિલ્લામાં આવેલ જમીન સંરક્ષણની કામગીરી**

૧૩૧૮ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા હેકટર જમીનમાં જમીન સંરક્ષણની કામગીરી કરવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૧માં ૩૬૨૧.૧૮ હેકટર અને વર્ષ ૨૦૧૨માં ૩૬૩૪.૬૪ હેકટર |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૮૫૨.૯૯ લાખ. |

---------

**વિજાપુર પાસે સાબરમતી નદીમાં બનાવેલ ચેકડેમ તૂટવાનો બનાવ**

૧૧૯૭ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વિજાપુર પાસે આવેલ દેરોલ પાસે સાબરમતી નદીમાં બનાવવામાં આવેલ ચેકડેમ છેલ્લા એક વર્ષમાં પ્રથમ વરસાદમાં જ તૂટી ગયો છે તે હકીકત સાચી છે, | (૧) ના જી, છેલ્લા એક વર્ષમાં તુટેલ નથી. પરંતુ વર્ષ ૨૦૦૫ના પ્રથમ વરસાદમાં નુકસાન થયેલ હતું. |
| (૨) જો હા તો, આ ચેકડેમ પાછળ કેટલો ખર્ચ થયો હતો, અને | (૨) રૂા. ૮૮.૭૨ લાખનો ખર્ચ થયેલ. |
| (૩) આ તૂટી ગયેલ ચેકડેમ ફરીથી બનાવવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) તાંત્રિક બાબત ચકાસી ચેકડેમ અંગે નિર્ણય લેવાનું વિચારણા હેઠળ છે. |

---------

**આણંદ જિલ્લામાં આત્મા પ્રોજેકટ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

૧૨૨૧ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) (i) વર્ષ ૨૦૧૧–૧૨ : ૭૯.૨૦ લાખ<br>(ii) વર્ષ ૨૦૧૨–૧૩ : ૮૬.૪૦ લાખ<br>(ડિસેમ્બર–૨૦૧૨ અંતિત) |
| (૨) ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કયા કાર્યક્રમો યોજના અંતર્ગત કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને આ પ્રોજેક્ટ અંતર્ગત લાભ મળેલ છે ? | (૨) અને (૩)<br>આણંદ જિલ્લામાં તાલુકાવાર કાર્યક્રમો, યોજના અંતર્ગત થયેલ ખર્ચ અને લાભાર્થીઓની સંખ્યાની વિગતો પત્રક–૧ અને પત્રક–૨ મુજબ આ સાથે સામેલ છે. |

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**નર્મદા યોજનાનાં વધારાનાં પાણીને કચ્છ જિલ્લામાં સંગ્રહ કરવાનું આયોજન**

૧૫૭૮ **શ્રી છબીલભાઈ ના. પટેલ(અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજનાના વધારાનાં જે પાણી કચ્છ જિલ્લાને ફાળવેલ તે પાણી ચોમાસાનાં ૧૦૦ દિવસ દરમિયાન જ જિલ્લાએ મેળવવાનું રહેશે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા સ્થળે કેટલું પાણી સંગ્રહવાનું આયોજન છે, અને

(૩) સંગ્રહ માટે સ્થળ વાર કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજનાના પુરના વધારાના પાણી પૈકી કચ્છ જિલ્લાને જે ૧.૦૦ મીલીયન એકર ફીટ પાણીનો જથ્થો ફાળવવામાં આવેલ છે, તે ચોમાસાના સમયગાળા દરમ્યાનજ ઉપલબ્ધ થવાનો છે તે હકીકત સાચી છે.

(૨) અને (૩)

ઉપરોક્ત પાણીના જથ્થાના વપરાસ માટે યોગ્ય તાંત્રિક અને આર્થિક વિકલ્પની ચકાસણી અને તે વિકલ્પ અનુસાર અન્વેષણ, આલેખન અને આયોજનની કામગીરી આખરી તબક્કામાં છે.

---------

**વડોદરા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર નોધાયેલ ગુનાઓ**

૯૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલા ગુના નોંધાયા,

**જવાબ**

(૧) પત્રક–૧ મુજબ

**પત્રક–૧**

| અ.નં. | પો.સ્ટે.નું નામ | નોંધાયેલ ગુનાઓ |
|---|---|---|
| ૧ | વડોદરા તાલુકો | ૨૪૨ |
| ૨ | કરજણ | ૪૧૬ |
| ૩ | વરણામા | ૨૬૩ |
| ૪ | શિનોર | ૧૨૪ |
| ૫ | સાવલી | ૨૧૩ |
| ૬ | ભાદરવા | ૧૭૬ |
| ૭ | ડેસર | ૧૩૭ |
| ૮ | પાદરા | ૪૮૪ |
| ૯ | મહીલા | ૦૩ |
| ૧૦ | વાઘોડીયા | ૩૮૦ |
| ૧૧ | સંખેડા | ૮૯ |
| ૧૨ | બોડેલી | ૧૮૨ |
| ૧૩ | નસવાડી | ૯૯ |
| ૧૪ | ડભોઈ | ૪૧૬ |
| ૧૫ | છોટાઉદેપુર | ૨૬૯ |
| ૧૬ | કવાંટ | ૧૪૨ |
| ૧૭ | રંગપુર | ૧૦૦ |
| ૧૮ | જેતપુર | ૧૮૭ |
| ૧૯ | કરાલી | ૭૧ |
| ૨૦ | કદવાલ | ૨૩ |

(૨) તે પૈકી બળાત્કાર, ખૂન, સ્કુટર ચોરી, લૂંટ અને અપહરણ ના કેટલા કીસ્સાઓ બન્યા, અને

(૨)

| બળાત્કાર | ખૂન | સ્કુટર ચોરી | લૂંટ | અપહરણ |
|---|---|---|---|---|
| ૪૫ | ૧૨૭ | ૩૧૨ | ૩૧ | ૧૩૪ |

(૩) ઉકત સ્થિતિએ કેટલા આરોપી પકડવાના

(૩) ૮૬–આરોપીઓ પકડવાના બાકી છે.

બાકી છે?

---------

**અમદાવાદ શહેરમાં ઘરફોડ ચોરી, મંદિરોમાં ચોરી, એ.ટી.એમ.માંથી પૈસાની ઉઠાંતરી, એ.ટી.એમ.ની ઉઠાંતરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો**

૭૭૫ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા છ મહિનામાં અમદાવાદ શહેરમાં ઘરફોડ ચોરી, મંદિરોમાં ચોરી, એ.ટી.એમ.માંથી પૈસાની ઉઠાંતરી એ.ટી.એમ.ની ઉઠાંતરી તથા ચેઈન સ્નચીંગના કેટલા બનાવો નોંધાયો,

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં ગુનેગારો પકડાયા,

(૩) તેમની પાસેથી કેટલા પૈસા પરત મેળવી શકાયા,

(૪) કેટલા કિસ્સામાં ગુનેગાર હજુ સુધી પકડાયા નથી, અને

(૫) આવા બનાવો બનતા/વધતા અટકાવવા સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧)

| ઘરફોડ ચોરી | મંદિરોમાં ચોરી | એ.ટી.એમ. માંથી પૈસાની ઉઠાંતરી | એ.ટી.એમ. ની ઉઠાંતરી | ચેઈન સ્નેચીંગના બનાવો |
|---|---|---|---|---|
| ૩૪૮ | ૨૧ | ૫ | ૦ | ૧૬૧ |

(૨)

| ઘરફોડ ચોરી | મંદિરોમાં ચોરી | એ.ટી.એમ. માંથી પૈસાની ઉઠાંતરી | એ.ટી.એમ. ની ઉઠાંતરી | ચેઈન સ્નેચીંગના બનાવો |
|---|---|---|---|---|
| ૯૨ | ૯ | ૧ | ૦ | ૪૧ |

(૩)

| ઘરફોડ ચોરી | મંદિરોમાં ચોરી | એ.ટી.એમ. માંથી પૈસાની ઉઠાંતરી | એ.ટી.એમ. ની ઉઠાંતરી | ચેઈન સ્નેચીંગના બનાવો |
|---|---|---|---|---|
| ૯૩૩૦૨૬૩ | ૧૦૭૫૦૦ | ૫૦૦૦ | ૦૦ | ૭૨૭૦૩૦ |

(૪)

| ઘરફોડ ચોરી | મંદિરોમાં ચોરી | એ.ટી.એમ. માંથી પૈસાની ઉઠાંતરી | એ.ટી.એમ. ની ઉઠાંતરી | ચેઈન સ્નેચીંગના બનાવો |
|---|---|---|---|---|
| ૨૫૬ | ૧૨ | ૪ | ૦ | ૧૨૦ |

(૫) આવા મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા માટે જિલ્લાના તમામ અિધકારી તથા કર્મચારીઓની નાઈટ પેટ્રોલીંગ કડક રીતે શરૂ કરેલ છે. જેમાં ગૃપ મોબાઈલ પેટ્રોલીંગ, વિલેઝ મોબાઈલ પેટ્રોલીંગ, હાઈવે પેટ્રોલીંગ, મોટર સાયકલ પેટ્રોલીંગ વિગેરેથી ક્રોસ પેટ્રોલીંગની સ્કીમો અમલમાં મુકેલ છે. તેમજ મિલ્કત સબંધી ગુનાઓમાં પકડાયેલ ઈસમોના એમ.સી. આર. ચેક કરવામાં આવે છે. તેમજ નાકાબંધીના પોઈન્ટ મુકવામાં આવેલ છે. તથા હિસ્ટ્રીશીટરો તેમજ જાણીતા ગુનેગારોને તથા શકદારો, શક પડતા વાહનો ચેક કરવામાં આવે છે. એટીએમ મશીનો રાત્રી દરમ્યાન અવાર નવાર ચેક કરવામાં આવે છે. તેમજ સુપરવિઝન અધિકારીઓને ગુનાઓના વિસ્તારનું સર્વે કરી તેવા વિસ્તારમાં કેમ્પ રાખવા જણાવેલ છે. તેમજ વણ શોધાયેલ ગુન્હાઓની દિશાસુચક તપાસો કરવા જણાવવામાં આવેલ છે.

---------

## ભિલોડા તાલુકાના મેશ્વો, હાથમતી અને ઈન્દ્રાસી ડેમમાંથી થયેલું મત્સ્ય ઉત્પાદન

૧૨૦૭ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષના સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના મેશ્વો, હાથમતી અને ઈન્દ્રાસી ડેમમાંથી વર્ષવાર અને ડેમવાર કેટલું મત્સ્ય ઉત્પાદન થયું, અને

(૨) તેની વર્ષવાર અને ડેમવાર કેટલી બજાર કિંમત ઉપજી?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષના સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના મેશ્વો, હાથમતી અને ઈન્દ્રાસી ડેમમાંથી વર્ષવાર અને ડેમવાર મત્સ્ય ઉત્પાદન નીચે મુજબ થયું.

| વર્ષવાર મત્સ્ય ઉત્પાદન (કિ.ગ્રા.) | | | |
|---|---|---|---|
| | જળાશયનું નામ | | |
| વર્ષ | મેશ્વો | હાથમતી | ઈન્દ્રાસી |
| ૨૦૧૧ | ૧૦૩૩ | ૬૮૦૫ | ૩૭૨૦ |
| ૨૦૧૨ | ૩૫૮૩ | ૧૮૭૭૦ | ૩૪૮૦ |
| કુલ ઉત્પાદન | ૪૬૧૬ | ૨૫૫૭૫ | ૭૨૦૦ |

(૨) તેની વર્ષવાર અને ડેમવાર ઉપજેલ બજાર કિંમત નીચે મુજબ છે.

| વર્ષવાર અને ડેમવાર ઉપજેલ બજાર કિંમત (રૂપિયામાં) | | | |
|---|---|---|---|
| | જળાશયનું નામ | | |
| વર્ષ | મેશ્વો | હાથમતી | ઈન્દ્રાસી |
| ૨૦૧૧ | ૬૧૯૮૦ | ૩૭૭૫૨૫ | ૧૬૯૨૦૦ |
| ૨૦૧૨ | ૧૯૪૩૬૦ | ૮૯૮૬૦૫ | ૧૫૭૮૦૦ |
| કુલ આવક | ૨૫૬૩૪૦ | ૧૨૭૬૧૩૦ | ૩૨૭૦૦૦ |

---------

## વાયબ્રન્ટ ૨૦૧૩ અંતર્ગત રાજકોટ અને કચ્છ જિલ્લામાં ઉદ્યોગો માટે એમ.ઓ.યુ.

૧૫૭૨ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩માં કેટલા ઉદ્યોગ ગૃહોએ ઉદ્યોગ શરૂ કરવા એમ.ઓ.યુ. શરૂ કર્યા, અને

(૨) તે પૈકી કયા ઉદ્યોગે કયા જિલ્લા માટે શા ઉત્પાદન માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩માં તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાં કુલ ૧૮૯૨ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી રાજકોટ અને કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનની સેકટરવાર માહિતી આ સાથે પત્રકમાં સામેલ છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનમાં મૂડીરોકાણ ધ્યાને લેવાયેલ નથી.

એચબી–૬૯૮–૧૦

**પત્રક–૧**

| અનુ.નં. | સેકટર | વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન એપ્રુવ્ડ | |
|---|---|---|---|
| | | રાજકોટ જિલ્લો | કચ્છ જિલ્લો |
| ૧ | એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ | ૧૩૨ | ૬૦ |
| ૨ | એનિમલ હસ્બન્ડરી એન્ડ ફીશરીઝ | ૦૬ | ૦૭ |
| ૩ | બાયોટેકનોલોજી | ૦૨ | ૦૪ |

| અનુ.નં. | સેક્ટર | વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન એપ્રુવ્ડ | |
|---|---|---|---|
| | | રાજકોટ જિલ્લો | કચ્છ જિલ્લો |
| ૪ | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ | ૦૧ | ૧૨ |
| ૫ | સિવિલ એવિએશન | ૦૦ | ૦૧ |
| ૬ | એજ્યુકેશન | ૦૩ | ૦૧ |
| ૭ | એન્જીનીયરીંગ, ઓટો એન્ડ સિરામિકસ | ૭૧૭ | ૧૪૬ |
| ૮ | એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૦૪ | ૦૮ |
| ૯ | જેમ્સ એન્ડ જવેલરી | ૦૩ | ૦૦ |
| ૧૦ | હેલ્થ કેર | ૦૬ | ૦૧ |
| ૧૧ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૦૪ | ૧૩ |
| ૧૨ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૦૪ | ૦૧ |
| ૧૩ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રકચર | ૦૦ | ૦૩ |
| ૧૪ | મિનરલ બેઝડ (સિમેન્ટ) | ૧૭ | ૨૧ |
| ૧૫ | મિનરલ બેઝડ (જી.એમ.ડી.સી. પ્રોજેકટસ) | ૦૪ | ૧૪ |
| ૧૬ | ઓઈલ, ગેસ એન્ડ ફર્ટીલાઈઝર્સ (સ્ટેટ પીએસયુઝ) | ૪૧ | ૦૨ |
| ૧૭ | અધર્સ | ૧૮૬ | ૨૬૧ |
| ૧૮ | પેપર | ૦૫ | ૦૦ |
| ૧૯ | પી.સી.પી.આઈ.આર.એન્ડ જી.આઈ.ડી.સી. લાર્જ પ્રોજેકટસ | ૦૨ | ૦૪ |
| ૨૦ | ફાર્માસ્યુટીકલ્સ | ૦૪ | ૦૨ |
| ૨૧ | પોર્ટ એન્ડ પોર્ટ બેઝડ | ૦૧ | ૦૩ |
| ૨૨ | પાવર | ૦૧ | ૦૮ |
| ૨૩ | પાવર–રીન્યુએબલ | ૦૪ | ૨૦ |
| ૨૪ | રોડ એન્ડ રેઈલ પ્રોજેકટસ | ૦૦ | ૦૨ |
| ૨૫ | રૂરલ ડેવલપમેન્ટ | ૦૭ | ૦૬ |
| ૨૬ | રૂરબન હાઉસિંગ | ૨૯ | ૦૩ |
| ૨૭ | સ્પેસિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીઅન | ૦૧ | ૦૦ |
| ૨૮ | ટેક્ષ્ટાઈલ એન્ડ એપરલ્સ | ૧૧ | ૦૫ |
| ૨૯ | ટૂરીઝમ | ૦૧ | ૧૮ |
| ૩૦ | અરબન ડેવલપમેન્ટ | ૬૪ | ૦૪ |
| ૩૧ | વોટર રીસોર્સિસ | ૦૦ | ૦૨ |
| | **કુલઃ** | **૧૨૬૦** | **૬૩૨** |

---------

**દાહોદ જિલ્લામાં તૂટી ગયેલા ચેકડેમો**

૧૦૨૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કેટલા ચેકડેમો તૂટી ગયેલા છે, અને

(૨) આ તૂટી ગયેલા ચેકડેમો કેટલા સમયમાં મરામત કરાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ૨૨૪ જેટલા ચેકડેમોને ચોમાસામાં આવેલ ભારે વરસાદ અને પુરને લઈને ઓછાવત્તા અંશે નુકશાન થયેલ છે.

(૨) ઉપરોકત ચેકડેમોનું શકય તેટલા વહેલા મરામત કરાવવાનું આયોજન છે.

---------

**સરદાર સરોવર યોજનાના જળવિદ્યુત મથકો દ્વારા વીજ ઉત્પાદન**

૧૨૭૬ **શ્રી જસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં સરદાર સરોવર યોજનાના જળ વિદ્યુત મથકો દ્વારા કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી, અને

(૨) તેની બજાર કિંમત કેટલી થઈ ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ વીજ ઉત્પાદન થયેલ છે.

| | | |
|---|---|---|
| વર્ષઃ૨૦૧૧ | ૪૪૬.૦૧ | કરોડ યુનીટ |
| વર્ષઃ૨૦૧૨ | ૩૮૧.૮૮ | કરોડ યુનીટ |
| કુલ ઉત્પાદન | ૮૨૭.૮૯ | કરોડ યુનીટ |

(૨) બન્ને વર્ષનું કુલ ૮૨૭.૮૯ કરોડ યુનીટ વીજ ઉત્પન્ન થયેલ હોઈ, તેની બજાર કિંમત રૂા.૪.૦૦ પ્રતિ યુનીટ લેખે ગણતાં કુલ રૂા. ૩૩૧૧.૫૬ કરોડ થાય.

---------

**અમરેલી જિલ્લામાં પોલીસ સંવર્ગમાં ખાલી જગ્યા ભરવાનું આયોજન**

૧૪૪૯ **શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પોલીસ સંવર્ગમાં મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પત્રક–૧ મુજબ

**પત્રક–૧**

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર પોલીસ મહેકમ સામે ખાલી જગ્યાની સંખ્યા | કયારથી ખાલી | |
|---|---|---|---|---|
| | | | ૬ માસની અંદરના સમયથી ખાલી | ૬ માસથી વધુ સમયથી ખાલી |
| ૧ | અમરેલી | ૬૬ | ૨ | ૬૪ |
| ૨ | લીલીયા | ૧૨ | ૦ | ૧૨ |
| ૩ | બાબરા | ૧૨ | ૫ | ૭ |
| ૪ | વડીયા | ૧૬ | ૦ | ૧૬ |
| ૫ | બગસરા | ૧૯ | ૦ | ૧૯ |
| ૬ | ખાંભા | ૧૯ | ૩ | ૧૬ |
| ૭ | લાઠી | ૨૦ | ૦ | ૨૦ |
| ૮ | ધારી | ૨૮ | ૦ | ૨૮ |
| ૯ | રાજુલા | ૩૯ | ૧ | ૩૮ |
| ૧૦ | જાફરાબાદ | ૪૪ | ૩ | ૪૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૪૦ | ૧૧ | ૨૯ |
| | **કુલઃ–** | **૩૧૫** | **૨૫** | **૨૯૦** |

(૨) પોલીસ ઈન્સ્પેકટર સંવર્ગમાં, બઢતીની પ્રક્રિયા થયેથી વહીવટી અનૂકુળતા મુજબ, સત્વરે ખાલી જગ્યા ભરી શકાશે.

પી.એસ.આઈ. સંવર્ગમાં સીધી ભરતીની તેમજ બઢતી માટેની જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ, વહીવટી અનુકૂળતા મુજબ પીએસઆઈની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

પોલીસ કોન્સ્ટેબલોની ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતીની ભરતી પ્રક્રિયા કરવામાં આવી છે. કોન્સ્ટેબલ સંવર્ગમાં પૂરતો સ્ટાફ ઉપલબ્ધ થયેથી વહીવટી અનુકૂળતા મુજબ બનતી ત્વરાએ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે જ્યારે મદદનીશ સબ ઈન્સ્પેકટરની તેમજ હેડ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી જિલ્લા કક્ષાએ વહીવટી અનુકૂળતા મુજબ સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નર્મદાનું પાણી સિંચાઈ માટે આપવાનું આયોજન**

૧૫૬૪ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નર્મદાનું પાણી ખેડૂતોને સિંચાઈ માટે કેટલા હેકટર જમીનમાં આપવાનું આયોજન છે, | (૧) નર્મદા જળવિવાદ પંચ દ્વારા નિયત કરાયેલ આયોજન મુજબ નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં જૂનાગઢ અને પોરબંદર જિલ્લાનો સમાવેશ થયેલ ના હોવાથી, સદર જિલ્લામાં નર્મદાનું પાણી ખેડૂતોને સિંચાઈ માટે આપવાનું આયોજન નથી. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા હેકટર જમીનમાં સિંચાઈનું પાણી આપવામાં આવે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં કામો પૂર્ણ કરી તમામ વિસ્તારોને સિંચાઈનું પાણી આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ શહેરમાં ખૂન, લૂંટ, બળાત્કારના બનાવો**

૧૨૧૯ **શ્રી ઈન્દ્રનિલભાઈ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેરમાં ખૂન, લૂંટ અને બળાત્કારના કેટલા બનાવો પોલીસ કમિશ્નર હકુમત હેઠળના પોલીસ સ્ટેશનોમાં નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા ગુન્હાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો, અને

(૩) કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| ખૂન | લૂંટ | બળાત્કાર |
|---|---|---|
| ૪૧ | ૪૩ | ૧૩ |

(૨)

| ખૂન | લૂંટ | બળાત્કાર |
|---|---|---|
| ૩૫ | ૩૫ | ૧૩ |

(૩)

| ખૂન | લૂંટ | બળાત્કાર |
|---|---|---|
| ૧૦૩ | ૮૩ | ૨૦ |

---------

**વાંસદા તાલુકામાં કેલીયા અને ગુંજ સિંચાઈ યોજના હેઠળ આવરી લેવાયેલ ગામ**

૧૩૯ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લાનાં વાંસદા તાલુકામાં કેલીયા તેમજ ગુંજ સિંચાઈ યોજના હેઠળ કેટલા ગામોને સિંચાઈ સુવિધાઓ મળે છે, અને

(૨) તે અન્વયે બાકી રહેલાં ગામોને કેટલા સમયમાં આ સિંચાઈ સુવિધા પૂરી પાડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વાંસદા તાલુકાના કેલીયા સિંચાઈ યોજના હેઠળ ૬(છ) ગામોને સિંચાઈ સુવિધા મળે છે. જ્યારે ગુંજ સિંચાઈ યોજના નામની યોજના આવેલ નથી.

(૨) કેલીયા સિંચાઈ યોજનાનું કોઈ ગામ આ સિંચાઈ સુવિધાથી બાકી રહેતું નથી.

---------

**ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં ખેડૂત ખાતેદારને આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડ**

૧૬૨૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં કેટલા ખેડૂત ખાતેદારોને તાલુકાવાર સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, અને

(૩) બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ કયાં સુધી આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડ |
|---|---|
| ખેડબ્રહ્મા | ૪,૫૧૫ |
| વિજયનગર | ૪૯૩ |
| ભિલોડા | ૨,૬૦૯ |
| મેઘરજ | ૨,૧૯૫ |

(૨) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકાના એગ્રી સેન્સેસ–૨૦૦૧ મુજબના તમામ, ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) એગ્રી સેન્સેસ–૨૦૦૫ મુજબ દર વર્ષે ૨૫ % ગામોના તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન છે. આ ઉપરાંત, ગૌણ અને સૂક્ષ્મતત્વ આધારીત સોઈલ ફર્ટીલીટી મેપ તૈયાર કરી ગામવાર પ્રદર્શીત કરવાનું આયોજન છે.

---------

**વાયબ્રન્ટ સમીટમાં ઉદ્યોગોએ કરેલા એમ.ઓ.યુ.**

૧૪૫૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૨ ની સ્થિતિએ વાયબ્રન્ટ સમીટ ૨૦૦૯ અને ૨૦૧૧માં કુલ કેટલા અને કેટલી રકમના મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ થયા હતા,

(૨) ઉક્ત સ્થિતિએ મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગમાંથી કુલ કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા છે, અને

(૩) કુલ કેટલા ઉદ્યોગકારોએ જમીન ખરીદી છે પરંતુ

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯માં રૂપિયા ૧૨૩૪૮૯૮.૪૮ કરોડના સુચિત મુડીરોકાણ સાથે કુલ ૩૩૪૬ એમ.ઓ.યુ. તથા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં રૂપિયા ૨૦૮૩૧૮૨.૭૨ કરોડના સુચિત મુડીરોકાણ સાથે કુલ ૮૩૮૦ એમ.ઓ.યુ. કરવામાં આવેલ.

(૨) તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ના ૧૮૭૬ પ્રોજેકટ કમીશન્ડ થયેલ છે તથા ૬૨૩ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે.

તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ના ૨૯૦૫ પ્રોજેકટ કમીશન્ડ થયેલ છે તથા ૧૪૧૭ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે.

(૩) સેન્ટ્રલ મોનીટરીંગ સીસ્ટમમાં જે પ્રોજેકટોએ

ઉત્પાદનમાં ગયા નથી ?

જમીન મેળવેલ હોય તે પ્રોજેકટોનું સ્ટેટસ અમલીકરણ હેઠળના પ્રોજેક્ટ તરીકે હોય છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ અને વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ના કુલ ૨૦૪૦ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે.

---------

## જામનગર જિલ્લાના ડેમી-૩ સિંચાઈ યોજનામાં આનુસંગિક કામોની પડતર માંગણીઓ

૧૦૭૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં આવેલ ડેમી-૩ સિંચાઈ યોજનામાં તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ આનુષંગિક કામો જેવા કે રસ્તાઓ તથા પુલની કઈ માંગણીઓ પડતર છે, અને

(૨) આ માંગણીઓ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

ગજડી ગામથી ખાનપર-નેસડા તરફના રસ્તા અને પુલની માંગણી પડતર છે. વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ હોઈ, હાલના તબક્કે કોઈ આયોજન નથી.

---------

## કડી શહેર તથા તાલુકામાં ચોરી, લૂંટ, દારુ અને જુગાર રમવા/રમાડવાને લગતાં નોંધાયેલ ગુનાઓ

૭૭૯ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડી શહેર તથા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ચોરી, લૂંટ તથા દારુ અને જુગાર રમવા-રમાડવાને લગતા કેટલા ગુનાઓ પોલીસ દફતરે નોંધાયા છે,

(૨) આ પૈકી ચોરી-લૂંટના કેટલા ગુનાઓ ઉકેલવામાં પોલીસને સફળતા મળી, અને

(૩) દારુ-જુગારને લગતા ગુનાઓમાં ગુનેગારોને સજા થાય અને ફરી તે પ્રવૃત્તિ પૂર્વવત ન બને તે માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| હેડ | કડી શહેર | કડી તાલુકો |
|---|---|---|
| ચોરી | ૨૪ | ૫૮ |
| લુંટ | ૦૨ | ૦૬ |
| દારુ | ૧૫૫ | ૪૬૭ |
| જુગાર રમવા/રમાડવા | ૭૨ | ૨૬ |

(૨)

| હેડ | કડી શહેર | કડી તાલુકો |
|---|---|---|
| ચોરી | ૧૧ | ૨૯ |
| લુંટ | ૦૨ | ૦૫ |

(૩) (૧) વારંવાર ગુન્હા કરતા ઈસમોને પ્રોહીબીશનના બુટલેગર અને જાણીતા જુગારીયા તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) આવા ઈસમોની પ્રવૃતિ ઉપર વોચ રાખી રેઈડો કેસો કરવામાં આવે છે.

(૩) પ્રોહીબીશનના કેસમાં પ્રોહીબીશન કલમ ૯૩ મુજબ અને જુગાર ધારાના આરોપીઓ ઉપર સીઆરપીસી ક. ૧૧૦-જી મુજબ અટકાયતી પગલાં લેવામાં આવે છે. સજા પામેલ પ્રોહીબીશન કેસના આરોપી વિરુદ્ધ જીપીએ.ક. ૫૭(ગ) તથા ગણનાપાત્ર કેસના આરોપીઓ વિરુદ્ધ પાસા એક્ટ હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવે છે.

---------

**કચ્છ જિલ્લાને વધારાના પાણી ફાળવ્યા બાદ નહેરોની ડીઝાઈનમાં ફેરફાર**

૧૫૭૯ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા યોજનાના વધારાના પાણી કચ્છ જિલ્લાને ફાળવ્યા બાદ નહેરોની ડિઝાઈનમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ ?

(૨) જો હા, તો કયાંથી કયાં સુધીની કેનાલોની વહન શકિતમાં કેટલો ફેરફાર કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

કેનાલમાં વધુ પાણી વહન કરવા માટે કેનાલોની ક્ષમતા વધારવામાં આવી છે.

(૨) અ) નર્મદા મુખ્ય નહેરની સાં. ૨૬૩ કી.મી. થી ૩૮૮ કી.મી.ની લંબાઈમાં વહનક્ષમતા ૯૪ કયુમેકસ વધારવામાં આવેલ છે.

બ) કચ્છ શાખા નહેરની વહનક્ષમતામાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે.

| અ.નં. | સાંકળ..થી.. કિમી.માં | વહન ક્ષમતામાં કરવામાં આવેલ વધારો. (કયુમેકસમાં) |
|---|---|---|
| ૧ | ૦ – ૧૦૦.૯૭ | ૧૦૨ |
| ૨ | ૧૦૦.૯૭ –૧૪૧.૧૫૭ | ૧૦૨ |
| ૩ | ૧૪૧.૧૫૭ – ૧૮૯.૯૭૭ | ૧૦૦ |
| ૪ | ૧૮૯.૯૭૭ – ૨૧૪.૭૩૯ | ૧૦૦ |
| ૫ | ૨૧૪.૭૩૯ – ૨૩૮.૬૭૧ | ૫૭ |
| ૬ | ૨૩૮.૬૭૧ – ૨૭૧.૧૨૩ | ૫૮ |
| ૭ | ૨૭૧.૧૨૩ – ૨૭૬.૮૫૭ | ૫૭ |
| ૮ | ૨૭૬.૮૫૭ – ૨૯૧.૭૦૬ | ૩૩ |
| ૯ | ૨૯૧.૭૦૬ – ૩૨૦.૩૫૯ | ૩૫ |
| ૧૦ | ૩૨૦.૩૫૯ – ૩૫૭.૧૮૫ | ૩૪ |

---------

**ગરબાડા તાલુકાનાં મોહનખોબ પાણી પુરવઠાની કામગીરી**

૧૦૨૫ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકા મથકે મોહનખોબ પાણી પુરવઠાનું કામ તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ કામ સત્વરે પૂર્ણ કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) યોજના પૂર્ણ કરીને તા. ૨૬/૧૨/૨૦૧૨ થી ગ્રામ પંચાયત ગરબાડાને મરામત અને નિભાવણી અર્થે સોંપવામાં આવેલ છે.

(૨) કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

## જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ લોકદરબાર

૧૨૭૭ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પૂજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે આદેશ આપેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે? | (૨) સને – ૨૦૧૧માં–૧૨૮ અને સને ૨૦૧૨માં–૫૮ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખેડૂતોને ચૂકવાયેલ પાકવીમો

૧૫૬૬ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વરસાદની અછતના કારણે ખેડૂતોને પાક વિમો મળે તે માટે જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કયારે સર્વે કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) પાક વીમા માટે સર્વે કરવામાં આવતો નથી. વિમા યોજનાની ગાઈડલાઈન મુજબ પાક વિમાના દાવાની ગણતરી માટે ત્રણેય ઋતુમાં નિયત પાકોમાં પાક કાપણી અખતરા કરી, પાક ઉત્પાદનની માહિતી મેળવી તેના આધારે ચૂકવવાપાત્ર થતા દાવાની ગણતરી ભારતીય કૃષિ વિમા કંપની કરે છે.

(૨) તે અન્વયે પાક વીમો કેટલો મંજુર કરવામાં આવ્યો કેટલા ખેડૂતોને પાક વીમાની રકમ ચૂકવાઈ, અને

(૨)

| અ. નં. | જિલ્લાનું નામ | વર્ષ | લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવાયેલ દાવા (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૨૦૧૧ | ૧૮૩ | ૯૫૫૨૯૩ |
| | | ૨૦૧૨ | ૩૫૫૦૯ | ૫૪૯૪૯૩૩૯૪ |
| ૨ | પોરબંદર | ૨૦૧૧ | ૨૦૯૪૧ | ૨૫૭૭૯૨૮૨૫ |
| | | ૨૦૧૨ | ૨૭ | ૨૭૬૭૧૭ |

(૩) બાકી રહેતા ખેડૂતોને પાક વીમાની રકમ કયારે ચૂકવવાનું આયોજન છે ?

(૩) ઉક્ત વિગતે પાક વિમાના કોઈ દાવા ચૂકવવાના બાકી નથી.

---------

## વાંસદા તથા ચીખલી તાલુકામાં બનાવેલ ચેકડેમ અને તળાવ

૧૪૦ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૭–૧–૧૩ની સ્થિતિએ નવસારી જિલ્લાનાં વાંસદા તથા ચીખલી તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમ તથા તળાવો બનાવવામાં આવ્યા, | (૧) જળસંપત્તિ વિભાગ દ્વારા ૪૫ ચેકડેમ અને ૮ તળાવ બનાવવામાં આવ્યા છે. |
| (૨) સદર ચેકડેમો તળાવોમાંથી કેટલી જમીનને સિંચાઈ સુવિધાઓ મળે છે, અને | (૨) ચેકડેમ દ્વારા ૨૧૭.૯૦ હેકટર અને તળાવ દ્વારા ૪૦ હેકટરને પરોક્ષ સિંચાઈ સુવિધાઓ મળે છે. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કટલા ચેકડેમો તૂટી ગયેલ છે અથવા પુરાણ થવાથી નકામા બન્યા છે ? | (૩) કોઈ ચેકડેમ તૂટી ગયેલ નથી અથવા પુરાણ થવાથી નકામા બન્યા નથી. |

---------

**ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં નાની , મધ્યમ અને મોટી કક્ષાની સિંચાઈ યોજનાઓ**

૧૬૨૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં નાની, મધ્યમ અને મોટી કક્ષાની તાલુકાવાર કઈ સિંચાઈ યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) દરેક યોજનામાં કેટલો ખર્ચ કરવાનું આયોજન છે અને તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કેટલો ખર્ચ યોજનાવાર થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાઓ પૂર્ણ થઈ અને કેટલી અધૂરી છે, અને

(૪) અધૂરી યોજનાઓ કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪)

તા. ૩૧–૩–૧૨ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાનાં તાલુકામાં તાંત્રીક રીતે અનુકુળ તેમજ આર્થિક દ્રષ્ટીએ પોષણક્ષમ હોય તેવી કુદરતી સાઈટો ઉપલબ્ધ ન હોવાના કારણે, છેલ્લા બે વર્ષમાં આ તાલુકાઓમાં નાની, મધ્યમ કે મોટી સિંચાઈ યોજનાઓ બનાવવાનું આયોજન નથી. પરંતુ આ યોજનાઓના વિકલ્પરૂપે આ તાલુકામાં સીરીઝ ઓફ બીગ ચેકડેમ તેમજ નાના ચેકડેમોની કામગીરી હાથ ધરાવામાં આવેલ છે.

---------

**સરદાર સરોવર ડેમ અને નર્મદા યોજનાની કેનાલના કામનો ખર્ચ**

૧૪૫૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ સરદાર સરોવર ડેમ અને નર્મદા યોજનાની કેનાલોના કામો માટે કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે આ ખર્ચ પેટે લીધેલ નાણાંનું કેટલી રકમનું વ્યાજ ચૂકવ્યું ?

**જવાબ**

(૧) ૩૧ ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ સરદાર સરોવર ડેમ અને સંલગ્ન કામો તેમજ નર્મદા યોજનાની કેનાલના કામો માટે નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

(રૂ।. કરોડમાં)

| **કામની વિગત** | **ખર્ચ** |
|---|---|
| ડેમ અને સંલગ્ન કામો | ૪૯૩૧.૧૧ |
| કેનાલના કામો | ૧૮૦૫૦.૫૯ |

(૨) સરદાર સરોવર પરિયોજના શરૂ થયા થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં પરિયોજનાના તમામ ઘટકોના બાંધકામ તેમજ વ્યાજ પેટે કુલ રૂ।. ૪૦૦૯૨.૨૭ કરોડનો ખર્ચ થયેલ છે. પરિયોજનાના બાંધકામ માટે નિગમ દ્વારા ઉછીના લીધેલ નાણાંનાં વ્યાજ પેટે રૂ।. ૧૩૨૩૨.૪૩ કરોડનું વ્યાજ ચુકવવામાં આવેલ છે.

---------

એચબી–૬૯૮–૧૨

**સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.**

# સરકારી વિધેયક

## સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૧૩નું ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક (ક્રમશઃ)

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સિંચાઇ અધિનિયમ ૧૯૭૯ના સ્થાને ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક ૨૦૧૩નું જે સુધારા વિધેયક રજૂ થયું છે, તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે એક વાત આપને એ કહેવા માગું છું કે, આજે સદસ્ય નિવાસમાં હું પોતે ત્યાં હતો ત્યારે લગભગ ૧૭-૧૮ લોકો આવ્યા, જેમાં ૭-૮ શહેરના મતદારો હતા. એટલે કે, ૬૦-૬૫ ટકા લોકો શહેરના હતા. એમણે કહ્યું કે, આજે પાણીનું બિલ છે એ સમાચાર સાંભળ્યા એટલે અમે સોમનાથ મહાદેવના દર્શન કરીને તમને મળવા આવ્યા છીએ. મેં શહેરના લોકોને પૂછ્યું કે તમે શા માટે આવ્યા છો? તો તેમણે જણાવ્યું કે, ધારાસભ્યશ્રી આપના મત વિસ્તારમાં સોમનાથ મહાદેવનું મંદિર છે, એના ચેરમેન શ્રી કેશુભાઇ પટેલ છે. એ મંદિરમાં પીવાના પાણી માટે કાલે ધમાલ થઇ અને પીવાના પાણીના બે ગોળા તૂટી ગયા. આવી સ્થિતિ ત્યાં થઇ છે. દસ દિવસથી પાણી મળતું નથી અને પીવાના પાણીની ભયંકર પરિસ્થિતિ પેદા થઇ છે. પીવાનું પાણી અને હવા આ બે કુદરતી વસ્તુ છે એ કુદરતી રીતે જ પ્રાપ્ત થાય છે એના ઉપર તમે નિયંત્રણ મૂકો છો અને એના માટે આ બિલ લઇને આવ્યા છો. આને • (xxxxxx) એવો કાયદો પસાર કરવાની વાત કરી છે. (અંતરાય) એ કાઢી નાંખો સાહેબ, મારા કહેવાનો એ ભાવ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા એ વાત કરવી છે કે, અગાઉ બે વિશ્વ યુદ્ધ થયા છે અને ભગવાન મહાવીર સ્વામીએ એક પુસ્તકમાં એવું કહ્યું છે કે, ત્રીજું વિશ્વ યુદ્ધ થશે તો પીવાના પાણી માટે થશે એવું મેં એક પુસ્તકમાં વાંચ્યું છે. આ નિરીક્ષણ કરીને કહું છું ત્યારે આ જે નક્કી કર્યું છે (અંતરાય) બોલવા દો. આ બિલમાં બહુ નિયંત્રણ કરી નાંખ્યું છે. બોલવાના ટાઇમમાં પણ નિયંત્રણ છે. (અંતરાય) આપ રક્ષણ આપો. શ્રી પરેશભાઇએ કલમવાઇઝ વાત કરી છે. ટાઇમમાં પણ લિમિટ આપી દીધી છે. એટલે હું ટૂંકમાં કહું છું. એક એક કલમ ઉપર વાત કરીએ તો બેથી અઢી કલાક થાય. એટલે ટૂંકી વાત આપના દ્વારા કરવા માગું છું. કે પાણી પુરવઠા અને સિંચાઇ માટે સંગ્રહમાં કલમ-૫માં જે કાંસ, નહેર, પાઇપલાઇન, જળાશય, ખેત તલાવડી, પૂરબંધ, આડબંધ, ચેકબંધ, ખેતની નીક સહિતની વ્યવસ્થા બોરવેલ અને ટયુબવેલ સાથે આ તમામનો સમાવેશ થઇ ગયો છે. ખેડૂતની પાસે કોઇ ચીજ બચી જ નથી, પણ એક વાત માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી ભૂલી ગયા લાગે છે કે બોરીબંધનું આમાં લખ્યું હોત તો? બોરીબંધમાં કેટલું પાણી રોકાય છે એનો પણ આમાં સમાવેશ કરવો જોઇએ. એવી એક વાત રહી ગઇ લાગે છે. કલમ-૩૭, કલમ-૩૮માં જે કલમ દ્વારા જે નહેરને કાંઠે પૂરબંધ, ઢોર ચરાવવા નીકળે, મારે આપના દ્વારા વાત કરવી છે કે ગુજરાતમાં પશુધન અને ગોચર એક ઢોર માટે ૪૦ એકર જમીન હોય, હવે એટલી જમીન તો ગોચરની રહી નથી, આ જમીન નથી રહી અને નાનો ખેડૂત હોય એની ગાય કે ભેંસ બકરી લઇને જયારે ચરાવવા જાય છે અને એ કિનારાએ ભૂલથી ત્યાં કોઇ નાનો બાળક હોય અને એ ભૂલથી ત્યાં ગયો તો એને પણ પકડીને પૂરી દેવો? આ કાયદા સામે મને વાંધો છે. ત્યાં માલ-ઢોર જો ભૂલે ચૂકે જાય તો પણ દંડ ભરવો પડે, કાયદેસર જે અધિકારી છે, એ એન્જિનીયર કક્ષાના નહેર અધિકારીની નિમણૂક કરી અને તમામ કામગીરી એને સોંપી દીધી છે. પહેલા એટલું તો કર્યુ હોત કે સહકારી સોસાયટી, ઈરીગેશન સોસાયટી મારફતે કર્યુ હોય તો એના પેટા નિયમમાં જોગવાઇ હોય કે નાનો ખેડૂત, સીમાંત ખેડૂત, આદિવાસી, મહિલા આ બધાનો સમાવેશ થાય, પણ જે સત્તા આપી છે અને જે મંડળ બનાવવાનું નકકી કર્યુ છે એ તો એક એન્જિનીયર કક્ષાનો વ્યકિત, એને ઠીક

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

લાગે એવા માણસની નિમણૂક કરવામાં આવી છે. આ હળાહળ અન્યાય કરવામાં આવ્યો છે. હવે નહેરને કે તળાવને કોઇ બાજુમાં બીજું ખેતર હોય અને ૨૦૦ મીટરની અંદર કોઇક બીજો માણસ આવી અને એમાં પથ્થર કે માટી નાખી જાય તો એની શિક્ષા ખેડૂતને થાય. તો આ ન્યાય કયાંનો? કોઇક કંઇક કરે અને દંડ આને ભોગવવો પડે. આ કલમ સાથે પણ સંમત નથી. કલમ–૬માં જે એન્જિનીયર કક્ષાના અધિકારી, આ અધિકારીને આખું તંત્ર સોંપી દેવાનું, ખેડૂતની આવી દશા અને પરતંત્રતા જેની કલ્પના ના થાય આવી પરિસ્થિતિમાં જયારે ખેડૂત જઇ રહ્યો છે ત્યારે આવી પરિસ્થિતિમાં આ અધિકારીની નિમણૂક આખી ખોટી છે. કલમ–૩૬માં ખેડૂત પોતાનો પક્ષ પણ ના રજૂ કરી શકે આ વાત વાજબી છે? અરે ગમે તેવો કેસ હોય, ગમે તેવો પોલીસ કેસ હોય પણ એનો પક્ષ રજૂ કરવાની એને સ્વતંત્રતા હોય છે એ પણ ઝૂંટવી લીધી છે. વગર ગુને, વગર કારણે એને પકડીને પૂરવાની સત્તા પણ આપી છે. ડર, ભય અને ટેન્શનમાં ખેડૂતને રાખવાની શરૂઆત થઇ છે. કલમ–૩(૨) માં નાના અને સીમાંત ખેડૂત, હવે નાના અને સીમાંત ખેડૂત માટે કોઇ યોજના કે વ્યવસ્થાનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો. મારે આપના દ્વારા બીજી વાત એ કરવી છે કે નીક પ્રવેશી શકશે નહીં, અને સંપાદન, કોઇપણ ખેડૂત પોતે જયાંથી પાણી કે વ્યવસ્થા કરે છે, પોતાનો બોર છે ત્યાં પણ એને પ્રવેશ કરવા માટે મંજૂરી લેવી પડે છે, લાયસન્સ લેવું, આ લાયસન્સ લેવા માટે કોને ખબર પડવાની છે? ખેડૂતના દીકરાને ખબર પડવાની છે? એના માટે મારે સન્માનનીય ગૃહને કહેવાનું છે કે આજે ગુજરાતની છ કરોડની જનતા પીવાના પાણી માટે કેવા પોકાર કરે છે એની પરિસ્થિતિ જોવા તમે સૌરાષ્ટ્રમાં આવો. અમારા મંત્રી છે એ સૌરાષ્ટ્રના અમારા જિલ્લામાંથી જ જુદો પડેલો જિલ્લો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા એ વાત કરવી છે કે આજે દસ દિવસે બે લાખની વસ્તી ધરાવતો જિલ્લો છે અને આજે ત્યાં પીવાનું પાણી પણ ઉપલબ્ધ નથી. ત્યાં પાઇપલાઇન દ્વારા પાણીની વ્યવસ્થા, નર્મદાનું પાણી મહી પરિયોજના હેઠળ ત્યાં ગયું છે એ પાણીમાંથી મળે એ વાત દેખાતી નથી. પરિસ્થિતિ વિકરાળ આવવાની છે. એના માટે આ ૧૧૫ ડેમો નીતિનભાઇ ભરી દો તો પ્રશ્ન નથી. ૧૧૫ ડેમો ક્યારે ભરાશે એ ઇતિહાસ થશે. હું એમ કહેવા માગું છું કે આ વ્યવસ્થા પણ ખાલી દેખાવ પૂરતી છે. કલમ–૨૫ અને ૨૬માં વળતરની માગણી– અધિકારી જે નક્કી કરે એ ફાઇનલ, એમાં બીજી કોઇ અપીલ નહીં અને અપીલ કરો તો એનો બીજો ભાઇ બેઠો હશે. એમાં પણ ફી, અપીલ કરવાની ફી શેની હોય? (સમયસૂચક ઘંટડી) કલમ ૨૭ થી ૨૯માં જે જોગવાઇ ૧૮૯૪ મુજબ સેકશન ૪ની નોટિસ આપીને જે જમીન સંપાદન થાય તેમાં એ થયા પછી કોઇપણ વ્યકિત બાજુમાં પોતાનું ખેતર છે અને પાણી નીકમાંથી જતું હોય તો એના પાણીના ૨૦૦ મીટરમાં પાણીનું શોષણ થાય એનો દંડ ખેડૂતે આપવાનો. મારો આ વાત સામે સખત વિરોધ છે. એને તો પાણી જોઇતું નથી અને ધરાર પાણી આપે છે અને પાક ઉભો છે એને નુકસાનકર્તા થાય છે. સરકારે નુકસાન સામેથી દેવું પડે એના બદલે એની પાસેથી દંડ લેવાનું હળાહળ અન્યાયભર્યું કૃત્ય છે. મારી વિનંતી છે કે આ બિલ પાછુ ખેંચે અથવા પ્રવર સમિતિને સોંપે એવું હું કહેવા માગું છું.

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ (દક્ષિણ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જળ વ્યવસ્થાપન અંગેનું સુધારા વિધેયક લઇને આવ્યા છે એના વિશેની બે દિવસથી ચર્ચાઓ ચાલે છે. અવલોકનો સાથેની ખૂબ લાંબી રાજકીય ચર્ચાઓ, આક્ષેપબાજી સાથેની જયારે થતી હોય ત્યારે કેટલીક બાબતો તરફ મારે પણ ધ્યાન કેન્દ્રિત કરવાની આવશ્યકતા ઉભી થાય છે. એવું કહેવામાં આવ્યું છે કે જાણે આ કાયદો આવ્યો એટલે ખેડૂતો ઉપર આભ તુટી પડ્યું, એમનો કોઇ રક્ષક નથી, તેઓ બરબાદ થઇ જવાના છે. ખેડૂતો ગુજરાતમાંથી હિજરત કરી જવાના છે. આ પ્રકારનો એક ભાવ અને ભ્રમ ઉભો કરવાનો પ્રયાસ થયો છે. આ મિત્રો જયારે આ પાટલી ઉપર બેઠા હતા એની કેટલીક ઘટનાઓ યાદ કરાવવાનું મને મન થાય છે. જયારે આ મિત્રો શાસક પક્ષમાં હતા ત્યારે હું ન ભૂલતો હોઉ તો...(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** બિલ ઉપર આવો.

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** એનો જવાબ આપું છું. બહુ બોલ્યા છે. એમના સમયમાં બાજરી ઉપર લેવી હતી, ડાંગર ઉપર લેવી હતી અને જે ખેડૂતોના પરસેવાની વાત કરે છે, ખેડૂતો પરસેવો પાડીને મગફળી ઉત્પન્ન કરે છે એની યાદ અપાવવી છે. ખેડૂત પોતાના ખેતરમાં મગફળી પેદા કરે, પરસેવો પાડીને, મહેનત

કરીને પેદા કરે અને એ વખતનો કાયદો એવો હતો કે ૧૫૦ મણ ઉપરની મગફળી હોય તો મામલતદારમાં જઇને નોંધાવવી. કોઇ ખેડૂત ખેતરમાંથી મગફળી જોખીને પોતાના ઘરમાં નાંખતો હોતો નથી. કોઇ મામલતદાર કક્ષાનો માણસ ખેડૂતના ઘેર જાય અને એમ કહે કે તારા ઘરમાં ૧૫૦ મણ કરતા વધારે છે અને મારે જાતે મગફળી જોખવી છે અને ૧૬૦ મણ થાય તો ખેડૂતને સજા કરવામાં આવતી. મગફળીનો જથ્થો સીઝ કરવામાં આવતો હતો. હવે આ લોકો ખેડૂતોના હિતની વાતો કરે છે. મારે એમને આ કાયદાની યાદ અપાવવી છે. આજે નર્મદાના પાણીની ચિંતા કરે છે, નહેરના પાણીની ચિંતા કરે છે પણ મિત્રો, ૧૯૬૨માં જ્યારે નર્મદા ડેમનો પાયો નંખાયો, ૧૯૬૨ થી માંડીને ૧૯૮૫ સુધી આ નર્મદાડેમ બાંધી શક્યા નહોતા. ૧૯૬૨ થી ૧૯૮૫ના ગાળામાં વચ્ચેના પાંચ વર્ષ બાદ કરતા આ લોકો શાસન ઉપર હતા. જો ખેડૂતની ચિંતા એ વખતે કરી હોત તો ગુજરાતની સ્થિતિ આજે જુદી હોત.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે કાયદાની અંદર જોગવાઇઓ છે અને એ જોગવાઇઓના આધારે કયાંક માઇનોર ફેરફાર કરે એમાં આભ તૂટી પડવાનું છે, ખેડૂતને હિજરત કરવી પડે એવી પરિસ્થિતિ પેદા થાય આ પ્રકારનું વર્ણન કરવું વાજબી નથી. ગઇકાલે એવું પણ કહેવામાં આવ્યું કે વીજળીની ચોરી કોઇ માણસ લંગર નાંખીને પાણીની કૂંડી ભરે તો એને સજા થાય તો હું સન્માનનીય સભાગૃહને પૂછવા માગુ છું કે આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાની છૂટ આપવી જોઇએ? આ પ્રકારના લંગર નાંખવાના કારણે ભૂતકાળમાં છેવાડાના ખેડૂતને વીજળી મળતી નહોતી. એના કારણે એની મોટરો અવારનવાર બળી જતી, વર્ષમાં ત્રણ–ત્રણવાર મોટર કાઢીને બાંધવા દેવી પડતી આજે એ સ્થિતિ રહી નથી. આજે ગુણવતા સભર પૂરતો વીજળીનો જથ્થો મળે છે. એના કારણે આજે મોટર બાંધવાના પ્રશ્નો ઊભા નથી થતાં આ લંગર નાંખવાની છૂટ સભ્યશ્રી જે પ્રમાણે કહેતા હતા એ પ્રમાણે આપવામાં આવે તો શું થાય? ખેડૂતને ફાયદો થાય કે નૂકસાન થાય?

માનનીય અધ્યક્ષશ્રી, જેમ નર્મદાના પાણી ઉપર આખા ગુજરાતના તમામ લોકોનો અધિકાર છે. સૌરાષ્ટ્રના છેવાડાના ગામડાંનો અધિકાર છે, કચ્છના છેવાડાના ગામડાંનો અધિકાર છે, ઉત્તર ગજરાતના જ્યાં જરૂરિયાતવાળા ગામડાંઓ છે એનો પણ પીવાના પાણી માટેનો અધિકાર છે. આ પ્રકારની વ્યવસ્થામાંથી લગભગ ૧ લાખ માઇલ લંબાઇની કેનાલોનું આયોજન છે. ૧ લાખ માઇલ કેનાલોમાં જો તમે વ્યવસ્થાતંત્ર વ્યવસ્થિત ના કરો અને રસ્તામાંથી ગમે તે માણસ ગમે તે રીતે પાણીને ચોરી લ્યે, લાઇન તોડી નાંખે, ગમે ત્યાં અવરોધ કરીને પાણી રોકે તો છેવાડાના માનવીને પાણી પહોંચવાનું નથી. કચ્છના છેવાડાનું ગામ હોય કે સૌરાષ્ટ્રના છેવાડાનું ગામ આજે પાણી માટે જે મિત્રો ચિંતા કરે છે એ ચિંતા તમને છે અમને પણ ચિંતા છે. હું પણ એક ખેડૂતનો દીકરો છું. જેમ તમે એમ કહો છો કે ખેડૂતની માથે આભ તૂટી પડવાનું છે તેમ ખેડૂતની ભૂતકાળમાં ચિંતા કરી હોત તો આજે સૌરાષ્ટ્રના ખેડૂતની આ સ્થિતિ ન હોત. હમણાં જેમ કહેવામાં આવ્યું કે, માનનીય જશાભાઇ (અંતરાય) ૧૧૫ ડેમ ભરશો તો અમને આનંદ થશે. ૧૯૪૮માં સરદાર પટેલે બધીજ નદીઓને લિંકિંગ કરીને આખા ભારતમાં પાણી પહોંચાડવાની યોજના કરી હતી એ આજદિન સુધી કાર્યાન્વિત થઇ નથી. આ ગુજરાતની સરકારે નર્મદાનું પાણી લિંકિંગ કરીને સૌરાષ્ટ્રના ગામડાંમાં પહોંચાડવાનું પ્લાનિંગ કર્યું છે. આ પ્લાનિંગ થયું અને કામ પણ શરૂ થશે. આ સરકાર જે કામ હાથમાં લ્યે છે એનું પ્લાનિંગ કરે છે. એનો અમલ પણ કરે છે. આવતા દિવસોમાં સૌરાષ્ટ્રમાં જુદી જુદી ચાર કેનાલો દ્વારા ૧૧૫ ડેમોમાં જ્યારે નર્મદાના પાણી જશે ત્યારે સૌરાષ્ટ્રની સિકલ બદલાઇ જશે. આપણે એની ચિંતા કરવાની છે કે આવતા દિવસોમાં આ યોજના કાર્યાન્વિત થાય.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ ચોરી હોય, પાણી ચોરી હોય કે કોઇપણ પ્રકારની ચોરીને ઉત્તેજન આપવું એ આ ગૃહની મર્યાદાની બહારની વાત છે. વીજળીની ચોરી ના થાય, પાણીની ચોરી ના થાય એના માટે આવશ્યક વસ્તુઓ એના માટેના જે કાયદા હોવા જોઇએ એ કરવા જોઇએ. આ રીતે કાયદા જે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યાં એ માઇનોર ફેરફાર સાથેના છે. ૧૩૫ વર્ષ જૂનો આ કાયદો છે, એમાં કાંઇ નવું નથી. છતાંય આખું નવીન એવી રીતે ઉપજાવી કાઢીને મૂકવામાં આવે છે કે જાણે આખું આભ તૂટી પડ્યું હોય. માનનીય અધ્યક્ષશ્રી, આ જૂનો એ જ કાયદો છે કે, ક્યાંક વારમાંથી મીટર થયા છે (સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાને સમર્થન આપી મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સિંચાઇના કાયદાની કલમોમાં ફેરફારને લઇને જે બિલ લઇને આવ્યા છે એનો સખત રીતે વિરોધ કરવા માટે, એને વખોડી કાઢવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હમણાં બોલતાં હતા. સૌરાષ્ટ્રની વાત કરી, નર્મદાની પણ વાત કરી. મને લાગે કે, નર્મદાનો પાયો નાખ્યા પછી સૌરાષ્ટ્રમાં પાણી મળ્યું છે એ ભૂલી ના જતા. ભારત ખેતી પ્રધાન દેશ છે. એ ખેતી પ્રધાન દેશની અંદર જો ગુજરાતની વાત કરીએ તો મને બરાબર યાદ છે. સરદાર સાહેબને યાદ કરું તો, સરદાર સાહેબ એવું કહેતા હતા કે, આ ધરતી ઉપર જો કોઇને છાતી કાઢીને ચાલવાનો અધિકાર હોય તો એ ખેડૂત પુત્રને છે, બાકી કોઇને નથી. (અંતરાય) જોડી કાઢીને નહીં, સત્ય કહું છું, આ વિધાનસભામાં સત્ય કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની બાબતમાં જે કેનાલો બનાવી, ખેડૂતોએ કાળજા જેવી જમીનો આપી, કાળજા જેવી જમીનોથી કેનાલ બનાવાશે. કેનાલનું પાણી આપણને મળશે, આપણા કુટુંબનું અને બાળકોનું જીવન અને એનું ભવિષ્ય બનશે એ રીતે જમીનો આપીને કેનાલો બનાવી. કેનાલો બનાવ્યા પછી એક ખેતરની અંદર બે ભાગલા થઇ ગયા, જમીનના એક ભાગલામાં કૂવો હોય, બસો મીટરની અંદર એ પાણીની સિંચાઇ કરતો હોય અને ઝમણનું પાણી કૂવામાં જાય છે અને એ કૂવાનું પાણી તમે લીધું છે માટે એના ઉપર ટેક્સ લાગશે, એ કૂવાનું પાણી તમે કોઇને વેચી નહીં શકો એવી શિક્ષા માટેની જે કાયદાની કલમો બનાવી છે એ ખેડૂતો માટે બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત કેનાલ પર પણ ન જઇ શકે, કેનાલને છીદ્ર પણ ના પાડી શકે, ઉપર ખેડૂતના ઢોર પણ ના જઇ શકે, માનનીય અધ્યક્ષશ્રી, આ કઇ જાતનો કાયદો છે? મને ખબર પડતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર માટે કહેવું પડે કે, અગાઉના વર્ષોની અંદર તમે આઠ કિલોમીટરનો કાયદો કાઢી નાખ્યો. એ કાયદાના કારણે ખેડૂતની અત્યારે શું પરિસ્થિતિ છે એની તપાસ કરો તો તમને ખબર પડે કે, ખેડૂત પાસે એ જમીનો રહી છે ખરી ? જમીનો જતી રહી, એ ખેડૂત બિનખેડૂત બની ગયો, એ બેકાર અને મજૂર બની ગયો. આ લોકોના કાયદાના કારણે ખેડૂત દિવસેને દિવસે ઘસાતો જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કેનાલ ઉપર અધિકારીઓને અધિકાર આપી દીધા. અધિકારીઓ અને ખેડૂતો વચ્ચે મોટામાં મોટા ઘર્ષણો થવાના છે. નાના નાના પ્રશ્નોની અંદર ઘર્ષણ થશે અને એના કારણે કોર્ટ મેટરો થવાની છે અને ઝઘડાના મૂળ થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કલમો લાવવાનું જો એક કારણ હોય તો હું સમજું છું ત્યાં સુધી, આ ચૂંટણીની અંદર ગામડાંના ખેડૂતોના મત એમને મળ્યા નથી, એટલે ખેડૂતોને સરખા કરવા માટે આ કાયદાની કલમો આ મિત્રો લઇ આવ્યા છે એવું હું માનું છું. (અંતરાય) ખેડૂતોનું નાક દબાવવા જશો તો નાક નહીં દબાવી શકો.

અધ્યક્ષશ્રી : રામસિંહભાઇ, બિલ ઉપર જ આવોને.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત સ્વતંત્ર છે, લોકશાહીમાં ખેડૂતને જીવવાનો અધિકાર છે, પાણી લેવાનો અધિકાર છે. કુદરતનું પાણી પડે, વરસાદનું પાણી પડે, એ ખાબોચીયું હોય એ તળાવ હોય એની અંદરનું પાણી પણ ના લઇ શકે ? માનનીય અધ્યક્ષશ્રી, આ કઇ જાતનો કાયદો ? ડાર્ક ઝોનમાં એને ટ્યુબવેલ કરવાનો, એની લિમિટ, એની અંદર આટલું જ પાણી થઇ શકે, એના બોર મૂકો અને એને વેચાતું પાણી તમે નહીં આપી શકો. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પણ મહેસાણાની અંદર હું કહી શકું કે, એક હજાર– બે હજાર ફૂટ નીચેથી પાણી લાવે છે, પાંચ થી દસ ખેડૂતો ભેગા થઇને એ ટ્યુબવેલ કરે છે, એ ખર્ચો કર્યો હોય અને એ ખર્ચાની અંદર જો વેચાતું પાણી ના આપે તો કયાંથી ખર્ચો કરવાનો છે ? શા માટે ખેડૂતો ઉપર તમે આટલા તૂટી પડ્યા છો ? હું વિનંતી કરું છું , કહેવત છે કે, બૂટ પહેરે એને ખબર પડે કે, બૂટ ક્યાં ડંખાય છે. ગરીબના ઘરમાં, ખેડૂતના ઘરમાં જન્મ્યો હોય તો એને ખબર પડે કે ખેડૂતની પરિસ્થિતિ શું છે ? કોઇ દિવસ ગામડાંમાં ગયા છો ? ખેડૂતનું ઘર જોયું છે ખરું ? માનનીય અધ્યક્ષશ્રી, આ બધા શહેરવાળા હોવાના કારણે ખેડૂતની પરિસ્થિતિ સમજી શકયા નથી એના કારણે મારે કહેવું પડે છે. (અંતરાય) માનનીય

અધ્યક્ષશ્રી, ખેડૂતોને એના વસૂલાતના પૈસા સમયસર ના ભરે તો રેવન્યૂ રાહે એ પૈસા વસૂલ કરવાના, એને દંડ કરવાનો, એને સજા કરવાની. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓના ટેક્સ કેટલા બાકી છે ? શહેરોને તમે પાણી આપો છો એના ટેક્સ કેટલા બાકી છે? એને વ્યાજ સાથે તમે વસૂલ કર્યા છે કે કેમ ? માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓના ન્યાય માટેના કાટલા જુદા અને ખેડૂતો માટેના ન્યાય માટેના કાટલા જુદા રાખે છે. બંનેને સરખા રાખો. ઉદ્યોગપતિઓનો ટેકસ તમે કાઢો તો ખબર પડે કે કેટલો બાકી છે? સામાન્ય ખેડૂત બિચારો એક વીઘાની અંદર પાણી લીધું, વધતુ ઓછું થયું, પૈસા વહેલા મોડા ભરે છે એને રેવન્યુ રાહે પૈસા વસુલ કરવાના, એના દંડ અને સજા કરવાની. કઇ જાતનો આ કાયદો છે? કોણ એને લોકશાહી કહી શકે? જો તમારે પૈસાની વધારે જરૂર હોય, દેવું વધારે થઇ ગયું હોય તો ઉદ્યોગ ઉપર વધારાનો ટેકસ નાખોને. કેમ નાખતા નથી?

અધ્યક્ષશ્રી : આપ બિલ ઉપર આવો રામસિંહભાઇ,

શ્રી રામસિંહ પ્ર. પરમાર : ખેડૂતોનું નાક દબાવવામાં આવે છે. પાછું એવું નકકી કર્યું કે આમાં બે વર્ષ સુધી કોઇ ફેરફાર નહીં કરી શકાય. બે વર્ષ શા માટે? પાંચ વર્ષ કરોને? પણ આમાં બહુ હોંશિયારી કરે છે. ચૂંટણીઓ નજીક આવે એટલે કાયદાની કલમ બદલી કાઢવાની. ખેડૂતોને કહેવાના કે અમે આમાં ફેરફાર કરી નાખ્યો છે. અમે તમારા માટે સગવડ કરી છે. તમે અમને મત આપો. એને કારણે બે વર્ષનો કાયદો રાખીને બેઠેલા છે. પાંચ નહીં, દસ વર્ષ રાખોને. તમે તો એમ કહો છો કે અમારું આયુષ્ય બહુ લાંબુ છે તો પાંચ નહીં, દસ વર્ષ માટે કાયદો રાખવો જોઇએ. શા માટે બે વર્ષ માટે રાખ્યો? બી.પી.એલ.ની અંદર આવાસોના ચેક આપ્યા એ ચૂંટણીના ટાઇમે આપ્યા. લાઇટ આપતા હતા આઠ કલાક, ચૂંટણીના ટાઇમે બાર કલાક લાઇટ આપી. જે નદીની અંદર પાણી જીંદગીમાં નહોતું એ નદીની અંદર ચૂંટણીના સમયે એમણે પાણી નાખીને લોકોને (xxxxxx)

અધ્યક્ષશ્રી : રામસિંહભાઇ, બિલ ઉપર આવો. પોલિટિકલ સ્પીચ રહેવા દો. બિલ ઉપર પોલિટિકલ સ્પીચ ન હોય. એક મિનિટ, પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા (સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxxx) આ વાત રેકર્ડ ઉપર જાય એ યોગ્ય નથી. એમના શબ્દો પાછા ખેંચવા જોઇએ.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપરથી કાઢી નાખીએ છીએ. ચલાવો તમારું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : રાજયપાલના પ્રવચન ઉપર સામેના મિત્રો જે બોલતા હતા.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં, આ બિલ ઉપર આવોને. રાજયપાલના પ્રવચન ઉપર તમને છૂટ છે. ત્યાં તો આખું ગ્રાઉન્ડ બધાનું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : એ ધોકો લઇને બેઠેલા અને જેટલું ધોવાય એટલું ધોઇ નાખ્યું છે. રાજયપાલના પ્રવચનની અંદર એક પણ લીટી મેં સાંભળી નથી.

અધ્યક્ષશ્રી : આમાં ગમે તેને ગમે તેટલું ધુઓ કોઇને અસર થાય તેમ નથી. બિલ ઉપર તમે આવી જાવ.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : હું બે શબ્દો કહું છું એમાં તમે મને અટકાવો છો.

અધ્યક્ષશ્રી : બોલો. બોલો. તમે. (અંતરાય)

શ્રી રામસિંહ પ્ર. પરમાર : હવે, કલમવાર બોલવાનું હોય તો ટાઇમ વધારે આપવાનું નકકી કરો.

અધ્યક્ષશ્રી : રામસિંહભાઇને બોલવા દો. રામસિંહભાઇ, આ તરફ જોઇને બોલો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : હું તો બોલવા માટે તૈયાર છું. કલમ ઉપર બોલવાની મારી તૈયારી છે. કાયદાની કલમોની અંદર ફેરફાર કરીને ખેડૂતો માટેના જે નિયમો બનાવ્યા છે, એ નિયમો થઇ શકે. હું ના નથી કહેતો. પાણી જો કદાચ ઉંડા જતા હોય, એની ચિંતા આપણે કરતા હોઇએ. પાણીનો બગાડ થતો હોય એની ચિંતા હોય તો સરકારે કેનાલો રિપેર કરવી જોઇએ જેથી કરીને પાણીનો બગાડ ન થાય. ખેડૂતોને

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

ટાઇમસર પાણી છેવાડા સુધી મળી શકે અને પાણીનો બગાડ ન થાય. ખેડૂતોની જમીનની ચિંતા કરતા હોય, પાણીની ચિંતા કરતા હોય. તમે એક સિઝન બંધ કરો. અમે સામેથી તમને કહીએ છીએ કે તમે એક સિઝન બંધ કરી દો. કેમ બંધ કરતા નથી? જાહેરાત નહીં કરવાની, ખેડૂતો વાવણી કરે, બાજરી વાવે, ઘઉં વાવે અને પાછળથી એમ કહે કે પાણી તમને આપવાનું નથી. આ પાણી પીવા માટે રાખવાનું છે અને ખેડૂતોનો પાક દર વર્ષે બાળી નાખે છે. પાણી માટે જયારે મંત્રીઓ પાસે જાય ત્યારે મંત્રીશ્રીઓ એવો જવાબ આપે કે * (xxxxxx) તમે અમારા જિલ્લાના પ્રમુખ છો અને આ શબ્દો તમે કહ્યાં હતા. તમે ખેડૂતોના હિતમાં ચિંતા કરતા હો.

અધ્યક્ષશ્રી : રામસિંહભાઇ, તમારે ચેમ્બરમાં ચર્ચા થઇ હોય એનો ઉલ્લેખ અહીં કરવાની જરૂર નહીં. જે તમે શબ્દો કીધા એ બધા કાઢી નાખું છું. તમે બિલ ઉપર બોલો. આ લોકો જે બોલ્યા છે એનો જવાબ આપવાની તમને છૂટ છે. તમે જે બોલ્યા છો એનો જવાબ આપવાની એમને છૂટ છે. (અંતરાય) રમણભાઇ,

શ્રી રામસિંહ પ્ર. પરમાર : હું ખેડૂતનો દીકરો છું. ખેડૂત માટે લાગણી હોવાથી બોલવાનો. ખેડૂત તરીકે હું બોલવાનો. ખેડૂતની શું પરિસ્થિતિ થવાની છે એ મને ખબર છે.

અધ્યક્ષશ્રી : બોલો. બોલો. બિલના બદલે એમની વાતનો જવાબ આપો છો?

શ્રી રામસિંહ પ્ર. પરમાર : હું તો જન્મ્યો ત્યારનો ખેડૂત છું. રમણલાલ તમારી જેમ.

અધ્યક્ષશ્રી : તમારો સમય જાય છે. તમે બિલ ઉપર બોલો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટે કાયદાની કલમની અંદર જે ફેરફાર કર્યા છે એને કારણે મેં કહ્યું તે પ્રમાણે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થવાના છે, ત્યારે સામેથી મેં કહ્યું પાણી ઉંડા જતા હોય તેના માટે નિયમો બનાવો, જમીન બગડતી હોય એના માટે પણ નિયમો બનાવે તેમાં અમને કોઇ જાતનો વાંધો નથી. નાના નાના કાયદા માટે એને પકડીને એને વગર વોરંટે પકડીને જેલમાં નાખી દેવાનો, ૩૦૨ ની કલમ જેટલો મોટો ગુનો નથી. સામાન્ય મહેનત, મજૂરી કરનાર ખેડૂત અડધા વીઘા ઉપર મહેનત કરીને જીવન જીવતા હોય એના માટે કાયદો બનાવવાનો? ખેડૂત વિરોધી આ સરકારને કહેવું પડે. મને લાગે છે કે તમારા દિવસો પૂરા થઇ ગયા એવું લાગે છે. હું આનો વિરોધ કરીને કહું છું(અંતરાય) આ કાયદાની અંદર સમિતિ બનાવવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. પાછળ શાંતિ રાખો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : સમિતિ બનાવી ફરી વાર આ બિલ લાવે તેવું મારું સૂચન છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઇ અને જળ સંપત્તિ ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

ગઇકાલથી આ વિધેયક ઉપર ઘણા સભ્યોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને પોતપોતાની રીતે મુલવણી પણ કરી. ચિત્ર એવું ખડું થયું કે આ આખાય ગુજરાતના અમે જાણે મસીહા હોઇએ અને આ વિધેયક દ્વારા ખેડૂતોનું જાણે સત્યાનાશ જવાનું હોય આ પ્રકારના વિચારો વ્યક્ત કર્યા છે. સવાસો વર્ષ પહેલા કાયદો બન્યો હતો. આજ સુધી ચાલુ છે. અત્યાર સુધી ચાલુ છે. એની કલમો તો જોઇ લો. એની અંદર જે નિયમો હતા. એ જ નિયમોમાં થોડા ઘણા સુધારા કરીને પહેલા ૧૦૧ કલમો હતી, જે કલમો અપ્રસ્તુત હતી, જે કલમો ખેડૂત વિરોધી હતી એ કલમો દૂર કરીને ૧૦૧ કલમો હતી, તે અત્યારે ૫૯ કલમો સાથે માનનીય મંત્રીશ્રી વિધેયક લઇને આવ્યા છે. મારે તમને જણાવવાનું છે કે તમે કયા ખેડૂતોની વાત કરો છો. કલમ–૧૫(ક) અને ૧૬ થી ૨૬ જે પહેલા હતી. એમાં ઉલ્લેખ એવો હતો કે નહેરમાંથી પોતાની જમીન ઉપર પાણી લઇ જવા માટે નીક બાંધવા માટેનું આ નીક સરકાર બાંધે અને તેનો સમગ્ર ખર્ચ ખેડૂત ભોગવે એ માટેની જમીન સંપાદિત કરવામાં આવે તેને લગતી જોગવાઇ આ કલમોમાં છે. કલમ–૨૫ માં ઉલ્લેખ છે કે માલિક કામ કરવાને અથવા નીકના સમારકામ કરવામાં ચૂકે તો તેના વતી કરાવી લેવાની સત્તા નહેર અધિકારીને છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

નીકનો ઉપયોગ કરનારે સમારકામના ખર્ચનો હિસ્સો આપવો જોઇએ. આ મૂળ કલમ. આ સરકાર સુધારા દ્વારા શું લાવી છે. સુધારો એ છે કે સરકાર જરૂર જણાયે તમામ નીકો પોતાના ખર્ચે બાંધીને મરામત કરવા માગે છે અને તેથી કલમ-૧૫ (ક) માં તે મતલબનો ફેરફાર કરવા સૂચન છે. આ સુધારાને આપણે ખેડૂત વિરોધી કહીશું? જે ખેડૂતોના માથે બોજો આવતો હતો, તે ખેડૂત પોતે રિપેર કરતા. તે રિપેરિંગ કરવાની જવાબદારી આ સરકાર લે છે. ખેડૂતોના હિતવાળી સરકાર લે છે. બીજો સુધારો જે ૪૯ થી ૫૬ માં પહેલા હતું. નહેર સુધારણા અથવા નહેર વધારવા માટે નહેરના સિંચાઇ ક્ષેત્રમાં આવી જમીન ઉપર સુધારા ચાર્જ નાખી એને વસૂલવા, આ અંગે કલમોમાં જોગવાઇ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગળ ઘણું છે, પણ સમયના અભાવે હું બોલતો નથી. આ સરકારે સુધારો શું કર્યો? સરકાર તમામ જૂની થઇ ગયેલી નહેરોને પોતાના ખર્ચે સુધારણા કરવાનું હાથ ધરી રહી છે અને લંબાવવાનું પણ હાથ ધરી રહી છે. આથી આ જોગવાઇ રાખવાનો કોઇ અર્થ રહેતો નથી. એટલા માટે આ જોગવાઇ રદ કરવામાં આવે છે. અહીં કહેવામાં આવ્યું કે કૂવા તમે આટલા ઉંડા કરશો તો તમારે લાયસન્સ લેવું પડશે, બોર આટલા ઉંડા કરશો તો તમારે લાયસન્સ લેવું પડશે. લાયસન્સ રાજ થશે. જૂનો કાયદો શું હતો? કલમ.૯૪ થી ૯૯ માં છે. ભૂગર્ભનું પાણી કાઢવા માટે ૪૫ મીટર કરતાં વધુ ઉંડાઇવાળા કોઇ ટ્યુબવેલ અથવા બોરવેલ બાંધવા નહીં અથવા બંધાવવા નહીં અથવા પરવાનગી આપવી નહીં તેવી જોગવાઇ છે. ૪૫ મીટર. તમે કયારેય ચિંતા કરી છે અમારા ઉત્તર ગુજરાતના ખેડૂતોની, કે જે ૧૦૦-૧૫૦ મીટર ઉંડા બોર છે તેની સામે આ ૪૫ મીટરના કાયદાનો અમલ થાય. રાજય સરકારે એની ચિંતા કરી અને સુધારો એવો કર્યો કે રાજયમાં અત્યારે રાજય સરકાર તરફથી ટ્યુબવેલની ઉંડાઇ ઉપર કોઇ નિયંત્રણ રાખવા માગતી નથી. તેથી ૪૫ મીટર કરતાં વધુ ઉંડાઇવાળા ટ્યુબવેલને બદલે રાજય સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેટલા કરતાં વધુ ઉંડાઇ, રાજય સરકારે તેમાં કોઇ આંકડો નથી લખ્યો ૪૫ કે ૪૦ મીટરનો. કારણ કે આ રાજય સરકાર ખેડૂતોના હિતને વરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી કહેવામાં આવ્યું, કે કાયદાને રંગ સાથે કોઇ સંબંધ નથી. કાયદો કાળો પણ નથી હોતો, ધોળો પણ નથી હોતો. કાયદો માત્ર કાયદો હોય છે. પરંતુ વિચારસરણી બદલવાથી કાયદાનો રંગ કાળો થઇ જતો નથી. હું આ એટલા માટે કહું છું કે આ કાયદો ૧૯૫૦માં હતો, ૧૯૬૦માં હતો, ૧૯૯૦માં હતો અને આજની તારીખમાં પણ છે, એટલે કાયદો માત્ર કાયદો હોય છે. માત્ર પાર્ટી બદલવાથી, પોતાની આંખનો રંગ બદલાતો હોય છે. પાર્ટી બદલાવાથી કોઇની આંખનો રંગ બદલાતો હોય છે. સત્તામાંથી વિમુખ થવામાં કોઇની આંખનો રંગ બદલાતો હોય છે. કાયદાનો રંગ કાળો કે ધોળો હોતો નથી. વાત આવી કેનાલની. આ કેનાલની વ્યાખ્યા અમે નથી કરી. મારે સમયનો અભાવ છે નહીંતર જૂના કાયદાની અંદર જે કેનાલની વ્યાખ્યા હતી એઝ ઇટ ઇઝ વ્યાખ્યા કેનાલની અત્યારે પણ કરવામાં આવી છે. એટલે કેનાલમાં આ લઇ જાય, તે લઇ જાય, ગઇકાલે પરેશભાઇ ધાનાણી દોઢ કલાક સુધી જુદી જુદી કલમો ટાંકી મારે શબ્દ ન બોલવો જોઇએ પણ માત્ર * (xxxxxx) કર્યો છે. પરેશભાઇએ એમ કહ્યું..

અધ્યક્ષશ્રી : માનનીય નાનુભાઇ (xxxxxx) શબ્દ રેકર્ડમાંથી કાઢી નાંખીએ છીએ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : તે તેની રીતે પ્રદર્શન કરે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પશુઓની બાબતમાં એમણે ટ્રેનિંગ આપવાની વાત કરી, પ્રશિક્ષણ આપવાનું કહ્યું. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી સ્ટ્રકચર, સરકારી મિલકત સાચવવી તે સરકારની જવાબદારી છે. સરકાર એટલે કોણ? સરકાર એટલે પ્રજા અને પ્રજાની મિલકત સાચવવી તે સરકારની જવાબદારી છે. મારે સભ્યશ્રીને પ્રશ્ન કરવો છે કે રેલવેની મિલકત સાચવવા માટે...(સમયસૂચક ઘંટડી) રેલવેનો કાયદો છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

---

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી કાઢી નાંખવામાં આવ્યો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ઓ.એન.જી.સી.ની મિલકત સાચવવા માટે ઓ.એન.જી.સી.નો કાયદો છે. જંગલની જમીન સાચવવા માટે જંગલનો કાયદો છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. દસ મિનિટ ફાળવી હતી. ૧.૩૧ એ શરૂ કર્યુ. ૧.૪૧ એ પૂરું થાય છે. આ તમારું લેખિત આપ્યું છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની જમીન સાચવવા માટે કાયદો ન હોવો જોઇએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ પંદર મિનિટની આવશ્યકતા છે.

અધ્યક્ષશ્રી : ભલે તેને બે કલાકની આવશ્યકતા હોય, બીજાને ડ્રોપ કરવાનો. તેને બોલવું હોય તો મંત્રીની દસ મિનિટ કપાઇ જશે. તમે લેખિત આપો ત્યારે બરાબર સમજીને આપવાનું. ચાલું રાખો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વ્યક્તિ, દરેક સંસ્થાને પોતાની મિલકતની જાળવણી કરવાનો અધિકાર હોય છે, હું એક ખેડૂત છું, મારા ખેતરની ફરતે ગામના ઢોરો, રેઢિયાળ ઢોરો મારું ખેતર ચરી ન જાય એ માટે મારા ખેતરનું રક્ષણ કરવાનો મારો અધિકાર છે. હું દરેક •(xxxxxx) કહેવા માગું છું કે, શું એમનું ખેતર ગામના રેઢિયાળ ઢોરોને ચરવા માટે છૂટું મૂકવા માટે તૈયાર છે? સરકાર પોતાની મિલકત સાચવવા માટે (અંતરાય) અમરેલીના ઢોરોને એ પ્રશિક્ષણ આપવા માટે એ તૈયાર છે? આ માણસોની જવાબદારી છે, અરે, ગમે તેવી વાતો કરવી અને સરકારની વિરુદ્ધ વાત કરવી...

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય નાનુભાઇ, માનનીય (xxxxxx) નામ લીધા વગર કોઇપણ વ્યક્તિ એમ કરીને વાત કરો, અને (xxxxxx) નામ આપણે ડીલીટ કરીએ છીએ. હાઉસમાં બેઠેલા કોઇ સભ્યશ્રી વિશે કંઇ બોલવાનું નહીં.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શું એ પોતાના ખેતરને રેઢું મૂકવા માટે તૈયાર છે? જો એ પોતાનું ખેતર રેઢું મૂકવા તૈયાર ન હોય તો આ સરકારનું એક લાખ કિલોમીટરનું કેનાલોનું નેટવર્ક છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં કહેવામાં આવ્યું કે, સજાની જોગવાઇ ન હોવી જોઇએ, માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂત છું, કેનાલ વિસ્તારની અંદર હું જાઉં છું અને રહું છું. છેવાડાના ખેડૂતોની શું સ્થિતિ છે એની મને ખબર છે, અરે, કાયદો એવો છે કે ખેડૂતોને રક્ષણ આપવાનો કાયદો છે, પણ પરિસ્થિતિ એવી છે કે, જીસકે હાથમેં લાઠી, ઉસકી ભેંસ, આજે ગરીબ ખેડૂતોને પાણી નથી મળતું, શું એને બચાવવા માટે કાયદો ન હોવો જોઇએ? કાયદો હોવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, વાત એવી કરવામાં આવી કે આ સરકારે આ કાયદાના માધ્યમ દ્વારા આ જે વસૂલાતો છે પિયાવાની, એ વસૂલાત મહેસૂલી રાહે વસૂલ કરવાનું નક્કી કર્યું, માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહને જણાવવું છે કે, મહેસુલી રાહે વસૂલાત કરવાની સત્તા આ કાયદો જયારથી બન્યો ત્યારથી સરકારની પાસે છે, તમે જોઇ લો, જે વિસ્તારની અંદર સિંચાઇથી પાણી ઉપલબ્ધ થતું હોય અને જેણે પિયાવો ન ભર્યો હોય એના મહેસૂલી રેકર્ડની અંદર પિયતના બોજાઓ આજે પણ અનેક ખેડૂતો ભોગવે છે. આ સરકારે નથી કર્યું, માનનીય અધ્યક્ષશ્રી, સુધારાઓ જે આવ્યા છે, સરકારે જયારે ભોગવવાનું નક્કી કર્યું છે ત્યારે આ સુધારો સમય અને સંજોગોને અનુસાર ખૂબ સમયસરનો છે, આ ભારતીય જનતા પાર્ટીની રાજય સરકાર એવું એક વાતાવરણ નિર્માણ કરવા માગે છે કે સહભાગી સિંચાઇ વ્યવસ્થાનો અર્થ જ એ થાય છે, સહભાગિતાનો કે કોઇપણ કાર્યની અંદર જયાં સરકારનું પ્રભુત્વ ઓછું હોય અને પ્રજાનું પ્રભુત્વ વધારે હોય એ આદર્શ લોકશાહીની એક વ્યવસ્થા છે અને આ સરકાર ખેડૂતોને એમાં સામેલ કરીને કરવા માટે માગે છે.

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દુર કરવામાં આવ્યા.

ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સિંચાઇ અને પાણી વ્યવસ્થા માટેનું જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં ખેડૂતોની દશા બેઠી છે, આ સરકારમાં પહેલાં ખેડૂતોને હાથકડીઓ પહેરાવીને એના હોર્ડિંગ્સ મૂકયા, પછી ખાતર ઉપર વેટ નાખ્યો, ખેડૂતોને એમના જે સંગઠનો હતાં એ તહસનહસ કરી નાખ્યા, નહીં અટકયા, હવે છેલ્લે ખેડૂતોને જેલમાં પૂરવા ની વાત આવી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એમાં કંઇ નથી, ભાઇ, આમાં કયાં એ વિષય ઉપર બોલ્યા? ત્યારે રોકવું હતું ને, નહીં, એવો કોઇ સવાલ નથી, બધાને બોલવા દો. એ એમ કહે છે કે ખેડૂત ઉપર વેટ નાખ્યો, અને એ એમ કહે છે કે આ ખેડૂત વિરોધી નીતિ છે બધી. જે બોલતા હોય એને બોલવા દો, જરૂર હોય ત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવજો. માનનીય સભ્યશ્રી, આપ હવે બોલો.

ડૉ. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને વેરો અત્યારે નાખ્યો અને ખેડૂતો પર લાયસન્સ લાવી દીધું, ખેડૂતોને પાણી મેળવવા માટે, સાહેબ,પાણી મેળવવું એ એનો મૂળભૂત અધિકાર છે, કુદરતી વહેણો જે વિસ્તારમાં છે ત્યાંથી પાણી મેળવવું એનો અધિકાર છે, જૂનો કાયદો છે એ એમ કહે છે કે ભાઇ, એને પાણી મેળવવાનો અધિકાર છે, પણ આ અધિકારને પણ આ જે કાયદો છે, એ કાયદાને પણ સરકાર ગણતી નથી એવું લાગી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા સામેથી માનનીય મંત્રીશ્રી વાત કરતા હતા કે, ૪૫ મીટર પહેલાનો કાયદો હતો, તે વખતના જમાનામાં દરેક નદીઓ, દરેક વહેણ બારે માસ ચાલુ રહેતા અને તે વખતે આ ઉંડાઇ યોગ્ય હતી એમ હું માનું છું. આજે પાણી એટલા નીચા ગયા છે ત્યારે આદિવાસી વિસ્તારમાં લિફ્ટ ઇરિગેશનની વાત મારે મંત્રીશ્રીને કહેવી છે કે, લિફ્ટ ઇરિગેશનની વાત આજે કરતા હોય ત્યારે એમ કહે છે કે, ૬ મીટર ઉંડાઇ કરો તો તમારા કૂવામાં પાણી મળી જશે. બતાવો કોઇ જગ્યાએ ૬ મિટરે પાણી મળતું હોય તો? અને આ તમારી સરકારે કાયદો કર્યો છે. આવા તમારી સરકારે જે નિયમો કર્યા છે એ નિયમો પ્રજાને માટે છેતરામણા નિયમો છે. મારે તો એ કહેવું છે કે તમે નહેર માટે કેટલી જમીન લો છો? નહેર માટે પૂરતી જમીન લો છો નહીં કે બે બાજૂની ૨૦૦-૨૦૦ મીટર એટલે ૪૦૦ મીટર એટલી જમીન તમે લેતા નથી અને એ જમીન પર તમારો અધિકાર અનધિકૃત પગપેસારો છે એની વાત આવે છે. સરકારનો અનધિકૃત માટેનો બોલવાનો અર્થ બદલાઇ ગયો છે અનધિકૃતને સરકાર વિકાસ કહે છે. અનધિકૃત દબાણ જ હોય એને વિકાસ ક્યારેય ન કહેવાય. અનધિકૃત વિકાસ થાય છે એ કેવી રીતે બની શકે? આ વિસ્તારમાં આ નહેરો છે એ નહેરોનો બંને બાજુ ૨૦૦-૨૦૦ એટલે ૪૦૦ મીટર સુધી ખેડૂતોના પાક હોય એમાં આ અધિકારી ગમે ત્યારે ઘૂસી શકે છે. એનો પાક હોય છે એ અધિકારીઓને ખબર નથી કે આ ખેડૂતો કેવી રીતે ઉગાડે છે. એનો પાક બગડી જાય તો આ ૨૦૦ મીટરના વિસ્તારમાં એનો હક્ક જે પાછલા બારણે દાખલ થાય છે એ કોઇપણ સંજોગોમાં ચલાવી શકાય તેમ નથી. મારે તો ત્યાં સુધી કહેવું છે કે, ૨૦૦ મીટરની અંદર જે કૂવાઓ, જે બોરવેલ છે એ બોરવેલની અંદર પાણી સિંચાઇને અનુશ્રવણ થઇને, ચૂવાડ થઇને પાણી આવ્યું, કુદરતી પાણી આવ્યું છે એ તમારી નહેરમાંથી જ આવ્યું એમ કેવી રીતે કહી શકાય? એ ગમે ત્યાંથી પાણી આવ્યું હોય અને કદાચ તમારી નહેરમાંથી પાણી આવ્યું હોય તો ક્યા કારણસર નહેર રિપેર નથી કરતા? આ પહેલા તમારે નહેર કમ્પ્લીટ કરવી જોઇએ, તમારે નહેર સમયસર રિપેર કરવી જોઇએ અને બંધ કરવી જોઇએ અને આ ખેડૂતો જે પોતાના કૂવામાંથી પાણી મેળવતા હોય તેને મેળવવા દેવું જોઇએ. નહીં તો આવો કાયદો લાવવાથી ખેડૂતો જેલમાં જાય અને ખેડૂતો જેલમાં જશે તો ખેતી કોણ કરશે? ક્યાં જશે ખેડૂતો? ખેડૂતને જેલમાં મોકલવાનો, એને દબડાવવાનો, એને શિક્ષા કરવાની અને એને દંડ કરવાનો આ કાયદો કોઇપણ રીતે ચાલી શકે તેમ નથી. માનનીય અધ્યક્ષશ્રી, જે જમીન તમે આજુ બાજૂની લો છો અને એ જમીન માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એકાદ વખત એવું કહ્યું હતું કે આવી જે નહેરની આજુબાજૂની જમીન છે એનો વિકાસ થવો જોઇએ, એમાં ઝાડ-પાન વાવવા જોઇએ અને રેલવે લાઇન છે એની આજુ બાજૂની જમીનો હોય એનો પણ વિકાસ થવો જોઇએ એવી વાત પહેલા કરી હતી. આ જે જમીન છે એ જમીનમાં ઘાસ ઉગ્યું હોય એમાં બપોરે રિસેસ પડે ત્યારે એ રિસેસમાં બળદ ચરવા જાય, આપણે પણ રિસેસ પડે છે ત્યારે બહાર ખાવા જઇએ છીએ તો પેલો

બળદ ક્યાં જશે? એ રિસેસમાં બળદ ત્યાં ખાવા-ચરવા જાય છે ત્યારે એના પર આવો કાયદો લાગુ પાડવામાં આવે એ ન ચલાવાય આવા કાયદા સરકારે વિચારીને કરવા જોઇએ. કારણ કે ઓફિસમાં બેસીને આવા કાયદા ઘડવામાં આવતા હોય તો મને એમ લાગે છે કે આમાં કાંઇક ફેરફાર કરવો જોઇએ. મારે એ પણ કહેવું છે કે, અમારા ઉત્તર ગુજરાતના એક પ્રશ્નમાં સરકારે આજે જ કહ્યું છે કે એક પણ નાની અને મધ્યમ સિંચાઇ યોજના નથી. સરકાર વિચાર જ નથી કરતી. ચેક ડેમો માટે પૈસા પણ નથી આપતી અને એમ કહે છે કે બીગ ચેક ડેમો બનાવીશું. બીગ ચેક ડેમો અંગે સાંભળતા સાંભળતા ૧૧ વરસ થઇ ગયા પણ એક ચેક ડેમ બન્યો નથી. નાના ચેક ડેમો માટે સરકાર સમયસર પૈસા ચૂકવતી નથી અને ખેડૂતોને પાણી મળતું નથી અને હું તો ત્યાં સુધી કહું છું કે અમારા વિસ્તારના જે મોટા મોટા ચેક ડેમો છે એના સરફેસ વોટરનો સરકાર ઉપયોગ કરતી નથી અને આ પાણીનો ઉપયોગ ન કરવાના કારણે અને ખેડૂતોને ભય હેઠળ રાખવા માટે સરકાર આવો કાયદો લાવી રહી હોય એવું મને લાગી રહ્યું છે. આ ટ્યુબવેલની વાત કરે છે એ ટ્યુબવેલનું જે ઉંડાણ છે એ ઉંડાણ કેટલું રાખવું એ સરકાર કેવી રીતે નક્કી કરી શકે? કારણ કે કોઇ વિસ્તારમાં ૪૦૦ ફૂટે પાણી આવતું હોય અને કોઇ વિસ્તારમાં ૧૦૦૦ ફૂટે પાણી આવતું હોય અને દક્ષિણ ગુજરાત જેવા વિસ્તારમાં ૫૦ ફૂટે પણ પાણી આવતું હોય તો સરકાર કેવી રીતે આ માપદંડ નક્કી કરવા માગે છે કે તમારે આટલા જ ફૂટ કૂવો ઉંડો કરવો? આવું ભારણ સરકાર લાદી રહી છે એ ખરેખર યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે એ કહેવું છે કે, હમણા ગઇ કાલે દેવુસિંહ વાત કરતા હતા કે ‘સુજલામ સુફલામ યોજના’ આ સરકાર તમારા વિસ્તારમાં ૬૨૨૮ કરોડની લાવી છે. આજે હું કહું છે કે એક ઇંચ પણ પાણી નથી મળ્યું, એક ઇંચ પાણી નથી મળ્યું. ૬૨૨૮ કરોડ રૂપિયા ભલે તમે વાપર્યા હોય પણ આજે તમે મારા વિસ્તારમાં આવો અને એક ઇંચ જમીનમાં સિંચાઇ કરી હોય તો તમે મને બતાવો. મારે એ પણ કહેવું છે કે સરકાર પણ એમ કહે છે કે ૪૫.૫ ટકા વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લીધેલો છે. મારે સરકારને કહેવું છે કે કોઇક દિવસ તો અમારા વિસ્તારમાં તમે આવો, ભૂલા પડો તો ખબર પડે કે આ વિસ્તારમાં પાણી છે કે નહિ? અમારો વિસ્તાર સૂકો ભઠ્ઠ છે, દુષ્કાળ છે. કોઇ વ્યવસ્થા આ સરકારે કરી નથી. છેલ્લાં ૧૧ વરસથી હું જોઉં છું કે ફક્ત સરકાર જાહેરાત કર્યે જાય છે પણ કોઇ વ્યવસ્થા એવી થતી હોતી નથી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, જે આ સિંચાઇનો કાયદો લાવવામાં આવ્યો છે તેના માટે હું મારા વિચારો વ્યક્ત કરું છું. હું જાતે ખેડૂત છું, અને જાતે ખેતી કરું છું, આમાં કેટલી મુશ્કેલી થાય છે એની મને ખબર છે. ઘણા ખેડૂતો ખેતી કરતા હશે, માલદાર ખેડૂતો જાતે ખેતી કરતા ન હોય એટલે એમને ખબર ના હોય કે ખેતી કેમ થાય? ખેતરમાં પાળો બાંધીએ ત્યારે ખબર પડે છે કે પાળો બાંધતા કેટલો હાંફ ચડે છે. જાતે ખેતી કરો તો ખબર પડે. આ તો બધા માલદાર ખેડૂતો ખેતી કરે તો એને શું ખબર પડે કે કેવી રીતે ખેતી થાય છે.

અધ્યક્ષશ્રીઃ તમારી ખેતીમાં દાણા ઉગે અને એની ખેતીમાં નાણાં ઉગે બેયમાં એટલો ફેર છે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં પાણી નિકાલની વાત કરી છે તો અમારે ત્યાં તો પાણી જ નથી તો શેનો નિકાલ કરવાનો? બનાસ નદી સૂકાઇ ગઇ છે ૨૦ વરસથી. અમે તો આ જ સાંભળીએ છીએ. નર્મદા યોજનામાં આયોજન કરીને જો બનાસ નદીમાં નાંખ્યું હોત તો અમારે ત્યાં પાણીના તળ ઉંચા આવ્યા હોત. અમારે ત્યાં ૧૦૦૦ ફૂટે પાણી છે. અમારે પાણી કાઢવાની એટલી મુશ્કેલી છે કે પીવાના પાણીના પણ ફાંફા છે. અમારે ત્યાં નાના ખેડૂતોને ખેતી કરવી પણ મુશ્કેલ બની ગઇ છે. ખેડૂતને બાજુવાળો પાણી આપે તો એને પાણી વેચ્યું ના કહેવાય. સાહેબ બે વીઘા જમીનનો માલિક હોય એ ૧૦ લાખ રૂપિયા પાણીના બોરનો ખર્ચ થાય ક્યાંથી લાવવાનો? તો એ જમીન એને વેચવી પડે. કોઇ પાણી ના આપે તો શું કરે? સૂકી જમીનને એ શું કરે. એટલે આ કાયદો •(xxxxx) છે એ પાણી વેચતો નથી પણ પાડોશીને નિભાવવા ખાતર આપે છે. એટલે મારી વિનંતી છે કે એવું ના કરાય. ખેડૂતને કોઇ દિવસ ચોર કહેવાતો નથી.

• આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો.

બાજૂના ખેતરમાંથી પાણી લઇને સિંચાઇ કરે અને એ ખેતી કરે અને ખેતીમાં જે પાક થાય એ અહીંયા આપે છે તો એને ચોર કઇ રીતે કહેવાય. ખેતી કરવા માટે પાણી લે એને ચોર કહેવાય? આ કાયદો ખોટો છે મારી વિનંતી છે કે, આવા કાયદા ન લવાય. ખેડૂત ખેતી કરવા માટે પાણી લે. મારી વિનંતી છે કે, આવું કરાય નહિ અને ખેડૂતને આવી ધાકધમકી ન અપાય. ખેડૂત ખેતી કરે, પકવે ત્યારે આપણે ખાઇ શકીશુંને, એટલે મારી આપ સૌને ફરીથી વિનંતી છે કે, આ કાયદો (xxxxx) છે અને એમાં ફેરફાર કરવાની જરૂર છે. ખેડૂતને છૂટ આપવી જોઇએ એવી મારી વિનંતી છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઇ માટે પાણીની વ્યવસ્થા માટેનું ૨૦૧૩નું જે વિધેયક લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતમાં નાના અને સીમાંત ખેડૂતો ૭૦ ટકા છે. મોટા ખેડૂતો આ બધું વેરો વિગેરે ભરી શકે. પણ નાના અને સીમાંત ખેડૂતને જીવવાનું હોય છે. એ આ વેરો કેવી રીતે ભરી શકવાનો છે? એ લોકોને ખેડાણ કરવું હોય તો પણ ફાંફા છે. ઘણીવાર તો પોતે આંકડી ખભે લગાવીને ખેતી કરતા હોય છે, હવે એને આ વેરો કેવી રીતે પોસાશે? ગુજરાતમાં ખેતી જો સારી કરવી હોય તો સિંચાઇના દર. પાણી એ જીવન જરૂરિયાતની વસ્તુ એના માટે છે. એના પર વેરા ન હોય, બીજી બધી ઘણી જગ્યાઓ છે ત્યાં તમે વેરા નાંખી શકો છો, પણ આના ઉપર વેરા ન હોય. ઘણું છે વેરા નાંખવા માટે, એની પર નાંખો, પણ ત્યાં તમે નાંખતા નથી. પણ જે જીવન જરૂરિયાતની વસ્તુ છે એના પર તમે વેરા નાંખો છો, આના વગર તો ચાલે જ નહિ. પાણી વગર તો ચાલે જ નહિ. પાણી વગર માણસ જીવી શકે નહિ. એના પર કોઇ વેરો જ ન હોય. એ તો માફ જ હોવું જોઇએ. ખેડૂત ખેતી નહિ કરે તો તમે જીવશો કેવી રીતે? અનાજ ક્યાંથી લાવશો? પરદેશથી અનાજ લાવવું પડશે સાહેબ. ૩૦ ટકા મોટા ખેડૂતો છે. ૭૦ ટકા નાના અને સીમાંત ખેડૂતો છે. એ મોટા ખેડૂતો અરજી કરે બધું કરી શકે છે. આને તો અરજી કરતાં જ ન આવડતું હોય. તે ભણેલો જ ના હોય તો એ કયાંથી અરજી કરવાનો હતો? તે કયાંથી કહેવાનો કે મારે ટયુબવેલ કરવો છે, મારે આ કરવું છે તો મને પૈસા આપો. માટે આવો કાયદો ન હોવો જોઇએ પાણી માટે ના હોવો જોઇએ ભલે બીજા માટે હોય. તેને તો ફોર્મ ભરતાં પણ ના આવડે સાહેબ, એટલે આ કાયદો ના હોવો જોઇએ. તમે બીજા માટે ભલે કાયદો કરો પણ આવો કાયદો પાણી માટે ના હોવો જોઇએ. આજે સાહેબ ગામડાંમાં ગાયો અને ભેંસોને પાણી માટે એટલી મુશ્કેલી પડે છે કે તેને પાણી પીવડાવવા માટે બે-બે, ત્રણ ત્રણ ગાઉ દૂર જવું પડે છે તો પણ પાણી મળતું નથી. મેં આ લોકોને કહ્યું કે તમે નાના અને સીમાંત ખેડૂતોને કંઇ બે એચ.પી.નું કરી આપો? નહીં કરતા સાહેબ. નાના ઉદ્યોગ માટે કર્યું બે એચ.પી.નું પણ નાના અને સીમાંત ખેડૂતો માટે કરતાં નથી. જો સાહેબ આ પાણીનો કાયદો આ લોકો કરે તો ગરીબી ના રહે. ગરીબી સાચી છે, પાણીની મુશ્કેલી છે સાહેબ. મોટા ખેડૂતો, નાના ખેડૂતોને પાણી આપે. આ પાણી વેચવાનો પણ કાયદો બંધ કરી દો કે પાણી ના વેચાય. આ મોટા ખેડૂતો, નાના ખેડૂતોને પાણી નથી આપતાં એટલા માટે તમને કહું છું. જે બિચારો પોતાના ખેતરમાં રહેતો હોય અને એક એચ.પી. ચલાવતો હોય તો આ લોકો દંડ ઠોકે છે. હવે એક એચ.પી. ઢોરોને પીવાના પાણી માટે હોય. પોતાના મીટરમાં એ ચલાવતો હોય તો આ લોકો દસ હજાર રૂપિયા દંડ કરે છે તો એ નાનો ખેડૂત કયાંથી ભરવાનો? એ કયાંથી લાવીને ભરવાનો? એ વીઘો વેચે તો પણ ના થાય. આ લોકોની આવી નીતિ છે. આ ના હોવું જોઇએ સાહેબ. પાણી માટે ના હોવું જોઇએ, બીજા માટે ભલે કરે. આ જો પાણી માટે આવા કાયદા કરશે તો હજુ ગુજરાત પાછળ આવશે. હજુ જે આગળ આવવાનું છે તે પાછળ જશે. પાણી વગર કોઇને ચાલવાનું નથી. કોઇપણ વસ્તુને પાણી વગર ચાલવાનું નથી. આ માટે આ લોકોએ વિચારવું જોઇએ કે આ કાયદો નહીં હોવો જોઇએ. સાહેબ, નહેરોની વાતો કરે છે તો હજુ નહેરો પણ પૂરી કરી નથી. લોકોને હજુ પાણી પૂરતું મળતું નથી. નાના અને સીમાંત ખેડૂતો, છેવાડાના ખેડૂતોને પણ પાણી મળતું નથી કારણ કે આ લોકોએ નહેરો જ નથી કરી. જયારે કોંગ્રેસનું રાજય હતું તો પેલી મહી કેનાલ બધી પૂરી કરી. જયારે હજુ આ નર્મદા યોજના પૂરી કરી નથી અને આ કાયદો પાછો • (xxxxx) એટલે આ બંધ કરો.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : હજુ નટવરસિંહ બપોર પછી બીજુ બિલ છે તેના માટે કાંઇક રાખો.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : ના, ના ખરેખર આ કાયદો હોવો જ ના જોઇએ. આ પાણી તે જીવન–જરૂરિયાતની વસ્તુ છે. (અંતરાય) આ તમે હજુ જોયું નથી ભાઇ. એ.સી.માં બેસી રહેવાનું નથી. બેઠા બેઠા આ ધંધા નહીં કરવાના, બહાર ફરો તો ખબર પડે. ના, ના બહાર ફરો તો ખબર પડે.

અધ્યક્ષશ્રી : આવી ગયું. આવું બિલ ના હોવું જોઇએ એમ કહોને.

## શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ (xxxxx) છે એવા શબ્દો રેકર્ડ ઉપર ના રહેવા જોઇએ. તે શબ્દો દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સિંચાઇ અને ડ્રેનેજનું જે બિલ લઇને આવ્યો છું તેમાં જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેઓ સૌનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં એક કહેવત છે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, અને કનિષ્ટ નોકરી. કોંગ્રેસના સમયમાં પરિસ્થિતિ એ ઉભી થઇ કે નોકરી છે તે એક નંબર ઉપર આવી તેના પછી વેપાર છે તે બીજા નંબર ઉપર આવ્યો અને કૃષિ અને ખેડૂત છે તે ત્રીજા નંબરે આવ્યો. છેલ્લાં અગિયાર વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇનું શાસન આવ્યું. તેમણે ખેડૂતો માટે ચિંતા કરી અને આજે પરિસ્થિતિ એ નિર્માણ થઇ છે કે કૃષિની જે આવક પહેલાં ૯ હજાર કરોડની હતી તેમાંથી આજે ૧ લાખ કરોડ કરતાં વધારે થઇ છે અને ગુજરાતનો ખેડૂત છે તે સુખી થયો છે.માનનીય અધ્યક્ષશ્રી, કૃષિનો જે વિકાસ દર હતો તે ૧૯૯૧ થી ૨૦૦૦માં તમે જોશો તો માઇનસ ૨.૦૯ જેટલો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૧ થી ૨૦૦૦માં કૃષિનો જે વિકાસ દર હતો તે માઇનસ ૨.૦૯ જેટલો હતો. આજે છેલ્લા દસ વર્ષમાં ૧૦.૬૭ ટકા જેટલો કૃષિ વિકાસ દર ગુજરાતમાં થયો છે અને તેની સામે આપણા દેશનો કૃષિ વિકાસ દર માંડ માંડ ૨ ટકાએ પહોંચ્યો છે. આજે ગુજરાતમાં ૧૦ થી ૧૧ ટકાની આજુબાજુ આપણે પહોંચ્યા છીએ. એટલે રાજયના ખેડૂતો સુખી બન્યા છે.

અમારા સૌરાષ્ટ્રમાં અમને કોઇ પૂછતું કે અમને નર્મદાનું પાણી મળશે, તો અમે કહેતા કે તમને પીવાનું પાણી મળશે પણ સિંચાઇ માટે નહીં મળી શકે. કારણ કે સિંચાઇ માટે માત્ર સુરેન્દ્રનગર અને બે જિલ્લા સિવાય આખા સૌરાષ્ટ્રને મળવાની શકયતા નહોતી. પરંતુ આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી સૌરાષ્ટ્ર માટે સૌ ની જે યોજના લાવ્યા, અને આવતા દિવસોમાં સૌરાષ્ટ્ર માટે ૧૦,૦૦૦ કરોડનો ખર્ચ કરી અને સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમોને ભરવામાં આવશે, અને સૌરાષ્ટ્રને દુષ્કાળમાંથી કાયમી જાકારો મળશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે એમને જવાબ ન આપો, તમારો જવાબ ચાલુ રાખો.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે 'સુજલામ્ સુફલામ્' માં જે પાણી મળે છે કેનાલમાં તે પહેલા પણ હતું, અગાઉના શાસકોને કેમ ન સૂઝયું કે અમે આવી કેનાલ કરીએ અને પાણી આપીએ, આજે ઉત્તર ગુજરાતની આ કેનાલને કારણે સીકલ બદલી ગઇ છે. અમે હમણાં કેનાલથી એક કિલોમીટર સુધી તળાવો ભરવા માટે પાણી આપવાની જે જોગવાઇ હતી તે બે કિલોમીટરની ત્રિજયામાં પાણી ભરવાનું આયોજન કર્યુ છે અને તેને લીધે એ વિસ્તારના ખેડૂતો વધુ સુખી અને સમૃદ્ધ થઇ શકશે. માનનીય અધ્યક્ષશ્રી, પાણીનું જે વિતરણ થાય છે તેની મારે માનનીય સભ્યશ્રીઓને માહિતી આપવી છે, આજે ગુજરાતનું કુલ પાણી છે તેમાંથી ૮૮ ટકા પાણી ખેડૂતોને આપવામાં આવે છે ૧૦ ટકા પાણી પીવા માટે આપવામાં આવે છે અને ઉદ્યોગોને માત્ર ૨ ટકા જ પાણી આપવામાં આવે છે. એટલે આ સરકાર ખેડૂતલક્ષી છે, અગાઉની સરકારો બધી હતી તે ખેડૂતની વિરોધી હતી. મારે માનનીય સભ્યશ્રીઓને ધ્યાને બીજી વાત પણ મૂકવી છે. વર્ષ ૨૦૦૭–૦૮ માં સિંચાઇના ડેમો અને કેનાલો છે તેનો નિભાવણીનો ખર્ચ છે તે ૩૪૫.૮ કરોડ રૂપિયા હતો. તેની સામે સિંચાઇની વસૂલાત ૩૭.૭૬ કરોડ થઇ હતી. એટલે રાજય સરકાર, ખેડૂતોને પાણી મળતું રહે અને તકલીફ ન પડે તેના માટે નિભાવણી કરે છે તેના ખર્ચના ૧૦ ટકા જેટલો જ વેરો વસૂલ કરે છે. ૨૦૦૮–૦૯માં ૩૯૫.૬૫ કરોડનો ખર્ચ કર્યો અને માત્ર ૩૫.૨૭ કરોડની આવક થઇ. એટલે ૧૦ ટકા

કરતા પણ ઓછી આવક થઇ. ૨૦૦૯-૧૦માં ૩૯૩.૩૨ કરોડનો ખર્ચ કર્યો, અને તેની સામે ૩૩.૯૯ કરોડની આવક થઇ, ૨૦૧૦-૧૧માં ૫૨૩.૯ કરોડનો ખર્ચ અને ૪૧.૭૩ કરોડની આવક, ૨૦૧૧-૧૨માં ૫૩૯.૦૯ કરોડનો નિભાવણી ખર્ચ અને તેની સામે ૪૧.૭૩ કરોડની વસૂલાતની આવક, એટલે આ ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઇની સરકાર ખેડૂતના હિતની કાયમ ચિંતા કરતી રહે છે. મારે આજે ખેડૂતોના હિતની વાતો કરનાર માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે તમારા સમયની અંદર ખેડૂતો ઉપર ગોળીઓ ચલાવવામાં આવી હતી. ગોંડલમાં ગોળીઓ ચાલી હતી, બનાસકાંઠામાં ગોળીઓ ચાલી હતી. કચ્છમાં, સાબરકાંઠામાં, મહેસાણામાં, ખેડૂતોનો અવાજ રૂંધવા માટે તમે તો ગોળીઓ ચલાવી હતી. અમે ગોળીઓ ચલાવી નથી. અમે તો લોકોને પાણી આપ્યું છે અને તેના લીધે તેમની સમૃદ્ધિ વધી છે.

અધ્યક્ષશ્રી : હવે તમે બોલી લીધું છે એનો જવાબ મંત્રીશ્રીને આપવા દોને? જવાબ બિલ ઉપર જ આપે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : આજે જળ સિંચાઇ માટેની ગુજરાતની અંદર કુલ ૧૫૩૩ મંડળીઓ છે અને સારી રીતે વ્યવસ્થાપન કરે છે અને એનું આખું વહીવટીતંત્ર મંડળી પોતે સંભાળે છે. આ રીતે ૪.૫ લાખ હેકટર સિંચાઇનો વિસ્તાર આવરી લે છે. તેની અંદરથી જે આવક થાય એ આવકના ૫૦ ટકા રાજય સરકાર જે તે મંડળીને આપે છે. મંડળી નક્કી કરે કે અમારે સિંચાઇ વેરો વધારે લેવો છે, તો એ જે વધારે વેરો લે છે એ બધો રાજય સરકાર મંડળીને આપી દે છે, એમાંથી એક પાઇ પણ રાજય સરકાર લેતી નથી. આ મંડળીઓ સારી રીતે ચાલે છે.

કાલે અને આજે માનનીય સભ્યશ્રીઓએ કલમવાર વાતો કરી છે. માનનીય સભ્યશ્રીઓને કહેવાનું કે આ કાયદો છે એ ૧૮૭૯ની સાલમાં અંગ્રેજોના શાસનમાં બનેલો છે. એમાં કુલ ૧૦૧ કલમો હતી, એમાં છેલ્લી ત્રણ કલમો છે એ સિવાયની એક પણ નવી કલમ આ રાજય સરકારે ઉમેરી નથી. માત્ર નોર્મલ સુધારા વધારા કર્યા છે. આ કલમો સાથેનો કાયદો અત્યાર સુધી હતો. આ ગૃહની અંદર બે માનનીય માજી મુખ્યમંત્રીશ્રીઓ બિરાજે છે એના સમયમાં પણ આ કાયદો હતો. માનનીય શંકરસિંહભાઇ વખતે પણ હતો અને માનનીય કેશુભાઇ પટેલ ગઇકાલે આ બિલ ઉપર બોલ્યા, એમના સમયમાં પણ આ જ કાયદો હતો ત્યારે એમને એમ કેમ ન થયું કે આ કાયદો પ્રજા વિરોધી છે? ત્યારે એમણે કેમ એમાં સુધારો ન કર્યો અને એમને એમ રાખી મૂકયો. અમે તો આમાં જે બિનજરૂરી હતી, એવી ૪૬ કલમો રદ કરી નાખી છે. આ કલમોમાં એવી જોગવાઇ હતી કે ખેડૂતે પોતાના ખેતર સુધી પાણી લઇ જવું હોય તો એ જે નીક છે એ ખેડૂતે પોતે બનાવવાની હતી એ કાયદો જ અમે રદ કરી નાખ્યો છે. નીક દ્વારા ખેડૂતના ખેતર સુધી પાણી લઇ જવાની જવાબદારી રાજય સરકારની છે તેવી જોગવાઇ અમે કરી છે. આ કાયદો છે એ ૧૩૪ વર્ષ પહેલા બન્યો હતો. પરંતુ નર્મદા ડેમનું આયોજન કર્યું તેમાં કમાન્ડ એરિયામાં પાણી આપવાની જોગવાઇ છે. એમાં જોશો તો ખ્યાલ આવશે કે કોંગ્રેસના સમયમાં નીક બનાવવાની જવાબદારી ખેડૂત ઉપર હતી એ રાજય સરકાર પોતે જવાબદારી લે છે. કેનાલો બની જાય, ખેડૂત પાણી લે એના પછીની નિભાવણી છે એ પણ રાજય સરકાર કરશે અને એટલે મેં આંકડા આપ્યા. ડેમોની અને કેનાલોની નિભાવણી સરકાર કરે છે, એના દસ ટકા પણ ખેડૂતો પાસેથી પાણી વેરારૂપે લેતા નથી. આવા અલગ અલગ જે કાયદા જૂના હતા એમાં એક કલમ-૩માં નહેર અધિકારીની નિમણૂક, એ કાયદો પણ જૂનો છે. અગાઉ ઘણા બધા મુખ્યમંત્રીશ્રીઓ આવી ગયા એમના શાસનમાં પણ આ જ કાયદો હતો અમે એમાં ફેરફાર કર્યો નથી. નહેર અધિકારીની નિમણૂક કરવામાં ન આવે તો આપણા હયાત ડેમો છે એમાં ૩૩ હજાર કિલોમીટર લાંબી કેનાલો છે. નર્મદાની કેનાલો બનશે અને બની ગઇ છે એ ૬૮ હજાર કિલોમીટર કરતાં વધારે લાંબી કેનાલો એની બનશે, એટલે કુલ એક લાખ કિલોમીટર કરતાં લાંબી કેનાલો હોય એના નિયમન કરનાર અધિકારી ન મૂકો તો ખેડૂતોને પાણી કેમ મળશે? ખેડૂતોને પાણી આપવું હોય, છેવાડાના ખેડૂતને પાણી આપવું હોય તો એના માટે નિયમન અધિકારી મૂકવા જોઇએ. નિયમન અધિકારી અમે ચાલુ રાખ્યા છે.

જે સિંચાઇ મંડળીઓ થઇ છે એનું સંચાલન મંડળીઓ પોતે કરશે. એ મંડળીઓનું સંચાલન સુચારૂ અને સારી રીતે થાય એટલા માટે ઓફિસ બેરરની નિમણૂક આપવામાં આવે, એ ઓફિસ બેરર એના પિયત વિસ્તાર હોય એનુ સુચારૂ સંચાલન કરે એટલા માટે એને જે તે મંડળીના સભ્યોએ મૂકેલ હોય છે.

નવી કલમ–૪માં નહેરોના હેતુઓ માટે પાણીનો ઉપયોગ કરવા બાબત. ખેતરોમાં પાણી નહેર મારફતે આપવામાં આવે છે. એક બારમાં આશરે ૪૦ જેટલા ખેડૂત ખાતેદાર હોય છે તેથી ખેડૂતોને અંદરો અંદર કોઇ તકલીફ હોય તો એને દૂર કરવા માટે નહેર અધિકારી તથા તેના હસ્તકના માણસો જઇ શકે એટલા માટે આ જોગવાઇ કરવામાં આવી છે. એવું જ કલમ–૫માં કહે છે કે જમીન ઉપર પ્રવેશ કરવાની સત્તા. જે નહેર બની છે એ નહેરને અડીને જે જમીન હશે એ કોઇ ખેડૂતની હશે. નહેરમાં કોઇ ડેમેજ થયું, કંઇ રિપેરીંગ કરવાની જરૂર થઇ, કોઇ અકસ્માત થયો, ત્યાં સરકારી અધિકારીને જવું હોય અને માલિકીની જમીનની અંદર ખેડૂત અટકાવે નહીં એટલા માટે આ જે ત્યાં જવા માટેનો અધિકાર છે તે સરકારી અધિકારીને આપેલો છે. એમાં માનનીય સભ્યશ્રીએ જો થોડું નીચે વાંચ્યું હોત ને, તો તેમને ખ્યાલ આવત કે નહેરથી દૂરનો જો કોઇ ખેડૂત હોય અને ત્યાં જો નહેર અધિકારીને કે બીજા કોઇ સરકારી કર્મચારીને જવું હોય તો તેને નોટિસ આપવાની, તેની પરમિશન લેવાની અને પરમિશન જો ખેડૂત આપે તો તેના પછી નહેરથી દૂર હોય એ ત્યાં જઇ શકે એવી તેમાં જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૬માં તપાસ માટે પ્રવેશ. કોઇ નવી નહેર બનાવવી હોય કે હયાત નહેરના નિભાવ અને મરામત માટે કોઇ તપાસ કરવાની હોય ત્યારે સ્થળ ઉપર જઇ શકાય અને અધિકારી પોતાની ફરજો અદા કરી શકે તે માટે આ કલમની જોગવાઇ કરી છે. જે જગ્યામાં જવાની જોગવાઇઓ છે તે.

પાણી પુરવઠાના નિરીક્ષણની અને તેનું નિયમન કરવાની સત્તા. ખેડૂતોને આપવામાં આવતા પાણીના ઉપયોગનું નિરીક્ષણ કરવા, પાણીના દર માટે જમીનની માપણી કરવાના હેતુ માટે આ જોગવાઇ કરવામાં આવેલી છે. આ ઉપરાંત અપાતા પાણીના નિયમન કરવાના હેતુસર પણ આ જોગવાઇ કરવામાં આવેલી છે. જો આ નિયમન તમે ન કરો તો કોઇ ખેડૂત તેને જોઇતું હશે તો ત્યાંથી પાણી લઇ લેશે. એની જરૂરિયાત કરતા વધારે જથ્થો લઇ લેશે અને જો એ જરૂરિયાત કરતા વધારે જથ્થો લઇ લે તો છેવાડાના ખેડૂત સુધી પાણી ન પહોંચે. જો છેવાડાના ખેડૂત સુધી પાણી ન પહોંચે તો તેને અન્યાય થાય. આ અન્યાય ન થાય તેના માટે આ જોગવાઇ કરેલી છે.

સમારકામ માટે પ્રવેશ કરવાની અને અકસ્માત અટકાવવાની સત્તા. માનનીય અધ્યક્ષશ્રી, નહેરમાં કોઇ ભંગાણ પડવાની શકયતા હોય કે કોઇપણ અકસ્માત થવાની શકયતા હોય ત્યારે નહેરને અડીને આવેલી જમીન ઉપર પ્રવેશ કરી વૃક્ષો, ઝાડ–ઝાંખરા વગેરે દૂર કરી, નહેરનું સમારકામ કરી ખેડૂતોને નુકસાન ન થાય તે માટે આ કલમ રાખવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નહેરની બીજી તરફ જવા–આવવાના સાધનોની જોગવાઇ કરવા અને પાણી નિકાલ વ્યવસ્થા (ડ્રેનેજ)ના અવરોધ અટકાવવા બાબત. આપણી કોઇ નહેર જાય છે. તેમાં કોઇને પાઇપલાઇન ત્યાં નાખવાની છે. કંપનીની પાઇપલાઇન છે, ગેસની પાઇપલાઇન છે, પાણીની પાઇપલાઇન છે. આવી પ્રવૃત્તિ બીજા કોઇ લોકોને કરવી હોય તો તેના માટેની આ જોગવાઇ છે કે એના માટેના નિયમો મુજબ જે કોઇ પાઇપલાઇન ત્યાંથી બહાર કાઢે અને કાઢતા તે ડેમેજ થાય તેના માટેની જે કોઇ જોગવાઇઓ છે એ આ કલમ–૧૦માં છે.

કલમ–૧૧, રાજય સરકાર અમુક હદની અંદર નદી વગેરેથી અવરોધો થવા દેવા ઉપર પ્રતિબંધ મૂકી શકશે તે બાબત. કુદરતી પાણીના નિકાલ વ્યવસ્થા માર્ગને અવરોધી જાહેર આરોગ્ય અથવા જાહેર સગવડને અથવા કોઇ નહેરને અથવા કોઇ જમીનને નહેરમાંથી પાણી મળી શકે તેવી જમીનને નુકસાન થાય તેમ હોય ત્યારે આવા અવરોધો પર પ્રતિબંધ મૂકવા આ જોગવાઇ કરી છે. કોઇપણ કારણથી કોઇ નીક છે, કોઇ વોંકળો છે એને જો કોઇ માણસ અવરોધી દે અને બાજુમાં જે ખેડૂતો છે તેને પાણી તેમાં જઇને નુકસાન ન કરે, તો આ અવરોધો દૂર કરવા માટેની આમાં જોગવાઇ આપેલી છે.

કલમ–૧૨માં નહેર અધિકારી અવરોધ દૂર કરવા કોઇ વ્યક્તિને આદેશ કરી શકશે. એટલે આ જે ૧૨, ૧૩, ૧૪ કલમ છે એ બધી કલમો કોઇ આ રીતે અવરોધ કરે તો તેને દૂર કરવા માટેની છે. પછી કલમ–૧૬ પાણી લેવા (પુરવઠા) માટેની અરજી. અહીં માનનીય સભ્યશ્રીઓ એવું કહેતા હતા કે ખેડૂત અરજી કઇ રીતે કરે? એ અભણ છે, અરજી કઇ રીતે કરે? આ બધી તેને મુશ્કેલી પડે એટલા માટે તેને આ અરજી કરવાની કલમ છે એ રદ કરવી જોઇએ. કયા ખેડૂતને કેટલું પાણી જોઇએ છે તે અરજી કરીને માગણી ન કરે તો તે ખબર કઇ રીતે પડે? અરજીમાં તમે જથ્થો બતાવો. આટલા હેકટરનું વાવેતર કરવાનું છે એ હેકટરના વાવેતર સાથેની જો એ અરજી કરે તો એના માટેની પાણીની તમે જોગવાઇ કરી શકો. જો આવી અરજી ન કરે, તમારે કેટલું પાણી જોઇએ છે એ ખબર ન પડે તો તમે કયા ખેડૂતને કેટલું પાણી આપી શકો? એટલા માટે આમાં અરજીની પણ જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી આપવાનું કામ બંધ કરવાની સત્તા. નહેરનું મરામત થતું હોય, નકામું વહી જતું પાણી અટકાવવાનું થતું હોય, પાણીની ઘટ ધરાવતી વ્યક્તિઓને વારાફરતી પાણી પૂરૂ પાડવાનું હોય, જરૂર પડે ત્યારે પાણીનો દુરુપયોગ અટકાવવા નહેર અધિકારીએ પાણી બંધ કરવાનું થાય. આ સંજોગો સિવાય પાણી બંધ કરવાની કોઇ સત્તા આપવામાં આવી નથી. આ પાણી બંધ કરવાની સત્તા ત્યારે જ આપવામાં આવેલી છે કે એક વિસ્તારમાં એક જગ્યાએ જ્યાં પાણી આપતા હોય છે ત્યાં લગભગ ૪૦થી ૫૦ કે તેનાથી વધારે ખેડૂતોને એક જગ્યાએથી પાણી આપવાનું હોય છે. એને વારાફરતી પાણી પૂરૂ પાડવાનું હોય, બીજા ખેડૂતોને પાણી આપી શકાય અને બીજા કોઇને તકલીફ ન થાય અને એટલા માટે એક ખેડૂતનું પિયત થઇ જાય અને બીજા ખેડૂતને પિયત માટે પાણી આપી શકાય. એ સંજોગોમાં પાણી બંધ કરવાની વાત છે. એ સિવાય કોઇપણ પ્રસંગે પાણી બંધ કરવાની વાત નથી. પાણી આપવાની મુદત– પાણીનો કાર્યક્ષમ વપરાશ થાય અને બિનજરૂરી પાણીનો બગાડ થાય નહીં એ હેતુથી તથા ખેડૂતોનો પાક બળી ન જાય એ હેતુથી આ જોગવાઇ રાખેલી છે અને પાક તૈયાર થાય ત્યાં સુધી પાણી આપવાનું ચાલુ રાખવામાં આવે. એટલે કોઇ ખેડૂતને તકલીફ ન પડે. એનો પાક છે એ પૂરેપૂરો પાકી જાય ત્યાં સુધી એને સગવડતા મળે એના માટેની જોગવાઇ છે. કલમ–૧૯માં જેને પાણી અપાતું હોય એ મિલકતની સાથે પાણી આપવાના કરાર તબદિલ કરવા પાત્ર હોઇ, જમીનની માલિકી જ્યારે બદલાય ત્યારે તેની સાથેના પાણીના હક્કો પણ જે ખેડૂતની જમીન લે તેને તબદીલ થાય એના માટેની આ જોગવાઇ છે. નક્કી કરી શકાય તેવા મોટા કિસ્સામાં નુકસાનમાં વળતર – કાબુ બહારના સંજોગોમાં નહેરમાં કોઇ સમારકામ કે ફેરફાર કરવો પડ્યો હોય એના કારણે કે, નહેરના પાણીનું યોગ્ય નિયમન કરવામાં અથવા બંધ કરવામાં આવે તે સંજોગોમાં ખેડૂતોને નુકસાન થાય તે સંજોગોમાં તેમને વળતર આપવાની આમાં જોગવાઇ છે. કલમ–૧૩ની અંદર નહેર, પાણી પૂરું પાડવા માટેના દર– સિંચાઇ માટેના પાણીનો કાર્યક્ષમ વપરાશ થાય તેમાં ખેડૂતો શિસ્ત જાળવે તે માટે સરકાર સિંચાઇ અને અન્ય હેતુઓ માટે આપવામાં આવતા પાણીના દર નક્કી કરે છે અને હમણાં આંકડા આપ્યા આ જે આપણે વસૂલાત કરીએ છીએ આ જે ખેડૂતોને પાણી આપવા માટેના જે સંસાધનો છે, એની નિભાવણી માટેનો ખર્ચ કરીએ, એમાં દસ ટકા કરતાં પણ ઓછી રકમની આમાં વસૂલાત આવે છે. એટલે ખેડૂતો માટે દર એકદમ ઓછો છે.

અનધિકૃત રીતે ઉપયોગ કરનાર વ્યક્તિઓ ઓળખી શકાય તેમ ન હોય ત્યારે જવાબદારી– આ કલમની જોગવાઇ પૂરા પાડવામાં આવતા પાણીના અનધિકૃત ઉપયોગની સામે છે. તેથી અધિકૃત ઉપયોગ કરનાર વ્યક્તિ સામે આનો ઉપયોગ કરવાનો રહેતો નથી. પાણીના બગાડ થવા બદલ જવાબદારી – આ કલમની જોગવાઇ ખેડૂતને નીક મારફતે પૂરા પાડવામાં આવતા પાણીના અનધિકૃત ઉપયોગ સામેની છે એટલે અધિકૃત રીતે ઉપયોગ કરનાર વ્યક્તિ સામે આનો અમલ કરવાનો રહેતો નથી. પાણીના અનુશ્રવણથી જે જમીનને ફાયદો થતો હોય એ પાણીના દર નક્કી કરવા. ગુજરાત સિંચાઇ અધિનિયમ જ્યારથી અમલમાં આવ્યો ત્યારથી અમલમાં હતો. જેથી પાણીના અનુશ્રવણનો તેને લાભ મળે છે. કૂવા, ટ્યુબવેલ નહેરથી નજીક હોય છે તેના કારણે કૂવામાં પાણીના સ્તર ઉંચા જળવાઇ રહે છે. ગુજરાત સિંચાઇ અધિનિયમ જ્યારથી અમલમાં આવ્યો છે ત્યારથી આ રીતની જોગવાઇ અમલમાં છે. જેમાં જૂના નિયમમાં નહેરથી ૨૦૦ વારનું

અંતર હતુ એના બદલે ૨૦૦ મીટરનું કરેલ છે. આની બીજી અસરો છે. ધારો કે, કોઇ ડેમ છે એની બાજુમાં અનુશ્રવણથી ત્યાં પાણીનો જથ્થો વધારે મળે છે. ઉદ્યોગપતિ કોઇ ખેડૂત પાસેથી જમીન લઇ લે અને બોર બનાવી દે અને પાણી લઇ લે તો આવો કાયદો ન હોય તો તેની પાસેથી આપણે સિંચાઇના કોઇ દર વસૂલ ન કરી શકીએ. એટલા માટે આ કલમ એમને એમ રહેવા દીધી છે. કલમ-૩૬માં સિંચાઇ સિવાયના પાણી દર અને અન્ય લ્હેણાં ભરવા અને તેને વસૂલ કરવા બાબત એમાં કોઇ જાતના ફેરફાર નથી કર્યા. નહેરોને નુકસાન કરવા બદલ શિક્ષા- આ કલમની જોગવાઇ છેવાડાના ખેડૂતને પાણી પહોંચાડવા માટે કરવામાં આવી છે. જેથી નહેરને કોઇ નુકસાન કરે કે પ્રવાહ અવરોધે કે ઘટાડો કરે અને તેના કારણે અન્ય ખેડૂતોને સહન કરવાનું આવે ત્યારે તેને શિક્ષા કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. અગાઉના અધિનિયમમાં ૧૩૪ વર્ષ પહેલાં બનેલી દંડની રકમ મામૂલી હતી. એટલે તેમાં વધારો સૂચવેલ છે. જ્યારે ૧૮૭૯માં જ્યારે આ કાયદો બન્યો ત્યારે દંડની રકમ રૂ.૫૦/- હતી, આજે અમે જે દંડની રકમ કરેલી છે એની સાથે જો સરખામણી કરશો તો પણ આ રકમ ઘણી થશે. ત્યારે રૂ.૫૦/-ની અંદર કદાચ એક ટન ઘી આવે અને એની કિંમત આજે આપણે ગણીએ તો એકથી દોઢ લાખ રૂપિયા થાય. એની સામે અમે તો રૂ.૫૦૦૦/- અને રૂ.૧૦૦૦૦/- જેટલા જ દંડની જોગવાઇ રાખી છે. આ કલમમાં જાણીબુઝીને કરવામાં આવતું નુકસાન, અને ઈરાદાપૂર્વક, એમને એમ કોઇ ઢોર ત્યાં જાય તો તમારે કશું કરવાનું નથી, પણ જાણીબુઝીને ઈરાદાપૂર્વક ઢોરને ત્યાં મોકલવા, ત્યાં ખીલો ખોડીને ઢોરને ત્યાં બાંધવા, આવું જો કોઇ ઈરાદાપૂર્વક નુકસાન કરે તો એને માટે આ દંડની જોગવાઇ છે. મારે આપ દ્વારા સૌ સભ્યશ્રીઓને જણાવવાનું કે જો આ જોગવાઇ ન હોત તો પણ તમારો કેન્દ્ર સરકારનો જ આમાં કાયદો છે. એ કાયદો એમ કહે છે કે ૩૬-૩૩ ૧૯૮૪ની કલમ-૩માં જણાવ્યા મુજબ કોઇપણ જાહેર મિલકતનો બગાડ કરે તો પાંચ વર્ષ સુધીની સજા અને અમર્યાદિત દંડ, માનનીય સભ્યશ્રીઓ, આ કાયદામાં જો આવા ફેરફારો ના કરીએ ને તો આમાં જોગવાઇ આવી છે. કેન્દ્ર સરકારની કરેલી આ જોગવાઇ છે. અમે તો આપની સરકારે કરેલી જોગવાઇ છે, એમાં ઘટાડો કરીએ છીએ. એમાં વધારો નથી કરતા. ૧૯૮૪માં કેન્દ્રમાં કોની સરકાર હતી એ આપને ખબર છે અને આપની સરકારે કરેલો આ કાયદો છે એમાં અમે વધારો કરવાને બદલે ઘટાડો કરેલો છે.

નહેરની મજબૂતાઇ જોખમાવાની બાબત, નહેરની અંદરથી કોઇ કાણું પાડે, એને ડેમેજ કરે તો એના માટેની આ જોગવાઇ છે. નુકસાનનું સમારકામ કરવા માટે, જયારે કોઇ વ્યકિત કલમ-૩૭ અને ૩૮ની જોગવાઇઓ હેઠળ દોષિત ઠરે અને દોષ મેજીસ્ટ્રેટ પાસે સાબિત થાય ત્યારે નહેરની સુધારણા કરવાના કામનો જે ખર્ચ થશે તે દોષિત હેઠળ હશે. આ સજા અને દંડ તો ત્યારે કરવામાં આવે કે પહેલા એ વ્યકિત દોષિત ઠરે, એણે જે નુકસાની કરી હોય એ પોતે જાતે ભરપાઇ કરે અથવા તો એ જાતે રીપેર કરી દે તો એને દંડ કે સજાની જોગવાઇ નથી પણ જો એ ન કરે તો એના માટેની આ કલમ છે. એ કલમમાં પણ એને એમ થાય કે મને આ અન્યાય થાય છે, તો એમાં અપીલ ઓથોરિટી આપણે ત્યાં રાખેલી છે. પહેલા અપીલ ઓથોરિટી છે એ કલેકટર પાસે હતી, એને બદલે અમારા વિભાગનો કલાસ-વન અધિકારી હોય એ અપીલ ઓથોરિટી છે અને એની પાસે પણ એ અપીલ અરજી કરી શકે છે.

અધ્યક્ષશ્રી : હજી જવાબ છે? (અંતરાય) એક મિનિટ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ટયુબવેલ વગેરેનું બાંધકામ હું આ જે બિલ લાવ્યો છું એનું મેં કલમવાર વિવરણ કર્યું. આ બિલથી ખેડૂતોને કોઇ નુકસાન જવાનું નથી. એના બદલે ખેડૂતોને રક્ષણ મળવાનું છે. એને નિયમિત પાણી મળશે, છેવાડાના ખેડૂત સુધી પાણી પહોંચશે એવી વ્યવસ્થા આ બિલમાં કરવામાં આવી છે ત્યારે આ સભાગૃહ આ બિલને મંજૂરી આપે એવી હું વિનંતી કરું છું.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, આ બોમ્બે ઈરિગેશન એક્ટ-૧૮૭૯, જે માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો એનું લગભગ ગુજરાતી ૨૦૧૩માં આપણી સરકાર કરી રહી છે. મને એમ કે માનનીય મંત્રીશ્રી કદાચ પાછું ખેંચશે અથવા તો સારી વાત કરશે કે હા, અંગ્રેજો પાસે જ્યારે આ દેશ ગુલામ હતો અને ગુલામીની માનસિકતાએ જે માલિકો હતા એ આપણા જે ખેડૂતો, જે ખેડૂતો રાજા મહારાજાઓ હતા, નાના ખેડૂતો એ વખતે હતા નહીં, એમને કન્ટ્રોલ કરવા માટે આ એક્ટ લાવીને એમની જોહુકમી ખેડૂતોને કાબુમાં

રાખવા માટે, ધારિયા, બંધારા એ વખતે ન તો લાઇટ હતી કે બીજું કાંઇ હતું એના આધારે આ બિલ એ લોકોએ મૂકેલું. અત્યાર સુધીની સરકારોએ આ સુતેલા સાપને જગાડવાની કોશિશ નથી કરી, ઇન્કલુડીંગ છેલ્લા ૧૨ વર્ષથી તમારી સરકારે પણ. * (xxxxxx) આ બિલ પાછુ નહીં ખેંચે તો પ્રવર સમિતિને સોંપે. ધારાસભ્યોની કમિટી બનાવો, તમામ ખેડૂતોના સંગઠનો ભેગા થઇને સાથે મળીને જો આ બિલ મૂકે તો જ્યારે નર્મદા પૂરી કરી શકતા નથી, ખેડૂતોને લાઇટ આપી શકતા નથી એ નબળાઇ અને નિષ્ફળતા ઢાંકવા માટે આ લાવ્યા. નર્મદા પૂરી કરી હોત, આટલું બધું પાણી હોય તો અન-આર્ટિફિશિયલ કન્ટ્રોલની ક્યાં જરૂર હતી? (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** તમે બેસી જાઓ, એમનો પ્રશ્ન પૂરો થવા દો. પ્રશ્ન છે, પ્રશ્ન પૂછો. (અંતરાય) પોઇન્ટ ઓફ ઓર્ડર અત્યારે નહીં. એમનો પ્રશ્ન પૂરો થાય, પ્રશ્નમાંથી કાંઇ ઉભુ થાય. પ્રશ્નની ચર્ચા ન કરો, ટૂંકમાં પ્રશ્ન પૂછો.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા :** આ લોકો પાછું ન ખેંચવાના હોય, કાયદો બનાવવાના હોય તો ખેડૂતો અને ખેતીનું * (xxxxxx) આ સરકારને જો કાયદો બનાવવાનો હોય તો...(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એ શબ્દો રદ કરું છું. માનનીય બાબુભાઇ, જવાબ આપો (અંતરાય) એનું બિલ હતું. બાબુભાઇ, તમારે જવાબ આપવો હોય તો આપો.(અંતરાય) એમનું કહેવું છે કે આ વર્ષો પહેલાનો કાયદો છે. (અંતરાય) શું થવાનું છે એ તમારે અનુમાન કરવું જોઇએ કે બિલનો વિરોધ કરે છે એટલે શું પરિણામ આવશે. (સતત અંતરાય)

**શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા :** કલમવાર વર્ણન કરેલ છે. એની અંદર કોઇપણ જગ્યાએ ખેડૂત વિરોધી એક પણ બાબત નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** રેકર્ડ ઉપર જવાબ આપવો છે? બાકીના બેસી જાઓ. એમને જવા દો. એમને જવું છે. બાબુભાઇ, રેકર્ડ ઉપર કાંઇ કહેવું હોય એ કહો.

(આ તબક્કે સભાગૃહમાં હાજર વિપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)

**શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા :** કોંગ્રેસના લોકો જગતના તાતની જે વાત કરતા હતા એ લોકોએ ખેડૂતોને ગોળીઓ મારેલી છે. મેં વિધેયકનું કલમવાર વાચન કરેલ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવીએ છીએ.

**શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા :** કલમમાં કોઇપણ જગ્યાએ એવી એક પણ બાબત નથી જે ખેડૂતોને નુકસાનકર્તા હોય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક : ૨, સન ૨૦૧૩ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

કલમ-૨ થી ૬૦, કલમ-૧ દીર્ઘસંજ્ઞા, ઇનેકટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ ના વિધેયક ક્રમાંક : ૨, સન ૨૦૧૩ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક : ૨ સન ૨૦૧૩ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**( વિરામ : બપોરના ૨.૩૨ થી ૩–૧૫ )**

**( અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને )**

**દાખલ કરવાનું વિધેયક ( સરકારી)**

# ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) * વિધેયક, ૨૦૧૩.

**ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૧૧ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, * રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૩– સન ૨૦૧૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૩– સન ૨૦૧૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર અને એની આજુબાજુના વિસ્તારો અને રાજયમાં જયાં મહાનગરપાલિકાઓ છે, જયાં નગરપાલિકાઓ છે, જયાં સત્તા મંડળો છે, એવા વિસ્તારોની અંદર ઘણા વર્ષોથી બિનઅધિકૃત બાંધકામો થયા છે. ફાયર સેફ્ટીના જે નિયમો હતા એ નિયમોનું પણ પાલન ઘણા ઠેકાણે નથી થયું. પાર્કિંગ પણ રાખ્યું હોય, ઓછું રાખ્યું હોય, ન રાખ્યું હોય એવા પણ પ્રશ્નો ઉભા થયા છે. રાજય અને રાષ્ટ્રીય ધોરી માર્ગો ઉપર દબાણો થયેલા છે. ગૌચર ઉપર પણ દબાણો હોય છે. સરકારી અને મહાનગરપાલિકાની જે જમીનો છે એના પર અનધિકૃત દબાણો થયેલા છે. આવા અનેક પ્રશ્નોને કારણે ગુજરાત હાઇકોર્ટની અંદર એક રિટ–પિટિશન થઇ હતી અને એ રિટ–પિટિશનમાં આવા અનઅધિકૃત જે મકાનો છે અથવા રહેણાંક વિસ્તાર હોય કે કોર્મશીયલ હોય એવા બધાને દૂર કરવા એવા પ્રશ્નો આપણા રાજયમાં ઉભા થયા અને એટલા માટે આ બધા જ અનઅધિકૃત જે મકાનો અને બાંધકામો થયા હોય એ બધાને નિયમિત કરવા એ જરૂરી બન્યું અને એને કારણે આવી એક કાયદાકીય કાર્યવાહી કરવા માટેની જરૂરિયાત રાજય સરકારને ઉભી થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ શહેરી વિસ્તારોમાં ટાઉન પ્લાનિંગ સ્કીમો હોવી જોઇએ એ લેઇટ બની અથવા ન પણ બની, એને કારણે આગોતરૂં આયોજન પણ ન થઇ શકયું અને એને કારણે પણ અનઅધિકૃત બાંધકામો થયા. લગભગ ૧૯૭૬થી લઇને આ અનઅધિકૃત મકાનો અને બાંધકામો આજુબાજૂના વિસ્તારોની અંદર થતા ચાલ્યા. ઘણી મોટી સંખ્યામાં આવા મકાનો પરવાનગી વગર બંધાયા છે. જે નિયમોનું પાલન કરવું જોઇએ એ નિયમોનું પાલન નથી થયું. મકાન માલિકો અને કબજેદારો હોય તો લોકલ ઓથોરિટી દ્ધારા મકાનોને દૂર કરવા માટેના પ્રયત્નો શરૂ થયા, મકાનો તોડી પાડવાના પ્રયત્નો શરૂ થયા, એમને નોટિસો આપવાના કારણે માલિકો પણ દુ:ખી થવા માંડ્યા, એ ઉપરાંત આ તોડી પાડવાના બાંધકામો એ વહીવટી દષ્ટિએ પણ ખૂબ મોટું કામ હતું અને કોઇનું પણ આવું બાંધકામ તોડી પાડીએ ત્યારે એ લોકો બેઘર પણ થઇ જતા હતા અને સમાજની સામાજિક અને આર્થિક રચનાને પણ ખલેલ પહોંચતી

* વિધેયક તા.૨૦મી ફેબ્રુઆરી,૨૦૧૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

હતી. આવી પરિસ્થિતિમાં આ આખાય રાજયની અંદર પ્રશ્નો ઉભા થયા ત્યારે એ વિચાર કરવામાં આવ્યો કે આ પરિસ્થિતિને નિવારવા માટે અનઅધિકૃત જે બાંધકામો થયા છે એને નિયમિત કરવા માટે જો સરકાર વિધાનસભાની અંદર કાયદો લાવે તો નિયમ બધા આપણે કરી શકીએ અને એટલા માટે ૨૦૦૧માં કાયદો લાવવામાં આવ્યો. આ કાયદો લાવ્યા પછી મોટાભાગના જે માલિક અને કબજેદારો હતા એમની પાસે જમીનનું ટાઇટલ ક્લીયર ન હતું, કોઇની જમીન ઉપર હોય અને પરવાનગી વગર એના ઉપર મકાનો બાંધી દેવામાં આવ્યા હોય, કોમર્શિયલ હોય પરંતુ પાર્કિંગ ના હોય એવા મકાનો બંધાયા અને એના કારણે આ પ્રશ્નો ઉભા થયા. એકલું ગુજરાતમાં નહીં પરંતુ જુદા જુદા રાજયોની અંદર પણ આ પ્રમાણે કાયદા લાવ્યા છે. જે અનઅધિકૃત મકાનો, બાંધકામો થયા હોય એમના માટે કાયદા પણ લાવ્યા છે અને એ કાયદાનો આપણે અભ્યાસ પણ કર્યો અને એ બધાનો અભ્યાસ કર્યા પછી આપણે ૨૦૧૧માં આ વિધાનસભાની અંદર ગુજરાત બિનઅધિકૃત વિકાસ નિયમબદ્ધ કરવા બાબતના વિધેયક ૨૦૧૧ને લઇ આવ્યા અને તા. ૨૦-૨-૨૦૧૨ થી એને અમલમાં લાવવામાં આવ્યું. આ કાયદો બન્યા પછી એન.એ. અરજીઓ વગેરે કરવાની શરૂઆત થઇ અને જયારે એ વિષયો આવ્યા કે એના માટે ફીનું ધોરણ જોવામાં આવ્યું તો લોકોએ વિરોધ કર્યો કે આટલા બધા પૈસા અમે ન ભરી શકીએ.

બીજું જે કાર્યપદ્ધતિ હતી એમાં પણ સરળીકરણ નહોતું. એન્જિનિયરોના માપ અને એને માટેના પણ પુરાવા એમને આપવા પડતા હતા. એ ઉપરાંત એન.એ. ન થયું હોય તો એન.એ. પણ પાછળથી કરાવવું પડે. એવા બધા નિયમો આની અંદર દાખલ કરવામાં આવ્યા હતા અને એટલે જે આપણને પ્રતિભાવ મળવો જોઇએ સમાજની અંદરથી, એ પ્રતિભાવ પ્રાપ્ત ન થયો અને ખૂબ ઓછી અરજીઓ શહેરોની અંદરથી આપણી પાસે આવી. એટલે ફરીથી ફીના ધોરણો ઓછા કરો એવી રજૂઆતો આખા વિસ્તારની અંદરથી ખાસ કરીને ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને એ ઉપરાંત એન.જી.ઓ. વગેરે પણ ફીના માળખામાં સુધારો કરવા માટે અને જે પદ્ધતિ હતી એ પદ્ધતિમાં સરળીકરણ કરવા માટે આપણને આવેદનપત્રો પણ આપ્યા. કેટલીક ચર્ચાઓ પણ કરવા માટે આવતા હતા અને કેટલાક સૂચનો પણ એમના તરફથી આપણી સામે આવતા હતા. થોડા સુધારા પણ આપણે ફીની અંદર કર્યા અને એને પણ આપણે સમાજની સામે મૂકયા ત્યારે એને પણ જોઇએ એટલો પ્રતિસાદ ન મળ્યો. ફરીથી ફીનો અને સરળીકરણ કરવામાં થોડોક સમય ગયો અને એટલે જે છ માસની અંદર અરજીઓ કરવાની હતી એ સમય પણ લગભગ પૂરો થવા આવ્યો અને એટલા માટે સરકારે ફરી છ માસની મુદત લંબાવી અને એ મુદતને તા. ૧૯-૨-૨૦૧૩ સુધી લંબાવી. હવે એવું લાગતું હતું કે ફીનું ધોરણ ઓછું કર્યું છે અને સાથે સાથે સરળીકરણ કર્યું છે એટલે લોકોનો પ્રતિભાવ આપણને મળશે પરંતુ એ પ્રતિભાવ ન મળ્યો. કારણ એ થયું કે મહાનગરપાલિકાઓ અને સત્તા મંડળોએ જે અનિયમિત બાંધકામ હોય એને નિયમિત બનાવવા માટેની જે ફી લેવાની હતી, એ ફીની સાથે એમણે બીજી ફી ઉઘરાવવાની પણ શરૂઆત કરી, એટલે કે ડેવલપમેન્ટ ચાર્જ પણ એની સાથે લેવા માંડયો, ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન પણ લેવા માંડયા, પ્રોપર્ટી ટેકસ પણ લેવા માંડયા. એમેનેટીઝ ફી પણ લેવામાં આવી અને પાર્કિંગની ડિપોઝીટ પણ લેવામાં આવી. સિકયોરીટી ફી પણ લેવામાં આવી. એમ આ બધું જ ડયુઝ હતું એ અને ઉપરાંત ફી, આ બધું ભેગું કરીએ ત્યારે ખૂબ મોટી રકમ થતી હતી. એનો પણ વિરોધ થયો અને એવું કહેવામાં આવ્યું કે આ બધી ફી આની સાથે ન લો. એ સમયે સમયે અમે ભરીશું, પરંતુ અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા માટેની જે ફી છે એટલી લેવામાં આવે તો આ લોકો એને સારો પ્રતિભાવ આપશે.

એક બીજો પ્રશ્ન એ ઉભો થયો કે ગુજરાત હાઉસિંગ બોર્ડ અને એના જેવી સંસ્થાઓએ આવાસો માટે જમીનો ફાળવી હતી એ જ રીતે સત્તા મંડળો દ્વારા પણ આવાસો બાંધવામાં આવ્યા હતા અને એમની જમીન હતી. ગાંધીનગર શહેરમાં પણ સરકારે અધિકારીઓને અને અન્ય લોકોને પણ જમીનો આપી છે, પ્લોટ્સ આપ્યા છે એના ઉપર જે મિલકતો બંધાઇ એનો સમાવેશ આમાં નહોતો થયો અને બીજા જે સત્તા તંત્રો છે એની માલિકીની જગ્યા ઉપર પણ અનઅધિકૃત બાંધકામો થયા હતા. આ બધા નિયમબદ્ધ નહોતા થઇ શકતા. હવે પ્રશ્ન એ છે કે ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ અથવા તો અન્ય લોકોને આપણે જયારે જમીન આપીએ છીએ ત્યારે એ જમીનની પૂરી કિંમત વસુલ લઇને આપીએ છીએ. એનો અર્થ એ થયો કે એ

જમીનના માલિક એ પોતે છે અને એટલા માટે આની અંદર જે દાખલ કરી છે એ કલમને દુર કરી અને આવી સંસ્થાઓને પણ અને આવા જે સત્તા મંડળોની પોતાની જમીન ઉપર બાંધકામો થયા હોય, એને પણ આની અંદર નહીં આવરી લેતા આને નિયમબદ્ધ કરવા માટે છૂટ આપવી જોઇએ. એ ઉપરાંત જયારે મકાનો બને છે, કોમર્શિયલ સેન્ટરો ઉભા થાય છે, બહુમાળી મકાનો બને છે એવા સમયે જે નિયમ અનુસાર પાર્કીંગ હોવું જોઇએ એ પાર્કીંગ ન હોવાને કારણે જેટલું પાર્કીંગ ખૂટતું હતું એ પાર્કીંગના સામે પૈસા લેવામાં આવતા હતા અને એની સામે જમીન લેવાનો પ્રયત્ન થતો હતો અને આ બધું કરવા માટે કમિટીની નિયુકિત થઇ હતી અને એ કમિટી સમક્ષ પાર્કીંગના પ્રશ્નો માટે જવું પડતું હતું. એમાં પણ ઘણું બધું ડીલે થતું હતું અને એ ડીલેને પણ ઓછો કરવા માટે આપણે આ સુધારા વિધેયકની અંદર લઇ આવ્યા છીએ. આ ઉપરાંત ફીનું માળખું જે હતું એ અતિશય લેન્ઘી હતું અને એટલા માટે રાજય સરકારે એક ફોર્મ તૈયાર કર્યું. એ ફોર્મમાં જરૂરી વિગતો ઉંમેરવામાં આવી છે. બાકી જરૂરી ન હોય તેવી બાબતોને લાગુ નથી કરતા. હવે જ્યારે આપણી સામે બધા પ્રશ્નોની રજૂઆતો થઇ છે, ત્યારે સરકારે સંપૂર્ણપણે સૌને સાંભળીને એના ઉપર અવલોકનો, એમની રજૂઆતો બધી જ ઘ્યાને લઇને વધુ ૬ માસ માટે આ અનધિકૃત બાંધકામને નિયમિત કરવા માટે ૬ મહિના વધારે સમય લંબાવવા માટેનું રાજય સરકારે ઉચિત ગણ્યું છે, એટલા માટે રાજય સરકારે આજે આ વિધેયક છે, એની અંદર ૩ કલમો છે એ ૩ કલમોમાં સુધારા કરવા માટેનો રાજય સરકારે નિર્ણય કર્યો.

એક મેં કહ્યું તેમ જે કલમો છે, એમાં અન્ય કાયદા નીચે બીજી ફી લેવામાં આવે છે. ઇન્ક્રીમેન્ટલ, કોન્ટ્રીબ્યુશન, પ્રોપર્ટી ટેકસ એ બધું ન લેવું માત્રને માત્ર અનધિકૃત બાંધકામ થયેલ છે, એની ફી હોય તેટલી જ ફી લેવી તેટલો સુધારો છે. બીજો સુધારો છે ગુજરાત હાઉસિંગ બોર્ડની જમીન હોય, સત્તા મંડળની જમીન હોય, ગાંધીનગર શહેરની અંદર સરકાર દ્વારા આપેલ પ્લોટો ઉપર બાંધકામ કરવામાં આવેલ હોય તો તેવા જે બાંધકામો નહોતા નિયમિત થઇ શકતા. હવે એમને પણ આમાં આમેજ કરીએ છીએ. એના ઉપર બાંધેલ આવાસો એને પણ આપણે નિયમિત કરી શકીશું, એ પણ આની અંદર સુધારો કર્યો છે. ત્રીજો સુધારો કરેલ છે. મે કહ્યું તેમ જે પાર્કીંગ માટે જમીન લેવામાં સમય જતો અને આપણે તેની સમિતિ સમક્ષ રજૂઆત કરવી પડતી હતી, એને પણ આના અંદરથી મુકિત આપીએ છીએ. ૨૦૦ ચો.મી. સુધીનું જો પાર્કીંગ ખૂટતું હોય તો સમિતિ સમક્ષ જવાની જરૂર નથી. એના ઉપરથી પાર્કીંગ ખૂટતું હોય તો સમિતિ સમક્ષ જવું. આનો સુધારો પણ આપણે આ કાયદાની અંદર કર્યો છે. ૧૯-૨-૨૦૧૩ ના જાહેરનામામાં કેટલાક જાહેર જનતાને લાભો અપાવવા માટે પ્રયાસ થયા, તેમાં ૫૦ ચો.મી. સુધીનું બાંધકામ હોય ગ્રાઉન્ડ લેવલથી માંડીને અન્ય મજલાઓ સુધી તો એના બિલ્ટ અપ માટે રૂપિયા ૨૦૦૦ ઉચ્ચક ફી લેવી એવો નિર્ણય કર્યો છે. માત્ર ૨૦૦૦ રૂપિયા ઉચ્ચક ફી લઇને ૫૦ ચો.મી. સુધીના મકાનોને નિયમિત બનાવી શકાશે. ૫૦ ચો.મી. થી ૧૦૦ ચો.મી.નું બાંધકામ હોય તો ૪,૦૦૦ રૂપિયા ઉચ્ચક ફી લેવાની અને ૧૦૦ ચો.મી. થી વધુ અને ૨૦૦ ચો.મી. સુધીના જો મકાનો હોય તો બિલ્ટ અપ એરિયા માટે માત્ર ૮,૦૦૦ રૂપિયા ઉચ્ચક ફી લેવાની અને ૨૦૦ ચો.મી.થી ૩૦૦ ચો.મી. સુધીનું જો બાંધકામ હોય તો ૧૨૦૦૦ રૂપિયા ઉચ્ચક ફી લેવાની અને ૩૦૦ ચો.મી. થી વધુ, ૩૦૦ ચો.મી. સુધીના માટે ૧૨૦૦૦ રૂપિયા, પણ ૩૦૦ થી વધુ બાંધકામ કર્યુ હોય તો એક ચો.મી.ના ૧૦૦ રૂપિયા લેખે વધારાની ફી એમની પાસેથી વસૂલ કરવાની એવો નિર્ણય આજે કરીએ છીએ.

એ ઉપરાંત વાણિજય, ઔદ્યોગિક વિસ્તાર હોય કે હેતુફેર થયેલ હોય એ બધાને માટે એની ઉપર મેં ઉપર મુજબ દર કહ્યા તે લાગુ પડશે. ૫૦ ચો.મી. ની દુકાન હોય તો ૨૦૦૦ ઉચ્ચક દર, એ મુજબ આની અંદર આવરી લેવામાં આવેલ છે. કોઇ કોમન પ્લોટની અંદર અનધિકૃત બાંધકામ થયું હોય એને નિયમબદ્ધ કરવાનું હોય જેમણે એની અંદર બાંધકામ કર્યુ હોય તે તમામ નાગરિકો પોતે સંમતિ આપે તો આ જ નિયમની અંદર બાંધકામ નિયમિત કરી આપવું એ પ્રમાણેની જોગવાઇઓ રાજય સરકારે કરી છે. મેં કહ્યું તેમ પાર્કીંગ માટે કમિટી સમક્ષ જવાની જરૂર નથી. વધારાના પાર્કીંગ ૨૦૦ ચો.મી. કરતા જો પાર્કીંગ ખૂટતું હોય, જેટલું પાર્કીંગ ખૂટતું હોય તો જંત્રીના ૧૦ ટકા પ્રમાણે પૈસા ભરવા પડશે. જો કોમર્શિયલ અથવા બીજુ અન્ય બાંધકામ હોય તો જેના પાર્કીંગની જગ્યા ખૂટતી હોય, એ જંત્રીના દરના ૨૦ ટકા વધારાની ફી એમણે આપવી

પડશે. આ પ્રમાણે એને એકદમ સરળ બનાવી દીધું છે. આમ જે પ્રવર્તમાન અધિનિયમ છે. એમાં ૬(૧) ની કલમ, જેની અંદર મેં કહ્યું વધારાની ફી લેવામાં આવે છે તે આપણે રદ કરીએ છીએ. એ જ રીતે કલમ–૮(૧) ની અંદર જે સત્તા મંડળો છે અને અનધિકૃત દબાણો જેમણે કર્યા છે એ બધાને આની અંદરથી આપણે મુક્તિ આપીએ છીએ.

બીજી કલમ–૧૦ એ/૬ એની અંદર જે ખૂટતા પાર્કિંગ માટે ૧૦ ટકા જંત્રીના અને બાકીના માટે ૨૦ ટકા જંત્રીના લેવાના દરો આપણે નક્કી કરીએ છીએ અને બાકીની કલમ આપણે દૂર કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે હવે વધુ સરળ કરવા માટેના આપણા આ પ્રયત્નો છે અને હું માનું છું કે આખા ગુજરાત માટે માત્ર બે હજાર રૂપિયાનો દર લઇને આ મકાનો નિયમિત કરી શકીશું. જયારે આ જાહેર થયું છે ત્યારે તેનો ઉત્સાહ અને ઉમંગ અનેક લોકોમાં છે. લોકો પણ આગળ આવશે. રાજયની અંદર જેટલા પણ અનધિકૃત બાંધકામો થયા છે, તે બધાને આવતા છ મહિનાની અંદર તેમણે અરજી કરી દેવાની છે અને ત્યારપછી અરજી નહીં કરી શકે. છ મહિનાની અંદર અરજીઓ કરે અને તેના માટે જે ફોર્મ બનાવ્યું છે તે રાજય સરકાર દ્વારા જે તે વિભાગો, સત્તામંડળો વગેરેને મોકલી આપવામાં આવશે અને એક અભિયાનના સ્વરૂપમાં આને લઇને રાજયમાં જેટલા અનધિકૃત બાંધકામોને નિયમિત કરવા માટેના પ્રયત્નો કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર**(**દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજુ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ગુજરાત અનધિકૃત વિકાસ બિલ તે ૨૦૦૧માં આવ્યું. ત્યારબાદ ૨૦૧૧ની અંદર આ બિલ ફરી પાછું આવ્યું અને તે બિલ આવ્યા બાદ કોંગ્રેસ પાર્ટીએ જે સરકારની જવાબદારી હતી કે આ બાંધકામો ગેરકાયદેસર કઇ રીતે થઇ ગયા? ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગને લાગુ પડતું હતું ત્યારે કોંગ્રેસ પાર્ટીએ આ બિલને સર્વાનુમતે ટેકો આપ્યો હતો. આ બિલ માનનીય ગવર્નર પાસે ગયું અને ગવર્નર પાસેથી આ બિલ પરત આવ્યું અને ત્યારબાદ આ બિલ ઉપર ફરી ચર્ચા થઇ. માનનીય મંત્રીશ્રીએ તેમના નિવેદનમાં જે વાત કરી કે જે બે હજાર રૂપિયામાં જે ગેરકાયદેસર બાંધકામો થયેલા છે અને ત્યારબાદ બાર હજાર રૂપિયાની ફીની જે વાત કરી તે કોંગ્રેસ પાર્ટી તરીકે અમે ટેકો આપીએ છીએ. આ બિલની અંદર જે ગેરકાયદેસર બાંધકામો થયેલા છે અને તેના માટે જે બે હજાર રૂપિયાની ફી નકકી કરેલી છે તેને કોંગ્રેસ પાર્ટી ટેકો આપે છે. જે રીતે ગેરકાયદેસર બાંધકામો થયા, જેની સંખ્યા ગુજરાતની અંદર ૨૫ લાખ કરતાં વધુ છે. ગેરકાયદેસર બાંધકામની સંખ્યા ૨૫ લાખ કરતાં વધુ છે. ઇમ્પેકટ ફીના કાયદાથી ચાર વખત ઇમ્પેકટ ફીમાં ઘટાડો કરવામાં આવ્યો અને ત્રણ વખત તેની મુદત વધારવામાં આવી. જે માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે તેમાં ખાસ કરીને સને ૨૦૧૧નો ગુજરાતનો ૨૬મો, આમાં છાપવામાં ટાઇપીંગ મીસ્ટેક થઇ છે. ૨૭ની જગ્યાએ ૨૬મો લખાયેલ છે. તેની અંદર **સુસંગત કાયદા હેઠળ અને કોઇ હોય તો તેટલી ફી**. મારે એ વાતનું ધ્યાન દોરવું છે કે ખાસ કરીને ગઇ વખતે જે બિલ આવ્યું તે બિલની કોપી નવા મિત્રો પાસે નહીં હોય. તેની કલમો જૂની કલમો છે. આમાં સુધારો કરવામાં આવેલ છે. તેમાં કલમ.૬ મુજબ પેટા કલમ.૧ અને કલમ.૮ પેટા કલમ.૧ માં ખંડ (ખ)માં સુધારો કરવાનું સચવ્યું છે. આમાં લખ્યું છે કે, ‘‘પરંતુ ખંડો (ક) અને (ખ)માં ગમે તે મજકુર હોય તેમ છતાં સરકાર અથવા સ્થાનિક સત્તા મંડળે અથવા વૈધાનિક મંડળે સંપાદિત કરેલી અથવા તેની માલિકીની જમીન સરકારે નકકી કરેલા કોઇ વ્યક્તિને ફાળવેલી હોય અથવા ત્રીસ વર્ષ અથવા તેથી વધુ મુદત માટે પટ્ટેનો મતલબ કે ભાડાપટ્ટે આપેલી હોય, તેની ઉપર જે ગેરકાયદેસર બાંધકામ કરેલ હોય તેને કાયમી કરવાનું.’’ આની અંદર જોગવાઇ કરવામાં આવી છે. એકબાજુ વાત કરવામાં આવે છે કે ગઇ વખતના બિલની અંદર લોકોને ફી ભારે પડતી હતી અને ફીના લીધે આ બિલ લાવવામાં આવ્યું છે. આમાં આ બે વાતો અલગ અલગ છે. પહેલી વાતને અમે ટેકો આપીએ છીએ જેમાં ફીનું ધોરણ નકકી કરવામાં આવ્યું છે. બીજું કલમ.૬ અને ૮માં જે સુધારો કરવામાં આવ્યો છે તેમાં અમારો વિરોધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, ગઇ વખતે, એ વખતના માનનીય મંત્રીશ્રીએ આ સભાગૃહમાં કહ્યું હતું, જયારે કલમ ૮ની વાત કરી ત્યારે બિલમાં ચોખ્ખું જ લખ્યું છે કે, જે સંજોગોમાં અનધિકૃત વિકાસને નિયમિત કરી શકાશે નહીં, તે સંજોગોમાં તે વખતની કલમમાં લખ્યું હતું

અને આમાં (ક)માં લખ્યું છે કે નીચેની કોઇપણ જમીનો ઉપર અનધિકૃત વિકાસ કરવામાં આવ્યો હશે ત્યારે તે કિસ્સામાં અનધિકૃત વિકાસને નિયમિત કરી શકાશે નહીં. આ ગઇ વખતના બિલમાં હતું, અને આમાં લખ્યું છે (ક)માં કે સરકાર સ્થાનિક મંડળ અથવા વૈધાનિક મંડળની માલિકીની જમીનની દ્દષ્ટિએ હેતુ માટે સરકાર, સ્થાનિક સત્તા મંડળ અથવા વૈધાનિક મંડળે સંપાદિત કરેલી અથવા ફાળવેલી જમીન, માનનીય અધ્યક્ષશ્રી, આનો મતલબ એમ થાય છે અને એ વખતે માનનીય અધ્યક્ષશ્રી, તે વખતના માનનીય મંત્રીશ્રીનું નિવેદન હું કહેવા માગું છું. સરકારની નીતિ, નિયમ અને નિયતનો આની અંદર સવાલ ઉભો થાય છે, તે વખતના માનનીય મંત્રીશ્રીએ આ વિધાનસભા ગૃહમાં કહ્યું હતું કે સરકારની જવાબદારીનું પણ અમે પૂરેપૂરું ધ્યાન રાખ્યું છે, સરકારની મિલકતો ઉપરની ગમે તે કાળજી રાખીને આ બિલની કલમ–૮ ઉપર જે જોગવાઇ કરી છે, તેમાં બધી છૂટછાટો આપ્યા પછી પણ કલમ–૮માં જે જગ્યા બતાવેલી છે, કે જે રેગ્યુલરાઇઝ થઇ શકે નહીં, એમાં સરકારી જમીન હોય, સ્થાનિક સત્તા મંડળની જમીન હોય, વૈધાનિક મંડળની માલિકીની જમીન હોય, કોર્પોરેશન હોય, નગરપાલિકા હોય, ઔડા, સુડા, રૂડા હોય. આવી જમીનો ઉપર કોઇપણ દબાણો કરવામાં આવેલા હશે એ દબાણોની જમીનોને, એ જે પ્રોપર્ટીઓ છે એને કોઇપણ સંજોગોમાં રેગ્યુલરાઇઝ કરવામાં નહીં આવે એવું એ વખતના શહેરી વિકાસ વિભાગના મંત્રીશ્રીએ, એમણે આ વિધાનસભાગૃહમાં આપેલું નિવેદન મેં માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીની સમક્ષ કહ્યું છે. ત્યાર બાદ આ બિલ ફરી પાછું ગવર્નર પાસે ગયું, અને ગવર્નર પાસે ગયા પછી એ બિલ જયારે વિધાનસભા ગૃહ સમક્ષ પરત આવ્યું ત્યારે પણ તે વખતના શહેરી વિકાસ વિભાગના મંત્રીશ્રીએ આ સભાગૃહને ખાતરી આપી હતી.

હું આ માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, માનનીય ગવર્નર સાહેબે, બે વખત રિજેક્ટ કરીને આ કાયદા અંગે તમારા મનમાં કોઇપણ વિચાર કે વધુ વિગતો જોઇતી હોય તો, તેના માટે સમય આપ્યો છે, હું તમારી પાસે આવીને સ્પષ્ટતા તો કરીશ જ, આપને પૂરક માહિતી આપીશ, આપને સો ટકા સંતોષ થાય એવો મારો પ્રયત્ન રહેશે, માનનીય ગવર્નર સાહેબે ટાઇમ આપ્યો એ પ્રમાણે હું અને મારા વિભાગના અધિક સચિવ, માનનીય અધિકારીઓ ગવર્નર સાહેબ પાસે ગયા હતા, અને પહેલી વખતે કેટલીક સ્પષ્ટતા માગી હતી કે જે રાજયોમાં જે કાયદો છે, એ કાયદા પ્રમાણેનું જ આની અંદર કરવામાં આવ્યું છે, જેમ મંત્રીશ્રીએ વાત કરી, દિલ્હીથી માંડીને બીજી જગ્યાએ એનો કાયદો છે, સરકાર જયારે એક વખત આ વિધાનસભાગૃહમાં જે બિલ પાસ થઇ ગયું છે, અને એ બિલ તમામ પક્ષોએ, કોંગ્રેસ પાર્ટીએ જયારે ટેકો આપીને એ બિલ જયારે પાસ થયું છે, આમાં અનધિકૃત બાંધકામની વાત છે, ગરીબ અને મધ્યમવર્ગની વાત છે, કોંગ્રેસ પાર્ટી સરકારની સાથે છે, પણ જે રીતે જે લોકોને ૩૦ વર્ષ માટે, ૯૯ વર્ષ માટે કે જે લોકોએ સરકારની જમીન પચાવી પાડી છે. જમીન પચાવ્યા બાદ સરકારના ધ્યાન ઉપર હોવા છતાં પણ સરકારે એની તરફ ધ્યાન નથી આપ્યું, અને ત્યાર બાદ આ જમીનો ઉપર સરકારી જમીન ઉપર કે જે સરકારી જમીનો કે જે પ્રજાની જમીનો છે, પ્રજાની માલિકીની જગ્યા છે, તો જો આપણે છ કરોડ જનતાની વાત કરતા હોઇએ તો સરકારની જમીનો ઉપર જે ગેરકાયદેસર બાંધકામો થયેલાં છે, એને માટે આજે આ સભાગૃહમાં માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવેલ છે, એને કાયમ કરવાની વાત છે, તો ત્યારે સરકાર શું કરતી હતી?

જયારે આ બિલ લાવ્યા, આ બિલની અંદર કલમોની જોગવાઇ હતી, એમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું હતું કે ભવિષ્યની અંદર પણ આ કલમોમાં સુધારો કરવામાં આવશે નહીં, સરકારશ્રી જયારે આ બિલ લઇને આવી છે ત્યારે મારે ધ્યાન દોરવું છે કે, એવાં કયાં કારણો પેદા થયાં, એવા શું સંજોગો પેદા થયા? ચૂંટણીનું વર્ષ હતું અને આ વિધાનસભાગૃહની અંદર બધાને ખબર હતી કે સરકારની અંદર કોર્પોરેશનની અંદર જ્યાં પણ શહેરોની અંદર ૭ મહાનગરપાલિકા હોય કે ૧૫૯ નગરપાલિકા હોય ત્યાં ગેરકાયદેસર બાંધકામો થયા જ છે. સરકારે કાયદો બનાવ્યો પણ જેની નીગરાની હેઠળ આ ગેરકાયદેસર બાંધકામો થયા હતાં એની સામે કોઇ પગલાં લેવાનો એ વખતે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો, આ વખતે પણ એ જગ્યાએ સરકારની જે જમીનો છે એમાં મારે સરકારને કહેવું છે કે, મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે, આપ જે

વસ્તુ લઈને આવ્યા છો એમાં મારે આપનું ધ્યાન દોરવું છે કે, જે જગ્યાએ જે સરકારી જમીન ઉપર કોઇ ગરીબ માણસે કે મધ્યમ વર્ગના માણસે કદાચ મકાન બાંધ્યું હોય તો એને કાયમી કરવા માગતા હોય તો કોંગ્રેસ પાર્ટી ટેકો આપવા માટે તૈયાર છે, પણ એવા લોકો કે જયાં આજે અમદાવાદ શહેરની વાત હોય કે બીજી સાત મહાનગરપાલિકાની વાત હોય કે ૧૫૯ નગરપાલિકાની વાત હોય તો જ્યાં ગરીબ વસતિ છે, જે ગરીબ લોકો રહે છે એ ગરીબ લોકોની વસતિની અંદર મકાનની કોઇ યોજના આ સરકાર લાવતી નથી.

મારે ફકત એટલું જ કહેવું છે કે સરકારી જમીનો ઉપર જે લોકોએ ગેરકાયદેસર બાંધકામો કરેલા છે, એ ગેરકાયદેસર બાંધકામોમાં અગર ઝૂંપડપટ્ટીઓ કે ગરીબ માણસે મકાન બાંધ્યું હોય અને એને કદાચ સરકાર કાયમી કરવા માગતી હોય તો અમે એને ટેકો આપવા તૈયાર છીએ. એવી વ્યક્તિઓ છે કે જે વ્યક્તિઓએ એમાં હોસ્પિટલો બનાવી દીધી છે, એવી વ્યક્તિઓ કે જેણે ઔદ્યોગિક એકમો નાંખી દીધા છે, એવી વ્યક્તિઓ કે ટ્રસ્ટના નામે સરકાર પાસેથી જગ્યાઓ લીધેલી છે અને જે રીતે મંત્રીશ્રીએ વાત કરી કે હેતુફેર માટે પણ આની અંદર પ્રોવિઝન છે, તો હેતુફેરના લીધે પણ જે લોકોને આનો લાભ મળશે. સરકારે કોઇ વ્યક્તિને જ્યારે જગ્યા આપી હોય ત્યારે એણે શિક્ષણના નામ પર માગી હોય, સરકારે જયારે જગ્યા આપી હોય ત્યારે એ લોકોએ કહ્યું હશે કે અમારે દવાખાનું બાંધવું છે કે અમારે હોસ્પિટલ બાંધવી છે અને સરકારે એને જગ્યાઓ આપી હશે. આજે જે જગ્યાઓ શાળાઓ માટે, કોલેજો માટે માગી હતી, શૈક્ષણિક હેતુ માટે માગી હતી, મેડિકલના હેતુ માટે હોસ્પિટલ બાંધવા માટે જયાં માગી હતી, એ જગ્યાઓ ઉપર જે લોકો ઔદ્યોગિક રીતે ઉપયોગ કરતા હોય. માનો કે ત્યાં બંગલાઓ બનાવી દીધા હોય, ઉદ્યોગો કે કારખાના નાંખ્યા હોય, એવા લોકોને આ સરકાર દ્વારા ખોટું પ્રોત્સાહન આપવામાં આવી રહેલું છે અને કોંગ્રેસ પાર્ટી એનો વિરોધ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી દરમ્યાન ગરીબ વર્ગના માણસની વાત થઇ, સરકારની નીતિ સામે આમાં સવાલ થાય છે કે, નીતિની વાત કરે છે સરકાર, સરકારે જે નીતિ બનાવી એ નીતિના આધારે ૨૦૧૧ની અંદર આ જ વિધાનસભા ગૃહની અંદર બિલ લાવવામાં આવ્યું. એના નિયમો બનાવવામાં આવ્યા. એના કલમ ૬ અને કલમ ૮ એના એ જ રહેશે. એમાં કોઇપણ સુધારા વધારા કરવામાં નહીં આવે. સરકારે નીતિ બનાવી, સરકારે નિયમ બનાવ્યો અત્યારે સરકારની નીયત પર સવાલ ઉભો થયો છે. એવી શું જરૂરિયાત ઉભી થઇ કે જે જરૂરિયાતના આધારે આજે સરકારી જમીનો જે લોકો મોટા ઉદ્યોગપતિઓ હોય, જે મોટા બિલ્ડર હોય કે જેણે એ જમીન પચાવી પાડી છે એવા લોકોની બાંધકામ કરેલી જગ્યા ઉપર આ સરકાર એને કાયમી કરવા માટે જઇ રહી છે. આ ગુજરાતની ૬ કરોડની જનતાનું અપમાન છે. આ પ્રોપર્ટી કોઇ વ્યક્તિની નથી, આ પ્રોપર્ટી કોઇ પાર્ટીની નથી, આ પ્રોપર્ટી ૬ કરોડ ગુજરાતીઓની છે. ૬ કરોડ ગુજરાતીઓની પ્રોપર્ટી માટે કોઇ નિયમ બનાવે અને બિલ બનાવીને આ વિધાનસભા ગૃહમાં એમાં ફેરફાર કરવામાં આવે અને બહુ સિફતપુર્વક અને બહુ જુદી રીતે ચૂંટણી પહેલા શહેરોની અંદર ભારતીય જનતા પાર્ટીને મતો લેવા હતા એટલે ઇમ્પેક્ટ ફીની વાત કરી હતી અને બહુ સ્પષ્ટ વાત કરી હતી, ઇમ્પેક્ટ ફીના આધારે અમે ગુજરાતની અંદર આઠ મહા નગરપાલિકાઓ અને ૧૫૯ જે નગરપાલિકાઓ છે એમાં ગેરકાયદેસર બાંધકામો થયેલા છે એને કાયમી કરવા માંગીએ છીએ. આ નીતિ ઘડી હતી.

અધ્યક્ષશ્રીઃ પ્લીઝ શાંતિ રાખો, એમને સાંભળવા દો, શું બોલ્યા એનો સવાલ નથી તમારે બિલ પાસ કરાવવું છે ને? તમારું મૂળ કામ છે એ રાખોને, બાકી બહુ એવી પોલિટીકલ સ્પીચ કહે ત્યારે વિરોધ કરજો.

શૈલેષ મ. પરમાર : ચૂંટણી વખતે શહેરોની અંદરથી મતો લેવા હતા એટલા માટે ઇમ્પેક્ટ ફીની વાત કરીને કલમ ૬ અને કલમ ૮, એમને ખ્યાલ હતો કે કલમ–૬ અને કલમ–૮ જો અમે એનો ઉપયોગ અત્યારે ઇમ્પેક્ટ ફીની અંદર ગરીબ માણસની વાત કરી છે, અમે મધ્યમ વર્ગની વાત કરી છે, એની સાથે અમે કલમ–૬ અને કલમ–૮નો ઉમેરો કરીશું તો આ બિલ પાસ નહિ થાય, કોંગ્રેસ પાર્ટીનો ટેકો નહિ આવે, ગવર્નરમાં બિલ પાસ નહિ થાય, ચૂંટણી પતી ગઇ, મતો લઇ લીધા, આજે જુદી રીતે આ બિલ રજૂ કરવામાં આવ્યું, એ જ કલમ–૬, એ જ કલમ–૮ કે જે સરકારની પ્રોપર્ટી છે, માનીતા લોકોને આ પ્રોપર્ટી સરકારી ભાડાપટ્ટે

આપેલી છે, એવી મિલકતો આજે સરકાર એમને ધરી દેવા જઇ રહી છે અને આ મિલકતો છે એ ગુજરાતની જનતાની છે, ભાડાપટ્ટે આપેલ હોય એનો મતલબ થતો હોય છે, સરકાર નક્કી કરે કે આ વ્યક્તિને આ ભાડાપટ્ટે આપી છે એમાં સ્કૂલ બનાવવાની હોય, એમાં હોસ્પિટલ બનાવવાની હોય,

અધ્યક્ષશ્રીઃ હવે કોઇ વિષય ના હોય તો બેસી જવાય હો, આપણને મિનિટ આપી હોય એટલું બોલવું જરૂરી નથી. વિષય હોય તો બોલો.

શૈલેષ મ. પરમાર : છે, છે. બધું જ છે. માનનીય અધ્યક્ષશ્રી. મારે ફક્ત એટલું જ કહેવું છે કે જે રીતે જૂની કલમોની અંદર જે બિલ લઇને આવ્યા હતા એમાં ક્લીયર જ છે કે કલમ-૧૪ મુજબ આની અંદર સુધારો નહિ આવી શકે, એમાં કલીયર જ લખેલું છે કે કલમ-૧૪ મુજબ કાયદાની જોગવાઇ મુજબ રાજ્યપાલશ્રીએ જે ૧૦ મુદ્દા આપ્યા હતા. જેના ઉપર આ હાઉસે ચર્ચા વિચારણા કરી હતી, એમાં કલીયર જ લખેલું હતું કે કાયદાની કલમ-૧૪(૧) ઉપર હું આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, આ કાયદાની કલમ-૧૪(૧) હજી આજે પણ જોગવાઇમાં છે. એમાં હું આપને વાંચી સંભળાવું છું કે, આ જોગવાઇ મુજબ અથવા આ હેઠળ કોઇપણ નિયમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કોઇપણ કૃત્ય સામે કોઇ અધિકારી સામે, સત્તામંડળ સામે ફરિયાદ અને કાનૂની કાર્યવાહી થઇ શકશે.આ રીતનો ઉલ્લેખ કરેલો છે.

અધ્યક્ષશ્રીઃ એક મિનિટ. શું છે આપને?

શ્રી પિયુષ દેસાઇઃ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, મંત્રીશ્રી વાંચીને બોલી શકે છે પરંતુ આ માનનીય સભ્યશ્રી જ્યારથી ઉભાં થયાં છે ત્યારથી વાંચીને બોલે છે, એક પણ મુદ્દો વાંચ્યા વગર બોલ્યા નથી.

અધ્યક્ષશ્રીઃ એમ નહિ. એ વાંચીને નથી બોલતાં. મુદ્દાની નોંધ થઇ શકે છે. નોંધ કરવાની છૂટ છે.

શ્રી પિયુષ દેસાઇઃ એ છૂટ છે પણ એ ફક્ત વાંચીને જ બોલે છે.

અધ્યક્ષશ્રીઃ નહિ, એમ નથી કરતાં અહીંયા હું જોઇ રહ્યો છું. અહીંયા જોવાય છે. કાગળ બહાર નથી નીકળતાને? એટલી તો મર્યાદા છે.

શ્રી શૈલેષ મ. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, મારે ફક્ત સભાગૃહનું ધ્યાન દોરવું છે કે ભૂતકાળમાં જ્યારે બિલ લઇને આવ્યા અને સર્વાનુમતે જ્યારે પાસ થયું હોય અને એ કલમોમાં સુધારો લઇને આવ્યા.. ઇમ્પેક્ટ ફીની અંદર ૨૦૦૦ થી વાત કરીને, ૧૨ હજારની વાત કરીને, એની સાથે કલમ-૬ અને ૮ ને જોડીને માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ કોઇપણ સંજોગોમાં સ્વીકારી શકાય તેમ નથી, માટે અમે આ બિલનો વિરોધ કરીએ છીએ.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ The Gujarat Regularisation of Unauthorised Development (Amendment) Bill, 2013 લઇને આવ્યાં છે તેમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર ચર્ચા કરું તે પહેલાં માનનીય શૈલેષભાઇની વાત પણ મેં સાંભળી. આજના એમેન્ડમેન્ટ બિલની અંદર ફકત અને ફકત ત્રણ સેકશનની ઉપર સુધારો લઇને મંત્રીશ્રી આવ્યાં છે ૬, ૮ અને ૧૦. ૧૪ નંબરના સેકશન ઉપર કોઇપણ જાતનો સુધારો આ એમેન્ડમેન્ટ બિલમાં લાવવામાં આવ્યો નથી એવું હું આપના ધ્યાન ઉપર મૂકવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સેકશન-૮ના સુધારા ઉપર આપને વાંધો છે. મારે તમારા ધ્યાન ઉપર લાવવું છે કે, સેકશન-૮ આજે પણ બિલમાં ચાલુ છે. આજે પણ એકટની અંદર સેકશન-૮ ચાલુ છે મિત્રો, પણ ફકત એક પ્રોવિઝો દાખલ કરવામાં આવ્યો છે. એટલે જે ઓરીજીનલ પ્રોવિઝન છે સેકશન-૮માં તેમાં તમે કહો છો તે પ્રમાણે 'An unauthorised development shall not be regularised.' ઓ.કે. બરાબર જ છે, '..in a case where unauthorised development is carried out on any of the following lands namely, (a) land

belonging to Government, local authority or statutory body, and (b) land acquired or allotted by the Government, local authority or statutory body for a specific purpose". આ જે તમે રિફર કરો છો ૮ નંબરનું સેકશન તે આજે પણ આ બિલની અંદર છે. આ કાયદામાં આજે પણ છે. સરકારે તેને ઉઠાવી નથી લીધો. માનનીય મંત્રીશ્રીએ ફકત જે તકલીફ હતી, તેને દૂર કરવા માટે પર્ટિકયુલર ઉદ્દેશ્ય સેકશન પૂરતું, સમાજનો કેટલોક વર્ગ એવો હતો, કેટલીક જગ્યાઓ એવી હતી કે જેની અંદર સરકારી ભાવે, નક્કી કરેલા ભાવે પૈસા ભરીને જો આ સરકારી જમીન મેળવવામાં આવી હોય અથવા ત્રીસ વર્ષ કે તેના કરતાં વધુ સમય માટે સરકારે તેને કાયદેસર લીઝ આપી હોય અને આની ઉપર જે બાંધકામો થઇ ગયા હોય તેને ઓથોરાઇઝ કરી આપવા જોઇએ. બહુ સ્વાભાવિક છે કે જે જગ્યાના કરોડો રૂપિયા સરકારને ભરીને તેના ઉપર જો ડેવલપમેન્ટ ના કરવાનું હોય, તેના ઉપર ડેવલપમેન્ટ કરવાની જો સત્તા જ ના હોય તો પછી આના પૈસા કોણ ભરે ? (અંતરાય) એ જગ્યા બધી તમે આપેલી છે.

અધ્યક્ષશ્રી : રણજીતભાઇ, તમે આ તરફ જોઇને વાત કરો.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : સોરી, સર. એટલે તેની અંદર વધારાનો એક પ્રોવિઝો દાખલ કરવામાં આવ્યો છે. મૂળ સેકશન-૮ ચાલુ રહે છે, એની અંદર મંત્રીશ્રીએ એક પ્રોવિઝો દાખલ કર્યો છે. "Provided that notwithstanding anything contained in clauses (a) and (b).." કે જેમાં આ રિસ્ટ્રીકશન છે બાંધકામ માટેનું 'in case of following lands, namely, - land acquired by Government or belonging to Government, local authority or statutory body is allotted to any person at the rate as decided by the Government or is given on lease for a period of 30 years or more, the Designated Authority may regularise unauthorised development on such land subject to other provisions of the Act." આમાં કયાંય ખોટું થતું નથી. જેને પૈસા ભરીને જગ્યા લીધી છે સરકારી ભાવે, બજાર ભાવે કે valuer દ્વારા આપેલાં ભાવે જેણે જગ્યા લીધી હોય તેને ઓથોરાઇઝ કરવા માટેની સત્તા મળવી જોઇએ કાયદામાં, એટલે એ પણ તેમણે આપેલી છે.

એમ.એલ.એ.ને પ્લોટ આપવામાં આવ્યો છે. મારા ધ્યાને મૂકાયું છે તે પ્રમાણે એ પ્લોટ સરકારે તમને આપેલો હોય અને તમે એમ કહો કે જગ્યાને ખાલી ઘાસ ઉગાડવા માટે અમે રાખી મૂકવાના હતા. આ કાયદા પ્રમાણે તમારે તેના ઉપર ફકત ઘાસ ઉગાડવું પડશે મિત્રો. પણ માનનીય મંત્રીશ્રીએ આપણી લાગણી ધ્યાને રાખીને આપણે પોતાનો બંગલો ગાંધીનગરમાં આ જગ્યા ઉપર બાંધી શકો એટલા માટે પણ આ પ્રોવિઝનની અંદર જગ્યા આપવામાં આવી છે. એટલે આ પ્રોવિઝો એટલે દાખલ થયો છે કે જેથી માનનીય ધારાસભ્યશ્રીઓ અને સંસદ સભ્યશ્રીઓને ફાળવવામાં આવેલી જમીન ઉપર એ લોકો ઘાસ નહીં ઉગાડે પણ પોતાનો સરસ મજાનો બંગલો બાંધીને ત્યાં રહી શકે એટલા માટે આ જગ્યા રાખવામાં આવી છે. એટલા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. આ આપ સૌના લાભા માટેની જગ્યા છે. આમાં સરકારે તેના મૂળ પ્રોવિઝનને છોડયું નથી. એના મૂળ પ્રોવિઝનને જરા પણ ટચ કર્યા વગર જેને જેને લાભ આપવા જેવો હોય તેને જ લાભ આપવાનો માનનીય મંત્રીશ્રીનો પ્રયત્ન છે, અને હું માનું છું કે એમાં કયાંય કોઇ ખોટું થતું નથી અને તેથી હું આ સેકસનના સુધારાને પણ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ત્રણ એમેન્ડમેન્ટ માનનીય મંત્રીશ્રી લાવ્યા છે તેમાં પ્રિન્સિપલ એક્ટ-૨૦૧૧ની કલમ ૬(૧) માં એક સુધારો સૂચવવામાં આવ્યો છે. આમા જે તે સમયે ઇમ્પેક્ટ ફી માટેની મંજૂરી આપે, અન ઓથોરાઇઝ બાંધકામને ઓથોરાઇઝ કરતી વખતે ડેઝીગ્નેટેડ ઓથોરીટી જે મંજૂરી આપે છે, તે મંજૂરીની અંદર એ લખે છે કે તમારે ઇમ્પેક્ટ ફી ના કાયદા પ્રમાણે આટલા પૈસા ભરવાના રહેશે. ઉપરાંત અન્ય કોઇ કાયદા, આ જગ્યાને લાગુ પડતા હોય તો તે કાયદાની પણ આ ફી ભરવાની રહેશે. મિત્રો, તમારી ઇમ્પેક્ટ ફી કરતા એ કાયદા દ્વારા ભરવાની થતી ફી ઘણી બધી મોટી આવતી હોવાના કારણે એ અરજદારો, મકાન માલિકો, કબજેદારો આ ઇમ્પેક્ટ ફી ના કાયદાનો લાભ લેવા આવતા નથી, અને તેથી તેમને રાહત આપવા માટે જ આ પ્રોવિઝન કરવામાં આવ્યું છે, નહીં કે કોઇના લાભાર્થે, ફકત અને ફકત આટલી જ વાત છે આની અંદર, એટલે સેકસન ૬ માં ફકત If any payable under the relevant law and the fees આ શબ્દો ડીલીટ કરેલા છે, કોઇ નવું પ્રોવિઝન કરેલું નથી. પરંતુ આના કારણે ઉંચી ફી જે ભરવી પડતી હતી તે ન ભરવી પડે એટલા માટે આ શબ્દો ડીલીટ કરેલા છે. આ સિવાય સેકસન ૬(૧) માં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું સુરત શહેરમાંથી આવું છુ, સુરત પૂર્વ મારો વિધાનસભા મત વિસ્તાર છે, કોટ વિસ્તાર છે, અને વર્ષોથી ત્યાં જે વસતિ રહે છે તેમાં ૬૦ હજાર કરતા વધુ મકાનો ગાળા ટાઇપના છે, તેમાં વધુ ડેવલપમેન્ટની કોઇ શકયતા નથી, ત્યારે મારે કહેવું જોઇએ માનનીય અધ્યક્ષશ્રી, કે આ કોટ વિસ્તારમાં સરકારી સનદથી ફાળવેલી જગ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય વલ્લભભાઇ.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : સર હું બે જ મિનિટમાં પૂરું કરું છું.

અધ્યક્ષશ્રી : એટલા માટે કે હવે સમય નથી, તમે કહેતા હો તો હું બે ત્રણ સભ્યોને ઓછા કરી નાખું.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, સુરતના રાજ માર્ગ પર સુરતથી સ્ટેશન જતા રોડ પર ૫૦ ટકા જેટલી જમીનો ૧૮૯૦ની સાલથી સો વર્ષની લીઝથી નાના નાના ગરીબ લોકોને આપવામાં આવેલી છે. એના ઉપર થયેલા ડેવલપમેન્ટ છે અને આ ડેવલપમેન્ટને તોડી નાખવા પડે અધરવાઇઝ જો એને રેગ્યુલરાઇઝ ન કરવામાં આવે. એટલા માટે આ સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. પ્રિન્સિપલ એક્ટની કલમ ૮ની સબ સેકશન ૧ પ્રમાણે સરકારી, લોકલ ઓથોરીટી કે સ્ટેચ્યુટરી બોડી, તેના મેં જવાબો આપ્યા છે, શૈલેષભાઇને તેનો જવાબ હું આપી ચૂકયો છું.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ, આનંદીબેન પટેલ અનઅધિકૃત બાંધકામ સુધારા બિલ ૨૦૧૩ લઇને આવેલ છે એમને હું આવકારું છું અને એના સમર્થનમાં મારી વાત કહેવા માગું છું. મારો વિસ્તાર પૂર્વ અમદાવાદમાં ઠકકરબાપાનગર વિધાનસભા વિસ્તારની આજુબાજૂના વિસ્તારમાં મોટા ભાગે રો-હાઉસ, ટેનામેન્ટ, ચાલી પ્રકારના મકાનોમાં લોકો વસવાટ કરી રહ્યા છે. એમાં હીરાના કારખાના હોય, એમ્બ્રોઇડરીના કારખાના હોય અને હજારો લોકો એમાં રહી અને રોજગારી મેળવે છે અને પોતાનું ગુજરાન ચલાવે છે. એ વખતની કોંગ્રેસની સરકાર જયારે સીલીંગ એકટ લાવેલી ૧૯૭૬નો કાયદો, એ સીલીંગ એકટના હિસાબે એ વખતે આ ગેરકાયદેસર બાંધકામો બધા થયેલા છે. આ મિત્રોને ખબર ન હોય તો એ જાણી લે કે આ ગેરકાયદેસર બાંધકામો કયારે થયા છે. આ નીતિના હિસાબે મારા વિસ્તારમાં અને આજુબાજુ ૮૦ થી ૯૦ ટકા અનધિકૃત બાંધકામ થયેલા છે અને આ બધા ૧૦ રૂપિયા કે ૨૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર લખાણવાળા છે.

હમણાં મારા મિત્રએ વાત કરી કે ચૂંટણી ટાઇમે લાલચો આપી હતી. મારે એટલું જ કહેવાનું કે ચૂંટણી ટાણે લાલચો તો કોંગ્રેસ પક્ષે આપી હતી. ઘરનું ઘર માટે લાઇનોની લાઇનો લગાડી હતી. ચૂંટણી પતી ગઇ એટલે ઘરનું ઘર વેચવા નીકળ્યા હતા. આવા અનધિકૃત બાંધકામના હિસાબે લોકોને પોતાના મકાન ઉપર નાની લોન લેવી હોય તો પણ મળતી નથી. દીકરા કે દીકરીને ભણાવવા માટે લોન જોઇતી હોય તો એ પણ મળતી નહોતી. કાયદેસર રીતે ડ્રેનેજ કે પાણીની

લાઇન નહિ મળવાના કારણે લોકો ચિંતાતૂર અને પરેશાન હતા. આ વર્ષોની સમસ્યા દૂર કરવા માટે ગયા વર્ષે ઇમ્પેકટ ફીનો કાયદો લાવવામાં આવ્યો અને એ અમલમાં છે. આમાં જે જોગવાઇઓ હતી કે છ મીટર પહોળો રસ્તો હોવો જોઇએ, જુદા જુદા માળની અલગ અલગ ફી, ૫૦૦ મીટરમાં પાર્કીંગ પ્લોટ હોવો જોઇએ. એન્જિનીયર રાખવા પડે, એ એન્જિનીયર મળે નહિ અને એના ફીના ધોરણ પણ ઉંચા હોય આ બધી તકલીફો દૂર કરવા માટે આ સરકાર કાયદો લાવી છે. માનનીય મંત્રીશ્રી આનંદીબહેનને એટલા માટે હું ધન્યવાદ આપું છું. આવો સરળ કાયદો લાવવા બદલ લોકોમાં વિશ્વાસ ઉભો થયો છે. આ નોટિફિકેશન જયારે બહાર પડયું ૧૯-૨-૨૦૧૩ના રોજ, ત્યારપછી લોકોને એમ થયું કે હવે આપણે ફી ભરી શકીશું. પછી બીજા જ દિવસે મારા વિસ્તારમાંથી ૮૦ જેટલી સોસાયટીઓના ચેરમેનો અને સેક્રેટરીઓ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા અહીંયા આવ્યા હતા. આ બિલમાં જે રીતે રાહતો આપી છે એ ૫૦ મીટરમાં ૨ હજાર રૂપિયા અને જો કંઇક દુકાન કે મકાન કે શેડ હોય તો ચાર હજાર, ખૂટતા પાર્કીંગ માટે દસ ટકા પણ જંત્રી કઇ પહેલી ૨૦૦૮ ના દસ ટકા, અને જો કોર્મશીયલ હોય તો ૨૦ ટકા પણ જૂની જંત્રીના એટલે લોકોને પાર્કીંગ પણ શોધવા નહિ જવું પડે અને પોતે નજીવા દરે કાયદેસર કરી શકશે. આ રાજયની તિજોરીના ભોગે સામાન્ય માણસના નાણાં બચાવવાનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે કામ કર્યુ છે એને અભિનંદન આપું છું. આવું સરસ બિલ શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન લઇને આવ્યા છે, એને અવકારુ છું અને અભિનંદન આપું છું અને મારુ સમર્થન આપું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ઇમ્પેકટ ફી બાબતના (અંતરાય)

અધ્યક્ષશ્રી : બોલનારને જરા વિનંતી કરૂ કે આ કોઇ નવું બિલ નથી. આમાં બે કે ત્રણ સેકશનમાં સુધારો છે, એટલે સુધારા ઉપર જ બોલજો, એટલે વધારે સભ્યશ્રીઓને ચાન્સ મળશે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : ઇમ્પેકટ ફી બાબતે જે રાહત આપવામાં આવી એને કોંગ્રેસ પક્ષે પહેલા પણ આવકાર્યુ હતું અને આજે જે ફી ઓછી કરી છે એના લીધે ગરીબ અને મધ્યમવર્ગના લોકો ફી ભરી શકશે એને અમે આવકારીએ છીએ. કોંગ્રેસ પક્ષને ચિંતા એટલી જ છે કે જે સરકારી જમીનો છે એ...

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદ્દીનભાઇ, એ આમાં નથી આવતું, એમેન્ડમેન્ટ હોય એના વિશે બોલો, આખા બિલ ઉપર નહિ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : જયારે બિલ આ વિધાનસભા સમક્ષ આવવાનું હતું એવા સમયે સોમવારના દિવસે માનનીય શહેરી વિકાસ મંત્રીએ આપણા બાપુનગરના ધારાસભ્યના કાર્યાલયના ઉદ્દ્ઘાટન પ્રસંગે ઇમ્પેકટ ફી બાબતે જે નિવેદનો કર્યા હતા. એ નિવેદન ગંભીર બાબત છે એ અંગે આપનું ધ્યાન દોરું છું. જયારે બિલ ચર્ચા ઉપર આવવાનું હતું ત્યારે સોમવારે. મંત્રીશ્રીની એ કલીપીંગ યુ ટયૂબ પર છે. તેની પર મંત્રીશ્રી બી.જે.પી.ના કાર્યકર્તાઓને એમ કહે છે કે તમે ૨૦ દિવસ પોટલી ના પીવો, એનાથી ૨૦૦૦ રૂપિયા તમારા બચવાના છે, એ પોટલી પીવા કરતા ૨૦૦૦ રૂપિયામાં તમે તમારું મકાન ઇમ્પેકટમાં કરાવી શકશો. બીજું, માનનીય મંત્રીશ્રીનું નિવેદન..

અધ્યક્ષશ્રી : ગ્યાસુદ્દીનભાઇ, બિલ ઉપર આવોને,.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : સબ્જેકટ પર છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ બેસો. ભૂષણભાઇ. (અંતરાય)

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય મંત્રીશ્રી, આજના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં પણ છે અને યુ ટ્યૂબ પર પણ છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. તમે બિલ ઉપર જ આવો. (અંતરાય) કંઇ બોલવાની જરૂર નથી. (અંતરાય) બેસો તમે. બધા બિલ ઉપર જ બોલે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : બિલ પર જ બોલું છું, માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : તમે જે બોલ્યા એને અને બિલને કોઇ જ નિસ્બત નથી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : જયારે રાહતો લઇને આપણે બિલ લાવ્યા છીએ, એવા સમયે સોમવારના દિવસે મંત્રીશ્રીનું બીજું નિવેદન આપને કહું કે ત્યાં એમણે એવું કીધું કે મારી પાસે મેનપાવર નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે મંત્રીશ્રી ઉપર કાંઇ નથી બોલવાનું. બિલ ઉપર તમે કહો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : આ એમણે ગંભીર વાત કરી છે. ગંભીર વાત તરફ ધ્યાન દોરું છું. મંત્રીશ્રીએ કહ્યું છે કે તમે દસ વારનું ગેરકાયદેસર બાંધકામ કર્યું હશે તેમાં તમે બે વારનું પણ બતાવશો તો વાંધો નથી. અમે દસ વર્ષમાં ઓછામાં ઓછા દસ હજાર નોટરીની નિમણૂંક ભારતીય જનતા પાર્ટીએ કરી છે. એમની પાસે જાવ, ૨૫ રૂપિયામાં તમને તમારા રેગ્યુલેશનના પેપર તૈયાર કરી આપશે. એક તરફ જયારે આ વાત થતી હોય કે દસ મીટરના બે મીટર બતાવો, જયારે મંત્રીશ્રી પોતે સ્વીકારતા હોય કે મારી પાસે માણસો નથી. મારી પાસે સ્ટાફ નથી તો આ કઇ પદ્ધતિ છે અને મંત્રીશ્રી શું કહેવા માગતા હતા? (અંતરાય) જુઠ્ઠું નથી. તમે યુટ્યૂબની ઉપર આ વસ્તુ જોઇ શકો છો અને આજના છાપાઓમાં પણ આનો ઉલ્લેખ થયેલો છે. તો હું આજના દિવસે આ બિલની ઉપર..

અધ્યક્ષશ્રી : બિલની બહાર જ ચર્ચા કરે છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : બિલની જ ચર્ચા છે.

અધ્યક્ષશ્રી : બહાર શું બોલ્યા એ અહીં બિલ ઉપર બોલવાની જરૂર નહીં.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : બિલની ચર્ચા કરી છે, ત્યાં બહાર. (અંતરાય) તો આ બહુ જ ગંભીર બાબત છે અને હું એટલું કહેવા માગું છું. ગરીબો અને મધ્યમ વર્ગને તમે રાહત આપતા હો તેની સામે કોંગ્રેસ પક્ષને જરાય વાંધો નથી..(અંતરાય).

અધ્યક્ષશ્રી : તમારે કોઇએ ઉભા થવાની જરૂર નથી. બિલની વિરુદ્ધ બોલતા હશે તો તેમને અટકાવીશું. તમારે કોઇએ અંદર વાત કરવાની જરૂર નથી. શાંતિ રાખો..

શ્રી ગ્યાસુદીન હ. શેખ : પરંતુ જો તમે આ બિલને સરકારી રાહે ઉલ્લેખ કરશો તો કોંગ્રેસ પક્ષને સખત વાંધો છે અને એ વાંધો અમારો ચાલુ રહે છે.

જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન અને શહેરી વિકાસ મંત્રી સન ૨૦૧૩ના ગુજરાતના અનઅધિકૃત બાંધકામ અંગે જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપવા ઉભો થયો છું. હું વિરોધપક્ષના મારા મિત્રોને કહીશ કે જે ન્યુઝ પેપરમાં આવે છે એ બધી જ બાબતો સાચી હોય છે એ લઇને આપણે આ વિધાનસભા ગૃહમાં એની ઉપર ચર્ચા ન કરવી જોઇએ. (અંતરાય) આજ દિન સુધી જે બાંધકામો કરવામાં આવ્યા છે એ બાંધકામો ભારત દેશને આઝાદ થયે છ–છ દાયકા થઇ ગયા, ટી.પી. સ્કિમ પહેલાંના બાંધકામો છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, જગદીશભાઇ, મારી સામે જોઇને બોલો. એ તરફ નથી કહેવાનું.

જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં જે શહેરો છે તેમાં જે બાંધકામો થયેલા છે એ ટી.પી. સ્કિમ પહેલાંના બાંધકામો છે. નરોડાથી નારોલ થઇ બાપુનગર લો, ઓઢવ, અમરાઇવાડી કોઇપણ વિસ્તાર લઇ લો. આ દરેક શહેરી વિસ્તારોની અંદર લીગાલિટી વગરનો અલગ રહેતો વિસ્તાર હતો. આ બાંધકામો મિલ કામદારો, હીરાઘસુઓ, નાના કામદારો, મજૂર વર્ગનો વિસ્તાર છે અને આ વિસ્તારમાં અગાઉ યુ.એલ.સી. એક્ટ, ગ્રીન બેલ્ટ, એગ્રીકલ્ચર ઝોન વગેરેને કારણે બાંધકામો જૂજ પ્રમાણમાં મંજૂર થતા હતા અને અસંખ્ય લોકોને રહેવાની જરૂરિયાત ઉભી થતાં સામાન્ય માણસો દ્વારા નાની રકમના જે મકાન મળે તે નાના જમીનના ટૂકડા મળતા હોય તેના ઉપર કાયદાના અજ્ઞાન અને વિસંગતતાઓના કારણે બાંધકામ મંજૂર કરી શકાયેલ નથી. આ સ્થળે અસંખ્ય બિન પરવાનગીના બાંધકામો ઉભા થઇ ગયેલ છે. આવા સંજોગોમાં ગુજરાતના વિકાસ પુરુષ માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ નિયમિત કરવા જે ઇમ્પેકટ ફીનો હુકમ કર્યો હતો ત્યારે લોકોને આ રકમ વધુ લાગેલ અને મોંઘવારીમાં બાંધકામ નિયમિત કરવા જૂજ લોકોએ અરજી કરેલ. આ દરમ્યાન સરકારશ્રીના સંકલન ખાતા દ્વારા ખૂબ જ સઘન રીતે ગણતરીઓ કરવા સામાન્ય લોકોના હિતને ધ્યાનમાં રાખીને ૧૯–૨–૨૦૧૩ના રોજ

નોટિફીકેશન બહાર પાડી નહીંવત રકમ જેવી ટોકન ઇમ્પેકટ ફી લઇને જયારે બાંધકામોને નિયમિત કરવાનો જે નિર્ણય લીધો છે એ ઐતિહાસિક નિર્ણયને સમગ્ર ગુજરાતની પ્રજા આવકારે છે. હાલમાં મંદીના વાતાવરણમાં ગુજરાતના લોકો જે મહેનત કરીને ઝઝૂમી રહ્યા છે ત્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર દ્વારા અત્યંત વ્યાજબી ભાવે અને સસ્તા ભાવે બાંધકામ નિયમિત કરવાનું લોકહિતનું પગલું લીધું છે એ આવકાર્ય છે. ગુજરાતના તમામ નાગરિકોને મારી અપીલ છે. તમામ લોકો જ્યાં જે ઓથોરીટી હોય ત્યાં તેમની પાસે જઇને નિયમિત કરાવે. ઝૂંપડાવાળા ગરીબ લોકો છે, નાના અને ગરીબ લોકો છે એમના માટે પણ આ ખૂબ જ આવકાર્ય પગલું છે. જે લોકો આખો દિવસ, રાત દિવસ મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હોય છે, એવા લોકોના ઝૂંપડા કાયદેસર થઇ રહ્યા છે ત્યારે મારા કોંગ્રેસના મિત્રો તેનો વિરોધ કરી રહ્યા છે. વધુમાં મારે ખાસ જણાવવું છે કે, અમદાવાદના કોર્પોરેશન દ્વારા ટી.પી વિસ્તારમાં એમએલસી, સિક્યુરીટી ડિપોઝીટ, પાર્કીંગ ડીપોઝીટ વગેરે જાતની ફી આપી મંજૂરી આપવામાં આવતી હતી. તેનાથી મધ્યમવર્ગના માણસોને ખૂબ મોટો આર્થિક બોજો સહન કરવો પડતો હતો અને મધ્યમવર્ગના માણસો આ કાયદાનો લાભ લઇ શકતા નહોતા. પરંતુ આ સુધારાથી વધારાના બોજામાંથી લોકોને મુકત કરવાના કારણે લોકો ઉપરનો બોજો ઘટશે અને મંજૂરી આપવાનો સમય પણ ઓછો થશે. ગુજરાતના કરોડો લોકો આ મંદીના વાતાવરણમાં આ કાયદાનો લાભ લઇ શકશે.

અધ્યક્ષશ્રી : તમે મુદ્દા જોઇને તેના ઉપર બોલો, વાંચવાનું ન હોય.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : હાલની વૈશ્વિક મંદીને ધ્યાનમાં રાખીને આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીએ ગુજરાતના કરોડો લોકોના હિતને જોઇને આ અભૂતપૂર્વ નિર્ણય લીધો છે તેને હું હૃદયપૂર્વક આવકારું છું અને તેને મારો સંપૂર્ણ ટેકો આપું છું. વિરોધપક્ષના મિત્રોએ ચૂંટણી ઢંઢેરા દરમિયાન દશા અને દિશા બદલવાની વાત કરી હતી. એ તેમનું વિધાન સાચું એટલા માટે છે કે, દશા અને દિશા બદલી છે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ. આઝાદીના છ-છ દાયકા સુધી તમે જે દશા ગુજરાતની કરી હતી એ દશાને અમારા મુખ્યમંત્રીશ્રીએ જે વિકાસની રાહ બતાવી છે એ સર્વને આવકાર્ય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. બિલની કલમ-૮ સરકાર જે સુધારવા માગે છે એમાં ઉદેશો અને કારણોમાં સ્પષ્ટ રીતે લખ્યું છે કે..

અધ્યક્ષશ્રી : એમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. કોઇ બોલ્યા હોય એમાંથી ઉભો થાય. ચોપડામાંથી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો ન થાય. બેસો તમે.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રીમતી આનંદીબેન પટેલને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મુખ્ય અધિનિયમમાં કલમ-૬માં જે સુધારો કરવામાં આવ્યો છે,

અધ્યક્ષશ્રી : અરે, કોઇ બૂકમાંથી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો ન થાય. કોઇ બોલ્યા હોય એમાંથી ઉભો થાય. બેસો તમે.

અજયકુમાર જ. ચોક્સીઃ જે અન્ય વેરાઓ જોડવામાં આવ્યા હતા એના કારણે હજારો લોકો આ વિધેયકનો લાભ લઇ શકતા નહોતા. એક દાખલા સાથે વાત કરવા માગું છું. અમારા સુરત શહેરમાં ૧૪ લાખ કરતાં વધારે પ્રોપર્ટી આકારણીના દફતરે નોંધાયેલ છે. ત્યારે દર વર્ષે ૮૦થી ૮૫ ટકા વેરા વસૂલ થાય છે. ૧૫ ટકા કરતાં વધારે પ્રોપર્ટી હોલ્ડરોના એરીયર્સ સહિતના વેરા ભરવાના બાકી છે. બે લાખ કરતાં વધારે ટેનામેન્ટ હોલ્ડરો એરીયર્સ બાકી હોવાના કારણે વેરો ભરવા જતા નથી. આ એરીયર્સ ભરવા જાય તો ઇમ્પેક્ટ ફીની રકમ વધી જાય અને એના કારણે એ લોકો ઇમ્પેક્ટ ફી ભરવા માટે આવતા નહોતા. આ સુધારાના કારણે લાખો લોકો તેનો લાભ લઇ શકશે. અમારા સુરતમાં વરાછા રોડ, કતારગામ રોડ, અડાજણ રોડ એવા વિસ્તારોમાં ઇન્ક્રીમેન્ટલ ચાર્જીસના કારણે હજારો સોસાયટીઓના મકાનોના માલિકોને મહાનગરપાલિકાએ આ ચાર્જીસ ભરવા માટે નોટિસ આપી છે. જેમાં મકાન માલિકોને હજારો રૂપિયા ભરવાના થાય છે. જે ભરવા માટે મકાન માલિકો આવતા નહોતા. આ વિધેયકમાં જે સુધારાઓ થયા છે તેના કારણે તેઓ આ રકમ ભરવા આવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સુરત શહેરના ઉત્તર વિભાગની વાત કરું તો એમાં કોટ વિસ્તાર છે. એમાં વર્ષોથી વિકાસ થઇ ગયો છે. જ્યારે વિકાસ થયો ત્યારે કોઇની પાસે વાહનો નહોતા અને એના કારણે કોઇએ પાર્કીંગની વ્યવસ્થા નહોતી કરેલી, જે મારા વિસ્તારની અંદર ટી.પી. સ્કિમ વિસ્તારની અંદર સોસાયટીઓ આવેલી છે. કે જયાં ટી.પી. સ્કિમ બની એ પહેલા મકાનો બધા બની ગયેલા હતા, એવા વિસ્તારની અંદર લોકોને પોતાને માટે પાર્કીંગની તે વખતે જરૂરિયાત ન હતી, પાર્કીંગની વ્યવસ્થા કરેલી ન હતી, એવા લોકોને માટે આ બિલમાં કલમ–૧૦ની અંદર જે સુધારો લાવ્યા છે, એને કારણે રેસીડેન્ટ વિસ્તારની અંદર સો ટકા વિસ્તારની અંદર હવે લોકોએ આ સમિતિમાં જવું નહીં પડે અને એ ઉપરાંત મારા વિસ્તારની અંદર ૨૬હજાર કરતા વધુ નાના નાના કોમર્શિયલ દુકાનદારો છે કે જે લોકોને ૨૦૦ મીટર કરતા ઓછા પાર્કીંગની જરૂરિયાત ઉભી થવાની છે. એવા લોકોને પણ હવે કલમ–૧૦ના વિધેયકથી સમિતિમાં જવું નહીં પડે. એના કારણે હવે એ લોકો પણ આવા વિધેયકનો લાભ લઇ શકશે અને એ લોકો ખૂબ આનંદથી આનો ફાયદો ઉઠાવશે. આ સુધારાને કારણે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને અને શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને ખરેખર ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

અધ્યક્ષશ્રી : કોઇએ કોઇને અભિનંદન આપવાની જરૂર નથી. બિલ ઉપર જ બોલો, નહીં તો અડધો સમય અભિનંદનમાં જશે. બિલ ઉપર જ વાત કરો, મુદ્દાસર જ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, કલમ– ૬, ૮ અને ૧૦ ત્રણનો જે સુધારો લઇને આવ્યા છે. મહત્વની વાત એટલી જ છે કે આ ત્રણેય કલમોમાં પહેલા ત્રણ કાયદાની ફી અલગ અલગ લેવાતી હતી અને ફી શબ્દ દૂર કરવો એટલે હવે એક જ કાયદો બનવાનો છે. હમણાં જ શૈલેષભાઇએ કીધું એમ કે ભૂતકાળની અંદર જયારે પણ આ સરકારમાં બિલ આવ્યું ત્યારે બિલ આવવા પાછળનો જે હેતુ હતો, મધ્યમ વર્ગ અને ગરીબ લોકોને ફાયદો થાય. એનો હેતુ ભલે આ બિલમાં ત્રણ કલમ છે, પણ માનનીય મંત્રીશ્રી જયારે બોલતા હતા ત્યારે આખા એમના પ્રવચનમાં ૧૫ મિનિટમાં ૩૦ વર્ષના ભાડાપટ્ટાનો ઉલ્લેખ એ જયારે વાત કરતા હતા ત્યારે આવ્યો નહોતો. આ બિલમાં સ્પષ્ટપણે દેખાય છે કે માત્ર અને માત્ર જે મોટા બિલ્ડરોએ મોટું બાંધકામ કરીને..

અધ્યક્ષશ્રી : આમાં હોય એ જ બોલો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હા એ જ બોલુ છું સાહેબ, બીજું આમાં કશું જ નથી.

અધ્યક્ષશ્રી : આમાં નથી એની વાત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : બિલ ઉપરનું જ છે સાહેબ.

અધ્યક્ષશ્રી : ભાડાપટ્ટાનું નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : બિલ ઉપરનું જ છે, સીન્સીયરલી કહુ છું. હું બિલ ઉપરનું જ બોલીશ. સાહેબ, વ્યકિત, સરકારી કર્મચારીઓને કદાચ એમના મકાનોનો ફાયદો થતો હોય, બરાબર છે પણ એટલે આમાં વ્યકિત એટલે કયાંય એવું લખ્યું નથી કે સરકારી કર્મચારી, માત્ર ગાંધીનગરના લોકોને જ ફાયદો થવાનો છે. વ્યકિતમાં સાહેબ, આપ જાણો છો કે ૩૦ વર્ષમાં જ જે લોકોને ભાડાપટ્ટે મિલકત મળી, એના કરોડો રૂપિયા જેમ હેતુ બદલાય, બીજું કંઇ બદલાય, એના કારણે આ બિલમાં સો–સો કરોડ રૂપિયા પણ ફાયદો થાય ને, એવા વ્યકિતઓને મોટામાં મોટો ફાયદો થાય એવી સ્થિતિ આ બિલમાં છે. આ સ્પષ્ટ થાય છે કે જો સરકાર આ બિલ પહેલા લઇને આવી અને જે સ્ટેપ બાય સ્ટેપ, તો એ સ્પષ્ટ થતું હતું કે એ ચૂંટણી આવતી હતી ચૂંટણી નિમિત્તે માત્ર એટલું જ કહેવામાં આવ્યું હતું આ બિલના ગભરાટથી લોકો દબાય અને એ રીતે એનાથી વોટ લેવાય, અને આ પરિસ્થિતિ નિર્માણમાં આવી. જયારે પતી ગયું ત્યારે મોટું ફંડ ભારતીય જનતા પાર્ટીનું જયારે ભેગું થઇ ગયું ત્યારે કેટલો મોટો ફાયદો કે જે લોકોએ મોટી બિલ્ડીંગો બનાવી છે, અને એના અંદર ( સતત અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, હું આ જ વાત કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ ભાઇ બેસો, એક મિનિટ, નાનુભાઇ શું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અરે બિલ ઉપરનું જ છે સાહેબ, બિલ ઉપર જ બોલુ છું. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી મિનિટો પૂરી થઇ જશે પછી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ બેસો તમે. તમે તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવાનું છે, કે આ બિલમાં ત્રણ મહત્વની વાત છે. મહત્વની વાત એ છે કે પહેલા જે ૫૦૦ મીટર હતું એ હવે માત્ર ૨૦૦ મીટર કરવાના છે. આજની તારીખમાં ટ્રાફિકની જબરજસ્ત અવ્યવસ્થા, એવી પરિસ્થિતિનું નિર્માણ જે થવાનું છે, ભૂતકાળમાં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો હતો, એમણે પોતે કબૂલ્યું હતું કે ૫ લાખથી પણ વધારે અમદાવાદની અંદર બાંધકામ ગેરકાયદેસર છે. આજે જયારે ૫૦૦ મીટરની વાત કરતા હતા. આજે ૨૦૦ મીટરની અંદર ટ્રાફિક વ્યવસ્થાની આવનાર સમયમાં શું પરિસ્થિતિ થશે? એક બાજુ પરિસ્થિતિ એવી છે કે જયાં નાના નાના ઝૂંપડા છે, ગરીબ સ્થિતિનું નિર્માણ છે, એના ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવે છે. આજે પણ મારા સિદ્ધપુરમાં મને ખ્યાલ છે, મારા મત વિસ્તારમાં ચૂંટણીમાં ભય ફેલાવવા માટે ઓછામાં ઓછા ૭૦૦ ઝૂંપડા માત્ર ત્રણ મહિનામાં તોડી પાડયા.આ પરિસ્થિતિ વચ્ચે બિલ લાવતા રહેશે, લોકો ખોટું કરતા રહેશે અને પછી એવી પરિસ્થિતિનું નિર્માણ થશે કે અમારે સિદ્ધપુરમાં ૬૮ નંબરના સરવે નંબરમાં આખે આખું બાંધકામ આજે પણ ખોટી રીતે ચાલી રહ્યું છે તો પણ સરકાર કાંઇ સાંભળતી નથી. ભવિષ્યમાં એ પરિસ્થિતિનું નિર્માણ થશે કે આપણે ખોટું નહીં રોકીએ અને લોકો અવાર નવાર બાંધકામ ચાલું રાખશે અને બે–પાંચ વર્ષે આપણે બિલ લાવીશું અને બધાને રેગ્યુલરાઇઝ કરવામાં આવશે. એનો અર્થ એવો થયો કે આપણે કોઇપણ સંજોગોમાં આવું કરવા માટે પ્રોત્સાહિત કરવા માગીએ છીએ. જે લોકો આ કરે છે, મધ્યમ વર્ગના કે ગરીબ લોકો હોય ત્યારે મારે મંત્રીશ્રીને કહેવું છે કે જે વિસ્તારમાં આજે પણ કાંઇ તકલીફવાળો વિસ્તાર નથી અને ૨૦ મીટર કે ૫૦ મીટર માટેની વાત થઇ છે શહેરી વિકાસમાં નગરપાલિકાઓનો સૌથી મોટો પ્રશ્ન આ છે, ત્યાં રેગ્યુલરાઇઝ કરવામાં આવતા હોય તો બરાબર છે, પણ ભૂતકાળમાં જે સ્થિતિમાં આપ્યું છે, એમાં આજની સ્થિતિએ પરિસ્થિતિ એવી છે કે હેતુ બદલાશે. મોટા મોટા બિલ્ડરોને આનો ફાયદો થવાનો છે. ભૂતકાળમાં એમની જે સિસ્ટમ હતી એ મુજબ પૈસા લઇ ગયેલા હતા. એમણે પાર્કિંગ રાખેલ ન હતું અને એક વ્યક્તિના લીધે બીજાને માર પડે છે એ બાબતે જો સરકાર કાંઇ લાવી હોત તો સારું થાત. આજની સ્થિતિએ બિલ લઇને આવ્યા છે એ ખરેખર મોટા લોકોને ફાયદો થાય એના માટે બિલ લાવ્યા છે એટલે આ બિલને ટેકો કરી શકાય એવી સ્થિતિમાં નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શહેરી વિકાસ મંત્રીશ્રી આનંદીબેન ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કરવા અંગેનું સુધારા વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે એને આવકારવા, અભિનંદન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ પહેલા પણ આ જ ગૃહમાં રજૂ થયું, એની બૃહદ વિસ્તારપૂર્વક ચર્ચાઓ, ગરીબ અને મધ્યમવર્ગને થતા ફાયદા આ બધાની કરી ચૂક્યા છીએ. પરંતુ સમય જતાં વખતો વખત લોકોની માગણીઓ, જરૂરિયાતો, વધારે પડતા દરો અને ક્યાંકથી અવાજ ઉઠ્યો હોય અને લોકોને લાગ્યું હોય કે આવા ફેરફાર, એમને પોસાય એવા કરવા જરૂરી છે. એની રજૂઆત થતી હતી. પ્રતિસાદ પણ મોળો મળ્યો હતો. પરિણામે આ સુધારા બિલ લાવવાની ફરજ પડી છે. ત્રણ એમેન્ડમેન્ટ છે અને દરનો ફેરફાર પણ આ સુધારા બિલમાં છે. મારા વિસનગરની વાત કરું તો નાની નગરપાલિકામાં 'બી' ગ્રેડની નગરપાલિકામાં મારી નગરપાલિકા આવે છે. આઝાદી પછી અને એમાં પણ ગુજરાત રાજ્યની સ્થાપના પછી જેમ જેમ વિકાસ થતો ગયો, વિસનગરમાં વસતિ વધતી ગઇ. વધતા જતા શહેરીકરણને કારણે ૧૯૬૦માં જે વસતિ હતી એ ૧૯૮૧માં ડબલ થઇ અને આજે ૨૦૧૨ની સ્થિતિએ લગભગ ત્રણ ગણી થઇ. જમીનના ભાવો વધતા ગયા. લોકો માઇગ્રેશન કરી શિક્ષણના હેતુસર, આરોગ્યના હેતુસર, ધંધાના હેતુસર શહેરમાં આવતા થયા અને આવા બાંધકામો પોતાની માલિકીમાં પણ થયા. ક્યાંક માલિકીનો પ્લોટ હોય, માર્જીનની જગ્યા હોય અને માર્જીનની જગ્યામાં ૫૦ ચોરસમીટરનું બાંધકામ મળતું હોય અને ૬૦ નું બાંધ્યું હોય. દીકરાને પરણાવ્યો હોય અને ઉપર માળ બનાવવાની જરૂર પડી હોય અને એણે બાંધકામ કર્યું હોય. પરિસ્થિતિ એવી ઉપસ્થિત થઇ કે બિલ તો આવ્યું, લોકોએ આવકાર્યું અને સામે પક્ષેથી પણ આ બિલને આવકારીને આપણે પાસ કર્યું. પણ રજૂઆતના અનુસંધાનમાં આપશ્રી મારફત હું આ ગૃહને વિનંતી કરું છું કે દરના ફેરફારો છે અને જે ત્રણ

એમેન્ડમેન્ટ છે એ પણ પ્રજાના હિતમાં જ થયેલ છે ત્યારે એને ગૃહના સૌ સભ્યશ્રીઓ આવકારે અને સર્વાનુમતિથી પસાર કરે એવી મારી વિનંતી છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગના મંત્રીશ્રી આદરણીય આનંદીબેન વિધેયક ક્રમાંક-૩, ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કરવા બાબતનું સુધારા બિલ લઇને આવ્યા છે એને આવકારું છુ અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારનું મુખ્ય નગર હાલોલ છે. જેની લગભગ એક લાખ કરતાં વધારે વસતિ છે. નગરપાલિકા વિસ્તારમાં અને આજુબાજૂના વિસ્તારમાં મોટા મોટા ઉદ્યોગો પણ સ્થપાયેલા છે. જેવા કે, જનરલ મોટર્સ, શિયાટ ટાયર્સ, એચ.એન.જી.ગેસ હોય આ ઉદ્યોગોમાં નોકરી કરતા ગરીબ લોકોએ હાલોલમાં એમના પરસેવાની કમાણીથી મકાનો બનાવ્યાં છે અને જે તે સમયે મકાનો બનાવ્યાં હોય, એમની આર્થિક પરિસ્થિતિ સારી ના હોય, ઘરમાં રહેનારા વધારે હોય એટલે બાંધકામ કદાચ થોડું ઘણું વધારે થયું હોય, એટલે એ બાંધકામને રેગ્યુલાઇઝ કરવા માટેની અત્યાર સુધીમાં કોઇ જોગવાઇ હતી નહિ. આ નિયમિત કરવાની કોઇ જોગવાઇ ના હોવાથી અનેક મુશ્કેલી પડતી હતી, અવારનવાર નોટિસો મળે, એ લોકો તરફથી રજૂઆતો થાય. આપણી રાજ્ય સરકારે ૨૦૧૧ની અંદર આ બિલ લઇને આવ્યાં અને જ્યારે બિલ લઇને આપણી રાજ્ય સરકાર આવી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમેન્ડમેન્ટ ઉપર જ બોલો. બિલ તો જૂનું છે. શેના માટે બિલ આવ્યું. આપે જે અત્યાર સુધી કીધું ને, શેના માટે આવ્યું એ ભૂતકાળમાં ચર્ચા થઇ ગઇ છે. આ એમેન્ડમેન્ટ વિશે કાંઇ કહેવાનું હોય તો કહો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આદરણીય અધ્યક્ષશ્રી, એમાં જે એમેન્ડમેન્ટ કર્યુ છે. એમાં જે પહેલા ચાર્જીસ લેવાના નક્કી કર્યા હતા, એ ચાર્જીસ પહેલા વધારે હતા અને ચાર્જીસ વધારે હોવાને કારણે અને વચ્ચે ઇલેકશન આવી ગયા એના લીધે આચારસંહિતા અમલમાં આવી અને એના લીધે વધારે લોકો એનો લાભ ના લઇ શક્યા. એના ચાર્જીસ વધારે હતા એટલે રેગ્યુલાઇઝ કરવાની વધારે અરજી સમય મર્યાદામાં ના આવી. રજૂઆતો અનેક આવી, એટલે રાજ્ય સરકારે એના ચાર્જીસની અંદર સુધારા કર્યા. ગરીબ લોકોને લાભ થાય, એ લોકોનું અનધિકૃત બાંધકામ છે એ અધિકૃત થાય, એમની મુશ્કેલીઓ દૂર થાય એને ધ્યાનમાં રાખીને એના ચાર્જીસ નક્કી કરવામાં આવ્યાં.

આદરણીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મને યાદ છે કે ૨૦૧૧માં જ્યારે બિલ આવ્યું, ત્યારે પણ વિરોધપક્ષના નેતાએ અહીંયા સર્વાનુમતે આ બિલને બહાલી આપી હતી, પણ જ્યારે અહીંયા હાઉસમાં •(xxxxxx), (અંતરાય)

અધ્યક્ષશ્રી : •(xxxxxx) એ શબ્દો કાઢી નાખું છું. ચાલો આગળ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આદરણીય અધ્યક્ષશ્રી, અહીંયા એ લોકો બહાલી આપે અને પછી એનો વિરોધ કરે, આ હાઉસની અંદર જે મુદ્દાથી વિરોધ કરે, એ મુદ્દા આ બિલની અંદર લખાઇને આવે અને બિલ મંજૂર ના થાય અને બીજી બાજુ વાત કરે કે આ વિધાનસભાની ચૂંટણીમાં એનો લાભ લેવાની વાત કરતા હતા કે ભારતીય જનતા પાર્ટીએ આ બિલનો લાભ લેવો હતો. આદરણીય અધ્યક્ષશ્રી, હું એમને પૂછવા માગુ છું કે, ઘરના ઘરની વાત લઇને તમે મત લેવા માટે મતદારો પાસે ગયા હતા પણ કોંગ્રેસ ઉપર મતદારોને વિશ્વાસ નથી. તમારી સાચી જગ્યા તમને મતદારોએ બતાવી દીધી છે, પણ જ્યારે ગરીબ લોકોની ચિંતા આ રાજ્ય સરકારે કરી. માનનીય બલવંતસિંહ વાત કરતા હતા કે, જો આવા અનધિકૃત બાંધકામોને અમે રેગ્યુલરાઇઝ કરીશું તો એને પ્રોત્સાહન મળશે અને દિવસે દિવસ અનધિકૃત બાંધકામ વધતું જશે. શું ગરીબ લોકોને એના અનધિકૃત બાંધકામ રેગ્યુલરાઇઝ થાય, એ માનનીય બલવંતસિંહને નથી ગમતું? આ રાજ્ય સરકાર ગરીબ લોકોની ચિંતા કરે છે, એ કોંગ્રેસને શું નથી ગમતું? આ બિલ લઇને જે રાજ્ય સરકાર આવી છે

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

એ ગરીબોના હિત માટે, મધ્યમ વર્ગના હિત માટે અનેક સુધારા કરીને ફી ઘટાડી છે એને હું મારા વિસ્તારના મતદારો વતી આવકારું છું અને આ બિલને મારું સમર્થન આપું છું.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયક ૨૦૧૩માં મારા વિચારો રજૂ કરું છું.

૨૦૧૧માં આ જ બિલ લાવ્યાં, એના પછી એમનો તા.૨૪-૨-૨૦૧૨નો ઠરાવ છે. એમાં કલમ-૯ની જોગવાઇ, એમાં કલમ-૯ અને કલમ-૧૦ એ જે આજની તારીખમાં પ્રિમિયમ નક્કી કરવાની સત્તા કલેકટરશ્રી સમિતિ દ્વારા નગરપાલિકાને મોકલવામાં આવતી હતી. હવે નગરપાલિકામાં અમારા ધ્યાન ઉપર એવા કિસ્સા આવ્યાં કે ૫૦-૫૦ અરજીઓ આજથી વર્ષ પહેલા

અધ્યક્ષશ્રી : ભાઇ, એમેન્ડમેન્ટ ઉપર બોલો. વધારે કાંઇ નહિ. તમારે કઇ કઇ કલમમાં એમેન્ડમેન્ટ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : પ્રિમિયમની રકમ છે અને ૭/૧૨માં નોંધ પાડવી એવું એમનું એમેન્ડમેન્ટ તા.૨૪-૨-૨૦૧૨નું છે. એમાં એવી મુશ્કેલીઓ થાય છે, એમાં સુધારો કરવા કલમ નં.૯ માં સુધારો કરવો અને કલમ નં.૧૦માં જે પાર્કિંગની બાબત છે એ ૧૯૯૧, ૧૯૯૬ અને એના પછી ૧૦% અને ૧૫% પાર્કિંગ હતું. આજે ૩૦%ની વાત નિયમમાં લાવ્યાં છે. આપ સાહેબને હું વિનંતી કરું છું કે, આપના માધ્યમથી મંત્રીશ્રીને જણાવવા માગુ છું કે હિંમતનગર તાલુકાની અંદર જે અનધિકૃત બાંધકામ હતા. એ આજની તારીખમાં પણ ધાકધમકી અને ઓવર એકટીંગ કરીને તોડવાની વાતો નગરપાલિકાના સત્તાધીશો દ્વારા કરવામાં આવે છે. અમે આ બાબતે કલેકટરશ્રીનું ધ્યાન દોર્યું છે અને આજે બે હજાર ઝૂંપડાઓ અનધિકૃત નથી પણ અધિકૃત છે, છતાંય નગરપાલિકા એને ઓવર એકટીંગ, એના સત્તાધીશો દ્વારા એવું કહેવામાં આવે છે કે, આ ઇ-રેગ્યુલર બાંધકામ છે. વાસ્તવમાં આઝાદી પહેલાં આ ઝૂંપડાઓ, સ્ટેટના પરવાનાવાળી મિલકતો, સનદો ઘણા ગરીબ માણસો પાસે ના હોય, છતાંય આ ધમકી અને ધાકધમકીથી આ લોકો તોડતા હોય તો એનું હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું

માનનીય અધ્યક્ષશ્રી, બીજું વિશેષ કે, અર્બન ડેવલપમેન્ટની રચના થઇ નથી હજી હિંમતનગરમાં, ટી.પી. ડ્રાફ્ટ ટી.પી. છે, છતાંય મનસ્વી રીતે કેટલાય બાંધકામો ઉપર બુલડોઝર..

અધ્યક્ષશ્રી : તમે મંત્રીશ્રીને લેખિત આપી દેજો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : લેખિત પણ આપ્યું, મૌખિક પણ રજૂઆત કરી એટલે એમનું હું આપના માધ્યમ દ્વારા ધ્યાન દોરવા માગુ છું. બીજું કે, ઇમ્પેકટ ફીમાં બસો ચોરસ મીટરથી ઓછું બાંધકામ હોય તો એમાં પચીસ ટકા ડેફીનેટ પાર્કીંગની વાત કરી, પણ એવા જે મિલકત ધારકોના એ પાર્કીંગ ઘટતું હોય તો એમાં અમારા સુધારા રજૂ કરવાની હું આપના માધ્યમથી વિનંતી કરું છું.

બીજું કે, ૨૦૧૧ની કલમ-૯માં સંબંધિત સક્ષમ અધિકારીથી કલેકટરે જમીનો છે કે કેમ ? ૯ મી કલમમાં આવતી હવે ગણોતના કાયદા હેઠળ આ જમીનોની પ્રિમિયમની રકમ ભર્યા વિના અનઓથોરાઇઝ ગણતરી કરી કલેકટરે પ્રિમિયમની રકમ સરકારી બોજા તરીકે ૭ x ૧૨માં, એટલે ફરીથી પાછું સાહેબ, આ લોકોને તો ૭ x ૧૨માં આનો આજ બોજો રહે કે, ભાઇ આ જમીનનો પ્રકાર કયો? કલેકટર- નગરપાલિકા, કલેકટર -નગરપાલિકા, ફરતા જ રહે, પાંચ વર્ષથી એવા કિસ્સા છે સાહેબ કે, કલેકટરશ્રી અને સરકાર અને નગરપાલિકા વચ્ચે કાયમ કાગળો ફરતા જ રહે છે એનો નિકાલ આવતો નથી. વારંવાર રજૂઆત થઇ છતાંય આનો નિકાલ આવતો નથી. કાલે માનનીય શ્રી દેવુસિંહભાઇએ કહ્યું કે, ભાઇ ગુજરાતની અંદર માનનીય નરેન્દ્રભાઇએ સુશાસન અને સુરાજય, ગુજરાતના જન્મ પછીની વાત કરી તો મારે એમને એમ કહેવું છે, કવિ શ્રી પ્રદિપની પંક્તિ યાદ આવે કે,

"સિસક ઉડી ગાંધી કી,
ધરતી બીગડ ગઇ જબ બાત,
આજ આંખ મેં આંસુ લેકર બેઠા હે ગુજરાત".

સાહેબ, હિંમતનગરની અંદર હજ્જારો લોકો બેઘર થયા અને આ નીતિઓનો અમલ ફકત અમદાવાદ શહેર પૂરતો જ થાય એવું લાગે છે. આપને સાહેબ વિનંતી કે, હિંમતનગરની અંદર આ બે હજાર કેસો અમારા ઘ્યાન ઉપર આવ્યા છે અને *(xxxxxx) અને સત્તાધીશોની છે, એટલે આપના માઘ્યમ દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરું કે, આ બિલનું જે ખરેખર હાર્દ છે, ગરીબ માણસોને ન્યાય મળે એવી કાંઇક અસરકારક રજૂઆત થાય એવી આપના માઘ્યમ દ્વારા વિનંતી કરું. જયહિન્દ, જયભારત.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અઘ્યક્ષશ્રી, (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અઘ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. બહેન શ્રીમતી ભાનુમતીબેન.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય અઘ્યક્ષશ્રી, ગુજરાત રાજયના શહેરી વિકાસ મંત્રી, બેનશ્રી આનંદીબેન પટેલ, ગુજરાત રાજયમાં જે અનઅધિકૃત બાંધકામ થયેલ છે એ અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા માટેનું જે સુધારા બિલ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપવા ઉપસ્થિત થઇ છું.

માનનીય અઘ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજયના શહેરોમાં ચાલીસ ટકા વસ્તી શહેરોમાં વસે છે ત્યારે આ શહેરોમાં વસતા પ્રજાજનો માટે થઇને, એની સુખાકારી માટે થઇને સતત ને સતત ગુજરાતની ભા.જ.પ.ની સરકાર ચિંતિત છે ત્યારે ગુજરાત રાજયમાં જે મોટા શહેરો છે, અમદાવાદ છે, સુરત છે, રાજકોટ છે, વડોદરા છે, ભાવનગર છે અને જામનગર છે. આ જે મોટા શહેરો છે એ મોટા શહેરોમાં જે અનધિકૃત બાંધકામો થયા છે, એ બાંધકામોને નિયમિત કરવા માટે થઇને ગુજરાતની ભા.જ.પ.ની સરકાર ઇમ્પેકટ ફીનો કાયદો લઇ આવે છે ત્યારે છેલ્લા ઘણાં વર્ષોમાં જયાં અનિયમિત બાંધકામો છે એ બાંધકામોને નિયમિત કરી લાખ્ખો નાગરિકોને મદદરૂપ થાય તેવા શુભ આશયથી ગુજરાતની ભા.જ.પ.ની સરકાર આ બિલ લઈ આવેલ છે.

આ કાયદાથી વધારેલ મુદત એટલે કે, ૧૯–૭–૨૦૧૩માં આ જે બિનઅધિકૃત બાંધકામ છે, જે કબજેદારો છે, જે આ અનધિકૃત મિલકતના માલિકો છે તે લોકો પણ આ કાયદાના માઘ્યમથી તેનું બાંધકામ નિયમિત કરાવવાની અરજી કરી શકે છે. માનનીય અઘ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા ૧૯–૨–૨૦૧૩ના સુધારા નોટિફિકેશનથી જે ફીના ધોરણો હતા, તે ઘટાડી અને આ પ્રક્રિયાને વધુ સરળ બનાવેલ છે તેથી રાજયના ગરીબ અને મઘ્યમ વર્ગના લોકોને આ બિલથી ખૂબ મોટો ફાયદો થશે અને તેઓ પણ તેમનું જે અનઅધિકૃત બાંધકામ છે એ બાંધકામને નિયમિત કરાવી અને પોતાની મિલકત છે જે અનઅધિકૃત બાંધકામ છે એને નિયમિત કરાવી અને નિરાંત જીવે પોતાની મિલકત ભોગવી શકશે. અનેક લોકો વાતો કરતા હોય છે કે આ કાયદો ઉદ્યોગપતિઓ માટે છે, આ કાયદો મિલ માલિકો માટે છે ત્યારે મારે કહેવું છે કે આ કાયદો છે એ કોઈ ઉદ્યોગપતિ કે મિલ માલિકો માટે નથી પરંતુ ગરીબ વર્ગના, નાના વર્ગના અને મઘ્યમ વર્ગના લોકો માટેનો આ કાયદો છે અને આપણને પણ આશીર્વાદ મળશે કે જે લોકોનું બાંધકામ અનિયમિત છે એ નિયમિત થઇ જશે તો એ લોકો જે કાયમ એક ભયના હેઠળ જીવતા હોય એ ભયમાંથી એ લોકો મુકત થશે. આ કાયદાની જોગવાઇ મુજબ જે સૂચિત સોસાયટી વિસ્તારના લોકો છે એ લોકો પણ પોતાની મિલકત જે અનઅધિકૃત બાંધકામ છે તે નિયમિત કરાવી શકશે. જેથી સૂચિત સોસાયટી વિસ્તારના લોકો ખૂબ મોટા પ્રમાણમાં આ કાયદાનો લાભ ઉઠાવી શકશે. મારા રાજકોટ શહેરની વાત કરું તો રાજકોટ શહેરમાં અનેક વોર્ડમાં સૂચિત બાંધકામ થયેલું છે. તેવી જ રીતે મારા મત વિસ્તારની અંદર શહેર અને ગ્રામ્ય બંને આવે છે ત્યારે મારા વિસ્તારમાં વોર્ડ નંબર–૧૩ છે, વોર્ડ નંબર–૨૧ છે તેવી જ રીતે જે ગ્રામ્ય વિસ્તાર છે જે સિટીની ખૂબ નજીક છે તે ગ્રામ્ય વિસ્તારમાં કોઠારીયા છે, મોટા મહુવા છે, વાવડી છે, મુંજકા છે, માધાપર છે. આ વિસ્તારમાં વસતા લોકો પોતાની જે નાની મિલકત છે, નાના મકાનો છે, જે અનઅધિકૃત બાંધકામ છે, તેઓ પણ આ કાયદાનો લાભ લઈ અને બાંધકામ નિયમિત કરાવી શકશે. બાંધકામના ક્ષેત્રફળ વિશે વાત કરું તો જે ૫૦ ચોરસ મીટર સુધીનું બાંધકામ હોય એ ફકત બે હજાર રૂપિયામાં નિયમિત કરાવી શકશે. પચાસથી સો ચોરસ

---

* આ શબ્દો અઘ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

મીટર સુધીનું બાંધકામ હોય તે ફક્ત ચાર હજાર રૂપિયામાં, સો થી બસ્સો મીટર સુધીનું જે બાંધકામ હોય એ આઠ હજાર રૂપિયામાં અને બસ્સોથી ત્રણ સો મીટર સુધીનું જે બાંધકામ હોય એ ફક્ત બાર હજાર રૂપિયામાં નિયમિત કરાવી શકશે એટલે કે જે પચાસ ચોરસ મીટર એટલે કે ૫૫૦ ફુટ હોય એ ફક્ત ને ફક્ત રૂપિયા બે હજાર સુધીમાં નિયમિત કરાવી શકશે. સરકારશ્રીનું આ ખૂબ જ પ્રશંસશીય પગલું છે ત્યારે આ ગૃહના માધ્યમથી મારે લોકોને અપીલ કરવી છે, મારી લાગણી છે કે વધુને વધુ લોકો આ ઇમ્પેક્ટ ફીના બિલનો લાભ લે અને પોતાની જે અનઅધિકૃત મિલકત છે, બાંધકામ છે એને નિયમિત કરાવે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકો જેમણે મીકસ યુઝનો વિકાસ કરેલ છે અને જેના ઉપર તેમની રોજીરોટી છે, તેમની આજીવિકા છે તેવા નાના મિકસ યુઝવાળા મકાનો કાયદેસર થાય તેવી જોગવાઇ તા. ૧૯-૨-૨૦૧૩ ના નોટિફિકેશનથી કરવામાં આવેલ. તેથી તેમના ઉપર જે ગેર કાયદેસરનો ભય છે એ દૂર થશે અને તેઓ પણ આ કાયદાનો લાભ લે અને પોતાનું જે અનઅધિકૃત બાંધકામ છે એ નિયમિત કરાવી શકશે.

સરકારશ્રી દ્વારા લાવવામાં આવેલ આ બિલમાં અગાઉ જે નાણા ભરવાના થતા હતા એ બાદ જ એમનું બાંધકામ નિયમિત થઇ શકે એવી જોગવાઇ હતી એ દૂર કરવાનો અભિગમ પણ ખૂબ જ આવકારદાયક છે. સાથેસાથે મારે એ પણ કહેવું છે કે સરકાર દ્વારા તા. ૧૯-૨-૨૦૧૩ના છેલ્લા નોટિફીકેશન દ્વારા અગાઉ જે જંત્રીના દર પ્રમાણે ગણતરી થતી હતી તે હવે રદ કરી અને ક્ષેત્રફળ આધારિત ઉચ્ચક રકમ નકકી કરવામાં આવેલ છે તે પણ આવકારદાયક છે. તેના લીધે શું થશે કે જે પ્રક્રિયા છે એ પ્રક્રિયા સરળ અને પારદર્શી બનશે અને લોકો ખૂબ મોટા પ્રમાણમાં આનો ફાયદો મેળવી શકશે. અગાઉ જે ૪૦ ચોરસ મીટર જગ્યા હોય એને નિયમિત કરાવવા માટે દસ હજાર રૂપિયા ભરવા પડતા હતા, પરંતુ હવે પચાસ ચોરસ મીટરના ફક્ત બે હજાર રૂપિયા જ ભરવાના થાય છે. આ સુધારેલા કાયદાથી બાંધકામમાં જે પ્લાન મંજૂર ન કરાવેલ, સૂચિતમાં બાંધકામ થયેલું હોય એ આ ઇમ્પેકટ ફીના કાયદાથી લાભ મેળવી શકશે. આ ભાજપની સરકાર સતતને સતત લોકો માટે ચિંતિત છે, ત્યારે છેલ્લે મારે કહેવું છે કે ચૂંટણીનો સમય હતો. અનેક લોકો મોટા વચનો આપતા હતા. ઘરના ઘરનું સ્વપ્ન વેચવા નીકળ્યા હતા. એ સ્વપ્ન વેચવાવાળા આજે ભાડાના મકાનમાં રહેવા જતા રહ્યા છે, ત્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં બહેનશ્રી આનંદીબેન જે બિલ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું. મારા મત વિસ્તાર વતી એમનો આભાર માનું છું. આભાર.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આનંદીબેન જે સુધારા વિધેયક બિલ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત કરું છું.

સાથે સાથે ઉલ્લેખ કરવાનો હું ચૂકીશ તો યોગ્ય નહિ ગણાય. ગુજરાતની પ્રજા ઉપર અન્યાય કરનાર, ભાડા નહિ વધારવાનું કહેનાર રેલ મંત્રીએ ૩૨,૫૦૦ કરોડનો યાત્રી ઉપર જે બોજો નાખ્યો છે. આ બોજો નાખ્યો છે, એ અન્યાય કર્યો છે. ત્યારે ત્યાં જઇને કહેવું જોઇએ કે ગુજરાતને અન્યાય કરવાનું હવે બંધ કરો. તમારા મેડમ છે, એ પ્રજાને પજવનારું રેલ બજેટ લઇને આવ્યા છે. અમારા બહેન છે ને એ પ્રજાને લાભ કરનાર બિલ લઇને આવ્યા છે. આ બિલ બહેનશ્રી લઇને આવ્યા છે. એ બિલનો લાભ ૧૫૯ નગરપાલિકા અને ૮ મહા નગરપાલિકાને મળનાર છે. હમણા બહેને મહેસૂલ વિભાગમાં જેમ લોકોના, પ્રજાના પ્રશ્નો દૂર કરવા માટેનાં અનેક પગલાં લીધાં છે. એમ આજે આ શહેરી વિકાસ મંત્રી તરીકેની કામગીરીની અંદર પ્રજાલક્ષી ખૂબ જ ઉપયોગી, ગરીબો માટે જરૂરી મધ્યમ વર્ગના લોકો માટે જરૂરી આ બિલ લઇને આવ્યા છે. એ બિલને હું હૃદયપૂર્વક આવકારું છું.

મારા ભાવનગરની વાત કરું તો ૨૫૦૦૦ મિલકતો છે. આ બિલના કારણે લાભદાયક થઇ શકે તેમ છે, પરંતુ આ બિલને અગાઉ રજૂ કરવામાં આવેલ, ત્યારથી અત્યાર સુધીમાં ૧,૬૭૦ અરજીઓ આવી છે. એમાંથી ૫૦૦ મંજૂર કરી છે. ૯૬ લાખ જેવી રકમ નગરપાલિકા અને મહાનગરપાલિકાને મળી છે. પરંતુ ઘણી બધી મિલકતો બાકી છે. ભાવનગરના સૌથી મોટી અનઓથોરાઇઝ્ડ વિસ્તાર કહી શકાય તે કાળીયાબીડ કે જે વિસ્તારમાં ૭૦૦૦ જેટલી મિલકતો છે. ત્યાં કોઇ બિલ્ડર રહેતા નથી. ત્યાં બધા નાના, મધ્યમ વર્ગના લોકો રહે છે. નાની નાની દુકાનો છે. શાળા અને ધાર્મિક સ્થળો ત્યાં છે. આ બધી ૭૦૦૦ મિલકતો છે. એ મિલકતો અત્યારે ગેરકાયદેસર વસાહત છે. ૨૫-૩૦ વર્ષ દરમિયાન અગાઉના સમયમાં ઉભી થયેલી છે.

મિત્રોને જણાવું, કોંગ્રેસના સમયમાં ગેરકાયદેસર વસાહતો ઉભી થઇ ગઇ છે. આ ગેરકાયદે વસાહતોમાં લોકોને લાભ અપાવવા માટે થઇને અગાઉના સમયમાં કોઇએ પ્રયત્ન નહિ કરેલા. મને આનંદ છે કે ભાજપની સરકારે આંતરિક વિકાસ કરવાના નિયમો કર્યા. અગાઉ કોઇ કોર્પોરેશન વિકાસ કરી શકતા નહોતા, કોઇ ધારાસભ્ય વિકાસના પૈસા આપી શકતા નહોતા, કોઇ કોર્પોરેટર આપી શકતા નહોતા. ભાજપના શાસનમાં નિયમો લઇ આવ્યા. બધો વિકાસ થઇ શકે છે, પરંતુ સાથે સાથે મિલકતનો પ્લાન મંજૂર કરવો હોય, મિલકતને કાયદેસર કરવી હોય તો આ કાયદો જો અમલમાં આવે અને કાયદાની સરળતાના કારણે નાના, મધ્યમ લોકોને ગણતરી કરવી અઘરી પડતી હોય. મારા પૂર્વ વક્તાએ કહ્યું છે એવી રીતે આ સુધારા વિધેયક લઇને આવ્યા છે. મુદત પૂરી થઇ જતી હોવાથી જે લોકો લાભથી વંચિત રહ્યા છે એમને વધારેમાં વધારે લાભ મળે. આ ૬ મહિનાનું વધુ એક્ષટેન્શન આપી ગરીબ લોકો ઉપર મોટું ઉપકારક કામ આ સરકાર, બહેનશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ ગણતરી અટપટી, અઘરી હતી. સરળ બનાવવામાં આવી છે. અગત્યમાં અગત્ય જે પાર્કિંગ વિસ્તાર. પહેલા સ્કૂટર હતા. અત્યારે વિકાસ થઇ ગયો છે. બધા પાસે ગાડીઓ આવી ગઇ છે. હવે ગાડીઓ રાખવાની જગ્યા, પાર્કિંગની જગ્યા હોય, એને કાયદેસર કરવી હોય તો અગાઉના બિલમાં કમિટી પાસે જવું પડતું હતું. હવે સરળતાથી કમિટી પાસે ગયા વગર સીધી પાર્કિંગની જગ્યા મંજૂર કરી શકાશે એવો વિધેયકની અંદર જે સુધારો છે તેને હું આવકારું છું અને અભિનંદન આપું છું.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ**(**રાજકોટ (પૂર્વ)) : with due respect to the honorable chair. માનનીય વિભાવરીબેને જે વાત કરી છે, ભાડાના મકાનમાં પણ અમે મફતના મકાનમાં નથી, એટલે હું છેવાડાના લોકો દ્વારા ચૂંટાયેલો, છેવાડે બેઠેલો અને છેવાડે બોલવાનો વારો આવેલો માણસ છું. આજે આપણે કોઇ બિલ ઉપર ખાસ ટીકા ટિપ્પણ કરવી નથી. આ ગૃહ પાસે સામાન્ય લોકોની ખૂબ વધારે અપેક્ષાઓ છે અને આ ગૃહ જો પોપઅપ કરે અને તેમાં હું સહયોગી થાઉં તેવી અપેક્ષા સાથે લોકોની જે ખરેખર મુશ્કેલીઓ છે તેનો સમાવેશ કરવામાં આવે તેવી વાત હું કરવા માગું છું. આજે રાજકોટ શહેરમાં જે સ્થિતિ ઉત્પન્ન થઇ છે. સામાન્ય લોકો એવું ઇચ્છે છે કે મારા ઘરનું ઘર રેગ્યુલરાઇઝ થઇ જાય. છતાં આમાં પૈસા નથી ભર્યા એનું કારણ તે લીગલી અને ટેકનિકલી બધી જ રીતે તેનું ઘર રેગ્યુલરાઇઝ થઇ જાય તેવી અપેક્ષાના ભાગરૂપે આ ફી નથી ભરાઇ. આ અમદાવાદ અને બીજા શહેરો કરતાં રાજકોટના લોકોની સ્થિતિ અને માનસિકતા જુદી છે અને એટલે જ આને પ્રતિસાદ નથી મળ્યો. જો તે વાતનો આમાં સમાવેશ કરવામાં આવે તો મને લાગે છે કે તે લોકોને આપણે વધારે મદદરૂપ થઇ શકીશું. આજે આ સ્થિતિ જે ઉત્પન્ન થઇ છે તેમાં જે સૂચિત સોસાયટીઓની આમાં વાત થઇ છે તે સૂચિત સોસાયટીઓમાં હજી આજની તારીખે અનધિકૃત બાંધકામો એટલા માટે ચાલુ છે. એક આનંદનો વિષય એ છે કે નવી સૂચિત સોસાયટીઓ નથી પડતી તે રાજકોટ માટે ખૂબ આવકારદાયક વાત છે. પરંતુ આજે જે સૂચિત સોસાયટીઓ છે તેમાં ત્રણેય બાજુ મકાન હોય, વચ્ચે કોઇએ જૂનો પ્લોટ લીધેલો પડયો હોય અને તે પ્લોટમાં મકાન થાય ત્યારે તે છેવાડાના એન્ડ યુઝરના મકાન ઉપર નોટીસ આપવામાં આવે, તેને પાડવામાં આવે, તેનો કોઇ નિયમ બનાવવામાં ન આવે. ઉચ્ચ અધિકારી પાસે હું વાત કરું તો એમ કહે કે નિયમ બનાવવાવાળા તમે છો, જઇને બનાવો આવા જવાબ આપી દેવામાં આવે તો આ ગૃહે તે લોકોના પ્લોટનો કોઇ ઉપયોગ જ નથી તેના માટે આમાં સુનિશ્ચિત પદ્ધતિ કરવી જોઇએ. તેનો પણ આમાં સમાવેશ કરવો જોઇએ. ભવિષ્યમાં આવા અનધિકૃત બાંધકામો ન થાય તેના માટે તકેદારીના ભાગરૂપે ઝડપી ટી.પી. સ્કિમ તેનો રસ્તો છે જ. પરંતુ તેની સાથે ઘણા બધા પગલાઓ, તેમની નાની નાની જરૂરિયાતો, આજે હું તમને કહું કે જે ટી.પી. સ્કિમ આવી તેનું રેગ્યુલરાઇઝ આ કલમ નીચે નહીં થઇ શકે તેવા ટી.પી.સ્કિમમાં જે પ્રાઇવેટ જગ્યાઓ હતી અને તેમાં જે રિઝર્વેશન ટી.પી.નું આવ્યું અને તે જમીન જે કોર્પોરેશનની થઇ, જયાં હયાત ઝૂંપડપટ્ટી અથવા તો મકાનો હતા તેના ઉપર જે ટી.પી.સ્કિમ થઇ અને કોર્પોરેશનની માલિકીની થશે તે લોકો માટે આમાં કોઇ જોગવાઇ કરવામાં નથી આવી. મને લાગે છે કે તેની જોગવાઇ થવી જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ ભાઇ. આનંદીબેન જવાબ દેશે, તમે શાંતિ રાખો. તે જે કંઇ કહે છે તે તેના સૂચન છે. બોલો તમે. કંઇ વાંધો નહીં, મારી સામે જુઓ ભાઇ.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : એક તો દુઃખની વાત કે હું આટલા દિવસથી નવો ચૂંટાઇને આવ્યો છું. દુઃખની વાત એ છે કે અહીંથી બોલીએ તે નહીં જ કરવાનું.

અધ્યક્ષશ્રી : એ પણ નવા છે. કંઇ વાંધો નહીં. તમે ચાલુ રાખો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, તમે વડિલો છો. સામે વજુભાઇ બેઠા હોય, કેશુભાઇ બેઠા હોય, નરેન્દ્રભાઇ બેઠા હોય, શંકરસિંહ બાપુ બેઠા હોય. તે ગૃહ પાસેથી લોકો ઘણી અપેક્ષા રાખે છે.

અધ્યક્ષશ્રી : તમે બોલો, તમારું ચાલુ રાખો. કંઇ વાંધો નહીં. બોલવાનું ચાલુ રાખો. તમારું ચાલુ રાખો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આ ટી.પી. સ્કિમમાં જે રિઝર્વેશન કરવામાં આવેલ છે તે બિલ્ડરોની જગ્યામાં જયાં બાંધકામ થઇ ગયેલ હતા તેના ઉપર કોર્પોરેશને તેનું પોતાનું રિઝર્વેશન મૂકયું છે. જે ખાલી જગ્યા ઉપર થવાને બદલે આવી જગ્યાએ થયેલ છે. ત્યાં પણ તેનો રસ્તો કાઢી, ૩૦ વર્ષથી રહેતા હોવા છતાં તેની પાસે કોઇ ભાડા ચિઠ્ઠી નથી તે પણ રેગ્યુલરાઇઝ થઇ શકે તેવી જોગવાઇ આમાં કરવામાં આવે તો મને લાગે છે કે તે આવકારદાયક રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ફી ઘટાડી છે, એ ખૂબ આવકારદાયક છે અને સારો પ્રતિસાદ મળશે, અને ઘણા બધા એમાં ભરી દે એવો અમે પ્રયત્ન સાથે કરશું એટલો અમે તમને ટેકો આપશું, પરંતુ આ સામાન્ય માણસ માટે પણ થાય, અને ઉધોગપતિઓ આનો ખોટો લાભ ન લઇ જાય એની પણ દરકારી રાખવામાં આવે એની જોગવાઇ કરો તો આવકારદાયક છે, નહીં તો દરકારી કમસેકમ રાખો, એટલી આપ સૌ પાસે અપેક્ષા છે.

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વડોદરાના સયાજીગંજ મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું, મારું વડોદરા નગર એ જૂનું ગાયકવાડી સ્ટેટ છે, અને અત્યારનું જે નગર છે એનો અર્ધો હિસ્સો જૂના ગાયકવાડી સ્ટેટના સમયના મકાનોનો છે, જે નવું ડેવલપમેન્ટ થયું છે, જેનો પચાસ ટકા બીજો હિસ્સો છે, એમાં પણ મહદ્અંશે શ્રમજીવી વર્ગ, સામાન્ય લોકો અને મધ્યમ વર્ગના લોકો, હાઉસિંગ બોર્ડની વસાહતો, સ્લમ કલીયરન્સના મકાનો અને સાથેસાથે નાની નાની કામદાર વર્ગની સોસાયટીઓનો સમાવેશ થાય છે, હવે આ જે સુધારા વિધેયક લઇને આપણે આવ્યા છીએ, એને કારણે અમને જે રાહત મળી ગઇ છે, એ અકલ્પનીય છે. અમારી આ સરકાર, અમારા શહેરી વિકાસ મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી સમક્ષ પણ અમે અમારી આ વેદનાઓની વાચા આપી હતી, અને એનો સહજ રીતે એમણે સ્વીકાર કર્યો, કે આ ઓલ્ડ સીટીમાં સામાન્ય મધ્યમવર્ગના લોકો વધારે રહે છે, અને આજે ડેવલપમેન્ટ છે એમાં પોતાના ફેમીલીનો સમાવેશ કરવા માટે થઇને જે પરિવર્તનો લાવવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આ તમે જે વાત કરો છો એ બિલ રજૂ કર્યુ ત્યારે બધું આવેલું છે, બિલની અંદર અત્યારે એમેન્ડમેન્ટ છે. એ વિષય ઉપર જ બોલો.

શ્રી જીતેન્દ્ર સુખડીયા : હા, તો હું એમેન્ડમેન્ટ ઉપર બોલું છું કે, આમાં જે મુદત લંબાવવાની વાત છે તેની સાથે વાત કરું, મારા સયાજીગંજ મત વિસ્તારમાં એક લાખ દસ હજાર જેટલાં રહેણાંકના મકાનો છે, અને પચીસ હજાર જેટલાં બિન રહેણાંકના મકાનો આવેલાં છે, કુલ એક લાખ પાંત્રીસ હજાર જેટલી મિલકતો આવેલી છે, અને જે પૈકી ૨૬ હજાર જેટલી મિલકતોમાં ગેરકાયદેસર બાંધકામો થયેલ છે. આ બધી વિગતો મેં કોર્પોરેશન પાસેથી મેળવી છે, અને ત્યાંથી ૩૫૫૦ જેટલી અરજીઓ આ ઇમ્પેકટ ફીના કાયદા હેઠળ મંજૂરી માટે વડોદરા મહાનગરપાલિકા પાસે આવેલી છે. જે ધ્યાને લેતાં હજુ મારા વિસ્તારના ઘણા લોકો સરકારની આ યોજનાનો લાભ લઇ શકેલ નથી.

મારા શહેરની વાત કરું તો, શહેરમાં કુલ ૬,૭૩,૦૦૦ જેટલી રહેણાંક અને બિન રહેણાંકની મિલકતો આવેલી છે, જેમાં આશરે એક લાખ દસ હજાર જેટલી મિલકતો મંજૂરી વગરની હોવાનું ધ્યાને આવેલ છે, જે પૈકી વડોદરા મહાનગરપાલિકામાં ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૩ સુધીમાં કુલ ૯૯૮૨ જેટલી અરજીઓ ઇમ્પેકટ ફીના કાયદા હેઠળ આવેલી છે, જે આંકડો જોતાં મોટી માત્રામાં વડોદરા શહેરના લોકો ઇમ્પેકટના કાયદાનો

લાભ લેવામાં બાકી રહી ગયેલ છે, આના પણ કારણો છે, આ કાયદો અમલમાં આવ્યો ત્યાર બાદ પાંચેક મહિના પછી નવી જોગવાઇઓ સુધારા સાથે અમલમાં આવેલ, પરંતુ ત્યાર બાદ વિધાનસભાની ચૂંટણી જાહેર થયેલ હોવાથી અમારી મહાનગરપાલિકાનો સ્ટાફ એમાં અટવાયેલો રહ્યો હતો, અને અમારા માટે પણ સમસ્યા ઉભી થઇ હતી. વળી, આ ઉપરાંત મૂળ ઇમ્પેકટના કાયદા  આર્કીટેક્ચરલ અને સ્ટ્રકચરલ એન્જીનીયરની જવાબદારી  નકકી કરેલ હોઇ આવું નકશાનું કામ કરતા માણસો જૂના બાંધકામો બાબતમાં તેમની જવાબદારી નકકી ન થાય તે  મુદ્દાને ધ્યાને લઇ સામાન્ય માણસને પણ મદદરૂપ થવા માટે તૈયાર ન હતા, જેને કારણે ખરેખર મધ્યમવર્ગનો માણસ આ કાયદાનો પૂરેપૂરો લાભ લઇ શકે તેમ ન હતો. આજે પણ આ કાયદાના લાભથી વંચિત થઇ જવા પામેલ છે એટલે અમે રજૂઆત કરી હતી, અને અમને કહેતાં આનંદ થાય છે કે અમારી સરકાર એ સંવેદનશીલ સરકાર છે,  માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પણ અમારી વાતો સ્વીકારી.  મારે કહેવું જોઇએ કે, શહેરોમાં વસતા અમારા જે લોકો છે એની જરૂરિયાતો પૂરી કરવા માટે થઇને માર્જીનમાં કરવામાં આવતા નાના મોટા ટોયલેટ, ઉપરના માળે જવાની સીડી વગેરે સમસ્યાઓ માટે કાયમ માટે ઝઘડા થતા હતા કોર્પોરેશનમાં જઇને, ત્યારે આ જ હેતુથી નિયમિત કરવા માટેનો આ કાયદાનો હેતુ છે. મારા મંતવ્ય મુજબ આ કાયદાની મુદ્દત વધુ ૬ મહિના માટે લંબાવવામાં આવે એ યોગ્ય જણાય છે અને ટૂંકમાં આ કાયદામાં મુખ્યત્વે ગેરકાયદે કરેલ બાંધકામની ફીમાં જે ઘટાડો સૂચવેલ છે એ સામાન્યજન મધ્યમ વર્ગના લોકો માટે આશીર્વાદ સમાન છે. માનનીય મંત્રીશ્રી દ્વારા સૂચવવામાં આવેલ ફીમાં સુધારા માટે હું એમને મારું સમર્થન આપું છું. વધુમાં આ કાયદાના સરળ અમલીકરણ માટે એના નિયમોમાં પણ સુધારો કરવામાં આવે એવું મારું નમ્ર સૂચન છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર ગાંધીનગર છે. ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓ રહે છે અને એને રાહતદરે  જે પ્લોટો આપ્યા છે એમાં ક્યાંક મોટું કુટુંબ થવાના કારણે ક્યાંક દિવાલ કરી હોય, ક્યાંક બાથરૂમ બનાવ્યું હોય તો એને રેગ્યુલરાઇઝ કરવા માટે આ પહેલા જે વિધેયક હતું એમાં ખૂબ ઇમ્પેકટ ફીમાં વધારો હતો અને એ રજૂઆત માનનીય બહેનશ્રીને કરી અને એ રજૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને કરી અને પ્રજા કલ્યાણકારી એવા નરેન્દ્રભાઇએ એ વાત સ્વીકારી. આ વિધેયકમાં અને આ બિલમાં સુધારો કર્યો. ગાંધીનગરની પ્રજા અને ગાંધીનગરના સૌ કોઇ આ વાતને સહર્ષ સ્વીકારે છે. મારે એ પણ કહેવું છે કે ગાંધીનગરના કર્મચારીઓ નિયમબદ્ધ રીતે રહેવા ટેવાયેલા છે, કયાંય ખોટું કરવા ટેવાયેલા નથી. ક્યાંક કોઇ નાનું મોટું બાંધકામ કર્યું એને રેગ્યુલરાઇઝ્ કરવા માટે આ બિલથી મોટો ફાયદો થશે. ગાંધીનગર શહેરમાં ખૂબ ઓછા પ્રમાણમાં અનિયમિત બાંધકામ છે, ત્યારે મારે એક વાત બીજી પણ કહેવી છે કે, ગાંધીનગરમાં રહું છું એટલે રોજબરોજના કાર્યો જોઉં છું કે ગાંધીનગરની અંદર ચૂંટણી પહેલા, માનનીય વિપક્ષના મિત્રો કહે છે કે મતો મેળવવા માટે, પણ મતો મેળવવા માટે નહીં ચૂંટણી પહેલા ગાંધીનગરમાં સુંદર મજાનો માંડવો બાંધી, માઇકો લગાવી કોંગ્રેસ પક્ષના પ્રમુખ અહીંયા ઘરના ઘરના ફોર્મ વેચવા આવેલા અને એ ફોર્મની પાછળ ખર્ચ થયો, જે ફોર્મ લેવા મિત્રો આવ્યા એક એક કુટુંબમાંથી બે-બે અને પાંચ-પાંચ લોકો આવ્યા અને બે બે હજાર રૂપિયા ખર્ચ કર્યો એટલા ખર્ચમાં તો અમારી સરકાર ગરીબ લોકોને એમનું ઘર રેગ્યુલરાઇઝ કરી આપવા માગે છે ત્યારે આ મિત્રોએ એમાં ટેકો કરવો જોઇએ. આ ગુજરાતની ભોળી પ્રજાને એમણે ગેરમાર્ગે દોર્યા છે. આ વાત અત્યારે એમણે ઉપાડી લેવી જોઇએ  અને આ બિલને સંપૂર્ણપણે ટેકો કરવો જોઇએ અને બધા લોકોને સમજાવી પ્રજા સમક્ષ એ વાત કરવી જોઇએ. બીજી મારા ધ્યાને એક વાત આવી છે કે અમદાવાદમાં હાઇકોર્ટે જયારે મકાનો સીલ કર્યા ત્યારે આ જ મિત્રો ત્યાં જઇને ગૃહમાં કરેલી વાત બહાર જઇને જુદી રીતે કહેતા હતા કે અમે તો તૈયાર છીએ સરકાર લાવવા માગતી નથી એવી વાત કરતા હતા.      માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એક વાત હું ચોક્કસ કહીશ કે ગુજરાતના પ્રજાજનોના હિતને ધ્યાનમાં રાખીને આ સરકારે ખૂબ ઓછાં દરે મકાનોને રેગ્યુલરાઇઝ કરવાની વાત કરી છે એને હું સમર્થન કરું છું અને આ સભાગૃહને વિનંતી કરું છું કે બધા સાથે

મળીને આવો ગુજરાતના વિકાસનો સૂર પૂરાવીએ અને આ વિધેયકને મંજૂર કરીએ એમ કહીને હું મારી વાત પૂરી કરીશ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર ૧૪ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. એમાં શૈલેષભાઇ અહીંયા છે એમને મારે માત્ર એટલું જ કહેવાનું છે કે, મેં જે અહીંયા કલમો મૂકી છે એમાં ૩ જ કલમોમાં ફેરફાર કર્યો છે, જેમાં ઇમ્પેક્ટ ફી સાથે અન્ય ફી ન લેવી, મતલબ અલગથી લેવી પણ આની સાથે ન જોડી દેવી એક એ સુધારો આપણે મૂક્યો છે. બીજો સુધારો આપણે એ કર્યો છે કે હાઉસિંગ બોર્ડે આવાસો આપ્યા હોય અને પૂરી કિંમત લઇને હાઉસિંગ બોર્ડે આવાસો આપ્યા હોય, જમીન હાઉસિંગ બોર્ડની હશે, મકાનો પણ હાઉસિંગ બોર્ડે બાંધ્યા હશે ત્યારપછી વેચાણથી ગરીબોને આપ્યા, હવે એ મકાનોમાં આટલા વર્ષોથી એ લોકો રહેતા હોય તેમાં સ્વાભાવિક છે કે નાનું મોટું બાંધકામ વધારાનું કર્યું હશે હવે એ મકાનોને પણ આપણે રેગ્યુલરાઇઝ કરવા પડે અને એટલે એની જોગવાઇ અહીંયા કરવામાં આવી છે. એ જ રીતે સત્તામંડળો, મ્યુનિસિપલ કોર્પોરેશન હશે અથવા તો બીજા સત્તા મંડળો હશે એમણે પોતાની જમીનો ઉપર મકાનો બાંધ્યા અને મકાનો બાંધીને એના ઉપર પણ નાના મોટા ફેરફારો કર્યા હશે, એટલે એને પણ આપણે આમાં લઇએ છીએ. એ પણ પૂરી કિંમતથી આપણે એમને આપીએ છીએ. એ જ રીતે ગાંધીનગર શહેર, જ્યારે પણ ગાંધીનગર શહેર વસ્યુ ત્યારે સંપાદિત કરેલી જમીનો હતી, એ સંપાદિત કરેલી જમીનોમાં પ્લોટ પાડવામાં આવ્યા, એ પ્લોટ સરકારી કર્મચારીઓને પણ આપ્યા, આરોગ્યના મકાનો બનાવવા માટે પણ આપ્યા, શૈક્ષણિક સંસ્થાઓને પણ આપ્યા, બધાને આપ્યા છે, ત્યારે નીતિ નિયમો અનુસાર આપ્યા છે, એટલે કે પૂરી કિંમત લઇને આપ્યા છે, જો શૈક્ષણિક સંસ્થા હશે તો શિક્ષણના નિયમ અનુસાર આપ્યા હશે, હવે એમણે ક્યાંક નાનું મોટું બાંધકામ કર્યું હશે તો એનો પણ આપણે આની અંદર સમાવેશ કરી લઇએ છીએ. એ જ રીતે ૩૦ વર્ષ સુધી લીઝ ઉપર અપાયેલી જમીનો હોય, જે ભાડાપટ્ટેથી આપેલી જમીનો હોય અને એના ઉપર જો આ પ્રમાણેના બાંધકામો થયાં હશે તો એને આપણે આની અંદર આવરી લઇએ છીએ. પ્રશ્ન શૈલેષભાઇનો એ હતો કે સરકારી જમીન ઉપર કોઇ આવાસો બંધાયા હોય અને મકાન બાંધકામ કર્યું હોય તો એને પણ તમે આની અંદર આવરી લીધું છે. આવો કોઇ વિષય આવતો નથી અને સરકારી જમીન ઉપર કોઇએ પણ બાંધકામ કર્યું હશે અને ગેરરીતિ કરી હશે તો એ બાંધકામને આપણે રેગ્યુલર કરવા નથી માંગતા આટલો ખુલાસો મારો તમારી સમક્ષ છે. ત્રીજું છે પાર્કીંગ, તો એમાં તો આપણે એટલો વિષય લીધો છે કે ૨૦૦ ચોરસમીટર કરતાં ઓછું પાર્કીંગ હોય તો એના માટે આપણે સમિતિમાં જવું પડતું હતું, પણ હવે એના માટે સમિતિમાં નહિ જવું પડે, એના માટે જે ફી નક્કી કરી છે એટલી ફી ભરી દેશે એટલે આપણે એમાંથી એને મુક્તિ આપી દઇશું. એના કરતા વધારે જો ડેફિસિટ હશે તો જ આપણે એની જે સમિતિ બની છે એની સમક્ષ જવાનો વારો આવશે. એટલે આ ૩ બાબતો જ આપણે આની અંદર લીધેલી છે.

બીજું ગ્યાસુદ્દીનભાઇ બોલતા હતા. અત્યારે અહીંયા લાગતા નથી. એમને હું કહું કે ૫૦ ચોરસમીટરથી ૩૦૦ ચોરસમીટર સુધીના જે મકાનોને રેગ્યુલરાઇઝ કરવાના છે એની ફી અંગે તારીખ ૧૯-૨-૨૦૧૩ના રોજ નોટીફિકેશન બહાર પાડી દીધું છે, એમાં જે તારીખ લંબાવવાની હતી એ તારીખ છ મહિના માટે આપણે લંબાવી છે, એટલે ૫૦ થી ૩૦૦ ચોરસમીટર સુધીના જે બાંધકામો છે એની ફી કેટલી લેવી અને જે તારીખ લંબાવવાની હતી એ તારીખ ૧૯-૨-૨૦૧૩ના દિવસે નોટીફિકેશન બહાર પાડીને આપણે જાહેર જનતાને કહી દીધું હતું. હું જે કાર્યક્રમમાં ગઇ હતી એ કાર્યક્રમ તો ૨૨-૨૩મીએ હતો. એ પહેલાં તો બધું નક્કી થઇ ચૂકેલું હતું, પરંતુ આ જે ૩ કલમો છે એ કલમોની કોઇ વાત કોઇપણ અમારા સભ્યશ્રીએ કે મેં કોઇપણ જગ્યાએ કરી નથી, એટલે આવી ખોટી બાબત ના જવી જોઇએ એટલા માટે મેં આનો ખુલાસો અહીંયા કર્યો છે. કિંમત ભરીને જમીન આપી હોય અને ૩૦ વર્ષ કરતાં વધારે લીઝનો સમય હોય અને એના ઉપર આવા બાંધકામો થયાં હોય તો જ એને રેગ્યુલર કરવાની બાબત છે, બાકી કોઇ બાબત આની અંદર આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દ્રનીલભાઇએ કહ્યું સૂચિત સોસાયટીઓ. હું આવકારું છું અને હું અપીલ પણ કરું છું સૌ ધારાસભ્યશ્રીઓને કે આપણને જો ગરીબો પ્રત્યે અને ઉભરતો જે સમાજ છે ગરીબોથી પણ

વધારે ઉપર પરંતુ સામાન્ય મધ્યમ વર્ગ છે તેના માટેના પ્રશ્નો જયારે ઉભા થયા છે ત્યારે આપણે બધા જ સર્વસંમતિથી આ બિલને પાસ કરીએ અને આપણાં વિસ્તારોની અંદર જઇને પણ ફોર્મ ભરાવીને તેમના મકાનો રેગ્યુલરાઇઝ થાય તેના માટેનો સતત પ્રયત્ન કરીશું. માનનીય ઈન્દ્રનીલભાઇએ અહીંયા ખૂબ સરસ વાત કરી કે અમારે ત્યાં આવી સૂચિત સોસાયટીઓ છે, આપ પણ ઘણી વખત અમને કહો છો. અહીં અમારા ગોવિંદભાઇ અને રાજકોટના અનેક મિત્રો ઘણાં વખતથી અમને કહ્યા કરતા હતા કે સૂચિત સોસાયટીઓને પણ રેગ્યુલર કરવી જોઇએ. એ બધા જ વિષયો આની અંદર આવી જાય છે. એટલે સરકારે જે મકાનો બાંધ્યા હોય પણ પૂરી કિંમત લઇને તેમણે આપણને આપ્યાં હોય, ભલે સરકારી જમીન હશે સત્તા મંડળોની જમીનો હશે, પણ મકાનો પૂરી કિંમત કરીને આપણે આપ્યાં છે અને એટલા માટે જરૂરી છે કે આ જે અનિયમિત બાંધકામો થયા છે તે બધા જ બાંધકામોને નિયમિત કરી અને તેમને માલિક બનાવવા માટેનો આ રાજય સરકારનો અભિગમ છે.

